स्वर्गनी कूंची

હરે રામ હરે રામ રામ રામ હરે હરે;
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

लेखक–स्वर्गस्थ अमृतलाल सुंदरजी पढियार
સ્થળઃ ચોરવાડ, (કાઠિયાવાડ)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशकः भिक्षु–अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ ૫ મી, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૬
મૂલ્ય રૂપિયો ૧।=, [illegible] ૦।= [illegible]

स्वर्गनी कूंची

હરે રામ હરે રામ, રામ રામ હરે હરે;
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

लेखक–स्वर्गस्थ अमृतलाल सुंदरजी पढियार
સ્થળ: ચોરવાડ, (કાઠિયાવાડ)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक: भिक्षु–अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ ૫મી, પૃષ્ઠ ૩૭૨, પ્રત ૫૫૦૦, કુલ પ્રત ૧૪,૮૦૦
મૂલ્ય રૂપિયો ૧।=, અન્યત્ર ૦)= વધુ

સંવત ૧૯૯૬ : સને ૧૯૪૦

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

રની લાગણીનો કડવો ડોઝ છે એમ સમજવું."

"÷આ પુસ્તકમાં જે કવિતા તથા પદો આવેલાં તે એક ભક્ત-મંડળમાં પ્રસંગોપાત્ત સ્ત્રીપુરુષો ગાતાં હતાં, તેમાંથી લીધેલાં છે; એટલે કોઇ કોઇ ઠેકાણે તેમાં ભૂલો હોય એ બનવાજોગ છે. એ કવિતા તથા પદોના મૂળ કર્તા, તેને છપાવનારાઓ તથા અમને એ લખાવ-નારા સજ્જનોનો હું માનપૂર્વક ઉપકાર માનું છુ." એ પદો તથા ભજનો અમે હરિજનોને મોઢેથી સાંભળીને લખીએ છીએ, એટલે જે પુસ્તકમાં તે છપાયાં હોય, તે પુસ્તકોની અમને ખબર ન હોવાથી તેનાં નામ અમે આપી શકતા નથી. આ ગ્રંથની શરુઆતમાં જે પદો છે, તે ચોરવાડ વહીવટી ખાતાના દફતરી રા. રા. ત્ર્યંબકરાય વિઠ્ઠલજીએ મને આપેલાં છે અને માંગરોળવાળા ભક્તરાજ અનંત-પ્રસાદ ત્રિકમલાલ વૈષ્ણવે પોતાનાં બનાવેલાં પદો લેવાની મને રજા આપી છે; માટે હું તે બન્ને સાહેબોનો ઉપકાર માનું છું.

× × × ×

છેવટ વાંચનાર ભાઈબહેનોને વિનતિ કરવાની કે, જો આ પુસ્તક વારંવાર વાંચશો, તો પવિત્ર ધર્મની રૂડી ફરજો સહેલાઇથી બજાવી શકશો, દુનિયાદારીની જંજાળ વચ્ચે પણ શાંતિથી રહી શકશો, પાપથી બચી શકશો, ભગવદ્દ્ઇચ્છાને આધીન થઇ શકશો અને પ્રભુપરાયણ જિંદગી ગાળી શકશો; એટલુંજ નહિ પણ મરતી વખત દિલાસો મેળવી શકશો અને જો પવિત્ર હૃદયથી 'સ્વર્ગની કૂંચી'-માં બતાવેલા નિયમો પાળશો, તો ઇશ્વરકૃપાથી આ 'સ્વર્ગની કૂંચી' ખરેખર સ્વર્ગની સાચી કૂંચીરૂપજ થઇ પડે તેમ છે; માટે આ પુસ્તક ફરી ફરીને વાંચવાની અને તેના નિયમો પાળવાની એટલે કે આપણાં આચરણો સુધારવાની અમે મજબૂત ભલામણ કરીએ છીએ અને આ 'સ્વર્ગની કૂંચી' ખરેખરા સ્વર્ગની કૂંચીરૂપજ થઈ પડે, એમ અમે જિગરથી ઇચ્છીએ છીએ.

મુંબઈ, હનુમાનગલી. તા. ૩૦–૪–૧૯૦૩

વૈદ અમૃતલાલ સુંદરજી પઢિયાર

÷ 'સ્વર્ગના વિમાન'ની પ્રસ્તાવનામાંથી આ બન્ને પેરા લીધા છે.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

'સ્વર્ગની કૂંચી' માટે જે હકીકતો જણાવવાની જરૂર હતી, તે પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં જણાવેલી છે અને એ પ્રસ્તાવના આ પુસ્તકમાં દાખલ કરેલી છે, એટલે એ બાબતમાં કાંઇ ખાસ નવું કહેવાનું નથી; પણ મારા સંતોષને ખાતર મારે કહેવું જોઇએ કેઃ

'સ્વર્ગની કૂંચી'ની પહેલી આવૃત્તિનાં બે હજાર પુસ્તકો ત્રણ વર્ષમાં ખપી ગયાં છે અને હજી પણ એની બહુ માગણી થાય છે, એટલુંજ નહિ પણ ઘણાં કુટુંબોમાં એ પુસ્તક હમેશાં વંચાય છે, ઘણીએ સત્સંગની મંડળીઓમાં એ પુસ્તક હમેશાં વંચાય છે, ઘણાએ સાધુઓમાં હોંશે હોંશે વંચાય છે અને બીજા ધર્મવાળા લોકો પણ એ પુસ્તક માટે બહુ ઊંચા વિચારો ધરાવે છે; એટલુંજ નહિ પણ 'સ્વર્ગની કૂંચી', 'સ્વર્ગનું વિમાન', 'સ્વર્ગનો ખજાનો' તથા 'સંસારમાં સ્વર્ગ' એ પુસ્તકો વાંચવાથી કેટલાક માણસોનાં ચરિત્ર સુધરી ગયાં છે અને કેટલાક માણસોની જિંદગી સુધરી ગઈ છે. આ બધી વાતો એ પુસ્તકોનાં વખાણના મારી ઉપર જે સેંકડો કાગળો આવે છે તથા રૂબરૂ માણસો મળે છે, તે ઉપરથી જાણીને મને બહુ આનંદ થાય છે; કારણ કે કોઈ પણ માણસની જિંદગી સુધારવામાં, કોઈ પણ માણસને સાચું જ્ઞાન સમજાવવામાં, કોઈ પણ માણસના વિકારો ઓછા કરવામાં, કોઇ પણ માણસને અંતરનો દિલાસો આપવામાં, કોઇ પણ માણસને ખરાબ રસ્તે જતો બચાવવામાં, કોઈ પણ માણસના દિલમાં ભક્તિનાં બી રોપવામાં, કોઇ પણ માણસને ઈશ્વરનો મહિમા સમજાવવામાં અને કોઇ પણ માણસને મનના દુઃખોમાંથી છોડાવવામાં જો મારૂં લખાણ ઉપયોગી થઇ શકતું હોય, તો એ કરતાં વધારે આનંદ બીજો કયો હોય? માટે 'સ્વર્ગની કૂંચી' આવી અસર કરી શકે છે, એમ જાણીને મને બહુ આનંદ થાય છે અને જેમ જેમ લોકો તેનો વધારે લાભ લે, તેમ તેમ હું મારી મહેનત સફળ થયેલી સમજું છું.

× × × ×

આ બીજી આવૃત્તિમાં ઘણાંએ નવાં પદો 'શ્રીભજન સાગર'-માંથી દાખલ કરેલાં છે તથા 'ઈશ્વરપ્રાર્થના અથવા ભગવાન સાથે વાતો કરવાની રીત' એ પુસ્તક દાખલ કરેલું છે. તેની કિંમત માત્ર એક રૂપિયોજ રાખેલી છે. હજી એ કરતાં પણ ઓછી કિંમત રાખવા અને બની શકે તો કાંઇ પણ નફો લીધા વિના પડતર કિંમતે પુસ્તકો આપવા મારો વિચાર છે, પણ હજી એવાં સાધનો નથી તેથી લાચાર છું.

મુંબઇ, હનુમાનગલી. વૈદ અમૃતલાલ સુંદરજી પઢિયાર

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનાનો સારાંશ

આ પુસ્તકની બીજી આવૃત્તિનાં બે હજાર પુસ્તકો ખલાસ થઇ ગયાં છે અને આ ત્રીજી આવૃત્તિ છે, તેમજ 'સ્વર્ગના વિમાન'ની પણ ત્રણ આવૃત્તિ થઇ છે. 'સ્વર્ગના ખજાના'ની બીજી આવૃત્તિ છપાય છે. 'સંસારમાં સ્વર્ગ'ની બીજી આવૃત્તિ બહાર પડી ગઇ છે અને 'સાચા સ્વર્ગ'ની બીજી આવૃત્તિ થોડા વખતમાં થશે. એ માટે મારાં પુસ્તકો વાંચનાર સાધારણ જ્ઞાનવાળાં, મધ્યમવર્ગનાં તથા ગરીબવર્ગનાં ભાઇબહેનોનો ખાસ આભાર માનું છું.

આ 'સ્વર્ગની કૂંચી' તથા 'સ્વર્ગના વિમાન'ને વખાણનારાં ગુજરાતી ભાઇબહેનો સાંભળીને રાજી થશે કે, તેમને જેમ આ પુસ્તકો ગમે છે; તેમજ વેંકટેશ્વર પ્રેસવાળા શેઠ ખેમરાજ શ્રીકૃષ્ણદાસને પણ તે પુસ્તક બહુ ગમ્યાં છે, તેથી તેમણે એ બન્ને પુસ્તકોનાં હિંદીમાં ભાષાંતર કરાવેલાં છે. તે થોડા વખતમાં છપાશે. સાથે સાથે પ્રસંગોપાત્ત એ જણાવ્યાથી પણ મોટો આનંદ થાય છે કે, ભુસાવળના મામલતદાર એમ. સી. કેલકર બી. એ. નાં પત્ની સૌ. ગિરિજાબાઇએ 'સ્ત્રીઓના સ્વર્ગ'નું મરાઠીમાં ભાષાંતર કરેલું છે, તે પુસ્તક પણ હાલમાં છપાય છે. આવી રીતે બીજી ભાષાઓમાં પણ 'સ્વર્ગનાં પુસ્તકો'ની કદર થવા લાગી છે, એ સંતોષની વાત છે.

× × × ×

સર્વશક્તિમાન મહાન ઇશ્વરનો મહિમા સમજાવનારા આ પુસ્તકનો વધારે વધારે લાભ લેવાય, એજ છેવટની પ્રાર્થના.

વૃંદાવન, જ્ઞાનગોદડી. તા. ૧-૯-૧૯૧૨

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર

ચોથી આવૃત્તિનું નિવેદન

તેર વર્ષના લાંબા ગાળા પછી આ પુસ્તકની ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

આ પછીનાં પૃષ્ઠોમાં આગલી આવૃત્તિની પ્રસ્તાવનાઓ અપાઇ છે, તેમાં લેખક મહાશયે આ પુસ્તકની યોજના વગેરે દર્શાવેલું છે.

× × × ×

સ્વર્ગનાં પુસ્તકો અધિક પ્રચલિત કરવાનો સ્વ૦ પઢિયારનો ઉદ્દેશ અને પઢિયારસ્મારકને લગતી કમિટી તથા ફંડ વગેરે વિષે થોડા માસ ઉપર પ્રસિદ્ધ થયેલા **સ્વર્ગનું વિમાન** (ચોથી આવૃત્તિ)-ના નિવેદનમાં જણાવ્યું છે.

× × × ×

દાખલાઓનાં લાંબાં મથાળાં, તેનો ભાવાર્થ જળવાઇ રહે એવી રીતે આ આવૃત્તિમાં ટૂંકાવેલાં જણાશે.

સં. ૧૯૮૧, ફાગણ સુદિ-૧૧ ભિક્ષુ-અખંડાનંદ

अनुक्रमणिका

प्रकाशकनुं निवेदन

આ "સ્વર્ગની કૂંચી"ની ચોથી આવૃત્તિ સંવત ૧૯૮૧ માં પ્રગટ થયેલી, જે થોડા વખતમાં ખલાસ થઈ ગઇ હતી. પછી તેની ચાલુ માગણી છતાં અનુકૂળ સંયોગો નહિ હોવાથી આજ પંદર વર્ષ જેટલા લાંબા ગાળે આ પાંચમી આવૃત્તિ પ્રગટ થાય છે.

સ્વર્ગનાં પુસ્તકો સાદી અને સરળ ભાષામાં લખાયલાં છે અને તે ગ્રામ્ય જનતામાં વિશેષ પ્રિય થઇ પડયાં છે. તેની માગણી ચાલુ હોવાથી સ્વર્ગનો ખજાનો, સ્વર્ગનો પ્રકાશ, સ્વર્ગની જીંદગી અને સાચું સ્વર્ગની પુનરાવૃત્તિઓ ઇશ્વરેચ્છાએ હવે તરતમાં પ્રસિદ્ધ થશે.

યુરોપીય વિગ્રહના કારણથી કાગળો, પૂઠાં, છીંટ ઇત્યાદિ બંધામણીના સામાનના ભાવ ઘણા વધી ગયા છે; પરંતુ વાચકવર્ગના પુણ્યયોગે કાગળો શરત પ્રમાણે જૂના ભાવે મળવાથી અને પાકાં પૂઠાંને બદલે પૂઠાંપટ્ટીની બાંધણી રાખવાથી મૂલ્યમાં વધારો કરવો પડયો નથી.

આ પછીનાં પૃષ્ઠોમાં આગલી આવૃત્તિઓની પ્રસ્તાવના અપાયલી છે. તે પછી અપાયલા શુદ્ધિપત્ર મુજબ સુધારીને ગ્રંથ વાંચવા વિનતિ છે. हरिः ॐ तत्सत्

અક્ષય તૃતીયા,
સંવત ૧૯૯૬

—ભિક્ષુ અખંડાનંદ

पहेली आवृत्तिनी प्रस्तावना

આ શું ? સ્વર્ગની કૂંચી ? હા, સ્વર્ગની કૂંચી. બેશક સ્વર્ગની કૂંચી, એ બહુ મોટું નામ છે અને બહુ ઉત્તમ નામ છે. સૌ લોકો કુદરતી રીતેજ એમ ઇચ્છે છે કે, અમોને 'સ્વર્ગની કૂંચી' મળી જાય તો સારું. માટે હવે આપણે એ જાણવું જોઇએ કે, સ્વર્ગની કૂંચી એટલે શું ? અમને તો આપણાં પવિત્ર શાસ્ત્રોની માફક એક મહાન **ભક્તરાજ** મહારાજે એમ શીખવેલું છે કે:

ભગવદ્ઇચ્છાને આધીન થઇ બ્રહ્માર્પણ વિધિથી રૂડી રીતે દુનિયાદારીની પોતાની ફરજો બજાવવી, પોતાના ધર્મના ઉત્તમ નિયમો સમજવા, સમજાવવા તથા પાળવા, સર્વશક્તિમાન અનંત બ્રહ્માંડના નાથના મહામંગળકારી પવિત્ર નામનું જેમ બને તેમ વધારે સ્મરણ કરવું, દરરોજ ઇશ્વરપ્રાર્થના કરી આપણા અપરાધોની ખુલ્લા દિલે નમ્રતાપૂર્વક પ્રભુ પાસે માફી માગવી, આપણાં ભાઇબહેનોને આપણા આત્માતુલ્ય ગણી તેમની ભૂલો માફ કરવાની તથા સુધારવાની કાળજી રાખવી; મન, વચન કે કર્મથી કોઇ પણ જાતનું પાપ થઈ જાય નહિ તેની સંભાળ રાખવી, સત્સંગમાં પ્રેમ રાખવો અને હરિજન ઉપર હેત રાખવું, મોત તથા ધર્મરાજાના ઇન્સાફને યાદ કરી મોજમજાની વૃત્તિને કાબૂમાં રાખી દુનિયાદારીની આસક્તિ ઓછી રાખવી, પૂર્ણ શ્રદ્ધાથી ભક્તિમાર્ગ કે જ્ઞાનમાર્ગમાં લાગી જઇ ઇશ્વરી રસ્તામાં આવી જવું, જેમ બને તેમ અંતરમાંથી ચોખ્ખા થઈ દુનિયામાં સત્ય ધર્મ વધે એવાં કામો કરવાં, આપણું હૃદય ભગવદ્આવેશથી ભરેલું રાખવું અને તનથી, મનથી ને ધનથી તથા મન, વચન ને કર્મથી, જ્યારે બને ત્યારે અને જેટલો બને એટલો પરમાર્થ કરવો, તથા સદાસર્વદા સર્વ ઠેકાણે મહાન પ્રભુના પવિત્ર નામનો જયજયકાર થઇ રહે, એમ વર્તવું તેનું નામ 'સ્વર્ગની કૂંચી' છે. એ સિવાય એ કરતાં વધારે સારી બીજી કોઇ સ્વર્ગની કૂંચી અમે જાણતા નથી, એટલે આ '**સ્વર્ગની કૂંચી**'માં ઉપર વર્ણવ્યું તે જાતનુંજ જ્ઞાન આપવામાં આવેલું છે.

આ પુસ્તકમાં જે દાખલાઓ છે, તે એક મહાન **ભક્તરાજ-નીજ** પ્રસાદી છે. "એ **ભક્તરાજ** તરફથી મને જે દાખલા મળેલા છે, તે સાદા, સહેલા અને હિંદુધર્મને બરાબર લાગુ પડે તેવા તથા મંદિરોમાં છૂટથી બોલી શકાય તેવા હતા, પણ મેં તેમાં જમાનાને અનુસરતા છૂટાપણાના વિચારો ભેળેલા છે, એટલે એ દાખલામાંથી કોઇ ફટકો જો જરા વધારે સખ્ત લાગે, તો એ મારી તરફનોજ-અંત-

नारायण नारायण नारायण

अर्पणपत्रिका

હે પ્રભુ! તમે એક છો, અખંડ છો, અનંત છો, વ્યાપક છો, નિર્વિકાર છો, સર્વાધાર છો, સકળ વિશ્વના સ્વામી છો, તમે સર્વ ગુણુના નિધિ છો, દયાના સાગર છો, અને તમે અધમ ઉદ્ધારક છો, તમારો મહિમા અગાધ છે, તમારું ડહાપણુ અપાર છે, તમે રાજાઓના રાજા તથા દેવોના પણુ દેવ છો; તમારી અકળ ગતિનો કોઈ પાર પામી શકતું નથી. હે મહામંગળકારી અખંડ સચ્ચિદાનંદ પરમ કૃપાળુ પવિત્ર પિતા મહાન ઈશ્વર! તમારા એવા ગુણો ને મોટાઈમાં મારું મન લય કરવા તમારી સત્ય સેવા કરવા ખાતર શુદ્ધ અંતઃકરણુના પ્રેમથી માનપૂર્વક હજારો હજાર દંડવત સાથે આ પુસ્તક આપને અર્પણ કરું છું.

આપનો દાસાનુદાસ

અમૃતલાલ સુંદરજી

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૩	૭	એવો	એવા
૨૯	૧	સ્વગ	સ્વર્ગ
૩૩	૫	પોતાના	પોતાનાં
૩૯	૨૦	પશ્ચાત્તાપ	પશ્ચાત્તાપ
૪૭	૭	ણુપ	પણુ
૪૮	૧૭	શેરના	શેરનાં
૪૮	૧૮	ખાનામાં	ખાનાંમાં
૭૪	૧૩	ભતભેદ	મતભેદ
૭૪	૨૪	બૌદ્ધ	બુદ્ધ
૧૧૭	૧૦	પ્રભું	પ્રભુ
૧૬૧	૨૨	અપરપાર	અપરંપાર
૧૭૪	૧૪	ઝંટી	ઝૂંટી
૧૯૪	૧૨	મને	અને
૧૯૭	૧૮	તેઓનાં	તેઓના
૨૩૧	૮	ઇશ્વરેઇચ્છાને	ઇશ્વરેચ્છાને
૨૩૬	૧૦	આવી	આપી
૨૩૭	૮	વારે પ્રભુનું	વારે વારે પ્રભુનું
૨૪૫	૪	કુંટુંબ	કુટુંબ
૨૫૯	૨૫	જાઇએ	જોઇએ
૨૬૦	૩૧	વિદ્યર્થી	વિદ્યાર્થી
૨૭૩	૧૧	(શ્રકૃષ્ણુના)	(શ્રીકૃષ્ણુના)
૨૮૬	૫	કોંઇ	કાંઈ
૨૮૬	૩૦	બરાબર તે	બરાબર છે
૨૯૦	૨૨	થઇ થશે	થઈ જશે
૩૦૦	૯	આશારાનું	આશરાનું
૩૧૧	૨૨	મને	મન
૩૧૮	૮	વળા	વાળ
૩૨૦	૧૭	રત્રિમાં	રાત્રિમાં
૩૨૧	૩	અવું	એવું
૩૨૩	૩	રાહ્યા	રહ્યા
૩૪૦	૧૭	અકબીજા	એકબીજા
૩૪૨	૧૫	ઝલતા	ઝૂલતા
૩૪૬	૨	તમારામાંજ	તમારાંજ
૩૪૬	૯	બાઇબંધ	ભાઇબંધ

સારામાઠા પ્રસંગે જ્ઞાનલહાણી

પોતેજ પૂર્ણ જ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું, એ તો કોઇક-થીજ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના ઉપદેશ અને ચરિત્રને લગતાં ઉમદા પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે તેમ છે.

કોઇ કોઈ ઉદારાત્મા આ રીતે પણ ધનનો કંઈક સદુપયોગ કરે છે; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં આ પ્રકાર સૌ કોઇએ સારા પ્રમાણમાં ચાલુ કરીને ઉમદા રૂઢિરૂપે બનાવી દેવો જોઇએ.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે ઘી વગેરેમાં થોડી કસર કરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માનસિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પણ પ્રત્યેક મહેમાન, સગાં, કુટુંબી, મિત્ર, પાડોશી, જ્ઞાતિબંધુ, બ્રાહ્મણ, વિદ્યાર્થી વગેરેને ભેટ અપાય તો તે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં તેમને માટે વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો "અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણ નિમિત્તે અમુક તરફથી ભેટ" કે એવું કાંઈ મુખપૃષ્ઠ પર છપાવીને, રબરસ્ટાંપથી છાપીને કે હાથે લખીને આપી શકાય કે જેથી લોકસેવા થવા ઉપરાંત તે પ્રસંગ અને વ્યક્તિના સ્મારકનો હેતુ પણ પાર પડે.

હકીકત આવી હોવાથી આ સંસ્થાનાં અને બીજાં પુસ્તકોમાંથી પસંદ પડે તે તે લોકોપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા નાનામોટા પ્રસંગે વહેંચીને ધનના સદુપયોગની સાથે જ્ઞાનચારિત્ર જેવી ઉત્તમ વસ્તુના પ્રચારનું શ્રેય સમજુ મનુષ્યે અવશ્ય મેળવવું જોઇએ.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇએક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને વહેંચી-વહેંચાવી શકે; અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાનો હોય તો કોઇએક ઉત્તમ પુસ્તકની યથાશકય પ્રતોની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ મળી શકે અથવા તો બીજી કોઈ સારી હજાર-પાંચસો પુસ્તિકાઓની લહાણી વહેંચી શકાય; છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલા વડે પણ ધર્મગ્રંથોમાંની અસરકારક શિખામણો સુખેથી વહેંચી શકાય.

उत्तम चरित्रोना फायदा

(અનુભવીઓના ઉદ્ગાર)

" જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ—ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમ-શૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થયેલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા—સમજવાથી ઘણીજ વધારે અસર થાય છે. અર્થાત્ અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઇ આગળ વધે છે."

× × × ×

" ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવ આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઇ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલાદૃષ્ટાંત જોઇને સ્ફૂર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

× × × ×

" ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલે સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે. "

× × × ×

" મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

સ્વર્ગની કૂંચી

૧–એક સારૂં શાક ખાતાં આપણને કેટલી બધી મજા પડે છે? ત્યારે અખંડ આનંદરૂપી હરિરસમાં કેટલી બધી મજા હશે?

"અહા! આજે તો કાંઈ કુરેલીની ભાજી બનાવી હતી! એના સ્વાદની તો કાંઇ વાતજ ન પૂછો! નવી નવી, કૂણી કૂણી ભાજી ને મહીં લીંબુ નીચોવ્યું હતું. તેથી એવી તો બની હતી કે જાણે રસપૂરીને પણ ભૂલી જઇએ. એ સ્વાદ તો દાઢમાંજ રહી ગયો છે." ત્યારે બીજી બાઇએ કહ્યું કે, "આજે તો અમારી કમુએ એવી કઢી વઘારી હતી કે, આખું ફળિયું ઘમઘમી રહ્યું હતું! શું એના સ્વાદની વાત! જાણે આંગળાંજ ચાટયા કરીએ. હજી પણ એ સુગંધ મારા નાકમાંથી ગઇ નથી." એ સાંભળીને એક ત્રીજી બાઇએ કહ્યું કે, "અમારે ત્યાં આજે એક ઠેકાણેથી ગોળકેરી આવી હતી, પણ શું તેનો સ્વાદ! એ તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' અરે બહેન! બદામી હલવો તો એની પાસે કાંઇ વિસાતમાંજ નહિ. જાણે એકલી એ ગોળકેરીજ ખાયા કરીએ. ઘણી જાતનાં અથાણાં ખાધાં, પણ એવી લહેજત કયાંયે ન દેખી." ત્યારે ચોથીએ કહ્યું કે, "અમારે ત્યાં હમણાં પાપડ બનાવ્યા છે, તેની શું વાત કરૂં? એ પાપડ જયારે શેકાય, ત્યારે તેમાંથી એવી ભભક છૂટે છે કે, પાંચમા માળ સુધી આખી ચાલીમાં સુગંધ ફેલાઇ જાય ને એની ભભકથીજ મગજ તર થઇ જાય. એ પાપડ મોઢામાં મૂકતાં પહેલાં

તો ફોલવા ફોલવા થઇ જાય. એનાં એ બનાવવાવાળાં ને એનો એ મશાલો, પણ એવા પાપડ અગાઉ કોઈ દિવસ બન્યા નહોતા. આની તો ખૂબીજ કાંઇ ઓર છે. અમારા પાપડ તમને ન ખપે, એટલે કાંઇ ઉપાય નહિ, બાકી એ છે તો ખાવા જેવા. ”

ભાઇઓ અને બહેનો! આવી રીતે આપણે અને આપણાં પાડોશીઓ પ્રસંગોપાત્ત વાતો કરીએ છીએ અને શાકભાજી તથા અથાણાંના સ્વાદનાં વખાણ કર્યા કરીએ છીએ; પણ વિચાર તો કરો કે, એ બધા સ્વાદોનો જે બનાવનારો છે અને જેણે આપણને એ સ્વાદો સમજવા માટે ઇન્દ્રિયો, મન, બુદ્ધિ તથા જિંદગી આપી છે, તે સર્વશક્તિમાન,-આદ્યંતરહિત, આનંદસ્વરૂપ મહાન પ્રભુની ભક્તિનો–પ્રભુની સેવાનો–પ્રભુના સ્મરણનો–પ્રભુને અર્થે ગરીબોને આપવાનો–જ્યાં પ્રભુનો મહિમા ગવાઇ રહ્યો હોય, એવા હરિજનોના સત્સંગનો અને સ્વર્ગનો આનંદ કેટલો બધો મોટો તથા કેવો અલૌકિક હશે? એ વિચાર તો કરો! સ્વર્ગ કે જ્યાં ઇન્દ્રની અપ્સરાઓ નાચી રહી છે, ગંધર્વો જેના ગુણનાં ગાન કરી રહ્યા છે, જ્યાં ઇચ્છિત ભોગ આપનાર કામધેનુ ને કલ્પવૃક્ષ આવી રહ્યાં છે, જ્યાં સદાય કરોડો સૂર્યના જેટલો પ્રકાશ છે, જ્યાં દુઃખ એ શબ્દ કોઇ સ્વપ્નામાં પણ જાણતું નથી, જ્યાં ઉંમરની ગણતરી નથી, જ્યાં કાળનો ભય નથી, જ્યાં ચાલવા માટે હીરામાણેક ને મોતીની જમીનો છે, જ્યાં રોગ નથી, જ્યાં ભય નથી, જ્યાં ઘડપણ નથી અને જ્યાં મોત નથી;પણ જ્યાં સદા આનંદ,આનંદ ને આનંદજ છે તથા જ્યાં પ્રભુ પોતે બિરાજે છે; ત્યાં કદી પણ કરમાય નહિ એવાં ફૂલોથી દેવતાઓ જેને વધાવી લેશે અને દેવીઓ જેનાં ઓવારણાં લેશે તથા અપ્સરાઓ દાસીઓ બનશે, તે મહાન પવિત્ર ભક્તોના હરિની હજૂરનાં સુખો કેવાં અલૌકિક હશે, એ ખ્યાલ તો કરો! પછી તમારા ભાજીમૂળાની ને સેવપાપડની વાતો કર્યા કરો. એવાં અમૂલ્ય સુખો, એવાં અખંડ સુખો, એવાં સાચાં સુખો, ભક્તોને પ્રભુની ભક્તિથી મળે છે, માટે જેમ બને તેમ સાચા દિલે ને સાચી રીતે પ્રભુના હુકમ પ્રમાણે પ્રભુની ભક્તિ થાય તેમ કરો, એટલે જગતનાં બધાં સુખો એની મેળે તમારી પાસે આવીને હાજર થશે. પ્રભુએ ગીતાજીમાં કહેલું છે કે, બ્રહ્માનંદમાં–ઈશ્વરી આનંદમાં આખા બ્રહ્માંડના બધા આનંદો સમાઇ જાય છે. અહીંના જે આપણા મોટા મોટા આનંદો છે, તે આનંદો

બ્રહ્માનંદના એક રુવાંટાના આનંદની બરાબર પણ નથી, ત્યારે આપણાં બાયડીછોકરાંનાં, ધનમાલનાં, ધંધારોજગારનાં ને ખાવાપીવાનાં સુખ તે શું વિસાતમાં ? માટે ભાઇઓ ! શાકભાજીના જેવાં જરાક વારનાં ખોટાં સુખમાં પડ્યા રહીને ઈશ્વરી આનંદ ગુમાવો મા. અખંડાનંદનો આનંદ ગુમાવો મા !

૨–બધાઓને કાંઇ મોટા યજ્ઞો કરવાની જરૂર નથી, પણ ભગવદ્દઇચ્છાને આધીન થવાની જરૂર છે

પ્રભુ આપણને એમ નથી કહેતો કે, તમારી પાસે સાધનો ન હોય, તોપણ તણાઇતોળાઇને પણ યજ્ઞ કરો; પ્રભુ આપણને એમ નથી કહેતો કે, તમે બાયડીછોકરાંઓને રખડાવીને ત્યાગી થઈ જાઓ; પ્રભુ આપણને એમ નથી કહેતો કે, તમે શિયાળામાં બરફમાં બેસો ને ઉનાળામાં અગ્નિની ધૂણીઓ તાપો; પ્રભુ આપણને એમ નથી કહેતો કે, તમે ઉપવાસો કરી કરીને ભૂખે મરી જાઓ; પ્રભુ આપણને એમ નથી કહેતો કે, તમારા સંસારવ્યવહારમાં પૂળો મૂકી દો; પ્રભુ આપણને એમ નથી કહેતો કે, તમારા સુખને ફનાફાતિયા કરી નાખો અને પ્રભુ આપણને એમ પણ નથી કહેતો કે, તમે વગર કારણે રિબાઈ રિબાઇને મરી જાઓ; પણ તે પરમ દયાળુ, પવિત્ર પિતા તો માત્ર એટલુંજ કહે છે કે, તમારી ઇચ્છા મને સોંપી દો, એટલે કે પ્રભુની ઇચ્છામાં તમે આવી જાઓ. દુનિયાના સર્વ ઉત્તમ ધર્મોનો સાર એજ છે ને એમાંજ પ્રભુ રાજી છે. મોટા મોટા યજ્ઞ, બહુ બહુ બળિદાન અને ઘણા ઘણા પ્રકારની દેહકષ્ટી, એ પ્રભુ નથી માગતો, પણ તે અખંડ દયાળુ પ્રભુ તો આપણું સર્વદા સુખજ ઇચ્છે છે. ભકતોના સુખમાંજ તે રાજી છે. તે સારૂ તેણે ભગવદ્દઇચ્છાને આધીન થવાનો સહેલામાં સહેલો ને ઉત્તમમાં ઉત્તમ ધર્મ આપણને આપેલો છે; માટે ભાઇઓ ! જમીનના ને આસમાનના માલિક, ચંદ્રસૂર્યના બનાવનાર, કોટિ સૂર્યના જેવા તેજોમય, જેની ગતિનો કોઇ પાર પામી શકતું નથી એવા પરમ દયાળુ પરમાત્માને શરણે જઈ પ્રેમથી ભગવદ્દઇચ્છાને આધીન થવાનું બળ મેળવો.

૩–મરજી મુજબ સારા અક્ષર ન લખાય તે કલમને આપણે ફેંકી દઇએ છીએ, તેમજ પ્રભુની ઇચ્છા મુજબ ન ચાલીએ, તો આપણા પણ તેવાજ હાલ થાય છે

કોઈ કોઈ વાર લખતી વખત આપણને જ્યારે ખરાબ કલમ મળી જાય છે, ત્યારે આપણો મિજાજ કેવો બગડી જાય છે, એ તમે કોઇ દિવસ ધ્યાન દઇને જોયું છે? એ મિજાજ બગડવાનું કારણ શું છે? કારણ એજ કે; તે કલમ આપણી ઇચ્છા પ્રમાણે ચાલતી નથી, આપણે ઝીણા અક્ષર લખવા ઇચ્છીએ છીએ ને તે કલમથી જાડા અક્ષર લખાય છે, આપણે ઉતાવળથી લખવા માગીએ છીએ, પણ તે કલમ ઉતાવળથી ચાલતી નથી અને આપણે સફાઇથી લખવા ચાહીએ છીએ, પણ તે કલમ બગડેલી હોવાથી તેનાથી ડાઘા પડતા જાય છે. આમ થવાથી છેવટે લાચાર થઇને એ કલમનું આપણે શું કરીએ છીએ, એની તમોને કયાં ખબર નથી ? જો તે જરાક બગડી હોય તો તેને કાપીકૂપીને સુધારવા મહેનત કરીએ છીએ અને તેમ છતાં પણ જો તે ન સુધરે તો તેને તોડીને ફેંકી દઇએ છીએ; કારણકે તે આપણું હથિયાર છે અને આપણે એ કલમના બનાવનાર છીએ; તેમ છતાં પણ આપણી ઇચ્છા મુજબ તે ચાલતી નથી, માટે તેને ફેંકી દઇએ છીએ. આપણે અલ્પ જીવો જયારે આપણી ઇચ્છા પ્રમાણે ન થાય, ત્યારે જડ કલમ ઉપર પણ એટલો બધો ગુસ્સો કરીએ છીએ, ત્યારે ભાઇઓ ! વિચાર તો કરો કે, આપણે તો ચૈતન્ય છીએ, બુદ્ધિશાળી છીએ, પ્રભુના નિયમો સમજીએ છીએ, શાસ્ત્રો વાંચીએ છીએ, સત્સંગમાં ભળીએ છીએ અને આપણાં અંતરમાં સદાય કુદરતી રીતેજ ભલી પ્રેરણા થતીજ રહે છે, છતાં પણ તેની દરકાર ન કરી, જાગતાં છતાં પથારીમાં મૂતરીએ અને દીવો લઇને કૂવામાં પડીએ, એટલે કે ભગવદ્દઇચ્છાને આધીન ન થઇએ, તો આપણા પોતાના પણ એ કલમના જેવાજ હાલ થાય, તેમાં શું નવાઇ છે? કલમને જેમ છોલીછાલીને તથા કાપીકૂપીને સુધારવાની તક લઇએ છીએ, તેમજ પ્રભુ આપણને કેટલાક પ્રકારનાં સુખદુઃખ આપીને પણ આપણને સુધરવાની તક આપે છે; પણ તેમ છતાં જો ન સુધરીએ, તો પછી છેવટે કંટાળીને આપણે જેમ કલમને ફેંકી દઇએ છીએ, તેમજ પ્રભુ પણ દિલગીર થઇને

અંતે આપણને નરકમાં નાખે છે; કારણકે જેમ આપણી ઇચ્છા મુજબના અક્ષરો લખવા સારૂ આપણે કલમ બનાવીએ છીએ, તેમજ પ્રભુએ પોતાની ઇચ્છા મુજબની ફરજો બજાવવા સારૂજ આપણને બનાવ્યા છે અને તે સારૂજ આ દુનિયામાં મોકલેલા છે; માટે ભાઇઓ! જેમ બને તેમ ભગવદ્ઇચ્છાને આધીન થાઓ અને પ્રભુના હુકમો પાળો.

૪—એક સારા માણસની દોસ્તીથી પણ ઘણો લાભ થાય છે, ત્યારે પ્રભુની દોસ્તીથી કેવો મોટો લાભ થશે?

એક અનુભવી માસ્તર છોકરાને સમજાવવા માટે તેમની પાસે કહેતા કે, "મને એક શેઠની દોસ્તી થયેલી છે, તેથી હું બહુ આનંદમાં રહી શકું છું. એ દોસ્તી શાથી થઇ? એમ જો તમે મને પૂછો તો હું કહીશ કે, નમ્રતાપૂર્વક એ શેઠની મરજી સાચવવાથી. ખરૂં છે કે, એ શેઠની મરજી પ્રમાણે ચાલવાથી મારી ઇચ્છા પ્રમાણે થઇ શકતું નથી, પણ તેના બદલામાં એ શેઠની દોસ્તીથી મને બીજો એટલો બધો લાભ મળે છે કે, તેની આગળ મારી ઇચ્છા પ્રમાણે કાંઇ કાંઇ બાબત ન થાય, તો તેની મને દરકાર નથી; કારણકે મારી મરજીને બાજુએ મૂકીને એ શેઠની મરજી પ્રમાણે ચાલ્યો, ત્યારે તો તેની દોસ્તી થઇ છે ને એ દોસ્તીથી તો હું લહેર કરૂં છું; એ લહેરને મૂકીને હવે વળી મારી મરજીને ક્યાં રહું?

"શેઠની દોસ્તીથી હવે હું મારી સ્થિતિ કરતાં વધારે સારા મંડળમાં હળીમળી શકું છું, ગાડીઘોડા વાપરી શકું છું, ખાવાપીવામાં આનંદ થાય છે અને કાંઇ અડચણ આવી પડે, તો મનમાં એમ હિંમત રહે છે કે, શું ફિકર છે? વખત આવ્યે શેઠ આપણને મદદ આપી રહેશે. આવા વિશ્વાસને લીધે ફિકરમાં રહેવું પડતું નથી, એટલે છૂટથી ઘણું કામ કરી શકાય છે." એક સાધારણ શેઠની દોસ્તીમાં પણ જ્યારે આટલો બધો લાભ છે અને આટલો બધો આનંદ છે, ત્યારે કોઇ મોટા રાજાની દોસ્તીમાં કેટલો બધો લાભ હશે? અને તેવા મહારાજાઓના પણ મહારાજાધિરાજ, અનંત બ્રહ્માંડોના નાથ, સમર્થમાં સમર્થ, કાળના પણ કાળ, સર્વવ્યાપક, સચ્ચિદાનંદ, પરમ મંગળરૂપ પ્રભુની દોસ્તીમાં તો કેટલો બધો આનંદ હશે? એ વિચાર તો કરો. શેઠની દોસ્તીમાં

જ્યારે બંગલો વાપરવા મળે છે, ત્યારે પ્રભુની દોસ્તીમાં સ્વર્ગ કેમ નહિ મળે ? શેઠની દોસ્તીમાં જ્યારે ગાડીઘોડા મળે છે, ત્યારે પ્રભુની દોસ્તીમાં રિદ્ધિસિદ્ધિ કેમ નહિ મળે? શેઠની દોસ્તીથી જ્યારે સારૂં સારૂં ખાવાપીવાનું મળે છે, ત્યારે પ્રભુની દોસ્તીમાં કલ્પવૃક્ષનાં મનવાંચ્છિત ફળ અને અમૃત કેમ નહિ મળે? શેઠની દોસ્તીથી જ્યારે શ્રીમંતોમાં ફરાય છે, ત્યારે પ્રભુની દોસ્તીથી દેવોમાં ને મુક્ત જીવોમાં કેમ નહિ રહેવાય? ને શેઠની દોસ્તીથી જ્યારે ઘણા પ્રકારની ફિકર તથા ભય મટે છે, ત્યારે પ્રભુની દોસ્તીથી અનંતકાળની અખંડ શાંતિ કેમ નહિ મળે અને મોતનો તથા જન્મ–મરણનો ભય કેમ નહિ છૂટે? છૂટશેજ. માટે ભાઈઓ! પ્રભુની દોસ્તીમાં આવો કે જ્યાં સદાસર્વદા આનંદ, આનંદ ને આનંદજ છે; પણ યાદ રાખજો કે, પ્રભુની દોસ્તી પ્રભુને આધીન થવાથીજ થાય છે, માટે હજાર વાતની એક વાત એજ કે, મહાન પ્રભુના પવિત્ર હુકમો પાળી, પ્રભુને રાજી રાખવામાંજ જિંદગી ગાળો.

૫–જેમ એક નાની ખીલીથી મોટો સંચો પણ અટકી પડે છે, તેમ નાના પાપથી મોટી અડચણ આવી પડે છે

મુંબઈમાં એક મોટી મિલમાં પંદરસો ઘોડાના બળનું એન્જિન હતું. પંદરસો ઘોડાનું બળ એ કેટલું બધું મોટું બળ થયું, એ તમને ખબર છે? સાત માણસોના બળ જેટલું એક આપણા ઘોડાનું બળ ગણાય છે; પણ એ માણસો મુંબઈનાં માણસો જેવાં, આપણા જેવાં આપલપોપલિયાં નહિ હો! સાત મજબૂત માણસનું બળ જોઈએ, ત્યારે આપણા એક ઘોડાનું બળ કહેવાય છે. એવા ત્રણ ઘોડાનું બળ ભેગું થાય, ત્યારે એન્જિનના એક ઘોડાનું બળ ગણાય છે. એવા પંદરસો ઘોડાના બળનું એટલે કે સાડીએકત્રીસ હજાર મજબૂત માણસના બળનું એન્જિન હતું. એ એન્જિનના ચક્કરમાં એક દિવસ એન્જિનિયરની ભૂલથી નાનકડી લોઢાની ખીલી આડી આવી ગઈ, તેથી આખું એન્જિન અટકી બેઠું ને બધાય સંચા બંધ પડ્યા. કામ બંધ પડયું, એટલે મજૂરો નવરા પડવાથી અંદર અંદર મસ્તી કરવા લાગ્યા. એન્જિનિયર દોડાદોડ કરવા લાગ્યો; મિલવાળો શેઠિયો મિલ ચાલુ

કરવા માટે ઉતાવળ કરવા લાગ્યો અને મેનેજર બધા ઉપર ગુસ્સે થવા લાગ્યો, પણ મિલ કાંઈ ચાલે નહિ. એ પછી બીજા એક હોશિયાર એન્જિનિયરને પાંચસો રૂપિયા ફી ઠરાવીને બોલાવી લાવ્યા. તેણે આવીને બધા સંચા તપાસીને કહ્યું કે, "આ બધા સંચા સારા છે, એમાં કાંઈ પણ ખામી નથી, પણ આ એક નાનકડી ખીલી આડી આવી ગઈ છે, તેથી એન્જિન અટકી પડ્યું છે." એમ કહી એક નાનકડી પકડથી એ ખીલી ઉપાડી લીધી, એટલે મિલ ચાલવા લાગી. એ નાનકડી ખીલી જોઇને બધા લોકો અજાયબ થયા અને મિલવાળો શેઠિયો બોલી ઊઠ્યો કે, "ઓહો! આટલી નાની ખીલીએ આવડા મોટા એન્જિનને અટકાવી રાખ્યું?" ત્યારે તે એન્જિનિયરે કહ્યું કે, "સાહેબ! અડચણ તે કેટલીક હોય? ભૂલ તે કેટલીક હોય? એ તો જરાકજ બસ છે. મોટી હોય તો તો સત્યાનાશ કાઢી નાખે. આટલી ભૂલ સારૂ જ્યારે તમારે મને પાંચસો રૂપિયા ફી આપવી પડી, ત્યારે જો મોટી ભૂલ હોય તો તો આવાં મોટાં કામમાં લાખો રૂપિયાનાં આધરણ મુકાઇ જાય."

ભાઇઓ! આમાંથી કાંઇ સમજ્યા? મોટી મિલ તે આપણાં સ્વર્ગનાં અને મોક્ષધામનાં સુખડાં છે. હરિની હજૂરમાં રહીને ભગવત્સેવાનો આનંદ ભોગવવો, એ આપણી મિલનો નફો છે. એ મિલનો એન્જિનિયર તે આપણું મન છે. એ મિલનો માલિક શેઠિયો કે જે મિલ ચલાવવાની ઉતાવળ કરે છે, તે આપણો જીવ છે, કે જે પ્રભુની હજૂરમાં જવાને માટે તલપી રહ્યો છે. એ નાનકડી ખીલી તે આપણાથી થઇ જતાં પાપ છે અને એ ખીલી કાઢનાર બીજો હોશિયાર એન્જિનિયર તે આપણા સદ્ગુરુ છે. મોટા કામમાં નાની ભૂલથી પણ મોટી ખરાબી થઇ જાય છે અને યાદ રાખજો કે, મોક્ષ મેળવવાનું કામ પણ કાંઇ નાનુંસૂનું નથી, એટલે એમાં જો જરાક પણ ભૂલ થશે, તો આ અમૂલ્ય જિંદગી વૃથા થઇ પડશે અને બીજો અવતાર લેવો પડશે; માટે ભાઇઓ અને બહેનો! જરા પણ પાપ ન થઇ જાય, એ ખૂબ સંભાળજો; કારણકે નાની ખીલીથી આખી મોટી મિલ અટકી પડે છે, મહારાજા યુધિષ્ઠિરે–ધર્મરાજાએ આખી જિંદગી સુધી ધર્મનાં કામો કર્યાં હતાં; માત્ર એકજ વખત જરાક જૂઠું '**નરો વા કુંજરો વા**' એમ બોલાઇ ગયું હતું, તે સારૂ–એટલા પાપ સારૂ હિમાળો

ગાળવા ગયા, ત્યારે તેમની ટચલી આંગળી ગળી ગઈ હતી. ધર્મ-નો રસ્તો–મોક્ષનો માર્ગ આવો વિકટ છે, માટે ભૂલેચૂકે પણ પાપ ન થઇ જાય, એ સંભાળજો અને જો કદાચ પાપ થઈ ગયાં હોય–ખીલી આડી આવી ગઇ હોય, તો તેને કાઢી નાખવાની તજવીજ કરજો. એમ ને એમ રાખી મૂકશો મા, નહિ તો આખો સંચો રદ્દ થશે, એટલે કે ફેરો માથે પડશે. એવું ન થાય માટે ભગવદ્દઆશરાનું બળ રાખીને પ્રભુના શરણુમાં આવી જાઓ, પ્રભુના શરણુમાં આવી જાઓ.

૬–ગરીબો એ તો આપણાં તરવાનાં તુંબડાં છે

સાધુઓ અને ભકતો કહે છે કે, ગરીબો તે આપણાં તુંબડાં છે. જેમ તુંબડાંને આધારે પાણીમાં તરી શકાય છે, તેમ ગરીબોને આધારે આપણે સ્વર્ગના રસ્તામાં તરી શકીએ છીએ; માટે ભાઇઓ! કદી પણ ગરીબોને ધિક્કારશો મા અને જ્યાંસુધી બની શકે, ત્યાંસુધી લાચાર ભિખારીઓનો અનાદર કરશો મા; કારણકે પ્રભુની હજૂરમાં ઇન્સાફ વખતે કાંઇ આપણને એમ પૂછવામાં નહિ આવે કે, "તમે કેટલા દાગીના પહેરતા હતા? કેટલું અત્તર લગાવતા હતા? કેટલું સેંટપોમેડમ વાપરતા હતા? કેટલી છત્રી તથા રુમાલ વાપરતા હતા? કેટલા રૂપિયા ટોપી પાછળ કે બૂટ પાછળ ખરચતા હતા? કેટલા બીડીમાં ને પાનતંબાકુમાં ખરચતા હતા? કેટલા ગાડીભાડામાં ખરચતા હતા? કેટલા મેળાઓમાં ઉડાવતા હતા? કેટલા નાચરંગમાં ઉડાવતા હતા? કેટલા સોડા-શરબતમાં ઉડાવતા હતા? કેટલા બેંકમાં મૂકેલા છે? કેટલા તિજોરીમાં મૂકેલા છે? અને કેટલાનો તમારાં છોકરાંઓને વારસો આપી આવ્યા છો?" એમ આપણને ધર્મનો રાજા પ્રભુ નહિ પૂછે, પણ તે તો એમજ પૂછશે કે, "મારે નામે ને મારે અર્થે તમે ગરી-બોને શું આપેલું છે? તમોને ડૂબતા બચાવવા માટે–તમોને તરવા માટે મેં ગરીબોરૂપી તુંબડાં આપેલાં છે, તેનો તમે કેવી રીતે લાભ લીધો છે? એટલુંજ નહિ પણ સંતો કહે છે કે, ઇન્સા-ફને વખતે પ્રભુ આપણને એમ કહેશે કેઃ—

"ગરીબોને રૂપે હું પોતે તમારી પાસે તમારા કલ્યાણ માટે આવતો હતો અને તમે મને કાંઇ પણ આપ્યા વિના ઊલટા દમ ભરાવીને હાંકી કાઢતા હતા." જીવો એ વખતે કહેશે કે, "કૃપાનાથ!

તમે ક્યારે આવ્યા હતા? અને અમે ક્યારે તમને પાછા કાઢ્યા?" પ્રભુ કહેશે કે," રક્તપિત્તિયારૂપે હું તમોને રસ્તામાં મળ્યો હતો અને મેં તમારી પાસે અધેલો માગ્યો હતો, પણ તમે આપ્યો નહોતો. બીજી વખત જ્યારે તમારે ત્યાં નાત જમતી હતી, ત્યારે કાઠિયાવાડી દુકાળિયારૂપે હું તમારે ત્યાં વધ્યુંઘટ્યું એઠુંજૂઠું માગવા આવ્યો હતો, પણ તમે મને ધુતકારી કાઢ્યો હતો. એક વખત હું ગરીબ રાંડીરાંડરૂપે તમારો આશરો લેવા આવ્યો હતો. એ વખતે તમારી પાસે મારી એવી અરજ હતી કે, મારા પૈસા મારો જેઠ દગો કરીને ખાઈ જાય છે, માટે તમે તેને કાંઇક સમજાવો, પણ તમે તમારા મિજાજમાં હતા, એટલે મારી વાત સાંભળી નહોતી. એ પછી એક વખત હું તમારે ત્યાં ગરીબ વિદ્યાર્થીરૂપે આવ્યો હતો કે, કૃપા કરીને મને થોડાં પુસ્તકો અપાવો, પણ મારી એ અરજ તમે સાંભળી નહોતી. વ્રજમાં યમુનાજીને કિનારે હું તમારી પાસે બુઢ્ઢી ડોશીરૂપે આવ્યો હતો; એ વખતે ટાઢથી મારૂં અંગ થરથર કંપતું હતું, પણ તમે મને જૂનાંપૂનાં, ફાટ્યાંતૂટ્યાં લૂગડાંનો કટકો પણ આપી શક્યા નહોતા. એક વખત હું તમારી પાસે મુંબઇમાં તમારા ગરીબ નાતીલારૂપે આવ્યો હતો અને તમને કહ્યું હતું કે, મારી મા મરકીથી મરી ગઈ છે, પણ કોઈ ઉપાડવાવાળા નથી, માટે તમે જરા સોનાપુર સુધી આવવાની મહેરબાની કરો. તમે એ વખતે તો શરમાશરમથી હા પાડી, પણ પાછળથી આવ્યા નહોતા, એ સાંભરે છે કે? ભીંડી બજારના રસ્તા ઉપર બુઢ્ઢા ફકીરરૂપે માંદો થઇને હું પડ્યો હતો, હાથે પગે સોજા ચડી ગયા હતા ને તાવથી ધ્રૂજતો હતો, એ વખતે તમે મારી પાસે થઇને ચાલ્યા ગયા હતા અને તમારા દિલમાં દયા પણ આવી હતી, તોપણ મને ઇસ્પિતાલમાં લઈ જવાની તમે દરકાર કરી નહિ; એ યાદ છે કે? આવી રીતે હું તમારી પાસે જુદે જુદે પ્રસંગે ને જુદે જુદે રૂપે સેંકડો વખત આવી ગયો છું, પણ દરેક વખતે ઘણું કરીને તમે મને નિરાશજ કર્યો છે; એવે વખતે તમને જરા પણ હું યાદ આવ્યો નથી. શું તમે નહોતા જાણતા કે, તમારાં ગરીબ ભાઇબહેનોમાં પણ જે આત્મા છે, તે મારોજ અંશ છે; એટલુંજ નહિ પણ તમારે યથાશક્તિ જે કાંઇ આપવું છે, તે કાંઈ ભિખારીઓને ખાતર આપવાનું નથી, પણ મારે ખાતર આપવાનું છે, એમ સમજતાં છતાં પણ તમે મારે ખાતર કાંઇ પણ કરેલું નથી.

બોલો, હવે હું તમને શું શિક્ષા કરૂં ?'

ભાઈઓ! મહાન પ્રભુ જ્યારે ઈન્સાફને વખતે અતિ ભયંકરરૂપ ધરીને આપણને એ પ્રમાણે પૂછશે, ત્યારે આપણે શું જવાબ દઈ શકીશું? એ વખતે આપણને કેટલી બધી શરમ લાગશે ને કેવો પસ્તાવો થશે ? એ ખ્યાલ તો કરો! એમ ન થાય માટે આજથીજ ચેતો અને આપણને તરવાનાં તુંબડાંરૂપ જે ગરીબો છે, તે ઉપર રહેમદિલથી જુઓ તથા સર્વશક્તિમાન પવિત્ર પ્રભુને ખાતર તેઓને યથાશક્તિ મદદ કરો.

૭–સત્સંગરૂપ ચાવી વડેજ અજ્ઞાનનાં તાળાં ઊઘડે છે

હરિજનો કહે છે કે, સત્સંગ એ ચાવી છે. એ ચાવીથી અજ્ઞાનનાં તાળાં ઊઘડી જાય છે. બધાં માણસો કાંઈ હાઇસ્કૂલોમાં ને કૉલેજોમાં જઇ શકતાં નથી; બધાં માણસો કાંઈ પંડિતો થઇ શકતાં નથી અને બધાં માણસો કાંઇ ભક્ત પણ થઈ શકતાં નથી. છતાં પણ સર્વ માણસોને થોડાઘણા જ્ઞાનની તો જરૂર છેજ. એ જરૂર જેટલું જ્ઞાન મોટાં મોટાં પોથાંઓ ઉથલાવ્યા વિના સત્સંગથી સહેજમાં મળી જાય છે, માટે હરિજનો સત્સંગનાં વારે વારે વખાણ કર્યા કરે છે. ભાવિક વૈષ્ણવો તો એમજ કહે છે કે, હરિજનોના પગની રજ પણ દુર્લભ છે, તેથી જ્યાં ઘણા વૈષ્ણવો મળતા હોય, તે જગ્યાની રજને પણ તેઓ માથે ચડાવે છે. આમાંથી એ સમજવાનું છે કે, જ્યારે ભક્તજનોના પગની રજ પણ પવિત્ર છે, ત્યારે તેઓની વાણીમાં કેટલી બધી પવિત્રતા હશે ? અને એ ભક્તોની વાણીથી જાણે-અજાણે કેટલા બધા જણનું કલ્યાણ થઈ જતું હશે ? એ ખ્યાલ તો કરો! એ બધું સત્સંગથી થાય છે, માટે સંતોએ સત્સંગને અજ્ઞાનરૂપી તાળાં ખોલવાની ચાવી ગણેલી છે. વળી એ ચાવીની ખૂબી એ છે કે, એમાં કાંઇ પૈસા ખરચવા પડતા નથી, એમાં કાંઈ માથાકૂટ કરવી પડતી નથી, એમાં કાંઇ મુશ્કેલી પડતી નથી અને ગરીબ કે તવંગર, મૂર્ખ કે ડાહ્યા, મોટા કે નાના, ઊંચા કે નીચા, જે કોઇ એનો લાભ લેવા ઇચ્છે, તે સહેલાઇથી લઇ શકે છે, એટલુંજ નહિ પણ સત્સંગની મંડળીઓમાં કાંઇ એકજ જાતનો માલ નથી પિરસાતો; ત્યાં તો ભાતભાતની ને એક એકથી ઊંચી ઊંચી જાતની મીઠાઇઓ લૂંટાય છે. તેમ છતાં પણ ખૂબી એ છે કે, એમાં કોઈ ના પાડવાવાળું છેજ નહિ. ઊલટું એમજ છે કે આવી જાઓ, છે કોઇ

લૂંટવાવાળો ? આવી મજા સત્સંગ વિના બીજે કયાં મળે ? નિશાળમાં ભણવા જઇએ તો ફી પડે, વકીલને ત્યાં કાંઈ પૂછવા જઇએ તો તેની પણ ફી પડે, ડૉકટરને ત્યાં પણ ફી, સરકારી ખાતામાં કાંઇ પૂછવા જઇએ, તો ત્યાં પણ સ્ટૅમ્પનું લાકડું, શાસ્ત્રીઓને ઘેર જઇએ તો ત્યાં સીધાનું કે દક્ષિણાનું કાંઇક કરવું જોઇએ, ગુરુ પાસે જઈએ તો ત્યાં પણ કાંઈ ખાલી હાથે જવાય નહિ અને સારા માણુસ સમજીને કોઈ શેઠને ઘેર કાંઈ સલાહ પૂછવા જઇએ, તો ત્યાં તો અગાઉથીજ બારણાં આડે ભૈયા બેઠેલાજ હોય, એટલે શેઠનાં ત્યાં દર્શન પણ કયાંથી થાય ? આવી રીતે બધે ઠેકાણે કાંઇ ને કાંઇ અડચણો છે, પણ સત્સંગની મંડળીમાં જવામાં તો કાંઇ અડચણ છેજ નહિ. એનાં બારણાં તો સૌને માટે સદાય ઉઘાડાં છે.

ભાઇઓ! હવે તમે કહો કે, અજ્ઞાનનાં તાળાં ખોલવા માટે સત્સંગના જેવી સહેલી ચાવી બીજી કઇ છે? એવી સહેલી બીજી એકે ચાવી નથી, માટે મનના સંશય કાપવા સારૂ, ધર્મના ભેદો જાણવા સારૂ અને અખંડ સચ્ચિદાનંદરૂપ પ્રભુનું મંગળમય સ્વરૂપ સમજવા સારૂ પ્રેમથી સદાય સત્સંગમાં મચ્યા રહો, સત્સંગમાં મચ્યા રહો.

પદ

('કબ સમરોગે રામ' એ રાગ)

સત્સંગનો રસ ચાખ, પ્રાણી, તું તો સત્સંગનો રસ ચાખ. (ટેક)
પ્રથમ લાગે કડવો ને તીખો, પછી આંબા કેરી શાખ–પ્રાણી. ૧
સત્સંગથી દો ઘડીમાં મુક્તિ, વેદ પૂરે એની સાખ–પ્રાણી. ૨
આ રે કાયાનો ગર્વ ન કીજે, થાવાની છે ખાખ–પ્રાણી. ૩
હસ્તી ને ઘોડા માલ ખજાના,એકે નહિ આવે તારી સાથ–પ્રાણી. ૪
કાચી રે કાયા કોટડી જેવી, ઢળતાં ન લાગે વાર–પ્રાણી. ૫
કાચો રે કૂંપો જળે ભર્યો છે, ગળતાં ફૂટી જાય પાર–પ્રાણી. ૬
કહત કબીરા સુનો ભાઈ સાધુ, એ છે મુક્તિતણું દ્વાર–પ્રાણી. ૭

૮–સૂરજના ચિત્રથી કાંઇ અજવાળું ન પડે, તેમ માત્ર ચોપડીમાં લખેલા ધર્મથી કાંઇ કલ્યાણ થાય નહિ

ભાઇઓ! ધર્મની ચોપડીઓ તો આ દુનિયામાં એટલી બધી છે કે, આખી જિંદગી સુધી તે વાંચ્યા કરીએ,તોપણ તેનો પાર

આવે નહિ. પણ માત્ર વાંચવાથીજ કાંઈ ધર્મી થવાય નહિ. હરિજન થવા માટે તો હરિને વહાલાં હોય તેવાં કામો કરવાં જોઇએ. જેમ સૂરજના ચિત્રથી અજવાળું પડે નહિ, જેમ વાઘના ચિત્રથી ખરેખરા વાઘના જેવો ડર લાગે નહિ અને જેમ ઘરમાં બાયડીનું ચિત્ર રાખવાથી બાયડી વિના કાંઇ રસોઇપાણી થઇ જાય નહિ, તેમ ધર્મની ચોપડીઓથી પણ ધર્મ પાળ્યા વિના કાંઇ આત્માનું કલ્યાણ થઇ જાય નહિ. આત્માના કલ્યાણ માટે અને પ્રભુના વહાલા થવા માટે જે કામ પ્રભુને વહાલું હોય, તે આપણે કરવું જોઇએ. પ્રભુને સૌથી વહાલી પવિત્રતા છે, માટે પ્રથમ આપણે પોતે તનથી ને મનથી પવિત્ર થવું જોઇએ.

આપણે જાતે રૂડા થવું એ પ્રભુની પહેલી આજ્ઞા છે અને આપણે રૂડા થયા પછી બીજાઓને રૂડા કરવાની તજવીજ કરવી એ પ્રભુની બીજી આજ્ઞા છે. એ બે આજ્ઞામાં પ્રભુપ્રેમ અને ભ્રાતૃભાવ કે જે દુનિયાના તમામ ધર્મોનું તત્ત્વ છે, તે આવી જાય છે. એ બે વિના એટલે કે આપણે પોતે ભલા થયા વિના અને બીજાઓને યથાશક્તિ મદદ કર્યા વિના, આપણે આપણો ધર્મ પાળેલો કહેવાય નહિ; માટે ભાઇઓ! યાદ રાખજો કે જેમ સૂરજના ચિત્રથી અજવાળું થાય નહિ, તેમ જીભોના લબરકાથી પણ કાંઇ પ્રભુના પવિત્ર હુકમો પાળ્યા વિના આપણું કલ્યાણ થાય નહિ. માટે આત્માના કલ્યાણ સારૂ જેમ બને તેમ પ્રભુના હુકમો પળાય તેમ કરો.

૯—શા માટે ડરો છો? પ્રભુ જેવો પાલનહાર છે

તમારી ટાઢ ઉડાડવા માટે કોઈક ઘેટાં ઉપર ઊન મોટું થાય છે, કોઇકના ખેતરમાં તમારે માટે અનાજ પાકે છે અને તે અનાજના દાણા ઉપર પ્રભુએ તમારાં નામ લખેલાં છે. તમારે માટે ઘણાંએ ઝાડો ઉપર મીઠાં ફળો તૈયાર થયાં છે ને થાય છે. પ્રભુએ આપણે માટે કેટલી બધી તજવીજ કરી રાખેલી છે ને હજી પણ આપણે માટે તે કેટલી બધી ફિકર રાખે છે, એ વિચાર તો કરો! જે પ્રભુ એટલો બધો દયાળુ છે અને આપણી ઉપર એટલી બધી કૃપા રાખે છે, તે પ્રભુનો અવિશ્વાસ કરવો, એ આપણી કેટલી બધી નીચતા છે, એ વિચારો તો ખરા! એવી નીચતામાં ન રહી જવાય માટે ભાઇઓ! જેમ બને તેમ પ્રભુ ઉપરનો આપણો પ્રેમ દીનપ્રતિદિન વધે એમ કરો.

પ્રભુ આપણને કેવી રીતે મદદ કરે છે?

તમોને વાંચવા માટે બીજાઓ મહેનત કરીને ગ્રંથો લખે છે, તમારી સગવડતાને માટે વિલાયતની ગોદીઓમાં આગબોટો બંધાય છે, તમારે માટે કોઇક રસ્તાઓ બંધાવે છે, તમોને છાંયડો મળે તે સારૂ કોઈક ઝાડો વાવે છે ને પાણી પાય છે, તમારે માટે હજારો માખીઓ મહેનત કરીને મધપૂડા બનાવે છે અને તમારે માટે કોઇક માછલીઓમાં મોતી બની રહ્યાં છે. આ બધું આપણે માટે પ્રભુ કરી રહ્યા છે, માટે ડરો મા, ભાઇઓ! ડરો મા. જે પ્રભુ આપણે માટે એટલું બધું કરી રહ્યા છે, તે જગત્પાલક પ્રભુ કાંઇ આપણને ભૂખે મારે તેમ નથી; માટે ભાઇઓ! વિશ્વાસ રાખો, પ્રભુના પવિત્ર નામ ઉપર અને આપણા રૂડા ધર્મ ઉપર વિશ્વાસ રાખી હૃદયમાં ભગવદ્આવેશ વધે તેમ કરો.

બંગાળામાં તમારે માટે ચોખા પાકી રહ્યા છે, સુરતમાં તમારે માટે તુવેરની દાળ તૈયાર થઇ રહી છે, ફરાબાદમાં તમારે માટે ઘી ભેળું થાય છે, વિલાયતની મિલોમાં તમારે માટે કાપડ તૈયાર થાય છે, ચીનમાં તમારે માટે રેશમ તૈયાર થાય છે, કાબુલમાં તમારે માટે મેવો તૈયાર થાય છે, જર્મનીમાં તમારે માટે સંચાઓ તૈયાર થાય છે, જાપાનમાં તમારે માટે છત્રીઓ બની રહી છે અને કોઇકના પગાર ખાઇને તમારા બચાવ માટે લશ્કર તૈયાર થઈ રહેલું છે. આ બધી ગોઠવણો ઈશ્વરે આપણે માટે આપણે ન સમજીએ તેવી રીતે તૈયાર કરી મૂકેલી છે; માટે, ભાઇઓ! દૃઢ વિશ્વાસ રાખીને જગત્કર્તા પાલનહાર પ્રભુને શરણે જાઓ અને પ્રભુનું સ્વરૂપ સમજવાની કોશિશ કરો.

ઓ હરિજનો! તમે શા માટે ડરો છો? તમારે માટે વાદળાંઓ સમુદ્રમાંથી પાણી ભરી જાય છે અને વખત આવે તે તમારા ઘર ઉપર વરસવાનાં છે. તમારા પગ નીચે જમીનમાં અખૂટ પાણી તમારે માટે પ્રભુએ ભરી મૂકેલું છે અને એકમાંથી અનેક દાણા ઊપજે એવાં ખેતરો તમારી આંખની સામે છે. એટલું બધું છતાં પણ તમોને વિશ્વાસ નથી આવતો? એટલો બધો અવિશ્વાસ રાખવાનું આપણને શું કારણ? ખાતરી રાખો કે, જો આપણે પ્રભુને ભજીશું, તો પ્રભુ જરૂરની ચીજો આપ્યા વિના રહેવાનો નથી.

તમને ખબર છે? પોતાનાં જનોને જરાક મળે તે સારૂ દયાળુ ઈશ્વર બીજાઓને લાખો રૂપિયાનો માલ આપી દે છે, તમારા

નિભાવ માટે ઈશ્વર બીજાનાં ખેતરોમાં પાણી વરસાવી રહ્યો છે, ચાકરોને નિભાવવા સારૂ તે શેઠોને કાયમ રાખે છે, ગોરને નિભાવવા માટે યજમાનોને લાભ આપે છે, નાનાં બચ્ચાંઓને નિભાવવા માટે માબાપોને આબાદ રાખે છે અને શિષ્યોને હોશિયાર કરવા માટે પ્રભુ ગુરુઓને સદ્બુદ્ધિ આપે છે. આ પ્રમાણે એકનું ભલું કરવા માટે ઈશ્વર બીજાનું ભલું કરી આપે છે અને એવીજ રીતે થોડાક હરિજનોને નિભાવવા માટે દયાળુ પ્રભુ બીજાઓને પણ મોટો લાભ કરી આપે છે. જે પ્રભુ આપણી ઉપર આટલી બધી કૃપા કરે છે, તે પ્રભુનું સ્વરૂપ સમજવાની તજવીજ ન કરવી, એ કેટલી બધી મોટી ભૂલ છે, તે વિચારો તો ખરા! એવી મોટી ભૂલ ન થાય માટે પ્રભુની મોટાઇ સમજવાની અને પ્રભુનું આનંદદાયક સ્વરૂપ સમજવાની તજવીજ કરો.

૧૦—દરદીના ભલા સારૂજ વૈદ કડવું ઓસડ પાય છે ને પરહેજી પળાવે છે, તેમ ધર્મશાસ્ત્રો પણ આપણા કલ્યાણ સારૂજ કેટલીક બાબતો તજવાનું કહે છે

આપણે બદામી હલવા, મસાલેદાર બાસૂદી, ગરમાગરમ ભજિયાં, તીખાં તમતમતાં સંભારિયાં, શાક ને મોંઘી મોંઘી કિંમતની કેરીઓ ઉડાવીએ, તેમાં વૈદના બાપનું શું જાય છે કે તે આડો પડીને ખાવાની ના પાડે છે? ભાઈઓ! તેના બાપનું કાંઇ જતું નથી, પણ આપણા ભલા સારૂ, આપણો રોગ કાઢવા સારૂ તે ના પાડે છે; કારણકે જો આપણે એવું એવું ખાઇએ, તો આપણું દરદ ઊલટું વધી જાય ને જલદી સોનાપુરનો રસ્તો લેવો પડે; માટે આપણને દરદથી બચાવવા તથા આપણને અરેરાટી કરતા અને ઓય માડી રે! કરીને લાંબા થઇને પથારીમાં પડતા બચાવવા સારૂ આપણને ભાવતી ચીજો ખાવાની વૈદ ના પાડે છે. તેમજ ધર્મશાસ્ત્રો, સદ્ગુરુઓ અને સાધુમહાત્માઓ તથા હરિજનો આપણા આત્માના કલ્યાણને માટેજ તથા આપણે મોક્ષધામનાં—અનંતકાળનાં સુખ મેળવી શકીએ, તે સારૂજ આપણને કેટલીક જાતના લોભ, કેટલીક જાતના મોહ, કેટલીક જાતના વિકારો, કેટલીક જાતની બૂરી ટેવો, કેટલીક જાતની અંતરની છૂપી વાસનાઓ અને કેટલીક જાતનાં જૂનાં પાપો મૂકી

દેવાનું કહે છે; પણ જેમ કેટલાક હઠીલા દરદીઓ વૈદના કહેવાની દરકાર રાખતા નથી અને મરજી પડે તે ખાઇ લઇને ઊલટા વધારે હેરાન થાય છે, તેમ આપણે પણ એવા હઠીલા પાપી થઇ ગયા છીએ, તેથી શાસ્ત્રોની કે ગુરુજનોના રૂડા ઉપદેશની દરકાર રાખતા નથી અને આપણે મનગમતા વિષયો ભોગવી નરકની ખાસ ટિકિટ લેતા જઇએ છીએ; કારણકે જેમ હઠીલો દરદી આખી રાત ખોંખોં કરે, કાળજું ઉથલાવી નાખે તેવી રીતે જોર કરી કરીને બળખાઓ કાઢે અને હેરાન હેરાન થઈ જાય, તોપણ જેમ તીખી ચટણીનો, તેલનાં ભજિયાંનો, કે હીંગના વઘારવાળી દહીંની કઢીનો સ્વાદ છોડે નહિ, તેમ આપણે પણ એવા હઠીલા પાપી થઈ ગયા છીએ કે, ખરાબ વિચારો તથા ખરાબ કામો કરીને શરીરે દુઃખી થઇએ, અંતે રોગી થઇએ, વહેલા મરી જઇએ, જમનો માર ખમીએ અને નરકમાં જઇએ, એ બધું કબૂલ; પણ આપણે આપણાં અંતરનાં જૂનાં પાપોને છોડી શકતા નથી, એટલા બધા આપણે માયામાં ફસાઇ ગયા છીએ ને એટલા બધા આપણે પ્રભુથી વિમુખ થઇ ગયા છીએ. માટે ભાઇઓ ! હવે વખત પાસે આવતો જાય છે. મોત કાંઈ દૂર નથી અને એ વખતે કાંઇ આડા હાથ દેવાય તેમ નથી, માટે હમણાંથીજ ચેતીને ધર્મના બળથી થોડીક મોજમજા ઓછી કરો. સત્સંગના બળ વડે વિષયોની ગુલામગીરીમાંથી બચો અને આશરાના તથા ભગવત્સેવા-સ્મરણના બળથી વાસનાઓ નિર્મૂળ કરો, એટલે પ્રભુ આપણાજ છે અને આપણે પ્રભુનાજ છીએ.

૧૧–રાંડ્યા પછીનું ડહાપણ તેમજ મૂઆ પછીનું જ્ઞાન કામનું નહિ, માટે હમણાંથીજ ચેતી લો

આપણાં જૂનાં પાપોને લીધે અને અંતરની બૂરી વાસનાઓને લીધે આપણને જે કેટલીક ખરાબ બાબતો ગમતી હોય છે, તે છોડી દેવાનું શાસ્ત્રો તથા સદ્ગુરુઓ વારંવાર કહે છે, પણ હજુ સુધી તે આપણે છોડી શકતા નથી; કારણકે આપણે એવી જાતની સોબતમાં રહીએ છીએ કે, જ્યાં એવી બૂરી વાસનાઓને જ્યારે ત્યારે ટેકો મળ્યા કરે છે; એટલુંજ નહિ પણ ઘણી જાતની બૂરી ટેવો ને બૂરાં વ્યસનો આપણામાં જામી ગયેલાં હોય છે. તેથી એ ટેવો તથા એવાં વ્યસનોના જાણે આપણે ગુલામ બની ગયા

હોઈએ, એમ થઈ ગયું છે; એટલે મહાત્માઓનો ઉપદેશ, શાસ્ત્રોના કલ્યાણકારક નિયમો અને ધર્મની પવિત્ર આજ્ઞાઓ આપણે પાળી શકતા નથી, પણ યાદ રાખજો કે, તે બધું આપણા ભલાને માટે-જ છે. આપણે આપણા આત્માનું કલ્યાણ કરી શકીએ, આપણે પ્રભુને જાણી શકીએ અને આપણી જિંદગીનો ફેરો સફળ કરી ચોરાશી લાખના ફેરામાંથી છૂટી જઇએ, તે સારૂજ થોડુંક તજ-વાનું છે ને થોડુંક પાળવાનું છે; પણ અફસોસ કે, એટલા બધા મોટા લાભ સારૂ પણ આપણે જરાક જેટલું પણ તજી શકતા નથી કે જરાક જેટલું પણ પાળી શકતા નથી. આ કેટલી મૂર્ખાઇ છે ને કેટલી બધી દિલગીરી છે ? એ આપણે હમણાં, જ્યારે આપણા હાથમાં વખત છે ત્યારે સમજતા નથી અને વખત ગયા પછી–મોત પછી ઈન્સાફને વખતે જ્યારે જમનો માર પડશે અને દૈવી જીવોને હરિની હજૂરમાં આનંદ કરતા જોઇશું, ત્યારે સમજાશે. પણ એ શું કામનું ? રાંડયા પછીનું ડહાપણ શું કામનું ? જીવતાં તો ધણીને સુખે રોટલો ખાવા દેવો નહિ અને રાંડ્યા પછી ડાહી ડાહી વાતો કરવી કે, એ જીવતા હોત, તો હું આમ કરત ને તેમ કરત, પણ એ રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ? તેમજ હમણાં-થીજ-જ્યારે આપણા હાથમાં વખત છે, ત્યારેજ ચેતીને આપણે બૂરી ટેવો છોડતા નથી ને પ્રભુના પવિત્ર રસ્તામાં આવતા નથી, ત્યારે નરકમાં ગયા પછીનું ડહાપણ શું કામનું ? માટે ભાઈઓ! હમણાંથીજ ચેતીને પ્રભુના રસ્તામાં આવી જાઓ-પ્રભુના પવિત્ર રસ્તામાં આવી જાઓ, ધર્મની શીતળ છાયામાં આવી જાઓ, ભ-ગવદ્‌આશરાના મહાબળમાં આવી જાઓ અને તક હાથમાં છે, તો વિકારોને છોડી દઇ રૂડાં કામ કરી લો અને સર્વશક્તિમાન મહાન અલૌકિક પ્રભુને જાણી જીવનની સાર્થકતા કરી લો, જીવ-નની સાર્થકતા કરી લો.

૫૬

મનુષ્યજનમ શીદ ખૂએ,
આવો રે રૂડો મનુષ્યજનમ શીદ ખૂએ ? (ટેક)
સંસારી જન કહે અમે છીએ સુખિયાં, ધન પુત્રને જુએ–આવો૦ ૧
હેતે હુલાવે ને પ્રીતે પરણાવે, મૂઆંને મુસકે રૂએ–આવો૦ ૨
હરિને વિસારે એ જીતી બાજી હારે, ફૂટેલ દોણીમાં દૂધ દૂવે, આવો૦ ૩
કહે મૂળદાસ એવાં ઉંધાં અજ્ઞાની, દેખી પાખીને પડે કૂવે, આવો૦ ૪

૧૨–વાંઢો સ્વપ્નમાં વરઘોડે ચડે ને વહુ પામે, પણ જાગીને જોતાં તેમાંનું કાંઇ મળે નહિ, તેમ આ સંસાર પણ સ્વપ્ના જેવો છે

અસલના વખતથી માણસો કહેતાં આવ્યાં છે કે, સંસાર સ્વપ્ના જેવો છે. આપણે પણ એમજ કહીએ છીએ, પણ તેનો મોહ છૂટતો નથી; કારણકે આપણામાં ધર્મનું બળ નથી, આપણે સત્ય શાસ્ત્રોનો યથાર્થ અર્થ સમજ્યા નથી અને આપણે સાધુ-ભક્તોની સેવા કરીને તેઓની કૃપા મેળવી સંસારનું ખરેખરુ નશ્વરતાપણું પૂરેપૂરી રીતે સમજ્યા નથી. જેમ હાથીને ચાવવાના ને દેખાડવાના, એમ બે જાતના દાંત હોય છે; તેમ આપણું પણ બહારનું બોલવું જુદું ને અંદરનાં આચરણ જુદાં રહી ગયેલાં છે; તેથી આપણામાં પ્રભુપ્રેમ જામતો નથી, એટલે આપણે પ્રભુથી વિમુખ છીએ. એ વિમુખપણું તજવા માટે આપણે સંસારનો મોહ ઓછો કરવો જોઇએ; અને એ મોહ ઓછો થવા માટે સંસાર સ્વપ્ના જેવો છે, એ વાત હમણાંથીજ–મરણ પહેલાંજ આપણે સમજી લેવી જોઇએ.

એક વાંઢો માણસ હતો, તેને બાયડી પરણવાની બહુ તૃષ્ણા હતી. રાતદિવસ તેના મનમાં બાયડીનાજ વિચારો ભમતા હતા. તેથી એક દિવસ તેને સ્વપ્નું આવ્યું કે, જાણે હું વરઘોડે ચડ્યો છું, ખૂબ સાજનમાજન મળ્યું છે, સાસુ પોંખે છે ને નાક તાણી લે છે. એ દેખાવથી મનમાં ને મનમાં હસી પડાય છે. એ પછી જાણે કન્યાદાન દેવાય છે, ને નાનકડી વહુનો કૂણો કૂણો હાથ દાબતાં જાણે વીજળીની બેટરીને હાથ લગાડ્યો હોય, તેમ આખા શરીરમાં તનમનાટ થઇ રહે છે. પછી જાણે ભાઇસાહેબ વહુને કંસાર ખવરાવે છે ને વહુ શરમાઇ જાય છે, એ દેખાવ જુએ છે. તે પછી જાણે માયરામાં બેઠા છે, ત્યાં વહુ સાથે એકીબેકી રમાય છે; તેમાં વહુ જીતી જાય છે, તેથી પોતે મનમાં મલકાય છે કે, વહુ છે તો ચતુર. આવી રીતનું સ્વપ્ન હજી તો આવે છે, એટલામાં તો તે વાંઢા વરરાજાને પોતાની પથારીમાંથી વીંછી કરડ્યો, તેથી “ઓય માડી રે!” કરીને બેબાકળો થઇને એકદમ પથારીમાં બેઠો થયો અને વીંછીની વેદનાથી બૂમાબૂમ પાડવા લાગ્યો. વહુબહુનું તો કાંઇ ઠેકાણું નહિ ને પોતેજ નડંગ ધડંગ જેવો હતો તેવોજ

ઝાડુ કાઢ્યા વિનાના ઘરમાં ને ખંખેર્યા વિનાની પથારીમાં મવાલી જેવો થઇને પડેલો હતો ને વીંછી ગોદડીમાં ભરાઈ ગયો હતો!

આવા મજેના સ્વપ્નામાંથી ઓચિંતું એકદમ જાગવું પડ્યું અને તે પણ વળી વીંછીના ડંખથી! એથી તે ગરીબ બિચારા વાંઢાને કેવું મહાભારત દુઃખ થયું હશે, એ વિચારવું કાંઇ મુશ્કેલ નથી. ભાઇઓ! યાદ રાખજો કે, જો નહિ ચેતીએ તો આપણા પણ એવાજ હાલ થવાના છે. આપણે પણ એ વાંઢાની પેઠે સંસારરૂપી એક જાતના સ્વપ્નામાંજ પડેલા છીએ. એ સ્વપ્નામાંથી કાળના ડંખથી જ્યારે આપણે જાગીશું–મોત પછી તરતજ જ્યારે આપણને યાદ આવશે કે, "રામા ચા લાવ! ભૈયા ગાડી જોડાવ! શેઠાણી આજ કેમ રિસાણી છે? માસ્તર છાપામાં જુઓ તો ખરા, આજે શાનો ખેલ છે? બાબા માટે દવા આવી કે નહિ? વકીલ ક્યારે મળશે તે મને ખબર આપજો, આવતા રવિવારે પાર્ટી ક્યાં કરીશું? હજામ આવ્યો કે નહિ? મેંચ ક્યારે છે? શરત ક્યારે છે? રૂનો બજાર શું છે? પેલા વિલનું શું થયું? નાત ક્યારે ભેળી થાય છે? બાઇસિકલનું ભૂંગળું તૂટી ગયું છે, એ મેડમ હારમોનિયમ સારૂં વગાડે છે,તે જોવા જવું છે, આજે પત્તરવેલિયાં બનાવજો, કાલના છાપામાં આપણું નામ આવ્યું છે કે નહિ? એ સાહેબને નાતાલમાં ફ્રૂટ મોકલવાં છે, ચાંદબાંદનો કાંઇ ચાન્સ મળે તો સારૂં,આજે નવા ખેલની કેટલી ટિકિટ લીધી છે?" આવા આવા તરંગોમાં–આવાં આવાં સ્વપ્નાંમાં મન ડોલતું હોય છે, એટલામાં મોત પછી પહેલીજ ઘડીએ જમનો જબરજસ્ત ફટકો વાગતાં તરતજ ખબર પડી જાય છે કે, હાય! હાય! એ તો બધું સ્વપ્ન થઇ ગયું! હું તો હવે કાળના મોઢામાં છું–જમના હાથમાં છું. મોત પછી પહેલીજ પળે જ્યારે આ બધી સંસારની માયા ને દુનિયાદારીનાં વ્યાવહારિક સુખો સ્વપ્ના જેવાં લાગશે ને આપણને જમદૂતના ફટકા વાગશે, ત્યારે આપણને કેવું મહાભારત દુઃખ થશે, એનો ખ્યાલ તો કરો! એવું ભયંકર દુઃખ ખમવું ન પડે, માટે અગાઉથીજ ચેતીને પ્રભુને શરણે જાઓ અને સત્સંગમાં તથા ધર્મના કાર્યમાં તનમનધનથી લાગી જાઓ, એટલે દયાળુ પ્રભુ આપણને બચાવી લેશે.

૧૩–આપણાં જ્ઞાન ને વૈરાગ્ય કેવાં ખોટાં છે, તે વિષે એક શેઠ ને ઘાટીની વાત

કોઇ એક શેઠને ત્યાં એક ઘાટી હતો. એ ઘાટી બહુ ભલો હતો અને ઘણા વરસનો જૂનો હતો. એક વખતે કાંઈ કામસર રજા લઇને તે ઘાટી પોતાના દેશમાં ગયો. એ પછી છ મહિના રહીને તે પાછો મુંબઇ આવ્યો અને પોતાના શેઠને ત્યાં ગયો. એ વખતે શેઠ પોતાના દીવાનખાનામાં બેઠા બેઠા વાતોના તડાકા મારતા હતા. એટલામાં તે ઘાટી ત્યાં જઇને શેઠને પગે લાગ્યો ને રોઇ પડ્યો. એ જોઇને શેઠે પૂછ્યું કે, "રામા કેંન્હાં આલા? કાય ઝાલા? રોતે કસાલા?" ત્યારે તે ઘાટીએ કહ્યું કે, "શેઠ! પોરી મરૂન ગેલી." શેઠે કહ્યું: "તે મધી કાય? દેવાચી મરજી. કેંન્હાં મરૂન ગેલી?" ત્યારે તે રામાએ કહ્યું કે, "માઝી નહિ, તુમચી પોરી ગોમીબાઈ." એ સાંભળીને તે શેઠ પોતે રોઈ પડ્યો. ચાર મહિના ઉપર મરી ગયેલી પોતાની છોકરી ગોમીબાઇ યાદ આવી જવાથી તે રોવું દાબી શક્યો નહિ.

ભાઇઓ! આપણું જ્ઞાન ને આપણો વૈરાગ્ય પણ એ શેઠના જેવાંજ છે. પારકાને શિખામણ આપવામાં આપણે પણ એ શેઠના જેવાજ ડાહ્યા છીએ; પણ જ્યારે ઘર ઉપર વાત આવી પડે, ત્યારે માથે બાર હાથનો ચોફાળ ઓઢીને બેસીએ છીએ. કોઈકનાં છોકરાં મરી જાય, ત્યારે કહીએ કે, એમાં શું? એ તો એમજ ચાલે, પ્રભુની મરજી; અને આપણું કોઇ મરી જાય, ત્યારે તો પોકળ શ્રાદ્ધ મૂકીએ. એ કાંઇ વૈરાગ્ય કહેવાય કે? બીજાઓને જ્ઞાન આપતી વખત તો મોટા પંડિત જેવા બની જઇએ, પણ એ પ્રમાણે આપણુનેજ વર્તવાનો વખત આવે, ત્યારે તો પોથીમાંનાં રીંગણાં જેવું કરીએ, એનું નામ કાંઇ સાચું જ્ઞાન કહેવાય કે? અને એમ કરવું એ કાંઈ લાયકી કહેવાય કે? જ્યાંસુધી અંતરમાં પ્રભુપ્રેમ ન જામે અને મનમાં ધર્મનું બળ ન જામે, ત્યાંસુધી પૂરૂં જ્ઞાન ને સત્ય વૈરાગ્ય આવી શકે નહિ; માટે બોલો તે પ્રમાણે પાળી શકો તેવા ચોખ્ખા થવા સારૂ જેમ બને તેમ પ્રભુપ્રેમ વધે એમ કરો.

૧૪—એક શેઠે કોઇ મહાત્માને પોતાનું નવું ઘર બતાવતાં તે વિષે તે સાધુએ જણાવેલા વિચારો

એક મોટો શેઠ હતો. તે બહુ શોખીન હતો અને શેઠિયાઓની હમેશની રીત મુજબ દુનિયાદારીના મોહમાં બહુ લપટાઈ ગયો હતો. એ શેઠે પોતાને રહેવા માટે એક મોટું સુંદર ઘર બંધાવ્યું. ઘર તૈયાર થયું, ત્યારે તે પોતાની પિછાનવાળા એક સાધુને બતાવવા માટે તેડી ગયો.

બધે ઠેકાણે તે સાધુને ફેરવી ફેરવીને પોતાનું ઘર બતાવતાં બતાવતાં તે શેઠ કહેવા લાગ્યો કે, "આ બારીઓ બધી નવી ફેશનની મૂકી છે, આ સંડાસો સુધરેલી ઢબના બનાવ્યા છે, આ ઝરૂખો બનાવવા માટે મ્યુનિસિપાલિટીની રજા મેળવતાં મોટો કેસ લડવો પડ્યો છે, આ અગાસીમાંથી દરિયો ખુલ્લો દેખાય છે, આ દીવાનખાનામાં વીજળીના પંખા ગોઠવ્યા છે, આ રસોડામાં વિલાયત જેવું ધુમાડિયું મુકાવ્યું છે, આ આગલા ચોકમાં ફ્રેંચ લાદી જડાવી છે, આ બારણાં બધાં ખૂબ ઊંચાં લીધાં છે, જુઓ! આ હોંચતળિયામાં ભેજ ન લાગે, માટે પથ્થરની લાદી જડાવી છે. મહારાજ! આ દાદર જોયો? બધું વિલાયતી કામ. એવા ગોળ દાદરની ખૂબી હજી આપણા લોકો નથી સમજતા. ખરચ તો બહુ થયું, પણ મેં તો એજ પસંદ કર્યો. આ સૂવાના ખંડમાં પશ્ચિમની બારીનો એવો સરસ પવન આવે છે કે, કાંઇ વાતજ ન પૂછો. આ છઠ્ઠો મજલો જોયો? કેમ, મહાબળેશ્વરના જેવી હવા છે કે નહિ? પણ એટલું બધું ઊંચું ચડવાની માથાકૂટ કોણ કરે? મહારાજ! આપણા તો ટાંટિયા ઢીલા, માટે મેં તો આમાં ચડવા ઊતરવાનો સંચો ગોઠવ્યો છે, પાંજરામાં બેઠા કે તરત એની મેળે ઉપર પહોંચી જઇએ. એના જેવી કાંઇ મજા છે? મહારાજ! અંગ્રેજોએ મુલકને લૂંટી ખાધો, પણ આવું આવું સુખ તો બહુ કરી આપ્યું હો! આપણા બાપદાદા આવા સંચા જાણતા હતા કે? દેશમાં અમારે ઘેર એવી રેઢિયાળ સીડી હતી કે, હું નાનો હતો ત્યારે કાંઈ નહિ તો દશ વીશ વખત તો તે ઉપરથી પડ્યો હોઇશ. જુઓ આ નાહવાની ઓરડી, તેમાં સ્પ્રિંગનો ફુવારો રાખ્યો છે. આ હોજમાં ફુવારો છે, તેમાં એવી ખૂબી છે કે, એની મેળે ફર્યા કરે. આ ફરતી ગેલરી ચારે બાજુ ખુલ્લી છે હો! મહારા-

જ ! આ ઘરનો પાયો બહુ ઊંડો નાખ્યો છે. છેક પાણી આવ્યું ત્યાંસુધી ઊંડો પાયો લીધો. બાવીસ ફૂટ જમીનમાં ઊંડો છે. ખર્ચ તો બહુ થઇ ગયું, પણ કામ બધું ઠીક થઇ ગયું છે. કેમ મહારાજ ! તમને કેમ લાગે છે ?"

આ બધી નકામી માથાકૂટ સાંભળીને મહારાજનું તો માથું ફરવા લાગ્યું. તેને લાગ્યું કે, આ શેઠિયો માયામાં બહુ ફસાઇ ગયો છે, એટલે જે તેને ગમે છે, તે મને પણ ગમશે એમ સમજે છે; પણ એમ સમજતો નથી કે, અમે તો એ બધા ઉપર પૂળો મૂકેલો છે. તારા ઝરૂખા, તારાં છજાં ને તારાં ધુમાડિયાંનું અમારે શું કામ છે ? અમને તો પરમાર્થની વાતો ને ઇશ્વરના સ્વરૂપની વાતો પૂછવી જોઇએ. આવી માથાકૂટ કાંઇ અમારી પાસે જોઇએ કે ? એમ વિચારીને તે શેઠિયાનો મોહ તોડવા માટે લાગ જોઇને મહારાજે કહ્યું કે, "આ ઘર તો બહુ સારૂં છે, પણ તેમાં એક મોટી ખામી છે."

શેઠે પૂછ્યું કે, "શી ખામી છે મહારાજ ?" મહારાજે કહ્યું કે, "બીજું તો કાંઇ નહિ, પણ આ ઘરને તમે બારણાં મુકાવ્યાં છે, એ બહુ ભૂલ કરી છે."

શેઠે કહ્યું કે, "મહારાજ ! આ તમે શું બોલો છો ? ઘરને બારણાં વિના કેમ ચાલે ?"

ત્યારે મહારાજે કહ્યું કે, "વાત તો સાચી, પણ એ બારણેથી એક દિવસ તમારે જવું પડશે, તે પાછું અવાશે નહિ, એ મોટું દુઃખ છે. શેઠ ! ઘરના પાયા તો તમે મજબૂત નાખ્યા, પણ આપણા પોતાના પાયાનું ક્યાં ઠેકાણું છે ? આપણો દેહ ક્ષણભંગુર છે, પાણીના પરપોટા જેવો છે, એને ફૂટી જતાં કાંઈ વાર લાગતી નથી, એનો કાંઇ વિચાર કર્યો ?"

આ સાંભળી તે શેઠિયો ઢીલોઢસ થઇ ગયો, કારણ કે મોતની ફિકર નાણાંવાળાઓને વધારે લાગે છે. અહીં માલમત્તા મૂકીને પોતે ખાલી હાથે ફોગટ ફેરો ખાઇને ચાલ્યા જવું, એ ત્રાસ કાંઈ જેવો તેવો નથી.

શેઠને ઢીલોઢસ જોઇને મહારાજે કહ્યું કે, "અહીંના સુખની જેમ ગોઠવણ કરો છો, તેમ હરિની હજૂરમાં સુખ ભોગવી શકાય એને માટે કાંઇ તૈયારી કરો છો કે નહિ ? અહીં થોડો વખત રહેવું છે, તે સારૂ જ્યારે તમે એવું મોટું સુંદર ઘર બાંધ્યું, ત્યારે જ્યાં અનંતકાળ સુધી રહેવું છે, ત્યાંને માટે શી તજવીજ કરી, એ

તો કહો ! આ ઘડીક વારના ઘર માટે તમે એટલી બધી વાતો કરો છો, ત્યારે અખંડ મોક્ષધામને માટે તો કાંઇક તજવીજ કરો અને અખંડ ઘરના માલિક સર્વશક્તિમાન પવિત્ર પિતા–ઈશ્વરને માટે તો કાંઇક કરો."

ભાઇઓ ! એ શેઠિયાના ઘરનેજ બારણાં હતાં ને આપણા ઘરને બારણાં નથી, એમ નહિ સમજતા. આપણા ઘરને પણ બારણાં છે અને એજ બારણેથી આપણે પણ પાછા ન આવીએ, તેવી રીતે મોડાવહેલા કોઇક દિવસ જવાના છીએ, માટે હજુ પણ આપણા હાથમાં વખત છે, તો ચેતજો અને અહીંના ઘડીક વારના ઘર કરતાં હરિની હજૂરમાં અનંતકાળનાં ઘર બંધાય એવું કરવાનું ધ્યાનમાં રાખજો.

પદ

ભજન તો બનત નાંહી, મન તો સેલાની રે. (ટેક)
અચ્છે અચ્છે ભોજન ચઇયે, ઠંડા જલ પાની રે;
ચાવનેકું બીડિયાં ચઇયે, ઓર પીકદાની રે. ભજન૦ ૧
ફૂલહુંકી સેજા ચઇયે, રૂપવંતી રાણી રે;
પુત્ર તો સપુત ચઇયે, કુલકી નિશાની રે. ભજન૦ ૨
હસ્તી ઘોડા માલ ચઇયે, તંબુ અસમાની રે;
કિલ્લા તો અજંગી ચઇયે, તોપ મુલતાની રે. ભજન૦ ૩
અર્વખર્વ ધનમાલ ચઇયે, રત્નોંકી ખાની રે;
મૂળદાસ કહે યુંકર દુનિયા, લોભે લલચાની રે. ભજન૦ ૪

૧૫–ઈશ્વરની ઉજાણી

આ દુનિયામાં બહુ બહુ મોટા મોટા પાદશાહો અને શ્રીમંતો થઇ ગયા છે કે જેઓએ પોતાના મોજશોખમાં, વૈભવમાં અને પરમાર્થમાં કરોડો રૂપિયા ખરચેલા છે. મહાદાનેશ્વરી કર્ણ રાજા દરરોજ સવાભાર સોનાનું દાન આપતો હતો, પણ તે આખા હિંદુસ્તાનની પ્રજાને કોઇ વખત જમાડી શક્યો નહોતો. પરદુઃખભંજન વીર વિક્રમ બહુ મોટો રાજા થઇ ગયો. તેની એટલી બધી કીર્તિ થઈ છે કે, હજુ સુધી તેનો સંવત ચાલે છે; પણ તે પોતાના આખા રાજ્યને એક દિવસ પણ જમાડી શક્યો નહોતો. મુગલ બાદશાહોનો ઠાઠમાઠ ને વૈભવ અતિશય હતો; સોના, ચાંદી હીરા, માણેક અને મોતી વિના ત્યાં કાંઇ નજરે પડતું નહિ. એવા

બાદશાહો પણ કોઈ દિવસ એક ટંક પણ દિલ્હી શહેરને જમાડી શક્યા નહોતા. પ્રતાપી મહારાણી વિકટોરિયાના પાટવી કુંવર પ્રિન્સ ઑફ વેલ્સનાં લગ્ન થયાં, ત્યારે દુનિયામાં મોટી ધામધૂમ થઇ રહી હતી, પણ તેઓ એક મુંબઇ શહેરને પણ જમાડી શક્યા નહોતા અને જેના તાબામાં આખી દુનિયાનો ત્રીજો ભાગ છે, એવો મહાન ભાગ્યશાળી શહેનશાહ સાતમા એડવર્ડ જ્યારે ગાદીએ બેઠા,ત્યારે એક તારીખે પાંચ લાખ માણસોને એક જગ્યાએ ખાવાનું આપ્યું, પણ તેઓ પોતાની રાજધાનીના લંડન શહેરને પૂરું એક ટંકનું પણ ભોજન આપી શક્યા નહોતા. માણસો ગમે તેવા મોટા થાય, તોપણ તેઓની મોટાઇ અમુક હદમાંજ આવી જાય છે; પણ ભાઇઓ! પ્રભુની મોટાઇ સામું તો જુઓ? તે સરજનહાર પાલક પ્રભુ અનંતકાળ થયાં, અનંત બ્રહ્માંડોને દરરોજ બન્ને વખત નિભાવી રહ્યો છે ને અનંતકાળ સુધી નિભાવ્યા કરશે; તે પ્રભુની દયા ને તે પ્રભુની મોટાઇ સામું જુઓ! આપણા શેઠિયાઓ બહુ કરે, તો પોતાની નાત જમાડે. એ કરતાં પણ કોઇ વધારે કરે, તો સાત મહાજન જમાડે કે બેચાર ચોરાશી કરે; પણ કોઈ રાજાએ કે કોઇ શેઠિયાએ આજ દિવસ સુધી માત્ર એક ટંક પણ મુંબઇ શહેરને જમાડેલું છે? નહિજ. ત્યારે જે પ્રભુ યુગોના યુગો થયાં માત્ર માણસોજ નહિ, પણ પશુ, પક્ષી, માછલાંઓ અને કીટપતંગોને પણ સરખીરીતે નિભાવી રહ્યો છે, તે પ્રભુ શું હરિજનને શેર અન્ન નહિ આપી રહે? માટે ભાઇઓ! વિશ્વાસ રાખો અને પ્રભુની મોટાઈ સામું જુઓ! તે પાલનહાર પ્રભુના બળ સામું તો જુઓ! અને તે પરમ કલ્યાણકારી પિતાના આનંદસ્વરૂપ તરફ તો જુઓ! એને જાણ્યા વિના—એનું જ્ઞાન મેળવ્યા વિના સંસાર સાગર તરી શકાય તેમ નથી; માટે ભાઇઓ! જેમ બને તેમ ભગવદ્આશરાનું બળ રાખીને પ્રભુપ્રેમ વધે અને ઈશ્વરનું અલૌકિક સ્વરૂપ સમજાય તેમ કરો.

ઇન્દ્રવિજય છંદ

પૂરન કામ સદા સુખ ધામ, નિરંજન નામ સિરંજન હારો;
સેવક હોઇ રહ્યો સબકો નિત, કીટહિ કુંજર દેત અહારો.
ભંજન દુઃખ દરિદ્ર નિવારન, ચિંત કરે પુનિ સાંઝ સવારો;
ઐસે પ્રભુ તજિ આન ઉપાસત, સુંદર હે તિનકો મુખ કારો.

૧૬–જેમ પંખો પોતે ફરીને બીજાને સુખ આપે છે, તેમ સાધુઓ દુઃખ ખમીને પણ બીજાઓને શાંતિ આપે છે

સંત પુરુષોનો–સાધુઓનો ધર્મ શું છે, તે તમને ખબર છે? પોતાની નાતમાંથી નીકળી જઇને બીજી નાતમાં ભળવું, એ કાંઇ સાધુઓનો ધર્મ નથી; એક વાડામાંથી છૂટીને બીજા વાડામાં ફસાવું, એ કાંઇ સાધુઓનો ધર્મ નથી. એક જંજાળ છોડીને બીજી ઘણી ઉપાધિ ઉઠાવવી એ કાંઇ સાધુઓનો ધર્મ નથી ગાંજાતમાકુનાં વ્યસનોમાં ફસાવું,એ કાંઇ સાધુઓનો ધર્મ નથી. દોરાધાગામાં ને જંત્રમંત્રમાં રહી જવું, એ કાંઇ સાધુઓનો ધર્મ નથી. ફાટે ડાચે ગમે તેમ બોલવું, એ કાંઇ સાધુઓનો ધર્મ નથી અને ઘરની માયા મૂકયા છતાં પણ માયાનાં વલખાં સાર્યા કરવાં એ કાંઇ સાધુઓનો ધર્મ નથી; પણ સાધુઓનો ધર્મ તો પરોપકાર છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે,

'परोपकाराय सतां विभूतयः'

સંતોનું જીવનપરોપકારને અર્થેજ છે. દુનિયાદારીના તાપથી તપી ગયેલા લોકોનાં દિલમાં શાંતિ રેડવા માટે, અધર્મીઓના મનમાં ધર્મનું અમૃત રેડવા માટે અને પવિત્ર જીવાત્માઓને પ્રભુનો મહામંગળ રસ્તો દેખાડવા માટે સાધુઓનું જીવન છે. પોતે ગમે એટલું કષ્ટ વેઠીને પણ લોકોને સત્ય રસ્તો બતાવવો, એજ તેઓની ઉત્તમતા છે ને એ સારૂજ તેઓ માનને તથા દાનને પાત્ર છે. જે વેષધારી સાધુઓ પોતાના દેશને માટે પોતાનાં ભાઇબહેનો માટે અને પોતાના ધર્મને માટે કષ્ટ સહન કરતા નથી, તેઓ પ્રભુની નજરમાં ગુનેગાર છે અને તેઓ સાધુના પવિત્ર નામને યોગ્ય નથી. કારણ કે મફતનું ખાવા ને મસીદે સૂવા માટેજ કાંઇ સાધુપણું નથી; પણ જગતનું હિત કરવાને માટે સાધુપણું છે. એટલે સાધુઓની તો ખાસ ફરજ છે કે તેઓએ ઊંચામાં ઊંચું સત્ય જ્ઞાન મેળવવું જોઇએ અને પોતાનો ધર્મ કે જેને અર્થે પોતે મૂંડ મૂંડાવ્યું છે, તેના ફેલાવા અર્થે તથા પોતાનાં ભાઇબહેનોનાં સુખો વધારવા સારૂ, તેણે જેટલો બની શકે એટલો પુરુષાર્થ કરવો જોઇએ. દરેક સાધુએ પોતાના મનને વારેવારે પૂછવું જોઇએ કે, 'મેં શા માટે મૂંડ મૂંડાવ્યું છે? મેં શા માટે ઘર-

બાર છોડ્યું છે? મેં શા માટે આવો વેષ લીધો છે? શું દુનિયાને ઠગવા માટે? પાઇપાઇ ઉઘરાવવા માટે શું અમે મૂંડ મૂંડાવ્યું છે? ઘેરેઘેર મફતના ટુકડા માગી ખાવા માટે શું અમે ઘરબાર છોડ્યું છે? ચલમો ફૂંકવા સારૂ અને વ્યસનોના ગુલામ થવા સારૂ શું અમે ભગવાં પહેર્યાં છે? બીજાઓની ખુશામત કરવા સારૂ શું અમે અમારું ઘરબાર તજ્યું છે? હૂલમાંથી નીકળીને ચૂલમાં પડવા સારૂ શું અમે મૂંડ મૂંડાવ્યું છે? મંતરજંતરની વાતો અને કીમિયાકીમિયાના ટુચકા શીખવા સારૂ શું અમે અમારી જિંદગીને ધૂળમાં મેળવી છે? અને લોકોને ભમાવીને પ્રભુના ગુનેગાર થવા માટે શું અમે સાધુ થયા છીએ? નહિ. ભાઇઓ! મહાન પ્રભુનો પવિત્ર પ્રેમ જગતમાં ફેલાવવા માટે, સત્ય રસ્તામાં ચાલવા માટે અને અમારાં ભાઇબહેનોની સેવા કરવા માટે અમે સાધુ થયા છીએ; કારણ કે પ્રભુને સેવા ગમે છે, એટલે જગતની સેવા કરવી એ પ્રભુની સેવા કરવા બરોબર છે, માટે પ્રભુને અર્થે જગતની સેવા કરવા સારૂ અમે ભેખ લીધો છે; કાંઈ ચેલાચેલી મૂંડવા સારૂ અમે મૂંડ મૂંડાવ્યું નથી, એવા વિચાર દરેક સાધુએ કરવા જોઇએ. પ્રભુ! અમારા દેશના સાધુઓ આવા વિચારો કરે, એવો દિવસ તે ક્યારે આવશે?

ચાબખો

જોઇ લો જગતના બાવા રે, ધર્યા ભેખ ધૂતીને ખાવા. (ટેક)
જ્યાં પ્રેમદા ઘણી પાણી ભરે, ત્યાં જાય નિત્યનિત્ય નહાવા.
રાંડીછાંડી નારનો નર ઘેર ન હોય ત્યારે, બાવાજી બેસે ગાવા. જો. ૧
લોકનાં છોકરાંને તેડી રમાડે, વળી પરાણે પ્રીત થાવા;
ગૃહસ્થની સ્ત્રી રિસાઇ જાય ત્યારે, બાવાજી જાય મનાવા. જો. ૨
ધૂપ કરે ને બાવો ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા;
ભોજો ભક્ત કહે ભાવે શું સેવે, એને જમપુરીએ જાવા. જો. ૩

૧૭–કાદવમાં રૂપિયો પડી જવાથી કાંઇ તેની કિંમત ઘટતી નથી, તેમ માબાપ ગુસ્સે થાય તેથી કાંઈ તેમનો પ્રેમ ઘટે નહિ

આપણે જો સરખી રીતે ન ચાલીએ, તો આપણાં માબાપને ગુસ્સો આવ્યા વિના રહે નહિ. ગુસ્સો એવી ખરાબ વસ્તુ છે કે, એ વખતે મિજાજ કાબૂમાં રહી શકતો નથી, તેથી વખતે આકરાં

બે વચનો કહેવાઈ જાય,એમાં પણ કાંઇ નવાઇ નથી. માટે માબાપ ગુસ્સે થઇને ક્રોધના જોસમાં કાંઇ બે વચનો આપણને કહી દે,તો તે આપણે ધીરજથી સાંખી લેવાં જોઇએ;કારણ કે તે કાંઈ આપણા ઉપરના વેરને લીધે અથવા આપણું બૂરું કરવાને ખાતર નહિ,પણ આપણા ઉપરના હેતને લીધે કડવાં વચન કહે છે, આપણે એમજ વિચાર કરવો કે, આપણા ભલાને માટે પોતાના સ્વભાવ પ્રમાણે કાંઈ બે આકરાં વચનો કહેશે, પણ કહેવા દેશે નહિ. બીજું એવે વખતે એ પણ વિચારવું કે, આપણે માટે અને આપણી તરફથી આપણાં માબાપોએ જેટલું સહન કર્યું છે, તેનો સોમો કે હજારમો ભાગ પણ આપણે હજુ સુધી તેમના તરફથી સહન કર્યું નથી; માટે કોઇનો આકરો સ્વભાવ હોય, કોઇને ઓછું જ્ઞાન હોય, કોઇ નબળી સોબતમાં હોય અને કોઈ માણસ કોઇ બાબતમાં આડું અવળું દોરવાઇ ગયું હોય અથવા મતભેદ થઇ ગયો હોય, તો એવા વખંતે આપણે ધીરજ રાખવી જોઈએ. એવા વખતે તાણી બાંધવું નહિ, પણ વાતને પડતી મૂકવી. કદાચ આપણને કાંઈ સહન કરવા જેવું હોય, તોપણ આપણાં માબાપ કે જેઓના આપણી ઉપર અનંત ઉપકારો છે, તેઓને રાજી રાખવા ખાતર આપણે સહન કરવું જોઇએ અને વખતે કાંઇ ભોગ પણ આપવો જોઇએ. તેઓના ગુસ્સાથી દિલગીર થઇને આપણે રિસાઇ જવું પાલવે નહિ. આપણે તો એવો સવળોજ વિચાર લેવો, કે રૂપિયો કાદવમાં પડી જાય તેથી કાંઇ તેની કિંમત ઓછી થઇ જાય નહિ; તેમજ માબાપ ગુસ્સે થાય તેથી કાંઈ તેનો પ્રેમ આપણા ઉપરથી ઓછો થાય નહિ; પણ આપણે અજ્ઞાની બાળક અથવા અનુભવ વિનાના જુવાન માણસો હોવાથી જરા આપણા મરડાટમાં રહી જઇએ છીએ; એટલે ઘડીકમાં આપણી ભૂલ જોઇ શકતા નથી ને જુવાનીના જોસમાં ખામોશ કરી શકતા નથી. પણ એ મોટી ભૂલ છે; કારણ કે આપણે આપણા માબાપના શબ્દો તરફ નહિ, પણ તેઓનાં અંતર તરફ જોવું જોઇએ. ગુસ્સાને લીધે તેઓ વખતે આપણને બે વચન કહી દેશે, પણ મરતી વખતે વીલ કાંઇ બીજાના નામનું કરી નહિ જાય કે પોતાની સાથે કાંઈ લઈ નહિ જાય; માટે તેઓનાં અંતર તરફ જોઇને, આપણે માટે તેઓએ જે કષ્ટ સહન કર્યું છે તે તરફ જોઇને, આપણે હજુ ઘણી જાતની ભૂલોવાળા છીએ, તે તરફ જોઇને અને મહાન પ્રભુના પવિત્ર હુકમ સામું જોઇને,

આપણા હિતને ખાતર આપણે આપણાં માબાપનાં ગુસ્સાનાં વચનો પણ ધીરજથી સહન કરવાં જોઇએ; કારણકે એમાં આપણું કલ્યાણ છે ને એમાં પ્રભુ રાજી છે. માટે ભાઇઓ! રૂપિયા ઉપર લાગી ગયેલા કાદવ તરફ નહિ, પણ તેની કિંમત તરફ જુઓ. માબાપના ગુસ્સાનાં વચન તરફ નહિ, પણ આપણી ઉપરના તેના અંતરના પ્રેમ તરફ જુઓ, અંતરના પ્રેમ તરફ જુઓ.

૧૮–ઈશ્વર વિષે

જેમ સાગરનું પાણી નાની ગાગરમાં સમાઈ શકે નહિ, તેમ ઈશ્વરનું માહાત્મ્ય અલ્પ જીવથી યથાર્થ રીતે જાણી શકાય નહિ.

ઈશ્વર એટલો બધો મોટો છે કે,તે અનંત બ્રહ્માંડોમાં પણ સમાઇ શકે તેમ નથી, પણ જીવ ઉપરની કૃપાને લીધે તે એટલો નાનો થઈ જાય છે કે, સાધારણ ભક્તહૃદયમાં પણ તે સમાઇ જાય છે.

જેમ ફૂલમાં દોરો છે અને દોરામાં ફૂલ છે, તેમ ઈશ્વર આપણાં અંતરમાં છે ને આપણે પણ તે ઈશ્વરમાંજ રમી રહ્યા છીએ.

આકાશમાં ઊડતાં પક્ષી જેમ ચોતરફથી આકાશમાં ઘેરાયેલાં રહે છે, તેમ આપણે પણ જ્યાં હોઇએ, ત્યાં સર્વત્ર સર્વવ્યાપી ઈશ્વરના રાજ્યમાં છીએ.

કોઇ પણ પિતા પોતાના પુત્રને મારી નાખવા ઇચ્છતો નથી, તેમ ઈશ્વર પણ પોતાના ભક્તોનું બૂરું કરવા ચાહતો નથી.

જેમ લૂલાં, લંગડાં અને આંધળાં છોકરાં ઉપર માનો વધારે પ્રેમ હોય છે, તેમ કોઇ ભક્તથી તેના આગલા વખતમાં કદી અપરાધો થઈ ગયા હોય, તો તે માફ કરી પ્રભુ તેના ઉપર પેલી માની માફક વધારે હેત રાખે છે.

જેમ કોઇ પણ માણસ આખા આકાશને પોતાના હાથમાં પકડી શકે નહિ, તેમ કોઈ પણ જીવથી ઈશ્વર જણાય તેમ નથી.

જે માણસ ઊંચી ટેકરી ઉપર ઊભો રહીને દરિયાની તરફ જુએ છે, તો તેની નજર ઘણી લાંબી પહોંચે છે ખરી, પણ તે કાંઇ દરિયાના સામા કિનારા સુધી પહોંચી શકે નહિ; તેમજ કોઇ પણ માણસ ઈશ્વરને જાણવાની તજવીજ કરે, તો તે ચોક્કસ હદ સુધી જાણી શકે ખરો, પણ ઈશ્વરનો પૂરેપૂરો મહિમા જાણી શકે નહિ.

સૂરજની સામે જોનાર માણસ જેમ તેના તેજમાં અંજાઇ જાય છે, તેમ મહાન પ્રભુના અલૌકિક અદ્‌ભુત રૂપને જાણવા ઇચ્છ-

નાર માણુસ પણ પ્રભુના અલૌકિક ગુણો તથા શોભાની વચમાંજ ગુમ થઇ જાય છે, પણ તેનો પાર પામી શકતો નથી.

આ જગતની શોભા અને તેની સાથે આકાશના સૂર્ય, ચંદ્ર આદિની સમસ્ત શોભા, પ્રભુના સ્વરૂપની શોભા અને સુંદરતા પાસે મહાસાગરમાં માત્ર ટીપાં જેટલી છે.

જેમ સૂરજને બીજા કોઇ પણ પદાર્થમાંથી તેજ લેવાની જરૂર નથી, પણ તે પોતેજ પોતાના તેજથી પ્રકાશિત છે, તેમ પ્રભુ પણ સર્વ ગુણોથી શોભાયમાન ને સ્વયંપ્રકાશ છે.

જેમ તારાઓને આપણે દિવસે દેખી શકતા નથી, પણ રાત્રે ખુલ્લે ખુલ્લા દેખી શકીએ છીએ, તેમ ઈશ્વરને પણ આ દેહથી આપણે દેખી શકતા નથી; પણ જો તેનાં ગુણગાન કરીએ તો મરણ પછી તેને જાણી શકીએ તેમ છીએ.

આપણા આખા ઘરની મુખત્યારી જેમ એકજ આગેવાન માણુસના હાથમાં હોય છે અને જેમ વહાણની મુખત્યારી એકજ કપ્તાનના હાથમાં હોય છે, તેમજ આ જગતનું ધણીપણું પણ એકજ પ્રભુના હાથમાં છે.

ઘરનો બાંધનાર મિસ્ત્રી જેમ ઘરની પહેલાંજ હયાત હોય છે અને ઘડિયાળનો બનાવનાર જેમ ઘડિયાળની હયાતી પહેલાંજ હોય છે, તેમજ ઈશ્વર પણ આ જગતની અને અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થયા પહેલાં હયાત હતો એમ સમજવું.

વિચારો કરતાં વિચારોને ઉત્પન્ન કરનાર મન જેમ મોટું છે, તેમ આ જગતમાં ઈશ્વરની જે જે કાંઇ શક્તિ અને ડહાપણ જણાય છે, તે સર્વ કરતાં તે સર્વેના કરનાર ઈશ્વરમાં કોટાનકોટિગણી વધારે શક્તિ છે.

આપણા આખા શરીરમાં રહેલો જીવ અથવા આત્મા શરીરના જુદા જુદા અંગમાં એટલે કે નાકમાં, કાનમાં, હાથમાં, પગમાં, મોંમાં એમ દરેક અંગમાં થોડો થોડો નથી, પણ સર્વ અંગમાં પરિપૂર્ણતાથી વ્યાપી રહેલો છે; તેમ ઈશ્વર પણ આખા જગતમાં પોતાના સર્વ રૂપે સર્વત્ર પરિપૂર્ણતાથી વ્યાપી રહેલો છે.

આકાશની બહાર જેમ કોઇ પણ પદાર્થ નથી, તેમ સર્વવ્યાપક મહાન પ્રભુની દૃષ્ટિ બહાર કોઇ પણ ચીજ નથી.

અગ્નિ પાસે બેસે તેને જેમ ગરમી લાગે છે, તેમ જે ઈશ્વરમય થઇને ઈશ્વરનું ભજન-ધ્યાન કરતો રહે છે, તેનામાં રોજ રોજ

વધારે વધારે ઈશ્વરી ગુણો આવતા જાય છે.

જે ડાળ થડની સાથે જોડાયલી રહે છે, તેમાં ફળફૂલ આવે છે, પણ જે ડાળ થડથી છૂટી પડી જાય છે તે સૂકાઇ જાય છે; તેમજ જે ઈશ્વરભક્તિ કરતા રહે છે, તેઓમાં ઘણા સદ્ગુણો આવે છે અને જેઓ ભક્તિહીન થઇ ઈશ્વરથી છૂટા પડી જાય છે, તેઓ ગુણહીન થઇ જાય છે.

આંધળા માણસની સાથે જ્યારે દોરનાર હોય છે, ત્યારે તેને જેમ મોટી હિંમત રહે છે; તેમ જે એમ જાણે છે કે, મારો ઈશ્વર મારી સાથેજ છે, તેને કોઇ પણ વાતનો ડર રહેતો નથી, તેથી તે સર્વ વાતે નિર્ભય થઇને જગતમાં ફરી શકે છે.

વૈદને ખબર હોય છે કે, આ દરદી હવે મરી જશે, પણ તે પોતે કાંઇ તેને મારી નાખતો નથી, તેમ આપણે માથે જે કાંઇ અડચણો અને દુઃખો આવવાનાં હોય, તે સર્વ અગાઉથીજ પ્રભુ જાણે છે, પણ તેથી એ બધાં પ્રભુએજ મોકલેલાં છે, એવો ઊંધો વિચાર મનમાં લાવવો નહિ.

જેમ મોટા રાજાઓ નાની ચીજોની ભેટ લઇને મોટી બક્ષિસો આપે છે, તેમ ભક્તોની થોડીક સેવા લઇને ઈશ્વર તેઓને બહુ મોટું ફળ આપે છે.

જેમ આ મોટા જગતના માથે સર્વત્ર સૂરજ પોતાનું તેજ ફેલાવી રહ્યો છે, તેમ પ્રભુ પણ આખા જગતનાં સર્વ પ્રાણીમાત્ર ઉપર પોતાની કૃપાદૃષ્ટિ વરસાવી રહ્યો છે.

કોઈ બાપ પોતાનાં ઘરનાં છોકરાંઓને એકજ જાતનો પોષાક કરાવી આપે, તેથી કાંઇ કોઇ છોકરો એમ ન કહી શકે કે, મારા બાપનું હેત મારી ઉપર ઓછું છે; તેમ ઈશ્વર ઘણી વસ્તુઓ સર્વ માણસોને એકસરખી રીતે આપે, તેથી તેનું હેત આપણી ઉપર ઓછું છે, એમ કહેવાય નહિ.

જેમ એક માતા પોતાનાં લૂલાંલંગડાં છોકરાંઓને પણ પ્રેમથી ઊછેરે છે, તેમ કૃપાળુ પ્રભુ અધમ પાપીઓ ઉપર કૃપાદૃષ્ટિ કરી તેઓને પણ નિભાવે છે.

જેમ લોહચુંબક સોયને પોતાના તરફ ખેંચી લે છે, તેમ ઈશ્વર પોતાના ભક્તોને પોતાના તરફ ખેંચવા થોડું દુઃખ આપે છે.

જેમ એક એન્જિન ઘણા ડબ્બાઓને ખેંચી જાય છે, તેમ ઈશ્વર અનંત બ્રહ્માંડોને ચલાવે છે.

૧૯–કદી તમારી પાસે સ્વર્ગની ચાવી હોય અને તમે બીજાંઓને સ્વર્ગનાં બારણાં ખોલી આપતા હો, તોપણ જો તમારામાં પ્રભુપ્રેમ ન હોય, તો તે તમોને કાંઇ કામનું નથી

ભાઇઓ ! આપણા ધર્મનું તત્ત્વ શું છે ? આપણી સાર્થકતા શેમાં છે ? આપણી જિંદગીનો હેતુ શું છે ? આખી દુનિયાના કોઇ પણ ધર્મવાળા મહાત્માઓનો ઉપદેશ શું છે ? અને પ્રભુની ઇચ્છા શું છે ? એજ કે પ્રભુપ્રેમથી તમારાં હૃદય તરબોળ કરો. દાન વિના, તપ વિના, યોગ વિના, કર્મકાંડ વિના અને જ્ઞાન વિના ચાલી શકશે, પણ પ્રભુપ્રેમ વિના ચાલી શકવાનું નથી; કારણ કે પ્રભુપ્રેમથીજ એ બધું શોભે છે, પ્રભુપ્રેમથીજ એ બધું રસભર્યું થાય છે, પ્રભુપ્રેમથીજ એ બધામાં ખરી લહેજત આવે છે અને પ્રભુપ્રેમથીજ એ બધાં કૃતાર્થ થાય છે. પ્રભુપ્રેમ વિના ગમે એટલી મોટાઇ પણ કાંઇ કામની નથી. ભલે આપણી આણદાણ ફરતી હોય, ભલે આપણા નામના જયજયકાર થઇ રહ્યા હોય, ભલે આપણને ઘણી ખમા, ઘણી ખમા થઇ રહી હોય, ભલે આપણા હુકમથી હજારો માણસ છૂટી જતાં હોય અને હજારો માણસ બંધાઈ જતાં હોય, ભલે રિદ્ધિસિદ્ધિ આપણી દાસીઓ થયેલી હોય, ભલે કારૂનનો ખજાનો ને કુબેરનો ભંડાર આપણી પાસે આવી પડ્યો હોય, ભલે આપણે મુડદાંઓને જીવતાં કરતા હોઇએ અને ભલે આપણે ખભે સ્વર્ગની ચાવીઓના ઝૂડાઓ લઇને ફરતા હોઇએ અને બીજાંઓને સ્વર્ગનાં બારણાં ખોલી આપતા હોઇએ; પણ જો આપણામાં પ્રભુપ્રેમ ન હોય ને આપણો જીવ નરકમાં જાય, તો એ બધું પણ શું કામનું ? આપણી પાસે કાંઇ પણ ન હોય, પણ જો પ્રભુપ્રેમ આપણાં અંતરમાં ભરેલો હોય, તો પછી બીજી કોઇ પણ ચીજની આપણને પરવા રહેતી નથી અને બીજું ઘણું હોય, પણ પ્રભુપ્રેમ જેના અંતરમાં ન હોય, તેના આત્માને કદી પણ શાંતિ વળતી નથી. જેનામાં પ્રભુપ્રેમ ન હોય એવા માણસને પણ દૈવયોગે અધિકાર, ધન, રૂપ, માનમરતબો વગેરે મળી જાય છે, પણ તેથી શું ? પ્રભુપ્રેમ વિના એ બધું ઊલટું બંધનકારકજ થઇ પડે છે. એમ તો જુઓ કે, આપણા શેઠિયાઓની તિજોરીની ચાવીઓ છ છ રૂપિયાના પગારદાર બાનકોટી

ઘાટીઓની પાસે હોય છે, પણ તેથી કાંઇ એ ઘાટીઓ શેઠિયાઓની તિજોરીના માલિક થોડાજ થઈ બેસે છે! તેમજ આપણી પાસે કદાચ સ્વર્ગની ચાવીઓ હોય, તોપણ પ્રભુપ્રેમ વિના તે કાંઇ આપણને પોતાને કામ લાગતી નથી અને પ્રભુપ્રેમ વિના કાંઇ આપણા આત્માનો ઉદ્ધાર થઇ શકે તેમ નથી. માટે ભાઇઓ અને બ્હેનો! ગમે તે રીતે આપણામાં ભગવત્‌આવેશ ભરાય તેમ કરો.

૨૦–આપણી ઇચ્છાઓ આફતના પડીકા જેવી છે, માટે તેને આપણી પાસે રાખવામાં ફાયદો નથી, એને તો સર્વશક્તિમાન પ્રભુજ સાચવી શકે

અનુભવી સાધુઓ કહે છે કે, આપણી ઇચ્છાઓ આફતનું પડીકું છે. એ આપણાથી સચવાયજ નહિ અને જો બળ કરીને કે મૂર્ખાઇથી તેને રાખી મૂકીએ, તો તે અનેક પ્રકારની નવી નવી આફતો લાવ્યાજ કરે; કારણ કે ઇચ્છાઓ પોતેજ આફતનું પડીકું છે. એ પડીકામાંથી જેમ જેમ ભૂકી વેરાતી જાય, તેમ તેમ આફતો વધતીજ જાય છે, એટલે તે આપણાથી સાચવી શકાયજ નહિ; કારણ કે આપણા અહંભાવમાંથી નીકળેલી આપણી પોતાની ઇચ્છાઓ તે શેતાનનું બીજું રૂપ છે. એટલે ભગવત્‌આશરાના બળ વિના કદી પણ તે આપણા તાબામાં રહી શકેજ નહિ. તેને તો સમર્થમાં સમર્થ; કાળના પણ કાળ; ભયના પણ ભય અને તેમ છતાં પણ આનંદરૂપ એવા સર્વગુણસંપન્ન મહાન પ્રભુનેજ સોંપી દેવી જોઇએ. સર્વ શક્તિમાન પ્રભુજ એ શેતાનને સાચવી શકે. આપણાથી એ આફતનું પડીકું સચવાયજ નહિ. માટે ખરૂં ડહાપણ એજ છે, કે આપણી ઇચ્છાઓ પ્રભુને સોંપી દેવી. ખરો પુરુષાર્થ તો એનુંજ નામ છે કે આપણી ઇચ્છાઓ પ્રભુને સોંપીને આપણે પ્રભુમય થઈ જવું. સાચી ભક્તિ તો એજ છે કે, પ્રભુની ઇચ્છામાંજ આપણી ઇચ્છાનો લય કરવો અને ખરૂં સ્વર્ગ તો એજ છે કે, મૂઆ પછી નહિ, પણ જીવતાંજ આપણી ઇચ્છાઓ પ્રભુને સોંપીને સર્વાત્મભાવથી પ્રભુપરાયણ થઇને પ્રભુની ઇચ્છામાંજ જીવવું. જે પોતાની ઇચ્છાઓને તજી શકે–પ્રભુને અર્પણ કરી શકે તેજ ખરો ડાહ્યો, તેજ ખરો બહાદુર, તેજ ખરો યોગી, તેજ ખરો ભક્ત ને તેજ ખરો જ્ઞાની છે અને તેજ પ્રભુનો કૃપાપાત્ર છે. માટે અંતરની વાસનાઓ છોડી એવા સાચા ભક્ત થવાની હોંશ રાખો.

૨૧–પ્રભુને આપણી ઇચ્છા સોંપી દેવી એ આપણી મૂડી સોંપી દીધા બરાબર છે

આપણું એક એક કામ પ્રભુને અર્પણ કર્યા કરીએ તો ક્યાં આરો આવે ? માટે બહેતર તો એજ છે કે, આપણી સર્વ ઇચ્છાઓ પ્રેમપૂર્વક દીનતાથી મહામંગળમય શ્યામસુંદર પૂર્ણપુરુષોત્તમ પ્રભુને અર્પણ કરી દેવી. ઇચ્છાઓ અર્પણ કરવી અને કર્મો અર્પણ કરવાં એની વચ્ચે બહુ મોટો ભેદ છે. ઇચ્છાઓ અર્પણ કરી દેવી એટલે આંબાનું ઝાડ પ્રભુને આપી દેવા બરાબર છે અને કર્મો અર્પણ કરવાં એટલે એક એક પાંદડું, એક એક ફૂલ ને એક એક ફળ તોડીને આપવા જેવું છે. આવી રીતે ફૂલ–પાંદડાં તોડીતોડીને આપવાં એમાં આપનારને પણ દુઃખ થાય છે અને લેનારને પણ કંટાળો લાગે છે; કારણ કે આંબો એવડો મોટો છે, કે તેનું એક એક પાંદડું ને ફૂલ તોડતાં તો વરસોનાં વરસો ચાલ્યાં જાય; તોપણ આરો આવે નહિ ને એટલા વખતમાં તો જ્યાંથી પાંદડું તોડ્યું હોય ત્યાં તો મોટી મોટી ડાળો બની જાય ને તેનાં પાછાં હજારો પાંદડાં થઈ જાય. એ બધાં ક્યારે આપી શકાય ? અને કેમ આપી શકાય ? એવી રીતે આપવું એ તો રમતિયાળ છોકરાનું કામ છે. જ્ઞાનીભક્તોનું એ કામ નથી. એક એક પાંદડું ને એક એક ફૂલ આપ્યા કરવું એ આપનારની કૃપણતા છે અને તેનો ઓછો પ્રેમ દેખાડનાર છે. એવી રીતે કરનારાઓ અનંત બ્રહ્માંડોને ચલાવનારા પ્રભુનો મહિમા બરોબર સમજતા નથી એમ જાણવું; કારણ કે જો તેઓ સર્વવ્યાપક, દેવાધિદેવ, કરુણાના ભંડાર, નોધારાંના આધાર, ભક્તના હૈયાના હાર પવિત્ર પ્રભુનો મહિમા પૂરેપૂરો જાણતા હોય ને તેઓના મનમાં ખરો પ્રેમ ને પૂરો વિશ્વાસ હોય તો આંબાનું ઝાડજ કેમ ન આપી દે ? પોતાની ઇચ્છાજ કેમ ન સોંપી દે ? પોતાની મૂડીજ કેમ ન સોંપી દે ? એક એક પાઇ શા માટે આપ્યા કરે ? યાદ રાખજો કે, જ્યાંસુધી આપણે આપણું એક એક કર્મ પ્રભુને આપ્યા કરીએ, ત્યાંસુધી કદી પણ આપણાં પૂરેપૂરાં કર્મ પ્રભુને આપી શકાયજ નહિ અને જ્યાંસુધી આપણાં પૂરેપૂરાં કર્મ પ્રભુને ન અપાય, ત્યાંસુધી આપણે સર્વાત્મભાવથી પ્રભુને શરણ થઇ શકીએ નહિ; માટે ભાઇઓ ! ગહન ગતિવાળાં કર્મોની જાળમાં નહિ પડતાં તમારી ઈચ્છાઓ

પ્રભુને સોંપી દો અને પ્રભુની ઇચ્છાને આધીન થઇ જાઓ; એટલે સ્વર્ગ આ પૃથ્વીમાંજ, તમારાં ઘરમાંજ, તમારાં હૃદયમાંજ અને તમારી હથેળીમાંજ આવી પડશે.

૨૨–પ્રભુ પોતાના બાળકોને વિસારી મૂકશે નહિ

જે બાપ પોતાનાં છોકરાંઓ માટે મોટા મહેલો બંધાવે, તેમાં હાંડીઝુંમર વગેરે ઊંચામાં ઊંચું સુંદર ફરનિચર ગોઠવાવે, એ મહેલમાં દરેક પ્રકારની મોજશોખની ઉમદા વસ્તુઓ ગોઠવાવે, અનેક પ્રકારનાં સુગંધી ફૂલો તથા મીઠાં ફળોના બગીચા તૈયાર કરાવે, નિર્મળ પાણીના ઝરાઓ તથા સુંદર વિશાળ તળાવો બનાવે અને પોતાનાં બાળકો માટે દરેક પ્રકારની તજવીજ રાખી મહાન શક્તિઓની બક્ષિસ કરે, તે પરમ દયાળુ પિતા પોતાનાં છોકરાંઓને શું ભૂખે મારશે? જે સમર્થ ધણી આટલું બધું કરે છે તે બાપ શું પોતાનાં છોકરાંઓને ખાવા માટે અન્ન નહિ આપે? એવું બનેજ કેવી રીતે?

એ મોટા મહેલરૂપી આ જગત છે, સૂરજચંદ્ર તેનાં ઝુંમર છે, આકાશના ગ્રહો તેની હાંડીઓ છે, અઢાર ભાર વનસ્પતિઓ તેનો બગીચો છે અને સુંદર તળાવો તથા નિર્મળ ઝરાઓ એ બધું જેણે આપણે માટે અગાઉથીજ તૈયાર કરી રાખેલાં છે, તે મહાન દયાળુ પ્રભુ આપણને ભૂખે કેમ મારશે? વિશ્વાસ રાખો ભાઇઓ! કે તે દયાનો સાગર જગતકર્તા પરમેશ્વર હરિજનોને કદી ભૂખે મરવા દેશે નહિ.

જમીનના પેટામાં રહેનારા કીડાઓ, જળમાં રહેનારાં માછલાંઓ, હવામાં ઊડનારાં પક્ષીઓ અને જંગલમાં રહેનારાં વાઘવરુ આદિને પણ જે ભૂલી જતો નથી, તે તમને કેમ ભૂલી જશે? જે પાલનહાર પ્રભુ એવા અબુધ જીવોને પણ પાળે છે, તે સમર્થ પ્રભુ ઉત્તમ મનુષ્યોને કેમ ભૂલી જશે? નહિજ ભૂલે; નહિજ ભૂલે; પણ આપણા વિશ્વાસનીજ ખામી છે.

જંગલમાં રહેનારા હાથીને, આકાશમાં ઊડનારા ગરુડને અને પાણીમાં રહેનારા મગરને તમારા કરતાં ઘણું વધારે ખાવાનું જોઇએ છે; તેને પણ વિશ્વંભર નામ ધરાવનાર મહાન પ્રભુ દરરોજ તેનું ખાવાનું પૂરૂં પાડે છે, ત્યારે શું તે સર્વશક્તિમાન પ્રભુ તમોને શેર અન્ન નહિ આપી રહે?

કબૂતર અને કાગડાની કયાં વખારો છે? અને તેઓ કયાં ખેતર વાવવા જાય છે? છતાં પણ તેઓ નભે છે. માછલાંઓ કયા શેઠની નોકરી કરે છે? અને સાપ કોની દલાલી કરવા જાય છે? છતાં પણ તે સૌને ખાવાનું મળે છે, ત્યારે તમે કાંઈ રહી જવાના નથી; માટે કોઇએ જરા પણ અવિશ્વાસ કરવો નહિ; પણ પૂર્ણ પ્રેમથી પ્રભુ ઉપર વિશ્વાસ રાખવો અને પ્રભુના હુકમ મુજબ જિંદગીની ફરજો રૂડી રીતે બજાવ્યા કરવી; તો પ્રભુ આપણને છોડી દેશે નહિ.

૨૩–માણુસો પોતાનાં જાનવરો માટે કેટલી બધી કાળજી રાખે છે? ત્યારે પ્રભુ પોતાના જીવો માટે કેટલી બધી ફિકર રાખતો હશે?

એક માણુસે પોપટ પાળેલો હતો. તેને માટે તે દરરોજ પેરુ, મરચાં વગેરે લાવતો હતો. જો કોઇ દિવસ તેને માટે ખાવાનું ન લાવી શકે તો ફળને બદલે બીજું કાંઇ તેને ખાવા આપતો હતો અને બરોબર ખાવાનું ન આપી શકાય તો અંદરથી તેનો જીવ બળતો હતો. સ્વાર્થી માણુસો–પાપમાં ફસાયેલાં માણુસો પણ જ્યારે પોતે પાળેલાં જાનવરો માટે એટલી બધી કાળજી રાખે છે, ત્યારે સમર્થ ને પવિત્ર પ્રભુ પોતે બનાવેલાં માણુસોને માટે કેટલી બધી કાળજી રાખતો હશે? એ ખ્યાલ તો કરો. જે મહાન પ્રભુ પશુઓને ઘાસચારો આપી રહ્યો છે, પક્ષીઓને ફળફૂલ આપી રહ્યો છે અને માછલાંઓ તથા કીડાઓને પણ તેઓને અનુકૂળ પડતો ખોરાક આપી રહ્યો છે, તે કૃપાળુ પ્રભુ માણુસોને અને તેમાં પણ ભક્તોને કેમ ભૂલી જશે? જે અખંડાનંદ પ્રભુ અનંત બ્રહ્માંડોને ચલાવી રહ્યો છે, તેને આપણે શું ભારે પડવાના છીએ? માટે ભાઇઓ! પ્રભુ ઉપર વિશ્વાસ રાખો, અને ધીરજ રાખો, એટલે સૌ સારાં વાનાં થશે.

જે દયાળુ પ્રભુએ કૃપા કરીને આપણુને આવડા મોટા કર્યા અને આજ દિવસ સુધી નિભાવ્યા, તે પ્રભુ હવે આપણુને કેમ છોડી દેશે? આપણુને નિભાવી લેવા માટે આપણુને ખબર પણ ન પડે તેવી રીતના તેની પાસે અનેક રસ્તાઓ છે. જેમ નારિયેળમાં કુદરતી રીતે ચોખ્ખું મીઠું પાણી ભરાય છે, તેમ કુદરતી રીતે પ્રભુ આપણું કાર્ય ઉકેલી આપશે; માટે વૃથા શોક કરશો નહિ, પણ ખોટા શોકમાં પડી પ્રભુને ભૂલી જવાય નહિ તેની ફિકર રાખજો.

૨૪–મોટાં કામો કરવાથી પ્રભુ જેટલો રાજી થાય તે કરતાં તેની ઇચ્છા પ્રમાણે ચાલવાથી વધારે રાજી થાય છે

એક મહાત્માને કોઇ સાધુએ સવાલ પૂછયો કે, "આપણી જિંદગીનો હેતુ શો?" ત્યારે તે મહાત્માએ જવાબ આપ્યો કે, "પ્રભુને પ્રસન્ન કરવા, એ આપણી જિંદગીનો હેતુ છે." સાધુએ પૂછયું કે, "પ્રભુ શાથી પ્રસન્ન થાય છે?" મહાત્માએ કહ્યું કે, "તેની ઇચ્છા પ્રમાણે વર્તવાથી." સાધુએ કહ્યું કે, "અમે સાંભળતા આવ્યા છીએ કે રૂડાં કામો કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે." મહાત્માએ કહ્યું કે, "મારી ઇચ્છાને આધીન થવાથી હું પ્રસન્ન થાઉં છું." એ પ્રભુની પહેલી આજ્ઞા છે અને "રૂડાં કામો કરવાથી હું પ્રસન્ન થાઉં છું." એ પ્રભુની બીજી આજ્ઞા છે; કારણ કે મોટાં ને ભલાં કામો કાંઇ દરેક માણસ કરી શકે નહિ. એવાં કામો કરવામાં તો દેશ, કાળ અને બીજાં ઘણાં સાધનોની જરૂર છે. એવી અનુકૂળતા કાંઇ બધાં માણસો પાસે હોય નહિ. એટલે દુનિયાનાં બધાં માણસોથી કાંઇ મોટામાં મોટાં, ઘણાંમાં ઘણાં ને સારામાં સારાં કામો થઈ શકે નહિ; પણ ભગવદ્દઇચ્છાને આધીન થવામાં કાંઈ દેશકાળ કે બીજાં સાધનોની જરૂર નથી; તે તો કોઈ પણ દેશમાં, કોઇ પણ કાળમાં ને કોઇ પણ સ્થિતિમાં કાંઇ પણ સાધનો વિના પણ પાળી શકાય છે. માટે આપણી ઇચ્છાઓ પ્રભુને સોંપી દેવી ને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવું, એ પ્રભુની પહેલી આજ્ઞા છે અને રૂડાં કર્મો કરવાં એ પ્રભુની બીજી આજ્ઞા છે. એ બે આજ્ઞાથી સર્વશક્તિમાન પરમાત્માનું પરમ દયાળુપણું બરોબર રીતે સમજાય છે, કેમકે જો રૂડાં કામો કરવાની આજ્ઞા પ્રભુએ પહેલી મૂકી હોત, તો તે દરેક માણસોથી સહેલાઇથી પાળી શકાત નહિ; કારણ કે એમ બનવું એ કાંઇ ખાસ માણસોના હાથમાં નથી, પણ આજુબાજુના સંજોગોને આધારે છે; પણ સર્વાત્મભાવથી ભગવદ્દઇચ્છાને આધીન થઇ જવું, એમાં કોઇ જાતના સંજોગોની જરૂર નથી, એટલે તે દરેક માણસથી સહેલાઇથી બની શકે તેમ છે. માટે ભાઇઓ! તનમનધનથી ભગવદ્દઇચ્છાને આધીન થઇને હમેશાં રૂડાં કામો કરવાની ભાવના રાખો.

૨૫–મોટાં કામો બધાથી બની શકે નહિ, પણ ભગવદ્દઇચ્છાને આધીન થવું એ તો સૌથી બની શકે

ઘણા માણસો કહે છે કે, આપણે મોટાં ને ભલાં કામો કરવાં જોઇએ. બેશક, એ બહુ રૂડો વિચાર છે અને તે ઇશ્વરની આજ્ઞા છે, પણ આપણે જોઇએ છીએ કે, એમ કરવું એ કાંઇ દરેક માણસોથી પૂરેપૂરૂં બની શકતું નથી. હું યજ્ઞ કરવા ઇચ્છું છું પણ મારી પાસે પૈસા ક્યાં છે? હું માંદાઓને સાજા કરવા ઇચ્છું છું પણ મારી પાસે તેની ખરી દવા ક્યાં છે? હું વેદના અર્થ કરવા ઇચ્છું છું, પણ તે સમજાવનારા ક્યાં છે? અને તેનું રહસ્ય ગ્રહણ કરી શકે, એવી મારામાં બુદ્ધિ ક્યાં છે? હું ભૂખ્યાંઓને જમાડવા ઇચ્છું છું, પણ મારું પોતાનુંજ જમવાનું ઠેકાણું ક્યાં છે? હું નવી નવી શોધ કરવાની ઇચ્છા રાખું છું; પણ પ્રથમ આશ્રય આપવાવાળા ક્યાં છે? દુકાળમાં ઢોરોને મરતાં બચાવવા હું ઇચ્છું છું, પણ ઘાસ ક્યાં છે? હું રાજ્યનાં બંધારણ સુધારવા માગું છું, પણ મારી પાસે સત્તા ક્યાં છે? હું ધર્મમાં સુધારા કરવા માગું છું, પણ મારું સાંભળે છે કોણ? અને હું સંન્યાસ લેવા ઇચ્છું છું, પણ મારા અંતરમાં તીવ્ર વૈરાગ્ય ક્યાં છે? આ બધાં સારાં કામો છે, મોટાં કામો છે અને પ્રભુને વહાલાં કામો છે; પણ સાધનોની ખામીને લીધે, દેશકાળની અડચણોને લીધે અને માણસોના મમત તથા મૂર્ખતાને લીધે તે બધાથી બની શકે તેમ નથી; પણ જો ભગવદ્દઇચ્છા ઉપર રહેવા માગું તો તે મારાથી બની શકે તેમ છે. મારો ડગલો ફાટેલો હોય તો હું એમ માની શકું કે, એ ભગવદ્દઇચ્છા છે. આપણે પૂર્વે પુણ્ય નહિ કર્યાં હોય તે આ ભવમાં ક્યાંથી પામીએ? મારી ચોપડી ખોવાઈ જાય તો હું એમ ધારી શકું કે, એ ભગવદ્દઇચ્છા છે. હું માંદો પડું તો એમ માની શકું કે એ ભગવદ્દઇચ્છા છે. દેહના દંડ દેહે ભોગવવા જોઇએ. મારું કોઇ અપમાન કરે તો હું એમ માની શકું કે એ ભગવદ્દઇચ્છા છે; કારણ કે આપણે પણ કોઇકનાં અપમાન કર્યાં હશે, તેનાં ફળ ભોગવવાંજ જોઈએ. મારે ઘેર પુત્ર આવે તો હું એમ માની શકું કે એ પ્રભુકૃપા છે. મારો દાદો મરી જાય તો હું એમ માની શકું કે જેવી હરિની ઇચ્છા. જેટલી લેણાદેણી હોય તેટલી લેવાય. મારી ઉપર કોઇની મહેરબાની થાય તો હું એમ માની શકું કે

એ ભગવત્કૃપા છે. મને ધંધારોજગારમાં કાંઇ લાભ થાય તો હું એમ માની શકું કે એ ભગવત્કૃપા છે. મને સત્સંગનો લાભ મળે અથવા મારે હાથે કાંઇ ધર્મનું કામ થાય તો હું એમ માની શકું કે એ ઈશ્વરકૃપા છે અને મારે હાથે કોઇને કાંઇ ફાયદો પહોંચે તો હું એમ માની શકું કે એ તો ભગવદ્દ્ઇચ્છા છે, એમાં મારું શું છે? હું તો નિમિત્તમાત્ર છું. એવી રીતે કોઈ પણ સ્થિતિમાં ભગવદ્દ્ઇચ્છા માની શકાય છે; એટલુંજ નહિ પણ એવી રીતે માનવાથી હરખશોકથી બચી શકાય છે તથા અભિમાનથી બચાય છે અને વ્યવહારમાં રહ્યા છતાં વ્યવહારથી અલગ રહી શકાય છે; સંસારમાં રહ્યા છતાં સંસારના ઘાથી બચી શકાય છે અને બહારથી દેખાતી હજારો જંજાળો છતાં પણ અંતરમાં શાંતિ રહી શકે છે. માટે આપણી ઇચ્છાઓ ભગવાનને સોંપી દેવી અને ભગવાનની ઇચ્છાને આધીન થઈ જવું, એજ સર્વ ધર્મનો સાર છે, એજ સર્વ સુખોનું સુખ છે, એજ શાંતિનો ઉત્તમમાં ઉત્તમ રસ્તો છે, એજ ખરી ભક્તિ છે અને પ્રભુની ઇચ્છાને આધીન થઇ હર્ષશોકમાં સમાન વૃત્તિ રાખી જે સ્થિતિમાં પ્રભુએ રાખ્યા હોય તેમાં આનંદથી રહેવું ને પ્રભુપરાયણ કર્મો કર્યા કરવાં એનુંજ નામ સંસારમાં સ્વર્ગ ભોગવવા જેવું છે.

૨૬—પ્રભુ કેવા છે?

એક શિષ્યે ગુરુને પૂછ્યું કે, "મહારાજ! પ્રભુ કેવા છે?" ત્યારે ગુરુએ કહ્યું કે, "પછી કહીશ." એમ કરતાં કરતાં ઘણા દિવસ થઈ ગયા, ત્યારે શિષ્યે પાછું પૂછ્યું કે, "મહારાજ! પ્રભુ કેવા છે?" ત્યારે ગુરુએ કહ્યું કે, "પછી કહીશ." જ્યારે જ્યારે શિષ્ય એ સવાલ પૂછે, ત્યારે ત્યારે ગુરુ એવોજ જવાબ આપે કે, "પછી કહીશ." ઘણી વખત એમ થયાથી એક વખતે શિષ્યે ખાસ આતુર થઇને પૂછ્યું કે, "મહારાજ! એમ ઉડાવ્યા કેમ કરો છો?" ત્યારે ગુરુએ કહ્યું કે, "બેટા! જેમ જેમ હું ઈશ્વર સંબંધી વધારે વધારે વિચાર કરૂં છું, તેમ તેમ તે વધારે ને વધારે દૂર જતો જાય છે, તેનો પત્તોજ લાગતો નથી. બેટા! જેમ એક નાના ચમચાથી સમુદ્ર ઉલેચી શકાય નહિ, તેમ જીવથી ઈશ્વર જાણ્યો જાય તેમ નથી. ગાગરમાં જેમ સાગર સમાય નહિ, તેમજ પ્રભુનું મોટું માહાત્મ્ય અલ્પ જીવથી યથાર્થ રીતે જાણી શકાય નહિ. પ્રભુએ ગીતામાં કહ્યું છે કે,

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः । (અ. ૭ શ્લો. ૨૫)

અર્થાત્ યોગમાયાથી ઢંકાયેલો હોવાથી હું સર્વને દેખાતો નથી.

વળી પણ ગીતામાં કહ્યું છે કે,

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥ અ. ૭ શ્લો. ૨૬

અર્થાત્:–હે અર્જુન ! હું થઇ ગયેલાં, થતાં તેમ થનારાં સર્વ પ્રાણીપદાર્થને જાણું છું, પણ મને કોઇ જાણતું નથી.

મહાન પ્રભુનું સ્વરૂપ આવું અગમ્ય છે. ઇન્દ્રિયો, મન, વાણી કે બુદ્ધિ ત્યાં પહોંચી શકતાં નથી; માટે આડાંઅવળાં લફરાંમાં કે તર્કવિતર્કની જાળમાં નહિ પડતાં દૃઢ વિશ્વાસથી પ્રભુના ચરણનું શરણ ધરી લેવું જોઇએ અને એમ સમજી જવું જોઇએ કે,

સવૈયો

હારી રહ્યા મનમાંહી મુનીશ્વર, વિશ્વપતિતણી વાત વિચારી;
તર્ક કરી કરી તત્ત્વ જડયું નહિ, દૃષ્ટિ ઘણી દિલ ઊંડી ઉતારી.
માન તજી અનુમાન કરી લખ્યું, કે મનવાણી ન પોંચી અમારી;
કેમ કહી શકે કોઇ કવીશ્વર, ઈશ્વરની ગતિ વિશ્વથી ન્યારી."

૨૭—ઈશ્વર સર્વવ્યાપક છે

સવૈયો

દૂરહુ રામ નજીક હુ રામહી, દેશહુ રામ પ્રદેશહુ રામે;
પૂરબ રામહી પચ્છિમ રામહી, દચ્છિન રામહી ઉત્તર ધામે.
આગેહુ રામહી પીછેહુ રામહી, વ્યાપક રામહી હૈ બનગ્રામે;
સુંદર રામ દશો દિશ પૂરણ, સ્વર્ગહુ રામ પતાલહુ તામે.

ઈશ્વર આગળ છે, પાછળ છે, અંદર છે, બહાર છે, ઉપર છે, નીચે છે અને દશે દિશામાં વ્યાપી રહ્યો છે.

ડુંગરની ટોચ ઉપર, સમુદ્રના તળિયામાં, વેરાન જંગલના મધ્યમાં, અંધારી ગુફામાં, આપણે રહીએ છીએ તે ઘરમાં, આપણે સૂઇએ છીએ તે ઓરડીમાં, પ્રાર્થના કરીએ છીએ તે મંદિરમાં અને આપણાં અંતરમાં પણ સચ્ચિદાનંદસ્વરૂપ સર્વવ્યાપી પ્રભુનો વાસ છે. એવી કોઇ પણ જગ્યા નથી, કે જ્યાં અખંડાનંદ પ્રભુ ન હોય.

ઈશ્વર સર્વવ્યાપી છે; એટલે એક જગ્યાએ તેનો હાથ છે, બીજે ઠેકાણે તેનો પગ છે, ત્રીજે ઠેકાણે તેનું માથું છે, ચોથે ઠેકાણે તેનું પેટ છે, એમ નથી; પણ તે જ્યાં છે ત્યાં એટલે સર્વત્ર પોતાના

સર્વરૂપે, સર્વ કળા, સર્વ સત્તા અને સર્વ સામર્થ્યયુક્ત હોય છે.

વ્યાપક ઈશ્વર મોટામાં મોટો છે એટલે અનંત બ્રહ્માંડોમાં તે એકજ રૂપે ને અનેક રૂપે વ્યાપી રહ્યો છે અને ઈશ્વર નાનામાં નાનો છે એટલે કે તે કૃપાવંત થઇને એવો નાનો બની જાય છે, કે તે ભક્તના હૃદયમાં પણ સમાઇ જાય છે. એનું સ્વરૂપ અકળ છે અને એનું સામર્થ્ય મનુષ્યની શક્તિની બહાર છે; માટે એમાં ખોટી શંકાઓ નહિ કરતાં દીનતાથી ને વિશ્વાસથી તે સર્વવ્યાપી પ્રભુના ચરણનું શરણ ધરી લેવું, એજ કલ્યાણનો સાચો રસ્તો છે.

૨૮–માફ કરવાને પ્રભુ તો સદા તૈયારજ છે પણ આપણે તેની માફી માગતાં નથી એજ ખામી છે

લુચ્ચો છોકરો જેમ બાપની સામે થઇને બાપનું ઘર તજી દે છે, તેમ આપણે પ્રભુની સામે થઇને–પ્રભુના હુકમોનું અપમાન કરીને એટલે કે આપણા ધર્મની આજ્ઞાઓ તોડીને, પ્રભુની કૃપામાંથી આપણી મૂર્ખાઈથીજ આપણે નીકળી જઇએ છીએ ! પણ બાપનું ઘર છોડી ભાગી ગયેલો છોકરો જો પાછળથી પસ્તાઇને પોતાની ચાલ સુધારે અને બાપની માફી માગે, તો ભલો બાપ તેને પોછો ઘરમાં લે છે અને પોતાની મિલકત તેને આપે છે. તેમજ જો આપણે પણ આપણાથી થઈ ગયેલાં પાપો માટે ખરા દિલથી પશ્ચાત્તાપ કરીએ તથા એ પાપનું પ્રાયશ્ચિત્ત કરીએ; એટલે કે તેને બદલે રૂડાં કામો કરીએ અને ભગવદ્આશરાનું બળ રાખી દીનતાથી દયાળુ પ્રભુની માફી માગીએ તો તે સર્વશક્તિમાન પ્રભુ આપણને પોતાના શરણમાં લેવાને અને આપણી ઉપર ખાસ વિશેષ કૃપા કરવાને સદાસર્વદા તૈયાર છે, એક પળનો પણ તેને વિલંબ નથી. ઢીલ માત્ર આપણીજ છે. તેનાં સ્વર્ગનાંને મોક્ષનાં બારણાં તો આપણે માટે જ્યારે જોઇએ ત્યારે ખુલ્લાંજ છે; એટલુંજ નહિ પણ મહાત્માઓ કહે છે કે, સ્વર્ગને બારણાંજ નથી; તે તો ચાર દિશાઓ, ચાર ખૂણાઓ અને ઉપર તથા નીચે એમ દશે દિશાએથી સર્વને માટે ખુલ્લુંજ છે. મહાન પ્રભુની જીવો ઉપર એવી અનંત દયા છે કે ત્યાં જાતિ નથી, ત્યાં ધર્મ નથી, ત્યાં વર્ણ નથી, ત્યાં આશ્રમ નથી, ત્યાં ઊંચનીચપણું નથી, ત્યાં ગરીબાઈ કે મોટાઈ જોવાતી નથી, ત્યાં ગોરી કે કાળી ચામડી જોવાતી નથી, ત્યાં પંડિતાઇ કે મૂર્ખાઇ જોવાતી નથી અને ત્યાં પ્રભુના

સર્વદા ખુલ્લા રહેલા સ્વર્ગમાં લેભાગુ ગુરુઓ કે ટીલાંટપકાં જોવાતાં નથી; પણ ત્યાં તો ભગવદ્દઆશરાનું બળ અને પ્રભુપ્રેમજ જોવાય છે. જેનામાં પ્રભુપ્રેમ વધારે હોય, દીનતા વધારે હોય અને ભગવદ્દઆશરાનું બળ વધારે હોય, તે સીધી રીતે ઝપાટાબંધ સ્વર્ગમાં ને પ્રભુની હજૂરમાં જઈશકે છે અને પ્રભુના મહાન વૈભવો ભોગવી શકે છે. ભાઇઓ ! આ બધું ભક્તિથી અને દયાળુ પ્રભુના પવિત્ર નામથી થાય છે; માટે ખરા જીગરથી પાપની માફી માગો, બૂરી ટેવો સુધારો અને રૂડા થવાની ચાહના રાખો, એટલે સર્વશક્તિમાન ને કૃપાના ભંડાર–પ્રભુ તમારી ઉપર અવશ્ય કૃપા કરશે અને તમને મોટા ભક્ત બનાવી તુરતજ પોતાના શરણમાં લઈ જશે. માટે ઓ ભૂલા પડેલા ભાઇઓ અને બહેનો ! અનંતકાળનાં અખંડ સુખો લૂંટવા માટે મહાન દયાળુ પ્રભુનું શરણ ધરો, પ્રભુનું શરણ ધરો અને ભગવદ્દઆશરાનું બળ રાખતાં શીખો.

૨૯–પ્રભુની દયા તો જુઓ કે જેના વિના ચાલે નહિ તે અનાજ સસ્તું કર્યું અને મોતી મોંઘાં કર્યાં

હીરાનો ભાવ એક એક રતીના સેંકડો રૂપિયા, માણેકનો ભાવ હજારો રૂપિયા, મોતીનો ભાવ પણ તેવોજ, સોનાનો ભાવ પણ એક તોલાના ત્રેવીસ રૂપિયા અને રૂપાનો ભાવ બહુ સસ્તો છે; તોપણ એક તોલાના અગિયાર આના; પણ પ્રભુની દયા તો જુઓ કે જેના વિના ચાલે નહિ તે ઘઉં, બાજરી આજે બહુ મોંઘાં છે તોપણ સવા, દોઢ રૂપિયે મણ, ચોખાના ભાવ ચડેલા હોય તોપણ બે રૂપિયે મણ. ગૌવધથી દૂધ મોંઘું થયેલું છે; તોપણ ગામડાંઓમાં એક આને શેર અને મોટાં શહેરોમાં બે આને શેર. જેના વિના એક દિવસ પણ ચાલે નહિ, તેવું અમૂલ્ય પાણી મફત ! જેના વિના એક ઘડી પણ ચાલે નહિ તે હવા મફત ! જેના વિના કાંઇ પણ કામ થઇ શકે નહિ તે ગરમી–અગ્નિ મફત સૂર્યનારાયણનું તેજ મફત. સમુદ્રમાં ભરતીઓટ ન થાય તો તેનું પાણી ગંધાઇ જાય અને તેથી આખી દુનિયા તેની દુર્ગંધથી દુઃખી થઇ જાય, એ અટકાવવાને માટે માણસોની પાસે શું સાધન છે ? કહો કે કયી રીતે માણસો સમુદ્રમાં ભરતીઓટ કરી શકે ? ભાઇઓ ! આખી દુનિયાના કરતાં સમુદ્ર ત્રણગણો મોટો છે; તેમાં આપણે કયી જાતના સંચાથી ભરતીઓટ કરી શકીએ ? અને

ભરતીઓટ ન થાય, તો એવડા મોટા દરિયાની દુર્ગંધથી આપણા શું હાલ થાય, એ ખ્યાલ તો કરો! એમ ન થાય માટે દયાળુ પ્રભુએ સમુદ્રમાં ભરતીઓટ કરનારો ચંદ્ર આપણને મફત આપ્યો, એ શું તેની દયા ઓછી છે? જેમ સોનું ત્રેવીસ રૂપિયે તોલો વેચાય છે, તેમ જો પાણી ત્રેવીસ રૂપિયે તોલો વેચાતું હોત, તો આપણા શું હાલ થાત? જેમ પાણીદાર હીરાઓ બસો, પાંચસો રૂપિયે રતી વેચાય છે, તેમ જો બસો, પાંચસો રૂપિયે રતી હવા મળતી હોત તો આપણી હયાતી હોત કે? ચાંદી જેમ અગિયાર આને તોલો મળે છે તેમ જો ઘઉં, બાજરી કે ચોખાનો ભાવ અગિયાર આને તોલો હોત તો આપણે જીવી શકત કે? જેમ માણેકમોતીના ભાવ અતિશય મોંઘા છે, તેમ જો આપણે રસોઇ કરવાનાં છાણાં, લાકડાં અને આપણાં કારખાનાં ચલાવવાના કોલસાના ભાવ મોંઘા હોત તો આપણે શું કરત? અને જેમ નીલમ તથા પોખરાજની અછત છે, તેમ જો આપણાં ઘરો બાંધવા માટેનાં ઈંટચૂનાની અછત હોત તો આપણે શું કરી શકત? આપણને જરૂરની ચીજો સસ્તી છે, એ મહાન દયાળુ પ્રભુની ખાસ કૃપાનુંજ ફળ છે. ખાવાનું અનાજ સસ્તું, લૂગડાં બનાવવા માટેનું રૂ સસ્તું, બાળવાનાં લાકડાં સસ્તાં, ઘર બાંધવાનાં સાધનો સસ્તાં, ગાયો સસ્તી, ઘાસચારો સસ્તો, હવાપાણી ને પ્રકાશ મફત અને હીરામોતી મોંઘાં, એ પ્રભુની દયા નહિ કે? જો આવી અગત્યની ચીજો મોંઘી કરી હોત તો આપણે કેટલી બધી મુશ્કેલીઓમાં આવી પડત અને કેવા દુઃખી થાત? પણ એમ ન થયું એજ પ્રભુની બલિહારી છે.

આવી રીતે દરેક ચીજમાં પ્રભુની દયા અનુભવવાથી એની મેળેજ પ્રભુનો ઉપકાર માનવાની આપણી વૃત્તિ જાગૃત થાય છે, તેથી આપણામાં દીનતા આવતી જાય છે અને આપણો પ્રભુપ્રેમ વધતો જાય છે, માટે આપણાં હૃદયમાં ભગવદ્‌આવેશ લાવવા સારૂ અનંત બ્રહ્માંડના નાથ સ્વયંપ્રકાશ અખંડાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ મહાન દયાળુ પ્રભુની દયા જેમ વધારે સમજાય તેમ કરો.

૩૦—સર્વંશક્તિમાન પ્રભુ મહાન દયાળુ છે, માટેજ તેણે ઇન્સાફને પાછળ રાખેલો છે

ભાઇઓ! તમે વિચાર કરો, કે જો પાપીઓની ઉપર પ્રભુ તુરતજ ગુસ્સે થાય તો તેને મારી નાખતાં પ્રભુને શું વાર લાગે

તેમ છે? મહાકાળના પણ કાળ સમર્થ પ્રભુની પાસે પાપીઓને મારી નાખવાનાં હજારો સાધન છે અને એકજ ફટકે પળમાત્રમાં તે લાખો બ્રહ્માંડોનો નાશ કરી શકે તેમ છે. તે ચાહે તો આખી દુનિયાને એક ઘડીમાં આગથી બાળી શકે, તે ચાહે તો જરાક વારમાં સમુદ્ર ઉછાળીને પૃથ્વી ડુબાવી શકે, તે ચાહે તો એક ક્ષણમાં વીજળીથી સત્યાનાશ કાઢી શકે, તે ધારે તો અતિ વરસાદથી દુનિયા ફના કરી શકે, તે ધારે તો ભયંકર દુકાળથી લોકોને દુઃખી કરી શકે, તે ધારે તો હવા બગાડીને દુનિયાનો નાશ કરી શકે, તે ધારે તો નવા નવા રોગો ઉત્પન્ન કરીને પાપીઓને મારી શકે, તે ધારે તો જ્વાળામુખી પહાડોના ફાટવાથી મુલકો ઉજડ કરી શકે, તે ધારે તો ધરતીકંપના આંચકાથી દુનિયા હલાવી નાખીને ઉથલપાથલ કરી શકે અને તે ધારે તો માણસોની બુદ્ધિ ફેરવી નાખી અંદર અંદર કાપાકાપી કરાવીને સૌનો નાશ કરી શકે. મહાન પ્રભુ પાસે પાપીઓને શિક્ષા કરવાના આવી જાતના હજારો રસ્તા છે; પણ પ્રભુ દયાળુ છે, એટલે તે આપણને તુરતાતુરત શિક્ષા કરવા ચાહતો નથી. માટેજ તે આપણને બચાવી શકે છે અને તેથીજ ઇન્સાફને પાછળ રાખેલો છે; તે એવી ઇચ્છાથી કે હજી પણ વખત છતાં માણસો સુધરે અને પોતાના આત્માના કલ્યાણના રસ્તામાં તથા અનંતકાળના અખંડ સુખના ધામમાં આવે; પણ આપણે પામર જીવો એવા અભાગિયા છીએ, કે સમર્થ પ્રભુની અનંત દયાને આપણે સમજી શકતા નથી અને એ દયાનો લાભ લેવા માટે જે આ રૂડો વખત મળેલો છે, રૂડો ધર્મ મળેલો છે, રૂડા દેશમાં જન્મ મળેલો છે, ભલાં માબાપને પેટે અવતાર મળેલો છે, રૂડા રાજ્યથી ધર્મનું છૂટાપણું મળેલું છે, ઉત્તમ ગુરુઓ મળેલા છે અને આજુબાજુનાં સારાં સાધનો તથા નીરોગી શરીર ને લાંબી જિંદગી મળેલાં છે, એ બધી દયાળુ પ્રભુની અખૂટ દયાજ છે; પણ અફસોસ કે પ્રભુની એટલી બધી દયા છતાં પણ આપણે અપરાધી જીવો તેનો જેવો જોઇએ તેવો લાભ લઈ શકતા નથી ને ઊલટો એ દયાનો માઠો ઉપયોગ કરી રોજ રોજ વધારે પાપમાંજ ફસાતા જઇએ છીએ; પણ ભાઇઓ! યાદ રાખજો કે, પ્રભુને ત્યાં કાંઈ પોપાંબાઇનું રાજ નથી; તે તો આપણો અને આપણા જેવા અગણિત જીવોનો એક પળમાં નાશ કરી શકે તેમ છે; છતાં હજી પણ આપણે સુધરીશું એવી આશાથીજ

પ્રભુ પોતાની દયાને લીધે આપણને બચાવે છે; પણ જો આપણે છેવટ સુધીએ નહિજ સુધરીએ તો પછી યાદ રાખજો કે, જેમ તેની દયા અખૂટ છે તેમજ તેની શિક્ષા પણ ભયંકર છે અને ઇન્સાફનો દિવસ પણ કાંઈ દૂર નથી. માટે ભાઇઓ ! ચેતો, ચેતો અને જેમ બને તેમ કોઇ પણ રસ્તેથી પ્રભુના શરણમાં આવો, પ્રભુના શરણમાં આવો. પ્રભુના શરણ વિના પાપોની ભયંકર શિક્ષામાંથી બચવાનો બીજો કોઈ પણ ઉપાય નથી; માટે જેમ બને તેમ આપણા આચારવિચાર સુધરે, આપણી રહેણીકરણી સુધરે અને આપણું અંતઃકરણ પ્રભુમય થાય તેમ કરો.

૫૬

જોર છે જોર છે જોર છે રે, માથે જમના કિંકરનું જોર છે. (ટેક)
આવશે અચાનક વાર નહિ લાગે, એ તો કાળસ્વરૂપી ચોર છે રે.મા.
સત્સંગ ન કરે ને મનમાં ન ડરે, એને સહાય અંધારૂં ઘોર છે રે. મા.
ખાતાં ને પીતાં સીતારામને ન ભજે, એ તો નર ને નારી ઢોર છે રે.મા.
કહે સખી રામદાસ કોઈ ઓધર્યા, જેને સંત પુરુષની કોર છે રે. મા.

૩૧–મૂંગો ગોળ ખાય તેનો સ્વાદ કેમ કહી શકે ?

મૂંગો માણસ ગોળ ખાય ત્યારે તે તેને મીઠો લાગે અને ફરી ફરી ખાવાની ઇચ્છા થાય; પણ તેનો સ્વાદ તે બીજાઓને કેમ કહી શકે ? કારણ કે તે પોતેજ મૂંગો હોય છે. તેમજ જેઓને પ્રભુના નામની લેહ લાગી છે, જેઓએ ધર્મને અર્થે પોતાની જિંદગી અર્પણ કરેલી છે અને જેઓ પ્રભુમય થઇ ગયેલા છે તેવા અનન્ય ભકતો પણ મૂંગા જેવાજ છે. એ ઈશ્વરી આનંદ તેઓનાં હૃદયમાં એવો જામી ગયેલો હોય છે, કે બસ તેમાંજ તદાકાર થઇને તેઓ મસ્ત પડયા રહે છે. તેઓને ઘણીયે ઇચ્છા થાય છે કે એ મહાસ્વાદ અમે બીજાઓને સમજાવીએ, પણ તેઓ પૂરેપૂરી રીતે. સમજાવી શકતા નથી; કારણ કે ભક્તિનાં સુખડાં ને ભગવદ્આવેશના અલૌકિક લહાવા કાંઇ શબ્દોથી કહી શકાય તેમ નથી. માણસોની ભાષા ઈશ્વરી આનંદનું વર્ણન કરવામાં અપૂર્ણજ છે; એટલે પ્રભુપ્રેમથી ને પ્રભુના આશરાના બળથી અંતરમાં જે સુખ મળે છે, તે કહી બતાવવાની બાબતમાં માણસો મૂંગાજ છે; કારણ કે ત્યાં વેદની વાણી પણ પહોંચી શકતી નથી, ત્યારે આપણી અધૂરી ભાષાની તો વાતજ કયાં રહી ? મૂંગો જેમ પોતે ખાધેલા

ગોળના સ્વાદની વાત ઇસારતથી ને હાવભાવથી સમજાવે છે અને તેમાંથી જેમ ચતુર માણુસો ચેતી જાય છે, તેમ અલૌકિક ઇશ્વરી આનંદની બાબતમાં પણ સમજવાનું છે. ભક્તોનાં હૃદયના મસ્ત ઊભરા, તેઓના ચહેરાની શાંતિ, તેઓની સ્થિરતા, મોટા લાગતા દુનિયાદારીના પદાર્થો ઉપરનો તેઓનો અભાવ, સુખદુઃખમાં તેઓની સમતા, માનાપમાનમાં તેઓની ધીરજ, પ્રભુના પવિત્ર નામની તેઓને લાગી ગયેલી તાળી અને મરતી વખતની તેઓની શાંતિ, એ બધા ઉપરથી ઈશ્વરી આનંદનો આપણે ખ્યાલ કરવો જોઇએ; કારણ કે એ શબ્દોથી કહી શકાય તેવી બાબત નથી. માટે ભાઈઓ! એવો મહાઆનંદ–આનંદોનો આનંદ લૂંટવો હોય તો જેમ બને તેમ પ્રભુપ્રેમ વધે એમ કરો; કારણ કે એ આનંદ કાંઈ વાણીથી કહ્યો જાય તેમ નથી, પણ એ તો અનુભવથી જ જાણી શકાય તેવો છે. માટે એ અલભ્ય લાભ લેવા સારૂ–એ ઈશ્વરી આનંદ ભોગવવા સારૂ ભક્ત બનવાની કોશિશ કરો.

પદ

બોલ મા બોલ મા બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.
સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીંબડો ઘોળ મા રે. રાધા.
હીરા માણેકની ખાણ તજીને, કાચ કથીરીઓ તોળ મા રે. રાધા.
ચાંદા સૂરજનું તેજ તજીને, આગીઆ સંગાથે પ્રીત જોડ મા રે. રાધા.
ગંગા જમનાનું જળ મૂકીને, ખાબોચિયાને ખોળ મા રે. રાધા.
આંબા વૃક્ષની છાંય મેલીને, થોરનું થુંબડું ઢોલ મા રે. રાધા.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, અમૃત ઢોળીને વિખ ઘોળમા રે.

૩૨–હીરાની કિંમત તો ઝવેરીજ સમજે તેમ પ્રભુના પવિત્ર નામની કિંમત પણ ભકતોજ સમજે છે

એક માણુસ કોઈ સાધુ પાસે ગયો અને તેને કહ્યું કે, "મહારાજ! મને ગુરુમંત્ર આપો." ત્યારે તે સાધુએ વિચાર કર્યો કે આ માણુસ અધિકારી છે કે નહિ, એ પ્રથમ તપાસવું જોઇએ; કારણ કે અધિકાર વિના સારી ચીજનો પણ માઠો ઉપયોગ થઇ જાય છે. માટે પ્રથમ શિષ્યની લાયકાત તપાસવી જોઇએ, તેથી ગુરુએ કહ્યું કે, "બચ્ચા! ગુરુમંત્રના એક હજાર રૂપિયા પડશે."

તે માણુસે કહ્યું કે, "મહારાજ! એક મંત્રના એટલા બધા રૂપિયા! કાંઇક ઓછું કરો તો ઠીક; સો રૂપિયા આપીશ."

ગુરુએ કહ્યું કે, "નહિ બેટા! હજાર રૂપિયામાં એક દમડી પણ ઓછી નહિ થાય. તારી મરજી હોય તો આવ."

હજાર રૂપિયા કાઢતાં તે માણસને વસમું તો બહુ લાગ્યું, પણ પૈસાવાળો હતો ને ગુરુમંત્ર જાણવાની ઇચ્છા બહુ હતી, તેથી તે ગામડિયો હજાર રૂપિયાની થેલી ઉપાડી લાવ્યો ને ગુરુના પગ પાસે મૂકી. ત્યારે ગુરુએ તેના કાનમાં કહ્યું કે, "બેટા! રામ રામ બોલ્યા કર." ત્યારે તે શિષ્યે કહ્યું કે, "એમાં તમે નવું શું કહ્યું? એ તો હું પણ જાણું છું." ગુરુએ કહ્યું કે, "બેટા! પ્રભુના નામ સિવાય બીજો કોઇ મંત્ર હું જાણતો નથી ને પ્રભુના નામ સિવાય બીજો કોઇ મંત્ર છે પણ નહિ. ગમે તે દેશમાં ને ગમે તે ધર્મમાં જઇશ, પણ ત્યાં પણ પ્રભુના પવિત્ર નામ સિવાય બીજો કોઇ મંત્ર તને મળવાનો નથી. જગતમાં સાચો મંત્ર તે પ્રભુનું નામ છે." ગુરુની આ સાચી વાત પણ એ વખતે કાંઇ તે શિષ્યને ગળે ઊતરી નહિ, તેને તો એમજ લાગ્યું કે, મહારાજ મને ઠગી ગયા અને મારા હજાર રૂપિયા લઇ ગયા.

એ શિષ્યની ભૂલ બતાવવા તથા તેના મનનું સમાધાન કરવા માટે ગુરુએ તેના હાથમાં એક કીમતી હીરો આપ્યો અને કહ્યું કે, "બેટા! ફૂલગલીમાં ખારવણો શાકભાજી વેચવા બેસે છે ત્યાં જા. તેને આ ચીજ બતાવજે ને સો રૂપિયા કિંમત માગજે, સો રૂપિયા મળે તો આપજે નહિ તો પાછો લાવજે."

શિષ્ય તે હીરો લઇને શાકભાજીની ટોપલીઓ લઇને ખારવણો બેઠી હતી, તેની પાસે ગયો ને કહ્યું કે, 'આ લખોટી મારે વેચવી છે તમારે કોઇને જોઈએ છે?" ત્યારે બે ચાર ખારવણોએ તેને જોઇને કહ્યું કે, "પથ્થર છે તો મઝાનો, પણ આપણે તેને લઇને કાઉં કરીએ?" ત્યારે એક ખારવણે કહ્યું કે, "લાવ લાવ, મારા ખૂંટિયાની ડોકે બાંધીશ." એમ કહીને તે ખારવણ એ હીરાને જોવા લાગી. જોઇને કહ્યું કે, "આ પથ્થરમાં કાણું ક્યાં છે? ખૂંટિયાની ડોકે બંધાય એમ તો નથી. આ તો મારી નાનકીને રમવા થશે. બોલ એનું કાઉં લેશે?" પેલા માણસે કહ્યું કે, "એના સો રૂપિયા." એ સાંભળીને બે ચાર ખારવણો તેના મોઢા સામું જોઈ રહી ને બે ચાર જણી હસી પડી. તેઓને લાગ્યું કે આ દીવાનો છે કે શું? એક પથ્થરની લખોટીના સો રૂપિયા શાના માગે છે? એ પછી તેમાંથી એક બાઇએ કહ્યું કે, "જા, જા, ચાલ્યો જા. ચાલ્યો જા!

નહિ તો પાઘડી ઊડી જશે. ધૂતારો ક્યાંઇનો આવ્યો છે તે ? લખો-ટીના સો રૂપિયા ! કાંઈ લૂંટબૂંટ પડી છે શું ? " ત્યારે બીજી એક બાઇએ કહ્યું કે, "તારી મરજી હોય તો એ લખોટીની ચાર ઝુડી ભાજી આપું." ત્રીજી બોલી કે, "બે રીંગણાં આપું" ચોથી બોલી કે, "ચાર ગાજર આપું," ત્યારે પાંચમી બોલી કે, "ચાર ગાજર જેટલો એમાં માલ ક્યાં છે ?" છઠ્ઠીએ કહ્યું કે, "એને તો સો રૂપિયા લેવા છે. જા, જા, ભાઇ જા ! તારી ભાંગબાંગ ઊતરે ત્યારે આવજે ને જોઇએ તો લખોટીનાં મારી પાસેથી ચાર રીંગણાં લઇ જજે."

શિષ્ય પાછો ગુરુ પાસે ગયો ને કહ્યું કે, "મહારાજ ! આ લખોટીની તો બે ચાર ઝુડી ભાજી મળે છે. મેં સો રૂપિયા કહ્યા ત્યારે ઊલટી મારી મશ્કરી થઇ ને તે કહેવા લાગી કે, પીટ્યો ભાંગબાંગ પીને આવ્યો છે."

મહારાજે કહ્યું કે, "હવે ચણામમરાવાળાની દુકાને લઈ જા ને સો રૂપિયા માગજે." ચણામમરાવાળાએ કહ્યું કે, "મમરા જોઇએ તો એક પાલી, પૌંવા જોઇએ તો એક શેર ને દાળિયા જોઇએ તો બશેરં લઈ જા ને લખોટી આપી જા. છે જરાક ચકચકીત, એટલે જો કોઇ સારૂં ઘરાક આવી જશે તો અમને એમાંથી આનો બે આના મળશે."

શિષ્યે આવીને ગુરુને કહ્યું કે, "મહારાજ ! બે ત્રણ ચણામમરાવાળાએ તો એ લખોટી રાખવાની ના પાડી, પણ એક ભલો દુકાનવાળો મળ્યો, તેણે કહ્યું કે, જોઇએ તો લખોટી મૂકી જા ને પાલી મમરા લઇ જા, એથી વધારે નહિ મળે."

મહારાજે કહ્યું કે, " હવે એ લખોટી લઇને ઝવેરી બજારમાં જા. ત્યાં બે ચાર જણને તે દેખાડજે ને છેવટે જે મળે તે લઇને ચાલ્યો આવજે."

શિષ્યે કહ્યું કે, " મહારાજ ! કાં મફતના ધક્કા પાડો છો ? ઝવેરી વળી શું આપવાના છે ? બે ચાર ઠેકાણે રખડવાથી હવે આશરો તો આવી ગયો છે કે બે ચાર આનાનો માલ છે."

ગુરુએ કહ્યું: "બચ્ચા જો તો ખરો ! એક વખત જઇ તો આવ !"

શિષ્ય ઝવેરીબજારમાં ગયો. ત્યાં એક હોશિયાર ઝવેરી મળી ગયો. તેણે એ હીરો જોયો. જોઇને પરીક્ષા કરીને કહ્યું કે, એની કિંમત દશ હજાર રૂપિયા, જો એ વેચવો હોય તો હમણાં દશ હજાર રોકડા મારી પાસેથી લઇ જા. વેચવાની ઉતાવળ હોય તો

દશ હજાર, બાકી ધીરજ રાખીને લાગ આવે વેચવો હોય, તો વીશ હજાર પણ મળે ને વખતે લાખ પણ મળે. એ તો જેવો ઘરાક. શિષ્ય એ સાંભળીને અજબ થયો અને દશ હજાર રૂપિયા લઇ ગુરુ પાસે આવ્યો."

ગુરુએ કહ્યું: "જોયું બેટા ! એ નો એ હીરો ! એનીજ કિંમત ચાર ઝૂડી ભાજી ભુપ થઇ, એનીજ કિંમત પાલી મમરા પણ થયાને એનીજ કિંમત દશ હજાર રૂપિયા પણ થયા. એવીજ રીતે મહાન પ્રભુના પવિત્ર નામને માટે પણ સમજવાનું છે. જેમ ઝવેરી હીરાની કિંમત સમજે છે, તેમ ખરા ભક્તોજ પ્રભુના નામની અલૌકિક કિંમત સમજી શકે છે. શાકભાજીવાળા જેવા ને ચણા-મમરાવાળા જેવા માયાવાદીઓ કાંઇ પ્રભુના નામસ્મરણરૂપી કૌસ્તુભમણિની કિંમત સમજી શકે નહિ; માટે બેટા ! આજથી યાદ રાખજે કે, પ્રભુરૂપી હીરો મેળવવા સારૂ આખી દુનિયા કુરબાન કરી હોય અને આખી જિંદગી અર્પણ કરી હોય, તોપણ તેમાં કાંઈ મોટી વાત નથી.

"બેટા ! સર્વશક્તિમાન પ્રભુના પવિત્ર નામ ઉપર શ્રદ્ધાથી ને પ્રેમથી તું કાઇ દાનધર્મ કરી શકે છે કે નહિ, એ જાણવા માટે મેં તારી પાસે રૂપિયા માગ્યા હતા. મને કાંઇ તારા રૂપિયાની જરૂર નથી. અહીં તો ઇશ્વરકૃપા છે; માટે તારા રૂપિયા તું પાછા લઈ જા અને પ્રભુના નામને ભૂલીશ નહિ."

શિષ્યે કહ્યું: "ગુરુ મહારાજ ! હજી પણ હીરાને ઓળખ્યા છતાં જો હું શાકભાજીવાળી ખારવણો જેવો બની રહું, તો પછી મારા કરતાં નીચ બીજો કોણ ? માટે હવે તો એ રૂપિયા મારાં દુઃખી ભાઈબહેનોનાં કલ્યાણમાં—ભગવત્સેવામાંજ આપ ખર્ચજો. હવે એ રૂપિયા પાછા લઇને હું રાજી થઈ શકું નહિ. હવે તો બીજા વધારે રૂપિયા પ્રભુના મહાન નામ ઉપર ખર્ચીશ, ત્યારેજ મારા મનને આનંદ થશે અને ત્યારેજ મારા આત્માને સંતોષ થશે. પ્રભુ ! અમોને આવી સદ્બુદ્ધિ આપો."

૩૩—લોભિયાઓના કેવા બૂરા હાલ થાય છે તે વિષે

એક શ્રીમંત હતો. તેની પાસે કરોડો રૂપિયાની દોલત હતી, પણ તે અતિશય લોભિયો હતો. એવડી મોટી દોલત છતાં પણ તે કોઇ દિવસ કાંઇ સુખ ભોગવતો નહોતો કે કોઇને દમડી આપતો

નહોતો; ચમડી તૂટે તે કબૂલ, પણ દમડી ન છૂટે એવા સ્વભાવનો તે હતો. તેણે પોતાના ઘરમાં પાંચ સાત આડાઅવળા ઓરડાઓની વચ્ચે એક ઓરડો બંધાવ્યો અને તેમાં એક મોટી તિજોરી મુકાવી. એ તિજોરીમાં માણસો સૂઇ બેસી શકે એવી તે મોટી હતી, એટલુંજ નહિ પણ તે તિજોરીમાં એવી યુક્તિ હતી કે, બારણું બંધ કરે, એટલે એની મેળે અંદરથી કળ બંધ થઇ જાય. જ્યારે તિજોરી ખોલવી હોય, ત્યારે બહારની બાજુએ ચાવી લગાડવાથી ઊઘડે, પણ અંદરથી ઊઘડે નહિ, એવી તેમાં ગોઠવણ હતી.

એ લોભિયા કરોડપતિનું કામ એજ હતું કે, આખો દિવસ તિજોરીવાળા ઓરડામાં ભરાઇ બેસતો અને તિજોરી ખોલી તેમાંની નોટોનાં બંડલોના થોકડા ગણ્યા કરતો તથા તેને અહીંથી તહીં અને તહીંથી અહીં મૂક્યા કરતો. તેના મનમાં હમેશાં એવી અધીરતા રહેતી હતી કે, આમાંથી કોઇ લઈ ગયું હશે તો? તેથી તે કોઈ દિવસ રોકડા રૂપિયા ગણ્યા કરે, કોઈ દિવસ મોતી ગણ્યા કરે, કોઇ દિવસ સોનામહોરો ગણ્યા કરે, કોઇ દિવસ શેરના ને નોટોનાં સરકારી કાગળિયાંઓ તપાસ્યા કરે અને કોઇ દિવસ એ બધાંને તિજોરીનાં જુદાં જુદાં ખાનામાં જુદી જુદી રીતે ભર્યા કરે. જેમ નાનાં બાળકો લખોટી સાથે અને કોડીઓ સાથે રમ્યા કરે, તેમ તે લોભિયો પોતાની સોનામહોરો સાથે રમ્યા કરતો, એટલુંજ નહિ પણ જેમ ગામડાંની નાની છોકરીઓને રમવાના કાંકરાઓ તેઓની રમત સિવાય બીજા કાંઇ કામમાં આવતા નથી, તેમ એ લોભિયાની નોટોના થોકડાઓ અને સોનામહોરોની થેલીઓ પણ તેને માત્ર જોયા કરવા સિવાય તેના કાંઇ કામમાં આવતી નહોતી; એટલે લોભિયાનું એ ધન કાંકરા જેવુંજ હતું, કારણકે તે તેના અથવા બીજા કોઇના ઉપયોગમાં આવતું નહોતું.

લોભિયાઓમાં એક ખાસ લક્ષણ એ હોય છે કે, તેઓ પોતાનું ધન બીજાઓને દેખાડવા ચાહતા નથી. જેમ બને તેમ તેઓ બીજાઓની નજર આગળથી પોતાના ધનને છુપાવે છે. એક વખત તે લોભિયો પોતાની તિજોરીમાં બેઠો બેઠો નાણાંની ઊથલપાથલ કરતો હતો, એટલામાં નોકરની ભૂલથી કોઈ માણસ તે ઓરડામાં ચાવી ચડ્યો. તે લોભિયાએ જોયું કે, આ માણસ મારૂં ધન જોઇ જશે, તેથી તિજોરીમાં બેઠે બેઠે ઝટપટ તેણે આનંદથી બારણું બંધ કરી દીધું. તે વખતે તેને એમ ધ્યાન ન રહ્યું કે, ચાવી તો

મારી પાસે છે ને બારણું કેમ ઊઘડશે? એ પછી થોડી વારે તે બારણું ખોલવા લાગ્યો, પણ ઊઘડે ક્યાંથી? ઘણી બૂમો પાડે, પણ એવી મોટી તિજોરીમાંથી અવાજ બહાર કેમ પહોંચી શકે? અને તેના ખાનગી ઓરડામાં તેના હુકમ વિના જઇ કોણ શકે? અંતે સાંજ પડી, રાત પડી અને સવાર પડ્યું, પણ તિજોરીનું બારણું ઊઘડે ક્યાંથી? નોકર આમ તેમ દોડ્યા કરે અને પૂછ-પરછ કરે કે, "શેઠ ક્યાં ગયા?" પણ શેઠનો પત્તો ન મળે. રોજ રોજ તિજોરીવાળા ઓરડામાંજ રહેતા અને તિજોરીમાં બેસતા, એટલે એવો શક ક્યાંથી આવે કે, શેઠ તિજોરીમાંજ પુરાઇ ગયા હશે? પાંચ સાત દહાડા થઈ ગયા, પણ ક્યાંય શેઠનો પત્તો ન મળ્યો. કોઈ કહે કે, "શેઠ અર્ધા ચક્રમ જેવા તો પહેલેથીજ હતા, એમના જીવનું ઠેકાણું ક્યાં હતું? આખો દિવસ ધન ધન કરતાં કરતાં ડાગળી ચસકી ગઇ હશે, તેથી ક્યાંય નાસી ગયા હશે!" કોઇએ કહ્યું કે, "શેઠ કોઇને દોઢિયું પરખાવતા નહોતા, માટે કોઈક ઉસ્તાદ તેને મળી ગયો હશે! હમણાં ક્યાંક તેમને પૂરી મૂક્યા હશે, તે જ્યારે નાણાં આપશે, ત્યારે છૂટશે." આવી રીતે સૌ જુદી જુદી અટકળ કરવા લાગ્યા, પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ.

અંતે ઘણા દહાડા પછી તેનાં સગાંવહાલાં તથા વડીલોએ મળી તિજોરી ઉઘાડી, ત્યારે તેમાંથી તે લોભિયાની લાશ નીકળી. ભૂખેતરસે અને હવાઅજવાળા વિના તરફડી તરફડીને તે બિ-ચારો તિજોરીમાંજ મરી ગયો. મરતી વખત તેના હાથમાં નોટનાં બંડલો રહી ગયાં હતાં, તોપણ પ્રભુની હજૂરમાં તો તે ખાલી હાથેજ ગયો હતો; એટલુંજ નહિ પણ અહીં પણ પોતાના લોભને લીધે તે સુખનો દમ લઈ શક્યો નહોતો. ધન કેમ સાચવવું એ ફિકર-માંજ તેની દરેક પળ ગઈ હતી અને તેમ છતાં પણ લોભને લીધે અંતે તેના આવા બૂરા હાલ થયા હતા; માટે ભાઇઓ! જો પ્રભુ-એ આપ્યું હોય, તો પ્રભુને અર્થે, આપણા ગરીબડા દેશને અર્થે અને આપણાં દુખિયારાં ભાઈબહેનોને અર્થે ખર્ચતાં હાથ સંકો-ચશો મા. નહિ તો પાછળથી પસ્તાવું પડશે; કારણ કે ધન કોઇની સાથે ગયું નથી અને જવાનું પણ નથી; માટે નરકમાં જવું પડે એવો લોભ ન થાય એ સંભાળજો?

૩૪–પાપ વિષે

એક શિષ્યે પોતાના ગુરુને પૂછ્યું કે, "મહારાજ ! પાપ એટલે શું?" ગુરુએ કહ્યું કે, "ભગવાનની આજ્ઞા તોડવી, તેનું નામ પાપ, ન કરવા યોગ્ય કામો કે વિચારો કરવાં તેનું નામ પાપ, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે આપણે વર્તન ન કરીએ તેનું નામ પાપ અને ટૂંકામાં અનંત બ્રહ્માંડના નાથની સામે થવું, તેનું નામ પાપ છે."

પાપ એ એવી બૂરી વસ્તુ છે કે જેણે શ્રીભગવાનના પવિત્ર પાર્ષદોને પણ છેક નીચે રાક્ષસી યોનિમાં ઉતારી પાડ્યા હતા.

પોતાના દુશ્મનને, અગ્નિના તણખાને અને પાપને કોઈએ પણ નાનાં સમજવાં નહિ; તેથી તો સદાય ડરતા રહેવું.

કોઈ પણ છોકરો જ્યારે પોતાના બાપનું અપમાન કરે છે, ત્યારે તે બાપને બહુજ માઠું લાગે છે, તેમજ આપણે જ્યારે પાપકર્મ કરીએ છીએ, ત્યારે આપણા પિતા–પરમેશ્વરને આપણે માટે બહુજ દિલગીરી થાય છે; માટે હરિજનોએ સદા પાપથી દૂર રહેતાં શીખવું જોઈએ.

સિંહનું બચ્ચું જ્યારે નાનું હોય, ત્યારે તેને વશ કરી શકાય છે, પણ મોટું થઈ ગયા પછી તેને કાબૂમાં રાખી શકાતું નથી. તેમજ પાપને પણ શરૂઆતથીજ અટકાવવાં જોઈએ. વ્યસનરૂપે થઇ ગયા પછી તે જલદીથી છૂટી શકતાં નથી.

જે આંગળી પર સાપ કરડ્યો હોય, તેને જો તરત કાપી નાખવામાં આવે, તો બચી જવાય છે; પણ જો વાર લાગે તો આખા શરીરમાં તેનું ઝેર ચડી જાય છે ને થોડીજ વારમાં મરણ થાય છે; તેમજ પાપ પણ જેવું અંતરમાં આવ્યું કે તરતજ તેને અટકાવીએ તો અટકાવી શકાય છે, પણ વ્યસનરૂપે થઈ ગયા પછી તો તે નરકમાંજ લઈ જાય છે,માટે હજુ પણ હાથમાં વખત છે,તો ચેતજો.

નાના છોડને માત્ર આંગળીથી ઉખેડીએ, તોપણ તે જમીનમાંથી મૂળ સહિત ઊખડી જાય છે, પણ તેનું મોટું ઝાડ થવા દઈએ, તો પછી તેને હાથથી પણ ઉખેડી શકાતું નથી; તેમજ યાદ રાખજો કે, શરૂઆતમાંજ પાપ અટકી શકે છે, પણ વધી ગયા પછી સહેલાઇથી રોકી શકાતું નથી.

હળાહળ ઝેર ખાઇને કાંઇ જીવી શકાય નહિ, તેમજ પાપ કરીને કોઇ પણ સુખી થઇ શકે નહિ.

કસાયેલું ખાય તેને સારૂં ખાધેલું પણ ઓકી નાખવું પડે

છે, તેમ જે અધર્મથી ધન મેળવે છે, તેનું નીતિથી કમાયેલું ધન પણ જતું રહે છે.

કસાઇનો જાડો બકરો જેમ જલદીથી કપાઇ જાય છે, તેમ ભૂરાં કામ કરીને ધનવાન થતો જીવડો પણ કોઇક દિવસ, તે ગરીબ બિચારા બકરાની પેઠે માર્યો જવાનો છે, એવું જાણીને સૌ હરિજનોએ સદાય પાપથી દૂર રહેવું જોઇએ.

તુંબડાને ગમે એટલું પાણીમાં દાબીએ, પણ તે લાગ મળે ત્યારે ઉપર આવ્યા વિના રહે નહિ,તેમ પાપને ગમે એટલાં છુપાવીએ, તોપણ તે વખત આવ્યે જાહેર થયા વિના રહેવાનાં નથી.

કોઇ પણ વસ્તુને ઊંચેથી નીચે ફેંકી દેવી સહેલ છે, પણ તેને નીચેથી ઉપર લઇ જવી એ મુશ્કેલ છે; તેમજ પાપ કરવું સહેલ છે, પણ પુણ્ય કરવું એજ મુશ્કેલ છે; માટેજ હરિની હજૂરમાં પુણ્યવાનોની કિંમત બહુ મોટી છે અને તેનું ઈનામ પણ મોટું છે; માટે ભાઇઓ! એ મોટું ઇનામ–મોક્ષધામનાં અનંતકાળનાં સુખડાંનું ઇનામ–જો જોઇતું હોય, તો પાપ છોડીને પવિત્ર પ્રભુના શરણમાં જાઓ, પ્રભુના શરણમાં જાઓ.

૩૫–બાપની સાથે મુસાફરી કરનાર છોકરાંને કાંઈ ભાતાની ફિકર હોય નહિ, તેમજ દૃઢ ભગવદ્-આશરો રાખનાર હરિજનને પણ કાંઇ પોતાની ફિકર હોય નહિ

જે નાનાં છોકરાંઓ પોતાના બાપની સાથે મુસાફરી કરતાં હોય, તેઓને પોતાના ભાતાની ફિકર શા માટે કરવી પડે? તેઓને માટે સઘળી તજવીજ તેનો બાપ ખાસ અગાઉથીજ કરી મૂકે છે. શું તમે તમારા બાપની સાથે કોઇ દિવસ ક્યાંય બહારગામ ગયા નથી? ઘણીએ વખત ગયા હશો, પણ કોઇ વખત તમારા બાપે તમને જાણીજોઇને ભૂખે માર્યાં છે કે? નહિજ. જ્યારે આપણો બાપ મનુષ્ય છતાં પણ આપણે માટે એટલી બધી તજવીજ રાખે છે, ત્યારે સમર્થ પિતા–પ્રભુની સાથે જો આપણે મુસાફરી કરીએ, તો આપણી કેટલી બધી સગવડતા સચવાશે એ વિચાર તો કરો! પ્રભુની સાથે મુસાફરી કરવી એટલે પ્રભુને હૃદયમાં રાખવો, પ્રભુનો દૃઢ આશરો રાખવો અને ભગવદ્અર્પણ કરીને દુનિયાદારીનાં દરેક કામો કરવાં, એનું નામ પ્રભુની સાથે

મુસાફરી કરવી એ છે. જેમ બાપની સાથે મુસાફરી કરનાર છોકરાંને ભાતાની ફિકર હોય નહિ, તેમ પ્રભુને સાથે રાખી–પ્રભુને અંતરમાં રાખી–ચાલનાર ભાગ્યશાળી ભક્તને પણ ફિકર હોતી નથી. પ્રભુ પોતે તેની ફિકર કરે છે, પ્રભુ પોતે તેનો રખેવાળ છે અને પ્રભુ પોતેજ તેનો પાલનકર્તા છે, એટલે હરિજનોને પોતાની ફિકર કરવાનું કાંઇ પણ કારણ નથી.

ઇન્દ્રવિજય છંદ

જો દિન તેં ગર્ભવાસ તજ્યો નર, આઇકે આહાર કીયો તબહીકો;
ખાતહી ખાત ભયે ઇતને દિન, જાનત નાંહી ન ભૂખ્યો કહીકો.
દોરત ધાવત પેટ દિખાવત, તું શઠ કીટ સદા અન્નહીકો;
સુંદર કયું વિશ્વાસ ન રાખત, સો પ્રભુ વિશ્વ ભરૈ સબહીકો;

૩૬–પ્રભુ ઉપરનો વિશ્વાસ

ઇશ્વર પાલનકર્તા છે અને ઇશ્વર સર્વવ્યાપી છે, એમ સમજવાથી ઇશ્વર ઉપરનો આપણો વિશ્વાસ વધે છે અને યાદ રાખજો કે, વિશ્વાસ એજ ધર્મનું જીવન છે, વિશ્વાસ એજ જિંદગીનું તત્ત્વ છે, વિશ્વાસ એજ સ્વર્ગની ચાવી છે અને પ્રભુ ઉપરનો વિશ્વાસ એજ મોક્ષનો રસ્તો છે. અકળ પ્રભુની જો કોઇ પણ રીતે કળ મળતી હોય, તો તે વિશ્વાસથીજ મળે છે. જે પ્રભુને મન, વાણી કે બુદ્ધિ પહોંચી શકતાં નથી, તે મહાન પ્રભુને વિશ્વાસથી પકડી શકાય છે. જે વ્યાપક પ્રભુ અનંત જગતમાં પણ સમાતો નથી, તે મહાન પ્રભુ વિશ્વાસથી ભક્તના હૃદયમાં સમાઇ જાય છે અને અનંત બ્રહ્માંડનો નાથ મહાન પ્રભુ કે જે ઋષિમુનિઓથી ને દેવ-દાનવથી પણ જાણ્યો જતો નથી, તે અખંડાનંદ પ્રભુને વિશ્વાસની દોરીથી બાંધી શકાય છે. વિશ્વાસ એવી અલૌકિક વસ્તુ છે; માટે પ્રભુ ઉપરના વિશ્વાસને–પ્રભુપ્રેમને આપણાં જીવનનું તત્ત્વ બનાવો.

ભાઇઓ ! જે ઝાડની ઓથે બેસે છે, તેને પણ છાંયો મળે છે, ત્યારે ઇશ્વરને આશરે રહેવાથી–દૃઢ ભગવદ્ આશરો રાખવાથી કેટલું બધું મળી શકશે એ વિચાર તો કરો ! ઝાડ તો જડ છે, પણ તેમ છતાં તેની ઓથે બેસવાથી શીતળ પવન ને શાંતિદાયક છાંયડો મળે છે, ત્યારે અખિલ બ્રહ્માંડના નાથ દયાળુ પ્રભુને આશરે રહેવાથી કેટલું બધું અલૌકિક સુખ મળશે એ વિચારો તો ખરા ! એ અલૌકિક સુખની કિંમત તો હરિજનોજ સમજી શકે છે.

કોઈ સારા માણુસને આશરે રહ્યા હોઈએ, તો તે પણ પોતાની યથાશક્તિ મદદ કરી છૂટે છે, ત્યારે સર્વશક્તિમાન ઈશ્વર કે જે રૂડામાં રૂડો, ભલામાં ભલો, મોટામાં મોટો, દયાળુમાં દયાળુ અને હરિજનોની પાછળ પાછળ ફરનારો છે, એવા કૃપાના સાગર વિશ્વંભરનાથને શરણે જવાથી કેટલો બધો આનંદ મળશે, કેટલી બધી શાંતિ મળશે અને કેટલી બધી જિંદગીની સાર્થકતા થઈ જશે, એ તો વિચારી જુઓ!

૩૭—બધા વિના ચાલશે, પણ વિશ્વાસ વિના ચાલવાનું નથી

જે વહાણુને લંગર નાખેલું હોય છે, તેને બહુ હાલકડોલક થવું પડતું નથી, તેમજ જે માણુસ ભગવાનમાં દૃઢ આશરો રાખે છે, તેને પણુ આ સુખદુઃખથી ભરેલા સંસારમાં બહુ હેરાન થવું પડતું નથી. લંગર વિનાનું વહાણુ જેમ ઘડીકમાં આગળ અને ઘડીકમાં પાછળ પડી જાય છે તથા ઊંચે નીચે પછડાયા કરે છે, તેમ જે પ્રભુ ઉપર વિશ્વાસ રાખતા નથી, તે અવિશ્વાસી જનો પણુ દુનિયાનાં સુખદુઃખથી હાલકડોલક થયા કરે છે અને જન્મ-મરણુના ફેરામાં આગળ પાછળ પડ્યા કરે છે. એથી બચવાનો સલામત ઉપાય એજ છે કે, ભગવદ્આશરાનું લંગર નાખી દેવું. પ્રભુ ઉપરના વિશ્વાસ વિના—પ્રભુપ્રેમ વિના આ જગતમાં ક્યાંય પણુ શાંતિ મળી શકે તેમ નથી; માટે ભાઈઓ! જેમ બને તેમ પ્રભુ ઉપરની તમારી આસ્થા દૃઢ થાય તેમ કરો.

ઓ અવિશ્વાસી માણુસો! શું તમને સર્વવ્યાપી, સર્વશક્તિમાન પાલનહાર પ્રભુ ઉપર વિશ્વાસ નથી આવતો? વિચારો તો ખરા કે, કોઈ સારો માણુસ પણુ આપણી મજૂરી ડુબાવતો નથી, ત્યારે અનંત બ્રહ્માંડનો નાથ, કૃપાનો ભંડાર પ્રભુ આપણી ભક્તિની મહેનત કેમ ડુબાવશે? ધર્મને અર્થે, પરમાર્થને અર્થે કે પ્રભુને અર્થે કરેલી આપણી મહેનત કદી પણુ વ્યર્થ જવાની નથી, માટે ફોગટના અવિશ્વાસી નહિ બનતાં જેમ બને તેમ દૃઢ ભગવદ્-આશરાનું બળ રાખતાં શીખો; કારણુ કે વિશ્વાસ વિના જે કાંઈ કરવું તે સર્વ ફોગટ છે.

તપ, દાન, સેવા, યોગ, ભક્તિ, જ્ઞાન વગેરે ઘણાં સાધનો છે, પણુ વિશ્વાસ વિના એ એકે સાધન કામનું નથી. વિશ્વાસ વિના

એકે સાધન પૂરેપૂરૂં થઇ શકેજ નહિ અને કદી થોડું ઘણું થાય, તોપણ તે ખરેખરૂં ફળ આપી શકેજ નહિ; માટે બધાં સાધનો જેને આધારે છે, એવો વિશ્વાસ એજ પ્રભુના દરવાજા ખોલવાની ચાવી છે. પ્રભુએ શ્રીગીતામાં પણ કહેલું છે કે,

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥
(अ. ४. श्लो. ४०)

અર્થાત્ અજ્ઞાની, શ્રદ્ધા વગરના તથા સંશયવાળા નાશ પામે છે; તેમાં પણ સંશયવાળાનો તો આ લોક પણ બગડે છે, પરલોક પણ બગડે છે અને તેને સુખ પણ મળતું નથી.

વળી પણ કહ્યું છે કે,

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥
(अ. १७. श्लो. २८)

અર્થાત્ હે અર્જુન! શ્રદ્ધા વિના જે હોમેલું હોય, દાન કરેલું હોય, તપ કરેલું હોય અથવા બીજું જે કાંઇ કર્મ કરેલું હોય, તે સર્વ અસત્ કહેવાય છે; કારણ કે શ્રદ્ધા વિના જે કરેલું હોય, તેનું આ લોકમાં કે પરલોકમાં ફળ મળતું નથી.

ભાઇઓ! પ્રભુએ વિશ્વાસને આટલું બધું વજન આપ્યું છે, તેનું શું કારણ છે, એ તમે જાણો છો? એનું કારણ એજ છે કે, બધા વિના ચાલશે, પણ વિશ્વાસ વિના ચાલવાનું નથી; માટે જેમ બને તેમ પ્રભુ ઉપરનો વિશ્વાસ વધે તેમ કરો.

૫૬

દુસરો કોન સુખદાઇ,શ્યામબિન દુસરો કોન સુખદાઇ રે. (ટેક)
ધીરજતા ધ્રુવકી ઉર ધારી, અવિચલપદ દીયો આઈ રે;
ઝૂડે જબહી પકડ્યો ગજકું, છીનમેં લીયો છોડાઇ રે. દુ૦ ૧
પ્રહ્લાદકી અતિ પીડા પિછાની, પ્રગટ ભયે થંભમાંહી રે;
હિરણ્યકશિપુ માર્યો હરિએ, નરસિંહ રૂપ બનાઇ રે. દુ૦ ૨
પાંડવકું લાખાગૃહમેંસેં, જાકે લીઓ બચાઇ રે;
પાંચાલીકે ચીર પૂરનકું, ધીર તજી આયે ધાઇ રે. દુ૦ ૩
જ્યાં જ્યાં ભીડ પડે ભક્તનકું, ત્યાં ત્યાં હોત સહાઇ રે;
દયાનંદકો નાથ દયાળુ, ભજો ભાવ ઉર લાઇ રે. દુ૦ ૪

૩૮–બધા અક્ષરો જાણ્યા વિના જેમ પુસ્તક વંચાય નહિ, તેમ ધર્મના બધા નિયમો પાળ્યા વિના મોક્ષ થાય નહિ

ક, ખ, ગ, વગેરે બત્રીસ અક્ષરમાંથી કોઈ માણસ ચાર પાંચ અક્ષર ન શીખે અને એમ વિચારે કે, મેં સત્તાવીસ અક્ષર તો શીખી લીધા, હવે પાંચ અક્ષર ન આવડે, તો એમાં શી મોટી વાત છે? પણ એમ કાંઇ ચાલે નહિ; કારણ કે જ્યાંસુધી એક અક્ષર છોડી દઇએ, ત્યાંસુધી પૂરૂં ભણ્યા કહેવાઈએ નહિ અને ત્યાંસુધી એટલું અધૂરું ભણેલું કાંઇ બહુ કામમાં પણ આવે નહિ; જેમકે આપણે સત્તાવીસ અક્ષર જાણતા હોઇએ, પણ વચમાંથી જ, ન, પ, મ ને સ અથવા એવાજ બીજા કોઈ અક્ષર ન જાણતા હોઇએ, તો એ સત્તાવીસ અક્ષર જાણેલા શું કામના? કારણ કે બધા અક્ષરો જાણ્યા વિના આપણે કાંઈ કાગળ કે પુસ્તક તો વાંચી શકીએ નહિ. હવે વિચાર કરો કે, આપણી ભાષાના સત્તાવીસ અક્ષર જાણનાર પાસે કોઈ બાઈ પોતાનો કાગળ વંચાવવા આવે,તો તે શું વાંચી આપે? એ પોતે પોતાના મનમાં એમ ફાંકો રાખે કે, હું સત્તાવીસ અક્ષર જાણું છું ને માત્ર પાંચજ અક્ષર નથી જાણતો, પણ જ્યાંસુધી એ બાકી રહી ગયેલા પાંચ અક્ષર ન જાણે, ત્યાંસુધી એ સત્તાવીસ અક્ષર પણ તેને ખરેખરા ઉપયોગી થઇ શકે નહિ; તેમજ ધર્મની બાબતમાં પણ સમજવાનું છે. આપણે ગમે તેમ પોલ ચલાવીએ છીએ અને થોડું ઘણું જાણીને બહુ જાણી ગયા હોઇએ એવા મિજાજમાં ફરીએ છીએ, પણ યાદ રાખજો કે, જ્યાંસુધી મહાન પ્રભુના બધા હુકમો બરાબર રીતે સત્યતાથી ન પાળીએ, ત્યાંસુધી કાંઈ જન્મમરણના ફેરામાંથી છૂટીએ નહિ અને ત્યાંસુધી કાંઇ હરિની હજૂરમાં અનંતકાળના અખંડ આનંદમાં જઈ શકીએ નહિ; માટે ભાઇઓ! સર્વશક્તિમાન સર્વજ્ઞ પ્રભુના પવિત્ર હુકમો સારી રીતે પળાય અને ઉત્તમમાં ઉત્તમ રીતે જિંદગી ગાળી શકાય, તેવી રીતે ધર્મના બધા નિયમો પ્રેમપૂર્વક પાળવાની તજવીજ કરો.

૩૯–પ્રભુ આપણાં મોટાંનાનાં કે હલકાંભારે કામોને નહિ પણ આપણી આધીનતાને જુએ છે

એક શેઠને ત્યાં બે નોકર હતા. તેમાં એક નોકર ઘણું વધારે કામ કરતો હતો, પણ શેઠની ઇચ્છા પ્રમાણે તે ચાલતો નહોતો,

તેથી તે પોતાના શેઠની મહેરબાની મેળવી શકતો નહોતો. બીજો નોકર ઘણું ઓછું કામ કરતો હતો, પણ તે પોતાના શેઠની મરજી પ્રમાણે ચાલતો હતો, તેથી તે થોડું કામ કરવા છતાં પણ શેઠનો વહાલો હતો; કારણ કે તે શેઠ કામને નહિ પણ આધીનતાને જોતો હતો. તેમજ મહાન પ્રભુ પણ માત્ર મોટાં કામોને નહિ પણ આપણી આધીનતાને જુએ છે; એટલે જેનામાં વધારે આધીનતા હોય—વધારે દાસપણું હોય, વધારે ભક્તિભાવ હોય, તે થોડું કે નાનું કામ કરવા છતાં પણ પ્રભુનો કૃપાપાત્ર થઈ જાય છે.

શેઠની ઇચ્છા પ્રમાણે નહિ ચાલનાર નોકર જો કે ઘણું વધારે કામ કરતો હતો, તોપણ તે પોતાના શેઠની પ્રીતિ મેળવી શકતો નહોતો; કારણ કે તે પોતાના કામની મગરૂરીમાં હતો, પણ શેઠ તો પોતાની ઇચ્છા મુજબ થયેલું જોવા ચાહતો હતો, એટલે વધારે કામ કરવા છતાં પણ શેઠની ઇચ્છા મુજબ ન ચાલવાથી તે નોકર શેઠની મહેરબાની મેળવી શક્યો નહિ; તેમજ પ્રભુને માટે પણ આપણે સમજવાનું છે. પ્રભુ આપણી પાસે માત્ર ઘણાં કામો અને મોટાં કામોજ નથી માગતો, પણ તેની ઇચ્છાને આપણે તન-મનધનથી આધીન થઈએ, એટલુંજ તે આપણી પાસેથી માગે છે. માટે વરસોનાં વરસો લાગે અને તોપણ સિદ્ધ થાય કે નહિ એવો મહાન યોગ, કઠિન તપ, ખર્ચાળુ યજ્ઞો અને આડંબરવાળાં વિધિ-નિષેધનાં લફરાંવાળાં સેંકડો પ્રકારનાં કર્મોની જાળને છોડી જો ડાહ્યા હો, તો સહેલામાં સહેલો રસ્તો પકડી લો. એ સહેલામાં સહેલો રસ્તો એજ છે કે, પ્રભુની ઇચ્છાને આધીન થઈ જવું, એટલે કે સર્વાત્મભાવથી પ્રભુને શરણ થઈ જવું અને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવું. જો એમ થઈ શકે તો ગમે તેવી સ્થિતિમાં રહ્યા છતાં પણ પ્રભુના કૃપાપાત્ર થઈ શકાય છે. શ્રીકૃષ્ણ ભગવાને પણ શ્રીગીતામાં કહેલું છે કે,

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

(અ. ૧૮. શ્લો. ૬૨)

અર્થાત્ હે અર્જુન ! સર્વભાવથી પ્રભુનેજ શરણે જા, એટલે તેની કૃપાથી તું પરમ શાંતિને તથા અચળ સ્થાનને પામીશ.

૪૦–સૌથી મોટામાં મોટો દુર્ગુણ અભિમાન છે, તે ઈશ્વરેચ્છાને આધીન થઇએ ત્યારેજ જાય છે

આપણે જોઇએ છીએ કે, માણસો ધન છોડી શકે છે, ઘર છોડી શકે છે, વાડી–વજીફા છોડી શકે છે, બાયડીછોકરાં છોડી શકે છે; નાતજાત છોડી શકે છે, દેશવેષ છોડી શકે છે; પોતાની વહાલામાં વહાલી ચીજો છોડી શકે છે, રાજ્ય છોડી શકે છે અને પોતાનો દેહ પણ છોડી શકે છે; પણ માણસો અભિમાનને છોડી શકતાં નથી. બધુંય છોડયા છતાં પણ કોઇને કોઇ રૂપમાં માણસોમાં અભિમાન તો રહીજ જાય છે. કોઇનેતપનું અભિમાન હોય છે, કોઇને જ્ઞાનનું અભિમાન હોય છે, કોઇને ધર્મનું અભિમાન હોય છે, કોઇને પોતાના વર્ણનું કે આશ્રમનું અભિમાન હોય છે, કોઇને પોતાના સ્થાનનું કે ગુરુનું અભિમાન હોય છે, કોઇને શાસ્ત્રોનું અભિમાન હોય છે, કોઇને પોતે કાંઇ મોટાં કામો કરેલાં હોય તેનું અભિમાન હોય છે, કોઇને પોતાના સાધુપણાનું અભિમાન હોય છે અને કોઇને ઉંમરનું, દેશનું કે કાળનું અભિમાન હોય છે. જે ત્યાગીઓ કહેવાય છે,તેઓને પણ આવી રીતે કોઇ ને કોઈ પ્રકારનું પણ અભિમાન હોય છે, ત્યારે સંસારીઓની તો વાતજ શી કરવી? આવી રીતે અભિમાન એ સૌથી મોટામાં મોટો દુર્ગુણ છે અને તે બીજા બધા દુર્ગુણો ગયા છતાં પણ રહી જાય એવો ખરાબ છે; માટેજ શાસ્ત્રો તથા મહાત્માઓ કહે છે કે, "અહંભાવ છોડ્યા વિના મુક્તિ મળી શકે નહિ; પોતાનું પોતાપણું છોડ્યા વિના એટલે કે સર્વાત્મભાવથી ઈશ્વરને શરણ થયા વિના ઈશ્વરને જાણી શકાય નહિ."

ભાઇઓ! ઈશ્વરનો ઠરાવ તો આવો છે, પણ આપણે ઉપર જોઇ ગયા કે, અભિમાન છૂટવું એ તો બહુજ મુશ્કેલ છે; કારણ કે જ્ઞાનીઓને જ્ઞાનનું અભિમાન હોય છે, સંન્યાસીઓને ત્યાગનું અભિમાન હોય છે, કર્મ કરનારાઓને કર્મનું અભિમાન હોય છે, ગુરુઓને ગુરુપણાનું અભિમાન હોય છે અને ઉપાસકોને ઉપાસનાનું અભિમાન હોય છે. તેઓ બધાયે રૂડા છે, પ્રભુના રસ્તામાં છે અને પ્રભુના પ્રીતિપાત્ર તથા આપણે પગે લાગવા યોગ્ય છે; તોપણ તેઓ ચોક્કસ પ્રકારના અભિમાનને છોડી શકતા નથી એટલા નિર્બળ છે, પણ જે સર્વાત્મભાવથી પ્રભુને શરણ થઇ ભગવદ્દઇચ્છાને આધીન થઇ જાય છે, તેનાં તો સર્વ પ્રકારનાં અભિમાન

એની મેળેજ છૂટી જાય છે, પ્રભુના શરણના બળથી તથા દીનતાપૂર્વક આધીનતાના બળથી એટલે કે દાસાનુદાસપણાના ભાવથી તેનામાં કોઈ પણ પ્રકારનું અભિમાન રહી શકતું નથી અને માણસોએ પોતાનો અહંભાવ છોડી દેવો એજ પ્રભુને વહાલામાં વહાલું છે. માટે સર્વ પ્રકારના ભક્તો કરતાં જે ભગવદ્દઇચ્છાને આધીન થઈ શકે તેજ શ્રેષ્ઠ ભક્ત છે અને જે ધર્મ પ્રભુની ઇચ્છાને આધીન થતાં શીખવે, તેજ ઉત્તમમાં ઉત્તમ ધર્મ છે; માટે ભાઇઓ! ભગવદ્દઇચ્છાને આધીન થઇને ઉત્તમમાં ઉત્તમ ધર્મમાં આવો અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભક્ત બનો, એજ જિંદગીની સાર્થકતા છે.

૪૧–આપણને સત્સંગનો રંગ ઘણો વખત રહેતો નથી, માટે રોજ રોજ સત્સંગમાં જવાની જરૂર છે

નાહવા સારૂ આપણે પાણીમાં ઊતરીએ એટલો વખત આપણે ભીંજાયેલા રહીએ છીએ; પણ જ્યારે નાહીને પાણીથી બહાર નીકળીએ, ત્યારે પાછા કોરા બની જઇએ છીએ; તેમજ જેટલો વખત આપણે સત્સંગમાં રહીએ તેટલો વખત આપણા આચારો ને વિચારો પ્રભુમય રહી શકે છે, પણ જ્યારે સત્સંગ છોડી દઇએ છીએ, ત્યારે પાછા અસલના જેવાજ સૂકા ટાટ થઇ જઇએ છીએ, કારણ કે આપણે સત્સંગમાં બહુજ થોડો વખત ગાળીએ છીએ અને વ્યવહારની કૂથલીમાં અતિશય વખત ગાળીએ છીએ. તેથી સત્સંગના ઉપદેશ કરતાં દુનિયાદારીના મોહના સંસ્કાર આપણાં મનમાં વધારે ભરાઇ ગયેલા હોય છે; એટલે એ જામી ગયેલા જૂના સંસ્કારો પાસે ઘડીવારના સત્સંગના ઉપદેશનું કાંઇ વળતું નથી. માટે વૈષ્ણવજનોએ તો બહુ ભાવ રાખીને પૂર્ણ પ્રેમથી હમેશાં સત્સંગમાં મચ્યા રહેવું જોઇએ; કારણ કે સત્સંગથી પ્રભુપ્રેમ વધે છે અને ભગવદ્દસ્વરૂપની ઓળખાણ થાય છે; એથી આપણી જિંદગી સુધરે છે ને એથી આ પારન પામી શકાય, એવો ભવસાગર તરી શકાય છે. માટે ભાઇઓ અને બહેનો! જેમ બને તેમ સત્સંગમાં પ્રેમ રાખતાં શીખો, સત્સંગમાં પ્રેમ રાખતાં શીખો.

૪૨–ઘડિયાળને જેમ ચાવી આપવાની જરૂર છે, તેમ જીવને સત્સંગની જરૂર છે

ઘડિયાળને ચાલુ રાખવા માટે વારંવાર ચાવી આપવી પડે છે. જો વખતસર ચાવી ન અપાય, તો તે બંધ પડી જાય છે; તેમ

આપણાં મનને પણ વારંવાર સત્સંગની જરૂર છે. જો મનને સત્સંગમાં ન રોકીએ, તો તે અવળે રસ્તે ચડી જાય છે. જેમ ઘડિયાળને આપેલી ચાવી ઘણા દહાડા સુધી રહેતી નથી, તેમ આપણાં મનમાં ઉપદેશની અસર પણ ઘણા દહાડા સુધી રહેતી નથી; માટે જેમ ઘડિયાળને ચાલુ રાખવા સારૂ દરરોજ ચાવી આપવી પડે છે, તેમ આપણાં મનને ઉચ્ચ ભાવનાઓમાં અને પરમાત્મામાં જોડેલું રાખવા સારૂ દરરોજ બની શકે તે પ્રમાણે સત્સંગમાં વખત ગાળવો જોઇએ; કારણ કે જેમ ઘડિયાળ ચાવીના જોરેજ ચાલે છે અને ચાવી વિના બંધ પડી જાય છે, તેમ આપણું મન પણ સત્સંગ વિના બગડી જાય છે. સત્સંગના બળથીજ આપણું મન ઈશ્વિરમય થઇ શકે છે; માટે ભાઇઓ! જો ડાહ્યા હો તો, સત્સંગમાં જવાની કોઈ પણ તક જતી મૂકશો નહિ.

પદ

તારા ખોટા છે ખારવા વહાણના જો,
બેડી બૂડી માયાની મોહજાળમાં જો. તારા૦ ૧
સઢ તૂટશે ને દાંડો તારો ભાગશે જો,
તુંને ઝાઝું જોખમ ઘણું લાગશે જો. તારા૦ ૨
મધ્ય દરિયામાં વહાણ તારૂં બૂડશે જો,
તારૂં કાચી કાયાનું વહાણ તૂટશે જો. તારા૦ ૩
આ જૂઠી તે જાણ તારી દેહડી જો,
કેમ તરશે તે તારી જાતડી જો. તારા૦ ૪
દાસ ધીરો ભગત એમ બોલીયા જો,
કે તરશે હરિજનના ટેલિયા જો. તારા૦ ૫

૪૩–એક સાધુએ સમજાવેલો દોલતનો અર્થ

એક ગરીબ માણસ હતો. તે અર્ધો ભક્ત જેવો હતો; પણ પૈસા મેળવવાની થોડી ઇચ્છા તેના મનમાં રહી ગઇ હતી, તેથી તે સાધુઓ પાસે જતો, ગાંજાતંબાકુની ચલમો ભરી આપતો અને જ્યારે પછી એ લોકો પોતાની લહેરમાં આવીને ઠંડા પહોરના ગપાટા હાંકે ને રસાયણ તથા કીમિયાની વાતો કરે, ત્યારે પોતે ખુશી થઇને હામાં હા મિલાવતો હતો. એમ કરતાં કરતાં એક વખત કોઈ ભલો સાધુ આવી ચડ્યો. તેની પાસે પણ એ માણસે નાણાં સંબંધી પોતાનાં દુઃખની વાતો કહી અને કહ્યું કે, “મહારાજ! તમારા જેવા મહાત્માઓના પ્રતાપથી ગુજરાન તો

ચાલ્યું જાય છે, પણ હજી સુધી કાંઇ પૈસાવાળો થયો નહિ. હવે તો એક તડાકે દોલત મળી જાય એવું કાંઈક કરો; કાંઇક આંકફરક કે છક્કો પંજો બતાવી દો, તો કામ થાય.”

મહારાજે વિચાર્યું કે,આ માણસ છે તો ભલો, પણ અજ્ઞાનથી બિચારો લોભમાં પડી ગયેલો છે અને આ મૂર્ખાઓ ચાંદીસોનું બનાવવાની વાતો કહીને ઊલટો તેને ભમાવે છે. માટે તેને કાંઇક સમજાવવો જોઇએ; એમ વિચારીને મહારાજે કહ્યું કે, “ બેટા! તુમકુ કયા ચઇએ?” તે માણસે કહ્યું કે, “દોલત.” મહારાજે પૂછ્યું:–“દોલતનો અર્થ શું?” તેણે કહ્યું: “પૈસા.” મહારાજે કહ્યું કે,“ નહિ, અમારા ગુરુએ અમને એનો જુદો અર્થ શીખવેલો છે.” તે માણસે કહ્યું કે, “ દોલતનો વળી બીજો અર્થ શું?” મહારાજે કહ્યું કે, “દો એટલે બે અને લત એટલે લાત; બે લાત ખાવી તેનું નામ દોલત. બેટા! પૈસા જ્યારે આવે છે, ત્યારે કયે ઠેકાણે બે લાત વાગે છે, એની તને ખબર છે? આવતી વખત છાતીમાં ને માથામાં તે લાત મારે છે, તેથી દોલતવાળા–છાતી કાઢીને ચાલે છે; કારણ કે લાત વાગવાથી તેઓની છાતી ઊંચી ને ઊંચી રહે છે ને માથું પણ અક્કડ અને અક્કડ રહે છે. એ પણ કોઇ પાસે નમતું નથી; એટલુંજ નહિ પણ પૈસા જાય છે, ત્યારે પણ બે લાત મારીને જાય છે, જતી વખત એક લાત કેડમાં ને બીજી લાત ડોકી ઉપર મારે છે, તેથી જેનું નાણું જાય તેની કેડનો કાંટો ભાગી જાય છે અને તેની ગરદન ઝૂકી પડે છે. એ પછી તે કોઈની સામે ઊંચે મોંએ જોઈ શકતો નથી. આવી રીતે લક્ષ્મી આવે ત્યારે પણ લાતો ખાવાની છે ને જાય ત્યારે પણ લાતો ખાવાની છે. એ લાતોમાંથી બચવા સારૂ બાવા થઇને ઘરબાર બાળીને અમે તીર્થ કરવા નીકળ્યા છીએ. હવે અમારી પાસે દોલત ક્યાંથી? દોલતને જો અમારી પાસે રાખવી હોય, તો ઘરબાર શું કરવા છોડીએ? ને બાવા શું કરવા થઇએ? બેટા! આજથી યાદ રાખજે કે, સાધુઓની પાસે દોલત માગવા જવું, એ પાપમાં પડવા જેવું અને તેઓને પાપમાં નાખવા જેવું કામ છે; એટલુંજ નહિ પણ જે સાધુઓ કીમિયાની અને આંકફરકની વાતો કરી મોહમાં ફસાયેલા જીવોને વધારે મોહમાં ડુબાવે,તેઓ પણ પ્રભુના ઘરના અપરાધી છે. તને પ્રભુ રોટલી આપે છે, ત્યારે શા માટે દો–લત ખાવા–બે લાત ખાવા જાય છે? કુબેરનો ભંડાર ને ઇન્દ્રનું

ઇન્દ્રાસન મળે, તોપણ જીવને તૃપ્તિ થતી નથી, કારણ કે લોભને થોભ નથી, માટે બેટા! સત્ય વસ્તુને પકડ ને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહે."

૪૪–ઈશ્વરને સર્વવ્યાપક સમજવાથી પાપથી બચી શકાય છે

એક માણુસ કોઇ સાધુ પાસે ગયો અને તેને કહ્યું કે," મહારાજ! મને તમારો ચેલો બનાવો." અસલના વખતમાં એવી રીત હતી કે, પરીક્ષા કર્યા પછી લાયક માણુસનેજ સાધુ પોતાનો શિષ્ય બનાવતા હતા. હાલના મતવાદીઓની પેઠે અસલના સાધુઓ ગમે તેને ચેલાચેલી બનાવતા નહોતા, કે ઘોડિયામાં પોઢતાં બાળકોના કાન ફૂંકતા નહોતા; પણુ લાયક અધિકારીઓનેજ તેઓની શક્તિ પ્રમાણે તેઓનાથી જીરવાય એટલોજ ઉપદેશ આપતા હતા.

શિષ્ય થવા આવનાર માણુસની પરીક્ષા કરવા માટે તે સાધુએ કહ્યું કે, "આ કબૂતર લઇ જા અને કોઇ પણુ ન દેખે એવે ઠેકાણે તેને મારીને લાવ, એ પછી તને ગુરુમંત્ર આપીશ."

તે માણુસ ત્યાંથી કબૂતરને લઇને ચાલી નીકળ્યો. ત્યાર પછી રસ્તામાં તેને વિચાર થયો કે, આવા ભલા સાધુને આવી માઠી બુદ્ધિ કેમ સૂઝી હશે? આ નિર્દોષ કબૂતરે એનું શું બગાડયું હશે કે, એને મારી નાખવાનું કહ્યું? મારાથી એ પાપનું કામ કેમ બની શકશે? એમ વિચાર કરતો કરતો તે એકાંત જંગલમાં ગયો.

જંગલમાં જઇને આજુબાજુ જોવા લાગ્યો, ત્યાં કોઇ માણુસ દેખાયું નહિ, પણુ એક પંખી નજરે પડયું; એટલે ત્યાંથી પણુ જરા વધારે દૂર ગયો. ત્યાં પંખી પણુ નહોતું, પણુ જમીન ઉપર કીડીઓ ફરતી હતી. ત્યાંથી પણુ થોડે દૂર ગયો, ત્યાં કીડીઓ નહોતી, પણુ ઝાડની ડાળીઓ હાલતી હતી અને જાણે કબૂતરને મારવા ના પાડતી હોય તેવી દેખાતી હતી. ત્યાંથી આગળ ઉજ્જડ મેદાનમાં જ્યાં ઝાડ પણુ નહોતું ત્યાં ગયો અને કબૂતરને મારવા વિચાર કરે છે એટલામાં આકાશ તરફ જોતાં સૂરજ નજરે પડ્યો, ત્યારે તેણે વિચાર કર્યો કે, મહારાજે તો એમ કહ્યું છે કે, જ્યાં કોઇ પણુ ન દેખે ત્યાં મારવું; પણુ જ્યાં મારા પાપને કોઇ પણુ ન દેખે એવી જગ્યા તો છેજ નહિ, માટે હું તો આને મારીશ નહિ. એમ વિચારીને તે સાધુ પાસે પાછો ગયો અને કહ્યું કે, "મહા-

રાજ! લો આ તમારૂં કબૂતર. શિષ્ય ન બનાવો તો તમારી મરજી, પણ મારાથી કાંઇ એને મરાશે નહિ; કારણ કે તમે કહ્યું છે કે, કોઇ ન દેખે ત્યાં એને મારવું; પણ કોઈ ન દેખે એવી દુનિયામાં જગ્યાજ કયાં છે? બહુજ એકાંતમાં કે જ્યાં કોઇ પણ જીવજંતુ કે ઝાડપાન પણ ન હોય, ત્યાં પણ પૃથ્વી દેખે છે, દિવસ હોય તો સૂરજ દેખે છે, રાત્રી હોય તો ચંદ્ર ને તારા દેખે છે અને કદી અંધારું હોય, તોપણ આપણે જેને મારીએ તેનો જીવ દેખે છે, આપણો આત્મા દેખે છે અને આખી દુનિયાની કુલ વાતો જાણનાર સર્વજ્ઞ પરમાત્મા દેખે છે; માટે મારાથી એને મારવાનું બનશે નહિ. ”

એ સાંભળીને તે સાધુએ કહ્યું કે, “ શાબાશ બેટા! તું હરિની હજૂરમાં જવાને લાયક છે. હવે ઈશ્વરીજ્ઞાનના દરવાજા તારે માટે ખુલ્લા છે. જે એવી રીતે પ્રભુનું સર્વવ્યાપકપણું સમજે, તે પાપથી બચી શકે છે. તારી પરીક્ષાને માટેજ મેં આ ઉપાય લીધો હતો. જો એ પક્ષીને તેં મારી નાખ્યું હોત, તો હું તને મારા આશ્રમમાં ઊભો રહેવા દેત નહિ, કારણ કે જે એકાંત સમજીને નાનું પાપ કરે, તે બીજું મોટું પાપ નહિ કરે, એની શું ખાતરી? બેટા! આ દાખલાથી ધ્યાનમાં રાખજે કે, આપણાં પાપ છુપાવી શકાય એવી આ દુનિયામાં કોઈ પણ જગ્યા નથી; માટે કદી જરા પણ પાપ ન થાય ને સદાય સર્વશક્તિમાન ઈશ્વરનું સ્મરણ થયા કરે એમ કરો.”

૪૫–પ્રભુને આપણી ઇચ્છા આપવાથી સર્વસ્વ આપી દેવાય છે

પ્રભુ કહે છે કે, “તમારી પાસેથી મારે બીજી કોઇ ચીજ જોઇતી નથી, માત્ર તમારી ઇચ્છા મારે જોઇએ છે. તમારી ઇચ્છા મળી, એટલે મને સર્વ મળી ચૂકયું; કારણકે દરેક ચીજોનો તમારી ઇચ્છામાં સમાવેશ થઇ જાય છે; પણ જો તમે તમારી ઇચ્છા ન આપો અને બીજાં ઘણાંએ કર્મો કરો તો એ કર્મો કાંઈ વિસાતમાં નથી, માટે તમારે જો મને રાજી કરવો હોય, તો તમારી ઇચ્છા મને સોંપી દેવી જોઇએ અને તમારે તો એવાજ બની જવું જોઈએ કે, ‘મારી દોરી તમારે હાથજી.’ ”

પ્રભુને પામવાનો ભક્તિમાર્ગનો એ સહેલામાં સહેલો રસ્તો છે; માટે ભાઇઓ! બીજાં લાંબાં લાબાં લફરાંઓ છોડીને જેમ બને તેમ પ્રભુની ઇચ્છાને આધીન થવાની કોશિશ કરો અને

યાદ રાખજો કે, પ્રભુને શરણે જવાથીજ પ્રભુની ઇચ્છાને આધીન થઈ શકાય છે.

૪૬–પ્રભુને આપણી ઇચ્છાઓ આપી દેવાથી બધું કેમ આપી દેવાય છે, તેનો ખુલાસો

આપણે દેવપૂજા કરીએ તેમાં માત્ર ફૂલ કે જળજ આપી શકીએ છીએ, નારિયેળ કે સાકર આપી શકીએ છીએ અને વસ્ત્રાભૂષણ કે સામગ્રીજ અર્પણ કરી શકીએ છીએ. કદી કોઈ બહુ વધારે કરે, તો થોડાં વ્રતઉપવાસ કરી શકે છે, કોઈ તીર્થસ્નાન કરી શકે છે, કોઇ પ્રભુનાં ગુણગાન કરી શકે છે, કોઇ દાન આપી શકે છે, કોઇ યજ્ઞ કરી શકે છે, કોઈ જીવોને બચાવી શકે છે, કોઈ ગરીબોને મદદ કરી શકે છે, કોઇ યોગ સાધે છે, કોઈ વેદનો પાઠ કરે છે, કોઈ મંદિરો બંધાવે છે, કોઈ બ્રહ્મચર્ય પાળે છે, કોઈ સદાવ્રત આપે છે, કોઈ સંન્યાસ લે છે, કોઈ ઠાકોરજીની સેવા કરે છે, કોઈ વિદ્યાદાન આપે છે, કોઇ ભગવાનના ભક્તોને મદદ કરે છે અને કોઈ ગુરુઓની સેવા કરે છે. એ બધા ઉત્તમ ધર્મ છે; પણ એવા તો બીજા સેંકડો ધર્મો છે અને તે બધા કાંઈ દરેક માણસથી પાળી શકાય નહિ. માણસ બહુ બહુ કરે તો એ હજારો ધર્મમાંથી એકબે, પાંચ દશ, કે પચીશપચાસ ધર્મો કદાચ કોઈ મહાયોગી પાળી શકે; પણ બધી રીતે પૂરેપૂરા એ હજારો ધર્મો પળાવાજ અશક્ય છે; કારણ કે આપણે જોઇએ છીએ કે, જે બ્રહ્મચર્ય પાળે છે, તેઓ ક્રોધને કે ગાંજાતમાકુને છોડતા નથી; જેઓ સંન્યાસી થાય છે, તેઓ ભ્રાતૃભાવને સમજતા નથી; જેઓ ઉપવાસ કરે છે, તેઓ વેદ ભણતા નથી; જેઓ જીવને બચાવે છે, તેઓ મનને મારતા નથી; જેઓ ગુરુઓને માને છે, તેઓ પરધર્મીઓની નિંદા કરે છે; જેઓ સમાનભાવને તોડી પવિત્રતાને ખાતર આભડછેટ ને અસ્પર્શ પાળે છે, તેઓ પોતાને ઊંચા સમજે છે ને બીજાઓને હલકા સમજે છે; જેઓ આભડછેટ પાળતા નથી ને સર્વ લોકો સાથે સમાનભાવ રાખે છે, તેઓના આહારવિહાર સારા હોતા નથી. જેઓ દાન આપે છે, તેઓ બ્રહ્મચર્ય પાળી શકતા નથી અને જેઓ મંદિર બંધાવે છે, તેઓ સંન્યાસી થઇ જતા નથી. આવી રીતે દુનિયાની દરેક બાબતોમાં સમજવાનું છે અને તે ઉપરથી શીખવું જોઇએ કે, ખરા ધર્મનો

એક અંશ પણ આપણે પૂરેપૂરો પાળી શકતા નથી. ત્યારે પૂરો ધર્મ પાળવાની તો વાતજ ક્યાં રહી? માટે બહેતર તો એજ છે કે, આપણી ઇચ્છાજ પ્રભુને સોંપી દેવી, એટલે બધું અપાઇ ચૂક્યું; કારણ કે એ બધા ધર્મો ઇચ્છાના છે અને આપણી ઇચ્છાજ આપણે પ્રભુને આપી દીધી, એટલે પછી આપણી પાસે બીજું આપવાનું રહ્યુંજ શું? આપણી પાસે જ્યારે કાંઈ પણ બીજું આપવાનું બાકી નજ રહે, ત્યારેજ પ્રભુ ખુશી થાય છે; કારણ કે સર્વભાવથી સર્વસ્વ અર્પણ કરવું એજ આપણા ઉત્તમ ધર્મનો મહાન સિદ્ધાંત છે અને પ્રભુને પામવાનો એજ સહેલામાં સહેલો રસ્તો છે; માટે ભાઇઓ! જો તમારે ખરૂં અર્પણ કરવું હોય, સત્ય બલિદાન આપવું હોય અને ખરૂં અર્પણ થઈ જવું હોય, તો ખરેખર બીજી બધી માથાકૂટ છોડીને પ્રભુને તમારી ઇચ્છાઓ અર્પણ કરો, એટલે કે હુંપણું છોડીને દાસભાવથી પ્રભુની ઇચ્છાને આધીન થાઓ.

૪૭—જે બીજાંઓની ઉપર દયા રાખે તેઓને માટેજ પ્રભુની દયા છે; જે આવ્યું તે ઓહિયાં કરી જનાર માટે નથી

આપણાં પવિત્ર શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે ખુલ્લી રીતે કહ્યું છે કે, જે અહીં આપણાં ભાઈબહેનો ઉપર તથા બીજાં પ્રાણીઓ ઉપર દયા રાખશે, તેઓ દયાના સાગર, કરુણાના ભંડાર, આનંદના સ્વરૂપ અને પ્રેમના અવતાર મહામંગળકારી પ્રભુની દયા પામશે. જેઓ અહીં પ્રભુના જીવો ઉપર દયા નહિ કરે, તેઓ પ્રભુની દયા પામી શકશે નહિ. આ કાંઈ માત્ર કલ્પિત વાતો નથી, પણ જો આપણે વિચાર કરીએ, તો અહીંજ—આપણી નજર આગળજ—આપણા રોજના અનુભવમાં એ વાત આવી શકે તેમ છે. કોઈ પણ મોટા કે સારા માણસને લો અને જુઓ કે, તેની મોટાઈ તથા તેનું સારાપણું શાથી છે? શા માટે આપણે પરદુઃખભંજન વીર વિક્રમનો સંવત ચલાવીએ છીએ? તેણે દુઃખીઓની ઉપર દયા કરી હતી માટેજ. શા માટે આપણે મહાદાનેશ્વરી કર્ણને યાદ કરીએ છીએ? ગરીબો ઉપરની તેની દયાને માટેજ. શા માટે આપણે શિવાજી મહારાજને વખાણીએ છીએ? દેશની, ધર્મની અને લોકોની સ્થિતિ ઉપર દયા કરીને તેની ઉન્નતિ કરવા અર્થે જોખમ ખેડ્યું માટેજ. શા માટે આપણે સર જમશેદજી જીજીભાઇ

તથા શેઠ ગોકળદાસ તેજપાળને માનથી યાદ કરીએ છીએ? દયાને અર્થે તેઓએ કરેલા પરમાર્થને માટેજ. શા માટે આપણે દાદાભાઈ નવરોજજી તરફ માન ધરાવીએ છીએ? આપણા ગરીબડા દેશ ઉપરની તેઓની દયાને માટેજ; અને શા માટે આપણે પ્રતાપી મહારાણી વિકટોરિયાનું રાજ્ય અમર રહો; એમ કહીએ છીએ? તેઓની દયાળુ રાજનીતિને માટેજ; તથા શા માટે આપણે શ્રીકૃષ્ણ ભગવાનને ભગવાન માનીએ છીએ? તેઓએ દયા કરીને અનેક રસ્તે જીવોને તાર્યા ને નરકમાં પડતા બચાવ્યા માટેજ. આપણા ઉપરની એ દયાને માટેજ આપણે તેમને પ્રભુ સમજીએ છીએ. આવી રીતે કોઈ પણ માણસને કે દેવને લો, તો તેમાં દયા તમને પહેલી દેખાશે. તેઓએ જે જે મોટાં કામો કર્યાં હશે, તે દયાને લીધેજ; એટલુંજ નહિ પણ જ્યારે તેઓનાં હૃદયમાં દયારૂપે પ્રભુ આવ્યા, ત્યારેજ તેઓ મોટાં કામો કરી શક્યા છે; કારણ કે પ્રભુએ કહેલું છે કે, જેઓ દયા કરશે તેઓ દયા પામશે. માટે જો જિંદગીનો સદુપયોગ કરવો હોય, દુનિયામાં ભલા થવું હોય, પ્રભુમય જીવન ગાળવું હોય અને મોક્ષધામનાં સુખ જોઈતાં હોય, તો સર્વશક્તિમાન મહાન પ્રભુની દયા મેળવવા માટે આપણાં ગરીબ ભાઈબહેનો ઉપર પ્રભુને અર્થે દયા કરો.

૪૮–લંગરની સાંકળમાંથી એક પણ અંકોડો તૂટે, તો આગબોટ છૂટી જાય છે, તેમ ધર્મનો એક પણ નિયમ તૂટે, તો મોક્ષમાં જઈ શકાતું નથી

આપણે એમ સમજીએ છીએ કે, કાંઈ ધર્મના બધા નિયમો તે પાળી શકાય? જેટલું પળાય એટલું ઠીક છે, ન પળાય એ રહ્યું, એમાં શું? એ તો એમજ ચાલે. બીજાઓ કાંઈ પણ નથી કરતા, એ કરતાં તો આપણે ઠીક છીએ. એવી રીતે આપણા મનને આપણે વાળીએ છીએ અને આપણી માનસિક નબળાઈનો એવી રીતે આપણે ખોટો બચાવ કરીએ છીએ; પણ યાદ રાખજો કે, એવી રીતે કાંઈ કાંઈ બહાનાં કાઢીને આપણે જે પોલ ચલાવીએ છીએ, તે પોલ કાંઈ પ્રભુના દરબારમાં ચાલી શકે તેમ નથી. અહીં આપણે એમ કહી શકીએ કે, એમાં શું છે? એ તો એમજ ચાલે. વખતે જરા ખોટું પણ બોલવું પડે, વખતે કાંઈ આડાઅવળા જોગમાં આવી ગયા હોઇએ, તો કાંઈ ગડબડ પણ કરવી પડે,

વખતે કોઈને તમાચો પણ મારવો પડે, વખતે કોઇને ગાળ પણ આપવી પડે અને વખતે કાંઈ કાળુંધોળું પણ કરવું પડે, એ તો જેવો વખત. એમ આપણા ઘણાએ ધર્મવાળા ભાઈઓ પણ બોલે છે; પણ શાસ્ત્રો કહે છે કે, પ્રભુના દરબારમાં એમ ચાલવાનું નથી. ત્યાં તો સો ટચનુંજ સોનું જોઇએ. ત્યાં સત્તાણુંનો માલ કામ આવે નહિ. એને માટે મહાત્માઓ દાખલો આપે છે કે, કોઈ મોટી આગબોટનું બહુ મજબૂત સાંકળમાં લંગર નાખેલું હોય, પણ જો એ સાંકળનો માત્ર એકજ અંકોડો તૂટી જાય, તો આગબોટ લંગરમાંથી છટકી જાય છે અને મોટી ખરાબી થઇ જાય છે; તેમજ આપણે ધર્મનાં જે જે કામો કરીએ છીએ, તે બધાં કામો આપણા લંગરના એટલે કે પ્રભુ ઉપરના વિશ્વાસના–ભગવદ્આશરાના એક એક અંકોડારૂપ છે.એમાંથી જો કોઇ પણ અંકોડો તૂટી જાય, એટલે જો આપણાથી કોઇ પણ બૂરું કામ થઇ જાય, તો આગબોટ લંગરમાંથી છટકી જાય અને લંગરમાંથી છટક્યા પછી તોફાનમાં નહિ સપડાય કે ખરાબામાં નહિ અથડાય એની શું ખાતરી? માટે ભાઇઓ! યાદ રાખજો કે,લંગરનો એક અંકોડો તૂટી જાય તે સારૂ આખી આગબોટ જોખમાઈ જાય છે. તેમજ આપણે બહુ ધર્મવાળા હોઇએ, છતાં પણ જો આપણાથી એકાદ બૂરું કામ થઈ જાય, તો આપણા બાર વાગી જાય છે. આપણી આગબોટ–આપણને મળવાનું મોક્ષધામ એ જરાક બુરાઈ સારૂ જોખમમાં આવી પડે છે; માટે ઓ હરિજનો! ધર્મના કામમાં, પ્રભુના રસ્તામાં, આત્માના કલ્યાણમાં જરા પણ બેદરકારી ન રહી જાય, જરા પણ ભૂલ ન થઇ જાય તથા જરા પણ પોલ ન ચલાવાય એ સંભાળજો અને જો કદાચ ભૂલ થઇ ગઇ હોય, અથવા થઇ જતી હોય,તો તે સુધારી લેવાની કોઇ પણ તક જતી કરશો નહિ. એકાદ બે અંકોડા સારૂ આખી આગબોટ ન જોખમાઈ જાય એ સંભાળજો.

૪૯–ગાયભેંસ કે ઘોડાંગધેડાંની પેઠે માણસથી કાંઈ રસ્તા વચ્ચે ઊભાં ઊભાં મૂતરાય નહિ, તેમજ અજ્ઞાનીઓની પેઠે કાંઈ સમજુથી પાપ કરી શકાય નહિ

આપણે જોઇએ છીએ કે, મ્યુનિસિપાલિટીની ઑફિસ પાસે અને ગવર્નરના બંગલા પાસે પણ ઘોડાઓ ઊભા ઊભા મૂતરે છે;

આપણે જોઇએ છીએ કે, દેવનાં મંદિરો પાસે તથા બીજી પવિત્ર જગ્યાઓમાં પણ ઢોરો ગંદકી કરે છે, તોપણ તેઓને એવી ગંદકી કરવાને માટે શિક્ષા થતી નથી; કારણ કે તેઓમાં એ બાબતનું જ્ઞાન નથી; પણ એવી જગ્યાઓમાં કોઈ માણસો એવી રીતે ગંદકી કરે, તો તરત તેને પોલિસ પકડી જાય છે અને મૅજિસ્ટ્રેટ ઘટતી શિક્ષા કરે છે. એ શિક્ષામાં પણ એવા નિયમ છે કે, નાની ઉંમરનું છોકરું હોય તો તેને છોડી દે છે, રોગી હોય તો તેની ઉપર રહેમ કરે છે, કોઈ અજાણ્યો ગામડિયો હોય, તો તેને ઠપકો આપીને છોડી મૂકે છે, કોઇ લફંગાએ જાણીજોઇને એવી બદમાશી કરી હોય તો તેને બાંધીને ફટકા મારે છે અને કોઈ ગરીબ માણસે એવી ગંદકી કરી હોય, તો તેનો રૂપિયો આઠ આના દંડ કરીને જતો કરે છે; પણ જો કોઈ વકીલ બૅરીસ્ટરે કે જસ્ટિસ ઑફ ધી પીસે એવી ભૂલ કરી હોય, તો તેને તો બહુ મોટી શિક્ષા થાય છે; કારણ કે જેમ તેનો દરજ્જો મોટો તેમ તેની શિક્ષા પણ મોટી હોય છે. જેમ માણસોનું જ્ઞાન વધારે તેમ તેની જોખમદારીઓ પણ વધારે હોય છે.

ભાઇઓ ! આપણે પણ હવે સત્સંગમાં ભળીને જેમ જેમ ધર્મસંબંધી વધારે બાબતો જાણતા જઇએ છીએ, તેમ તેમ પાપથી બચવાની હવે આપણી જોખમદારી પણ વધતી જાય છે. જો કે નામદાર સરકારે આપણને જસ્ટીસ ઑફ ધી પીસ નથી બનાવ્યા અને ખરા ભક્તો ચાહીને એવા બહારના માનને ઇચ્છે પણ નહિ, પણ હવે આપણે પ્રભુના તરફથી જસ્ટિસ ઑફ ધી પીસ એટલે કે સુલેહના અમલદાર નિમાઇ ચૂકેલા છીએ. આપણાથી કાંઈ આપણાં ભાઇબહેનો સાથે સુલેહનો ભંગ કરાય નહિ; એટલે કે ઉછીતા કજિયા લેવાય નહિ કે કોઇને વિના કારણે લડાવી મરાય નહિ. ભલે આપણે વકીલની પરીક્ષામાં પાસ નથી થયા, પણ જ્યારથી આપણે આપણાં ધર્મશાસ્ત્રો વાંચ્યાં, ધર્મના મુખ્ય મુખ્ય નિયમો સમજ્યા અને પ્રભુના હુકમો પાળવાનું થોડું ઘણું બળ આવ્યું, એટલે કે જરાતરા હરિજન થયા, ત્યારથી પ્રભુએ આપણને આપણા ધર્મના વકીલ નીમેલા છે. માટે હવે આપણા ધર્મનાં મૂળતત્ત્વો સમજવાં, આપણા પવિત્ર ધર્મની વકીલાત કરવી અને મહાન પ્રભુના કાયદા આપણે પાળવા તથા બીજા પાસે પળાવવા અને ન પાળતા હોય, તેને તે પાળવા માટે

સમજાવવા, એ આપણું કામ છે; કારણ કે જ્યારથી આપણને ધર્મમાં રુચિ થઇ, ત્યારથી પ્રભુએ આપણને ધર્મના વકીલ બનાવ્યા છે. જો કે આપણે કાંઈ બૅરિસ્ટરની પરીક્ષામાં પાસ થયા નથી અને સરકાર તરફથી આપણને કાંઇ બૅરિસ્ટરનો ઝભ્ભો મળેલો નથી; પણ જ્યારથી આપણે જનોઈ લીધી અથવા કંઠી બાંધી, જ્યારથી આપણે શ્રીસદ્ગુરુનું શરણ લીધું, જ્યારથી આપણે આપણા પ્રભુના પવિત્ર મંત્રની દીક્ષા લીધી અને જ્યારથી આપણામાં પ્રભુપ્રેમ પ્રકટ્યો તથા હૃદયમાં ભગવદ્આવેશ આવ્યો, ત્યારથી પ્રભુએ આપણને પોતાના બૅરિસ્ટર નીમેલા છે; માટે જેમ પોતાના અસીલનો બચાવ કરવા માટે બૅરિસ્ટર મહેનત કરે છે, તેમ આપણે આપણાં ભાઇબહેનોને પ્રભુના રસ્તામાં લઇ જવા માટે મહેનત કરવી જોઇએ. સરકારી બૅરિસ્ટરો પોતાના અસીલને જેલમાં જતાં બચાવી લે છે, પણ પ્રભુના બૅરિસ્ટર—ભક્તોએ તો લોકોને નરકમાં જતા બચાવી લેવા જોઇએ. જે બૅરિસ્ટર પોતાના અસીલને બચાવી લે છે, તેના ઝભ્ભાની એટલે કે તેના બૅરિસ્ટરપણાની વાહ વાહ થાય છે, તેમજ જે હરિજનો પોતાનાં ભાઇ બહેનોમાં ધર્મ વધારે, તેનાજ ઝભ્ભાની એટલે કે જનોઇ અથવા તિલકકંઠીની સાર્થકતા થાય છે. માટે ભાઇઓ ! યાદ રાખજો કે, જ્યારથી આપણે હરિજન થયા, ત્યારથી આપણી જોખમદારીઓ વધી છે; જ્યારથી આપણે સંત્સંગમાં ભળ્યા અને જ્યારથી આપણને ધર્મ ઉપર પ્રેમ થયો, ત્યારથી જસ્ટિસ ઑફ ધી પીસનો અને વકીલ બૅરિસ્ટરનો હોદ્દો પ્રભુએ આપણને આપેલો છે. માટે હવે જો આપણે તનથી, મનથી કે ધનથી કાંઈ પણ ગંદકી કરીએ, તો તેની શિક્ષા બહુ મોટી છે; કારણ કે હવે તો આપણે હરિજન થયા છીએ, હવે કાંઇ આપણે મૂર્ખા નથી. જેનામાં અક્કલ નથી એવાં ઘોડાંગધેડાંની ગંદકી મૅજિસ્ટ્રેટ માફ કરે, કાંઈ વકીલ બૅરિસ્ટરની એવી ભૂલ મૅજિસ્ટ્રેટ માફ કરે નહિ; તેમજ દયાળુ ઈશ્વર પણ અજ્ઞાની જીવો ઉપર દયા કરશે, પણ આપણે સમજતાં છતાં જાણીજોઇને પાપ કરીએ તો એ પાપની કાંઈ માફી મળવાની નથી. એની શિક્ષા તો ઊલટી બેવડી છે, કારણ કે હવે તો આપણે પ્રભુના જસ્ટિસ ઑફ ધી પીસ ને વકીલ બૅરિસ્ટર થયા છીએ; માટે જો હવે કાંઈ ભૂલ થાય તો નાનીસૂની શિક્ષાએ છૂટકો થાય તેમ નથી, એ યાદ રાખજો.

૫૦–દરદીની શક્તિ હરી લેનાર ડૉક્ટર જેમ નીચ છે, તેમ જરૂરને વખતે મદદ કરવાને બદલે વધારે વ્યાજ લેનાર શાહુકાર પણ નીચ છે

આ જમાનામાં માણસોનો એવો સ્વભાવ પડી ગયેલો છે કે, જે દબાણમાં આવી ગયો હોય, તેને વધારે દબાવવો, જે તંગીમાં આવી પડ્યો હોય તેની તંગી વધારવી, જે ગરીબીમાં આવી પડ્યો હોય, તેને વધારે ગરીબ કરી નાખવો, જે મુશ્કેલીમાં આવી પડ્યો હોય, તેને ખાડામાં નાખી દેવો અને જે ગરજવંતો હોય, તેની ગરજનો ગેરલાભ લઈ લેવો, એવો ધંધો આપણે સૌ થોડાઘણો માંડી બેઠા છીએ; પણ એમ સમજતા નથી કે, એવી રીતની નીચતા કરવી એ મહાપાપનું કામ છે. આપણા પવિત્ર ધર્મશાસ્ત્રની મારફત મહાન પ્રભુનો આપણને એવો હુકમ છે કે, ગરજવંતાઓને મદદ કરવી, તંગીમાં આવી પડેલાઓને બચાવી લેવા, ગરીબોની વહારે ધાવું, દુઃખીઓને દિલાસો આપવો અને જે પોતાના ધંધારોજગારમાં, પોતાના કામકાજમાં, પોતાના શરીરમાં, પોતાના ધનમાં કે પોતાની બુદ્ધિમાં શક્તિહીન થઇ ગયા હોય, તેઓને એવા ખરે વખતે આપણાથી બની શકે તેટલો ટેકો આપવો. તેને બદલે હાલમાં શું થાય છે, એ તમે ક્યાં નથી જાણતા? દુકાળ પડ્યો કે ઓછી આવક થઈ હોય, તેવાં વર્ષોમાં જ્યારે ખેડૂતોને મદદ આપવી જોઇએ, ત્યારે અમલદારો ખેડૂતોનો સરસામાન હરાજ કરાવીને સરકારનું મહેસૂલ લે છે; નબળાં વર્ષોમાં જ્યારે ગરીબ લોકોને મદદ કરવી જોઇએ, ત્યારે તેને બદલે વેપારીઓ એવે વખતે ઊલટા ચાહીને બેવડાં ચોવડાં વ્યાજ લે છે અને અજ્ઞાન લોકોને દબાવીને મોંઘી કિંમતની વસ્તુઓ તેમની પાસેથી સસ્તા ભાવે ખરીદી લે છે. જેમકે કોઇ મજૂરને તંગીને લીધે પોતાનો કોઇ દાગીનો વેચવો હોય, તો તે દાગીનો સત્તાણું ટચના સોનાનો હોય,તોપણ વેપારી તેને કહે કે, "આ તો છાસિયું સોનું છે,એની તો માંડમાંડ અર્ધી કિંમત ઊપજશે." આવી રીતે જરૂરને વખતે ગેરવાજબી રીતે લોકોને દબાવીને પોતાનું કામ કાઢી લેવું, એ મહાપાપ છે. હાલના આપણા વેપારીઓ એમાં ડહાપણ સમજે છે અને એકબીજાને વાતો કરે છે કે, "ઠીક ઝપાટામાં આવ્યો છે. હવે બરોબર નિચોવાશે. નહિ માને તો જશે

ક્યાં ? હવે આપણે ક્યાં એવા ગાંડા છીએ કે, સહેજમાં જતો કરીએ ? હવે તો જ્યારે આપણું મનમાન્યું થશે, ત્યારેજ એને છોડીશું." આવી રીતે વર્તવું,એ કેવું નીચ કામ છે,એની તમને ખબર છે ? જેમ કોઇ શ્રીમંત માણુસ માંદો પડ્યો હોય, તેને એ વખતે ખૂબ ગભરાવીને તેની પાસેથી વધારે નાણાં કઢાવવા સારૂ તેની શક્તિ હરી લે ને તે વધારે માંદો પડે એવી ખરાબ દવા ઇરાદાપૂર્વક ચાહીને આપે, એ ડૉકટર જેમ મહા નીચ ને મહા પાપી છે, તેમ તંગીને વખતે, ગરજને વખતે, આફતને વખતે લોકોને નીચોવવા અને ભારે ભારે વ્યાજ લેવાં તથા બીજી રીતના ગેરવાજબી લાભ લેઇ લેવા, એ પણ તેવુંજ મહાપાપ છે. માટે ભાઇઓ ! જો હરિજન થવા ચાહતા હો અને મહામંગળકારી પરમપૂજ્ય પવિત્ર પિતાના સત્ય રસ્તામાં આવવા ઇચ્છતા હો, તો પ્રભુ જેમ આપણા ઉપર દયા કરીને ખરે વખતે ઓચિંતો ગમે તે રસ્તે આપણને મદદ કરે છે, તેમ આપણે પણ તંગીમાં આવી પડેલાં આપણાં ભાઇબહેનો ઉપર દયા રાખીને તેઓને ખરે વખતે યથાશક્તિ મદદ કરવી જોઇએ; એવે અણીને વખતે તેઓને નિચોવવાથી, દુઃખીને દિલાસાને બદલે ઊલટું દુઃખ દેવાથી પ્રભુનો કોપ આપણા ઉપર ઊતરે છે. માટે ભાઇઓ ! કાળના પણ કાળ અને ભયના પણ ભય પ્રભુના કોપમાંથી બચવાની ફિકર રાખો અને સર્વશક્તિમાન દેવાધિદેવ પરમકૃપાળુ પરમાત્માની દયા મેળવવા માટે ગરજને વખતે આપણાં ભાઇબહેનો પાસેથી ગેરવાજબી લાભ લઈ લેવાની ઇચ્છા નહિ રાખતાં, એવા ખરે વખતે તેઓની ઉપર દયા રાખી યથાશક્તિ તેઓને મદદ કરો.

૫૧–મોજશોખ સારૂ કરજ કરવું એ મહાપાપ છે

આપણાં શાસ્ત્રનો ઠરાવ છે કે, આપણા ઉપર કોઇનું પણ કરજ રાખવું નહિ; કારણ કે જ્યાંસુધી માથે કરજ હોય, ત્યાંસુધી સ્વર્ગનાં સુખ ભોગવી શકાતાં નથી. આપણા લોકોમાં કહેવત છે કે, "જે આપણી પાસે માગતો હોય,તેનો બેલ બનીને પણ કરજ ચુકાવવું પડશે." આ કહેવત ઉપરથી આપણા બાપદાદાઓ માનતા હતા કે, સાત પેઢી સુધી પણ કરજ ચુકાવ્યા વિના છૂટકો નહિ થાય; તેથી છોકરાંનાં છોકરાંઓ અને તેનાં છોકરાંઓ પણ પોતાના દાદા–પરદાદાનાં કરજ ચુકાવતા હતા. એવી આપણી

લોકોમાં નીતિ હતી, તેથી કરજ કરતાં માણસો બહુ ડરતા હતા અને પોતાની સ્થિતિ પ્રમાણે કરકસરથી રહેતા હતા; પણ આજે તો મુદતના કાયદાઓ થઈ ગયા છે, નાદારી કોર્ટો થઈ ગઈ છે, દેવાળું કાઢવાની શરમ મુકાઈ ગઈ છે, એટલે લોકો કરજ કરતાં ડરતા નથી. આપણી સરકારે મુદતના કાયદાઓ કાઢ્યા છે, પણ યાદ રાખજો કે, પ્રભુને ત્યાં કાંઈ એવી મુદતના કાયદાઓ નથી. ત્રણ વર્ષ ને છ વર્ષ ચાલ્યાં જાય, એટલે અહીં આપણે કાયદાથી બચી શકીએ, પણ છ ભવ ચાલ્યા જાય, તોપણ કરજ ચુકાવ્યા વિના પ્રભુના કાયદામાંથી–કર્મના કાયદામાંથી છટકી શકીએ તેમ નથી. માટે ભાઈઓ ! બહુ મોજશોખ કરતાં જરા સંભાળજો. વિલાયતી બીડીઓ ને વારે વારે ચા પીતાં જરા વિચારજો. ઊંચી કિનારીનાં ધોતિયાં ને બારીક મલમલો વાપરતાં પહેલાં જરા ખીસું તપાસવાની મહેરબાની કરજો. સેંટપોમેડમ ને ઊંચાં બૂટછત્રીઓ વાપરતાં તમારી સ્થિતિ તપાસજો. શરતોમાં જુગાર ખેલતાં અને બાઈસિકલો દોડાવતાં પહેલાં તમારી ચાલુ આવક તપાસજો. ઈશ્કી ટટ્ટુ થઈ મેળાઓમાં ખરીદી કરતાં અને વારે વારે નાટકો જોવા જતાં પહેલાં તમારી ફરજો તપાસજો. નવા નવા મસાલાવાળી પાનપટ્ટીઓ ચાવતાં તથા નવી નવી જાતનાં પીણાંઓ પીતાં પહેલાં તંદુરસ્તીનો વિચાર કરજો. યુરોપિયનોની વાંદરનકલ કરતાં તથા દેખાદેખીના ઉડાઉ ખર્ચો કરતાં પહેલાં તમારા કુળની આબરુ તરફ જોજો. સારૂં લગાડવા સારૂ નાતવરા કરતાં તથા બડેખાં બનવા માટે ફોગટના ઉડાઉ ખરચો કરતાં પહેલાં કરજદાર ન થઈ જવાય એ સંભાળજો; અને ખોટી ખોટી મોટી મોટી આશાઓમાં રહી બાપ મરે બમણા ને ચાચો મરે ચોગણા લખી આપી લાખના બાર હજાર કરતાં પહેલાં કાંઈક જરાતરા વિચાર કરજો.

બહેનો ! તમે પણ લૂગડાંઘરેણાં સારૂ સાસરિયાં સાથે કજિયા કરતાં પહેલાં વિચારજો. આણાં પરિયાણાં વખતે ભાઈબાપ સાથે કરિયાવર માટે ખેંચતાણ કરતાં પહેલાં તેમનું ગજું તપાસજો. તમારી સુંદર સાડીઓની ઝલકદાર કોરો અને તમારી ચોળીઓનાં ફેશનેબલ ફૂમતાંઓ સારૂ ધણીનું લોહી ન પિવાય એ સંભાળજો. તમારાં છોકરાંઓને માટે ઝીકનાં ને જરીનાં કોટપાટલૂન બનાવવા સારૂ તમારા વરને કરજ કરવું ન પડે, એ તપાસજો. રોજરોજ બદલાતી નવી નવી ફેશનની બંગડીઓ અને નવી નવી

ફેશનનાં કપડાંઓ પહેરી પરીઓ જેવાં થઈને ફરતાં પહેલાં ધણી-ની આબરુ ન જાય, એ વિચાર કરજો. અર્ધું અંગ ઉઘાડું દેખાય એવી બારીક ફુમાશનાં કપડાંઓ અને નાટકી ડ્રેસની નકલ કરી સાવળિંગાની પેઠે ચટકમટક ચાલતાં પહેલાં તમારા કુળની આબરુ તરફ જોજો. ઘરમાં હિંડોળાખાટ ઉપર હીંચકા ખાતાં ખાતાં અને સહિયરો સાથે રમતગમતની વાતો કરતાં કરતાં મનમાં મોજ-શોખના જે જે તરંગો ઊઠે, તેને પોતાની સ્થિતિ વિચારીને કાબૂ-માં રાખતાં શીખજો. ઘરમાં નવરાં બેસી રહી ગામગપાટા હાંકતાં ને સગાંવહાલાંની નિંદા કરતાં જરા વરની પણ દયા ખાજો. તદ્દન તેનીજ ઉપર નહિ પડતાં ભરવાગૂંથવાનું કે લખવાવાંચવાનું શીખી તેને કાંઈ મદદગાર થઇ પડાય તેમ કરજો. અને ઉપરછલા મોજ-શોખ સારૂ તથા જરાક લટકોમટકો કરવા સારૂ ગેરવાજબી રીતે નાતવરા કરી ધણીને કરજમાં નાખી નરકની ટિકિટ અપાવતા પહેલાં પ્રભુને ખાતર કાંઇક વિચાર કરજો; કારણ કે કરજ મહા બૂરું છે અને આપણે ત્યાં મુદતના કાયદાઓ તથા નાદારીની કોર્ટો છે, પણ હરિની હજૂરમાં ઇન્સાફને વખતે કાંઈ નાદારી લઇ આપ-ણાથી દેવાળું કાઢી શકાય તેમ નથી અને જમદૂતની પાસે કાંઈ મુદતના કાયદાઓ નથી; માટે ભાઇઓ અને બહેનો! મોજશોખ સારૂ કરજ કરી નરકની ટિકિટ લેતા પહેલાં તમારા આત્માને અર્થે અને સર્વશક્તિમાન મહાન પ્રભુને અર્થે કાંઇક જરાતરા પણ વિચાર કરજો.

પદ

હાલ ઘૂમે છે પણ પસ્તાવો અંતે થશે રે,
જો નહિ ચેતશે રે. (ટેક)
ક્યાંથી આવ્યો ને શા માટે? ક્યાં જવું ને કયી વાટે?
એનો કદી વિચાર કર્યો નહિ હશે રે. હાલ૦ ૧
હાલ ગમે તેમ માની લે તું, એવું મન અંતે નથી રે'તું;
થરથરીશ જવ મૃત્યુને તું દેખશે રે. હાલ૦ ૨
જવુંજ પડશે જાણીશ જ્યારે, અનેક તર્ક ઊઠશે ત્યારે;
કષ્ટ થશે તે હાલ નહિ મનમાં વસેરે હાલ૦ ૩
ભવિષ્યના ઉર વિચાર થાશે, એ દુઃખ કેમે નહિ સહેવાશે;
ઉપાય એકે તારે હાથ નહિ હશે રે. હાલ૦ ૪
અનંતનું માની લે વહાલા, ભજ શ્રીગોવિંદા ગોપાલા;
કાલાવાલા કર્યાં નહિ ઠાલા જશે રે. હાલ૦ ૫

૫૨-પ્રભુના સ્મરણ માટે માળા ફેરવવી, એ પ્રભુને પામવાની સીડી છે અને તેના મણકા તે એ સીડીનું એક એક પગથિયું છે

હાલના વખતમાં ભક્તિથી રહિત શુષ્ક હૃદયના કેટલાક લોકો કહે છે કે, માળા ફેરવવાથી શું વળે? એ તો વખત ગુમાવવાનું છે ને નવરાનો ધંધો છે. એમ રામ રામ કર્યે કાંઈ કલ્યાણ થઇ જાય નહિ.

ભાઇઓ! આવી વાતો સાંભળીને તમે નામસ્મરણ છોડી દેશો નહિ; પણ મહાન પવિત્ર પ્રભુના મંગળકારી નામમાં કેવો અલૌકિક આનંદ છે અને તે માટે ભક્તો શું કહે છે, એ સાંભળવાની પણ જરા મહેરબાની કરજો; એમને એમ ઉતાવળા થઇને એક બાજુ જોઇનેજ પરમ કલ્યાણકારી પ્રભુના પવિત્ર નામસ્મરણમાં અશ્રદ્ધા કરશો નહિ.

મહાત્માઓ કહે છે કે, મહામંગળકારી પરમ કૃપાળુ પ્રભુના પવિત્ર નામની શુદ્ધ હૃદયથી માળા ફેરવવી, એ આપણા કલ્યાણનો સહેલામાં સહેલો ને સાચામાં સાચો રસ્તો છે; કારણ કે પ્રભુને પામવાના રસ્તામાં માળા એ સીડી છે અને તેના દરેક મણકા તે એ સીડીનું એક એક પગથિયું છે. ભાઇઓ! સમજ્યા? માળા એ સ્વર્ગની નિસરણી છે અને તેના દરેક મણકા એટલે કે પ્રભુનું એકે એક પવિત્ર નામ એ તેનાં પગથિયાં છે. માટે જો સ્વર્ગનાં અલૌકિક સુખડાં ભોગવવાં હોય અને સર્વવ્યાપક સચ્ચિદાનંદ અનંતકાળના અખંડ આનંદ ભોગવવા હોય, તો મહાન પ્રભુના પવિત્ર નામનું પૂર્ણ પ્રેમથી હમેશાં સ્મરણ કરવું જોઇએ. પ્રભુના નામસ્મરણમાં નથી એક પાઇનું પણ ખર્ચ કે નથી કાંઇ સખ્ત મહેનત. એ તો સૌ લોકોથી કોઈ પણ કાળમાં, કોઈ પણ દેશમાં અને ગમે તે ધર્મમાં રહીને પણ બની શકે તેમ છે; એટલુંજ નહિ પણ પ્રભુએ તો એમ પણ કહેલું છે કે, "મારાં લાખો નામ છે, તેમાંથી તમને ગમે તે નામે મારું સ્મરણ કરો." અમુકજ નામ લેવું જોઇએ, એવો કાંઇ પ્રભુનો આગ્રહ નથી. માટે મતભેદની જાળમાં નહિ પડતાં કોઇ પણ નામે પ્રભુનું સ્મરણ કરો અને એ સ્મરણમાં કાંઇ પણ નિયમ રહી શકે તથા ગણતરી રહી શકે, માટે પ્રેમપૂર્વક પ્રભુના પવિત્ર નામની માળા ફેરવો; કારણ કે યાદ

રાખજો કે, તમારે માળાનાં લાકડાં કે પથ્થર સામું જોવાનું નથી, પણ કલ્યાણકારી પ્રભુના મંગળ નામ તરફ જોવાનું છે. માટે માળાને સ્વર્ગની નિસરણી અને તેના મણકાને એ નિસરણીનું એક એક પગથિયું સમજજો અને જેમ એ પગથિયાં વધારે ચડાય, તેમ ઈશ્વરની વધારે નજીક જવાય છે, એમ ખાતરી રાખજો.

૫૩–આ વખતમાં પ્રભુનું નામસ્મરણજ મુખ્ય સાધન છે

કળિયુગમાં માળા એ મુખ્ય સાધન છે; કારણ કે હાલના જમાનામાં બીજાં કઠણ સાધનો બની શકતાં નથી. હાલના વખતમાં આપણી તબિયત નાજુક થઇ ગઇ છે. આપણા અસલી આચાર વિચાર બદલાતા જાય છે. રાજ્ય બદલાઈ ગયાં છે. ધર્મમાં ઘણા ઘણા મતભેદ અને ઘણા ઘણા પંથો થયા છે. આપણે નવી પ્રજાઓના સહવાસમાં આવ્યા છીએ અને તેઓના જુદીજ જાતના આચાર વિચાર પણ કાંઈક કાંઈક આપણામાં આવતા જાય છે. આપણા અસલી ધર્મની સંસ્કૃત ભાષા હાલમાં ચાલતી નથી અને આપણને નિશાળોમાંને કૉલેજોમાં જે ભણવાનું મળે છે, તે પણ હાલના જમાનાના રંગઢંગ પ્રમાણેનું હોય છે, એટલે હાલમાં આપણે હઠયોગની ક્રિયાઓ કરી શકીએ તેમ નથી. આપણે રાજસૂય યજ્ઞ કે સોમયાગ કરી શકીએ તેમ નથી, આપણે પંચાગ્નિની ધૂણીઓ તાપી શકીએ તેમ નથી, આપણે કૃચ્છ્રચાંદ્રાયણવ્રત કરી શકીએ તેમ નથી, આપણે પગે ચાલીને તીર્થ કરી શકીએ તેમ નથી, આપણે પૂરેપૂરા યમનિયમ પાળી શકીએ તેમ નથી, આપણે મહાત્મા બૌદ્ધની પેઠે ત્યાગી થઇ શકીએ તેમ નથી, આપણે જનક વિદેહીની પેઠે ઈશ્વરપરાયણ થઇ શકીએ તેમ નથી, આપણે મીરાંબાઇ કે સુરદાસની પેઠે અનન્ય ભક્તિ કરી શકીએ તેમ નથી, આપણે ભક્તરાજ નરસિંહ મહેતાની પેઠે છેક ઢેડની સાથે પણ અભેદ રાખી શકીએ તેમ નથી અને આપણી પ્રપંચી વૃત્તિને મહાત્મા શંકરાચાર્યનું અદ્વૈતજ્ઞાન પણ રુચે એમ નથી; માટે હાલમાં તો આપણે માટે ખરેખરૂં એકજ સાધન છે અને તે પરમ કૃપાળુ પ્રભુનું નામસ્મરણ છે. સાજાં–માંદાં, નાનાં–મોટાં, ગરીબ-તવંગર, મૂર્ખ–પંડિત ને દેશી કે પરદેશી સૌથી સૌ ઠેકાણે તે બની શકે તેમ છે, માટે ઋષિમુનિઓ અને સાધુસંતો કહી ગયા

છે કે, આ જમાનામાં નામસ્મરણુ એ મુખ્ય ધર્મ છે, એ સિવાયના જે બીજા ધર્મો છે, તે જેમનાથી બની શકે તેમને માટે છે; પણુ કલ્યાણુકારી પ્રભુના પવિત્ર નામનું મંગળસ્મરણુ એ તો ખાસ સૌને માટે છે. એમાં ઉંમરને બાધ નથી, દેશને બાધ નથી, કાળને બાધ નથી, નાતજાતને બાધ નથી, ધર્મને બાધ નથી, રાજ્યને બાધ નથી, સ્રીપુરુષને બાધ નથી અને એમાં કાંઈ ખાસ મહેનત કે ખર્ચની બાબત નથી, એટલે બાળકથી વૃદ્ધ સુધી સૌ લોકોમાં પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી વગર હરકતે ચાલી શકે એવો તે સહેલો ધર્મ છે, માટેજ ઊંડા તત્ત્વજ્ઞાનથી ભરેલાં આપણાં શાસ્રોએ પ્રભુના નામસ્મરણુને ઉત્તમ ધર્મ માનેલો છે અને આખી પૃથ્વીની દરેક પ્રજાએ કોઇને કોઇ રૂપમાં આપણા પ્રાચીન ઋષિઓને એજ ધર્મ સ્વીકારેલો છે; તેમજ શ્રીકૃષ્ણુ ભગવાને ગીતામાં પણુ કહેલું છે કે,

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥ (अ. ४, श्लो. ११)

અર્થાત્ જે માણુસો જેવી રીતે મને ભજે છે, તેને તેવી રીતે હું ફળ આપું છું; કેમકે હે અર્જુન ! બધી તરફથી માણુસો જે રસ્તો પકડે છે, તે રસ્તો મારોજ છે.

ભાઇઓ ! સમજ્યા કે ? પ્રભુ કહે છે કે, " જુદા જુદા મતની બહારની ક્રિયાઓ ગમે એટલી જુદી જુદી હોય અને જુદી જુદી ભાષાઓને લીધે ગમે તે જુદું જુદું નામ લેતા હોય તથા જુદા જુદા દેશમાં જુદે જુદે વખતે ગમે તે જાતના જુદા જુદા ગુરુઓ થયા હોય, પણુ તે સર્વે મારાજ માર્ગમાં ચાલનારા છે અને મનેજ ભજનારા છે, તથા તેઓની ભાવના પ્રમાણે ફળ આપનારો પણુ હુંજ છું."

હવે વિચાર કરો કે, આમાં ધર્મને ભેદ ક્યાં રહ્યો ? આમાં નાતજાતને ભેદ ક્યાં રહ્યો ? આમાં બહારની ક્રિયાઓને ભેદ ક્યાં રહ્યો ? અને આમાં ધરારની તકરારો અને મફતની મારામારી કરવાની વાત ક્યાં રહી ? આવી રીતે મહાન પ્રભુના પવિત્ર નામના સ્મરણુની મારફત આખી દુનિયાની તમામ પ્રજા પ્રભુના રસ્તામાંજ છે, એમ વિચારીને બહારના ઉપલક મતભેદો છોડી દઇને જેમ બને તેમ પ્રભુના જશ વધારે ગવાય, પ્રભુની પ્રાર્થના વધારે થાય અને પ્રભુનું નામસ્મરણુ વધારે થાય તેમ કરો; કારણુ

કે એ મુખ્ય સાધન છે અને આખી દુનિયાના કુલ ધર્મોનો એ સાર છે. માટે હૃદયમાં પ્રેમ આણીને અનંત બ્રહ્માંડના નાથનું રૂડી રીતે સ્મરણ કરો.

પદ

નામ સુધારસ સાર સર્વમાં, પરખી પ્રેમ શું પીધો રે;
ભૂતળપતિપદ તેને ન ભાવે, લહાવો નૌતમ લીધો રે–ના૦
એ રસ મોંઘે મૂલ મળે નહિ, વૈકુંઠનાથને વહાલો રે;
અજ, ઉમાપતિ ઇચ્છક એના, અદ્વૈતપદનો પ્યાલો રે–ના૦
પૂર્ણ બ્રહ્મ એ રસને પ્રીછો, નથી સમોવડ એની રે;
જગતનું જીવન એને રે કહીએ, મહા વીરલાનો મેવો રે–ના૦
કોટી યજ્ઞ ને જપ તપ તીરથ, તેની તુલ્ય ન આવે રે;
પૃથ્વીપાત્રને મુક્તા ભરિયું, એથી અધિકપણુ પાવે રે–ના૦
નામ સમોવડ કોઇ ન આવે, અમૂલ્ય વસ્તુ એવી રે;
સદ્‌ગુરુ સ્વામી કૃપા કરે તો, ત્યાંથી મળે તેવી રે–ના૦
દુર્લભ દીઠો ને મહારસ મીઠો, સ્વાદ કહ્યો ન જાયે રે;
નિરાંત નામસુધારસ પીતાં, હરિ સરખો થઈ જાયે રે–ના૦

૫૪–પ્રભુનું નામસ્મરણ એ ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા એ આપણા પવિત્ર ધર્મનું ઉત્તમમાં ઉત્તમ પુસ્તક છે; કારણ કે આપણામાં જુદા જુદા સેંકડો મતો ને સંપ્રદાયો છે, પણ તે સર્વે ભગવદ્‌ગીતાને પોતાના ધર્મપુસ્તક તરીકે કબૂલ રાખે છે; એટલુંજ નહિ પણ દુનિયાની એવી કોઇ પણ સુધરેલી ભાષા નથી, કે જેમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું ભાષાંતર થયું ન હોય. જે લોકો પરદેશીઓ છે, આપણા ધર્મની વિરુદ્ધના છે અને પોતાના ધર્મ ઉપર ચુસ્ત છે; તે લોકોના પંડિતો ગંભીર અવાજે ગીતાનાં વખાણ કરે છે. ટૂંકામાં આખી દુનિયાના જુદા જુદા ધર્મના વિદ્વાનો ગીતાના ઊંડા જ્ઞાન માટે ઊંચો અભિપ્રાય ધરાવે છે. એવા તત્ત્વજ્ઞાનના પુસ્તકમાં પણ શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે,

‘ यज्ञानां जपयज्ञोऽस्मि ’

અર્થાત્ સર્વે યજ્ઞોમાં જપયજ્ઞ તે હું છું.

ભાઇઓ! શું સમજ્યા? પ્રભુ કહે છે કે, બધી જાતના યજ્ઞો કરતાં પ્રભુનું નામસ્મરણ કરવું,એ ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે. પ્રભુનાં

આ વચનો કરતાં નામસ્મરણની જરૂરિયાત અને નામસ્મરણની મોટાઇ માટે બીજી વધારે ખાતરી આપણને શું જોઈએ?

બધી જાતના યજ્ઞો કરતાં નામસ્મરણ એ ઉત્તમ યજ્ઞ છે એમ પ્રભુએ કહેલું છે, માટે હવે આપણે એ સમજવું જોઇએ કે, બીજા કયા યજ્ઞો છે? ગીતાના ચોથા અધ્યાયમાં મહાત્મા શ્રીકૃષ્ણે નીચે પ્રમાણે મુખ્ય બાર જાતના યજ્ઞો ગણાવેલા છે.

(૧) બ્રહ્માર્પણ યજ્ઞ, એટલે કે દરેક કર્મ પ્રભુને અર્પણ કરવું અને દરેક કર્મમાં પ્રભુને સમજવો.

(૨) દેવયજ્ઞ, એટલે કે ઇન્દ્રાદિક દેવતાઓને નિમિત્તે જે યજ્ઞ કરવામાં આવે છે તે.

(૩) બધી જાતની ઇન્દ્રિયોને વશ રાખવી, તેને ઇન્દ્રિયનિગ્રહ-યજ્ઞ કહે છે.

(૪) ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે દુનિયાદારીનાં સુખ ભોગવવાં તેને યજ્ઞ કહે છે.

(૫) શાન્તિથી મનની એકાગ્રતા કરીને આત્મધ્યાનમાં તન્મય થવું, તેને યજ્ઞ કહે છે.

(૬) દાનયજ્ઞ, એટલે કે યથાશક્તિ ગરીબોને દાન આપવું અને પ્રાણીઓ ઉપર દયા રાખવી, એ પણ એક જાતનો યજ્ઞ છે.

(૭) તપયજ્ઞ, એટલે કે મહાન પ્રભુને અર્થે બની શકે એટલી સહનશીલતા રાખવી અને મોજશોખની ઘણી વસ્તુઓ પોતાની રાજીખુશીથી છતાં સાધનોએ છોડી દેવી તેને તપયજ્ઞ કહે છે.

(૮) યોગયજ્ઞ, એટલે કે મહાત્મા પતંજલિ ઋષિના બનાવેલા યોગશાસ્ત્ર પ્રમાણે યોગ સાધવો અને નિર્વિકલ્પ સમાધિપર્યંત પહોંચવું, તેને યોગયજ્ઞ કહે છે.

(૯) વેદનો તથા બીજાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવો અને પ્રભુનો મહિમા ગાયા કરવો તથા પ્રભુની સ્તુતિનાં સ્તોત્રોનો પાઠ કર્યો કરવો, તેને સ્વાધ્યાયયજ્ઞ કહે છે.

(૧૦) જ્ઞાનયજ્ઞ, એટલે કે સર્વવ્યાપક અલૌકિક ઇશ્વરનું સત્ય સ્વરૂપ ઓળખાય છે એવું જ્ઞાન મેળવવું ને એવા આચારવિચાર રાખવા તેને જ્ઞાનયજ્ઞ કહે છે.

(૧૧) યોગની રીતિ પ્રમાણે પ્રાણાયામ કરવા તથા કુંભક કરવો, તેને પણ પ્રાણને રોકનારો યજ્ઞ કહે છે.

(૧૨) નિયમ પ્રમાણે ખોરાક ખાવો તથા થોડું ખાવું તેને પણ યજ્ઞ કહે છે.

પ્રભુ કહે છે કે, આવી જાતના ઘણા પ્રકારના યજ્ઞો વેદમાં વિસ્તારથી કહેવામાં આવ્યા છે, તે યજ્ઞોમાંથી કોઇ પણ પ્રકારનો યજ્ઞ જો રૂડી રીતે કરે, તો તે કરનાર માણસનાં પાપ નાશ પામે છે. વળી શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે,આ બધા યજ્ઞો કર્મથી થયેલા છે અને બહારની જુદી જુદી વસ્તુઓથી કરીને જે યજ્ઞ થાય, તે કરતાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે;કારણ કે સર્વ કર્મનું ફળ જ્ઞાનમાં સમાઈ જાય છે, માટે જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે.

જો કે ઉપર વર્ણવેલા બધા યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે, એમ ચોથા અધ્યાયમાં પ્રભુએ કહેલું છે અને એમાં કંઈજ સંશય જેવું નથી; પણ એ પછી પરમ દયાળુ પ્રભુએ આપણી ઉપર વધારે દયા કરી છે. અર્જુન જેવા મહાન ભક્તની શંકાઓ, ખેદ અને અધીરતા જોઇને આપણા જેવા વ્યાવહારિક માણસોની બુઠ્ઠી લાગણીઓ તેઓને ખુલ્લી રીતે સમજાઈ ગઇ, તેથી તેઓને લાગી ગયું કે, ઈશ્વરના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન માણસો સહેલાઇથી મેળવી શકશે નહિ; માટે તેઓએ આપણી ઉપર ખાસ દયા કરીને દશમા અધ્યાયમાં ફરમાવ્યું કે, "સર્વે યજ્ઞોમાં જપયજ્ઞ તે હું છું." કારણ કે તે સૌથી સહેલાઇથી બની શકે તેમ છે; એટલુંજ નહિ પણ એમાંથી અંતે જ્ઞાનયજ્ઞ પણ બની શકે છે. ઘણા મહાન ભક્તોએ કેવળ પ્રભુના નામસ્મરણમાંથીજ જ્ઞાન મેળવી લીધેલું છે; માટે ભાઇઓ અને બહેનો! આળસ તજી દો અને વિશ્વાસ રાખીને શુદ્ધ અંતઃકરણથી ને પૂર્ણ પ્રેમથી તથા અંતરના ઉમળકાથી મહામંગળકારી આનંદસ્વરૂપ પ્રભુના પવિત્ર નામનું જ્યારે બને ત્યારે સદાસર્વદા સ્મરણ કરો; કારણ કે એ સહેલામાં સહેલો ને ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે. માટે પરમકૃપાળુ પરમાત્માના દુઃખનાશક નામનું સ્મરણ કરો.

૫૫–ધાબળીમાંથી ઊનનો એક એક તાંતણો ખેંચી લેતાં અંતે ધાબળીપણું મટી જઇને ઊનરૂપ થઈ રહે છે, તેમ પ્રભુનું એક એક નામ-સ્મરણ કરતાં અંતે જીવપણું મટી જઇને શિવરૂપ થઇ શકાય છે

એક મહાત્મા સાધુ વારંવાર પોતાના શિષ્યોને ઉપદેશ કરતા હતા કે, "જેમ બને તેમ હૃદયમાં ભગવદ્આવેશ ભરીને પ્રભુના

નામનું સ્મરણ કરો.” મહાત્માની આ વાત તેના એક માથાફરેલ શિષ્યને ગમતી નહોતી. તેને એમ લાગતું કે, એકની એક વાત વારે વારે ગુરુજી શા માટે કહ્યા કરે છે? એમાં નવું શું છે? એ તો સૌ જાણે છે. એમ વિચારીને પોતાથી ન રહેવાયું, તેથી એક દિવસ ગુરુને કહ્યું કે, “મહારાજ! તમે વારંવાર કહો છો કે, પ્રભુનું નામસ્મરણ કરો, પ્રભુનું નામસ્મરણ કરો; પણ એ તો સૌ જાણે છે, એમાં તમે નવું શું કહ્યું? અમે તો તમારા તરફથી કાંઈક વધારે સારા ઉપદેશની આશા રાખીએ છીએ.”

એ સાંભળીને તે મહાત્માએ કહ્યું કે, “બેટા! તારો સવાલ બરોબર છે, પણ હમણાં મારે કામ છે, માટે પછી જવાબ આપીશ. હમણાં તો આ મારી જૂની ધાબળી છે તેમાંથી એક એક ઊનનો તાંતણો જુદો પાડ્યા કર.” બે ચાર દિવસ થયા તો ધાબળીમાંથી ઊનના દરેક તાંતણા છૂટા પડી ગયા અને ઊનનો ઢગલો થઇ પડ્યો ને ધાબળી રહી નહિ; ત્યાર પછી ગુરુએ તે શિષ્યને કહ્યું કે, “બેટા! મારી જૂની ધાબળી લાવ.” ત્યારે તે શિષ્યે કહ્યું કે, “મહારાજ! હવે ધાબળી ક્યાંથી લાવું? એનું તો ઊન થઇ ગયું.” મહારાજે કહ્યું કે, “એ કેમ બને? તું તો એક એક તાંતણો ઊનનો ખેંચતો હતો, એમાં કાંઈ આખી ધાબળી જાય કે? મને તો મારી ધાબળી વિના નહિ ચાલે, એમ કાંઇ વાસીદામાં સાંબેલું જાય? ઊનનો એક તાંતણો ખેંચવામાં કાંઇ આખી ધાબળી જાય કે?” આ સાંભળીને તે શિષ્યે કહ્યું કે, “મહારાજ! આવી શંકા કાંઇ આપને શોભે? આ રહ્યો ઊનનો ઢગલો. એ ધાબળી તો શું પણ જો લાગુ રહીએ તો એક એક ઊનનો તાંતણો ખેંચતાં ખેંચતાં તો હજારો તાકાઓનું ઊન બનાવી નખાય.”

ત્યારે મહારાજે કહ્યું કે, “બેટા! જેમ એક એક ઊનનો તાંતણો ખેંચતાં ખેંચતાં ધાબળી મટીને ઊન થઇ ગયું, તેમ એક એક વાર પ્રભુનું નામ લેતાં લેતાં અંતે આપણે પણ જીવ મટીને શિવ થઇ શકીએ છીએ. ધાબળીમાંથી જેટલા તાંતણા ખેંચી લઇએ, તેટલું ઊન જેમ તેમાંથી ઓછું થાય છે, તેમ આપણે પણ પ્રભુના નામનું જેટલું વધારે સ્મરણ કરીએ, તેટલી આપણા અંતઃકરણની વધારે શુદ્ધિ થાય છે અને જેટલી એ વધારે શુદ્ધિ થાય તેટલા આપણે ઈશ્વરની વધારે નજીક જઇ શકીએ છીએ; માટે આપણે અંતરમાં પ્રેમ આણી આણીને નામસ્મરણ કરવું જોઇએ; તું કહે છે કે,

'એમાં શું નવી વાત ?' પણ હું કહું છું કે, પ્રભુનું નામસ્મરણ કરવું એ સદાય નવામાં નવી ને જૂનામાં જૂની વાત છે. એ કરતાં વધારે સારો અને વધારે સહેલો ઉપદેશ મને તો કોઇ મળતો નથી, પણ જો તું કાંઇ નવું બતાવતો હોય, તો તારી મહેરબાની. બચ્ચા! આજથી યાદ રાખજે કે, પ્રભુનું નામસ્મરણ, પ્રભુના ગુણ-ગાન, પ્રભુની પ્રાર્થના અને ભગવત્સેવા કરતાં ઈશ્વરી જ્ઞાન મેળ-વવાનો બીજો કોઇ ઉત્તમ રસ્તો આ દુનિયામાં છેજ નહિ અને બીજું જે કાંઇ સાચું જ્ઞાન છે, તે પણ સ્મરણ, ગુણગાન, પ્રાર્થના કે સેવા કર્યા પછીજ મળી શકે તેમ છે; માટે હજાર વાતની એક વાત છે કે, જેમ બને તેમ અને જ્યારે બને ત્યારે કોઇ પણ રસ્તે પ્રભુમય થવાની તજવીજ કરો. બચ્ચા! તને એમ લાગે છે કે, હું વારે વારે એની એ વાત કહ્યા કરૂં છું. તારી એ વાત સાચી છે, પણ એમ કર્યા વિના અમારો બીજો ઉપાય નથી; કારણ કે તમે બધા જાણો છો કે, નામસ્મરણ કરવું એ બહુ સારૂં છે, પણ તમે તેમ કરતા નથી, માટે અમારે વારે વારે એની એ વાતની ફરી ફરીથી તમને યાદ આપવી પડે છે. બીજું એ કે, ધાબળી જેમ ઊનમાંથી બનેલી છે અને તેમાંથી એક એક તાંતણો કરી ઊન ખેંચી લેતાં ધાબળીપણું મટી જઇને જેમ પાછું ઊન બની જાય છે, તેમજ આપણો જીવ પણ બ્રહ્મમાંથી—ઈશ્વરમાંથી નીકળેલો છે, એટલે તેની આડાં આવતાં આવરણો દૂર થશે, ત્યારે તે પણ પાછો ઈશ્વરમય થઈ જશે; માટે આપણા આત્માને પરમાત્માનો મેળાપ થવામાં જે અડચણો આડી આવે છે, તે અડચણો દૂર કરવા સારૂ અને મોક્ષ મેળવવા સારૂ આપણે જેમ બને તેમ ત્રિવિધ તાપ-નાશક મહામંગળકારી પરમકૃપાળુ આનંદસ્વરૂપ શ્રીહરિના પવિત્ર નામનું સદાકાળ સ્મરણ કરવું જોઇએ અને આપણાં મન-બુદ્ધિને સર્વોત્તમભાવથી તેનાજ ધ્યાનમાં લગાડવાં જોઈએ.

૫૬—પૂર્ણપ્રેમથી અનંત બ્રહ્માંડના નાથના નામનું સ્મરણ કરવું, એ તપ કરવા બરાબર છે

આપણે એમ સમજીએ છીએ કે, બહુ અપવાસ કરવા, બહુ વ્રતો કરવાં, બહુ ધૂણીઓ તાપવી અને કાયાને બહુ બહુ કષ્ટ આપવી, તેનું નામ તપ છે; પણ શાસ્ત્રો કહે છે કે, હાલના જમા-નાને માટે કાંઇ એવાં તપ નથી, કઠિન તપનો જમાનો તો ચાલ્યો

ગયો છે, હવે તો લોકોની પ્રકૃતિ બહુ નાજુક થઇ ગઇ છે, તેથી દરેક બાબતમાં લોકો ખાસ સગવડતા માગે છે; હવે લોકોને દોરીકળશિયા ખભે ઉપાડવા ગમતા નથી, પણ હવે તો માણુસો દરેક જગ્યાએ ભીંતગંગા (નળ) માગે છે. હવે બાવન ચીજો ભેળી કરવાના ને ચાર પહોર ઉકાળવાના ઉકાળા લોકો નથી માગતા, પણ હવે તો વખત વખતનાં લેબલ ચોડેલી દવાની તૈયાર બાટલીઓ લોકો માગે છે. હવે લઠ્ઠા ને પાણુકોરાંનો ભાર લોકો ઉપાડી શકતા નથી, પણ હવે તો મલમલ ને નેનસૂખ જોઇએ છે. હવે પગે ચાલીને યાત્રા કરવાની આપણામાં શક્તિ રહી નથી, પણ હવે તો આપણે રેલવે ને વીજળીની ગાડી માગીએ છીએ; ઉપરાઉપરી દુકાળ પડવાથી જમીનના રસકસ ઘટી ગયા છે, તેથી અનાજ તથા ઔષધિઓ નિર્બળ થઈ ગઇ છે; એટલુંજ નહિ પણ ગરીબાઇને લીધે તથા સંસર્ગદોષથી અને બાળલગ્ન વગેરે આપણા કેટલાક બૂરા રિવાજોને લીધે આપણે એટલા બધા નબળા બાંધાના થઇ ગયા છીએ કે, હવે લાંઘણો કરવી આપણને પાલવે તેમ નથી. હવે તો આપણે એમ સમજવા લાગ્યા છીએ કે, જો શરીર નહિ સાચવીએ, તો ઘડીકમાં બાર વાગી જશે;કારણ કે અસલના લોકો જેવી આપણામાં સહનશીલતા નથી અને એવી સહનશીલતા રહી શકે તેવાં સાધનો પણ હાલમાં નથી. પૌરાણિક વ્રતોના નિયમો બહુ ઉત્તમ છે, પણ અંગ્રેજી કેળવણીએ આપણી પ્રજાનાં માથાં એવાં ફેરવી નાખેલાં છે કે, તે ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી શકે એવા હજારોમાં કોઇકજ હોય છે અને એવા હજારો શ્રદ્ધાળુમાંથી પણ કોઇકજ તે વ્રતો વિધિસર પાળી શકે તેવા હોય છે; કારણ કે હાલમાં આપણી શારીરિક નબળાઈ માત્ર સગવડતાનેજ ચાહે છે, પણ એ જૂની ઢબનાં વ્રતોમાં હાલના જમાના પ્રમાણેની સગવડતા સચવાય એ મુશ્કેલ છે; તેથી એવાં તપ આપણે સહેલાઇથી કરી શકતા નથી અને ભીખ માગવાનું કે ગુફામાં ભરાઇ બેસવાનું પણ હાલના લોકો પસંદ કરતા નથી; પણ હવે તો આપણે લોકોને ઉપયોગી થઇ પડવા તથા ધંધારોજગારમાં ફતેહ મેળવવા ઇચ્છા રાખીએ છીએ. આ પ્રમાણે આપણી વૃત્તિમાં અને આપણા વ્યવહારમાં કુદરતી ફેરફારો થઇ ગયેલા છે, એટલે અસલના વખતનાં કઠિન તપ આપણાથી હાલના વખતમાં બની શકશે નહિ, એમ વિચારીને ત્રિકાળદર્શી મુનિઓએ આપણી ઉ-

પર દયા કરીને આપણાં પવિત્ર શાસ્ત્રોમાં એમ ફરમાવેલું છે કે, **"કળિયુગમાં પ્રભુનું નામસ્મરણ કરવું, એજ ઉત્તમ તપ છે."** કારણ કે તેઓ સમજતા હતા કે, મનને રોકવું તથા ઈશ્વરપરાયણ થવું એજ તપનો હેતુ છે અને મહાન ઈશ્વરના પવિત્ર નામના અલૌકિક બળથી પણ વખત જતાં એ પ્રમાણે બની શકે છે; માટે આર્યઋષિઓએ પ્રભુના શાંતિદાયક નામસ્મરણને તપ ગણેલું છે. જે કાળમાં જે સહેલી રીતે મનને રોકી શકાય અને જીવને ઈશ્વરમય કરી શકાય તે રીતોને તે જમાનાનું ઉત્તમ તપ કહે છે. એ પ્રમાણે આજના વખતમાં જગતપાલક પિતાના મહામંગળકારી નામસ્મરણથી બની શકે છે, તેથી હાલના વખતમાં નામસ્મરણ એ ઉત્તમ તપ છે, માટે ભાઈઓ! મનને હલકા વિષયોમાં ભટકતું અટકાવવા સારૂ તથા જીવને ઈશ્વરમય કરવા સારૂ, જેમ બને તેમ અને જ્યારે બને ત્યારે શુદ્ધ અંતઃકરણથી, પૂર્ણપ્રેમથી ને દૃઢ શ્રદ્ધાથી મહામંગળકારી અખંડ આનંદરૂપ અનંત બ્રહ્માંડના નાથના શાંતિદાયક નામનું સદા સ્મરણ કરો, સદા સ્મરણ કરો.

૫૭–પ્રભુનું નામસ્મરણ કરવાના ફાયદા વિષે

આ પુસ્તકમાં અને ભક્તિમાર્ગનાં બીજાં પુસ્તકોમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે, પરમ કૃપાળુ મહાન પ્રભુના પવિત્ર નામનું સર્વદા સ્મરણ કરો, સર્વદા સ્મરણ કરો. પ્રભુના શાંતિદાયક નામસ્મરણની જરૂરિયાત દુનિયાના દરેક ધર્મોવાળા વત્તાઓછા રૂપમાં સ્વીકારે છે, એટલે ઘણું કરીને સર્વ લોકો એ બાબતમાં કાંઈ ઊંડા ઊતર્યા વિના સ્વાભાવિક રીતેજ માની લે છે કે, નામસ્મરણથી કલ્યાણ થાય છે, પણ કેમ કલ્યાણ થાય છે,તે સ્પષ્ટ રીતે સમજાવી શકતા નથી. તે સમજાવવા સારૂ સંતો કહે છે કે:

નામસ્મરણ એ એક પ્રકારનો સહેલો યોગ છે. પ્રાણાયામ, ધારણા, ધ્યાન વગેરે જેમ યોગની જુદી જુદી ક્રિયાઓ છે, તેમ ઈશ્વરનું નામસ્મરણ કરવું એ પણ યોગની એક ક્રિયા છે; પણ પ્રાણાયામ વગેરે ક્રિયાઓ મુશ્કેલ છે; એટલે તેમાં જોખમ પણ વધારે છે અને ફળ પણ વધારે છે અને નામસ્મરણની ક્રિયા બહુ સહેલી છે, એટલે તેમાં જોખમ કાંઈ નથી છતાં પણ ફળ તેના પ્રમાણમાં બહુ મોટું છે; માટેજ એકે એક ભક્તોએ કોઈને કોઈ

રૂપમાં નામસ્મરણનો મહિમા કબૂલ રાખેલો છે. યોગની બીજી ક્રિયાઓનો હેતુ જેમ મનની એકાગ્રતા કરવાનો હોય છે, વૃત્તિને સ્થિર કરવાનો હોય છે, અંતઃકરણને શુદ્ધ કરવાનો હોય છે અને ઈશ્વરપરાયણ થવાનો હોય છે, તેમજ ઈશ્વરના નામસ્મરણથી પણ આગળ જતાં સ્વાભાવિક રીતેજ એ બધું થવા લાગે છે; પણ આપણને એ બધું હજી સુધી ખુલ્લી રીતે સમજાતું નથી. તેનું કારણ એજ છે કે, આપણે પ્રેમપૂર્વક જેટલું નામસ્મરણ કરવું જોઇએ, તેટલું નામસ્મરણ હજી સુધી કરેલું નથી, એટલે તેની ખરી કિંમત આપણે સમજી શકતા નથી; પણ જો અંતરના ઉમળકાથી દઢતાપૂર્વક પ્રભુના મહામંગળકારી ત્રિવિધ તાપનાશક નામસ્મરણમાં અહર્નિશ મચ્યા રહીએ, તો થોડાજ વખતમાં આપણને સ્પષ્ટ રીતે ખબર પડે કે, જ્યારથી અમે પરમકૃપાળુ મહાન પરમાત્માના મંગળકારી નામનું સ્મરણ કરવા લાગ્યા છીએ, ત્યારથી અમારા મનમાં કાંઇક વધારે શાંતિ રહેવા લાગી છે, ત્યારથી અમારા વિકારો કાંઇક ઓછા થવા લાગ્યા છે, ત્યારથી દુનિયાદારીની નજીવી ખટપટોમાંથી અમારૂં ધ્યાન પાછું હઠવા લાગ્યું છે, ત્યારથી જરા જરા કડવો ઘૂંટડો ઉતારવાનું એટલે કે સહેજ ખામોશ ખાવાનું બની શકે છે,ત્યારથી મનમાં એમ લાગવા માંડયું છે કે, હવે એવું કામ અમને ન શોભે અને ત્યારથી અમને કાંઈક માનસિક આનંદ થવા લાગ્યો છે. એ પછી વધારે ઊંડા ઊતરતાં, વધારે નામસ્મરણ કરતાં આપણને લાગી આવે છે કે, જ્યારથી અમારા હૃદયમાં પવિત્ર પિતાનું શાંતિદાયક નામ જામ્યું, ત્યારથી અમારા વ્યવહારમાં સરળતા થતી જાય છે, ત્યારથી દુનિયા સાથે અમારી ભાઇબંધી વધતી જાય છે, ત્યારથી ઘણી બાબતોમાં અમારી ઇચ્છા પ્રમાણે થતું આવે છે, ત્યારથી અમારા ખ્યાલો કાંઇક કાંઇક ઊંચા રહે છે અને ત્યારથી ખાવાપીવાનો, રમવાભમવાનો, નાતજાતના ઝઘડાનો, કપડાંલત્તાંનો તથા સૂવાબેસવાનો શોખ કાંઇક કાબૂમાં આવી ગયો છે. એ પછી વખત જતાં નામસ્મરણનું બળ વધતાં આપણને સમજાય છે કે, હવે અમે ભક્ત બનતા જઇએ છીએ, હવે અમારાથી બૂરાં કામ થઈ શકે નહિ. હવે અમે પ્રભુને અર્થે કેટલીક જાતના ત્યાગ કરી શકીએ છીએ. નામસ્મરણથી આટલું બળ હૃદયમાં આવી ગયા પછી આપણે જોઇએ છીએ કે, કોઇ ચમત્કારિક રીતે આપણાં કામ

સહેલાઈથી પાર પડતાં જાય છે, આપણે સદાય આનંદ આનંદમાં રહી શકીએ છીએ, બહુ દુઃખોમાં પણ આપણને મોટો ધક્કો વાગતો નથી અને વ્યવહારની અટપટી જાળમાં રહ્યા છતાં પણ પરમાત્મા સાથેનો આપણો તાર તૂટતો નથી. આટલું બધું પ્રભુના નામસ્મરણના બળથી ટૂંક વખતમાં સહેલાઇથી થઇ શકે છે અને જેની એવી આનંદદાયક સ્થિતિ થયેલી હોય એવા કેટલાક ભક્તો આપણી વચ્ચે પણ હોય છે. એ પછી નામસ્મરણનું બળ વધતાં અલૌકિક વસ્તુઓનો પ્રત્યક્ષ લાભ મળે છે, પણ એ બાબતો હાલમાં આપણાથી સમજી શકાય તેમ નથી; કારણ કે એ સમજવા જેટલું હજી આપણે સ્મરણ કરેલું નથી, માટે એ બાબતો અમે કહેતા નથી; પણ ટૂંકમાં એટલુંજ કહીએ છીએ કે, પ્રભુના પવિત્ર નામનું સ્મરણ એ એક જાતનો યોગ છે, એટલે યોગની તમામ સિદ્ધિઓ તેમાંજ છે. એ સિવાય મનની એકાગ્રતા, હૃદયનો સંતોષ, આત્મિક આનંદ અને કુદરતી પવિત્રતા સમર્થ પ્રભુના પવિત્ર નામમાં છે, માટે જ્યારે બને ત્યારે અને જેટલું બને તેટલું અનંત બ્રહ્માંડના નાથના નામનું પ્રેમપૂર્વક સ્મરણ કરો, સ્મરણ કરો.

પદ

ભજ રામ રામ રામ રામ રામ રામ રામા, (ટેક)
રામ નામ વેદ મૂલ, તા સમ નહિ ઓર તૂલ;
ભજત મિટત ત્રિવિધ શૂલ, છૂટતહીં ભવગ્રામા—ભજ૦
રામ નામ વિમલ નીર, સંતન સતસંગ ધીર;
આવત સુરનર મુનિવર, પાવત નિજ ધામા—ભજ૦
રામ નામ કમલ ફૂલ, સંતન મન ભ્રમર ભૂલ;
ઝૂમી ઝૂમી પીવત, અમૃત કરી પાના—ભજ૦
રામ નામ નિરંકાર, તુલસીદાસ નમસ્કાર;
દીજે પ્રભુ ભક્તિદાન, પળ પળ હરિ નામા—ભજ૦

૫૮—પ્રભુ કહે છે કે, સંક્રાંતિના દોણીના દાનથી કે ગ્રહણ વખતે થતા ધાણીના દાનથી ચાલશે નહિ; જો પાર પડવું હોય તો તમારાં અંતઃકરણો મને અર્પણ કરો

ભાઇઓ! આપણાં પૌરાણિક દાનોથી હાલમાં પાર પડાય તેમ નથી; કારણ કે હવે સમય ફરી ગયો છે.હવેની પ્રજાના આ-

ચારવિચાર બદલાઇ ગયા છે, રાજ્ય બદલાઇ ગયાં છે, કેળવણીનાં પુસ્તકો ને ધોરણો બદલાઇ ગયાં છે, ભાષા બદલાઇ ગઇ છે અને દરેક રીતરિવાજોમાં સેળભેળ ખાતું થઇ ગયેલું છે;એટલે માલપૂડાનાં, સંપુટનાં,તલના લાડુનાં,કાંસાની વાટકીનાં,કપડાંનાં,રાતાપીળા કટકાનાં, કાળી ચૌદસનાં વડાંનાં, સંક્રાંતિનાં દોણીનાં કે ગ્રહણની ધાણીનાં દાનમાં કાંઇ વળે તેમ નથી. હવે તો આ કળિયુગમાં પ્રભુનો એવો હુકમ છે કે,"**તમારા અંતરનાં દાન કરો.**" કારણકે એવી નાની નાની વસ્તુઓથી સંતોષ પામે એવી હાલના માણસોની વૃત્તિ નથી. બીજું એ કે,ચાલુ જમાનામાં માણસોનું આયુષ્ય ઓછું થઈ ગયેલું છે, તેથી આપણે હવે જલદી મરી જવાનું છે. એટલે વિશ્વામિત્ર ઋષિની પેઠે આપણાથી કાંઈ સાઠ હજાર વર્ષનાં તપ થઇ શકે તેમ નથી; આપણાથી કાંઇ અશ્વમેધયજ્ઞો થઇ શકે તેમ નથી; શિબિ રાજાની પેઠે ધર્મને અર્થે આપણે કાંઇ આપણા શરીરનું માંસ આપી શકીએ તેમ નથી; દધીચિ ઋષિની પેઠે આપણે કાંઇ પરમાર્થને ખાતર આપણા બરડાની કરોડનાં હાડકાંઓ આપી શકીએ તેમ નથી; સત્યને ખાતર મહારાજા હરિશ્ચંદ્રની પેઠે આપણે કાંઇ ઢેડને ઘેર વેચાઈ શકીએ તેમ નથી; વ્રજની ગોપીઓની પેઠે ભગવત્પ્રેમમાં ગાંડા બનીને આપણે કાંઈ ઘરબાર છોડીને ચાલ્યા જઇએ તેમ નથી; રાજપાટ છોડીને ચાલ્યા ગયેલા મહાત્મા બુદ્ધની પેઠે આપણને કાંઇ ઘડીકમાં વૈરાગ્ય આવી જાય તેમ નથી; હથેળીમાં રહેલા આમળાની પેઠે જેમ ભગવાન શંકરાચાર્યે 'બ્રહ્મ સત્ય ને જગત્ મિથ્યા' દેખાડી આપ્યું, તેમ આપણે કદી વાતોમાં એ સમજીએ, પણ આપણી રહેણીકરણીમાં તે પાળી શકીએ તેમ નથી; શ્રીકૃષ્ણ ભગવાને જેમ અર્જુનને દિવ્ય ચક્ષુ આપી સત્ય જ્ઞાન બતાવી આપ્યું, તેમ આપણને હાલના જમાનામાં યોગવિદ્યાના બળથી કોઈ દિવ્ય ચક્ષુ આપી શકે તેમ નથી અને જેમ બળિરાજા પાતાળમાં ચંપાયો,તોપણ દાન આપવાની પ્રતિજ્ઞા છોડી નહિ, તેમ આપણી પાસે બળિરાજાના જેટલું ધન પણ નથી અને હાલના વખતમાં આપણી એવી પ્રતિજ્ઞા નભી શકે એમ પણ નથી; માટે આપણા ઉપર દયા કરીને પ્રભુએ કહેલું છે કે, તમે તમારાં અંતરો મને અર્પણ કરો, એટલે મને બધું અર્પણ થઇ ચૂકયું. આજના વખતમાં બીજો એકે ધર્મ તમે પૂરેપૂરો પાળી શકશો નહિ, માટે સર્વાત્મભાવથી મને આધીન થઇ તમારાં અંતઃકરણો

મને અર્પણ કરો, એટલે સહેલાઇથી તમારો ઉદ્ધાર થઇ જશે. તે માટે પ્રભુએ ખુલ્લી રીતે કહેલું છે કે,

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥
(ગી० અ. ૧૮, શ્લો. ૬૨)

અર્થાત્ હે અર્જુન ! સર્વભાવથી એટલે બધી રીતે પૂરેપૂરો આશરો રાખીને તેનેજ (પ્રભુનેજ) શરણે જા, એટલે તેની કૃપાથી પરમ શાંતિને અને અખંડ સ્થાનને પામીશ.

આવી ખુલ્લી કબૂલાત આપણને આપ્યા છતાં પણ આપણી ઉપરની તેની બેહદ દયાને લીધે તેને તૃપ્તિ થતી નથી, તેથી વધારે ભાર મૂકીને સ્પષ્ટ રીતે દૃઢતાથી કહે છે કે,

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
(ગી० અ० ૧૮, શ્લો० ૬૬)

અર્થાત્ સર્વે ધર્મોને તજીને તું એક મારેજ શરણે આવ. તું શોક ન કર, હું તને સર્વ પાપોથી છોડાવીશ.

ભાઇઓ ! નાતના, જાતના, દેશના, કુળના, વર્ણના ને આશ્રમના બધા ધર્મો તજીને માત્ર પોતાને શરણે આવવાનું પ્રભુએ શા માટે કહ્યું ? કારણ કે પ્રભુ જાણે છે કે, ભગવદ્‌આશરાના બળ વિના હાલના જમાનાનાં માણસો પૂરેપૂરો એકે ધર્મ પાળી શકશે નહિ; પણ આશરાના બળથી માણસોમાં નવું જીવન આવે છે, એટલે એ પ્રભુમય થયેલા જીવનથી જમાના પ્રમાણે યથાશક્તિ કાંઈ કાંઇ બની શકે છે, માટે બની શકે તેવા રૂડા ધર્મો આપણી પાસે પળાવવા સારૂ ભગવદ્‌આશરાનું બળ રાખવાનું તથા આપણાં અંતરો પ્રભુને અર્પણ કરી દેવાનું મહાત્મા શ્રીકૃષ્ણ કહે છે. માટે ભાઇઓ અને બહેનો ! નારિયેળ–સોપારીના અર્પણમાંજ નહિ રહી જતાં તથા તલના લાડુ કે સંક્રાંતિનાં દોણીનાં દાનમાંજ નહિ રહી જતાં અખંડ સચ્ચિદાનંદ વિશ્વંભરનાથને આપણે સર્વભાવથી અર્પણ થઇ જઇએ તેમ કરો અને પ્રેમપૂર્વક આપણા અંતરનાં દાન થાય તેમ કરો. એજ સાચું દાન છે ને એજ પ્રભુનો હુકમ છે, માટે જેમ બને તેમ કોઇ પણ રીતે અને ગમે તે ધર્મમાં રહીને પણ પરમ પવિત્ર પિતાને આપણા શુદ્ધ અંતકરણનાં દાન થાય

તેમ કરો, એટલે તેમાંથી બીજાં હજારો મોટાં દાનો થઈ શકશે; કારણ કે પ્રભુપ્રેમમાં જગતના બધા પ્રેમ સમાઇ જાય છે, પ્રભુને અર્પણ થઇ જવાથી બધાં અર્પણો થઇ જાય છે અને એ બધું પ્રભુને આપણાં અંતઃકરણોનું દાન કરવાથી થાય છે; માટે ઈશ્વરમય થવા સારૂ બહારનાં બલિદાનો છોડી દઇને પૂર્ણ પ્રેમથી શુદ્ધ અંતઃકરણનાં દાન કરો.

૫૯–ખરી ભક્તિ કાંઈ બહારના ડોળડમાકમાં નથી, પણ ભગવદ્દઇચ્છાને આધીન થવામાં છે

કોઇ પણ માણસમાં જ્યારે ભક્તિની શરૂઆત થાય છે, ત્યારે ઈશ્વરેચ્છાને આધીન થવાનું વલણ તેનામાં આવતું જાય છે. એ પછી જેમ જેમ ભક્તિ બળવાન થતી જાય છે, તેમ તેમ દૃઢતાથી ઈશ્વરેચ્છા તેના હૃદયમાં જામતી જાય છે અને તેને આધીન થવાનું બળ આવતું જાય છે. એ પછી જ્યારે ભક્તિ પૂર્ણરૂપમાં આવી જાય છે, ત્યારે માણસ પોતાનું પોતાપણું ભૂલી જાય છે, તે પોતાના પ્રભુમાંજ તદાકારથઇ જાય છે, તેના અંતરની વાસનાઓ બળી જાય છે, તેના સંશયની ગાંઠો કપાઇ જાય છે, પ્રભુઇચ્છાની તેના અંતરમાં પ્રેરણા થયા કરે છે અને જગતના હિતને માટેજ પ્રભુમય થઇને તે દરેક કામ કરે છે, એટલે કોઇ પણ કર્મથી તે લેપાતો નથી; કારણ કે તે માત્ર પોતાની ખાતરજ નહિ અને પોતાની મરજી પ્રમાણેજ નહિ, પણ પ્રભુની ખાતર અને પ્રભુની ઇચ્છા પ્રમાણેજ કરે છે, એટલે કર્મ કરતાં છતાં પણ તેને પાપ લાગતું નથી. આવું નિઃસ્પૃહીપણું પ્રભુની ઇચ્છાને આધીન થવાથીજ થાય છે અને એવી રીતે ઈશ્વરપરાયણ થઇ જવું, તેનુંજ નામ ખરી ભક્તિ છે. લોકાચાર પ્રમાણે, દેશાચાર પ્રમાણે માત્ર બહારથી ટીલાંટપકાં કરવાં, ઉપર ઉપરથી દેવદર્શન કરવાં, લોભે લોભે નૈવદ્ય ધરવાં, છાંટાથી છોવાઇ જવું અને અંતરની બૂરી વાસનાઓ છોડયા વિના, અધિકાર વિના, પ્રભુપ્રેમ વિના ત્યાગી થવું એનુંજ નામ કાંઈ ખરી ભક્તિ નથી, પણ એનું નામ તો ઢોંગ છે. જ્ઞાનીઓ તેને પાપ કહે છે. પ્રભુએ પણ ગીતામાં કહેલું છે કે,–

कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ (अ. ३, श्लो. ६)

અર્થાત્ મનમાં વિષયોનું સ્મરણ કર્યા કરે અને બહારથી હઠ

કરીને આડંબર દેખાડવા સારૂ ઇન્દ્રિયોને વશ રાખવાનો ડોળ કરે, તે મહામૂઢ છે. તે ખોટા આચારવાળા ને ઢોંગી સમજવા.

ભાઇઓ ! આ ખુદ પ્રભુનાં વચનો છે. તે ઉપરથી સમજાશે કે, બહારના ડોળડિમાક સાથે ખરી ભક્તિને કાંઈ લેવાદેવા નથી. ખરી ભક્તિ તો પ્રભુપ્રેમમાં ને ભગવદ્દઇચ્છાને આધીન થવામાંજ છે. જો કે બહારનાં ચિહ્નનો ને બહારનાં સાધનો પણ જરૂરનાં છે, તોપણ તે પ્રભુપ્રેમથીજ શોભે છે; પ્રભુપ્રેમ વિના તેની કાંઈ કિંમત નથી, જો આપણામાં ભગવદ્દઇચ્છાને આધીન થવાનું એટલે કે પ્રભુના હુકમો પાળવાનું બળ ન હોય, તો ભક્તિના બહારના વેષથી કાંઈ આપણું કલ્યાણ થાય નહિ. માત્ર આપણે ભક્ત જેવા દેખાઇએ, તેથી બીજા લોકો છેતરાય એટલુંજ વળે. બીજું કાંઇ તેમાંથી વળે નહિ; માટેજ પ્રભુપ્રેમ વિનાના બહારના આડંબરને પ્રભુ ઢોંગ કહે છે, માટે ભાઇઓ ! બહારના ઉપરછલા ઢોંગધતૂરાને છોડી જેમ બને તેમ ચોખ્ખા થઇને પ્રભુની ઇચ્છાને આધીન થવાની કોશિશ કરો.

૬૦–પ્રભુની જયમાંજ આપણી જય છે, માટે સદા-સર્વદા સચ્ચિદાનંદની જય થાઓ !

મહાત્માઓ હમેશાં કહે છે કે, પ્રભુની જય થાઓ ! પ્રભુની જય થાઓ ! આખી દુનિયાનાં શાસ્ત્રો કહે છે કે, પ્રભુની જય થાઓ ! દેવતાઓ કહે છે કે, પ્રભુની જય થાઓ ! પ્રભુની જય થાઓ, એમ મોઢેથી બોલીનેજ કાંઇ દેવતાઓ અટકતા નથી, પણ દરેક પળે એજ પ્રમાણે પોતાના જીવનમાં તેઓ અનુભવે છે. પ્રભુની જય થાઓ એટલે શું ? પ્રભુની જય થાઓ, એનો અર્થ એટલોજ છે કે, પ્રભુની ઇચ્છા મુજબ થાઓ. પ્રભુની ઇચ્છા મુજબ ક્યારે થાય કે જ્યારે દુનિયામાં ધર્મ વધે ત્યારે; માટેજ ગલીએ ગલીએ ફરતા સાધુઓ આપણને ઉપદેશ કરે છે કે, ધર્મની જય ! વૈષ્ણવો જ્યારે એકબીજાને સામા મળે, ત્યારે જયશ્રીકૃષ્ણ, જયગોપાળ વગેરે પ્રભુની જયના શબ્દો બોલે છે; વેદાંતીઓ જય-સચ્ચિદાનંદનો ધ્વનિ લગાડે છે અને એવીજ રીતે બીજા સર્વ ધર્મવાળાઓ પણ કોઇ ને કોઈ રૂપમાં પ્રભુની જય થવાનાજ શબ્દો બોલે છે; પણ યાદ રાખજો કે, જ્યાંસુધી આપણે પ્રભુની ઇચ્છાને આધીન ન થઇએ, ત્યાંસુધી પ્રભુની જયના માત્ર ખાલી

શબ્દો બોલવાથી કાંઇ વળે નહિ. એમ 'ઢમઢોલ ને માંહી પોલ' રાખવાથી કાંઈ પાર પડાય નહિ. પાણી પાણી કરવાથી પાણી પીધા વિના કાંઇ તરસ મટે નહિ, તેમ દીનતાથી પ્રભુને શરણ થઇ પ્રભુના હુકમો પાળ્યા વિના માત્ર મોઢેથી ઉપલક રીતે લોકલાજે કે રિવાજને ખાતર પ્રભુની જય બોલવાથી કાંઇ પ્રભુની જય થઇ જાય નહિ; પણ જ્યારે આપણે પોતે પવિત્ર થઇને ધર્મ પાળીએ અને દુનિયામાં ધર્મ વધે એવા ઉપાયો લઇએ, ત્યારેજ પ્રભુની સાચી જય થાય છે. માટે ઓ હરિજનો! બહારનાજ જયશ્રીકૃષ્ણમાં નહિ પડ્યા રહેતાં મહા મંગળકારક પ્રભુની સાચી જય થાય તેમ કરો, એટલે કે ભગવદ્દઇચ્છાને આધીન થઇ દુનિયામાં સત્ય ધર્મ વધે તેમ કરો.

૬૧–પ્રભુનીજ જય થવી જોઇએ કે જેથી દુનિયાનું કલ્યાણ થાય; આપણી જય થવાથી શું વળવાનું છે?

અખંડ સચ્ચિદાનંદરૂપ પરમમંગળસ્વરૂપ પરમાત્માનો જયજયકાર બોલવાથી, એટલે કે તેની ઇચ્છા મુજબ ચાલવાથી આપણને અને દુનિયાને શું શું ફાયદા થાય છે, એ તમને ખબર છે? પ્રભુની ઇચ્છા પ્રમાણે થવું એનુંજ નામ પ્રભુની જય છે. પ્રભુની જય થવાથી એટલે કે પ્રભુની ઇચ્છાને આધીન થવાથી પ્રથમ તો એ ફળ થાય છે કે, શાંતિથી રહી શકાય છે, કોઇ પણ સ્થિતિમાં આનંદથી રહી શકાય છે, સુખદુઃખ ઓછાં થઇ જાય છે, ભગવદ્રસ વધતો જાય છે, માયા છૂટતી જાય છે, પ્રપંચ ઘટતો જાય છે, સરળતા આવતી જાય છે, વિકારો ઓછા થતા જાય છે, ભાઈબંધી વધતી જાય છે, જગતનું મિથ્યાપણું સમજાતું જાય છે, ધર્મ વધતો જાય છે, ઇશ્વરની નજીક નજીક જવાતું જવાય છે અને મોત આનંદથી થાય છે. આવા આવા હજારો જાતના આપણને પોતાને ફાયદા છે; એટલુંજ નહિ પણ તેની ભલી અસરથી આપણાં ભાઇબહેનોને, આપણા દેશને, આપણા ધર્મને અને આખી દુનિયાને એટલા બધા ફાયદા થાય છે કે, તેની આપણે ખરેખરી કલ્પના પણ કરી શકીએ નહિ. આ બધું ઇશ્વરની જય થવાથી થાય છે; કારણકે પ્રભુની જયમાંજ આપણી જય છે; પણ તેમ ન વર્તીએ એટલે કે પ્રભુની ઇચ્છાને આધીન ન થઇએ, તો આપણને આપણી જુદી જય ઇચ્છવી પડે; પણ એવી રીતે

આપણી જય ઇચ્છવાથી ઈશ્વરથી વિમુખ થવાય છે. હવે વિચાર કરો કે, ઈશ્વરથી વિમુખ થઇને આપણી જય કેમ થઈ શકશે? અને કદી આપણી જય થાય તોપણુ શું? આપણી જય થવાથી ઘરમાં થોડાંક હાંડલાં વધશે, થોડાક કપડાંના ડૂચા વધશે, થોડાક ઊંદરો વધશે, થોડાક પૈસા વધશે, થોડાક ખુશામતિયા વધશે, થોડાક ગાડીઘોડા વધશે, થોડાક મોજશોખ વધશે, થોડાક કજિયા વધશે, થોડીક ઉપાધિ વધશે અને થોડાક વિકારો વધશે તથા ઈશ્વરને ભૂલી જવાશે અને બધું છોડી ચાલ્યા જતાં જીવ નહિ ચાલે, તેથી ઊલટું મોત બગડશે. આપણી જયથી તો આવું આવું ને એ કરતાં પણુ બીજું ઘણું વધારે ખરાબ થશે, માટે ભાઇઓ! આપણા સ્વાર્થની વાસનાઓ છોડી પ્રભુની ઇચ્છાને આધીન થાઓ અને સદાસર્વદા મહામંગલકારક પ્રભુની જય બોલાવો, પ્રભુની જય બોલાવો.

૬૨–આપણી દરરોજની પહેલી ફરજ

સવારના પહોરમાં વહેલા ઊઠીને ઊઠતે ઊઠતે સૌથી પહેલાં એ કરવું જોઇએ કે, જેણે આપણને સાજાતાજા ઉઠાડયા છે અને એક દિવસ વધારે જીવાડવાની કૃપા કરી છે, તે પરમ દયાળુ મહાન પ્રભુનું પ્રેમપૂર્વક સ્મરણ કરવું જોઇએ; એ દરેક માણસનો દરરોજનો પ્રથમ ધર્મ છે.

ગરીબ લોકો મોસમમાં કોઇ પણ જાતનાં ફળ કે ફૂલ જે પ્રથમ આવે છે, તે પોતાના માલિકને ભેટ આપવા લઇ જાય છે; તેમ આપણે પણ આપણા દિવસનો પહેલો પહોર આપણા પવિત્ર પિતા–દેવોના દેવ મહાન પ્રભુને અર્પણ કરવો જોઇએ અને એ વખત સેવાસ્મરણમાં, દેવદર્શનમાં, જ્ઞાનધ્યાનમાં, કથા–કીર્તનમાં, દાન આપવામાં તથા હરિજનોના સત્સંગમાં અનંત બ્રહ્માંડોના નાથ, કરુણાના ભંડાર, વિશ્વંભર પ્રભુને અર્થે પવિત્ર રીતે ગાળવો જોઇએ.

સવારનો પહેલો પહોર એ આખા દિવસમાં સૌથી ઉત્તમ વખત છે; કારણ કે એ વખતે આપણું મન શાંત હોય છે. ગઈ કાલની જંજાળ આપણે નિદ્રા વખતે મળેલા આરામથી ભૂલી ગયેલા હોઇએ છીએ અને આજની જંજાળ હજુ આપણે ઊઠીને તરત શરૂ કરેલી હોતી નથી, એટલે એવા વચલા વખતમાં આપણું મન બહુ શાંત રહી શકે છે. માટે દુનિયામાં સર્વ ધર્મવાળાએ

સૌ મનુષ્યને પ્રાતઃકાળમાં પ્રભુની ભક્તિ કરવાનું કહેલું છે; કારણ કે શાંત મને કરેલી આપણી પ્રાર્થનાઓ જલદી સફળ થાય છે. માટે પરમ દયાળુ મહાન પ્રભુએ કૃપા કરીને આપણને એક દિવસ વધારે જીવાડવાની તક આપી છે, તેનો લાભ લઇ આખા દિવસનો ઉત્તમ ભાગ જે સવારનો પહોર, તે આપણે સર્વશક્તિમાન વિશ્વંભરનાથને પ્રેમપૂર્વક અર્પણ કરવો જોઇએ, એટલે કે એ વખત ભગવત્સેવાસ્મરણમાં ને જ્ઞાનધ્યાન તથા દાન આપવામાં કાઢવો જોઇએ. એ આપણી રોજની પહેલી ફરજ છે. એ ફરજ બજાવ્યાથી આપણો દિવસ સુધરે છે અને એવી રીતે દિવસો સુધરવાથી જિંદગી સુધરે છે; કારણ કે જિંદગી ક્ષણોની અને દિવસોની બનેલી છે. માટે જિંદગી સુધારવા સારૂ આપણા રોજના દિવસો સુધરે તેમ કરો, એટલે કે હમેશાં સવારના પહોરમાં વહેલા ઊઠીને સૌથી પહેલાં પ્રભુની પ્રાર્થના તથા ધર્મનાં કામો કરો.

૬૩–પાપથી બચવા માટે આપણી રોજની ભૂલો તપાસો

જે વેપારી પોતાના ચોપડા દરરોજ તપાસ્યા કરે છે, તેના વ્યવહારમાં ઝાઝી ગડબડ થઈ શકતી નથી. તેમજ જે માણસ દરરોજ પોતામાં રહેલા દોષોને જોયા કરે છે, તે પણ કોઇક દિવસ સારા થઈ શકે છે. માટે અગાઉ થઈ ગયેલી ભૂલોનો પશ્ચાત્તાપ કરીને દયાળુ પ્રભુ પાસે પોતાના અપરાધો કબૂલ કરી દરરોજ ખુલ્લા દિલથી તેની માફી માગવી જોઇએ અને આજે આપણાથી શું ભૂલ થઇ છે, તે જાણવા માટે દરરોજ રાતે સૂતા પહેલાં વિચાર કરવો જોઇએ. એથી પાપનું ખાતું ઓછું થતું જાય છે અને ધર્મનું ખાતું વધતું જાય છે, તેથી વખત જતાં પવિત્ર થઈ શકાય છે અને અંતે હરિની હજૂરમાં અનંતકાળના મોક્ષધામમાં જઇ શકાય છે, માટે આપણી રોજની ભૂલો તપાસવાની ટેવ પાડો.

રાતે સૂતા પહેલાં વિચાર કરો કે, મેં આજે કોઇને ગેરઇન્સાફ તો નથી કર્યો? આજે મારાથી કાંઇ જૂઠું તો નથી બોલાઇ ગયું? કોઇની નિંદા તો નથી થઈ ગઈ? કોઇના ભલામાં આડી જીભ તો નથી વાળી? કોઇને ખોટી સલાહ તો નથી આપી? આજે કોઇનો જીવ દુખવ્યો છે કે નહિ? આજે મારાથી કાંઈ બૂરા વિચારો થઇ ગયા છે કે નહિ? આજે મારે જે ફરજ બજાવવાની હતી, તે રૂડી રીતે બજાવી છે કે નહિ? આજે મેં કેટલી

નકામી વાતો કરી છે અને કેટલી નકામી કૂથલી સાંભળી છે? આજે જે કરવાનું હતું, તેમાંથી કેટલું મારાથી બન્યું? આજે મારાં સગાંઓ તથા મારા સમાગમમાં આવેલાં માણસોની સાથે હું કેમ વર્ત્યો છું? આજે મેં ધર્મનું શું કામ કર્યું છે? અને આજે મેં મહાન પ્રભુની પવિત્ર ભક્તિ કરવામાં કેટલો વખત ગાળ્યો છે? આવી રીતે આપણે આપણા મનને દરરોજ રાતે સૂતા પહેલાં પૂછવું જોઇએ અને જો એમાં ક્યાંય પણ કાંઈ ગોટાળા જેવું લાગે, તો એ માટે ખરા દિલથી પશ્ચાત્તાપ કરી શુદ્ધ અંતઃકરણથી માફી માગવી જોઇએ અને એ ભૂલ સુધારવાની તક જ્યારે બને ત્યારે જલદીથી લેવી જોઇએ; એટલુંજ નહિ પણ આપણી ભૂલથી જો કોઇનું અપમાન થયું હોય, કોઇનું મન દુખાયું હોય, કોઇનું કામ થતાં અટકી પડ્યું હોય, કે કોઇને કાંઇ પૈસા સંબંધી નુકસાની થઇ હોય, તો તેનો આપણે બની શકે તેવી રીતે જ્યારે તક મળે ત્યારે યથાશક્તિ બદલો વાળી આપવો જોઇએ. એ હરિજનનાં લક્ષણ છે અને એનું નામ ધર્મ છે; પણ એ બધું આપણી રોજની ભૂલો સમજવાથી થાય છે, માટે હમેશ રાતે સૂતા પહેલાં દિવસનાં કામોનો વિચાર કરી પ્રભુનું સ્મરણ કર્યા પછી તમારી આંખોને મીંચાવા દો, એટલે મહાભયંકર પાપથી સહેલાઇથી બચી શકશો અને પ્રભુના કૃપાપાત્ર થઇ શકશો.

પદ

રાતે રોજ વિચારો આજ કમાયા શું અહીં રે, સૂતાં મન મહીં રે (ટેક)

ખાવા પીવા પ્રભુએ દીધું, તે સાટે મેં શું શું કીધું?
એ ખાતું સરભર કીધું છે કે નહિ રે? રાતે૦ ૧

પાપરૂપ શું કરજ થયું છે, કયા સાટ મેં પુણ્ય કર્યું છે;
પુણ્ય પાપમાં વધેલ છે બાજુ કયી રે? રાતે૦ ૨

જે માટે આ જગ તન દીધું, તે માટે મેં શું શું કીધું;
વધુ ઘટુ એ સુધારવું શું તે મહીં રે? રાતે૦ ૩

માયાએ કેવા ભૂલાવ્યા, બુદ્ધિશાને કેવા ફાવ્યા;
કયી સવળી કે અવળી રીતિ છે રહી રે? રાતે૦ ૪

ભૂલચૂકની માફી માગી, અનંત પતિને પાયે લાગી;
નિત્ય સૂએ તે નિત્ય થશે સુખી સહી રે. રાતે૦ ૫

૬૪–મોઢા ઉપર પડેલા ડાઘો અરીસામાં જોઈને કાઢી નાખીએ છીએ, તેમ અંતરમાંના દોષોને પણ રોજની ભૂલો તપાસી કાઢી નાખવા જોઇએ

અંતરમાં મલિન વિકારો ભરી રાખીને કાંઈ પ્રભુના રસ્તામાં ચાલી શકાય નહિ; માટે જો હરિજન થવું હોય અને પરમદયાળુ, સર્વશક્તિમાન, અખંડાનંદ પ્રભુની હજૂરનાં સુખ ભોગવવાં હોય, તો અંતરના મલિન વિકારો દૂર કરવા જોઇએ; કારણ કે જેવી અંતરની વાસના હોય તેવા મનમાં વિચારો હોય છે, જેવા મનમાં વિચારો હોય તેવી મોઢેથી વાણી બોલાય છે અને જેવી મોઢેથી વાણી બોલાય તે પ્રમાણેનાં દુનિયાદારીનાં કામકાજ થાય છે. માટે આપણા અંતરમાં જે બૂરી વાસનાઓ ભરેલી છે અને જેને આપણે વહાલી કરીને આજ દિવસ સુધી છૂપી રીતે ઊછેરેલી છે તે બૂરી વાસનાઓને–તે જૂનાં પાપોને આપણે આપણા અંતરમાંથી કાઢી નાખવાં જોઈએ. એ કાઢવાનો સહેલો રસ્તો એ છે કે, આપણે આપણી રોજની ભૂલો તપાસવી જોઇએ; એટલે જેમ અરીસામાં જોવાથી આપણા મોઢાની ખામીઓ દેખાઇ આવે છે, તેમ આપણી રોજની ભૂલો તપાસવાથી આપણાં નાનાં મોટાં પાપો દેખાઇ આવે છે. એ વખતે રોજની ભૂલો તપાસવાથી આપણને સમજાય છે કે,

“આ ઠેકાણે જવું મને વાજબી નહોતું; આ શબ્દો બોલવામાં મેં ઉતાવળ કરી છે; આ કામ આવી રીતે કરવું જોઈતું નહોતું; પેલા માણસ સાથે જરા છૂટ મૂકીને વર્ત્યો હોત, તો સારૂં હતું; ફલાણી ફલાણી વાત સાંભળવાની મને કાંઇ જરૂર નહોતી; પેલા કામમાં હું નથી ગયો, એ મારી ભૂલ થઇ છે; આ જગ્યોએ મેં જરા વધારે પડતો ભાગ લીધો છે; આજ મારો ઘણો વખત ફોગટ ગયો છે; પેલું કામ થઇ જાત, પણ મારી આળસથી રહી ગયું છે, આજે ભગવત્સ્મરણ થઇ શક્યું નથી, એ મોટી ખોટ ગઇ અને આજે હું મહાન પ્રભુને અર્થે કાંઇ ધર્મદાન કે રૂડાં કામ કરી શક્યો નથી; પણ ઊલટા મારા મનમાં આજે એક બે પાપી વિચાર આવી ગયા છે. પ્રભુ! બચાવ! બચાવ!! હવે મને આવું શોભતું નથી. આવી ભૂલોમાંથી તે હવે હું ક્યારે બચીશ? હે દીનદયાળ પવિત્ર પિતા! મને તારા શરણનું બળ આપ! બળ આપ!

તારી કૃપા વિના હું આવી ભૂલોમાંથી બચી શકું તેમ નથી."

ભાઈઓ! આવી રીતે રાત્રે સૂતા પહેલાં કોઈ દિવસ તમે તમારી ભૂલો તપાસો છો? નહિજ. જો એવી રીતે આપણી ભૂલ આપણે તપાસીએ અને આપણાં પાપ આપણે ખુલ્લી રીતે સમજીએ, તો પછી તેને પકડી રાખવાનું આપણને મન થાય નહિ. જેમ અરીસામાં જોવાથી આપણા મોઢા ઉપરના ડાઘ સાફ કરવાનું આપણને કુદરતી રીતે મન થઈ આવે છે, તેમ આપણી રોજની ભૂલો સમજવાથી પણ તે ભૂલો સુધારવાની આપણને કુદરતી ઇચ્છા થઈ આવે છે, તેથી વખત જતાં ધીરે ધીરે એ ભૂલો સુધરતી જાય છે ને પાપથી બચી શકાય છે; કારણ કે જેવી ભાવના તેવું ફળ છે; માટે હમેશાં અંતઃકરણ ચોખ્ખું રાખવાની ભાવના રાખો અને એ જાતના ઉપાય કરો, એટલે કાંઇ પ્રભુ દૂર નથી.

૬૫-ઈશ્વર સર્વનો પાલનકર્તા છે

દોહરો

જેણે પ્રાણી પ્રગટતાં, પહેલું કીધું દૂધ;
તે પ્રભુને નવ ઓળખે, એથી કોણ અબુધ.

જેણે આપણા જન્મની અગાઉ માના સ્તનમાં દૂધ ભરી મૂક્યું, તે પ્રભુને જેણે ઓળખ્યા નહિ, તે પ્રભુનું સ્વરૂપ સમજવા માટે જેણે તજવીજ કરી નહિ, તે કરતાં વધારે મૂર્ખ બીજું કોણ? તમે વિચાર કરો કે, જેણે જન્મ પહેલાં દૂધની તૈયારી કરી મૂકી છે, તે દયાળુ પ્રભુ હવે આપણને ભૂખે કેમ મારશે?

કોઈ કુંભાર પણ ફોડી નાખવા માટે હાંડલાં બનાવતો નથી, ત્યારે જગતકર્તા પ્રભુ આપણને ભૂખે મારી નાખવા માટે કેમ બનાવશે? કોઈ પણ બાપ કાંઈ ખાસ કારણ વિના પોતાના પુત્રને મારી નાખતો નથી, ત્યારે પાલનહાર પ્રભુ આપણને આપણા વાંક વિના ભૂખે કેમ મારી નાખશે? સ્વાર્થમાં ફસાયેલાં માણસો કરતાં પ્રભુ કેટલો બધો નિઃસ્પૃહી છે ને કેટલો બધો દયાળુ છે, એ વિચારો તો ખરા.

ભાઈઓ! જેણે મોરને આવાં સુંદર પીંછાં આપ્યાં છે, તે આપણને પહેરવા વસ્ત્ર આપ્યા વિના કેમ રહેશે? જેણે ઠંડા મુલકમાં રહેનારાં જાનવરોને મોટા ગરમ બાલ આપેલા છે, જેણે

ગરમ મુલકના જીવોને માટે તેઓને અનુકૂળ પડતી સગવડો કરેલી છે અને જેણે વરસાદની ઋતુને માટે તેવી જાતની તૈયારીઓ કરી મૂકેલી છે, તે પાલનહાર ઈશ્વર પોતાના ભક્તજનોને કેમ ભૂલી જશે? એ ખ્યાલ તો કરો. સાધુ સુંદરદાસજી કહે છે કે,

ઈન્દ્રવિજય છંદ

હોઇ નચિંત કરૈ મત ચિંતહિ, ચોંચ દઇ સોઇ ચિંત કરૈગો,
પાંવ પસાર પર્યો કિ ન સોવત, પેટ દિયો સોઈ પેટ ભરૈગો.
જીવ જિતે જલકે થલકે પુનિ, પાહનમેં પહુંચાય ધરૈગો;
ભૂખહી ભૂખ પુકારત હૈ નર, સુંદર તું કહાં ભૂખ મરૈગો?

૬૬–શક્તિ વિના કરજ કરવું તે ચોરી કરવા જેવું છે

કોઈના ખીસામાંથી કે કોઈની પેટીમાંથી છૂપી રીતે કાંઈ વસ્તુ લઈ લેવી, તેને આપણે ચોરી સમજીએ છીએ; પણ સંત પુરુષો કહે છે કે, શક્તિ વિના કરજ કરવું એ પણ ચોરી કરવા બરાબર છે. પૈસા પાછા આપી દેવાની આપણામાં શક્તિ ન હોય, છતાં પણ કોઇની પાસેથી કાંઇ લાલચ આપીને કે વધારે વ્યાજ આપીને કરજે પૈસા કઢાવવા એ એક જાતની ચોરી છે. કરજ આપી દેવા જેટલી આપણી આવક ન હોય તથા લીધેલા પૈસા પાછા આપવાની આપણી શક્તિ ન હોય, છતાં પણ લાંબી લાંબી આશા ઉપર કે માનમરતબા સારૂ અયોગ્ય રીતે કરજ કરવું અને સામા માણસને ફસાવવો એ ખુલ્લી ચોરી છે. દુકાળ વગેરે ભયંકર આફત વખતે કરજ કરવું પડે, એ જુદી વાત છે અને મોજશોખ કરવા સારૂ, માનમરતબો મેળવવા સારૂ કે નાતવરા કરવા સારૂ કરજ કરવું, એ જુદી વાત છે. એવી જાતનું પોતાની શક્તિ ઉપરાંત ખર્ચ કરવું ને કરજ કરવું તેનું નામ ચોરી છે. મોજશોખ કરવા માટે કરજ કરવું તેનું નામ ચોરી છે; એટલુંજ નહિ પણ મહાત્માઓ તો એમ કહે છે કે, કરજ કરીને ધર્મ પણ કરવો નહિ. પારકાના પૈસે કાંઈ આપણને ધર્મ થાય નહિ અને જો એવી રીતે કરજ કરીને ધર્મ કરીએ, તો ઊલટું પાપ લાગે છે; કારણ કે, પારકે પૈસે દિવાળી કરવાનો આપણને કાંઇ હક નથી અને "પારકી લેખણ પારકી શાહી ને મતુ કરે મારા માવજીભાઇ" એવી રીતે કાંઇ પારકા પૈસાથી આપણું નામ કાઢી લેવાય નહિ. એમ કરવું એ તો સામા માણસને દગો કરવા બરોબર છે અને તેનું

નામ પાપ છે; માટે ભાઇઓ! યાદ રાખજો કે, જેમ ખરેખરા જરૂરને વખતે કે જ્યારે ઊલટી મદદ કરવી જોઇએ, ત્યારે ગરીબ લોકો પાસેથી વધારે વ્યાજ લેવું કે કોઈ પણ જાતના ગેરવાજબી લાભ લઈ લેવા એ જેમ પાપ છે, તેમજ શક્તિ વિના કરજ કરવું એ પણ એક જાતની ચોરી છે. ધર્મ કરવા સારૂ પણ કરજ ન કરવું જોઇએ, ત્યારે મોજશોખને માટે તો કરજ કેમજ કરાય? માટે ભાઈઓ! ચોરી ન કરવી એ પ્રભુનો હુકમ માની ગેરવાજબી રીતે કરજ ન થઈ જાય એ સંભાળજો.

૬૭–છોકરાઓ સારૂ દલ્લો મૂકી જવો અને પોતે નરકમાં પડવું; એવું ન કરો

આપણાં છોકરાંઓ આપણને બહુ વહાલાં લાગે છે; કારણ કે તે પ્રભુનાં આપેલાં છે અને પ્રભુની કૃપાનું ફળ છે; એટલે આપણાં બચ્ચાંઓ ઉપર પ્યાર રાખવાને આપણે બંધાયલા છીએ. આપણે તેઓની ઉપર જે હેત રાખીએ છીએ, તે કાંઈ આપણેજ માટે નહિ; પણ પ્રભુને અર્થે તેઓની ઉપર હેત રાખવાને અને તેઓનું ભલું કરવાને આપણે આપણા પવિત્ર ધર્મથીજ બંધાયલા છીએ; કારણ કે એ બચ્ચાંઓ આપણાં તો ઘડીક વારનાં છે, પણ મહાન પ્રભુના તો તે અનંતકાળના જીવો છે અને તેઓનો આત્મા પ્રભુનોજ અંશ છે; એટલે આપણાં છોકરાંઓ સાથે આપણી જેટલી સગાઇ છે, તે કરતાં પણ સર્વશક્તિમાન પ્રભુને તેઓની સાથે વધારે સગાઇ છે. આમ હોવાથી આપણને આપણાં બચ્ચાં–છોકરાંઓ ઉપર જેટલું વધારે હેત આવે, તેટલું પ્રભુને આપણી ઉપર વધારે હેત આવે છે; માટે આપણાં બચ્ચાંઓ ઉપર ખાસ પ્યાર રાખવાની આપણી ફરજ છે, પણ તેઓને ખાતર પાપ કરવાની કાંઇ આપણી ફરજ નથી. છોકરાંઓને સુખી કરવા સારૂ કાંઈ આપણા આત્માને નરકમાં નખાય નહિ. આપણાં છોકરાંઓનું ભલું શાથી થાય? એ જેટલું આપણે સમજીએ છીએ અને તેઓને માટે આપણે જેટલી કાળજી રાખીએ છીએ, તે કરતાં સર્વવ્યાપક પવિત્ર પિતા તેનું વધારે કલ્યાણ સમજે છે અને આપણા કરતાં તે સર્વશક્તિમાન પ્રભુ આપણાં બચ્ચાંઓની વધારે કાળજી રાખે છે; માટે વાજબી રીતે જેટલી બને તેટલી તેઓને માટે તજવીજ રાખવી એ આપણી ફરજ છે અને એ પછી

તેઓને પ્રભુની દયા ઉપર છોડવાં, એ આપણો ધર્મ છે; પણ તેઓને જરાક વારનું સુખ થાય તે સારૂ આપણા પોતાના આત્માને નરકમાં નાખવો એ કાંઇ આપણો ધર્મ નથી અને એ કાંઈ પ્રભુનો હુકમ નથી.

ભાઇઓ! આપણે તો આપણાં છૈયાંછોકરાંના ગોવાળ છીએ. તેનો અને આપણો ખરો માલિક તો અનંત બ્રહ્માંડનો નાથ સર્વેશ્વર પરમાત્મા પોતે છે. ગોવાળને ગાયો ઉપર બહુ હેત આવે, તેથી કાંઇ પારકાં ખેતરો ચરાવી દેવાય નહિ અને જો એવી રીતે કોઇનાં લીલાંછમ ખેતરો ગાયોને ચરાવી દે, તો તે ગાયોને સરકારી ડબ્બામાં પુરાવું પડે અને ગોવાળનો પણ દંડ થાય; તેમજ જો આપણે આપણાં છોકરાંઓને મોજશોખ કરવા મળે તે સારૂ આપણે માથે કરજ રાખીએ, અથવા તો કાંઇ ઘાલમેલ કરી બીજાઓના પૈસા ડુબાવીએ, તો આપણે પ્રભુના ગુનેગાર થઇએ છીએ અને તેનાં ફળ આપણાં છોકરાંઓને પણ ભોગવવાં પડે છે. માટે બચ્ચાંઓ ઉપર પ્યાર રાખો, પણ તેઓ સારૂ પાપ ન કરો. બચ્ચાંઓનું ભલું થાય તેમ કરો, પણ તેઓની ખાતર તમે નરકમાં ન પડો. બચ્ચાંઓમાં સદ્‌ગુણો વધે તેમ કરો, પણ તેઓને મોજશોખમાં રાખવા સારૂ તમે કરજ ન કરો અને જેમ તમે તમારાં છોકરાંઓને વધારે ચાહશો તેમ પ્રભુ તમોને વધારે ચાહશે; પણ તેઓને ખોટાં લાડ લડાવવા સારૂ મહાકાળના પણ કાળ અને ભયના પણ ભય સર્વશક્તિમાન પરમ પરમાત્માનો હુકમ ન તોડાય, એ સંભાળજો.

૬૮—જેમને મોજ કરાવવા સારૂ તમે નરક પસંદ કરો છો, તેમનું તમારી ઉપર કેવું હેત હોય છે?

એક શ્રીમંત માણસ હતો. તે ધંધારોજગારની ઉથલપાથલથી દૈવયોગે નુકસાનીમાં આવી પડ્યો. એ પછી એકદમ પૈસાદાર થવા સારૂ તે સટ્ટો કરવા લાગ્યો અને તેમાં ખુવાર થતો ગયો, તેથી પોતાની મોટી મિલકતમાંથી જે કાંઇ અધુંપધું બચ્યું તે પોતાનાં બાયડીછોકરાંના નામે ચડાવી દીધું અને પોતે નાદારીકોર્ટમાં ચોપડા મોકલી દઈ દેવાળું કાઢ્યું.

એ પછી થોડા વખતમાં તે બુઢ્ઢો શેઠ મરવા પડ્યો, ત્યારે તેના બટકબોલા ગોરે કહ્યું કે, "શેઠ! હવે વખત પાસે આવ્યો

છે, માટે માથા ઉપરનો ભાર ઓછો કરો. રાંડીરાંડોના ઘાલ્યા છે તે કાઢી આપો. જો એમ ને એમ માથે ભાર રાખીને ચાલ્યા જશો, તો બહુ વસમું થઇ પડશે; માટે કાંઇ માગનારાઓનો નિકાલ કરો, આંખ મિચાયા પછી કાંઈ નહિ થાય. માટે હમણાં બાજી હાથમાં છે તો ચેતો, નહિ તો પસ્તાશો." ત્યારે તે શેઠે કહ્યું કે, "તમારી વાત સાચી છે, પણ મારી પાસે માંડમાંડ લાખ રૂપિયાની પૂંજી છે ને એટલુંજ કરજ છે, તે બધું જો આપી દઉં તો પછી છોકરાંના શું હાલ થાય ? છોકરાંઓ ખાય ક્યાંથી? હું રહ્યો બચરવાળ ને છોકરાઓ છે અકર્મી, એટલે જો માગનારાઓને બધું આપી દઉં, તો પછી આંટણિયાઓના શું હાલ થાય? ઘણાય છ–છોકરા છે, પણ એકેમાં કાંઇ માલ છે? બધાય બાઇજીબા જેવા છે. એ બધા સારૂ મારે આબરુ ગુમાવવી પડી છે, નહિ તો હું તે શું કરવા દેવાળું કાઢું ?" ત્યારે તે ગોરે કહ્યું કે, "શેઠ! એ એકે છોકરો પ્રભુના પવિત્ર ઇન્સાફ વખતે આડા હાથ દેવા નહિ આવે. આપણાં શાસ્ત્રમાં તો એમ કહેલું છે કે જે પું નામના નરકમાંથી તારે તેનું નામ પુત્ર. જે નરકમાં નાખે તેનું નામ પુત્ર નહિ. આપણી ઉપરનો બોજો ઉપાડવા માટે એટલે કે આપણાથી ધર્મનાં જે કામ અધૂરાં રહ્યાં હોય, તે પૂરાં કરવા માટે પુત્રની જરૂર છે. કાંઇ આપણને નરકમાં લઇ જવા સારૂ છોકરાઓ ન હોય. જે છોકરાઓ અહીં પણ આપણા થતા નથી, તે મૂઆ પછી ત્યાં આપણા ક્યાંથી થઇ શકશે ? માટે શેઠ કાંઇક સમજો."

ગોરે આવી ઘણીય વાતો કહી, પણ તે શેઠ કાંઈ સમજે નહિ, તેથી તે ગોરે યુક્તિ કરીને કહ્યું કે, "શેઠ! મહાલક્ષ્મીના મંદિરમાં એક યોગી આવ્યો છે, તે બહુ ચમત્કારિક મહાત્મા છે. હાથ ફેરવીને દરદો સારાં કરે છે, મારાં મામીને સન્નિપાત થઇ ગયો હતો, તે રાખની ચપટીથી મટાડ્યો."

શેઠે કહ્યું કે, "ત્યારે તો એને જલદી અહીં બોલાવો. ભલે ગમે તે લે, પણ એને અહીં બોલાવો." ગોરે કહ્યું કે, "એ કોઇ પાસેથી કાંઇ લેતોજ નથી. તે તો સૌને મફત દવા આપે છે ને એની દવાથી તરતજ ફાયદો થાય છે; પણ વાત એટલીજ કે તે કહે તેમ કરવું જોઇએ." શેઠે કહ્યું કે, "જેમ કહેશે તેમ કરીશ, પણ એને જલદી અહીં બોલાવો."

થોડી વારમાં ગોર એક સાધુને લઇને શેઠ પાસે હાજર થયા.

એ વખત શેઠ "અરરરરર, ઓ માડી રે! ઓય બાપલિયા, મરી જાઉં છું રે માડી! અરેરે, હવે તે હું શું કરૂં?" એમ બૂમો મારતા પલંગ પર પડ્યા હતા. પાસે શગડી રાખેલી હતી અને માણસો તેમને શેક કરતા હતા.

સાધુને જોઇને શેઠે પડ્યે પડ્યે માથું હલાવી નમસ્કાર કર્યો અને જરા કઠણ થઈ નમ્રતાથી ગદ્ગદિત સાદે કહ્યું કે, "મહારાજ! આ શૂળથી બહુ દુઃખી થાઉં છું. અમે તો બધા ઉપાય કરી ચૂકયા, હવે તો તમે બચાવો તો બચું. તમારો ગુણુ કાંઈ નહિ ભૂલું, જેમ તમે કહેશો તેમ કરીશ; પણ દયા કરીને મને આ દુઃખમાંથી છોડાવો."

તે સાધુએ કહ્યું કે, "એમાં શું મોટી વાત છે? હમણાં તમારું દરદ જાય, બોલાવો તમારા છોકરાને."

બે છોકરા પાસે હાજરજ હતા. તેમણે કહ્યું કે, "બોલો મહારાજ, શું કામ છે?" ત્યારે મહારાજે કહ્યું: "તમારા બાપનું દરદ બહુ ભયંકર છે. એ કંઈ દવાથી મટે એમ નથી, એ તો મંત્રથી મટે તેમ છે; પણ એ મંત્રની વિધિ બહુ કઠિન છે અને તમારાથી બને એવી નથી."

છોકરાઓએ કહ્યું કે, "મહારાજ! કહો તો ખરા." ત્યારે શેઠે કહ્યું કે, "નહિ કેમ બને? ગમે તેવું કઠણ હોય તો શું થયું? મારી જિંદગી કરતાં બીજું શું વધારે છે?" ત્યારે તે સાધુએ કહ્યું કે, "શેઠ! તમારો કોઇ છોકરો જો સગડી ઉપર પોતાનો હાથ બાળી નાખે અને એ બળેલો હાથ હું કહું તે મંત્ર ભણીને તમારી છાતી ઉપર ફેરવે તો તમે અબઘડી સાજા થાઓ; નહિ તો થોડા વખતમાં 'જો રામજીકી મરજી હોયગા સો હો જાયગા.' બીજો કાંઇ ઉપાય નથી."

શેઠે છોકરાઓના મોં સામું જોયું. એટલામાં બીજા છોકરાઓ પણ આવી પહોંચ્યા; પણ કોઇ પોતાનો હાથ બાળવા તૈયાર થયો નહિ. ત્યારે પેલા ગોરે કહ્યું કે, "શેઠ! જોઇ દુનિયાની સગાઈ? બળેલો હાથ તો પાછો પાંચપંદર દિવસમાં સાજો થશે, પણ થાય છે કોઇની હિંમત? તમારે માટે તમારા છોકરાઓ આ જરાક જેટલી સગડીનો અગ્નિ ખમી શકતા નથી, ત્યારે તમે તેને માટે આ અગ્નિ કરતાં નરકનો હજારેગણો જ્વલંત અગ્નિ કેમ ખમી શકશો? છોકરાઓનાં નસીબ છોકરાઓની સાથે છે, માટે વિશ્વં-

ભરનાથ ઉપર વિશ્વાસ રાખીને લોકોનાં નાણાં ઘાલ્યાં છે, તે કાઢી આપો ને માથાનો ભાર હલકો કરો, નહિ તો માર્યા જશો. જે છોકરાઓ અહીં પણ તમારા થતા નથી, તે પરલોકમાં તમારા ક્યાંથી થશે ? માટે હજી વખત હાથમાં છે, તો કાંઇક સમજો. મૂઆ પછી કાંઇ નહિ થાય.”

આ સાંભળીને તે શેઠના મનમાં બહુ લાગી આવ્યું અને તેને સમજાઇ ગયું કે,

કોનાં છોરુ ને કોનાં વાછરુ, કોનાં માય ને બાપ;
અંતકાળે જાવું એકલું, સાથે પુણ્ય ને પાપ.

એમ વિચારીને તે શેઠે પોતાનું કરજ ચુકાવી દીધું. ભાઇઓ! એ શેઠની પેઠે આપણી પણ કાંઈ ભૂલ થતી હોય તો હમણાંથીજ વિચારવાની બહુ જરૂર છે; કારણ કે એ શેઠનેતો ભલો ગોર મળી ગયો હતો, પણ આપણા હાલના ઘણાખરા ગોર તો માંડીવાળેલ પાનિયાં જેવા છે અને આપણાં મન પણ એ અસલના શેઠિયાની પેઠે ઘડીકમાં સમજી જાય તેવાં નથી; એટલુંજ નહિ પણ ઊલટું હાલમાં આપણા વકીલો ને વાલીવારસ તો એવીજ સલાહ આપશે કે એમાં શું ? એ તો એમજ ચાલે છે, હવે મુદત ગઇ છે, એટલે એ લોકોનું કાંઇ ચાલે તેમ નથી. મોટા મોટા જેન્ટલમૅન પણ દેવાળું કાઢે છે, ત્યારે આપણે તે શું વિસાતમાં ? આવી સલાહ આપવાવાળા આજના વખતમાં કાંઇ થોડા નથી, માટે કોઇનો હરામનો માલ ઓહિયાં ન કરી જવાય, એ આપણા પવિત્ર આત્માને ખાતર અને સર્વશક્તિમાન જગદાધાર મહાન પ્રભુને ખાતર, તે દયાળુના પવિત્ર ઇન્સાફથી ડરીને સંભાળજો; કારણકે નરકનાં દુઃખો બહુ ભયંકર છે, માટે પાણી પહેલાં પાળ બંધાય તેમ કરજો.

૬૯–ઈશ્વર આપણો પિતા, મોક્ષદાતા, કૃપાળુ, સૌંદર્યવાન તથા આદિઅંતરહિત છે

ઈશ્વર આપણો પિતા છે

આપણાં માબાપ આપણી ઉપર અતિશય પ્રેમ રાખે છે, તેનું કારણ એ છે કે, પ્રભુએ તેઓનાં હૃદયમાં આપણે માટે પ્રેમ ભરી મૂકેલો છે. માટે આપણો ખરો પિતા પ્રભુ છે, કારણ કે જો પ્રભુ આપણાં માબાપનાં હૃદયમાંથી પ્રેમ ખેંચી લે તો આપણાં માબાપો ગમે તેવાં ભલાં છતાં પણ આપણી ઉપર પ્રેમ રાખી શકે

નહિ. દુનિયામાં જેટલી જાતની સગાઇઓ છે ને જેટલી જાતના પ્રેમ છે તે સર્વ પ્રેમનું મૂળ પરમાત્મા છે. પ્રભુમાંથી આપણને સર્વ પ્રેમ મળે છે, માટે આપણો ખરો પિતા સમર્થ ઈશ્વરજ છે.

ઈશ્વર આપણો મોક્ષદાતા છે

પિતા જેમ સારામાં સારી ચીજ પોતાનાં વહાલાં છોકરાં માટે રાખી મૂકે છે, તેમ આપણા મહાન દયાળુ પિતા ઈશ્વરે આપણે માટે સ્વર્ગનાં મહાન સુખો અને મોક્ષના અલૌકિક આનંદો રાખેલા છે. આપણાં માતાપિતા અને આપણાં વહાલામાં વહાલાં સગાં તથા દોસ્તો અને મુરબ્બીઓ આપણને કીમતીમાં કીમતી વસ્તુઓ આપી શકે અને કોઇ વખત આપણે માટે પ્રાણ પણ આપી શકે; પણ સમર્થ પ્રભુ સિવાય કોઇ આપણને સ્વર્ગ કે મોક્ષ આપી શકે તેમ નથી, માટે આપણો ઉદ્ધાર કરનાર આપણો મોક્ષદાતા કૃપાળુ ઈશ્વરજ છે.

ઈશ્વર કૃપાળુ છે

બાપ છોકરાને ધમકાવે અથવા મારે છે, તેમાં તેની મતલબ છોકરાનું ભલું કરવાની હોય છે; તેમજ ઈશ્વર આપણને દુઃખ આપે છે તે પણ આપણા ભલાને માટેજ હોય છે; કારણ કે ઈશ્વર કૃપાળુ છે. તે પોતાની સુખદાયક કૃપા આપણી ઉપર કયે રસ્તે ઉતારશે, એ આપણે જાણતા નથી. પ્રભુ હજાર રસ્તે આપણું અને આખા જગતનું તથા અનંત બ્રહ્માંડોનું કલ્યાણ કરી શકે છે, માટે પ્રભુ કૃપાળુ છે.

ઈશ્વર સૌંદર્યવાન છે

એક છોકરીએ પોતાની માને પૂછ્યું કે, "મા! આવાં સુંદર ફૂલો તે કોણે બનાવ્યાં હશે?" ત્યારે માએ કહ્યું કે, "એ પ્રભુએ બનાવેલાં છે." ત્યારે તે છોકરી બોલી કે, "ઓહો! જેણે આવાં સુંદર ફૂલો બનાવેલાં છે તે પોતે કેવો અદ્ભુત સુંદરતાવાળો અને કેવા અલૌકિક આનંદવાળો હશે?" એવી સુંદરતાવાળા શ્યામ-સુંદરની તરફ જે જોતા નથી અને એવા સચ્ચિદાનંદ આનંદસ્વરૂપમાંથી જે આનંદ લૂંટતા નથી, તેઓ કેવા પામર છે, એ વિચારો તો ખરા! એવા પામરપણામાં ન રહી જવાય માટે શોભાના ભંડારરૂપ, રૂપના અવતાર પ્રભુની સામે જુઓ—પ્રભુના આનંદદાયક સ્વરૂપનું જ્ઞાન મેળવો.

ઈશ્વર આદ્યંતરહિત છે

જ્યારે પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, સૂરજ, ચંદ્ર, તારા વગેરે કાંઇ પણ નહોતું, ત્યારે પણ આદિનાથ પ્રભુ હતા અને જ્યારે એ બધું નાશ પામશે ત્યારે પણ પ્રભુ રહેશે; માટે તેને આદ્યંતરહિત કહેવામાં આવે છે.

કોઈ પણ કાળ પ્રભુને લાગુ પડતો નથી. પ્રભુ તો કાળના પણ મહાકાળ છે. ભૂત, ભવિષ્ય ને વર્તમાનકાળ એ આ દુનિયાને માટે છે. પ્રભુને ભૂત–ભવિષ્ય લાગી શકતા નથી, તે તો સદાસર્વદા પોતાના આનંદસ્વરૂપમાં, વર્તમાનકાળમાંજ રહે છે, માટે શાસ્ત્રોમાં તેને આદ્યંતરહિત એટલે જન્મમરણ વગરના કહેલા છે.

ભુજંગી છંદ

તમે સર્વ સંસાર વિસ્તાર કીધો, તમે સર્વને સુખનો સાથ દીધો;
તમે વિશ્વ વિશ્રામના ઠામ જેવા, દયાળુ તમોને નમું દેવદેવા.
તમે પૃથ્વી સાથે સજ્યાં સર્વ પ્રાણી, તમે વેદ વિદ્યા વિશેષે વખાણી;
તમે માણસોને દીધા મિષ્ટ મેવા, દયાળુ તમોને નમું દેવદેવા.
તમારા ગુણો શેષ મહેશ ગાવે, તમારા પૂરા પાડનો પાર ના'વે;
તમે છો ત્રિલોકી તણા તાત જેવા, દયાળુ તમોને નમું દેવદેવા.
ભજે શેષ ને શારદા ચન્દ્ર ઇન્દ્ર, ભજે આપને નિત્ય મોટા મુનીંદ્ર;
સદાશિવ જેવા સજે નિત્ય સેવા, દયાળુ તમોને નમું દેવદેવા.

૭૦–વૈદના ઘરમાં ઝેર હોય, તેથી કાંઇ તે પોતે ઝેર ખાઈ લે નહિ; તેમ આ દુનિયામાં માયા હોય તેથી કાંઇ આપણે તેમાં ફસાઈ જવું જોઇએ નહિ

માયાના મોહ વિના અને મોહની જંજાળ વિના કાંઇ આ દુનિયા ચાલી શકે નહિ; માટે માયાનો મોહ તો આ દુનિયામાં હોયજ. જો એવો મોહ ન થાય અને પ્રભુ પોતે આપણી આંખે જોઇ શકાય તેવી રીતે સાક્ષાત્સ્વરૂપે બિરાજતા હોય, તો પછી આપણો પુરુષાર્થ શું? તો પછી આપણે કરવાનું શું? જો એવી રીતે હોય, તો પછી આપણી શ્રદ્ધાભક્તિની પરીક્ષા કેવી રીતે થાય? જો અંધારું ન હોય તો પછી અજવાળાની કિંમત શી? તેમજ જો માયા ન હોય તો પછી ઇશ્વરને જાણવામાં આપણી શી વડાઇ? આપણો સર્વશક્તિમાન, મહાન દયાળુ પિતા પ્રભુ જેમ અતિશય પુરુષાર્થ-

વાળો છે અને રાત્રિદિવસ દરેક ક્ષણે જેમ જગતના હિતને માટે તજવીજ કરનારો છે, તેમ તે પોતાનાં બચ્ચાંઓને એટલે આપણને પણ પુરુષાર્થી જોવા ઇચ્છે છે; તે સારૂજ–આપણે આ દુનિયામાં પુરુષાર્થ કરી શકીએ તે સારૂજ–પ્રભુએ માયા બનાવેલી છે. જો માયા ન હોય તો પછી આપણે લડવાનું કોની સાથે? અને જીતવાનું કોની સાથે? બાઇસિકલને અધ્ધર રાખીને પછી તેનાં પૈડાંને હવામાં ફેરવ્યા કરીએ તો એમાં શું જોર પડે? ને એથી ક્યાં પહોંચાય? એમ કરવાથી તો જ્યાંના ત્યાંજ રહીએ; પણ જો તેનાં પૈડાંને જમીન સાથે ઘસારો આપીએ તોજ આપણા બળની અને આપણી હોશિયારીની ખબર પડે; એટલુંજ નહિ પણ જો બાઇસિકલને જમીનનો ઘસારો મળે, તોજ તે આપણને ધારેલે મુકામે પહોંચાડે. જો એવો ઘસારો ન મળે ને માત્ર પોલાણમાંજ પૈડું ફર્યાં કરે તો તેથી કાંઇ શુક્કરવાર વળે નહિ. તેમજ આપણા આત્માને કલ્યાણના રસ્તામાં લઇ જવા માટે માયા એ એક જાતનો ઘસારો આપવાનું સાધન છે. માયા તે એક જાતની દવા છે. જો કે એ ઝેરી દવા છે, તોપણ જીવરૂપી વૈદના ઘરમાં તો એ ઝેરી દવા પણ જોઇએ અને પ્રભુરૂપી અમૃત પણ જોઇએ; પણ વૈદના ઘરમાં ઝેર હોવા છતાં જેમ તે ઝેરના ફાકા ભરી લેતો નથી, તેમ આપણા ઘરમાં માયા હોવાથી આપણે પણ માયાના બાચકા ભરવા ન જોઇએ ને મોહનાં વલખાં મારવાં ન જોઇએ; પણ એમ સમજવું જોઇએ કે, અનંત બ્રહ્માંડના નાથ, સર્વશક્તિમાન મહાન પ્રભુને પામવા માટે માયા એ એક સાધન છે. માયા સાધન છે, ફળ નથી. ફળ તો અખંડ સુખરૂપ સચ્ચિદાનંદ પરમાત્માજ છે; માટે એવા સ્વયંપ્રકાશ પુરુષોત્તમ પ્રભુને છોડીને માયામાં ન ફસાઈ રહેવાય એ સંભાળજો. અમૃતને બદલે ઝેર ન ફાકી લેવાય તેની ખાસ સંભાળ રાખજો.

૭૧–પ્રભુ આપણી પાસે જેટલું કરાવવા ઇચ્છે, તેટલુંજ આપણે કરવું જોઇએ

કોઇ ઘોડાને બહુ દોડતાં આવડતું હોય, તેથી તેણે દોડ્યાજ કરવું, એ કાંઈ તેનું સારાપણું નથી, પણ ધણી લગામ ખેંચે તે પ્રમાણે કાબૂમાં રહેવું એજ તેનું સારાપણું છે. સવાર ધીમે ચલાવવા ઇચ્છતો હોય ત્યારે જો ઘોડો ઉતાવળો ચાલે, તો એ વધારે

ચાલવા છતાં પણ સવારની મરજી વિરુદ્ધ થાય છે ને તેથી ઘોડાની એ નાલાયકી ગણાય છે; તેમજ પ્રભુ આપણી પાસે જેટલું કરાવવા ઇચ્છે તેટલુંજ સરખી રીતે કરવું, એનુંજ નામ ઈશ્વરેચ્છાને આધીન થવું છે અને એજ પ્રભુને ખુશી કરવાનો માર્ગ છે.

પ્રભુ આપણને ગરીબ રાખવા ઇચ્છતો હોય તો આપણે ગરીબાઇમાંજ મોજ માનવી જોઇએ. પ્રભુ આપણી કસોટી માટે અથવા તેના કાંઈ ઉમદા શુભ હેતુ માટે આપણને કાંઇ અટપટા સંજોગોમાં લાવતો હોય, તો તેમાં પણ તેની ઇચ્છાને આધીન થઈને આપણે આનંદ માનવો જોઇએ; કારણ કે આપણું ઇનામ માત્ર દોડવામાંજ નથી, પણ લગામના—હુકમના કાબૂમાં રહેવામાં છે. ઘોડાને બહુ લાંબા ચક્રાવામાં ફરવું ગમતું હોય, પણ શરત ટૂંકા સર્કલની હોય તો એ ટૂંકા સર્કલમાં સરખી રીતે ફરવાથીજ શરત જીતી શકાય, પણ ટૂંકા સર્કલની શરત છતાં પણ પોતાની બહાદુરી બતાવવા માટે ઘોડો લાંબુ સર્કલ ફરવા જાય તો વધારે બળ કરવા છતાં પણ, શરતના નિયમ પ્રમાણે કંપાઉન્ડની બહાર જવાથી તે શરત હારી જાય છે; કારણ કે એ વખતે શરતનું ઇનામ મોટા ચક્રાવામાં કે ઘણા બળ ઉપર નથી, પણ એ ઇનામ તો સવારની મરજી મુજબ ટૂંકા ચક્રાવામાં ફરી શકે તેને માટે છે; તેમજ આપણું ઇનામ પણ ગરીબાઈમાં કે શ્રીમંતાઇમાં નથી; યજ્ઞ કરવામાં કે ઉપવાસો કરવામાં આપણું ઇનામ નથી; બહુ શાસ્ત્રો ભણવામાં કે છાંટાથી છોવાઇ જવામાંજ કાંઇ આપણું ઇનામ નથી અને યાદ રાખજો કે, આપણું ઇનામ કાંઈ મોટાં મોટાં કામો કરવામાંજ નથી; પણ આપણું ઇનામ તો ભગવદ્ઇચ્છાને આધીન થવામાં એટલે કે જેમ પ્રભુ રાખે તેમ રહેવામાંજ છે, માટે ભાઇઓ! જો એ મોક્ષધામનું મોટું ઇનામ જીતવું હોય તો સર્વવ્યાપક, સર્વશક્તિમાન, અખંડ આનંદરૂપ પ્રભુને સર્વોત્તમભાવથી શરણ થઇ પ્રેમપૂર્વક તેની ઇચ્છાને આધીન થાઓ.

૭૨—સાથે બોજો વધારે હશે તો ભાડું વધારે આપવું પડશે, માટે જેમ બોજો હલકો થાય તેમ કરો

આપણી સાથે વધારે ભાર હોય તો વધારે ભાડું આપવું પડે, એમાં કાંઇ નવાઇ નથી. આપણા કાગળો અર્ધા તોલા કરતાં એક રતી પણ વધારે થઇ જાય તો વધારે ચાર્જ આપવો પડે છે.

આપણી એંગીઓ ને આપણાં પારસલોમાં પણ એમજ છે. તારમાં એક અક્ષર પણ વધારે થાય તો તેના વધારે પૈસા લે છે. નામદાર સરકારની દયાળુ રાજનીતિથી અહીંનાં આપણાં તારખાતાં, ટપાલખાતાં ને રેલવેખાતાં બહુ સારાં છે, એટલે થોડા ખર્ચમાં આપણી ઘણી સગવડતા સચવાય છે અને માત્ર અર્ધા તોલાના કાગળ સારૂ ત્રણ પૈસા ખર્ચવા પડે છે. અર્જન્ટ તારમાં મોકલવાના એક શબ્દના ચાર આના ખર્ચવા પડે છે અને રેલવેની મુસાફરીમાં એક માઇલનું એક દોઢિયું આપવું પડે છે. એ પણ ફક્ત હિંદુસ્તાનને માટેજ. વિલાયત, અમેરિકા વગેરે દૂરના બીજા મુલકો માટેના તારકાગળ વગેરેના દર તો જુદા.

ભાઈઓ! હવે વિચાર કરો કે આપણા દેશમાંજ જ્યારે અર્ધા તોલાના વજન માટે ટપાલખાતામાં અર્ધો આનો પડે છે અને તારના એક શબ્દ માટે ચાર આના આપવા પડે છે, ત્યારે પરલોકમાં બોજો લઈ જવા માટે આપણે કેટલું બધું ભાડું આપવું પડશે, એ ખ્યાલ તો કરો! આપણા ઘરમાં તો જાણે આપણે કચરો ભરીએ છીએ, ઘરની સફાઇ રાખતાં તો આપણને આવડતીજ નથી, પણ આપણા મનમાં કયાં ઓછો કચરો ભરેલો છે? નાતજાતના બખેડાઓ, કુટુંબકલેશનાં દુઃખો, મોટાઇનાં અભિમાનો, માનપાનની ભૂખ, અદેખાઇની બળતરાઓ, ધંધારોજગારની હાયવોય, નાજુકડા દેખાવની ફેશનો, વાત વાતમાં માઠું લાગી જવાની ટેવો, નવી નવી જાતનાં વ્યસનો, દેખાદેખી કરવાના સ્વભાવો અને મોજશોખનાં હવાતિયાંઓ તથા ધન માટે અછાડાપછાડા મારવાના ને ઊંધુંછતું કરવાના ભારમાંથી આપણે કયાં છૂટેલા છીએ? આ બધો અને એવોજ બીજો ઘણોય કચરો આપણા મનમાં ભરેલો છે ને હજી બીજો વધારે ભરાતો જાય છે, તેને આપણે કયાં દૂર કરી શકીએ છીએ? એવા એવા નકામા કચરાનો ભાર કેટલો બધો થશે? અને તેનું કેટલું બધું ભાડું આપવું પડશે, એ તો વિચારો! અહો! ગજબ! ગજબ! આટલો બધો કચરો! એ ત્રાપો તો એ કચરાના બોજાથી અહીંની ખાડીમાંજ ડૂબી જશે અને આપણને પણ ભેળા ડુબાડી દેશે. એ સંઘ દ્વારકા કયાંથી પહોંચે? મનરૂપી વહાણમાં એવાં મોટાં મોટાં ચોસલાંઓ ભરીએ, તો પછી ડૂબી ગયા વિના બીજા શા હાલ થાય? ભાઈઓ! વિચારો તો ખરા કે આપણા દેશમાંજ અર્ધા

તોલા વજનનો અધો આનો પડે છે અને જરૂરના એક શબ્દના ચાર આના પડે છે, ત્યારે આટલો બધો કચરો—આટલો બધો બોજો આપણે સ્વર્ગ સુધી કેમ ઉપાડી શકીશું? અને ભાડું ક્યાંથી ભરી શકીશું? જ્યારે બોજો ઉપાડી પણ નહિ શકાય ને ભાડું ભરી પણ નહિ શકાય, ત્યારે પછી અહીંજ ત્રાપો ડૂબી જાય તેમાં નવાઇ શું? એવું ન થાય માટે ભાઇઓ! જેમ બને તેમ તમારી પાસેનો બોજો હલકો કરો, એટલે કે જેમ બને તેમ શુદ્ધ થાઓ, જેમ બને તેમ વાસના ઓછી કરો, જેમ બને તેમ મોહમાયાથી બચતા રહો અને જેમ બને તેમ કાંઇ પણ ઘાલમેલ કે ગોટાળો-પિંડાળો નહિ રાખતાં તદ્દન ચોખ્ખા થઇને પ્રભુસ્મરણ કરો, એટલે તમારી પાસે અંતરની બૂરી વાસનાઓનો કાંઇ પણ ભાર નહિ હોવાથી તથા ભગવત્સેવાસ્મરણના પ્રતાપથી તમે પોતે પણ હલકા ફૂલ જેવા થઇ જશો, એટલે સહેલાઇથી ને આનંદથી હરિની હજૂરમાં મોક્ષધામમાં જઇ શકશો; માટે ભાઇઓ! જેમ બને તેમ બોજો હલકો થાય તેમ કરો.

૭૩—મહાન પ્રભુને છોડીને આપણે કેવી હલકી વસ્તુઓમાં પડ્યા રહીએ છીએ?

એક સાધુ હતો. તે બહુ ભલો ને જ્ઞાની હતો. તે સાધુની એક રાજાએ બહુ કીર્તિ સાંભળી, તેથી તે રાજાએ તેને પોતાની હજૂરમાં બોલાવ્યો. સાધુને આવતો જોઇને રાજાએ તેની સામે હાથ જોડ્યા અને માથું નમાવ્યું. ત્યારે તે સાધુ સાષ્ટાંગ દંડવત્ કરીને રાજાના પગમાં પડ્યો. રાજા તો એ જોઇને બહુ અજબ થયો. તેને લાગ્યું કે, આ શું? હું સાધુને નમસ્કાર કરૂં તે વાજબી છે, કારણ કે હું ગૃહસ્થ છું ને તે ત્યાગી છે. ધર્મને અર્થે અને પ્રભુને અર્થે તેણે સર્વ છોડ્યું છે. માટે મારે તેને ધર્મને ખાતર માન આપવું જોઇએ; પણ તે મને શા માટે પગે લાગે છે? એમ ધારીને રાજાએ તે સાધુને પૂછ્યું કે, "મહારાજ! તમે મને શા માટે પગે લાગ્યા?" ત્યારે મહારાજે કહ્યું કે, "બચ્ચા! તું મને શા માટે નમ્યો? રાજાએ કહ્યું કે, "તમે સંન્યાસી છો માટે તમારા ત્યાગને હું નમ્યો છું. તમે દુનિયાદારીની લાલચો છોડી દીધી અને ધર્મના કામમાં લાગી ગયા માટે હું તમને નમ્યો છું."

ત્યારે તે સાધુએ કહ્યું કે, 'હે રાજા! મારા કરતાં તું વધારે

ત્યાગી છે, માટે મેં તને દંડવત્ પ્રણામ કર્યા છે."

રાજાએ કહ્યું કે, " મહારાજ ! મેં તો કાંઈ પણ છોડયું નથી. મને તો હજારો જાતની ઉપાધિ વળગેલી છે, તેથી મારું મન તો ક્યાંયનું ક્યાંય ફરે છે. હું ત્યાગી કેવી રીતે ?" ત્યારે તે સાધુએ કહ્યું કે, "બેટા ! અખંડ સચ્ચિદાનંદરૂપ પરમ મંગળકારી મહાન અલૌકિક દિવ્ય સ્વરૂપ સર્વશક્તિમાન મહાન પ્રભુની પાસે આ વ્યવહારની વસ્તુઓની કિંમત ત્રણ બદામ જેટલી પણ નથી. હવે તું વિચાર કર કે, એવો અલભ્ય લાભ લેવા સારૂ મેં આ વ્યવહારની ત્રણ બદામની ચીજો તજી છે, એટલે થોડું છોડીને ઘણું લેવાનો લોભ મેં કર્યો છે, પરંતુ ખરો ત્યાગી ને ખરો સંતોષી તો તું છે કે જે કરોડો રૂપિયા ખર્ચતાં અને ત્રણ બ્રહ્માંડનું રાજ આપતાં તથા ચોરાશી લાખના ફેરામાં પડતાં છતાં પણ ન મળે તે અનંત બ્રહ્માંડના નાથને છોડીને ત્રણ બદામના સંસારના તુચ્છ સુખમાં મોહી ગયો છે, માટે મારા કરતાં વધારે મોટો ત્યાગી તો તું છે; કારણ કે સર્વશક્તિમાન પ્રભુને મેળવવા ખાતર મેં તો માત્ર ત્રણ ત્રણ બદામની વસ્તુઓ તજી છે, પણ તેં તો ત્રણ ત્રણ બદામની વસ્તુઓ સાચવવા માટે અનંત બ્રહ્માંડના નાથને છોડી દીધા છે, માટે ખરો ત્યાગી તો તું છે."

સાધુની આ વાત સાંભળીને રાજાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે મહારાજનું બહુ સન્માન કર્યું અને એ પછી તે રાજા રોજરોજ દુનિયાદારીની આસક્તિ ઓછી કરી પ્રભુમાં વધારે ને વધારે ચિત્ત રાખવા લાગ્યો.

ભાઈઓ ! આપણે પણ એવા ત્રણ બદામના સુખમાંજ છેવટ સુધી રહી અનંત બ્રહ્માંડના નાથને ન ભૂલી જઈએ, એ સંભાળજો.

૭૪–પ્રભુની ઇચ્છાવિરુદ્ધ વર્તવું તે તેની સામે થવા જેવું છે

શેઠે ઘર સાચવવા માટે રામોશી રાખેલો હોય, છતાં પણ જો તે રામોશી ઘર સાચવવાની બાબતમાં બેદરકાર રહે અને તેને બદલે રામાયણનો પાઠ કર્યા કરે, તો તેને પાપ લાગે છે; કારણ કે તેની એ વખતની ફરજ ઘર સાચવવાની છે, કાંઇ રામાયણમાં ગુલતાન થવાની તેની એ વખતની ફરજ નથી. માટે રામાયણ વાંચવાનું ભલું કામ કરતાં છતાં પણ ઘર સાચવવાની તેની ફરજ નહિ

બજાવવા માટે તેને પાપ લાગે છે; કારણ કે આપણાં પવિત્ર શાસ્ત્રો મારફત આપણને પ્રભુની એવી આજ્ઞા છે કે, ઈશ્વરેચ્છાથી આવી મળેલા વખત વખતના ધર્મ બજાવવાને બદલે બીજા કામમાં લાગી જવું, એ પાપ છે. ભલે એ બીજું કામ સારૂં હોય, તોપણ આપણાથી કાંઈ આપણી પવિત્ર ફરજ છોડી દેવાય નહિ; કેમકે ફરજ છોડીને બીજાં કામો કરવાથી અંતે વધારે ખરાબી થાય છે. જો કે રામાયણ વાંચવું એ કાંઇ ખરાબ નથી; પણ રામાયણ વાંચવા સારૂ રામોશી ઘરની ચોકી ન કરે તો પછી શેઠના ઘરમાં ચોરી થાય છે, તેથી રામોશીને જેલયાત્રા કરવી પડે છે અથવા નોકરી વિના રખડવું પડે છે; આવું ન થાય માટે ભગવદૂઇચ્છાથી આવી મળેલી ફરજો આપણે પ્રથમ બજાવવી જોઇએ. પ્રભુએ પણ ગીતામાં કહેલું છે કે,

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥ અ. ૧૮, શ્લો. ૪૫

અર્થાત્ પોતપોતાનાં કામમાં સારી રીતે લાગી રહેલા માણસને મોટું ફળ મળે છે.

પોતપોતાનાં કામ એટલે વખત વખતના ધર્મ, કે જેને આપણે ભગવદૂઇચ્છા કહીએ છીએ, તેને આધીન થવાથી એટલે કે તે તે કામો રૂડી રીતે કરવાથી મોટી સિદ્ધિ મળે છે. વળી પ્રભુએ ગીતામાં પણ કહ્યું છે કે,

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विंदति मानवः ॥ અ. ૧૮, શ્લો. ૪૫

અર્થાત્ જેનાથી આ જગતની ઉત્પત્તિ થાય છે અને જે આ સર્વમાં વ્યાપી રહ્યો છે, તે ઈશ્વરને પોતપોતાનાં કર્મો વડે રાજી કરવાથી માણુસનું કલ્યાણ થાય છે.

ભાઈઓ ! આવી રીતે ભગવદૂઇચ્છાથી આવી મળેલાં પોતપોતાનાં કર્મો રૂડી રીતે કરવાં તેમાંજ કલ્યાણ છે; માટે મોટાં ને સારાં કર્મોની દોડધામમાં પડી 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' નહિ થતાં અને 'ધોબીનો કૂતરો નહિ ઘાટનો કે નહિ ઘરનો' એવા નહિ થતાં સ્વધર્મને વળગી રહો અને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહો.

૭૫–પ્રભુ તરફથી સોંપાયેલું કામ કર્યા વિના બીજાં સારાં કામ કરવાથી પણ પ્રભુ રાજી થતો નથી

કોઇ લશ્કરી અમલદાર લડાઇના મેદાનમાં દુશ્મનો સાથે લડતો હોય, તે વખતે તેના મનમાં એમ દયા આવે કે, હું તો આ બધાને નહિ મારૂં, એવી દયાથી એવે ખરે વખતે તે લડાઇ કરવી છોડી દે તો તેને ઊલટું પાપ લાગે છે; કારણકે તેની એવી દયાથી તેના માલિકને બહુ મોટું નુકસાન થાય છે. જો કે દયા કરવી એ બહુ પુણ્યનું કામ છે, પણ આવે અયોગ્ય વખતે દયા કરવાથી ઊલટું પાપ લાગે છે. એ વખતે તો તેની એજ ફરજ હતી કે, જેમ બને તેમ સારી રીતે લડવું અને પોતાના રાજાની ફતેહ થાય તેમ કરવું; પણ એમ ન કરતાં ફરજને વખતે દયા બતાવવાથી ઊલટો પોતાના ધણી તરફ વિશ્વાસઘાત થાય છે અને એમ કરવું એ પ્રભુના હુકમથી વિરુદ્ધ છે; માટે માણસોને બચાવવાનું બહુ દયાનું કામ કરતાં છતાં પણ તેને પાપ લાગે છે.

સ્ત્રીઓની ફરજ પોતાના વરને રાજી રાખવાની, છોકરાંઓની સંભાળ રાખવાની તથા ઘરનું કામકાજ સાચવવાની છે; એ કામ છોડીને, છોકરાંઓ રોતાંરખડતાં મૂકીને, ધણીનું કહ્યું ન માનીને, વરના મનમાં વહેમ રહેવા દઇને અને ઘરનું કામકાજ રખડાવીને, જો તીર્થમાં ને દેવદર્શનમાં દોડે તો ઊલટું તેને પાપ લાગે છે. જો કે તીર્થસ્થાન અને દેવદર્શન એ બહુ પુણ્યનું કામ છે; તોપણ ભગવદ્દઇચ્છાથી પોતાને માથે આવી પડેલી ફરજ બજાવ્યા વિના, હઠ કરીને બીજાં કામો કરવાથી સારૂં ફળ થતું નથી; માટે હરિજનો ભગવદ્દઇચ્છાને મુખ્ય માને છે.

પુરુષોનો ધર્મ છે કે કુટુંબસ્નેહમાં રહેવું, કુટુંબનું પોષણ કરવું અને રૂડી રીતે ગૃહસ્થાશ્રમના આચારવિચારો પાળવા; પણ તેને બદલે કોઈ જુવાન માણસ વ્યવહારથી કંટાળીને, જૂઠા મોહમાં ફસાઈને તીવ્ર વૈરાગ્ય આવ્યા વિના સંન્યાસ લઈ લે અને પોતાને આશ્રયે પડેલાં વૃદ્ધ માબાપ, જુવાન સ્ત્રી તથા નાનાં છોકરાંઓને રખડતાં ને રોતાંકકળતાં મૂકે, તો એ સંન્યાસ પણ તેને શાપરૂપ થઇ પડે છે; કારણ કે એ વખતે તે ભગવદ્દઇચ્છાની વિરુદ્ધ છે. ભગવદ્દઇચ્છાનો અર્થ એજ છે કે, પ્રભુ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદથી રહેવું ને વખત વખતના ધર્મો બજા-

વવા. એજ પ્રભુની ઇચ્છા છે ને એમાંજ કલ્યાણ છે; માટે દયાળુ પ્રભુએ આપણી યોગ્યતા પ્રમાણે આપણુને જે જે કામો સોંપેલાં છે તે આપણે પ્રેમપૂર્વક રૂડી રીતે પ્રભુને અર્થે, બ્રહ્માર્પણ વિધિથી કરવાં જોઇએ. જો એમ કરી શકાય તો પછી સ્વર્ગ તથા પ્રભુ કાંઇ દૂર નથી. માટે પ્રભુને અર્થે બ્રહ્માર્પણ વિધિથી ભગવદ્દઇચ્છાથી આવી મળેલાં કર્મો કરો.

૭૬–આગબોટ ઉપર રહી ગયેલું પંખી જેમ આમતેમ ફરી ફરીને અંતે પાછું એજ આગબોટ ઉપર આવીને બેસે છે, તેમ આપણે પણ બધે રખડીને અંતે પ્રભુના રસ્તામાં આવીએ ત્યારેજ શાંતિ પામીએ છીએ

ઘણી વખત એવું બને છે કે, વહાણ ઉપર અને આગબોટ ઉપર બેઠેલાં પંખીઓ ત્યાં બેઠાં હોય છે અને આગબોટ ઊપડી જાય છે. એ પછી કિનારો મૂકયા બાદ ઘણી વારે તે પંખીઓ ઊડવા લાગે છે, પણ એ વખતે દરિયા વિના બીજું કાંઇ તેઓને દેખાતું નથી, તેથી પાછાં એ વહાણના સઢ ઉપર આવીને બેસે છે. થોડી વાર પછી વળી પાછાં બીજી દિશામાં ઊડે છે, પણ ત્યાંયે ઉપર આકાશ ને નીચે પાણી વિના બીજું કાંઈ નહિ દેખાવાથી ફરીથી પાછાં આગબોટ ઉપર આવીને બેસે છે. વળી પાછાં થાક ઊતર્યા પછી ત્રીજી દિશામાં ઊડે છે, પણ ત્યાંયે ઝાડ કે જમીન નહિ દેખાવાથી પાછાં આગબોટ ઉપર આવીને બેસે છે. આવી રીતે બધે ઠેકાણેથી ફરી ફરીને એ પંખીને પાછું આગબોટ ઉપર આવવું પડે છે ને ત્યાંજ તેને નિરાંતે બેસવાનું મળે છે; કારણકે ભરદરિયામાં આગબોટ સિવાય બીજે કયાંય તેને વિસામાનું ઠેકાણું મળતું નથી.

ભાઇઓ ! આવીજ રીતે–એ પંખીની પેઠેજ આપણે પણ આ સંસારરૂપી સમુદ્રમાં આવી પડ્યા છીએ. તેમાં પ્રભુનો રસ્તો એ આગબોટ છે. એ આગબોટ ઉપર જ્યારે આવીએ ત્યારેજ શાંતિ મળી શકે તેમ છે. એ આગબોટ એટલે ભક્તિ છોડીને બીજે ગમે તે ઠેકાણે રખડીએ તોપણ કયાંઈ પણ જીગરની શાંતિ મળતી નથી. બધે ઠેકાણેથી રખડીને અંતે પાછું એ આગબોટ ઉપર એટલે કે પ્રભુના રસ્તામાંજ આવવું પડે છે, પણ જેમ પંખી

જમીન અને ઝાડની આશાએ આગબોટ છોડીને ઊડ્યા કરે છે, તેમ આપણે પણ મહાન પ્રભુનો પવિત્ર માર્ગ છોડીને સુખની આશાએ અહીંતહીં ભટકયા કરીએ છીએ. ભલે નાટકોમાં જઇએ, મેળાઓમાં જઇએ, ઉજાણીઓમાં જઇએ, નાચોમાં જઇએ, વરઘોડાઓમાં જઇએ, માનપત્રોના મેળાવડાઓમાં જઇએ અને મોટા મોટા દરબારોમાં જઇએ; તોપણ યાદ રાખજો કે એમાં કયાંય પણ ખરી શાંતિ મળી શકશે નહિ; કારણકે એ બધું સંસારસમુદ્રની અંદર છે અને ખરી શાંતિ તો એ સમુદ્રને કિનારે બંદર ઉપર છે એટલે કે હરિની હજૂરમાં–મોક્ષધામમાં ખરો આનંદ છે. એ બંદરે, એ આગબોટથીજ એટલે કે ભક્તિથીજ પહોંચી શકાય તેમ છે. માટે ભાઇઓ! ફોગટનાં ફાંફાં મારી અહીંતહીં નહિ રખડતાં પ્રભુના રસ્તામાં આવી જાઓ, પ્રભુના રસ્તામાં આવી જાઓ.

પદ

સંતો ભક્તિરૂપી એક સાચી કમાઈ, સાચી કમાઇ, તેમાં બેસે ન પાઇ;
કોટી જન્મના કલેશ રે જાયે,(૨) ટાળી દે પળમાં આ ભવની ભવાઈ-સં.
નરતન દેહ પછી દુર્લભ મળવો.(૨)જીતેલી બાજીને હારવી ન ભાઈ-સં.
નરહરિ એક પ્રભુને ભજી લે.(૨) નાખીને સો મણ રૂની તળાઇ–સંતો.

૭૭–ઈશ્વર સર્વજ્ઞ છે એટલે બધું જાણે છે

ભૂત, ભવિષ્ય ને વર્તમાનકાળની બધી વાતો પ્રભુ પૂરેપૂરી જાણે છે. અંધારું તેઈશ્વરની આગળ અંધારું નથી. તેને તો સદાસર્વદા ને સર્વ બાજુએ અનંત પ્રકાશ છે અને ત્રણે કાળ તેની નજર આગળ આ વખતે અને સર્વદા પ્રત્યક્ષ થઇ રહ્યા છે. સમુદ્રકિનારાના રેતીના કણ અને વરસાદનાં ટીપાં પણ તેનાં ગણેલાં છે. ઉજજડ જંગલમાં ઊભેલાં મોટાં ઝાડોનાં બેશુમાર નાનાં પાંદડાંઓ અને તેના રેસાઓની ગણતરી પણ તેના ધ્યાન બહાર નથી. સમુદ્રના તળિયાની અંદરની વસ્તુઓ અને ઊંચામાં ઊંચા પહાડોનાં શિખરની અંદરની વસ્તુઓ પણ તે જાણે છે. આપણે જે નાનાં જંતુઓને સૂક્ષ્મદર્શક જેવાં યંત્રોથી પણ જોઇ શકતા નથી, તે સૂક્ષ્મ જંતુઓ પણ પ્રભુની ગણુતરી બહાર નથી. મોટાં ખેતરોની અંદરના અનાજના દરેક છોડવાઓ તેના હિસાબમાં છે અને દરેક ડૂંડાની અંદરના દરેક દાણાયે તેની ગણુતરી બહાર નથી.

આકાશમાં દોડતાં વાદળાંઓ, પવનની લહેરો અને સમુદ્રના

ફીણમાં ઊડતા નાના નાના પરપોટાપણ તેના ધ્યાન બહાર નથી. આકાશમાં ઊડનારાં પક્ષીઓ, જળમાં રહેનારા જીવો, જમીન ઉપરનાં પ્રાણીઓ અને સ્વર્ગના દેવોને પણ તે જાણે છે.

આસમાનનાં દરેક મોજાં અને આપણાં શરીરનાં તથા સર્વ પ્રાણીનાં દરેક રૂંવાડાંને પણ તે જાણે છે. બહુ મોટું ખર્ચ કરીને અને અતિ મહેનત કરીને સરકાર વસ્તીની ગણતરી કરે છે, તેમ છતાં પણ તેમાં કંઇક ફેરફાર રહે છે; પણ પ્રભુની ગણતરીમાં કાંઈ પણ ફેર રહેતો નથી અને એવી ગણતરી કરવામાં તેને કાંઇ પણ મહેનત પડતી નથી. એ તો સ્વભાવસિદ્ધ એની મેળેજ પ્રભુના ધ્યાનમાં રમી રહેલું છે અને પ્રભુની નજર આગળ તરી રહેલું છે. પૃથ્વી, આકાશ અને પાતાળમાં એવી કોઇ પણ ચીજ નથી અથવા એવો કોઇ એક પણ રજકણ નથી કે જે પ્રભુની નજર બહાર હોય. તેની આગળ તો સર્વદા સર્વ ખુલ્લુંજ છે. એનાથી કાંઇ પણ છુપાવી શકાય તેમ નથી; કારણ કે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ને તુર્યા—એ ચારે અવસ્થાનો તે જાણનાર છે. આપણા મનના સારા કે માઠા દરેક નાનામોટા વિચારો અને આપણા અંતઃકરણની સૂક્ષ્મ ગુપ્ત ઇચ્છાઓ પણ તેના ધ્યાન બહાર નથી. જ્યાં આપણને અંધારું લાગે છે ત્યાં પણ તેને તો સદાકાળ અજવાળું છે; એટલે ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રણે કાળ તેની નજર આગળ આ વખતેજ અને સર્વદા પ્રત્યક્ષ થઈ રહેલા છે; માટે ભાઇઓ! જેમ બનેતેમ એવા અખંડ આનંદરૂપ, સર્વવ્યાપી, સર્વજ્ઞ પ્રભુનું સ્વરૂપ સમજાય તેમ કરો.

૫૬

તું અગાધ પરબ્રહ્મ નિરંજન, કો અબ તોહીં લહે રે;
અજર અમર અવિગત અવિનાશી, કૌન રહની રહે રે—તું૦
બ્રહ્માદિ સનકાદિક નારદ, શેષ હુ અગમ કહે રે;
સુંદરદાસ બુદ્ધિ અતિ થોરી, કૈસેં તોહીં ગ્રહે રે—તું૦

૭૮—ભક્તિમાન બાઈઓ મોહમાં ફસાઈ ગયેલાઓને કેમ બચાવી લે છે તેનો દાખલો

એક ભક્તિમાન વૈષ્ણવ બાઈ હતી. તે ધર્મનું જ્ઞાન મેળવવા અને પ્રભુનું સ્વરૂપ સમજવા સારૂ એક ગુરુની પાસે જવા લાગી, ગુરુની સેવા કરવા લાગી, વિશ્વાસથી તેની વાણી સાંભળવા લાગી

અને શિષ્યની રીતિ પ્રમાણે તે ભક્તિમાન બાઇએ પોતાનું સર્વસ્વ ગુરુને અર્પણ કરી દીધું.

તે ગુરુ શાસ્ત્રની વાતો સમજાવવામાં બહુ હોશિયાર હતો, પણ હજી તેના અંતરના વિકારો શાંત થયા નહોતા. જો કે તે સારી રીતે રહેવા ઇચ્છતો હતો, તોપણ કોઇ કોઈ વખત મનમાં હલકા વિચારો આવી જતા, ત્યારે મનમાં જ્ઞાનના બળથી તેવા વિચારોને દાબી દેતો હતો. એક વખતે તે ગુરુની નજર પેલી ભલી બાઇ ઉપર બગડી, ત્યારે તે બાઇએ કહ્યું કે, "જ્યારે મેં તમને ગુરુ કર્યા ત્યારે હું તો મારું સર્વસ્વ તમને આપી ચૂકેલી છું, એટલે મારાથી કાંઇ ના પાડી શકાય તેમ નથી; કારણ કે મારા પાપની જવાબદારી તો તમારા ઉપર છે. ભલે જ્યારે તમારી એવી ઇચ્છા છે ત્યારે આજે મારે ઘેર આવજો."

એ પછી કોઇ પણ રીતે પોતે અને પોતાનો ગુરુ વ્યભિચારના મહાપાપમાંથી બચી જાય એટલા માટે તે તજવીજ કરવા લાગી. તેણે એક સુંદર પલંગ બિછાવ્યો અને તે ઉપર ઊંચામાં ઊંચાં જરીનાં શેલાં તથા કાશ્મીરી શાલો બિછાવી અને પોતાના આંગણા પાસે ખૂબ કાદવ નખાવ્યો.

વખતસર ગુરુ હાજર થયો અને એ બાઇએ પોતાના ઓરડામાં કરેલો ડોળડમાક જોઇ તે અજબ થયો. તેણે કહ્યું કે, "આ બધી ધામધૂમ શા માટે?" બાઇએ કહ્યું કે, "ગુરુ કરતાં શું વધારે છે?" ત્યારે તે ગુરુએ કહ્યું કે, "એવાં શેલાં અહીં બિછાવવાનું કાંઇ કામ નથી. એ ખરાબ થઇ જશે." ત્યારે તે બાઇએ કહ્યું કે, **"તમે તમારો જન્મારો બગાડવા બેઠા છો, ત્યારે મારાં લૂગડાં બગડવાની શું ફિકર છે?"**

વખતસરનો આ ફટકો તે ગુરુને બહુ ભારે પડ્યો. તે ચેતી ગયો. પોતાની ભૂલ તેણે જોઇ લીધી. તેને લાગ્યું કે, હાય હાય! આ શું નીચતા? આવું બૂરું કામ કાંઇ મારા દરજ્જાને શોભે? અને આવું મહાપાપ કાંઇ મારાથી થાય? ત્યારે પછી મારા જ્ઞાનનું ફળ શું? અરેરે! આ મને શું સૂઝ્યું? પ્રભુ! બચાવ, બચાવ! એમ વિચારીને બાઇની માફી માગી અને પોતાને પાપમાંથી બચાવી લીધો, માટે તેનો ઉપકાર માનીને મનમાં પસ્તાવો કરતો કરતો તે પાછો પોતાને ઘેર ગયો. આવી રીતે ભલી બાઇઓ મોહમાં ફસાઇ ગયેલા પુરુષોને પાપથી બચાવી લે છે. માટે આ-

પણી બહેનો પોતાની ફરજો બરાબર રીતે સમજે તથા માણસો પોતાના અંતરના વિકારો ઓછા કરી શકે એવી સૌ ભાઇઓએ તજવીજ કરવી જોઇએ. તે પ્રભુપ્રેમથી અને પ્રભુપ્રાર્થનાથી બની શકે છે; માટે ધર્મનું બળ મેળવો, ભગવદ્આશરાનું બળ મેળવો.

૭૯–પ્રભુના જીવોને ભ્રષ્ટ કરવા એ મહાપાપ છે

એક ખૂબસૂરત બાઈ ઉપર કોઇ શ્રીમંત જુવાનિયાની નજર બગડી. તેથી તે એ બાઇને મેળવવાની તજવીજ કરવા લાગ્યો; પણ એ બાઇ ભલી હતી. તેને કાંઇ એ બાબતની ખબર નહોતી.

પેલા ફક્કડ જુવાનિયાએ તે બાઇના કોઈ ગરીબ પાડોશીને કહ્યું કે, "જો તું એ બાઇ મને મેળવી આપે તો હું તને ખુશી કરીશ." તે માણસે કહ્યું કે, "ઠીક છે, હું તજવીજ કરીશ ને વખત આવ્યે તમને ખબર આપીશ."

એ ગરીબ માણસ એક ભક્ત હતો. તેની ઇચ્છા એવી હતી કે, તે શ્રીમંત જુવાનિયાને તેની ભૂલ બતાવવી અને તે પાપમાંથી બચી જાય તેમ કરવું; પણ સીધી રીતે કરવાથી પૈસાના મદમાં આંધળો થયેલો તે પાપી માને એમ ન હતો, માટે તે કાંઇક યુક્તિ શોધતો હતો.

એ જુવાનિયો વારે વારે પેલા ગરીબ માણસને પૂછતો કે, "કેમ શું કર્યું ?" ત્યારે તે કહેતો કે, "હજી વાર છે. જરા સબૂર કરો, હવે થોડા વખતમાં તમોને મેળવી આપીશ."

એ પછી બેચાર મહિના નીકળી ગયા, એટલામાં તે ખૂબસૂરત બાઈ બિમાર પડી અને મરી ગઇ. એ મરી ગઈ ત્યારે પેલો ગરીબ માણસ દોડતો દોડતો પેલા જુવાન શેઠિયાને ઘેર ગયો અને તેને કહ્યું કે, "ચાલો આજે તમારું કામ થશે. જલદી કરો, તે બાઇ તમારે માટે તૈયાર છે."

એ શેઠ તો ઇશ્કીટટ્ટુ બનીને ઉતાવળો ઉતાવળો ચાલવા લાગ્યો. જઇને જુએ છે તો બાઈનું મુડદું પડયું હતું. તે જોઇને એ જુવાનિયો બે ચાર કદમ પાછો હઠી ગયો. તેનો ચહેરો ફિક્કો પડી ગયો અને તે જડ જેવો થઇ ગયો. ત્યારે પેલા માણસે કહ્યું કે, "શું જોઈ રહ્યા છો ? હવે કાંઈ અડચણ નથી, ખુશીથી એ બાઇને મળો." ત્યારે તે જુવાનિયાએ કહ્યું કે, "હવે હું શું કરૂં ? એ તો મરી ગઈ છે." ત્યારે તે માણસે કહ્યું કે, "તમને જે જોઇએ છે તે તો

બધું છે." તે શ્રીમંતે કહ્યું કે, "જીવ નથી." એ સાંભળીને તે ભક્તે કહ્યું કે, "ઓ નીચ માણસ! ત્યારે તું પ્રભુના જીવનેજ ભ્રષ્ટ કરવા ઇચ્છે છે કે? જીવોના તમે દુશ્મન છો કે? આપણો પવિત્ર આત્મા કે જે પરમાત્માનો અંશ છે તેનેજ તમે ભ્રષ્ટ કરવા ઇચ્છો છો કે? અને તેનેજ તમે નરકમાં નાખવા માગો છો કે? આ કરતાં વધારે મોટું પાપ બીજું શું? અને મહાન પ્રભુના પવિત્ર જીવોને અપવિત્ર કરવા એ કરતાં પ્રભુ સાથે વધારે દુશ્મનાઈ બીજી કઇ?" માટે ભાઇઓ! આપણાથી એવાં અઘોર પાપ ન થઇ જાય એ સંભાળો અને ભૂલેચૂકે કે સોબતકસોબતથી એવાં પાપ થઇ ગયાં હોય તો તેને માટે ખરેખરા દિલગીર થઇને શુદ્ધ અંતઃકરણથી પ્રભુની માફી માગો અને હવે પછી કોઇ પણ જાતનાં પાપ આપણાથી ન થાય તે માટે સદૈવ મહાન દયાળુ ઈશ્વરની પ્રાર્થના કરતા રહો.

૮૦–વહાલામાં વહાલી ઇચ્છાઓજ આપણે પ્રભુને અર્પણ કરવી જોઇએ

ભક્તિમાર્ગનો, દુનિયાના સર્વ ધર્મોનો અને અસલના તથા હાલના સર્વ મહાત્માઓનો એજ સિદ્ધાંત છે કે, આપણી વહાલામાં વહાલી ચીજ આપણે પ્રેમપૂર્વક મહાન પ્રભુને અર્પણ કરવી જોઇએ, એનુંજ નામ મહાયજ્ઞ છે અને એનુંજ નામ સાચું બળિદાન છે. આપણું અંતઃકરણ પણ એ વાત કબૂલ કરે છે, તેથી સિદ્ધ થાય છે કે, પ્રભુને રાજી કરવા માટે આપણી વહાલામાં વહાલી વસ્તુ તેને આપી દેવી જોઇએ. આ સિદ્ધાંત સમજ્યા પછી હવે આપણે એ તપાસવું જોઇએ કે, આપણી વહાલામાં વહાલી વસ્તુ કયી છે? પશુઓ, ઘર, ખેતર, ધન, સ્ત્રી, પુત્ર, શરીર વગેરે બધી વસ્તુઓ કરતાં આપણી ઇચ્છાઓ આપણને બહુ વહાલી છે; કારણ કે આપણી ઇચ્છા મુજબ થતું હોય તો ધન ઉપર પૂળો મૂકીએ છીએ, બાયડીછોકરાં તજી દઇએ છીએ, ગામગરાસ છોડી દઇએ છીએ અને જો આપણી ઇચ્છાઓ પાર પડતી હોય તો આપણે મરવાને પણ તૈયાર થઇએ છીએ. ટૂંકામાં દુનિયામાં કોઈ પણ કામ એવું નથી કે જે આપણી ઇચ્છાઓ પાર પાડવા માટે આપણે ન કરીએ. આટલી બધી આપણી ઇચ્છાઓ આપણને વહાલી છે; એટલુંજ નહિ પણ આપણી ઇચ્છાઓમાં આખા જગ-

તની બધી વસ્તુઓ આવી જાય છે, એવી ઇચ્છા બળવાન છે, માટે આપણી તે ઇચ્છાજ પ્રભુને આપી દેવી જોઇએ; એટલે સર્વસ્વ આપી દેવાય છે, એ સિવાય જે કાંઈ આપવું તે અધૂરુંજ છે; એટલે એવું જરા જરા આપવાથી પ્રભુને સંતોષ થતોજ નથી, એ નક્કી સમજજો. માટે ભાઇઓ! જો કલ્યાણની ઇચ્છા હોય તો સર્વાત્મભાવથી–મનવચનકર્મથી ને તનમનધનથી પ્રભુની ઇચ્છાને આધીન થાઓ અને પ્રભુના હુકમો પાળો.

૮૧–આપણી ઇચ્છા તે આપણી જિંદગીની ચાવી છે માટે તે ચાવી પ્રભુને સોંપી દેવી જોઇએ

આપણી જિંદગીની ચાવી આપણી ઇચ્છા છે; કારણ કે જેવી આપણી ઇચ્છા હોય તે પ્રમાણેની ઉત્તમ કે અધમ જિંદગી ભોગવી શકાય છે. આવી રીતે આપણી જિંદગીની ચાવી આપણીજ ઇચ્છા હોવાથી એ ચાવીને આપણા હાથમાં રાખવી એ બહુજ જોખમની વાત છે; કારણ કે આપણું મન બહુ ચંચળ છે, તે આપણી ઇચ્છાઓને કેમ ફેરવી નાખશે ને કેમ દોરવી જશે, એ આપણે જાણી શકતા નથી; માટે એ ચાવી આપણા હાથમાં રાખવામાં ફાયદો નથી. એ ખરેખરા જોખમની ચાવી તો સમર્થમાં સમર્થ ને ભલામાં ભલા પ્રભુના હાથમાંજ સોંપવાથી સલામત રહી શકાશે. અનંત દયાવાળા કૃપાના સાગર મહાન પ્રભુને છોડી આપણા હાથમાં એ ચાવી રાખવી, એ તો વાંદરાના હાથમાં તલવાર આપવા જેવું છે. માટે ભાઇઓ! જરા વિચાર તો કરી જુઓ! જિંદગીના જોખમની ચાવી આપણે તે શા માટે સંભાળવી જોઇએ? એ ચાવી તો પ્રભુને સોંપી દેવામાંજ ડહાપણ છે, મઝા છે ને નિર્ભયપણું છે. માટે ભાઇઓ! જેમ બને તેમ જલદીથી એ જિંદગીના જોખમની ચાવી પ્રભુને સોંપી દો, પ્રભુને સોંપી દો.

૮૨–ઈશ્વર આપણું સર્વસ્વ છે તથા ઈશ્વર સર્વ ગુણોથી પરિપૂર્ણ છે

એની ઇચ્છાથી આપણે ઉત્પન્ન થયા છીએ, માટે તે આપણો કર્તા છે. એજ આપણને નિભાવે છે માટે આપણો પાલનકર્તા પણ તેજ છે. આપણાં માબાપના અંતરમાં તેણે પ્રેમ આપ્યો છે, માટે

તે આપણો પિતા છે. આપણને સારાં કામ કરવાની તે બુદ્ધિ આપે છે, માટે તે આપણો ગુરુ છે. મૂઆ પછી તે આપણો ઉદ્ધાર કરનાર છે, માટે તારનાર પણ તેજ છે. આફતની વખતે તથા દરરોજ રાતે તે આપણી સંભાળ લે છે, માટે આપણો રક્ષક પણ તેજ છે.

તે આપણો કર્તા છે, પાલનકર્તા છે, બુદ્ધિદાતા છે, રક્ષક છે, તારનાર છે, માતાપિતા છે, સાચો સગો છે, સ્વામી છે, શેઠ છે, મિત્ર છે અને સર્વસ્વ છે. ટૂંકામાં તે નિર્ધનનું ધન છે, નિર્બળનું બળ છે અને દુઃખીઓનો દિલાસો છે.

પ્રભુ પૂર્ણ પવિત્ર છે, સદાય સત્ય છે, સર્વસમર્થ છે, અતિ સુંદર અને અખંડ વૈભવવાળો છે. ઘણોજ સુખી, સદાય આનંદી, બહુ ડાહ્યો, બહુ ચતુર, ઘણો દયાળુ, અતિશય કૃપાળુ, મહાક્ષમાવાન અને સર્વ શુભ ગુણોનો ભંડાર તથા સકળ ગુણોનો નિધિ છે.

તે રાજાનો રાજા, દેવોનો દેવ, સૌથી મોટામાં મોટો, સૌથી સરસ અને સર્વને માથે શ્રેષ્ઠતાથી રહેલો સૌનો પૂજનીય દેવ છે.

તે સૃષ્ટિ પહેલાં પણ હતો, હાલ પણ છે અને પ્રલય પછી પણ રહેશે.

બળવાનોને બળ તેણે આપ્યું છે. ડહાપણવાળાને ડહાપણ તેણે આપ્યું છે, ધનવાનને ધન, રૂપવાનને રૂપ અને સત્તાવાળાને સત્તા પણ તેણે આપેલી છે. ટૂંકામાં યાદ રાખજો કે, સર્વ શુભ ગુણો પ્રભુના પોતાના છે, તેમાંથી તેણે કૃપા કરીને સૌને જરાતરા કાંઇ કાંઇ ગુણો આપેલા છે; કારણ કે ઈશ્વર સૌ ગુણે પરિપૂર્ણ છે અને પોતાના જેવા સૌને પૂર્ણ કરવા ઇચ્છે છે, એવો તે દેવાધિદેવ ને દયાળુ પિતા છે.

અગ્નિમાં ઉષ્ણતા, જળમાં ઠંડક, સૂરજમાં તેજ, ચંદ્રમાં શાંતિ, હીરામાં ઝળકાટ અને ફૂલમાં સુગંધ તેણેજ આપી છે.

એના હુકમથીજ સૂરજ તપે છે, એના હુકમથીજ વરસાદ વરસે છે, એના હુકમથીજ વાયુ વાય છે, એના હુકમથીજ સમુદ્રમાં ભરતીઓટ થાય છે, એના હુકમથીજ નદીઓ વહે છે અને એના હુકમથીજ ઋતુઓ એક પછી એક આવે છે ને જાય છે તથા એના હુકમથીજ રાત્રિ ને દહાડો થાય છે. ટૂંકામાં આ જગતમાં બધું એના હુકમથીજ થાય છે.

કાનમાં સાંભળવાની શક્તિ, આંખમાં જોવાની શક્તિ, નાકમાં સૂંઘવાની શક્તિ દાંતમાં ચાવવાની શક્તિ, પગમાં ચાલવાની શક્તિ

અને જીભમાં બોલવાની શક્તિ, એ બધી પ્રભુનીજ શક્તિઓ છે અને તે દયાળુ પ્રભુએ આપણા ઉપર દયા કરીનેજ આપેલી છે.

વીજળીમાં ઝડપ, પવનમાં જોસ અને વરાળમાં બળ પણ તે સર્વશક્તિમાન પ્રભુએ મૂકેલું છે.

તે આગળ છે, પાછળ છે, જમણી બાજુએ છે, ડાબી બાજુએ છે, ઉપર છે, નીચે છે, બહાર છે અને અંદર પણ છે. એવી કોઇ પણ જગ્યા નથી કે જ્યાં તે ન હોય. ડુંગરની ટોચ ઉપર, સમુદ્રના તળિયામાં, વેરાન જંગલના મધ્યમાં, અંધારી ગુફામાં અને આપણા હૃદયમાં પણ તે છે.

જેમ સમુદ્રમાં માછલાં છે, હવામાં પક્ષી છે અને માના પેટમાં બચ્ચાં છે, તેમ સદાય તે આપણી અંદર છે અને આપણે તેની અંદર છીએ. ટૂંકામાં ફૂલમાં જેમ દોરો હોય છે અને દોરામાં જેમ ફૂલ હોય છે, તેમ આપણે પ્રભુમાં છીએ અને પ્રભુ આપણામાં છે.

પદ–રાગ બનજારો

પરબ્રહ્મઅનંત અપારા, કેમ વર્ણવું હું ગુણ તારા. (ટેક)
પ્રભુ શિર્ષ ધરૂં તુજ ચરણે, મને રાખો સ્વામી શરણે;
છો આત્માના આધારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
પ્રભુ પ્રાણીનાં દુઃખ કાપો, સદ્બુદ્ધિ સૌને આપો;
વાહ સૃષ્ટિના કરનારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
સહુ પ્રાણીના છો ત્રાતા, અને તાત માત ને ભ્રાતા;
દીન દાસ છીએ સૌ તારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
તમે સ્થાવર જંગમ ધાતા, છો શાંતિતણા રે પ્રદાતા,
છે પાડ અપાર તમારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
તમે નિર્વિકાર નિરંજન, કરો ભક્તતણાં દુઃખ ભંજન;
છો સૃષ્ટ વસ્તુથી ન્યારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
નથી વર્ણનશક્તિ મુજને, નથી વર્ણવી શકતો તુજને;
છો પૂર્ણ બ્રહ્મ અપારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
હું છું સેવક દીન તમારો, કરુણાથી કરો નિસ્તારો;
છો પ્રાણી પાલનહારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
તુજ સમો સૃષ્ટિમાં ન કોએ, તો ઉત્તમ ક્યાંથી હોએ;
હે ત્રિલોક સરજનહારા, કેમ વર્ણવું હું ગુણ તારા.

૮૩–મહાન પ્રભુ તો સૌને મળવા તૈયારજ છે

મોટા લોકો ગરીબ માણસોની સાથે બોલવા ઇચ્છતા નથી, તેઓને ગરીબ માણસોની સાથે ભળતાં અપમાન લાગે છે અને મનમાં એક જાતની સૂગ થાય છે; એટલુંજ નહિ પણ ગરીબોની સાથે ભળવાનું તેઓ પોતાના દરજ્જાથી હલકું સમજે છે, તેથી કેટલાક મોટા શેઠિયાઓ, ન્યાયાધીશો અને રાજાઓ એવા ગરીબ લોકોની સાથે વાતચીત કરવા માટે દુભાષિયાઓ (ઇન્ટરપ્રિટર) રાખે છે; પણ રાજાઓનો રાજા અને મહારાજાઓનો મહારાજા, અનંત બ્રહ્માંડનો નાથ દયાળુ પ્રભુ તો આપણી સાથે વાત કરવાને હમેશાં ને હરઘડી તૈયાર છે. તેને કોઈ નાના કે મોટા નથી, પણ માત્ર આપણી એકાગ્રતાની ને વિશ્વાસનીજ ખામી છે. બાકી તે તો એટલો બધો દયાળુ છે કે, આપણી સાથે વાતો કરવા માટે તે દર પળે તૈયાર છે; પણ આપણેજ આપણું મન ખોટા પ્રપંચોમાં લગાડી દઇને તેનો લાભ લેતા નથી.

રાજાઓ અને બીજા મોટા લોકો ગરીબ લોકોને ઘેર જવા ચાહતા નથી અને કદાચ એવા મોટા લોકોને ઘેર લાવવા હોય તો મોટી ધામધૂમ કરવી પડે છે ને ઘણી અડચણો ભોગવવી પડે છે; પણ પ્રભુને આપણા અંતરમાં લાવવા માટે તે તો જ્યારે કહીએ ત્યારે તૈયાર છે. એને કોઈ સાથે કયારેય પણ વાંધો નથી. આપણે શુદ્ધ અંતઃકરણ રાખીને–દૃઢ આશરો રાખીને ભગવદ્-આવેશ રાખીએ એટલે તે દયાળુ પ્રભુ આપણા અંતરમાં આવવાને દર પળે તૈયાર છે. એ કાંઈ બહારની ધામધૂમ કે મોટાઇ માગતો નથી, પણ તે તો માત્ર આપણી પવિત્રતા ને આપણો કાંઇ પણ અંતરાય વિનાનો પ્રેમજ માગે છે. એ બે વસ્તુ જો આપણામાં હોય, તો પછી તે કાંઇ આપણાથી દૂર નથી અને આપણે તેનાથી દૂર નથી; માટે ઓ કૃપાભિલાષી ભાઇઓ અને બહેનો! દયાળુ પ્રભુ પાસેથી અંતરની શુદ્ધતા ને પ્રભુપ્રેમ માગવાની પ્રાર્થના કરો.

૮૪–મોટા લોકોની પેઠે પ્રભુને મળવા માટે અગાઉથી ટાઇમ નક્કી કરવો પડતો નથી

આપણે જોઇએ છીએ કે, મોટા લોકોને મળવાનો કોઈ ચોક્કસ ટાઈમ હોય છે. જેમકે કોઇ પોતાની મુલાકાતનો વખત સવારનો રાખે છે, કોઈ સાંજનો રાખે છે, કોઇને રાત્રે અનુકૂળતા હોય છે,

કોઇ અઠવાડિયામાં એકાદ વખત પોતાની મુલાકાતનો લાભ આપે છે અને આપણા દેશી રાજાઓનાં દર્શન તો માંડમાંડ કોઇ વાર-તહેવારેજ અને તે પણ દૂરથીજ થાય છે; પણ રાજાઓના રાજા અને દેવોના દેવ તથા કાળના પણ કાળ, અનંત બ્રહ્માંડના નાથ દયાળુ પ્રભુ તો જ્યારે તમારી તેને મળવાની ઇચ્છા થાય ત્યારે તૈયારજ છે. તેને કાંઇ આપણા શેઠિયાઓ કે રાજાઓની પેઠે વખતનો વાંધો નથી, તેમજ એ કાંઇ ગરીબ કે તવંગર, બાળક કે ઘરડાં, મૂર્ખ કે વિદ્વાન અને ઊંચ કે નીચ જોતો નથી; પણ તે તો માત્ર આપણો પ્રેમ જુએ છે. જો આપણા અંતઃકરણમાં પ્રભુપ્રેમ હોય તો જ્યારે ઇચ્છા કરીએ ત્યારે પ્રભુમય થઈ શકીએ તેમ છીએ; માટે ભાઇઓ ! દયાળુ પ્રભુની દયાનો લાભ લઈ વારંવાર આપણા હૃદયમાં પ્રેમભાવથી પ્રભુને પધરાવવાની તજવીજ કરો.

આપણા શ્રીમંતો અને આપણા અધિકારીઓને પોતાની મુલાકાત માટે સુંદર મંડપો, મોટી સભાઓ અને આલિશાન દીવાનખાનાંઓ તથા ચાપાણી, પાનસોપારી ને અત્તરગુલાબ જોઇએ છે; પણ મહાન પ્રભુને આપણી મુલાકાત માટે એવું કાંઇ પણ જોઈતું નથી. તે તો સવારે, બપોરે, સાંજે, રાત્રે, જ્યારે કહો ત્યારે અને જ્યાં કહો ત્યાં હાજર છે. એ નથી કહેતો કે, “મને મંડપ કે દીવાનખાનું જોઇએ.” તે તો ડુંગરની ટોચ ઉપર, અંધારી ગુફામાં, આપણી ઓરડીમાં, વનમાં, નદીકિનારે, વહાણોમાં, મંદિરમાં અને રસ્તામાં ચાલતે ચાલતે પણ આપણી મુલાકાત લઇ શકે છે. કોઇ પણ ઠેકાણે તે દયાળુ આપણને મળવા તૈયાર છે, પણ શરત માત્ર એટલીજ છે કે, આપણે તેની અખંડ દયાને સમજીને એ દયાનો લાભ લેવો જોઇએ. એટલે કે પ્રભુની મોટાઇ અને આપણી નિર્બળતા સમજીને દીનતાથી પ્રભુનું શરણુ ધરી લેવું જોઇએ. પ્રભુના ચરણના શરણ વિના અખંડ શાંતિનો બીજો કોઈ પણ રસ્તો નથી; માટે ભાઇઓ ! પ્રભુની મોટાઇ સમજીને પ્રભુના શરણમાં આવો, પ્રભુના શરણમાં આવો.

૮૫–ટિકિટ લઇ લો, નહિ તો ટ્રેન ઊપડી જશે ને તમે રહી જશો

રેલવેમાં તો ફર્સ્ટ કલાસ, સેકંડ કલાસ ને થર્ડ કલાસ એવા વર્ગ હોય છે. કેટલાક મુલકમાં એથી પણ વધારે વર્ગ હોય છે.

જેની પાસે જે પ્રમાણે પૈસા હોય તે પ્રમાણે ટિકિટ લેવી જોઇએ. આપણી પાસે પૈસા થોડા હોય અને એવા મિજાજમાં રહીએ કે, હું તે થર્ડ કલાસમાં શું કરવા બેસું ? એ કેમ કામ આવે ? આપણે એવા મિજાજમાં ને એવા વિચારમાં રહીને ટિકિટ લેતાં વાર લગાડીએ અને પછી ટ્રેન ઊપડી જાય ત્યારે હાય હાય કરીએ એમાં શું વળે ? આપણી પાસે વધારે પૈસા ન હોય તો હલકા વર્ગની પણ ટિકિટ લઈ લેવી જોઇએ; કારણ કે સેકંડ કલાસવાળા ને ફર્સ્ટ કલાસવાળા વહેલા પહોંચે ને થર્ડ કલાસવાળા મોડા પહોંચે એવું કાંઈ નથી; માત્ર સગવડતામાં ફેર છે. વધુ પૈસાવાળા વધુ સગવડતા ભોગવી શકે એમાં કાંઇ નવાઈ નથી; પણ એવી સગવડતા ભોગવવાની આપણામાં શક્તિ ન હોય, તો તે સારૂ કાંઇ ખાલી વાતોમાં ને વાતોમાં સ્ટેશન પર પડ્યું રહેવું જોઈએ નહિ; પણ આપણી સ્થિતિ પ્રમાણે ટિકિટ લઈ ટ્રેનમાં બેસી જવું જોઇએ, કે જેથી ધક્કામુક્કી ખાતે ખાતે પણ અંતે ધારેલા મુકામે પહોંચી શકાય.

ભાઇઓ ! આ ટ્રેન કઈ? એ ટિકિટ કઈ? અને એ મુકામ કયો ? એ ખબર છે ? સર્વવ્યાપક, સર્વશક્તિમાન, અનંત બ્રહ્માંડના નાથ, મહાન પ્રભુનો પવિત્ર રસ્તો એ આપણી સાચી ટ્રેન છે; કર્મ, યોગ, તપ, તીર્થ, વ્રત, દાન અને જ્ઞાન તથા ભક્તિ એ ટિકિટ છે અને મોક્ષધામમાં, હરિની હજૂરમાં, અનંતકાળનાં સુખ ભોગવવા જવું એ આપણો છેવટનો ધારેલો મુકામ છે; એ અલૌકિક ઈશ્વરી મુકામમાં જવાનો હક પણ સૌને છે અને ટ્રેન પણ સૌને માટે છે; પણ ટિકિટમાં ફેર છે. જેનામાં જેવી જાતની યોગ્યતા હોય તે પ્રમાણે તેણે જલદી જલદી ટિકિટ લઈ લેવી જોઇએ; કારણ કે ટ્રેનને ઊપડી જતાં વાર લાગતી નથી, એટલે કે મોત આવતાં કાંઈ વાર લાગતી નથી. માટે કોઇ પણ જાતની ટિકિટ લઇને પ્રભુના રસ્તામાં આવી જાઓ ! પ્રભુના રસ્તામાં આવી જાઓ !!

જો એમ વિચાર કર્યા કરશો કે, અમે કાંઈ યોગ સાધી શકીએ તેમ નથી, અમે કાંઈ તપ કરી શકીએ તેમ નથી, અમે કાંઈ યજ્ઞો કરી શકીએ તેમ નથી અને અમે કાંઈ મન, વાણી કે બુદ્ધિથી જાણ્યા જાય નહિ એવા અનિર્વચનીય પ્રભુના સ્વરૂપનું જ્ઞાન પણ મેળવી શકીએ તેમ નથી અને એ સિવાય ભક્તિમાર્ગની જે નાની નાની

વાતો રહી તેમાં શું વળે? એમ ધારીને જો એ ટિકિટ પણ નહિ લઇએ તો ટ્રેન ઊપડી જશે ને આપણે રહી જઇશું,તેથી ફેરો માથે પડશે. માટે ભાઇઓ! જેવી આપણને સગવડતા હોય, જે પ્રમાણે જ્ઞાન હોય, જે પ્રમાણે સંત તથા ગુરુ મળ્યા હોય અને જે પ્રમાણેના સંજોગો હોય તેવી જાતની ટિકિટ લઈ, એટલે કે તેવા ધર્મો પાળી પ્રભુના રસ્તામાં આવી જાઓ! પ્રભુના રસ્તામાં આવી જાઓ! એટલે પછી મોક્ષધામ કાંઈ દૂર નથી.

૮૬–એક ડોશીનો અફસોસ અને મહાત્માનો ઉપદેશ

એક ડોશીને ફક્ત એકજ દીકરો હતો. તે બિમાર પડ્યો અને દૈવેચ્છાથી ગુજરી ગયો. ડોશી જરા લેભાગુ જેવી, રજનું ગજ કરે તેવી અને વેવલી હતી, તેને બહુ વસમું લાગ્યું. એકનો એક જુવાન દીકરો મરી જાય, એ કોને સારૂં લાગે? સૌને વસમું તો લાગેજ; પણ આ ડોશીનો વલોપાત તો કાંઈ અદ્‌ભુત-જ હતો. તેની આંખોમાં શ્રાવણભાદરવો અને તેની છાતીનું કૂટવું તો ગજબજ હતું. ગમે તેવા ક્રૂર માણસને પણ એ વખતે દયા ઊપજે તેવું હતું; પણ તેમાં ઉપાય શું? આપણને દયા આવે પણ કાળને દયા આવે એમ ક્યાં છે? થોડી વારમાં સગાંવહાલાં ભેળાં થયાં અને મુડદાને શ્મશાને લઈ જવાની ઉતાવળ કરવા લાગ્યાં; પણ ડોશી સમજે નહિ. તે તો પોતાના દીકરાના મુડદાને પકડીને બેઠી ને કહેવા લાગી કે, "એ મારો એકનો એક દીકરો મરેજ કેમ? ગમે તેમ થાય, પણ હું તેને નહિ લઇ જવા દઉં. ચાહે તો મને પણ ભેળી બાળી મૂકો, પણ હું એને બાળવા નહિ દઉં. અરે! કોઈ મારા દીકરાને જીવતો કરો. અરે! કોઈ મારા દીકરાને જીવતો કરો. જે કહો તે આપું પણ કોઇ જીવતો કરો!" આવી રીતે ડોશી વિલાપ કરવા લાગી.

એક તરફ ડોશીનું કલ્પાંત ને બીજી તરફ શબને શ્મશાનમાં લઈ જવાની નાતવાળાઓની ઉતાવળ; તેથી ત્યાં બહુ ગડબડ થઇ રહી. નાતવાળાઓ કહેવા લાગ્યા કે,"એ રાંડની તો ડાગળી ચસકી ગઈ છે, કાંઈ શબને ઘરમાં ઘાલી મુકાય? ગામમાં મુડદું પડ્યું હોય, ત્યાંસુધી સગાંવહાલાંઓથી જમાય કેમ? અને પાછા આપણે નાહીએધોઇએ ક્યારે? એ તો રાંડ વેવલી છે પણ આપણા શું હાલ થાય એ તો વિચારો!" બીજાએ કહ્યું કે, "આપણાથી કાંઈ

જોરજુલમથી લઈ જવાય ? એ તો એ માને ત્યારે જવાય." ત્યારે ત્રીજાએ કહ્યું કે, "એ ન માને તો એને પણ ભેળી ફૂંકી આવીએ એટલે પીડા ટળી. કોઈક દહાડો એને પણ મૂકવા જવું તો પડશે ને? માટે આજેજ ભેળાભેળું કામ ઉકેલી દઇએ."×

બિચારી ડોશી જ્યારે છાતીફાટ કલ્પાંત કરે છે, ત્યારે નાતવાળાઓ તેનાજ ઘરમાં ઊભા ઊભા આવે પ્રસંગે અણછાજતી ઉતાવળ કરે છે અને ન બોલવાના બોલ બોલે છે; એટલુંજ નહિ પણ શ્મશાનની શાંત જગ્યા કે જ્યાં મૂએલાંઓની પાછળ છેવટની ઈશ્વરપ્રાર્થના કરવી જોઇએ અને જેને બાળવા ગયા હોય તેના પુણ્યાર્થે તેની પાછળ કાંઈ ભલાં કામો કરવાના સંકલ્પ કરવા જોઇએ તેને બદલે શ્મશાનમાં ચિતાની પાસેજ ન કરવાની વાતો કરાય છે ને ન કરવાનાં કામો કરાય છે.

આપણા લોકોની ધર્મ સંબંધી લાગણી એટલી બધી બુઠ્ઠી થઈ ગઈ છે કે, શ્મશાનમાં ગયા છતાં ને મુડદાને બળતું જોયા છતાં પણ આપણને શ્મશાનવૈરાગ્ય પણ ઊપજતો નથી. જાણે આપણે તો અમરપટોજ લખાવીને આવ્યા હોઇએ, એવી રીતે ચિતા પાસે બેઠા બેઠા પણ ગપ્પાં હાંકીએ છીએ, પણ એ કેટલું બધું પાપ છે એ સમજતા નથી અને આપણાં સગાંઓને ચિતામાં ફુંકાતાં જોયા છતાં પણ–એક દિવસ આપણે પણ એવીજ રીતે ફુંકાઇ જવાના છીએ; માટે કાંઈક રૂડું કરી લઇએ, એવો ખ્યાલ આપણા મનમાં આવતો નથી. પ્રભુ ! દયા કર! અમારી ઉપર દયા કર !!

ડોશીના ઘર પાસે જ્યારે આવી રીતે ગડબડ મચી રહી હતી, ત્યારે ત્યાં એક સાધુ આવી નીકળ્યો. તેણે કહ્યું કે, "કયા હૈ?" લોકોએ કહ્યું કે, "આ ડોશીનો બિચારીનો એકનો એક દીકરો હતો તે મરી ગયો છે. હવે તેને કાઢી જવો છે, પણ ડોશી માનતી નથી. બિચારીની ડાગળી ચસકી ગઈ છે. એ તો કહે છે કે, 'કોઈ મારા છોકરાને જીવતો કરો.' "

સાધુએ કહ્યું, "ઉસમેં કયા બડી બાત હૈ? અભી હમ જીતા કરતા હૈ! કીધર હૈ વો લડકા?" એમ કહીને તે સાધુ શબની પાસે ગયો.

ડોશીએ જાણ્યું કે, "પ્રભુએ મારી દાદ સાંભળી. આ મહા-

× આપણી નાતવાળાઓ એકબીજા તરફ આવા પ્રસંગે પણ કેવી લાગણી ધરાવે છે તેનો આ નમૂનો તો જુઓ !

દેવજી બાવાનું રૂપ લઇને આવ્યા છે, તે જરૂર મારા લાડકડાને જીવતો કરશે." એમ સમજીને ડોશી તો હર્ષમાં આવી ગઇ ને તે સાધુને પગે પડવા તથા ખોળા પાથરવા લાગી.

બેચાર સવાલો પૂછીને મહારાજ તો કાંઈ મંતર ભણુવા લાગ્યા. સૌ ધ્યાનથી જોવા લાગ્યા ને ડોશી રડતી બંધ થઇ ગઇ. જરા વાર પછી તે સાધુએ કહ્યું કે, "માઈ! એક રૂપિયા ચાહીએ." ડોશી જરા પૈસાદાર હતી. તેણે કહ્યું કે, "મહારાજ ! જો છોકરો સાજો થતો હોય તો એક શું ? સો રૂપિયા આપું." એમ કહી અંદરના બીજા ઓરડામાંથી રૂપિયો લાવવા માટે તે ઊઠી; એટલામાં મહારાજે કહ્યું કે, "માઈ! તુમેરા ઘરકા રૂપિયા કામ નહિ લગેગા, જીસકા ઘરમેં કોઈ આદમી ન મરા હોવે, ઉસકા રૂપિયા ચાહીએ, ઐસા રૂપિયા મિલે તો અભી તેરા લડકા જીતા હોવે."

ડોશીએ જાણ્યું કે, "એમાં શું મોટી વાત છે? હમણાં ગામમાંથી રૂપિયો લઈ આવીશ." એમ ધારી શબની પાસે તે સાધુને બેસાડી દોડતી દોડતી ફળિયામાં ગઇ. જઇને પાડોશણને કહ્યું કે, "જલદી જલદી એક રૂપિયો આપો, તો મારો છોકરો જીવતો થાય." પાડોશણે કહ્યું કે, "જો તારો છોકરો જીવતો થતો હોય તો એકને બદલે બે રૂપિયા લઈ જાને!" એમ કહી તે પડોશણ રૂપિયો લેવા ઘરમાં ગઈ, એટલામાં ડોશીએ કહ્યું કે, "બાઇ! સબૂર, તમારા ઘરમાં કોઇ મરી તો નથી ગયું ? જો કોઇ પણ મરી ગયું હોય તો તમારા ઘરનો રૂપિયો ન ખપે.' ત્યારે પાડોશણે કહ્યું કે, "બે મહિના ઉપર મારી સાસુ મરી ગયાં છે." ડોશી બીજે ઘેર ગઇ, તેણે કહ્યું કે, "મારી ધાવણી છોકરી મરી ગઈ છે." ત્રીજે ઘેર ગઇ, તેણે કહ્યું કે, "મારો દાદો મરી ગયો છે." ચોથે ઘેર ગઈ, તેણે કહ્યું કે, "મારો વર મરી ગયો છે." પાંચમે ઘેર ગઈ, તેણે કહ્યું કે, "મારી વહુ મરી ગઈ છે." છઠ્ઠે ઘેર ગઇ, તેણે કહ્યું કે, "મને કસુવાવડ થઇ ગઇ છે." સાતમે ઘેર ગઈ, તેણે કહ્યું કે, "મારો બાપ મરી ગયો છે." એમ કરતાં આખું ગામ રખડીને બપોર થઇ ગયા, પણ જેને ઘેર કોઇ પણ માણુસ ન મરી ગયું હોય એવું એક પણ ઘર મળ્યું નહિ. એ પછી તે પાસેના બીજા ગામડામાં ગઇ, ત્યાં પણ એમજ. ત્રીજા ગામડામાં ગઇ, ત્યાં પણ એવું ઘર ન મળ્યું. પછી ચોથા ગામડામાં ગઈ, ત્યાંથી પણ ખાલી હાથે પાછી ફરી.

ચાર ચાર ગામ રખડ્યા છતાં ને ઘેરે ઘેર ભટક્યા છતાં પણ,

જેને ઘેર કોઇ પણ માણસ ન મરી ગયું હોય, એવું એક પણ ઘર મળ્યું નહિ; તેથી ડોશીને ખાતરી થઇ ગઇ કે, "મરવું એ તો જગતનો નિયમજ છે; એટલુંજ નહિ પણ મારી પેઠે હજારો જણનાં છોકરાં મરી ગયાં છે, તે છતાં પણ તેઓ બધાં કઠણ થઇને રહેલાં છે, તેમ મારે પણ કઠણ થઇને રહેવું જોઇએ;" એવા વિચારથી તેને જરા ધીરજ આવી.

છેવટે સાતઆઠ ગાઉ રખડીને થાકીપાકી લોથપોથ થઇને સાંજે ઘેર આવી અને સાધુને કહ્યું કે, "મહારાજ ! તમે માગો છો એવો રૂપિયો તો ક્યાંય મળતો નથી. હું ચાર ગામ રખડી આવી, પણ કોઇ ઘર એવું ન મળ્યું કે જ્યાં કોઇ પણ માણસ મરી ગયું ન હોય." ત્યારે મહારાજે કહ્યું કે, "ચાર ગામ તો શું, પણ આ દુનિયા જેવી બીજી હજારો દુનિયામાં ફરી વળીએ, તોપણ એવું ઘર નહિ મળે; કારણ કે આપણે મરવાને માટેજ જન્મ્યાં છીએ. રામ ને કૃષ્ણ પણ ચાલ્યા ગયા, ઇન્દ્ર પણ અગણિત થઇ ગયા અને બ્રહ્માનો પણ પાર ન રહ્યો; ત્યારે આપણે તે શું વિસાતમાં ? તારા દીકરા સારૂ કાંઇ પ્રભુના નિયમો થોડાજ ફરી જવાના છે ? માટે હવે ફોગટની હાયહાય કર નહિ. વૈષ્ણવજન થઇને શોક શું કરે છે ? આપણે શોક કરીએ તો પ્રભુ દિલગીર થાય છે, માટે હવે તો ભગવદ્દઇચ્છાને આધીન થઇને ધીરજ રાખ ને પ્રભુનું સ્મરણ કર કે જેથી આત્માનું કલ્યાણ થાય."

૮૭–પ્રથમ ડૂબતાને બચાવો ને પછી ઉપદેશ કરો

એક છોકરો બાબુલનાથના તળાવમાં પડી ગયો હતો, તે નીકળવાને તરફડિયાં મારતો હતો, પણ કાંઈ ઉપાય હાથ આવતો નહોતો, તેથી ડૂબી મરવાની તૈયારીમાં હતો; એટલામાં ત્યાં તેનો મહેતાજી આવી ચડ્યો.બુદ્ધિના ભંડાર પંતુજી–મહેતાજીએ તે છોકરાને ડૂબતો જોઇને કહ્યું કે, "હરામખોર! એજ લાગનો છે, મારું કહ્યું નહોતો માનતો તે લે હવે લકુંઓ. હું રોજ કહેતો કે, પાણીની મસ્તી ન કરો, નિશાળમાંથી ભાગી ન જાઓ, માબાપનું કહ્યું કરો, ગુરુની સેવા કરો, પણ તમે લોકો એવા પાજી છો કે મારું કહ્યું માનતા નહોતા, એનું ફળ જોયું કે ? હજી તો તું જ્યારે નિશાળે આવીશ ત્યારે તારી ખબર લઇશ. તારાં હાડકાંનો ખુરદો કર્યો વિના તું કાંઇ પાધરો થાય તેમ નથી. બોલ હવે અક્કલ

આવી કે નહિ ? હવે મારું કહ્યું માનીશ કે નહિ? બોલ જલદી, કે હજી પણ વધારે ખાસડાં ખાવાં છે ? જો હવેથી કદી પણ પાણીની મસ્તી કરતો નહિ હો !" આવી રીતે ડૂબી જતા છોકરાની પાસે પોતે ભાષણ આપવા લાગ્યા; પણ એટલા વખતમાં તો છોકરો કેટલુંયે પાણી પી ગયો અને ડચકાં ખાવા લાગ્યો; એટલામાં ત્યાંથી એક ઘાટી નીકળ્યો.છોકરાને ડૂબતો જોઇને તે ઘાટી તળાવમાં કૂદી પડ્યો અને તેણે એ છોકરાને બચાવી લીધો. હવે આ બેમાં ઉત્તમ કોણ ? ઉપદેશ આપવાવાળો મહેતાજી કે જંગલી ઘાટી ?

ભાઇઓ ! આપણે પણ ઘણી વખત એ મહેતાજીના જેવું જ કરીએ છીએ. ધર્મની લાંબી લાંબી વાતો કરીએ છીએ અને તત્ત્વજ્ઞાનની ઊંડી ઊંડી બાબતો સાથે માથાફોડ કરીએ છીએ, પણ આપણાં ભાઈબહેનો કે જેઓ દરિદ્રતાના સાગરમાં આપણી નજર આગળ રોજરોજ ડૂબતાં જાય છે તેને માટે આપણે કાંઈ પણ કરતા નથી. આપણા ધંધા વિનાના ભાઇઓને આપણે ધંધો અપાવવાની તજવીજ કરતા નથી, આપણા દુ:ખી થતા ભાઇઓને આપણે દેશાવર મોકલવાની તજવીજ કરતા નથી, આપણાં રખડતાં બચ્ચાંઓને માટે આપણે ઠેકાણે ઠેકાણે અનાથાશ્રમ ખોલાવવાની તજવીજ કરતા નથી, આપણી દુ:ખી વિધવા બહેનોને માટે આપણે ભરવાસીવવાનાં કે હુન્નરઉદ્યોગનાં ખાતાં ખોલતા નથી, આપણા દેશના લાખો ભિખારીઓને માટે આપણે કાંઈ ધ્યાન આપતા નથી અને આપણા હજારો ભાઈઓ દર વર્ષે પારકા ધર્મમાં વટલી જાય છે, તેઓને વટલાતા અટકાવવા માટે પણ આપણે કાંઇ તજવીજ કરતા નથી અને મોઢે કહીએ છીએ કે, ધર્મ કરો, ધર્મ કરો; પણ ધર્મ થાય ક્યાંથી ? ભૂખે પેટે કોઇએ જ્ઞાન મેળવ્યું છે ? આપણે ધર્મની વાતો કરવામાં જેવા શૂરાપૂરા છીએ અને પારકાને ઉપદેશ કરી પંડિતાઈ બતાવવામાં જેવા ચતુર છીએ, તેવા ધર્મ પાળવામાં આપણે ચતુર નથી; તેથી ધર્મની આપણી બધીય વાતો હવામાં ઊડી જાય છે અને ડૂબકી મારી ચોટલી પકડીને ડૂબતાને બચાવી લે તે ઘાટી આપણાથી ચડી જાય છે. માટે ભાઇઓ ! ધર્મની વાતો કરવામાં એટલે કે અક્કલની ઉજાણી કરવામાં પડ્યા ન રહો, પણ પ્રભુને અર્થે આપણાં દુ:ખિયારાં ભાઈબહેનોને અને આપણા ગરીબડા દેશને હમેશાં યથાશક્તિ મદદ કરો.

૮૮-મતપંથમાં નહિ ફસાતાં પ્રભુને શરણે જાઓ

એક વખત કાશીમાં જુદા જુદા પંથ ને જુદા જુદા મતવાળા પંડિતોની તથા સાધુસંન્યાસીઓની મોટી સભા થઈ. તેમાં ઈશ્વર કેવા સ્વરૂપવાળા છે અને ઈશ્વરને કેમ જાણવા, એ બાબત ઉપર વાદવિવાદ થયો. એ સભામાં જુદા જુદા દેશના ને જુદા જુદા વિચારના હજારો માણસો હતા. તે સૌ પોતપોતાનો પક્ષ ખેંચવા લાગ્યા, તેથી તે સભાનું રૂપ એવું થઇ ગયું કે,

" દર્શન, ભેદ, દાવા, મત ઘણા, ગઢ બાંધી રહ્યા આપ આપણા;
એક એકપે હુંકી રહ્યા, અમે પામ્યા બીજા વહેતા ગયા."

સભામાં ચાલતા વાદવિવાદનું આવું રૂપ જોઇને ત્યાં બેઠેલા ડાહ્યા માણસોએ જોઇ લીધું કે, આ વાતમાં કાંઇ માલ નથી. આ તો મતોની તાણાતાણ છે. આવી રીતે તકરાર કરવામાં તો કોઈ દિવસ પણ કાંઇ સાર નીકળી શકે તેમ નથી, એવું જાણીને તેમાંથી એક ડાહ્યો માણસ બોલી ઊઠયો કેઃ-

" ખટ્ દર્શનના જુજવા મતા, માંહોમાંહી ખાતા ખતા;
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે;
અખા એ અંધારો કૂવો, ઝઘડો ભાગી કોઈ ન મૂઓ."

ભાઇઓ ! યાદ રાખજો કે ધર્મના ઝઘડાઓનો આવી રીતે કોઈ પણ દિવસ નિકાલ આવતો નથી. એમાંથી તો ઊલટું અંદર અંદર વેરઝેર વધતું જાય છે અને અશ્રદ્ધા થતી જાય છે; માટે મતોની ને પંથોની તકરારમાં ન ઊતરતાં સર્વ મત-પંથવાળાઓ જેને જુદી જુદી રીતે ભજી રહ્યા છે, તે એક મહાન પ્રભુને શરણે જાઓ, પ્રભુને શરણે જાઓ અને એમજ સમજો કે,

શાર્દૂલવિક્રીડિત

જેને શૈવ જનો પૂજે શિવ કહી, વેદાન્તમાં બ્રહ્મ જે,
બૌદ્ધો બુદ્ધ કહી પૂજે જિનજનો, અર્હન્ત જેને કહે;
માને જૈમિની સૂત્રને અનુસરી, મીમાંસકો કર્મને,
કર્તા સત્ય પ્રમાણ શાસ્ત્રથી કહે, નૈયાયિકો જેહને. ૧
શાંડિલ્યાદિ મહર્ષિઓ કહી ગયા, જે સૃષ્ટિથી ભિન્ન છે,
સ્વામી સેવકભાવ રાખી વિભુને, શ્રદ્ધા થકી જે પૂજે;
એવો દેવ અચિંત્ય સત્ય સઘળે, સત્તા થકી વ્યાપ્ત જે,
પૂરે છે મનવાંચ્છિતાર્થ સઘળા, ત્રૈલોક્યના નાથ તે. ૨

૮૯—પ્રભુને પામવાનાં ઘણાં સાધનોમાં નામસ્મરણ એ મુખ્ય ગણાવાનું કારણ?

આપણાં શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે વારંવાર કહેલું છે કે, પ્રભુનું નામસ્મરણ કરવું એ કળિયુગમાં મુખ્ય સાધન છે. વેદોમાં પણ જુદા જુદા નામથી ને જુદા જુદા ભાવથી પ્રભુની સ્તુતિજ કરેલી છે. ઉપનિષદોમાં પણ ૐકારનો જપ કરવાનું વારંવાર કહેલું છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે, બધા યજ્ઞોમાં જપ એ મુખ્ય યજ્ઞ છે. મહાભારત, રામાયણ, ભાગવત અને બીજાં પુરાણોમાં પણ એની એજ વાત ફેરવી ફેરવીને નવા નવા રૂપમાં વારંવાર કહેલી છે; એટલુંજ નહિ પણ હાલના જમાનાના ભક્તોએ પણ એ વાત ખાસ કબૂલ રાખેલી છે. નાનક, કબીર, તુલસીદાસ, સુરદાસ, તુકારામ, રામદાસ, નરસિંહ મહેતો અને મીરાંબાઈએ પણ પ્રભુના નામસ્મરણનેજ મુખ્ય માનેલું છે; કારણ કે તેઓ સમજતાં કે, દરેક જમાનાના બહારના ધર્મો જુદા જુદા હોય છે. જેમ જેમ વખત જાય, તેમ તેમ માણસોના આચારવિચાર અને આજુબાજુના કુદરતી સંજોગો પણ બદલાતા જાય છે; એટલે એ બદલાતા જતા વખતને અનુકૂળ થવા માટે પ્રસંગોપાત્ત આપણા ધર્મોમાં પણ કાંઇક ફેરફાર કરવો પડે છે, કારણ કે જે બાજુનો પવન હોય તે બાજુનો સઢ ન ચડાવીએ, તો વહાણ તોફાનમાં આવી પડે છે ને અંતે ડૂબી જાય છે. એમ ન થાય માટે ત્રિકાળ-દર્શી મુનિઓએ કહેલું છે કે, "સત્યયુગમાં તપ કરવું, ત્રેતાયુગ-માં યજ્ઞ કરવા, દ્વાપરયુગમાં દેવપૂજન કરવું અને કળિયુગમાં ઈશ્વર-નું નામસ્મરણ કરવું."

ભાઈઓ! આનો ભેદ સમજ્યા કે? એનો ભેદ જરા ઊંડો છે. આ સૃષ્ટિ તો અનાદિ કાળથી છે, પણ અમુક વખતે કુદરતના કાંઈ ચોક્કસ ભેદોને લીધે તેનો પ્રલય થઇ જાય છે. એ પ્રલય પછીના પહેલા કાળને સત્યયુગ કહે છે. એ વખતે માણસો નીરો-ગી, લાંબાં આયુષ્યવાળાં, ઓછાં સાધનોવાળાં અને સહનશીલ હોય છે; એટલે એ કાળમાં બીજાં કોઇ પણ સાધનો કરતાં તપ કરવું તેઓને અનુકૂળ હતું, તેથી એ કાળમાં લાંબી મુદત સુધી લોકો તપ કરતા હતા. એ પછી વખત જતાં જમાનો બદલાયો, પ્રજાની સમૃદ્ધિ વધી, ધંધારોજગાર વધ્યા, જુદાં જુદાં રાજ્ય

થયાં, મોજશોખ તરફ લોકોનું વલણ થયું અને માન મેળવવાની તથા નામના કાઢવાની ઇચ્છા પ્રબળ થઇ, તેથી તપ તરફ લોકોની અરુચિ થવા લાગી, એટલે તે વખતે ભિન્ન ભિન્ન દેશસ્થિતિ ને લોકરુચિ પ્રમાણે ઘણી ઘણી જાતના યજ્ઞો અને નવા નવા પ્રકારના કર્મકાંડ થવા લાગ્યા.

તે પછી ઘણાં વર્ષો ગયા બાદ વળી સમય બદલાયો. એ વખતે લોકોનું ધર્મજ્ઞાન વધ્યું. યજ્ઞના દેવથી તેઓને તૃપ્તિ થઇ નહિ. તેઓને કોઇ મૂર્તિમાન દેવની જરૂર લાગી, તેથી તેઓએ પોતપોતાની ઊંચામાં ઊંચી કલ્પના પ્રમાણે શિવવિષ્ણુની સુંદરમાં સુંદર મૂર્તિઓ બનાવી અને તેની તેઓ ખરા ભાવથી પૂજા કરવા લાગ્યા. આમ થવાનું બીજું પણ એક કારણ હતું; તે એ કે યજ્ઞમાં પશુઓનું બળિદાન આપતા હતા. એ કમકમાટી ઉપજાવનારા બળિદાનની સામે મોટો પોકાર ઊઠ્યો અને જુદો ધર્મ ખડો થયો; એટલુંજ નહિ પણ એ વખતે દેશમાં પરદેશીઓ આવ્યા હતા, વસ્તી વધી ગઇ હતી અને સમૃદ્ધિના વિભાગ પડી ગયા હતા, એટલે ઘણા લોકો સહેલાઈથી યજ્ઞ કરી શકે તેમ નહોતું અને મૂર્તિપૂજા તો એ વખતે સૌથી સહેલાઈથી બની શકે તેમ હતું, એટલે યજ્ઞ નાબૂદ થયા અને તેને બદલે દેવપૂજા થવા લાગી.

ઘણો કાળ દેવપૂજા ચાલ્યા બાદ વળી પાછો વખત બદલાયો. જુદા જુદા દેશમાં નવા નવા ધર્મના જુદા જુદા પયગંબરો થયા. તેઓએ મૂર્તિપૂજાની સામે પોતાનો ઝુંડો ઉઠાવ્યો. દેવપૂજામાં તેઓને અનેક દોષ દેખાવા લાગ્યા, તેથી તેઓએ મૂર્તિપૂજાની વિરુદ્ધનો ઉપદેશ શરૂ કર્યો અને તેમાં તેઓ વખત જતાં ફાવવા લાગ્યા.

ભવિષ્યની પ્રજામાં થનારા આવા ફેરફારો પ્રાચીન આર્યઋષિઓ પોતાના યોગબળથી જાણતા હતા, તેથીજ તેઓએ આપણાં શાસ્ત્રોમાં કળિયુગમાં નામસ્મરણને મુખ્ય માનેલું છે અને વર્તમાનકાળના મહાન ભક્તોને પણ એજ જાતનો પ્રત્યક્ષ અનુભવ થયેલો છે; કારણ કે તેઓ સમજતા કે, હાલના પ્રપંચી કાળમાં દેવપૂજા ઉપર લોકો શ્રદ્ધા રાખી શકશે નહિ. હાલના ભ્રષ્ટતાના જમાનામાં દેવો સીધી રીતે ફળ આપી શકશે નહિ. હાલના પ્રવૃત્તિકાળમાં–હરીફાઇના જમાનામાં લોકોને દેવપૂજા કરવાની અનુકૂળતા મળશે નહિ. દેવપૂજાની વિરુદ્ધના લોકોનું

બળ વધારે હોવાથી તથા તેઓનાંજ પુસ્તકોનો ઊછરતી પ્રજામાં અભ્યાસ હોવાથી વખત જતાં દેવપૂજા ટકી શકશે નહિ અને કદી લાભેલોભે, શરમાશરમે, દેખાદેખીએ દેવપૂજા ચાલે, તોપણુ તેમાં અનન્ય ભક્તિથી લોકો તન્મય થઇ શકશે નહિ; એમ સમજીનેજ પ્રાચીન ઋષિઓએ આપણાં પવિત્ર શાસ્ત્રો મારફત દુનિયાને કહેલું છે કે, આ જમાનો પ્રભુના નામસ્મરણનો છે; તેથી બીજા કોઈ પણ સાધનો કરતાં મહાન ઈશ્વરના પવિત્ર નામનું સ્મરણ એજ હાલના કાળમાં મુખ્ય છે. સૌ ધર્મનો એ સાર છે અને સૌ ધર્મનો એ ધર્મ છે; માટે યોગ, યજ્ઞ, તપ, દેવપૂજા અને અધ્યાત્મજ્ઞાન વગેરે જે બને તે ધર્મ પાળો; પણ તે સર્વમાં ભગવજ્જશને, પ્રભુનાં ગુણગાનને, પ્રભુની પ્રાર્થનાને અને પ્રભુના નામસ્મરણને મુખ્ય રાખો; કારણ કે તે આ જમાનાનો ધર્મ છે. એટલે જો તેને સાથે રાખ્યા વિના બીજું કાંઇ કરશો, તો તેનું પૂરૂં ફળ મેળવી શકશો નહિ. માટે શુદ્ધ હૃદયથી ને પૂર્ણ પ્રેમથી જ્યારે બને ત્યારે મહામંગળકારી અખંડ આનંદસ્વરૂપ પરમાત્માના પવિત્ર નામનું સ્મરણ કરો.

૯૦–આપણા ઘણાય રીતરિવાજોની પેઠે આપણી દાનની રીતિ પણ બદલવી જોઇએ

જે તરફનો પવન હોય તે તરફનો સઢ ચડાવીએ તોજ વહાણ બચી શકે; પણ જો પવનથી ઊલટો સઢ ચડાવીએ તો વહાણની ખરાબી થયા વિના રહે નહિ. પવન બદલાય ત્યારે સઢ બદલવોજ જોઇએ; એ વખતે કાંઇ એવો વિચાર કામ ન લાગે કે, અગાઉના કપ્તાન અમારા કરતાં વધારે ડાહ્યા હતા અને તે જેમ સઢ ચડાવતા તેમજ અમે સઢ ચડાવીએ છીએ. અગાઉના ખલાસીઓ આપણા કરતાં વધારે ડાહ્યા હતા એ વાત ખરી, પણ તેઓના વહાણને જે અનુકૂળ પવન હતો તેવો અનુકૂળ પવન હાલમાં આપણને નથી; પણ આપણને એથી ઊલટો પ્રતિકૂળ પવન છે; માટે જે બાજુના સઢથી તેઓનાં વહાણ કિનારે પહોંચ્યાં તે બાજુના સઢથી આપણાં વહાણ કિનારે પહોંચી શકે તેમ નથી, આપણે સઢ ફેરવવાની જરૂર છે. તેઓના કરતાં આપણે વધારે ડાહ્યા છીએ માટે સઢ ફેરવીએ છીએ એમ નથી. પવન બદલાઇ ગયો, માટે સઢ ફેરવવાની જરૂર છે; કારણ કે બદલાતા જમાનાના પ્રવાહને

રોકવાનું કાંઇ આપણામાં સામર્થ્ય નથી. માટે આપણે વખત સમજી જવો જોઇએ.

વખત સમજી જવો એટલે દાન કરવું અથવા લૂંટાવી દેવું એમ નથી, પણ જેમ વધારેમાં વધારે ઉપયોગી થઈ શકે તેવી રીતે દાન કરવું જોઇએ. આપણાં શાસ્ત્રોમાં દાન. આપવાને માટે જે પાત્ર કહેલાં છે તેવાં જ્ઞાની, તેવાં તપસ્વી, તેવાં નિઃસ્પૃહી ને તેવાં લાયક માણસો હાલના જમાનામાં મળી શકે તેમ નથી. આપણાં પુરાણોમાં દાન આપવાની જે જે ચીજો ગણાવેલી છે તેવી ચીજોથી હાલના જમાનામાં માણસોની અંતરવૃત્તિ તૃપ્ત થઇ શકે તેમ નથી. આપણાં શાસ્ત્રોમાં દાન આપવાના જે જે સમય ને જે જે સ્થાનો નક્કી કરેલાં છે, તે સર્વ પ્રસંગોને હાલના સર્વ લોકો પૂરેપૂરી રીતે જમાનાના ફેરફારને લીધે કબૂલ રાખી શકતા નથી અને આપણાં શાસ્ત્રોમાં દાન આપવાની જેટલી આજ્ઞાઓ છે, તેનો હજારમો ભાગ પણ હાલમાં આપણે પાળી શકતા નથી. માટે આપણી દાનવિધિઓમાં સહેજ ફેરફાર કરવો જોઇએ.

આપણે સમજવું જોઇએ કે, જે વખતે આપણા ઋષિઓએ દાન આપવાના નિયમો બનાવ્યા, તે વખતે કોઈ રેલવે ઊપડી જવાની ધાસ્તી નહોતી. તે વખતે કાંઇ હાલની પેઠે "બોલતાં બંધાય ને છીંકતાં દંડાય" તેવા કરોળિયાની જાળ જેવા કાયદાઓ નહોતા; તે વખતે કાંઈ પ્લેગ ને કવૉરેન્ટીન નહોતાં; તે વખતે કાંઇ વિલાયતી દવાઓની બાટલીઓની પધરામણી આપણા દેશમાં થઇ નહોતી; તે વખતે કાંઇ આબકારી ખાતાં ને જંગલ ખાતાના કાયદાઓ નહોતા; તે વખતે કાંઇ પરદેશીઓનો એટલો બધો સમાગમ નહોતો; તે વખતે કાંઇ છપ્પનિયા જેવા ઉપરાઉપરી દુકાળ પડતા નહોતા તથા તે વખતે કાંઈ હાલના જેવા પ્રપંચી વૃત્તિના માણસો નહોતા, એટલે તેઓના બધા નિયમો નભી શકતા હતા; પણ હાલમાં તો મામલો બધો ફરી ગયો છે, માટે આપણી દાનવિધિમાં જમાના પ્રમાણે ફેરફાર કરવાની જરૂર છે.

હવે તો આપણે ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવી જોઇએ. નવી શોધ કરી શકે તેવા કારીગરોને મદદ કરવી જોઇએ. નવા નવા રોગ વધતા જાય છે તે દૂર કરવા સારૂ વૈદકશાસ્ત્રને મદદ કરવી જોઇએ. સારાં સારાં પુસ્તકોને ઉત્તેજન આપવું જોઇએ. આપણા ધર્મમાંથી જેઓ વટલી જાય છે તેઓને સમજાવીને, પ્રાયશ્ચિત્ત કરાવીને, પાછા નાતમાં લેવામાં મદદ કરવી જોઇએ. નાતોના

જે જે જુલમ છે અને પ્રજામાં જે જે વહેમ છે. તે દૂર થાય એવા ઉપાયો લેવામાં ધ્યાન આપવું જોઇએ. ધર્મના જે સેંકડો મતભેદ થઈ ગયેલા છે, તે બધા બહારના ઝઘડાઓ છોડી અંતરમાંથી એક થાય એવા પ્રયત્નમાં મદદ કરવી જોઇએ. અમલદારોના જુલમ ઓછા થાય અને રાજ્યના કર ઓછા થાય તેવી જાતના સરકારના કાયદાઓમાં મદદ કરવી જોઇએ. ગરીબ બ્રાહ્મણો કે જેઓનું આપણાં પવિત્ર શાસ્ત્રોમાં અતિશય માન છે, જેઓનાં સંતાનો ઘેરેઘેર ભીખ માગે છે અને અતિશય દુઃખી થાય છે, તેઓને ધંધારોજગારે લગાડવામાં મદદ કરવી જોઇએ. આપણાં અતિ ઉત્તમ શાસ્ત્રોના સાચા અર્થ લોકો સમજે એવા કામમાં મદદ કરવી જોઈએ. ગરીબ બિચારી વિધવાઓ હાડમારી ભોગવે છે, તેઓને ભરતાંગૂંથતાં શીખવવાની, લખતાંવાંચતાં શીખવવાની ને આબરુથી ગુજરાન કરી શકે, તેવી સગવડ કરી આપવામાં મદદ કરવી જોઇએ. વેપારધંધો ખેડવા માટે લોકો પરદેશ જઈ શકે તેવી બાબતમાં મદદ કરવી જોઇએ. અનાથ-નિરાધાર છોકરાંઓ કે જેઓ, આપણે ગટરમાં ફેંકી દીધેલી પતરાળીઓમાંથી ભાતના દાણા વીણ્યા કરે છે, તેઓને ઉદ્યોગશાળામાં લઈ જવામાં મદદ કરવી જોઇએ. ઘણાયે ભક્તિ વિનાના મૂર્ખ સાધુઓ કે જેઓ ભીખ માગવાનુંજ કામ કરે છે અને દેશમાં બોજારૂપ છે, તેઓને સુધારવામાં મદદ કરવી જોઇએ. જે નિરાધાર જીવોને આપણે આશરે પ્રભુએ સોંપેલા છે, તેઓને બચાવવામાં મદદ કરવી જોઇએ અને માન આપવા યોગ્ય ખરેખરા સાધુસંત, ધર્મનું તત્ત્વ જાણનારા શાસ્ત્રીઓ તથા હરિજનોને અને કોઈ પણ જાતના વિદ્વાનોને તથા પોતાના જાતિભાઇઓને સૌ લોકોએ જ્યારે બને ત્યારે યથાશક્તિ બનતી મદદ કરવી જોઇએ, એનુંજ નામ સત્ય દાન છે. આવી રીતનાં જમાનાને અનુસરતાં દાન કરતાં જો આપણે શીખીશું, તોજ આપણે અને આપણી પ્રજા સુખી થઈ શકીશું; માટે ભાઇઓ અને બહેનો! પરમ દયાળુ અનંત બ્રહ્માંડના નાથને રીઝવવા સારૂ જેમ દુનિયામાં ધર્મ વધે, આપણાં દુખિયારાં ભાઇબહેનો સુખી થાય અને આપણો પાયમાલ થતો દેશ આબાદ થાય, એવી જાતનાં દાનો કરો. એ આપણા પવિત્ર શાસ્ત્રનો ઉપદેશ છે અને એ ઈશ્વરની આજ્ઞા છે; માટે પ્રભુની કૃપા મેળવવા સારૂ ફળની આશા છોડીને ભગવત્પ્રીત્યર્થે જમાના અનુસાર યથાશક્તિ અવશ્ય દાન કરો! દાન કરો!

૯૧—સારા સમયની વાટ જોવામાં ન રહી જતાં, જે બને તે ઝટઝટ કરી લો

અમે જોયું છે કે, જેઓ એમ વિચાર કરતા હતા, કે 'અમે યાત્રાએ જઇશું ત્યારે ગંગાકિનારે પુણ્યદાન કરીશું,' તેઓ યાત્રાએ જતાં પહેલાંજ ખપી ગયા છે અને કાંઇ કરી શકયા નથી. જેઓ એમ વિચાર કરતા હતા કે, અમે પ્રાચીના પીપળાએ નારાયણ-બળિ સરાવીને ત્યાં બ્રાહ્મણ જમાડીશું, તેઓ ત્યાં જઇ શકયા નથી. એ વખતે કવૉરૅન્ટીન તથા કૉલેરાની ધાસ્તી તેઓને નડી ગઈ છે ને તેથી તેઓ કાંઈ કરી શકયા નથી. જેઓ એમ ધારતા હતા કે. સૂર્યગ્રહણ વખતે કુરુક્ષેત્રમાં જઇને ખૂબ દાન કરીશું, તેઓના મનોરથો પૂરા થયા નથી; તેઓના કુટુંબમાં એવી અડચણો આવી પડી હતી કે, દશ ગ્રહણો ચાલ્યાં ગયાં; તોપણ તેઓ કુરુક્ષેત્રમાં જઇ શકયા નથી. જેઓ એમ ધારતા હતા કે, બે વર્ષ પછી વ્રજમાં જઇને યમુનાજીને કિનારે શ્રીમદ્ભાગવતની સપ્તાહનું પારાયણ કરીશું અને બે ચાર હજાર રૂપિયા ખર્ચીશું; તેઓનો એ વખત આવ્યા પહેલાં દેવાળાં નીકળી ગયાં છે તથા ઘરબાર વેચાઇ ગયાં છે અને જેઓ એમ ધારતા હતા કે, અમે મરતી વખત કાંઈ ઠીક ઠીક કરી જઇશું, તેઓ એમ ને એમ મરી ગયા છે, કાંઈ કરી શકયા નથી; ઊલટી તેઓની મિલકત જ્યાંની ત્યાં પડી રહી છે અને "જેના હાથમાં તેના મોંમાં" એમ થઈ ગયું છે. માટે ભાઇઓ ! વૈધૃત, વ્યતિપાત અને ગ્રહણની વાટ જોયા કરવામાં ન રહી જાઓ; શાસ્ત્રમાં કહેલાં સુપાત્ર મળે તોજ આપીએ, એવી આશામાં ન રહી જાઓ અને તીર્થોમાં જઇશું ત્યારે દાન કરીશું, એવા વિચારોમાંજ નહિ રહી જતાં, જેમ બને તેમ અને જ્યારે બને ત્યારે ખરેખરા લાચારોને પ્રેમપૂર્વક યથાશક્તિ મદદ કરો. ભલે તે લાચાર નીચ જાતનો હોય, તમે દાન આપો તે દિવસ પણ જોષીઓના મત પ્રમાણે સારો ન હોય અને દાન આપવાની જગ્યા પણ તીર્થોની ન હોય; તોપણ યાદ રાખજો કે, પ્રભુને અર્થે આપેલું વ્યર્થ જતું નથી. અંધારામાં સાકર ખાધી હોય, તોપણ તે મીઠી લાગ્યા વિના રહે નહિ, તેમજ ગમે તે વખતે ને ગમે તે દેશમાં પણ જો ખરેખરા લાચાર માણસોને દાન આપ્યું હોય, તો તેનું ફળ કાંઈ જતું રહેવાનું નથી. પ્રભુએ પણ ગીતામાં કહેલું છે કે:

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
(अ. ६, श्लो. ४०)

હે અર્જુન! ભલું કામ કરનાર કોઈ પણ માઠી ગતિને પામતો નથી અને હે તાત! આ લોકમાં કે પરલોકમાં તેનો નાશ પણ થતો નથી.

ભાઇઓ! પ્રભુનો આવો ખુલ્લો હુકમ છે અને આવી ખુલ્લી ગૅરેન્ટી છે; માટે પ્રભુને અર્થે ભલાં કામ કરવામાં ને દાનપુણ્ય કરવામાં વાર લગાડશો નહિ, વાર લગાડશો નહિ; પણ દયાનો હાથ તો જ્યારે અને ત્યારે લંબાવતાજ રહેજો; તોજ અખંડ દયાળુની દયા મેળવી શકશો.

૯૨–પળની ખબર નથી ત્યારે ભલાં કામો આવતી કાલ ઉપર શા માટે રાખો છો?

એક વખત ધર્મરાજા યુધિષ્ઠિર પાસે કોઇ સુપાત્ર બ્રાહ્મણ દાન લેવા ગયો. ધર્મરાજાને લાગ્યું કે, બ્રાહ્મણ દાન આપવા યોગ્ય છે અને તેની માગણી પ્રમાણે હું આપી શકું તેમ પણ છું; તેથી તેમણે એ બ્રાહ્મણને કહ્યું કે, “ કાલે આવજે.”

ધર્મરાજાના ભાઇ ભીમને એ વાતની ખબર પડી, તેથી તેને વિચાર થયો કે, આવી ભૂલ મોટાભાઈ કેમ કરે છે? કાલનો શું ભરોંસો? ધર્મનાં કે પરમાર્થનાં ભલાં કામ કાંઇ બનતા સુધી કાલ ઉપર રખાય નહિ, માટે મારે એ ભૂલ સુધારવી જોઇએ; એમ ધારીને ભીમે એક યુક્તિ કરી. એ યુક્તિ એ હતી કેઃ—

પાંડવોના દરબારમાં એક જબરજસ્ત નગારું હતું. એ નગારાને માટે એવો ઠરાવ હતો કે, જયારે કોઇ બહુજ મોટી ફતેહ થઇ હોય ત્યારેજ એ નગારું વગાડાય, ત્યાંસુધી કોઇથી એ નગારું વગાડાય નહિ. એ નગારા પાસે જઇને ખૂબ જોરથી ભીમ તેને વગાડવા લાગ્યો. ભીમના બળનું પૂછવુંજ શું? એના હાથમાં એવું જબરજસ્ત નગારું આવે પછી બાકી શું રહે? આખા શહેરમાં એ નગારાની ગર્જના ફેલાઇ ગઈ. એ સાંભળીને ધર્મરાજા અજબ થયા કે, આ વળી શું? ઓચિંતું આ નગારું કેમ વાગ્યું? તપાસ કરતાં ખબર મળી કે એ તો ભીમે વગાડયું છે. ધર્મરાજાએ જાણ્યું કે ભીમ કાંઈ મોટી ફતેહ કરીને આવ્યો હશે; તેથી ભીમને

પૂછ્યું કે, "કેમ ભાઇ! કયો મુલક જીતી આવ્યા?" ત્યારે ભીમે કહ્યું કે, "આજ તો બહુ ભારે જીત થઇ છે, કાળ જિતાઈ ગયો છે." ધર્મરાજાએ અજબ થઈને પૂછ્યું કે, "હેં! કાળને કોણે તેં જીત્યો? મોટા મોટા ઋષિમુનિઓ ને દેવદાનવો પણ કાળને જીતી શકયા નથી, એવા મહાકાળને કોણે જીત્યો? તેં?" ત્યારે ભીમે કહ્યું કે, "મેં નહિ, પણ તમે કાળને જીત્યો છે." એ સાંભળીને ધર્મરાજાએ કહ્યું: "અરે ભીમ! આ તું શું બોલે છે? મને તો પળની પણ ખબર નથી. મારાથી કાળ કેમ જિતાય?" ત્યારે ભીમે કહ્યું કે, "પેલા બ્રાહ્મણને તમે દાન લેવા માટે કાલે આવવાનું કહ્યું, તે ઉપરથી મેં જાણ્યું કે તમે કાળને જીત્યો હશે; કારણ કે જો તમે કાળને જીત્યો ન હોય અને તમને પળની પણ ખબર ન હોય તો તમે ધર્મના કામમાં કાલનો વાયદો શું કરવા કરો? તમારો આવતી કાલનો વાયદો સાંભળીને મેં જાણ્યું કે, તમે કાળને જીત્યો હશે, તે સારૂ તો મેં નગારું વગાડ્યું; કારણ કે કાળને જીતવા કરતાં બીજી મોટી ફતેહ કઇ હોઈ શકે?"

ભીમની એ વાત સાંભળીને ધર્મરાજા શરમાઇ ગયા. તેમણે પોતાની ભૂલ કબૂલ કરી અને એજ વખતે બ્રાહ્મણને બોલાવીને તેની ઇચ્છા મુજબ દાન આપીને તેને ખુશી કર્યો.

ભાઇઓ! અસલના વખતમાં આપણા લોકો ધર્મની બાબતમાં આટલા બધા ચોક્કસ હતા. હાલમાં આપણે ધર્મ તરફ બેદરકાર થતા જઇએ છીએ. તેનાં મુખ્ય કારણોમાં એક એ પણ કારણ છે કે, આપણે ધર્મનાં ને પરમાર્થનાં ભલાં કામોને આવતી કાલ ઉપર ને આગળ ઉપર રાખીએ છીએ; તેથી આપણામાંથી દૃઢતા ઓછી થઇ લાસરિયાપણું આવતું જાય છે અને લાસરિયાપણાથી અંતે કાંઇ પણ થઈ શકતું નથી, એટલે ધર્મ ડૂબતો જાય છે. માટે ભાઇઓ! જિંદગીનો પળવારનો પણ ભરોંસો નથી, એમ સમજીને આપણા સનાતનધર્મને ખાતર, આપણા પવિત્ર આત્માને ખાતર અને અખંડ સચ્ચિદાનંદ પ્રભુને ખાતર ભલાં કામો કરવામાં વાયદો કરો નહિ! વાયદો કરો નહિ!

૫૬

તારા મનમાં જાણે છે મરવું નથી રે, એવો નિશ્ચય કર્યો નિરધાર,
તેમાં ભૂલી ગયો ભગવાનને રે. ટેક
ધનદોલત, નારી ને ઘણા દીકરા રે, ખેતીવાડી, ઘોડી ને ઘરબાર–તેમાં૦

મેડી, મંદિર, ઝરૂખાં ને માળિયાં રે, સુખદાયક સુંદર સેજ–તેમાં૦
ગાદીતકિયા ને ગાલમશુરિયાં રે, અતિ આડ કરે છે એજ–તેમાં૦
નીચી ખાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સંગાથે અભિમાન–તે૦
મરમાળી મોહનજીની મૂર્તિ રે, તેની સાથે ન લાગેલ તાન–તેમાં૦
પાપ અનેક જન્મનાં આવી મળ્યાં રે, તારી મતિ મલિન થઈ મંદ–તે.
દેવાનંદના વહાલાને વીસરી ગયો રે, તારે પડ્યો ગળે જમ ફંદ–તેમાં૦

૯૩–અસલના વખતમાંના ચાર આશ્રમના હેતુઓ

ત્રિકાળદર્શી મુનિઓએ પ્રજાના કલ્યાણ સામું જોઈને અસલના વખતમાં ચાર વર્ણ અને ચાર આશ્રમ બાંધ્યા હતા. આજે આપણામાં હજારો જુદી જુદી નાતો થઈ છે અને સેંકડો જાતના પંથો, સેંકડો જાતના સાધુઓ તથા સેંકડો જાતનાં ધતિંગો ઊભાં થઇ ગયાં છે, એટલે એ અસલના વખતના વર્ણ તથા આશ્રમની ખૂબી આપણે સમજતા નથી; પણ પંડિતો કહે છે કે, જેમ સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર છે, તેમ બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ અને સંન્યાસ છે. છોકરાંઓને નિશાળોમાં પ્રથમ સરવાળા શીખવવામાં આવે છે; કારણ કે મેળવવું તેનું નામ સરવાળા છે. જેમકે, બે ને ત્રણ પાંચ, પાંચ ને પાંચ દશ, એવી રીતે ઘણી રકમોને ભેળી કરીને સાથે મેળવવી તેનું નામ સરવાળા છે. તેમજ બ્રહ્મચર્ય અવસ્થામાં પણ જ્ઞાન મેળવી શકાય છે, ઘણી જાતની જુદી જુદી વિદ્યાઓ ભણી શકાય છે અને આગળ જતાં દુનિયાદારીમાં જે ઘરસંસાર ચલાવવો હોય છે તેનાં મૂળ તત્ત્વો જાણી લેવાં તથા ઈશ્વર ઉપરનો વિશ્વાસ અને જગત ઉપરનો પ્રેમ શીખી લેવો એ બ્રહ્મચર્ય અવસ્થાનું કામ છે; માટે સરવાળાની સાથે ઋષિઓ બ્રહ્મચર્યની સરખામણી કરે છે.

સરવાળા શીખ્યા પછી બાળકોને બાદબાકી શીખવવામાં આવે છે. બાદબાકીમાં બધું ઓછું કરવાનું હોય છે. જેમકે આપણી પાસે સો રૂપિયા હોય તેમાંથી પચાસ કોઈને આપી દઈએ તો બાકી પચાસ રહે. તે પચાસમાંથી દશ બીજા કાઢી લઈએ તો બાકી ચાલીસ રહે. આવી રીતે મૂળ રકમમાંથી ઓછા કરતા જવું, તેનું નામ બાદબાકી છે. ઋષિઓ ગૃહસ્થાશ્રમને બાદબાકી કહે છે; કારણ કે બ્રહ્મચર્ય અવસ્થામાં જે લાભ મેળવેલા હોય છે, તેનાં ફળ ગૃહસ્થાશ્રમમાં આપવાં પડે છે. એ વખતે બીનો હક બીને

આપવો પડે છે, બચ્ચાંઓનો હક બચ્ચાંઓને આપવો પડે છે, માબાપોનો હક માબાપોને આપવો પડે છે, દેશનો હક દેશને આપવો પડે છે, રાજ્યનો હક રાજ્યને આપવો પડે છે, બંધુઓનો હક બંધુઓને આપવો પડે છે અને પ્રભુનો હક ધર્મ-નિમિત્તે માનપૂર્વક પ્રભુને આપવો પડે છે. આવી રીતે સરવાળા-માં એટલે કે બ્રહ્મચર્ય અવસ્થામાં જે મેળવેલું હોય, તે આ બાદ-બાકીમાં એટલે કે ગૃહસ્થાશ્રમમાં બાદ કરવું પડે છે; માટે ગૃહ-સ્થાશ્રમને જ્ઞાનીઓ બાદબાકી કહે છે.

એ પછી ગુણાકાર છે. વાનપ્રસ્થ અવસ્થા એટલે કે નિવૃત્ત થયેલા શેઠિયાઓ, પેન્શન ખાનારા અમલદારો, ઘરસંસારની ઉપાધિ છોડી ભગવત્સેવામાં લાગી ગયેલા હરિજનો તથા પોતાના સુખમાં પૂળો મૂકી જગતની સેવામાં લાગી ગયેલા મહાત્માઓ. આવા લોકોને અસલના વખતમાં વાનપ્રસ્થ કહેતા અને તેમની ગુણાકાર સાથે સરખામણી કરતા હતા; કારણ કે જેમ ગુણાકારમાં એકનું બહુગણું થઇ જાય છે, તેમ આવી અવસ્થાવાળાઓ પણ પોતાના જ્ઞાનથી, પોતાના ગુણથી, પોતાના અનુભવથી ને પોતાની લાગવગથી જગતનું બહુ હિત કરી શકે છે; કારણ કે પોતાના અંગત સ્વાર્થનો તેઓએ ભોગ આપેલો હોય છે, એટલે પરમાર્થ અર્થે કરેલાં તેઓનાં કામ ગુણાકાર જેવાં એટલે કે એકનાં બહુ-ગણાં થઇ જાય છે; કારણ કે તેઓ મહાજનો છે. એટલે બીજા સાધારણ લોકો તેઓએ ચલાવેલા માર્ગ ઉપર ચાલે છે; તેથી તથા તેઓનો અનુભવ અને તેઓની મહેનતનો લોકોને મફત લાભ મળવાથી દેશની ઉન્નતિ થાય છે; માટે એવા પરોપકારી સ-જ્જનોની ગુણાકાર સાથે સરખામણી થતી હતી.

આ પછી છેવટનો ચોથો આશ્રમ જે સંન્યાસ, તેની ભાગાકાર સાથે સરખામણી કરતા હતા. ગુણાકારની સ્થિતિમાં જે એકનું બહુગણું થયું હોય, તેના જેટલા બને એટલા ભાગ પાડી નાખવા અને છેવટે શૂન્ય બાકી રહેવા દેવી, એ સંન્યાસધર્મનું કામ છે. પોતાને માટે માત્ર શૂન્ય એટલે બ્રહ્મ રાખી પોતાની પાસે જે કાંઈ હોય તે સર્વ પોતાના બંધુઓને ભાગ પાડીને વહેંચી આપવું ને પોતે તદ્દન નિર્વિકારી થઈ ઇશ્વિરમય થઇ જવું, એનું નામ સંન્યા-સ છે અને તે ભાગાકાર છે.

જે સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર જાણે છે,

તે ઘણી જાતના હિસાબો બહુ ચોક્કસપણે કરી શકે છે. તેના હિસાબમાં પછી ભૂલ રહેતી નથી; તેમજ જે બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ ને સંન્યાસ આશ્રમ ભોગવે છે, તેઓનું ઈશ્વરી જ્ઞાન પણ સારૂં થઇ જાય છે, એટલે તેઓને મોક્ષ સુલભ થઇ જાય છે; માટે ભાઇઓ ! આજના વખતમાં કદાચ સંન્યાસધર્મ તમારાથી ન પાળી શકાય તો રહ્યું; પણ બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થ માટે તો જરૂર ધ્યાન રાખજો. ગૃહસ્થપણા માટે તો કહેવાનું નથી; કારણ કે એ તો તમને ગમેજ છે, પણ જે નથી ગમતું તે બ્રહ્મચર્ય; કારણ કે બાળપણમાં સરવાળા શીખવાની માથાકૂટ બહુ જબરી છે. બાદબાકી તો જલદી આવડી જાય છે, એટલે એમાં શું કહેવું ? પણ ગુણાકાર જરા કઠણ છે. ઘરડા થયા છતાં પણ ભાડૂતી ઘરનો મોહ મૂકી શકાતો નથી, એ મુશ્કેલી બહુ મોટી છે; માટે પાછલી અવસ્થા ભગવદ્દઇચ્છાને આધીન થઇને શાંતિથી ગાળી શકાય, એવું થવા માટે હમણાંથીજ ઈશ્વરી રસ્તામાં મચ્યા રહો ! ઈશ્વરી જ્ઞાનમાં મચ્યા રહો !

૯૪–દુનિયામાં તો કાંટા રહેશેજ, આપણા પગમાં જોડા પહેરી લઇએ તો બસ છે

આ દુનિયાની કુદરતી રચનાજ એવી છે કે, તેમાં સારૂં, નરસું અને સુખદુઃખ થયા વિના રહેજ નહિ; એટલે દુનિયામાં કાંટા તો રહેશેજ, તેથી આપણે ગમે તેવા સમર્થ થઇએ; તોપણ આખી પૃથ્વીમાં કયાંય પણ કાંટોજ ન રહે એમ તો આપણે કદી પણ કરી શકીએજ નહિ. કયાંય ખૂણેખાંચરે પણ કાંટા તો રહેવાનાજ અને જ્યાંસુધી દુનિયામાં કાંટા છે તથા આપણે દુનિયામાં ચાલવાનું છે, ત્યાંસુધી કાંટા તો વાગશેજ; કારણ કે આપણે અથવા બીજું કોઈ પણ આખી દુનિયામાંથી કાંટા નાબૂદ કરી શકે નહિ અને તેમ છતાં પણ આપણે કાંટાથી તો બચવુંજ જોઇએ. ત્યારે હવે કરવું શું? મહાત્માઓ કહે છે કે, તમે તમારા પગમાં જોડા પહેરી લો એટલે તમારે માટે દુનિયા કાંટા વિનાની થઈ પડશે. જો તમે જોડા પહેરી લેશો, તો દુનિયામાં ગમે એટલા કાંટા હોવા છતાં પણ તમને એકે કાંટો વાગશે નહિ; માટે આખી દુનિયામાંથી કાંટા નાબૂદ કરવાની પંચાતીમાં નહિ પડયા રહેતાં, આપણે આપણો બચાવ થાય તેમ કરી લેવું જોઈએ. ભગવાન રામકૃષ્ણ જેવા અવતા-

રી પુરુષો પણ દુનિયાદારીની અડચણો નાબૂદ કરી શક્યા નથી, ત્યારે આપણે તે શું વિસાતમાં? માટે બહેતર તો એજ છે કે, આપણું કમ્પાઉન્ડ ચોખ્ખું રાખવું, એટલે કે આપણાં સગાંવહાલાં અને ભાઇબંધદોસ્તોમાં જયાં જ્યાં આપણી લાગવગ ચાલી શકતી હોય, ત્યાં ત્યાં ધર્મ ફેલાય તેમ કરવું અને આપણે પોતે જોડા પહેરી લેવા એટલે કે ચોખ્ખું થઈ જવું, અટલે આપણને કાંટા વાગશે નહિ. મતલબ કે આપણે જોડા પહેરેલા હશે અને આપણું કમ્પાઉન્ડ ચોખ્ખું હશે, તો આપણે કાંટાની વેદના ખમવી પડશે નહિ. માટે આપણે પોતે પવિત્ર થઇએ અને આપણી આજુબાજુનું મંડળ રૂડું થાય, એવી તજવીજ કરો, એટલે આપણને અડચણો ભોગવવી પડશે નહિ.

કામક્રોધ વગેરે વિકારો, સારૂંનરસું વગેરે વૃત્તિઓ, જુદા જુદા સ્વભાવો, હલકાભારે સંસ્કારો, જમાનાની રુઢિઓ, દેશાચાર ને કુળાચારની રીતિઓ, રાજ્યના સારામાઠા કાયદાઓ અને માણસોના લોભો તભા આપણા અંતરનાં જૂનાં પાપો, એ બધું, કાંઇ ઘડીકમાં દુનિયામાંથી નાબૂદ થઈ શકે તેમ નથી. એ બધા અને એવાજ બીજા ઘણાયે કાંટાઓ આ દુનિયામાં છે અને તે સર્વ કાંઇ આપણાથી દૂર થઈ શકે નહિ. માટે જો સલામત રીતે ટૂંકામાં પતાવવું હોય તો આપણે પોતે પવિત્ર થઇને પ્રભુમય બની જવું જોઇએ, એટલે બધી અડચણો એની મેળે દૂર થઇ જશે. માટે ભાઇઓ! એક એક કાંટાને તોડવા નહિ જતાં, એટલે કે એક એક અડચણની સામે નહિ થતાં જોડા પહેરી લો, એટલે કે મહાન પ્રભુને અર્થે પવિત્ર થઇ જાઓ, એટલે તે સર્વશક્તિમાન વિશ્વંભરનાથની કૃપાથી બધી અડચણો એની મેળે દૂર થઈ જશે.

૯૫–આપણી ચાવી પ્રભુને સોંપ્યા વિના મોક્ષનાં ઇનામ લઇ શકાતાં નથી

આપણી ઇચ્છા એ આપણી જિંદગીની ચાવી છે, એ આપણે ખુલ્લી રીતે સમજ્યા છીએ. હવે આપણે એ સમજવું જોઇએ કે, એ જોખમની ચાવી કોને સોંપવી? કારણ કે એવા મોટા જોખમની ચાવી કાંઇ જેને તેને સોંપાય નહિ. એક કાઠિયાવાડી ગામડિયા ભક્ત કહેતા કે, "મારી ઓરડીમાં બે ચાર ખોખરાં હાંડલાં પડેલાં છે, એક બે ફાટેલી ગોદડી છે, ચાર પાંચ તૂટેલાંફૂટેલાં વા-

સણો છે અને પાંચ સાત ફાટીતૂટી ચોપડીઓ છે; તોપણ એ મારી ઓરડીની ચાવી હું કાંઇને આપતો નથી; કારણ કે આપણી વસ્તુ-ઓની ચાવી આપણને એટલી બધી વહાલી છે. આવી ધૂળ જેવી ચીજોની ચાવી પણ જ્યારે આપણને આટલી બધી વહાલી છે, ત્યારે આપણી જિંદગીની ચાવીની કિંમત કેટલી બધી મોટી હોવી જોઇએ, એ વિચાર તો કરો! એ ચાવી બીજા કોઇને કેમ સોંપી શકાય? આપણી ઝાપટમઢીની ચાવી પણ જ્યારે આપણે સહેલા-ઇથી બીજા કોઇને સોંપી શકતા નથી, ત્યારે આપણી પેટીની ચાવી તો કેમજ સોંપીએ? અને તિજોરીની ચાવીની તો વાતજ શું કરવી? જ્યારે આવી ચાવીઓ પણ કોઇને સોંપી શકતા નથી, ત્યારે આપણી જિંદગીની ચાવી, સ્વર્ગનર્કની ચાવી, જન્મમરણના ફેરા-માંથી છૂટવાની કે ફસાવાની ચાવી અને ઇશ્વરથી દૂર જવાની કે ઇશ્વરને પામવાની ચાવીરૂપ પોતાની ઇચ્છાઓ જે પ્રભુને સોંપી દે છે, તે ભક્તોનાં હૃદય કેટલાં બધાં વિશાળ હશે? તેઓની રીત-ભાત કેવી ઉદાર હશે? તેઓનાં આચરણમાં કેટલો બધો સમા-નભાવ હશે? અને તેઓ જગતનું તથા પોતાનું કેટલું બધું ભલું કરતા હશે? એ વિચાર તો કરો! આપણે આપણી વાસ મારતી અંધારી ઓરડીની ચાવી પણ સહેલાઇથી છોડી શકતા નથી, ત્યારે જે ભક્તો પોતાની જિંદગીની ચાવીને પણ પ્રેમપૂર્વક પ્રભુના ચર-ણારવિંદમાં અર્પણ કરી દે છે, તે ભકતો આપણાથી કેટલા બધા ઉત્તમ હશે? તેની સરખામણી તો કરો! અને એવી રીતે પોતાની ઇચ્છારૂપી ચાવી અર્પણ કરનારા મહાત્માઓને કેવું મોટું ઇનામ મળે છે, તે તો તપાસી જુઓ! એ જો તપાસશો તો એમજ લાગી આવશે કે, આપણી પાસે આપણી ઇચ્છાની ચાવી રાખનારા આપણે તો ખરેખરા કમભાગ્યજ છીએ; ખરા સુખી તો ચાવી ફેંકી દેનારા ભકતોજ છે.

૯૬-જ્યાંસુધી આપણી ઇચ્છારૂપી ચાવી પ્રભુને ન સોંપીએ, ત્યાંસુધી આપણો વિશ્વાસ કાચો સમજવો

ચાવી કોને સોંપાય છે, એ તમને ખબર છે? ખબર કેમ ન હોય? આપણે આપણી દુકાનના અજાણ્યા માણસને દુકાનની ચાવી ક્યાં સોંપીએ છીએ? નવી આવેલી ચંચળ વહુને આપણે ચાવી ક્યાં સોંપીએ છીએ? જોખમની ચાવી તો જે બહુજ પ્રમા-

ણિક હોય, બહુજ હોશિયાર હોય અને બહુજ વિશ્વાસને લાયક હોય તેનેજ સોંપવામાં આવે છે. ચાવી સોંપી દેવી, એ વિશ્વાસ-ની પાકી નિશાની છે. વહુ જ્યારે બરોબર લાયક નીવડે, ત્યારેજ વર અથવા સાસુ તિજોરીની ચાવી સોંપે છે અને વહુને જ્યાંસુધી ચાવી ન મળે ત્યાંસુધી તેના મનમાં અસંતોષજ રહે છે. વર ઉપર ઉપરથી પ્રેમની ગમે એટલી વાતો કરે, પણ જ્યાંસુધી વહુના હા-થમાં ચાવી ન સોંપે ત્યાંસુધી ચતુર વહુ કાંઇ ખરેખર ખુશી થાય નહિ; કારણ કે પૂરેપૂરા વિશ્વાસની ખાતરી ચાવી છે. પૂરો વિશ્વાસ આવ્યો ન હોય ત્યાંસુધી કાંઈ ચાવી કોઇને સોંપાય નહિ અને એ પણ યાદ રાખજો કે, જ્યાંસુધી ચાવી સોંપાય નહિ ત્યાંસુધી બન્ને વચ્ચેનો ભેદ પણ જાય નહિ. આ આશકમાશૂકનો વાંધો—આ ધણીધણિયાણીનો વાંધો—એજ જીવ-ઈશ્વરનો પણ વાંધો છે. ઈશ્વર ચાવી માગે છે, પણ જીવ તે સોંપતો નથી. જીવ ઈશ્વરને ચાવી નથી સોંપતો તેનું કારણ તેના મનનું અવિશ્વાસીપણું છે; જો તેના મનમાં ખરો વિશ્વાસ હોય તો પ્રભુને પોતાની ચાવી સોંપી દેતાં શા માટે વાર લગાડે? યાદ રાખજો કે આપણી ઇચ્છારૂપી ચાવી પ્રભુને મળ્યા વિના પ્રભુ કદી પણ રાજી થવાનો નથી. તમે વિચાર તો કરો, કે આપણી નિર્બળ સ્ત્રી પણ આપણી પાસેથી ચાવી લીધા વિના સંતોષ પામતી નથી અને આપણા વિશ્વાસમાં આવતી નથી, ત્યારે દેવાધિદેવ, અનંત બ્રહ્માંડનો નાથ, પુરુષોત્તમ પ્રભુ આપણી ઇચ્છારૂપી ચાવી લીધા વિના આપણા વિશ્વાસમાં કેમ આવશે? ખાતરીથી સમજી લો કે, આપણી ઇચ્છારૂપી ચાવી પ્રભુને સોંપ્યા વિના કદી પણ આપણું કામ થવાનું નથી; માટે ભાઇઓ! ઢીલ નહિ કરતાં જેમ બને તેમ જલદીથી એ જિંદગીના જોખમની ચાવી તો પ્રભુનેજ સોંપી દો, એટલે તમે નિર્ભય થઇને સદા આનંદમાં રહી શકશો.

૯૭—આપણી ઇચ્છારૂપી ચાવી પ્રભુને ખુશીથી નહિ સોંપીએ તો અંતે લાચારીથી પણ સોંપવીજ પડશે

જે સાસુ પોતાની ઉધાઇને કે મૂર્ખાઇને લીધે ચતુર વહુને ચાવી સોંપતી નથી, અથવા જે વર પોતાના અભિમાનને ખાતર કે મૂર્ખાઇને લીધે પોતાની ડાહી વહુને સહેલાઇથી ચાવી સોંપતો નથી, તેને અંતે લાચારીથી પણ વહુને ચાવી સોંપવી પડશે; કારણ

કે ઘરની ધણિયાણી–ચાવીની માલિક–વહુ છે. વખત આવ્યે સાસુને ચાવી રાખવાનો અધિકાર નથી ને તેમ છતાં પણ જો ચાવી પોતાની પાસે રાખી મૂકે તો તેને હડધૂત થવું પડે છે. છેવટે બિમારીમાં કે મરતી વખતે પણ અંતે તેને ચાવી છોડી દેવી પડશે ને એવી રીતે લાચારીથી ચાવી છોડી દેવી તેમાં તો દુઃખ છે; પણ ખુશીથી ચાવી છોડી દેવી તેમાં તો આનંદ છે. ધનને ચોર લૂંટી જાય એ જુદી વાત છે અને ધનનું દાન કરવું એ જુદી વાત છે; જો કે બેઉ રસ્તે આપણી પાસેથી ધન તો જાય છે, પણ ચોર લૂંટી જાય તેમાં દિલગીરી છે ને હાથે કરીને દાન કરવું તેમાં આનંદ છે; તેમજ અંતે હારીને લાચારીથી ચાવી છોડી દેવી પડે તેમાં મહાદુઃખ છે અને પોતાની ખુશીથી, અંતરના ઉમળકાથી ચાવીને ભગવદ્અર્પણ કરી દેવી, તેમાં અલૌકિક આનંદ છે. આ ઉપરથી સમજાશે કે, વાર્યું ન કરે તેને અંતે હાર્યું કરવું પડે છે; માટે રોઈરોઇને પછડાતું પછડાતું જવું, એ કરતાં હસી હસીને સામે જવું એ આનંદ કાંઇ ઓરજ પ્રકારનો છે. ભાઇઓ ! ખરૂં ડહાપણ તો એજ છે અને જિંદગીની ખરી સાર્થકતા એજ છે કે, જેમ બને તેમ જલદીથી, સર્વાત્મભાવથી પ્રભુને શરણ થઇ આપણી ઇચ્છારૂપી ચાવી પ્રભુને સોંપી દેવી અને પ્રભુની ઇચ્છાને આધીન થઈ તેના હુકમો પાળવા તથા ભક્તોની સાથે મળી એવીજ ભાવના રાખવી કેઃ—

પદ

જીવ તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે. (ટેક)
તું અંતર ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નવ ફરે—કૃષ્ણને૦
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે—કૃષ્ણને૦
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કુટાઇને મરે—કૃષ્ણને૦
તારૂં ધાર્યું થાય એટલું, હરિ ઇચ્છા અનુસરે;
સદાકાળ એ રીત નભે નહિ, શીદ હુંપદ મન ધરે—કૃષ્ણને૦
થાવાનું અણુચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા તું શીદને ડરે—કૃષ્ણને૦

૯૮–પોતાની ઇચ્છા પ્રભુને સોંપનારાજ તરી ગયા છે

જેઓએ જોખમની ચાવી પોતાની પાસે રાખી છે તે તો માચીજ ગયા છે; પણ જેણે એ ચાવી ફેંકી દીધેલી છે તેઓજ બચી ગયા છે. કોઈ પણ શૂરવીર, કોઇ પણ સતી કે કોઈ પણ ભક્તને લો અને જુઓ કે તેનું શૂરવીરપણું, તેનું સતીપણું અને તેનું ભક્તપણું શાથી છે? ચાવી ફેંકી દેવાથીજ, બીજું કાંઈજ નહિ. મીરાંબાઇથી ઝેરનો પ્યાલો કેમ પિવાયો? તેણે પોતાની જિંદગીની ચાવી, જે પોતાની ઇચ્છા તે પ્રભુને સોંપી દીધી હતી તેથીજ. નરસિંહ મહેતાનું મામેરું શ્યામસુંદરને શા માટે પૂરવું પડ્યું? તેણે પોતાના જોખમની ચાવી, પોતાની ઇચ્છા પ્રભુને સોંપી દીધી હતી તેને લીધેજ; આથી તેની ઉપર કાંઈ જોખમદારી નહોતી. સુરદાસની પાછળ પાછળ પ્રભુને શા માટે ફરવું પડ્યું? તેણે પોતાની ઇચ્છારૂપી ચાવી પરમ કૃપાળુ મહાન પ્રભુને સોંપી દીધી હતી તેટલા માટેજ. જેણે જિંદગીના જોખમની ચાવી એટલે કે પોતાની ઇચ્છાઓ પ્રભુને સોંપી દીધી, તેઓજ તરી ગયા છે અને આપણે સૌ તેનાજ ગુણો ગાઇએ છીએ.. જેઓ એ ચાવીને પોતાની પાસે રાખી બેઠેલા છે, તેઓ તો સદાની હાયવોયમાંજ છે, તેઓના જીગરમાં તો ભડકાજ બળતા હોય છે અને તેઓનાં મન તો ક્યાંયનાં ક્યાંય ભટકતાંજ હોય છે. બહાર શા માટે જોવા જઇએ? આપણુંજ હૃદય તપાસી જુઓ ને! આપણી ચાવી હજુ આપણે આપણી પાસેજ રાખેલી છે અને તેથી કેવા સુખી છીએ? તે તો જુઓ! ખરા સુખી તો એજ છે કે જેઓએ એ ચાવી પ્રભુને સોંપી દીધેલી છે; માટે જેટલી બને તેટલી મજબૂતીથી આપણી ઇચ્છાઓ પરમ દયાળુ પ્રભુને સોંપી પ્રભુની ઉત્તમમાં ઉત્તમ ઇચ્છાને આધીન થાઓ.

૯૯–આપણી ઇચ્છાઓનું જોખમ આપણી ઉપરથી ઉતારી પ્રભુને સોંપી દો

દુનિયામાં બીજી ઘણી ચીજો કરતાં આપણે જોખમથી બહુ ડરવાનું છે. આપણા ખિસ્સામાં જરૂર કરતાં વધારે પૈસા હોય તો એમાં ને એમાં જીવ લાગેલો રહે છે; કારણ કે ખિસ્સામાં જોખમ હોય છે, તેથી કાંઈ ડગલો ઉતારવાનું મન થતું નથી. આપણને,

મુસાફરી કરવી હોય ને પાસે જોખમ હોય તો રાત્રે ઊંઘ પણ આવતી નથી ને વારે વારે ફિકરમાં ને ફિકરમાં ઝબકીને જાગી ઊઠવું પડે છે. આ તો પૈસાના જોખમની વાત થઈ; પણ એવાં તો આ દુનિયામાં સેંકડો પ્રકારનાં જોખમો છે. જેમકે આબરુનું, સત્તાનું, કુદરતી આફતોનું, બિમારીનું વગેરે. પણ એ બધાં તો નાનાં જોખમો છે, છતાં પણ એવા એક એક જોખમ સારૂ પણ વખતે આપણા એકલાનીજ નહિ, પણ બીજાં ઘણાં માણસોની જિંદગી રદ થઇ જાય છે; ત્યારે વિચાર કરો કે, એવાં હજારો જોખમો જેમાં આવી જાય છે, એવું જિંદગીનું જોખમ, એ કેવું મહાભારત જોખમ ? અને તેમ છતાં પણ આપણી મૂર્ખાઈ તો જુઓ કે જ્યારે બીજાં નાનાં જોખમો આપણી ઉપરથી આપણે ઉતારી નાખીએ છીએ, ત્યારે જિંદગીનું જોખમ—જોખમોના જોખમરૂપ આપણી ઇચ્છાઓને તો આપણે પકડીજ રાખીએ છીએ; પણ ભાઇઓ ! વિચાર તો કરો કે, એવાં મહાભારત જોખમો આપણી ઉપર રાખીને આપણે કેમ સુખી થઇ શકીશું ? કોઇ સાથે વાંધો પડયો હોય તો એ જોખમમાંથી પણ આપણે જલદી છૂટવા માગીએ છીએ. કોઇનું કાંઈ લેણુંદેણું હોય તો એ જોખમમાંથી પણ જલદી છૂટવા ઇચ્છીએ છીએ અને કોઈ દાવપેચમાં કે કુદરતી આફતમાં ફસાઈ ગયા હોઇએ, તો એ જોખમમાંથી પણ જલદી છૂટવા ઇચ્છીએ છીએ; પણ દિલગીરી તો જુઓ કે, જન્મમરણના જોખમમાંથી છૂટવાનો કદી પણ પકકો વિચાર થતો નથી. એ આફતનાં પડીકાં જેવી—એ શેતાનના ભાઇબંધ જેવી આપણી ઇચ્છાઓનું મહાભારત જોખમ આપણી ઉપર રાખીને આપણે કેમ સુખી થઇ શકીશું, એ ખ્યાલ તો કરો !

૧૦૦—બે દહાડા આગળ કે પાછળ પણ અંતે મરી જવું છે; માટે આત્માનું કલ્યાણ થાય તેમ કરો

કોઈ ગુનાને માટે બે માણસોને ફાંસીની સજા થઈ હતી. એ બે માણસમાંથી એકને ઉગમણે ઝાંપે ફાંસી દેવાની હતી અને બીજાને આથમણે ઝાંપે ફાંસી દેવાની હતી; તેમાંથી પ્રથમ એક માણસને ઉગમણે ઝાંપે ફાંસી દીધી, ત્યારે તેની સાથેનો બીજો માણસ બહુ રોવા લાગ્યો અને અફસોસ કરવા લાગ્યો. એ જોઇને પાસેનાં માણસોએ કહ્યું કે, " એને રૂએ છે પણ તું કયાં જીવ-

વાનો છે ? હમણાં ઘડીક પછી તારા પણ એજ હાલ થવાના છે. પહેલાં તારું તો સંભાળ, પછી એને રો.”

એ પછી તે બીજા માણસને ફાંસી દેવા માટે સિપાઇઓ તેને આથમણા ઝાંપા તરફ લઇ જવા લાગ્યા. ત્યારે રસ્તામાં તે માણસ પૂછવા લાગ્યો કે, “ અહીં આટલો બધો કચરો કેમ પડેલો છે? આ ભીંત તૂટી ગઈ છે, તે કેમ કોઇ સમી કરાવતું નથી ? જુઓ તો ખરા! આ ગટરમાંથી કેવી ખરાબ વાસ આવે છે? અરે આ માણસનો કાન તૂટેલો શાથી ?” ત્યારે પાસે ઊભેલા ધર્મગુરુએ કહ્યું કે, “તું તો મરવા ચાલ્યો છે ને એ બધી પંચાતનું તારે શું કામ છે ? તું રહેવાનો હોય ને પછી એ બધું પૂછતો હોય તો ઠીક છે; પણ તારે માટે તો ફાંસીનું લાકડું તૈયારજ છે, માત્ર ત્યાં પહોંચવાની વાર છે; માટે હવે તો કાંઇક સમજ ! આ કચરો કેમ પડેલો છે અને આ ભીંત કેમ તૂટી ગઈ છે, એ જાણવામાં તારું શું વળશે ?” ત્યારે તે માણસે કહ્યું કે, “ મહારાજ ! તમારી વાત તો ખરી છે, પણ જીવ રહેતો નથી. આખી જિંદગી એવા નકામા વિચારોમાં ને ખોટી હાયવોયમાંજ કાઢી છે, એટલે મરતી વખતે પણ એજ વાતો યાદ આવી જાય છે. ઘણુંયે મન થાય છે કે, હજી થોડો વખત છે, તો પ્રભુનું નામ લઈ લઉં; પણ અગાઉનો કચરો મનમાં ભરાઇ ગયેલો છે, તે આ ખરે વખતે પણ નડે છે, તેથી પ્રભુનું નામ લઇ શકાતું નથી. ”

ભાઇઓ ! આપણું પણ આવુંજ છે હો ! આપણે આપણાં સગાંઓ અને દોસ્તોને રડીએ છીએ, પણ આપણે પોતેજ ખપી જવાના છીએ તે માટે કયાં કંઈ વિચારીએ છીએ ? આપણને બીજાંઓની ભૂલો ખોળવી બહુ ગમે છે, આપણને બીજાંઓના ચાળાચસકા કરવામાં બહુ મઝા પડે છે, આપણને કાંઇ કાંઈ લટકાંમટકાં કરવાનું વારે વારે મન થઈ જાય છે, આપણને ભપકોસપકો ને ડોળદમાક કરવામાં બહુ ગમત પડે છે, આપણને હુકમ ચલાવવામાં તથા જયાંત્યાંથી કાંઇ ને કાંઈ તફડંચી કરવામાં બહુ મઝા પડે છે અને આપણને આપણાં વખાણ કરવાં તથા સાંભળવાં બહુ ગમે છે; પણ એ બધું વીજળીના ઝબકારા જેવું છે અને આપણે પોતે પાણીના પરપોટા જેવા છીએ. આપણે માથે કાળનું ચક્કર સદાય ફરી રહેલું છે, એટલે એ પરપોટો ઓચિંતો કઈ ઘડીએ ફૂટી જશે, એ આપણે જાણતા નથી. માટે ભાઇઓ ! ફોગટની

માથાકૂટમાં નહિ પડયા રહેતાં જેમ ધર્મનાં રૂડાં કામો થાય, જેમ આત્માનું કલ્યાણુ થાય અને જેમ અખંડ આનંદરૂપ સર્વશક્તિમાન પવિત્ર પિતા પ્રભુના સ્વરૂપને ઓળખાય તેમ કરો.

પદ

શા માટે તું ભજતો નથી, સહેજે સીતારામને રે ? (ટેક)
આ કાયા તો તારી નથી, હાડકાં ને ચામ, રે;
તેમાં તે શું મોહી રહ્યો છે, ગાફલ ગુલામ રે–શા૦
પાંડવોની પ્રતિજ્ઞા પાળી, દ્રૌપદીનાં ચીર રે;
સુદામાની વેળા વાળી, ઉગાર્યો પ્રહ્લાદ રે–શા૦
રાવણુ સરખા રાણુા હતા, સોના સરખાં ધામ રે;
સવાલક્ષ જેના પુત્ર હતા, તેનાં નથી ઠેકાણું ઠામ રે–શા૦
આગળ તો તારે હુકમાઇ હતી, ઘેર હતા ગુલામ રે;
બાજીગરનો વાંદરો ભાઇ, ભરાવશે સલામ રે–શા૦
ઊંચી મેડી ને અજબ ઝરૂખા, નીચાં નીચાં ધામ રે;
છત્રપતિ તો ચાલ્યા ગયા, તેનાં નથી ઠેકણું ઠામ રે–શા૦
ધાઇધૂતી ધન ભેળું કીધું, દાટ્યા રહેશે દામ રે;
બાપદાદા જેના વહી ગયા, એનાં ખોળી કાઢોને નામ રે–શા૦
પાપની તો પાળો બાંધી, ધર્મ નહિ લગાર રે;
કહે ભવાનભાઇ સાંભળો તમે, ભજી લોનેભગવાન રે–શા૦

૧૦૧–પ્રભુનું નામ પાછળ રાખે તે પાછળજ રહી જાય છે, માટે બાળપણુથીજ પ્રભુને ઓળખવાની તજવીજ કરો

ઘણુા લોકો એમ સમજે છે કે, અમે તો હજુ બાળક છીએ. અમને તે ધર્મમાં શી ખબર પડે ? ઘરડા થઇશું ત્યારે વાત. આપણાં માબાપો ને મોટાં માણુસો પણુ આવીવાતોને ટેકો આપે છે. તેઓ કહે છે કે, "છોકરાંઓને ઝાઝા ધર્મનિયમની તે શી ખબર ? છોકરાંઓ તો ખાવાપીવામાં, હરવાફરવામાં ને મોજશોખમાં સમજે. એમની કાંઇ વ્રતવરતુલાં કરવાની ઉંમર છે ? હમણાંથી એ ધર્મની જાળમાં પડી જાય તો પછી દુનિયાદારી ચલાવે ક્યારે ?"

નાની ઉંમરની વહુ બહુ ધર્મવાળી થાય તો તે સાસુને ગમે નહિ. વહુને ધર્મવાળી જોઇને સાસુ એવાં વાંકાંચૂકાં બોલે કે વહુ બિચારી વગર મંદવાડે માંદીજ પડી જાય. જુવાનીમાં વરને બહુ

ધર્મવાળો જોઇને વહુને પાલવે નહિ; તે એવો છણુકોમણુકો કરે કે કાંઈ વાતજ ન પૂછો; વરને તોબા તોબા કરાવે ને પોતાની વાત કબૂલ રખાવે ત્યારેજ તે ઠેકાણે આવે. ઘણા ભાઇઓમાંથી જો કોઇ ભાઇ ધર્મવાળો થાય તો બીજા ભાઇઓ તેની અદેખાઈ કરે; તેઓને એમ લાગે કે અમે કમાઇ કમાઇને મરીએ છીએ ને આ ભાઈ તો માથે પડે છે. બાપ બહુ ધર્મવાળો થાય તો દીકરાને પાલવે નહિ. દીકરો જાણે કે બાપ બહુ ધર્મમાં ઉડાવી દેશે ને હું રખડી પડીશ અને શિષ્ય બહુ ધર્મવાળો થાય તો ગુરુ મનમાં મૂંઝાયા કરે. તેને એમ લાગ્યા કરે કે, આ બધું માન લઇ જશે ને હું એમનો એમ પડચો રહીશ. આવી રીતે એક માણસ ધર્મવાળો થાય તે બીજાઓને પાલવતું નથી; માટે તેઓ કાંઇ ને કાંઇ બહાનાં કાઢ્યા કરે છે અને ધર્મને આગળ ને આગળ ધકેલ્યા કરે છે; કેમ જાણે આપણે અમરપટો લખાવીને આવ્યા હોઇએ! પણ એમ કરવું એ મોટી ભૂલ છે; કારણ કે જેમ જેમ આપણે પ્રભુને પાછળ રાખીએ છીએ, તેમ તેમ આપણે પોતેજ પાછળ રહી જઇએ છીએ. ધર્મને આગળ રાખ્યા વિના—પ્રભુને આગળ રાખ્યા વિના કોઇ પણ કામમાં કદી પણ ફતેહ પામી શકાય નહિ. માટે હમેશાં ધર્મને—પ્રભુને તો આગળજ રાખવો જોઇએ; કારણ કે પ્રભુને આગળ રાખ્યા વિના કોઈ પણ કામમાં જશ મળેજ નહિ; એટલુંજ નહિ પણ નાની ઉંમરમાં મનમાં જે સંસ્કાર પડે તે જલદી જામી જાય છે; માટે કોઇ પણ જાતના બૂરા સંસ્કાર હૃદયમાં જામી જાય તે પહેલાં ધર્મનાં મૂળિયાંને—પ્રભુના નામને તમારા હૃદયમાં જામવા દો; એટલે પછી પ્રભુના પવિત્ર નામના જયજયકાર સાથે તમારી પણ ફતેહ થશે; પણ જો પ્રભુને પાછળ રાખશો તો તમે પોતેજ પાછળ રહી જશો; માટે હમણાંથીજ સંભાળજો.

૧૦૨—સૂર્ય સામે હમેશાં કોઇ જોતું નથી, પણ ગ્રહણ થાય ત્યારે સૌ તેની સામે જુએ છે; તેમ ભક્તોના ગુણ કોઈ ઘડીકમાં જોતું નથી, પણ તેની ભૂલ તો તુરત જુએ છે

ગુણ લેવાવાળા તો કોઇકજ હોય છે, બાકી આ દુનિયામાં તો ઘણા અવગુણ જોવાવાળાજ છે. સૂર્ય હમેશાં અજવાળું આપે

છે અને સૂર્યના અજવાળાથી જગતને અનેક પ્રકારના લાભ થાય છે; તોપણ સૂર્યનારાયણ તરફ લોકો રોજ રોજ જોતા નથી કે તેની મારફત પ્રભુનો ઉપકાર માનતા નથી; પણ જ્યારે વર્ષે-છ મહિને ગ્રહણ થાય છે, ત્યારે સૌ માણસો તેના તરફ ચાહીને જોવા લાગે છે. બરોબર ન દેખાય તો દૂરબિનથી તથા કાચ ઉપર મેશ લગાડીને પણ લોકો ગ્રહણ જુએ છે અને એવી રીતે ગ્રહણ જોઇને તેની વાતો કરવામાં લોકોને બહુ મઝા પડે છે; કારણ કે બીજાના દોષ જોવા, એ માણસજાતનો સ્વભાવ છે. શાસ્ત્રની આજ્ઞા એવી છે કે, સવારમાં વહેલા ઊઠીને સૂર્યનું દર્શન કરવું જોઇએ; કારણ કે એવા મહાતેજની મારફત, એવા અદ્ભુત આકાશી ગોળાની મારફત, એવા દિવસરાત્રિના ચમત્કાર મારફત અને ઉદય થતા બાલસૂર્યના અલૌકિક સૌન્દર્ય મારફત આપણે સહેલાઇથી પ્રભુની લીલા સમજી શકીએ છીએ; તેથી જે મહાન પ્રભુએ આપણી ઉપર અખંડ કૃપા કરીને એવા મહાતેજવાળા સૂર્યનારાયણને બનાવેલા છે, તે પ્રભુને જાણવાનું-અરે! તે પ્રભુનો ઉપકાર માનવાનું આપણને કુદરતી રીતે મન થઇ આવે છે; માટે સવારમાં વહેલા ઊઠીને સૂર્યનું દર્શન કરવાનું અને એ દર્શનથી ઊપજતા આનંદથી સ્વાભાવિક રીતે થઇ જતી ઈશ્વરપ્રાર્થના કરવાનું શાસ્ત્રમાં કહેલું છે. તેને બદલે ઈશ્વરની અલૌકિક વિભૂતિનાં દર્શન અને ઈશ્વરની પ્રાર્થના, એ બધું તો રહ્યું; પણ ઊલટા આપણે ગ્રહણ જોવા મંડી પડીએ છીએ; તેમજ જે ખરા ભક્તો છે, જેઓ રૂડી રીતે પોતાની જિંદગી ગાળે છે, જેઓ જગતને ફાયદો થાય એવી રીતે વર્તે છે અને જેઓ સર્વશક્તિમાન ઈશ્વરના જ્ઞાનધ્યાનમાં સર્વ મનથી ને સાચા હૃદયથી પૂર્ણ પ્રેમપૂર્વક મચ્યા રહે છે, તેઓની તરફ કોઇ જોતું નથી; પણ જો તેઓમાં જરાક ભૂલ આવી જાય, તો તે તરફ સૌ લોકો જોવા માંડે છે. ખરા ભક્તો કે જે ધર્મના થાંભલા જેવા છે, પ્રેમી ભક્તો કે જે માણસોમાં સૂર્ય જેવા છે, ત્યાગી ભક્તો કે જે જગતમાં ઉત્તમ નમૂનારૂપ છે, ભગવદ્દઇચ્છાને આધીન રહેનારા ભક્તો કે જે જગતમાં પ્રભુનો મહિમા ફેલાવનારા છે અને પ્રભુને અર્થે જેઓએ પોતાની જિંદગી અર્પણ કરેલી છે, એવા ઉત્તમ ભક્તો કે જે આપણા કરતાં હજારો દરજ્જે ચડિયાતા છે અને પ્રભુના કૃપાપાત્ર છે તથા જેનાં રોજ દર્શન કરવાં જોઇએ અને બને તો યથાશક્તિ સેવા કરવી જોઇએ. તેને બદલે એ બધું તો

રહ્યું, પણ ઊલટા આપણે તેમની ભૂલો ખોળીએ છીએ. આ આપણી કેટલી બધી નીચતા છે, એ વિચારો તો ખરા!

એવા સાચા ભક્તોની તો આપણે ખબર રાખવી જોઇએ, તેઓને કાંઇ અડચણ હોય તો આપણે મદદ કરવી જોઇએ, પ્રભુના રસ્તામાં તેઓ સહેલાઇથી આગળ વધી શકે, એવી રીતે તેઓને સગવડતા કરી આપવી જોઇએ, તેઓના રૂડા ઉપદેશો આપણે માનવા જોઇએ, તેઓનું જ્ઞાનધ્યાન ચાલુ રહે માટે તેઓની જંજાળો ઉઠાવવામાં આપણે મદદગાર થવું જોઇએ, ધર્મનો પ્રકાશ તેઓ ફેંકી શકે અને પ્રભુનું પવિત્ર નામ તેઓ ફેલાવી શકે માટે આપણે આપણાથી બની શકે તે પ્રમાણે તનમનધનથી તેમની સેવા કરવી જોઇએ, તેમના રૂડા આચરણની અસર ખૂબ ફેલાવવા માટે દુનિયામાં તેમનો સત્સંગ વધે એવા ઉપાયો યોજવા જોઇએ અને એવા ભગવદ્જનો પ્રભુના માર્ગમાં લાગ્યા રહે તે સારૂ તેઓના દરજ્જા પ્રમાણે તેઓને માનપાન આપવું જોઇએ; કારણ કે તેઓની મારફત–તેઓની મહેનત વડે આપણે જલદીથી ને સહેલાઇથી ઈશ્વરી જ્ઞાન મેળવી શકીએ છીએ; માટે તેઓને આપણે સદાસર્વદા યથાશક્તિ મદદ કરવી જોઇએ, તેને બદલે આપણે તેઓની ભૂલો ખોળીએ છીએ અને તેઓની નિંદા કરીએ છીએ! પણ એ કેટલું બધું ખોટું છે તેનો વિચાર કરો!

જેમ આપણા મનમાં ઈશ્વરની પ્રાર્થના કરવાનો સ્વાભાવિક ઊભરો પ્રકટી આવે, માટે સૂર્યનારાયણનાં દર્શન કરવાનાં છે, તેમજ મહાત્માઓની મહેનતનો લાભ આપણને મળી શકે તે માટે તેઓની સેવા કરવાની છે; પણ જેમ દરરોજ સૂર્યનાં દર્શન કરવાને બદલે આપણને ગ્રહણ જોવાનું ઘેલાપણું લાગેલું છે, તેમજ હરિજનોની સેવા કરવાને બદલે તેઓની નિંદા કરવાનું આપણને ચેટક વળગેલું છે. એ પાપમાંથી હવે તે આપણે ક્યારે છૂટીશું? પ્રભુ! એ પાપથી અમોને બચાવ! બચાવ!

ઓ હરિજનો! સંતો! ભક્તો! સદ્‌ગુરુઓ! તમે પણ જો ક્યાંય ભૂલ થતી હોય તો વિચારજો; કારણ કે તમે અમારા સૂર્ય છો, એટલે તમારી નાની ભૂલ પણ જગતને મોટી લાગશે અને તમારી નાની ભૂલ પણ અમોને મોટું નુકસાન કરશે; કારણ કે તમે મોટા છો, તમારા હાથમાં મશાલ છે અને અમે તમારી પછવાડે ચાલનારા છીએ, એટલે જો તમે ખાડામાં પડી જશો તો

સાથે અમારા પણ બૂરા હાલ થશે; કારણ કે અમે તો તમારે આશરે છીએ એટલે અમારી જવાબદારી તમારા ઉપર છે. માટે અમારી ખાતર, તમારી ખાતર અને મહાન પ્રભુની ખાતર, કાંઈ ભૂલ થવા દેશો મા ને સત્ય માર્ગે ચાલજો.

૧૦૩–બાપનો ચોપડો લઇને બેસીએ ત્યારે તો લેણું ને દેણું બન્ને કહેવું જોઇએ; તેમજ શાસ્ત્રમાં પણ સારૂં કે નરસું જે હોય તે ખુલ્લી રીતે કહેવું જોઇએ

સૌ લોકો પોતાના બાપના ચોપડા લઇને બેસે છે, પણ તેમાં કેટલાક લોકો એવી લુચ્ચાઈ કરે છે કે, પોતાનું જે લેણું હોય તે કહે છે અને બીજાઓ પોતાની પાસે માગતા હોય તે ખાતું બતાવતા નથી. આવી રીતે કરવું એ કાંઇ શાહુકારી કહેવાય નહિ અને એમ કરે એનું ટટ્ટુ આગળ ચાલે પણ નહિ; કારણ કે એ અધર્મ છે. લેવું સારૂં લાગે અને આપવું ગમે નહિ એ કેમ ચાલે ? એવી રીતે વર્તવાથી કાંઇ લાંબો વહેવાર ચાલે નહિ; એથી તો ઊલટી આબરુ જાય અને આપણું સાચું લેણું પણ વખત જતાં ખોટું થઇ જાય, પણ ઈશ્વરની કૃપા છે કે એવી લુચ્ચાઇ કરનારા વેપારીઓ કોઈકજ હોય છે.

ભાઇઓ ! ઉધારની રકમ બતાવે અને જમેની રકમ ન બતાવે એવા વેપારીઓ જો કે આપણા દેશમાં થોડાજ છે, પણ શાસ્ત્રમાંથી પોતાના મતનું સારૂં સારૂં દેખાય તે બતાવે અને પોતાના મતથી વિરુદ્ધની બાબત ન બતાવે એવા ધર્મગુરુઓનો અને એવા શાસ્ત્રીઓનો આપણે ત્યાં કાંઈ ટોટો નથી. એવી ખેંચાખેંચી ને એવી પક્ષાપક્ષીથીજ આપણો પવિત્ર ધર્મ અશ્રદ્ધાના રૂપમાં આવતો જાય છે; કારણ કે શાસ્ત્ર છે તે બાપનો ચોપડો છે. તેમાંથી જેમ ઉધારની રકમો બતાવાય છે તેમ જમેની રકમો પણ બતાવવી જોઇએ. જેમ આભડછેટ, મૂર્તિપૂજા, અવતારની જરૂર, પુનર્જન્મ, યોગની સિદ્ધિઓ અને મહાત્માઓનાં ચરિત્રો બતાવીએ છીએ, તેમજ લોકોને અભેદનો માર્ગ બતાવવો જોઇએ, ભ્રાતૃભાવનો રસ્તો બતાવવો જોઇએ. આજની પેઠે હજારો નાતોજાતો નહિ પણ ચારજ વર્ણમાં ઋષિઓ રહેતા હતા. એમ લોકોને સમજાવવું જોઇએ. આજની પેઠે સેંકડો પંથના સાધુઓ ને ગુરુઓ

નહોતા, પણ માત્ર ચારજ આશ્રમ હતા, એમ પ્રજાને ખુલ્લી રીતે ખાતરી કરી આપવી જોઇએ. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય એકબીજાનું ખાધાપીધાથી વટલાતા નહિ, એવાં પ્રમાણો હાલની પ્રજાને પૂરાં પાડવાં જોઇએ. ઋષિઓ હાલની પેઠે ઘોડિયામાંથી છોકરાંઓને પરણાવતા નહિ, એમ સૌ લોકોને નક્કી કરી આપવું જોઇએ. બ્રાહ્મણો, ક્ષત્રિય કે વૈશ્યની કન્યાને વરી શકતા અને ક્ષત્રિયો પણ કન્યારત્ન ગમે ત્યાંથી લાવી શકતા. પવિત્ર આર્યધર્મના પેટામાં આટલા બધા મતભેદ જોઇએ નહિ; તોપણ આપણે તો સર્વવ્યાપી, સર્વશક્તિમાન, અખંડ આનંદરૂપ એક શ્રીહરિનો દૃઢ આશરો રાખવો જોઇએ અને સાચા મનથી તથા પૂર્ણ પ્રેમથી તેમનીજ ભક્તિ કરવી જોઇએ એમ લોકોને સમજાવવું જોઇએ.

જ્યાંસુધી શાસ્ત્રોમાં રહેલાં આવાં તત્ત્વો લોકોને સમજાવીએ નહિ અને તે વખતનો દેશકાળ તથા હાલના દેશકાળમાં પડી ગયેલો મોટો ભેદ લોકોને સમજાવીએ નહિ, ત્યાંસુધી આપણો ધર્મ તેના ખરા રૂપમાં આવી શકે નહિ; કારણ કે આપણે માત્ર ઉધાર બાજુ બતાવીએ છીએ, પણ જમેની રકમો બતાવતા નથી, એટલે એ સંઘ તે દ્વારકા ક્યાંથી પહોંચે? આપણી બીજી બાજુની ખૂબીઓ ન સમજીએ તેથી તે આપણને ખામીવાળી લાગે છે, પણ આપણે વિચારવું જોઇએ કે, શાસ્ત્રોના કર્તા મહાત્મા ઋષિઓ ત્રિકાલજ્ઞાની હતા; તેઓએ જે લખ્યું છે તે કંઈ જગતનું કલ્યાણ સમજીનેજ લખ્યું હશે, માટે તેમાં આપણને કાંઇ ભૂલ જેવું લાગે અથવા ન ગમે એવું લાગે તોપણ સત્યને ખાતર અને તે આપણા બાપના ચોપડામાં બાપના હાથથીજ લખેલું છે એમ સમજીને બીજી બાજુ પણ જોવી જોઇએ અને તે ઉપર ચર્ચા પણ ચલાવવી જોઇએ. જો એમ થાય તો જેમ ખાટા દહીંને વલોવવાથી તેમાંથી પુષ્ટિકારક મીઠું માખણ નીકળી આવે છે, તેમ આપણને પ્રથમ અણગમતી લાગતી એ ચર્ચામાંથી પણ કાંઇક સાર નીકળી આવશે; માટે ભાઇઓ! બાપના ચોપડા એટલે કે શાસ્ત્રમાં જે લખ્યું હોય તે સર્વ સરળતાથી સૌ લોકોની આગળ ખુલ્લું કરો, તોજ ધર્મ વધી શકશે અને તોજ પ્રભુ રીઝી શકશે; કારણ કે પ્રભુ પક્ષાપક્ષીને નહિ પણ સત્યને અને આપણા પ્રેમને ચાહે છે. માટે પ્રભુને અર્થે જગતમાં સત્ય જણાવવા સારૂ શાસ્ત્રની સૌ બાબતો વિચારપૂર્વક પ્રજાની આગળ ખુલ્લી કરો.

૧૦૪–ખરાબ જગ્યાની પણ મન ઉપર બૂરી અસર થતી હોવાથી ખાસ કારણ વિના એવે ઠેકાણે ન જાઓ

ભક્તિમાન શ્રવણના જેવા માબાપની સેવા કરવાવાળા છોકરા આજના જમાનામાં તો હોયજ ક્યાંથી ? પણ જગ્યાની અસરથી કુરુક્ષેત્રમાં એ ભક્તિમાન શ્રવણની બુદ્ધિ પણ ફરી ગઈ હતી, ત્યારે બૂરી જગ્યાઓમાં આપણી બુદ્ધિ ફરી જાય તેમાં તો નવાઈજ શી ? માટે સૌથી સારો રસ્તો એ છે કે, બનતા સુધી કોઈ પણ હલકા ઠેકાણામાં જવું નહિ. જેમકે જ્યાં વેશ્યાવાડો હોય, દારૂની દુકાનો હોય, જુગારખાનાંઓ હોય, રાંડોના નાચ થતા હોય, જનાવરોને મારવાનાં ઠેકાણાં હોય, લડાઈટંટા ને ગાળાગાળી થતી હોય, ખરાબ ચિત્રો જોવાનાં હોય, જ્યાં આપઘાત થતો હોય અને જ્યાં મનમાં વિકાર અથવા ગ્લાનિ ઉત્પન્ન થાય એવું હોય, ત્યાં બનતા સુધી જવું નહિ; કારણ કે એવી જગ્યાઓમાં એવી જાતની અસરો જામેલી હોય છે. એ અસરો નબળા મનનાં માણસો ઉપર થોડી-ઘણી થયા વિના રહેતી નથી, માટે ખાસ કારણ વિના ચાહીને એવી ખરાબ જગ્યાઓમાં જવું નહિ; પણ જેઓ પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છતા હોય અને પવિત્ર પ્રભુના રૂડા માર્ગમાં ચાલવા ઇચ્છતા હોય તેવા હરિજનોએ તો જ્યાં ખૂબ ભજનો થતાં હોય, જ્યાં ધર્મના સાચા ઉપદેશો થતા હોય, જ્યાં દુઃખીઓને દિલાસો મળતો હોય, જ્યાં નિરાધારોને આધાર મળતો હોય, જ્યાં પવિત્ર મંદિર હોય, જ્યાં ભક્તજનો ભેળા થતા હોય, જ્યાં માળાઓ ફેરવાતી હોય અને જ્યાં મહામંગલકારી પ્રભુનો જયજયકાર થઈ રહ્યો હોય તેવાં ભક્તમંડળોમાં પ્રેમ આણીને પોતાના કલ્યાણને માટે જવું જોઈએ; કારણ કે ત્યાં એવી જાતની રૂડી અસરો ફેલાઈ ગયેલી હોય છે, જેથી ત્યાં જવાથી મનમાં આનંદ આનંદ થઇ રહે છે અને પ્રભુ-પ્રેમ જાગૃત થાય છે. માટે ભાઇઓ ! જો પ્રભુના કૃપાપાત્ર થવું હોય તો એવા અમૂલ્ય ઠેકાણાના અલૌકિક લાભ લઈ લો ! અલૌ-કિક લાભ લઇ લો ! !

૧૦૫–જ્યારે આપણને હરિજન વહાલા લાગે ત્યારે સમજવું કે હવે આપણે પ્રભુના વહાલા થયા

એક ગૃહસ્થે કોઇ મહાત્માને પૂછ્યું કે, “ મહારાજ ! અમે પ્રભુના વહાલા થયા એમ કેમ સમજાય ? ” ત્યારે તે મહાત્માએ

પૂછ્યું કે, "તમારે કોઇ માણુસ સાથે વધારેમાં વધારે હેત છે?" ત્યારે તે ગૃહસ્થે કહ્યું કે, "હા મહારાજ! મને મારી બાયડી ઉપર આખી દુનિયામાં સૌ કરતાં વધારે હેત છે." ત્યારે મહારાજે પૂછ્યું કે, "તમારું હેત જણાવવા માટે તમે શું કરો છો?" તે ગૃહસ્થે કહ્યું કે, "મારું હેત જણાવવા માટે હું મારી બાયડીની દરેક વાતો માનું છું ને તેના કહ્યા પ્રમાણે કરૂં છું. મારી બાયડીનાં સગાંને બહુ માન આપું છું અને તેની સહિયરોની બહુ ખાતરબરદાસ રાખું છું. મારી વહુને જે ચીજ વહાલી લાગે તેજ ચીજ મને પણ ગમે છે. પહેલાં મને ખીચડી ખાવાનો બહુ અભાવ હતો; પણ મારી વહુને ખીચડી બહુ ભાવે છે એટલે હવે તેની સાથે મને પણ ખીચડી ખાવામાં મઝા પડે છે; પહેલાં મને છોકરાં રમાડવાં ગમતાં નહિ, તેમનાં લીંટલાળ જોઇને હું સુગાયા કરતો, પણ મારી વહુને તેના નાના ભાઈ ઉપર બહુ પ્રેમ છે, એ છોકરો રોતી સૂરત જેવો છે, તોપણ મારી વહુ ઉપરના પ્રેમને લીધે હું તેને ખુશીથી મારા ખોળામાં તેડું છું અને હવે એ મારો નાનો સાળો વખતે મારા ખોળામાં મૂતરી પડે, તોપણ હું ખિજાતો નથી; પણ મારી વહુ ઉપરના હેતને લીધે ઊલટો હસી પડું છું."

આ સાંભળીને તે મહારાજે કહ્યું કે, "ભાઈ! જેમ તારી વહુ તને વહાલી છે માટે તેનું કહ્યું માનવું તને ગમે છે ને તેનાં સગાં-વહાલાં તને વહાલાં લાગે છે; તેમજ જ્યારે પ્રભુ તને વહાલા લાગશે, ત્યારે પ્રભુના હુકમો પાળવા તને ગમશે અને પ્રભુનાં વહાલાં સગાં તને વહાલાં લાગશે. પ્રભુનાં વહાલાં સગાં કોણ, એ તને ખબર છે? હરિજનો, વૈષ્ણવો, ભક્તો, સાધુઓ, જ્ઞાનીઓ, સતીઓ અને ધર્મગુરુઓ એ પ્રભુનાં વહાલાંમાં વહાલાં છે. માટે જ્યારે હરિજનો ઉપર હેત આવે, ત્યારે સમજવું કે, પ્રભુ આપણને વહાલા થયા છે અને આપણે પ્રભુને વહાલા થયા છીએ. જ્યાંસુધી હરિજનો ઉપર હેત ન આવે, જ્યાંસુધી પ્રભુનાં બાળકો ઉપર હેત ન આવે, જ્યાંસુધી પ્રભુના પવિત્ર નામ ઉપર પ્રેમ ન છૂટે, જ્યાંસુધી પ્રભુને અર્પણ થઇને રહેવાનું મન ન થાય અને જ્યાંસુધી પ્રભુના સત્ય હુકમો ન પળાય, ત્યાંસુધી ભાઇઓ! આપણે પ્રભુના વહાલા થયેલા ગણાઇએ નહિ; માટે જેમ આપણે આપણાં વહાલાંઓનું માનીએ છીએ અને તેઓનાં સગાંવહાલાંઓની ખાતરબરદાસ રાખીએ છીએ, તેમ જ્યારે પ્રભુના હુકમો પાળીએ અને

હરિજનો ઉપર હેત રાખીએ, ત્યારે પ્રભુ આપણને વહાલા થયા અને આપણે પ્રભુને વહાલા થયા, એમ સમજવું. એવું થયા વિના માત્ર વાતો કરવાથીજ કાંઈ કલ્યાણ થઈ જવાનું નથી એ યાદ રાખજો.”

૧૦૬-ઇશ્વર દયાળુ છે

ઇશ્વરે કૃપા કરીને આપણને ઉત્પન્ન કર્યા છે અને તે પણ કેટલી બધી કૃપા કે તેણે આપણને ઝાડ ન કર્યા, પહાડ ન કર્યા, પશુપક્ષી ન કર્યા, કીટપતંગ ન કર્યા; પણ ઉત્તમ મનુષ્યઅવતાર આપ્યો અને ઉત્તમ કુળમાં તથા રૂડા દેશમાં જન્મ આપ્યો; એટલુંજ નહિ પણ તેણે આપણને જોવા માટે આંખો આપી, સાંભળવાને કાન આપ્યા, ચાલવાને પગ આપ્યા, કામકાજ કરવા માટે હાથ આપ્યા, વિચારવાને બુદ્ધિ આપી અને અમૂલ્ય જિંદગી તથા ઉત્તમ તંદુરસ્તી આપી, એ ઇશ્વરની કેટલી બધી દયા છે?

એમનો સૂર્ય આપણને પ્રકાશ આપે છે, એમનો ચંદ્ર આપણા અનાજમાં અમૃત રેડે છે, એમનો સમુદ્ર આપણી આગબોટોનો બોજો ઉપાડે છે, એમની નદીઓ આપણને પાણી આપે છે, એમની પૃથ્વી આપણને અન્ન આપે છે, એમનાં ઝાડો આપણને ફળફૂલ આપે છે, એમના વાયુથી આપણે નભીએ છીએ, એમના અગ્નિથી આપણી જિંદગી છે, એમના સ્વર્ગથી આપણું સુખ છે અને એમના મોક્ષધામથીજ આપણી હમેશની શાંતિ છે. ટૂંકામાં આ પૃથ્વી અને આકાશપાતાળના કુલ માલિક મહાન પ્રભુની દયાથીજ આપણે માટે સૌ થયેલું છે. એમ છતાં પણ જો આપણે પ્રભુને યાદ કરીએ નહિ અને પ્રભુએ કેવળ કૃપા કરીને આપેલી ચીજો પ્રભુને અર્પણ કરીએ નહિ, તો એ આપણી કેટલી બધી નીચતા? એ કરતાં મોટી ચોરી દુનિયામાં બીજી કઈ? માટે એવી નીચતામાં ન રહી જવાય તે સારૂ ભાઇઓ! પ્રભુની અનંત દયા સમજો અને પ્રભુની અખંડ કૃપામાં આવવા હરઘડી પ્રયત્ન કરો.

૫૬

પ્રભુ દીનદયાળુ પરમકૃપાળુ કરુણાળુ કૃપાનાથ;
એ છે રાજાનો રાજા, મોટો મહારાજા, સ્વર્ગના રાજાની માથ.
નથી અન્ય કોઇ એવો, બીજો આ જેવો, સેવો જેથી જાય દુઃખ;
તમે તેને તજીને, બીજો ભજીને, શું સજી લેશો સુખ?

એણે પશુને સરજ્યાં, પક્ષીને સરજ્યાં, વનફળ ને ફૂલઝાડ;
એણે સૂરજ સરજ્યા, ચંદ્રને સરજ્યા, પાણી સરજ્યાં અને પહાડ.
એનાં શુકસનકાદિક નારદ ને વળી શારદ ગાય છે ગીત;
એને શેષ મહેશ સુરેશ ગણેશજ દિન રટે છે નિત.
ઋષિ સહસ્ર અઠ્યાસી સિદ્ધ ચોરાશી શાસ્ત્ર તપાસીને જોય,
તોએ દાનવ દેવ કે ગાંધર્વમાં એથી ઉત્તમ દીઠો ન કોય.

૧૦૭–ખરી ભગવદ્દઇચ્છા સમજવા સારૂ પ્રભુનું શરણુ લેવું જોઇએ

ભગવદ્દઇચ્છાને આધીન થઇ જવું, એ બહુજ જરૂરની ને બહુજ મોટી બાબત છે, માટે ભગવદ્દઇચ્છાનો જરા પણ ખોટો અર્થ ન થાય, એ પ્રથમથીજ બહુ સંભાળવાનું છે. પહેલાં તો પાકે પાયે સમજી રાખવું કે કોઈ પણ પ્રકારના ખોટા કામમાં ભગવદ્દઇચ્છા હોય નહિ. હમેશાં પ્રભુની ઇચ્છા સારામાં સારી ને ઊંચામાં ઊંચી છે. દુનિયાની આબાદી થાય, પ્રાણીઓનાં સુખ વધે, જગતમાં ધર્મ વધે અને આત્માનું કલ્યાણ થાય, એજ સદાસર્વદા પ્રભુની ઇચ્છા છે. પ્રભુને કરવું હશે તે થશે, એમ ધારીને આપણે આળસમાં પડયા રહીએ, અથવા પ્રભુ જેવી બુદ્ધિ આપે તેમ અમે કરીએ છીએ, એમ ધારીને ખોટા કામમાં પડયા રહેવું એનું નામ કાંઇ ભગવદ્દઇચ્છા નથી; પણ એ તો પાપ છે. ભગવદ્દઇચ્છા નિમિત્તે કાંઇ પણ પાપકર્મ ન થઇ જાય, એ હરિજનોએ બહુજ સંભાળવાનું છે; કારણ કે આપણું મન અતિ ચંચળ છે અને તેમાં ઘણાય જમાનાના બહુજ બૂરા સંસ્કારો ભરેલા છે; એટલુંજ નહિ પણ આપણી આજુબાજુની દુનિયા પણ બગડેલી છે, એટલે આપણાથી ખરી રીતે ભગવદ્દઇચ્છા સમજાતી નથી, માટે આપણે આપણા દોષ પ્રભુ પાસે કબૂલ કરી દેવા જોઇએ અને અર્જુનની પેઠે હમેશાં એમજ માગવું જોઇએ કે,

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयःस्यान्निश्चितं ब्रूहितन्मे शिष्यस्तेऽहं शाधिमां त्वां प्रपन्नम्

(गीता–अ० २, श्लो० ७)

અર્જુન પ્રભુને કહે છે કે; "હે પ્રભુ! લોભના પાપમાં મારો સ્વભાવ ડૂબી ગયેલો છે, તેથી ધર્મની બાબતમાં મારું ચિત્ત મૂઢ થયેલું છે; માટે હું આપને પૂછું છું કે, જેમાં નક્કી મારું કલ્યાણજ

હોય તે મને કહો; હું આપનો શિષ્ય છું અને વળી આપને શરણે આવ્યો છું, માટે મને રસ્તો બતાવો.”

આવી રીતે આપણા મનની નિર્બળતા કબૂલ કરીને, પ્રભુનું શરણુ ધરીને નિખાલસ દિલથી અને અંતરના ઉમળકાથી રોજ રોજ પ્રભુની પ્રાર્થના કરીને પ્રભુ પાસે માગવું કે, “ હે પ્રભુ! અમોને સદ્‌બુદ્ધિ આપ અને અમને અમારા કલ્યાણનો રસ્તો બતાવ. અમે તો તારા શરણમાં છીએ, અમે તો પાપના ભરેલા છીએ, અમારામાં કાંઇ માલ નથી, અમને તો એક તારા આશરાનું બળ છે, માટે અમારે માટે તારી શું ઇચ્છા છે, તે અમને સમજાવ અને હે પ્રભુ! હવે તો બચાવ, પાપથી બચાવ અને તારી લે; કારણ કે હવે તો અમે તારાજ છીએ.”

આવી રીતે પૂર્ણ પ્રેમ આણીને શુદ્ધ અંતઃકરણથી જો રોજ રોજ વારંવાર પ્રાર્થના કરીએ, તો આપણા વિશ્વાસના બળ પ્રમાણે પ્રભુ પાસે આપણી પ્રાર્થના મંજૂર થતી જાય છે અને આપણે માટે ભગવદ્‌ઇચ્છા શું છે, તે એની મેળે મેળે સમજાતી જાય છે. એ પછી ભગવદ્‌ઇચ્છા પ્રમાણે ચાલવાનું શારીરિક તથા માનસિક બળ આપણામાં આવતું જાય છે અને આંતરપ્રેરણા ખીલતી જાય છે. એ પછી આંતરપ્રેરણા પ્રમાણે એટલે કે ઈશ્વરેચ્છા પ્રમાણે ચાલવાથી ઈશ્વર પાસે આપણને જવું નહિ પડે; પણ ઈશ્વર પોતેજ આપણા હૃદયમાં આવીને નિવાસ કરશે; માટે જો ઈશ્વરને પકડવો હોય, તો તેની ઇચ્છાને પકડી લો, એટલે તે આપણાથી દૂર જઇ શકશે નહિ.

૧૦૮—ગાય કોઇનું નુકસાન કરે તો ગોવાળનોજ દંડ થાય, તેમ ગુરુની ઇચ્છા ઉપર લગામ છોડીએ, તો પછી ગુરુજ જવાબદાર છે

ગુરુની જોખમદારી કાંઈ જેવી તેવી નથી, માટેજ ગુરુનો મહિમા બહુ મોટો છે. સંતો કહે છે કે, ગાય ધણમાંથી ભાગી જાય અને કોઇનું નુકસાન કરે, તો ગોવાળનો દંડ થાય છે, કાંઈ ગાયનો દંડ થાય નહિ; તેમજ જે દૈવી જીવો પ્રભુને શરણે જઇને શ્રીસદ્‌ગુરુના ઉપદેશ ઉપર લગામ છોડી દે છે, તેને માટે પણ તે ગુરુજ જવાબદાર છે. એવા શરણ થયેલા જીવોને પછી કાંઈ પ્રભુ પૂછતા નથી; પણ તેના પાપનો જવાબ તો તેના ગુરુઓને આ-

પવો પડે છે. જો ગુરુઓએ અહીં કચાશ રાખી હોય અથવા ખોટો ઉપદેશ કર્યો હોય, તો તેમને તેના જવાબ આપવા ત્યાં બહુ ભારે થઇ પડે છે. સૌને ગુરુ થઇને પૂજાવું તો બહુ ગમે છે; પણ આપણે કેવા ભૂલભરેલા છીએ અને જીવોના સ્વભાવમાં કેટલું બધું પાપ ભરેલું છે, એ સમજવાની કોઇ દરકાર કરતું નથી. જો આપણા ગુરુઓ એ બાબત બરોબર રીતે સમજે, તો પછી તેઓ બીજાઓના પાપનો બોજો પોતાની ઉપર ઉઠાવી લેવા તૈયાર થાય નહિ અને જેના તેના કાન ફૂંકી દે નહિ. જ્ઞાની ભક્તો તો સમજે છે કે, જીવોની ઉપર ગોવાળપણું કરવું, એ કાંઈ સહેલી વાત નથી; માટે એવા સાચા સંતો તો ધર્મકાર્યમાં અને ઇશ્વરીજ્ઞાનમાંજ મશગૂલ રહે છે. જેઓ માનપાનની ઇચ્છાવાળા હોય અને અહુંતામમતાના ભરેલા હોય, તેઓજ ગુરુ થઇને પૂજાવાનું ને નરકમાં પડવાનું પસંદ કરે છે; માટે યાદ રાખજો કે, એવા ગુરુઓથી કાંઇ તારણ પણ થાય નહિ અને એવાઓને આશરે કાંઈ આપણી જિંદગી પણ સોંપાય નહિ. જેઓ પોતેજ ખાડામાં પડેલા હોય અને પાપના કીચડમાં ડૂબકાં ખાતા હોય, તે આપણને બહાર ક્યાંથી કાઢે? માટે ભાઇઓ! દેવો અને ઋષિમુનિઓ પણ જેનો પાર પામ્યા નથી, એવા મહાન ઈશ્વરને ઓળખવા સારૂ જિંદગીની લગામ સોંપી દેવામાં–ગુરુ પસંદ કરવામાં સો વાર વિચારજો અને ગુરુ બની બીજાઓના પાપનો બોજો પોતાના ઉપર ઉઠાવતા પહેલાં હજાર વાર વિચારજો, નહિ તો રખડી પડશો.

૧૦૯–શ્રવણ વિષે

જેમ શરીરનો ખોરાક અન્ન છે, તેમ જીવનો ખોરાક ભગવદ્વચન છે.

રાત્રિને વખતે રસ્તો દેખાડવા માટે જેમ ફાનસ કામ લાગે છે, તેમ આ જગતના વ્યવહાર ચલાવવા માટે શ્રવણ કરેલું જ્ઞાન માણસને મોટી મશાલરૂપ થઇ પડે છે.

અરીસામાં મોઢું જોયાથી જેમ મોઢા ઉપરના ડાઘ જણાઇ આવે છે, તેમ શ્રવણ કર્યાથી આપણા અંતરના દોષ આપણને જણાઈ આવે છે.

જેમ એક હથોડો મોટા પથ્થરને તોડી નાખે છે, તેમ શ્રવણ કર્યાથી કઠણ હૈયાંઓ પણ નરમ થઇ જાય છે.

જેમ હળ કઠણ જમીનને પોચી કરી નાખે છે તથા તેમાં રહેલા કાંટાઓને જડમૂળથી કાઢી નાખે છે, તેમ શ્રવણશક્તિથી દુર્ગુણો જાય છે અને અંતઃકરણ નિર્મળ થઇ જાય છે.

આસમાનમાંથી પડતો વરસાદ જેમ જમીનને પોચી કરીને ઘણાં સુંદર ઝાડોને પોષણ આપે છે, તેમ ભગવદ્વાકય શ્રવણ કર્યાથી અંતઃકરણની સ્વચ્છતા તથા ઘણા ગુણોની વૃદ્ધિ થાય છે.

પાણી વિના જેમ ઝાડ સુકાઇ જાય છે, તેમ શ્રવણ કર્યા વિના આપણા અંતરનું જ્ઞાન મોળું પડતું જાય છે.

જ્યારે આપણે બગીચામાં જઇએ છીએ, ત્યારે ત્યાંથી સુગંધીદાર સુંદર ફૂલો આપણે વીણીએ છીએ, તેમજ શ્રવણમાંથી તથા વાચનમાંથી પણ ઉમદા પવિત્ર વિચારો વીણી લેવા જોઇએ અને તે પ્રમાણે ચાલવાની કોશિશ કરવી જોઇએ.

જે અનાજ મુખમાં બરાબર ચવાતું નથી, તે પેટમાં પચી શકતું નથી; તેમ આપણે કથાવાર્તા સાંભળીએ પણ તેનો વિચાર ન કરીએ તો તેથી લાભ થતો નથી.

જે માણસ બહુ સાંભળે, પણ વિચાર કરે નહિ તે અરીસામાં મોઢું જોઇને પાછું તેને સાફ કરવું ભૂલી જનાર માણસના જેવો છે.

મરેલા માણસને શણગાર પહેરાવવો જેમ ફોગટ છે, તેમ પ્રેમ વિનાના માણસને શ્રવણ કરાવવું તે પણ નિરર્થક છે.

જેમ એક વાસણમાં કોઇ વસ્તુ ભરેલી હોય, તો તે ખાલી કર્યા વિના તેમાં બીજી વસ્તુ રહી શકે નહિ; તેમ જે અંતર માયાથી ને સાંસારિક વાતોથી બહુ ભરેલાં હોય છે, તેને ભગવદ્-કથાવાર્તા સાંભળવાની મરજી થતી નથી.

જે માણસ માંદો હોય તેને ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન પણ ખાવું ભાવતું નથી, તેમ માયાવાદી સંસારીઓને ગમે તેવું સારૂં જ્ઞાન શ્રવણ કરાવીએ તોપણ તેને ગમતું નથી.

દોહરો

તુલસી પુરવલે પાપસે, પ્રભુ ચર્ચા ન સોહવાય;
જેસેં જ્વરકે જોરસેં, ભોજનકી રુચિ જાય.

આપણી આંખ જ્યારે દુખતી હોય છે, ત્યારે તે તેજ સહન કરી શકતી નથી; તેમ આપણું મન જ્યારે માયામાં ગૂંચવાયેલું હોય છે, ત્યારે તેને ભગવત્કથા સાંભળવી ગમતી નથી.

૧૧૦–ઇશ્વરનું સ્વરૂપ જાણુવાથી થતો આનંદ

આ જગતની રચના તે એક અરીસો છે, જે અરીસામાં પ્રભુનું સ્વરૂપ અને પ્રભુના ગુણો જણાઇ આવે છે.

ઇશ્વરનું સ્મરણ, સેવા અને જ્ઞાનધ્યાન કરતી વખત અહીં જ્યારે એટલો બધો આનંદ થાય છે, ત્યારે સ્વર્ગમાં અને પરમાત્માની હજૂરમાં ગયા પછી ત્યાં એ આનંદ કેટલો બધો મળશે, એ ખ્યાલ તો કરો ! એ આનંદ કોઇથી કહ્યો જાય તેમ નથી. એ ભગવત્સેવાનો આનંદ કેવો અલૌકિક છે તેને માટે સંતો કહે છે કે:–

એક માણુસ જન્મનો આંધળો હતો; તેથી તેણે ચંદ્રમાનું તેજ, અગ્નિનું તેજ કે સૂર્યનું તેજ કદી પણ જોયું નહોતું. બિચારો જન્મનો આંધળો હોવાથી પ્રકાશ કેવો હોય તેની તેને બિલકુલ ખબરજ નહોતી, તેમજ એ બાબતના કાંઇ તેને ખરેખરા ખ્યાલ પણ આવી શકતા નહોતા. એ પછી ઘણેવર્ષે એક વૈદ તેને મળ્યો. એ વૈદે તેની આંખો તપાસીને કહ્યું કે, "હું તને દેખતો કરી શકીશ. તું પૂર્ણિમાને દિવસે રાત્રે મારી પાસે આવજે. વૈદની એ વાત સાંભળીને તે આંધળો માણુસ બહુ ખુશી થયો અને વખતસર વૈદની પાસે ગયો. વૈદે એક એવી સરસ દવા આંજી કે તુરત તે માણુસ દેખતો થઈ ગયો. એ વખતે પૂર્ણિમાના ચંદ્રનું તેજ જોઇને તે માણુસ અજબ થઇ ગયો અને નાચવાકૂદવા લાગ્યો તથા કહેવા લાગ્યો કે, "ઓહો ! આવો ચાંદો ! આવું તેજ ! ને આવી મઝા ! આની તો મને સ્વપ્નમાં પણ ખબર નહોતી. હું જાણતો હતો કે, કાંઇક જરાતરા તેજ હશે, પણ આ તો કાંઈ ઓરજ મઝા છે ! એમ બોલતો બોલતો તે ગદ્ગદિત થઇ ગયો અને પોતાની ખુશાલી કેમ બતાવવી તે સમજી શક્યો નહિ; તેથી અજાયબીથી ચોતરફ જોવા લાગ્યો અને વૈદના પગમાં પડી કહેવા લાગ્યો કે, "વૈદરાજ ! તમે તો ખૂબ કરી. ઓહો ! આટલું બધું તેજ ! ને આટલો બધો આનંદ !" એમ કહી ફરીથી નાચવા કૂદવા લાગ્યો અને તાળીઓ પાડવા લાગ્યો. ત્યારે વૈદે કહ્યું કે, "ભાઈ ! હજી તો આ રાત છે, ખરી મઝા તો સવારે સૂર્યના તેજમાં પડશે." ત્યારે તે માણુસે કહ્યું કે, "હેં ! આ કરતાં પણ વધારે ! આટલા બધા અજવાળા કરતાં બીજું વધારે તે શું હોય ?" ત્યારે વૈદે કહ્યું કે, "તને હજી ખબર ક્યાં છે ? સૂર્યના પ્રકાશ પાસે આ અજવાળું તો

કાંઇજ વિસાતમાં નથી.” ત્યારે તે માણુસને વધારે અજાયબી લાગી અને અધીરો બની સવાર પડવાની રાહ જોવા લાગ્યો. એ પછી જ્યારે સવાર થયું ત્યારે સૂર્યનો પ્રકાશ જોઇને તેના આનંદનો કાંઇ પાર રહ્યો નહિ.

આ વાતનો સાર એ છે કે, આપણે તે જન્માંધ માણુસના જેવા છીએ. આપણા ગુરુ તે આંધળાને દેખતા કરનાર વૈદ જેવા છે અને ચંદ્રમાનો પ્રકાશ તે ભગવત્સેવા ને પ્રભુનું જ્ઞાનધ્યાન છે. માયાવાદી જીવો કે જેઓ પોતાના સ્વાર્થમાં ને હલકી ઇચ્છાઓમાં મચ્યા રહે છે, તેઓ આંધળા જેવા છે; કારણ કે તેઓ ભક્તિરસનો ને જ્ઞાનધ્યાનનો તથા સેવાસ્મરણનો અલૌકિક આનંદ લઇ શકતા નથી; પણ જ્યારે તેઓને સદ્‌ગુરુ મળે છે ત્યારે તેઓ પ્રભુનો મહિમા સમજે છે અને ભગવત્સેવામાં લાગી જાય છે. એ વખતે અહીંની આપણી ભક્તિનો આનંદ તે પૂર્ણિમાના ચંદ્રમા જેવો છે; પણ મોક્ષના સુખનો આનંદ ને ઇશ્વરની હજૂરમાં રહેવાનો આનંદ તે સૂર્યના પ્રકાશ જેવો છે; પણ એ મહાન પ્રકાશની આંધળાને ક્યાંથી ખબર પડે? તેમજ આપણે અજ્ઞાનમાં ડૂબેલા છીએ, એટલે એ આનંદની ખૂબી આપણે સમજી શકતા નથી; પણ ભાઇઓ! યાદ રાખજો કે, એ ઇશ્વરી આનંદની ખૂબી કાંઈ ઓરજ છે! એ સુખ કાંઈ વર્ણવ્યું જાય તેમ નથી. એ મજા તો જ્ઞાનીઓજ સમજે છે ને એ લહાવ તો વૈષ્ણવોજ—ભક્તોજ લૂંટી શકે છે; અને જે ખરેખરો સૌથી મોટો લાભ છે, તે તો મૂઆ પછી મોક્ષધામમાં, ગોલોકમાં મળવાનો છે, કે જેનું વર્ણન અમારાથી કે બીજા કોઇ પણ શાસ્ત્રકારોથી થઈ શક્યું નથી અને થઇ શકે તેમ પણ નથી. એ અલૌકિક આનંદ તો જેને મળ્યો છે, તેજ જાણે છે અને જેને મળશે તેજ જાણશે.

૧૧૧–ઈશ્વર અવિનાશી એટલે નાશરહિત છે

આ જગતમાં ઘાસ સુકાઇ જાય છે, ફૂલો ખરી જાય છે, પાંદડાંઓ પડી જાય છે, હવામાં ઊડનારાં પક્ષીઓ, જળમાં રહેનારા જીવો અને વેરાન જંગલમાં રહેનારાં વાઘવરુઓ પણ મરી જાય છે; વખત આવે ઝરાઓ સુકાઇ જાય છે, પહાડો તૂટી જાય છે અને સર્વ ચીજો બદલાઈ જાય છે; પણ સર્વશક્તિમાન અખંડાનંદ અવિનાશી પ્રભુનો કદી પણ નાશ થતો નથી.

આ જગતનો નિયમ એવો છે કે, લીલું હોય તે સૂકું થાય છે ને નવું હોય છે તે જૂનું થાય છે. એમ કાળ સર્વને લાગુ પડે છે; તેમજ માટીમાંથી ઉત્પન્ન થયેલો મનુષ્યદેહ પણ અંતે ખાખમાં મળી જાય છે. એવાં કરોડો ને અબજો માણસ પૃથ્વી ઉપર થઇ ગયાં છે. ઘણીક પ્રજાઓ અને મોટા મોટા રાજાઓનાં રાજ્ય પાયમાલ થઇને ક્યાં જતાં રહ્યાં એ કોઇ જાણતું નથી. અંતે કોઇક કાળે આસમાનના તારાઓ પણ ખરી પડશે, સૂર્યચંદ્રાદિક આકાશી ગ્રહોનો પણ નાશ થશે અને પ્રલયકાળે આખી પૃથ્વીનો તથા અનંત બ્રહ્માંડોનો નાશ થશે; પણ અદૃશ્ય, સુખરૂપ, આનંદના સાગર ને કૃપાના ભંડાર જે અવિનાશી અખંડ ઈશ્વર છે, તેનો કદી પણ નાશ થવાનો નથી કે તેના સ્વરૂપમાં કોઇ કાળે પણ એક તલમાત્ર પણ ફેરફાર થવાનો નથી; તે તો જેવા પૂર્ણ પુરુષોત્તમ છે, તેવા ને તેવાજ છે ને સદાય તેવા ને તેવાજ રહેશે.

અસલનાં મોટાં મોટાં મંદિરો કે જેને સંભાળવા માટે હજારો જાતની સગવડતા હતી અને જેમાં ચાંદીસોનાં તથા હીરામોતી મઢેલાં હતાં; એટલુંજ નહિ પણ જેના નિભાવ માટે હજારો ગાઉ દૂરથી લાખો માણસો પોતાની ખુશીથી હજારો રૂપિયા મોકલી આપતા હતા, તે મંદિરોમાંનો એક પથ્થરનો ટુકડો પણ આજે કોઇ બતાવી શકે તેમ છે કે ?

જેના વૈભવો ઇન્દ્રને પણ અદેખાઈ ઉપજાવે તેવા હતા, જેની મોટાઇ અપરંપાર હતી અને જેના મોજશોખ સ્વર્ગને પણ વિસરાવી દે તેવા હતા, તે બાદશાહોના વિશાળ મહેલો કે જેના પાયા પાતાળમાં હતા અને જેનાં શિખરો આસમાન સાથે વાતો કરતાં, તે ભવ્ય મહેલોની આજે કોઇ ચપટી ધૂળ તો બતાવો !

જેમણે પૃથ્વીને ધ્રુજાવી હતી અને જેમના નામની હાક વાગતી હતી, એવા ચક્રવર્તી મહારાજાઓ કે જેમના ચરણમાં હજારો મહારાજાઓ નમતા હતા, તે ચક્રવર્તીઓના કીર્તિસ્તંભ આજે ક્યાં છે, તેનું કોઈ નામનિશાન તો બતાવો !

અરે! મહેલો ને મંદિરોની વાત ક્યાં કરીએ ? જે પ્રાચીન શહેરોમાં એ મહેલો ને મંદિરો હતાં, જે શહેરમાં એવા ચક્રવર્તી મહારાજાઓ હતા, જે શહેરમાં એવા અખૂટ વૈભવો હતા, જે શહેરના બચાવ માટે આખી દુનિયામાં સૌથી સારામાં સારાં સાધનો હતાં અને જે શહેર આખી દુનિયામાં મોટામાં મોટાં

ગણાતાં હતાં, તે શહેર કયે ઠેકાણે હતાં, એ ઠેકાણું તો કોઇ બતાવો ! ભાઇઓ ! શોધ કરનારાઓ શોધ કરી કરીને થાકી ગયા છે અને કંઇક એ શોધની પાછળ મરી ગયા છે, પણ એવાં મોટાં શહેરો કયે ઠેકાણે હતાં, તેનો હજુ પત્તો પણ મળતો નથી; આવી રીતે કાળ સર્વનો ભક્ષ કરે છે. જ્યાં સમુદ્ર હોય ત્યાં પૃથ્વી થઇ જાય છે અને પૃથ્વી હોય ત્યાં સમુદ્ર થઇ જાય છે; મોટો પહાડ હોય ત્યાં ખાડો થઇ જાય છે અને અતિ ઊંડાણ હોય ત્યાં પહાડ થઇ જાય છે. એવી રીતે વખત જતાં દુનિયાની દરેક ચીજમાં ફેરફાર થઈ જાય છે; જેમકે ઋતુઓ બદલાઇ જાય છે, સૂર્યચંદ્રનું તેજ ઓછુંવત્તું થઇ જાય છે, પૃથ્વીના રસકસ ઓછાવત્તા થઈ જાય છે અને મહાન પ્રજાઓ તથા રાજ્યો બદલાઇ જાય છે; પણ સર્વવ્યાપક અવિનાશી સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ પ્રભુનો કદી પણ નાશ થતો નથી કે કદી પણ તેના અખંડ આનંદરૂપ સ્વરૂપમાં એક રજમાત્ર પણ ફેરફાર થતો નથી, માટેજ શાસ્ત્રોમાં પ્રભુને અવિનાશી કહેલા છે.

પદ

આદ્ય પુરુષ અવિનાશી, ભજો રે મન આદ્યપુરુષ, અવિનાશી (ટેક)
જેના નામ થકી જમ નાસે, પિંડ બ્રહ્માંડનો પ્રકાશી. ભજોરે મન.
ગોવિંદના ગુણ જાણે તે જાણે, વિશ્વ સકળનો એ વાસી. ભજોરે મન.
અગમ અગોચર ઈશ્વર એ છે, સમરી લો શ્વાસ ઉચ્છ્વાસી. ભજોરે મન.
ગણપત કહે ગુરુ જ્ઞાની મળે તો, તૂટી જાય જમફાંસી. ભજોરે મન.

૧૧૨–ઈશ્વર કૃપાળુ છે

પ્રભુ કેવા કૃપાવાન છે, એ તમે જાણો છો? આપણે પ્રેમથી તેને એક તુલસીનું પાંદડું અર્પણ કરીએ તેમાં તે આપણને યજ્ઞનું ફળ આપી દે છે. કોઇ ગરીબ માણસને ખરી વખતે એક પાણીનો ઘૂંટડો પાયો હોય, તો તે મોટા મોટા કૂવાતળાવ બંધાવ્યાનું ફળ આપી દે છે.

જે ભલા માણસો બીજા અજાણ્યા લોકોને રૂડી સલાહ આપે છે, તેઓને કૃપાળુ પ્રભુ વેદ ભણાવ્યાનું ફળ આપી દે છે.

જે માણસો રૂડા હેતુથી પ્રભુપ્રીત્યર્થ ભક્તિમાન સાધુબ્રાહ્મણોને ચપટી ચોખા આપે છે, તેઓને પ્રભુ સદાવ્રતનું કે ચોરાશી કર્યાનું ફળ આપી દે છે.

જેમ એક મોટા રાજાને કોઇ ગરીબ માણુસ નજીવી ચીજની ભેટ આપે અને તેના બદલામાં તે ભલો રાજા જેમ મોટું ઇનામ આપી દે છે; તેમ મહાન દયાળુ પ્રભુ પણ આપણા ઉપર કૃપા કરીને આપણી નાની સેવાના બદલામાં બહુ મોટું ફળ આપે છે; કારણ કે તે આપણે આપેલી વસ્તુની કિંમત તરફ જોતો નથી, પણ તે આપણા અંતરના પ્રેમ અને આપણી દીનતા તરફ જુએ છે.

કોઇ દુઃખીને દવા આપવામાં કે દવા બતાવવામાં તે હોસ્પિટલ કરવાનું ફળ આપી દે છે, કોઇ ભૂખ્યાને જમાડવામાં ચોરાશી કરવાનું ફળ આપે છે અને અંધારામાં દીવો રાખનારને અકસ્માત થતા અટકાવ્યાનું કે ગ્રંથ લખવાનું ફળ આપી દે છે.

જેઓ અર્પણવિધિ સમજીને દરેક કામ પ્રભુને અર્થેજ કરે છે, તેઓને પોતાનાં છોકરાંઓને જમાડવામાં સંન્યાસીઓને જમાડ્યાનું ફળ મળે છે; ઉઠમણામાં મરનારને ઘેર જઈ દિલાસો આપવાથી શાસ્ત્ર સંભળાવવાનું પુણ્ય મળે છે; છોકરાંઓને સારે ઠેકાણે પરણાવવામાં કરોડો ગોદાનનું ફળ મળે છે; નાતમાં સલાહ-સંપ રાખવાની તજવીજ કરવામાં મોટી લડાઇ અટકાવ્યાનું ફળ મળે છે; પ્રસંગોપાત્ત સવારમાં પાડોશીને એક દાતણ આપવામાં ઝાડ વાવવાનું ફળ મળે છે; કોઈ લાચારનાં મુડદાંને ઉપાડી કે ઉપડાવી ઠેકાણે પાડવામાં દેવસેવાનું ફળ મળે છે; પોતાનુંજ ઘર બંધાવ્યું હોય, પણ જો તેમાં અતિથિઓ તથા ભક્તોની સેવા થતી હોય અને સત્સંગની મંડળીઓ જામતી હોય તો પોતાનું ઘર બંધાવ્યા છતાં પણ નવું ગામ વસાવ્યાનું ફળ મળે છે અને જો બધું પ્રભુપ્રીત્યર્થેજ થતું હોય તો ખાતાં, ઊઠતાં, બેસતાં, સૂતાં, ફરતાં, રમતાં અને ધંધોરોજગાર કરવા છતાં પણ તેમાંથી અલૌકિક લાભ મળે છે; પણ તે એવીજ ભાવનાથી કરવાં જોઇએ કે એ બધાં કામો ભગવાનનાંજ છે અને તે બધાં કામો કરવાનો ભગવાનનો હુકમ છે, માટેજ અમે કરીએ છીએ. પ્રભુનિમિત્તે આવાં સાંસારિક ભલાં કામો જેઓ કરે છે, તેઓને કૃપાળુ પ્રભુ મોટું ફળ આપીને પવિત્ર સાધુઓના કરતાં પણ ઉત્તમ જાણે છે; પણ એ બધું કૃષ્ણાર્પણ કે બ્રહ્માર્પણવિધિથી કરતાં આવડવું જોઇએ.

૧૧૩–તમારા જોરથી નહિ, પણ પ્રભુપ્રાર્થનાથી વિકારોને રોકી શકાશે

એક સાધુ હતો. તે જંગલમાં રહીને યોગ સાધતો હતો. એમ કરતાં કરતાં ઘણાં વર્ષ નીકળી ગયાં અને યોગની કેટલીક ક્રિયાઓ પણ તેને આવડી. એ પછી એક વખત તેને કામ ઉત્પન્ન થયો, તેથી વ્યભિચાર કરવાની ઇચ્છા થઇ. .આવી મહાખરાબ ઇચ્છા મનમાં આવવાથી તે બહુ દિલગીર થવા લાગ્યો. તેને વિચાર થયો કે, "કામદેવનો આ શો જુલમ! આટલાંબધાં વર્ષ થયાં હું તેને રોકી બેઠો છું અને હવે આજે રહી રહીને આ પાપ ક્યાંથી નીકળી આવ્યું ?, મારો દરજ્જો શું ? મારી સ્થિતિ શું ? મારો અભ્યાસ શું ? હવે આવા વિચારો આવવા જોઇએ કે ? ગમે તેમ કરીને કામને રોકીશ." એમ વિચારીને પોતાના મનમાં આવેલા વ્યભિચારના બૂરા વિચારને તે દાબવા લાગ્યો; પણ એ વિચાર તેનાથી એ વખતે દાબી શકાયો નહિ, ત્યારે તેને એમ લાગ્યું કે, વ્યભિચાર કરીને પછી જીવવું શું ? મારી આટલાં બધાં વર્ષોની મહેનત ઉપર પાણી ફરી વળે તે કરતાં મરી જવું એજ બહેતર છે. એમ ધારીને તે એક વાઘની ગુફા પાસે ગયો અને ગુફામાં મોં ઘાલીને વાઘની વાટ જોતો બેઠો કે હમણાં અંદરથી વાઘ નીકળશે ને મને ખાઇ જશે. એવી રીતે ઘણી વાર થઇ ગઇ, પણ અંદરથી વાઘ નીકળ્યો નહિ, ત્યારે કંટાળી જઇને ગુફામાંથી દૂર જઇને બેઠો; એટલામાં ગુફામાંથી વાઘ નીકળ્યો. સાધુએ જાણ્યું કે, વાઘ મને ખાઇ જાય તો સારૂં.મહાપાપમાંથી બચી જાઉં;પણ વાઘે તેની સામુંએ જોયું નહિ, ત્યારે તે ચાહીને વાઘની પાસે ગયો અને તેની પૂંછડી ખેંચવા લાગ્યો, એટલે તેને મારી નાખવાને બદલે વાઘ તેના પગ ચાટવા લાગ્યો અને પાળેલા કૂતરાની પેઠે તેના પગ પાસે બેસી ગયો. યોગીના તપનું બળ એવું મોટું હતું કે તેને મારવાની ઇચ્છા વાઘને થઇ નહિ. વાઘ પણ પોતાને ખાતો નથી એમ જ્યારે તેણે જોયું, ત્યારે તેને લાગ્યું કે, "હાય, હાય ! આટલું બધું તપ છતાં પણ હજી સુધી મનમાં દુષ્ટ વિચાર ! હજુ સુધી હું વ્યભિચારની ઇચ્છા નથી રોકી શકતો ? ધિક્કાર છે મને ! આટલું બધું તપ ગુમાવવું તે કરતાં મરી જવું બહેતર છે, પણ આ વાઘ પણ મને ખાતો નથી, ત્યારે કરવું શું ? ચાલ પહાડ ઉપર ચડીને ત્યાંથી નીચે તૂટી પડું." એમ નક્કી કરીને પહાડ ઉપર

ચઢ્યો અને એક ઊંચી ટેકરી ઉપરથી પડવાની તૈયારી કરવા લાગ્યો, એટલામાં દૈવેચ્છાથી ત્યાં એક ભક્તમાણુસ આવી નીકળ્યો. તેણે કહ્યું કે, "યોગીરાજ! સાધુ થઇને આ શું પાપ કરવા નીકળ્યા છો? આપઘાત સમાન બીજું એકે પાપ નથી. તમને એવું શું દુઃખ આવી પડ્યું છે કે, આપઘાત કરવા તૈયાર થયા છો?" ત્યારે તે સાધુએ કહ્યું કે, "ભાઇ! મારા મનમાં એક પાપી વિચાર આવ્યો છે. મને વ્યભિચાર કરવાની મરજી થઇ છે અને એ ઇચ્છાને હું મારા બળથી રોકી શકતો નથી; માટે મારી આટલાં બધાં વર્ષોની મહેનત ધોઇ નાખું અને મારા આત્માને અપવિત્ર કરી મારે માટે નરકનો રસ્તો ઉઘાડું તે કરતાં બહેતર છે કે મરી જાઉં; મરી જવાથી એ અઘોર પાપમાંથી બચી શકીશ."

એ સાંભળીને તે ભકતે કહ્યું: "યોગીરાજ! પ્રભુકૃપા વિના આપણાથી વિકારોથી બચી શકાય નહિ; માટે તમારા બળ ઉપર આધાર નહિ રાખતાં વિકારોને જીતવા માટે પ્રભુપ્રાર્થના કરો; એટલે પ્રભુ તમોને પાપથી બચાવી લેશે. પ્રાર્થનાના બળ વિના બૂરા વિચારોને જીતી નહિ શકાય, માટે ખરા દિલથી વારંવાર પ્રાર્થના કરો." યોગીએ પોતાની નબળાઇ સમજીને પોતાના દોષ કબૂલ કર્યા અને પ્રભુની માફી માગી. તેની પ્રાર્થના સફળ થઇ, તેના ઉપર ઇશ્વિરની કૃપા થઇ અને દુષ્ટ વિચારો તેના મનમાંથી નાબૂદ થયા.

ભાઇઓ! આવી રીતે મોત કરતાં પણ વ્યભિચાર વધારે ખરાબ છે; માટે તે ભયંકર પાપથી ચેતતા રહો અને એ મહાપાપમાં ન ફસાઈ જવાય માટે શુદ્ધ અંતઃકરણથી ઈશ્વરપ્રાર્થના કરો.

૧૧૪–પ્રભુની દયા પાસે પાપ કાંઇ વિસાતમાં નથી

દુનિયામાં સૌ કરતાં વધારેમાં વધારે ખરાબ ચીજ પાપ છે; માટે બીજી કોઇ પણ ચીજ કરતાં આપણે પાપથી વધારે ડરવાનું છે. ગરીબાઇ કરતાં, આબરુ કરતાં, માર કરતાં અને મોત કરતાં પણ પાપથી વધારે ડરવાનું છે; કારણ કે પ્રભુના હુકમનું અપમાન કરવું–પ્રભુની સામે થવું તેનું નામ પાપ છે અને પાપનું ફળ નરક છે; માટે પાપથી આપણે બહુજ ડરવાનું છે. જમદૂતોના ભય કરતાં પણ અને મોત કરતાં પણ પાપ વધારે નાશકારક છે. પાપ આવું પ્રબળ છતાં પણ મહાન દયાળુ પ્રભુના પવિત્ર નામમાં એવું અલૌકિક બળ છે કે, એ અખંડ શાંતિદાયક અમર નામ પાસે તે

પાપ પણ બળીને ભસ્મ થઇ જાય છે. પ્રભુએ પણ કહેલું છે કે,

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसिं ॥

(गीता० અ० ૪, શ્લો० ૩૬)

અર્થાત્ "કદાપિ તું સર્વે પાપીઓ કરતાં વધારે પાપી હોય, તોપણ જ્ઞાન (ઈશ્વરીજ્ઞાન)રૂપી વહાણથી સર્વ પાપરૂપી દરિયાને સહજમાં તરી જઇશ."

ઈશ્વરી જ્ઞાન કેવું બળવાન છે, તે સમજાવવાને માટે વળી પણ પ્રભુ કહે છે કેઃ-

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

(गीता० અ० ૪ શ્લો० ૩૭)

અર્થાત્ "હે અર્જુન ! જેમ બરોબર સળગેલો અગ્નિ લાકડાંને બાળી ભસ્મ કરે છે, તેમ પ્રભુના જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને બાળીને ભસ્મ કરે છે."

ભાઇઓ ! પ્રભુની દયા જોઇ ? ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન એવી અમૂલ્ય વસ્તુ છે, કે તે ભયંકર પાપને પણ ઘડીકમાં ભસ્મ કરી નાખે છે;માટે જેમ બને તેમ ઈશ્વરની અખંડ દયા સમજીને ઈશ્વરનું સ્વરૂપ સમજાય તેમ કરો.

ઈશ્વરનું સ્વરૂપ સમજવાથી આપણાં પાપ બળી જાય છે અને પ્રભુના પવિત્ર નામના બળથી પ્રભુનું ખરૂં સ્વરૂપ ઓળખી શકાય છે; માટે કોઈ પણ રીતે એટલે કે કર્મથી, યોગથી, જ્ઞાનથી, ધ્યાનથી, દાનથી, ભક્તિથી અથવા બીજી કોઇ પણ રીતે આપણા હૃદયમાં મહાન પ્રભુનું અલૌકિક બળવાળું પવિત્ર નામ જામે એમ કરો. એ સત્ય નામના બળ પાસે આપણાં ઘણાં પાપ પણ કાંઇ વિસાતમાં નથી; કારણ કે ભાઇઓ ! યાદ રાખજો કે પાપ કરનાર તો માણસો છે અને દયા કરનાર-માફ કરનાર તો પ્રભુ પોતે છે. અલ્પ જીવની પાપ કરવાની શક્તિ કેટલી નાની ? અને સમર્થ પ્રભુની માફ કરવાની શક્તિ કેટલી મોટી ? એ તો જુઓ ! પણ તેમાં શરત માત્ર એટલીજ છે કે, પ્રભુની દયા મેળવવા માટે-પાપની માફી મેળવવા માટે-આપણે દીનતાથી દયાળુ પ્રભુને શરણે જવું જોઇએ અને હૃદયમાં ભગવદ્‌આવેશનું પૂરેપૂરું બળ રાખવું જોઇએ. જો એમ કરી શકીએ તો દયાળુ પ્રભુના સર્વશક્તિમાન-

પણ આગળ પાપ કાંઇ વિસાતમાં નથી. માટે ભાઇઓ ! પ્રભુને શરણે જાઓ ! પ્રભુને શરણે જાઓ ! એટલે પાપની માફી મળતાં વાર લાગવાની નથી.

પદ

અન્ય નહિ પ્રભુ ત્રાતા, તુજ વિના, અન્ય નહિ પ્રભુ ત્રાતા.
વિનય થકી હું વિનતિ કરૂં છું (૨) વિશ્વ તણા વિભુ ધાતા–તુજ૦
સર્વ ઋષિ મુનિ શુક સનકાદિક (૨) તુજ મહિમા ગુણ ગાતા–તુજ૦
દીન દયાળુ તુજ કરુણા વિના (૨) કોણ કરે સુખશાતા–તુજ૦
આશ્રય એક તમારો ધારૂં (૨) સુખદુઃખના પ્રભુ જ્ઞાતા–તુજ૦
સાષ્ટાંગે હું વંદું વિભુને (૨) પરમ પદ મંગળ દાતા–તુજ૦

૧૧૫–જો આપણે પૂર્ણ પ્રેમથી પ્રભુને શરણે જઇએ, તો પ્રભુ આપણાં પાપ માફ કરવાનું કબૂલે છે

મહાન દયાળુ પ્રભુએ આપણી ઉપર ખાસ કૃપા કરીને આપણને શ્રીગીતામાં ખુલ્લી કબૂલાત આપેલી છે કેઃ—

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

(गीता. अ० १८, श्लो० ६६)

અર્થાત્ "તમે શોક કરો નહિ. બધા ધર્મો છોડીને તમે માત્ર એક મારેજ શરણે આવો, એટલે હું તમોને બધાં પાપોથીબચાવીશ."

આપણને શોકમાંથી–દુઃખમાંથી છોડાવે, થઇ ગયેલાં જૂનાં પાપની માફી આપે તથા નવાં પાપ થતાં અટકાવે અને સર્વ ધર્મના બનાવટી પ્રપંચમાંથી છોડાવી પોતાના શરણમાં લે, એ શું પ્રભુની થોડી દયા છે ? આ કરતાં વધારે સારૂં માફીપત્ર બીજું કેવું હોય ? અને આ કરતાં પ્રભુની વધારે દયા બીજી શું હોઇ શકે ? પણ એટલી બધી દયા છતાં પણ પ્રભુને તૃપ્તિ થતી નથી, તે તો હજુ પણ પોતાની અખંડ દયા વધારતાજ જાય છે; તેથી આપણો ઉદ્ધાર કરવા માટે શ્રીગીતામાં કહે છે કેઃ—

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

(गीता. अ० १८, श्लो० ६५)

અર્થાત્ "તમે મને વહાલા છો; માટે હું તમારી પાસે પ્રતિજ્ઞા લઇને સત્ય કહું છું કે, મારામાં મન રાખો, મારા ભક્ત થાઓ,

મારા યજ્ઞો કરો, એટલે કે મારે અર્થે કર્મ કરો અને મને નમસ્કાર કરો, એટલે તમે મનેજ પામશો."

હે ભગવજ્જનો! હે ઉત્તમ વૈષ્ણવો! હે ભક્તો! પ્રાચીન આર્ય મહાત્માઓના પુત્રો! તમે વિચાર કરો કે, પ્રભુની આવી સત્ય ને ખુલ્લી પ્રતિજ્ઞા દુનિયાના બીજા કયા ધર્મોમાં છે? આ કરતાં વધારે દયા આપણને બીજી શી જોઇએ? પ્રભુમય થઇ જવું, મુક્ત થઈ જવું, પ્રભુને પામી જવું, પ્રભુમાં લીન થઇ જવું, એ કરતાં વધારે બીજું આપણને શું જોઇએ? જિંદગીનો સાર ને ધર્મનું તત્ત્વ તે મોક્ષ છે. એ મોક્ષનાં અખંડ સુખ આપવાની પ્રભુ આપણને કબૂલાત આપે છે, એ કરતાં વધારે દયા બીજી શી હોય, તે અમે સમજી શકતા નથી; માટે ભાઇઓ! પાપની માફી મેળવવા સારૂ, જિંદગીની સાર્થકતા કરવા સારૂ, આપણા આત્માના કલ્યાણ સારૂ, આપણા રૂડા ધર્મની ઉન્નતિ સારૂ, મહાન પ્રભુના હુકમો પાળવા સારૂ અને મોક્ષનાં અનંત કાળનાં અલૌકિક સુખ ભોગવવા સારૂ શુદ્ધ અંતઃકરણથી ને પૂરા પ્રેમથી દયાના સાગર ત્રિલોકના નાથ પ્રભુને શરણે જાઓ, પ્રભુને શરણે જાઓ!!

૧૧૬–પાકેલાં ફળ ઉપર પક્ષીઓ વધારે ચાંચ મારે છે, તેમ ભક્ત થશો ત્યારે લોકો હેરાન તો કરશેજ, પણ તેથી કાંઈ ડરી જવાય નહિ

જેમ આંબા ઉપર વધારે ફળ લાગે, તેમ ફળના ભારથી તે વધારે વધારે નમતો જાય છે, તેમજ જે માણસો ભક્તિમાર્ગમાં લાગી જાય છે–પ્રભુના રસ્તામાં આવી જાય છે, તેઓને પણ મોટાં ફળ મળેલાં હોય છે અને મોટા લાભ મળવાના હોય છે; એટલે તેઓ પણ સૌને સદા નમતાજ રહે છે–સૌની સાથે ભલાઇજ રાખવા ઇચ્છે છે; પોતે ઘસારો ખાઇને–ખોટ ખાઇને પણ સામાને રાજી રાખે છે; પોતે દુઃખ ખમીને પણ પારકાનું ભલું કરે છે; પોતે ભૂખ્યા રહીને પણ પોતાના કરતાં વધારે ભૂખ્યાંઓને જમાડે છે; પોતે ભીખ માગીને પણ બીજાઓને મદદ કરે છે; બીજાઓની નિરર્થક ગાળો ખાઇને પણ પોતે ધર્મનાં કામો કરે છે અને જાણે પારકાનાં સુખને માટેજ પોતે અવતાર લીધો હોય તેવીજ રીતે પ્રભુપરાયણ રહીને તેઓ વર્તે છે. જેઓ એવી રીતે વર્તે તેઓજ સાચા સંત છે ને તેઓજ ખરા ભક્ત છે. જ્યાંસુધી પોતાના આત્મા

જેવો બીજાના આત્માને ન જાણે અને મારું તારું ન છોડે, ત્યાંસુધી ભક્ત શાના? આવા પ્રભુપ્રેમમાં જાગી ગયેલા ભક્તો કહે છે કે, જે ઝાડને ફળ આવે તે ઝાડ ઉપર લોકો પથરા ફેંકયા વિના રહે નહિ અને જે ફળ સારૂં પાકે તે ઉપર પંખીઓ ચાંચ માર્યા વિના રહે નહિ; તેમજ જે પોતાના વિકારો છોડી દઇને ભક્ત થાય, તેને પણ કોઈ ને કોઇ રીતે લોકો હેરાન કર્યા વિના રહે નહિ; કારણકે માણસોનો સ્વભાવ એવો અટકચાળો છે અને એ ભક્તોની કસોટી છે. અસલના ભક્તોની હકીકત જોઇએ છીએ તો તેમાં પણ એમજ જણાય છે. કોઇ ભક્તને માબાપો નડયાં હતાં, કોઇને બાયડીછોકરાં નડયાં હતાં, કોઇને નાતજાતવાળાએ હેરાન કર્યા હતા, કોઇને રાજારજવાડાએ દુઃખ દીધાં હતાં, કોઇને અજાણ્યાં માણસોએ દુઃખ દીધાં હતાં, કોઇને ધર્મગુરુઓએ પીડયા હતા અને કોઇને દેવોએ દુઃખ દીધાં હતાં. ઇન્દ્રે અપ્સરાઓ મોકલી મોકલીને ઋષિઓનાં તપ ભંગ કરાવ્યાં હતાં. આવી રીતે ભક્તની પરીક્ષા માટે કાંઇ ને કાંઇ વિઘ્ન આવ્યા વિના રહેતું નથી; માટે એવા જરા વારના વિઘ્નથી હારી જઈ અમૂલ્ય ભક્તિરૂપી હીરો હાથ આવેલો ખોઈ બેસશો નહિ; પણ એમજ સમજજો કે, મોટો નફો લેવા માટે થોડું જોખમ તો ખેડવુંજ જોઇએ. પ્રભુને અર્થે પ્રભુનાં બાળકોની મૂર્ખાઇભરેલી મસ્તી પણ સહન કરવી જોઇએ અને સર્વશક્તિમાન મહાન પવિત્ર પિતા પ્રભુને અર્થે સર્વ મનથી ને સર્વ હૃદયથી આપણો આત્મા અર્પણ કરવો જોઇએ; ત્યારે પછી થોડો કામ, ક્રોધ કે લોભને મૂકી દેવો પડે, એની શી વિસાત? અને જો એટલું પણ ન મૂકાય તો પછી ભક્ત શાના? માટે ભાઇઓ! અનંતકાળનાં મોક્ષધામનાં સુખ મેળવવાને ખાતર લોકોના તાનાટપલા,સગાંવહાલાંઓનાં મહેણાંટોણાં, ભાઇબંધદોસ્તોનાં વાંધાવચકા, ઘરનાં માણસોના બળાપા, નાતિલાઓની ચેષ્ટા, અદેખાઓની અદેખાઈ, નકામા બેસીને પારકી પાટો ભાગનારાઓનો બડબડાટ અને તમારી યોગ્યતા કરતાં પણ જે તમોને વધારે માન આપે છે તે નાનાઓની તાજી મતવાજો પ્રભુને અર્થે તમે સહન કરો.

પદ

તમે નામ નારાયણનું રે, લેતાં ડરશો મા;
તમે ડરતાં હો તો રે, ફરીને કોઈ લેશો મા. (ટેક)
સંસારી કહે છે રે, ભગતડાં ભૂંડાં છે; (૨)

તમે ભૂંડાં ન જાણજો રે, ભક્તિનાં મૂળ ઊંડાં છે—તમે૦
સંસારી કહે છે રે, ભગતડાં કાલાં છે; (૨)
તમે કાલાં ન જાણજો રે, પ્રભુને બહુ વહાલાં છે—તમે૦
સંસારી કહે છે રે, ભગતડાં ઘેલાં છે, (૨)
તમે ઘેલાં ન જાણજો રે, પ્રભુને મન પહેલાં છે—તમે૦

૧૧૭–ભકત વિષે

કમળ જેમ જળમાં રહે છે પણ તેને જળનો સ્પર્શ થતો નથી, તેમ ભક્ત જગતમાં રહે છે, પણ તે સંસારી બાબતોમાં લુબ્ધ થઈ જતો નથી, તેનું મન તો પ્રભુમાંજ લાગેલું રહે છે.

માખણ છાશમાંથી થાય છે, પણ માખણ થઈ ગયા પછી પાછું તે છાશમાં મળી શકતું નથી; તેમ ભક્ત પણ સંસારી જીવોમાંથીજ થાય છે, પણ ભક્ત થયા પછી તે પાછા સંસારની ખોટી માયામાં ભળી શકતા નથી.

છોકરું જ્યારે નાનું હોય છે ત્યારે ધવરાવનારી આયાને પોતાની મા સમજે છે, પણ જ્યારે તે મોટું થાય છે અને પોતાની ખરી માને ઓળખે છે, ત્યારે ધવરાવનારી આયા ઉપરનો તેનો મોહ ઊતરી જાય છે. તેમ ભગવાનના સત્ય સ્વરૂપને ઓળખ્યા પછી ભક્ત પણ મિથ્યા માયાની પાસે જતા નથી.

ઝાડો પેશાબ કર્યા પછી જેમ માણુસો તેને ફરીથી જોવા ઇચ્છતા નથી, તેમ જેઓએ એક વખત જગતને છોડી દીધું છે, તેવા ત્યાગી સાધુઓ તથા ખરા ભકતો પણ ફરીથી સંસારના મોહમાં પડવા ઇચ્છતા નથી.

જેમ ઝાડનું મૂળ જમીનમાં રહે છે ને ડાળાંપાંદડાં ઊંચાં રહે છે, તેમ ભક્તજનોનો વ્યવહાર મનુષ્યોમાં ફેલાયેલો હોય છે; પણ તેનું મન તો ઈશ્વરમાંજ ચોટેલું હોય છે.

પક્ષીઓ હમેશાં ઝાડ ઉપરજ રહે છે; જ્યારે તેમને ચારો કરવો હોય, ત્યારેજ નીચે આવે છે; તેમજ ભક્તજનો પણ ન ચાલે તેવી જરૂરિયાત માટેજ સંસારનો સંબંધ રાખે છે. બાકી તેનું મન તો હમેશાં ઈશ્વરમાંજ રમતું રહે છે.

જે છોકરો પોતાના બાપની સાથે મુસાફરી કરતો હોય, તેને ખાવાપીવાની ઝાઝી ફિકર રહેતી નથી; કારણ કે તેનો બાપ એ બાબતની તજવીજ રાખે છે, તેમજ જે ભક્તો હમેશાં પ્રભુની

સાથે રહે છે,એટલે કે પ્રભુને પોતાના હૃદયમાં રાખે છે, તેને પણ ખાવાપીવાની બહુ કાળજી રાખવી પડતી નથી; કારણ કે પ્રભુ પોતે તેને જરૂરની સર્વ ચીજો પૂરી પાડે છે.

૧૧૮–ઈશ્વરની કૃપારૂપી જળ ખેંચવા માટે માળા તે રેંટ છે અને તેના પારા તે ડોલચીઓ છે

મહાત્માઓ કહે છે કે, આપણી જિંદગી સુધારવા માટે, આપણાં પાપની માફી મેળવવા માટે, આપણા આત્માની ઉન્નતિ કરવા માટે અને શ્રીહરિની હજૂરનાં મોક્ષધામનાં સુખ મેળવવા માટે આપણે અનંત બ્રહ્માંડના નાથ, કરુણાના ભંડાર, દેવાધિદેવ, સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માની કૃપા મેળવવી જોઇએ; પણ તેની સાથે તેઓ એમ પણ કહે છે કે, પ્રભુની કૃપા મેળવવી એ કાંઇ રમતની વાત નથી. ઉપર કહ્યું તે બધું બની જાય એટલી બધી કૃપા કાંઇ રસ્તામાં પડી નથી. જો કે ઈશ્વરની સામાન્ય કૃપા વિના તો આપણે એક પળ પણ જીવી શકીએ નહિ. એ કૃપા તો આપણી ઉપર અને સર્વની ઉપર સદાસર્વદા છેજ; પણ ભગવદ્ભજનો તો પ્રભુની ખાસ વિશેષ કૃપાને ઇચ્છે છે. એ વિશેષ કૃપા મેળવવા માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ અને પ્રભુની કૃપા મેળવવા માટે જે પ્રયત્ન કરવો, તેનુંજ નામ ધર્મ છે.

આપણે જેમ બીજમાંથી ઝાડ કરવા માટે અને એક દાણા-માંથી હજારો દાણા કરવા માટે રેંટ મારફત કૂવામાંથી જળ ખેંચીએ છીએ, તેમ ભેદરૂપી કૂવામાં રહેલું પ્રભુની કૃપારૂપી જળ ખેંચવા માટે પણ આપણે પ્રભુના નામસ્મરણથી માળારૂપી રેંટ ચલાવવો જોઇએ; કારણ કે મહાત્માઓ કહે છે કે, આપણે નહિ જોઈ શકીએ તેવા અદૃશ્ય કૂવામાંથી માળાના રેંટથી ને પારાની ડોલચીઓથી પ્રભુની કૃપારૂપી જળ ખેંચાઈ આવે છે. એ જળથી આપણાં નાનાં કામો અનંતગણાં ફળવાળાં થઈ જાય છે અને આપણો જીવ જે બીજ જેવો છે, તે પ્રભુની કૃપારૂપી જળથી ઝાડ જેવો એટલે કે શિવ જેવો–હરિની હજૂરમાં રહેનારો થઈ જાય છે; પણ ભાઇઓ ! યાદ રાખજો કે, આ બધું પ્રભુકૃપાથી થઇ શકે તેમ છે અને પ્રભુકૃપારૂપી જળ પ્રભુના નામસ્મરણરૂપી રેંટથી મેળવી શકાય છે, માટે શુદ્ધ ભાવથી ને અંતરના ઉમળકાથી જેમ એ રેંટ

વધારે ફેરવાય તેમ કરજો; કારણ કે જેમ રેંટ વધારે ફરશે, તેમ જળ વધારે નીકળશે. એટલે કે જેમ પ્રભુના પવિત્ર નામનો વધારે જપ થશે, તેમ વધારે ભગવત્કૃપા મેળવી શકાશે. માટે સહેલામાં સહેલા ને સાચામાં સાચા સાધનરૂપ મંગળકારી પ્રભુના પવિત્ર નામસ્મરણને વીસરશો નહિ. જ્યારે બને ત્યારે અને જેટલું બને તેટલું પ્રભુકૃપાનું જળ તો માયાના રેંટથી ને પારાની ડોલચીઓથી મેળવ્યાજ કરજો; કારણ કે એ જળ જેમ વધારે આવશે, તેમ વધારે જલદીથી અને વધારે સારો પાક ઊતરશે. માટે ઓ હરિજનો! આપણા આત્માના કલ્યાણ સારૂ મહામંગળકારી પ્રભુના પવિત્ર નામના સ્મરણથી ભગવત્કૃપારૂપી જળ ખેંચવામાં પછાત પડશો નહિ! પછાત પડશો નહિ!!

૧૧૯—ભગવદ્ધ્યાન ધરવા વિષે

यज्ञानां जपयज्ञोऽस्मि। પ્રભુ શ્રીગીતામાં કહે છે કે, "સર્વ યજ્ઞમાં જપયજ્ઞ તે હું છું."

ઝાડને જેમ પાણીની જરૂર છે અને શરીરને જેમ ખોરાકની જરૂર છે; તેમ જીવને ઈશ્વરના ધ્યાનની ઘણી જરૂર છે. પાણી વિના જેમ ઝાડ સુકાઈ જાય છે અને અન્ન વિના જેમ શરીર નબળું પડી જાય છે, તેમ જપ તથા ધ્યાન વિના જીવ પણ ઈશ્વરભક્તિમાં મોળો પડી જાય છે.

ધ્યાન ધરવું એટલે પ્રભુની સાથે વાતો કરવી અથવા કાંઇ પણ કહેવું. મોટાં માણસો જેવાં કે રાજાઓ, ન્યાયાધીશો, પ્રધાનો વગેરે કોઈપણ નાના કે હલકા માણસો સાથે વાતો કરવા ચાહતા નથી; પણ ઈશ્વર જે સર્વથી મોટામાં મોટા, રાજાઓના રાજા અને દેવોના પણ દેવ છે, તે તો ધ્યાનને રસ્તે સૌની સાથે વાતો કરવા ચાહે છે.

મોટા માણસો નાના લોકોને ઘેર જવા ચાહતા નથી અને મોટા રાજાઓ ગરીબ ગામડિયાઓની ઝૂંપડીમાં બેસતાં શરમાય છે; પણ આપણો પ્રભુ તો ધ્યાનને રસ્તે નાનામોટા સૌના અંતરમાં આવવાને સદાસર્વદા તૈયાર છે.

જે માણસ પ્રભુનું ધ્યાન કરે છે, તેને પ્રભુ પોતાનો કરી લે છે અને પોતે તેના થઈ જાય છે; માટે સર્વે નાનાંમોટાં, ભાઇઓ-

બાઇઓ, ભણેલાંઓ તથા વગર ભણેલાંઓ સર્વ જનોએ જપ તથા ધ્યાન કરતાં શીખવું જોઇએ.

ધ્યાન કરવાથી પવિત્ર માણસની પવિત્રતા જળવાય છે તથા વધતી જાય છે અને પાપીઓનાં પાપ રોજ રોજ ઓછાં થાય છે.

જેમ સૂર્ય ઊગવાથી અજવાળું થાય છે, તેમ પ્રભુનું ધ્યાન ધરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે અને સત્ય જ્ઞાનનો ઉદય થાય છે.

જેમ અંધારામાં દીવો કરવાથી ઊંદરો નાસી જાય છે, તેમ પ્રભુનું ધ્યાન ધરનાર માણસના અંતરમાંથી દુર્ગુણો જતા રહે છે.

જેમ નીરોગી માણસોને બહુ ભૂખ લાગે છે, તેમ પવિત્ર માણસોને પ્રભુનું ધ્યાન ધરવાની બહુ ઇચ્છા થયા કરે છે.

જેમ નાનાં બાળકોને વારંવાર ધાવવાની ઇચ્છા થયા કરે છે, તેમ પવિત્ર માણસોને પ્રભુના ધ્યાનની તથા જપની ઇચ્છા થયા કરે છે.

જેમ ફૂલમાં દોરો રહે છે અને દોરામાં ફૂલ રહે છે, તેમ પ્રભુનું ધ્યાન ધરતી વખતે આપણો જીવ ઈશ્વરમાં અને ઈશ્વર આપણા જીવમાં જોડાઇ જાય છે.

જેમ નદી સમુદ્રમાં મળ્યા પછી પોતે ગુમ થઈ જાય છે, તેમ ધ્યાન ધરતી વખતે જીવ ઈશ્વરમાં ઈશ્વરમય થઇ જાય છે.

પ્રભુનું ધ્યાન ધરતી વખતે આપણો જીવ જાણે સ્વર્ગના સમુદ્રમાં તરતો હોય તેમ જણાય છે. જે માણસને એકાગ્ર ચિત્તથી ધ્યાન ધરતાં આવડે છે, તેને ધ્યાન વખતે જાણે સ્વર્ગના વિમાનમાં બેસીને આસમાનમાં ઊડતા હોય, એવો આનંદ થાય છે.

૧૨૦–અભિમાન છોડીને પ્રભુના શરણમાં જવા સારૂ ભગવદ્દઇચ્છાને આધીન થવાની જરૂર છે

જે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે, તે ગમે તેવાં વ્રતનિયમો પાળે અને ગમે તેવાં ભલાં કામો કરે, તોપણ તે ખરો ભક્ત નથી; કારણ કે તે પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલતો નથી અને જે પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલે છે તે કદાચ કાંઈ પણ કરતો ન હોય, તોપણ તે ખરો ભક્ત છે. જે પ્રભુની ઇચ્છાને બાજુએ મૂકીને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે, તે શેઠનો પણ શેઠ થાય છે. તે ધણીનો પણ ધણી થાય છે. એ ભૂલ કાંઇ જેવી તેવી નથી.

ભક્તિનો સિદ્ધાંતજ દીનતા છે, તેથી ખરેખરી દીનતા વિના પ્રભુ પ્રસન્ન થાયજ નહિ; પણ જ્યાંસુધી આપણે આપણા અહં-ભાવમાં રહીએ, ત્યાંસુધી ખરેખરી દીનતા આવેજ નહિ; માટે અહંભાવ છોડવા સારૂ અને દીનતાથી પ્રભુના શરણમાં જવા સારૂ ભગવદ્દઇચ્છાને આધીન થવાની જરૂર છે. ભગવદ્દઇચ્છાને આધીન થવાથી માયા ઘટતી જાય છે, શાંતિ આવતી જાય છે અને ઈશ્વર-ની નજીક જવાતું જાય છે; માટે હજાર વાતની એક વાત એ છે કે, પ્રભુની ઇચ્છાને આધીન થાઓ ! પ્રભુની ઇચ્છાને આધીન થાઓ ! ભક્તિનું લક્ષણ પણ એજ છે અને ભક્તિની મઝા પણ એજ છે; માટે એ મઝા લૂંટતાં શીખો ! ભાઇઓ ! એ મઝા લૂંટતાં શીખો ! !

પદ

મરશે રે માયા ને ગળશે રે કાયા, ટેક જાશે તારો તૂટી;
હો રામકૃષ્ણ ભજી લે, જોબન જાય જરા ઝંટી, હો રામ–૧
સોનાનાં મંદિર તારા મોલ અવાસુ, જમના કિંકર લેશે ઝૂંટી. હો.
કાચો કૂપો જેમ જળે રે ભરિયો, સાચવતામાં જાશે ફૂટી. હો.
બાઇ મીરાં કહે જેણે હરિ નવ જાણ્યા, તેના જીવતરમાં આગ ઊઠી. હો.

૧૨૧–ક્યાં જવું એ ઘોડાના હાથમાં નથી, પણ ચલા-વનારના હાથમાં છે; તેમ આપણે પણ મહાન પ્રભુની ઇચ્છાને આધીન રહેવું જોઇએ

ઘોડાને હાંકવાવાળો જેમ ઘોડાને ચલાવે તેમ ઘોડો ચાલે છે. શક્તિ હોય ત્યાંસુધી ચાલવું એ ઘોડાનું કામ છે; પણ કઇ તરફ ચાલવું, કયે રસ્તે ચાલવું અને કેવી ચાલે ચાલવું, એ ઘોડાના અખત્યારની વાત નથી, એ તો હાંકનારના હાથમાં છે; તેમજ આપણી તો એજ ફરજ છે કે, જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવું. હર્ષશોકને અધીન ન થતાં પ્રભુઇચ્છા ઉપર આધાર રા-ખીને સદા શાંતિથી રહેવું એજ ધર્મ છે, એનુંજ નામ પુરુષાર્થ છે અને એનુંજ નામ જિંદગીની સફળતા છે. પ્રભુઇચ્છાને આ-ધીન થવું, એજ જિંદગીનો હેતુ છે અને એજ જિંદગીનું ફળ છે. એથીજ જિંદગી મીઠી થાય છે અને એથીજ પ્રભુ રાજી થાય છે; માટે ચાહે તો દુઃખ આવી પડે, ગમે તો ગરીબી આવી પડે, ગમે તો મંદવાડ આવી પડે, ગમે તો અપમાન આવી પડે અને ગમે

તો મોત આવી પડે; તોપણ દિલગીર થાઓ નહિ, નિરાશ થાઓ નહિ, અને કદી રાજ આવી પડે તોપણ ફુલાઇ જાઓ નહિ; પણ સુખદુઃખને વાદળની છાયા જેવાં સમજી, આપણુંજ સારાંમાઠાં કર્મોનાં ફળ સમજી, આપણાં કલ્યાણને માટેજ તે આવેલાં છે એમ સમજી, પ્રભુની ઇચ્છાને આધીન થતાં શીખો.

૧૨૨–ઈશ્વર એવો મહાન દયાળુ છે કે તેની પાસે માગનાર કોઈપણ ખાલી હાથે પાછો જતો નથી

યાદ રાખજો, ખરેખર રીતે યાદ રાખજો કે, પ્રભુ પાસે કરેલી આપણી અરજો કદી પણ વ્યર્થ જતી નથી. સર્વવ્યાપક પ્રભુ સૌની અરજો તુરતજ સાંભળે છે. સાંભળવા પહેલાં પણ તે સર્વજ્ઞ આપણી સર્વ ગરજો સમજે છે અને આપણે પ્રાર્થના કરીએ ત્યારે તે દયાળુ પ્રભુ આપણી પ્રાર્થના કદી પણ ખાલી જવા દેતો નથી. આપણી યોગ્યતા પ્રમાણે અને આપણા અંતરના પ્રભુપ્રેમ પ્રમાણે પ્રભુ તુરતજ આપણને આપે છે; પણ આપણે આપણા સ્વાર્થમાં ને અજ્ઞાનમાં ફસાયેલા હોવાથી, પ્રભુએ આપેલા ઇનામની કિંમત આપણે સમજી શકતા નથી.

આપણને લાગે છે કે, અમે ઘણી વખત અરજ કરી પણ અમને ધન મળતું નથી; અમે ઘણી વખત દર્શન કર્યાં પણ અમોને છોકરાં થતાં નથી; અમે ઘણી જાતના પાઠ કર્યા પણ અમારો પગાર વધતો નથી; અમે ઘણીય માનતા કરી પણ અમારા ઘરમાંથી મંદવાડ જતો નથી અને અમે બહુ બહુ પ્રાર્થના કરીએ છીએ પણ અમારાં દુઃખો કાંઇ ઓછાં થતાં નથી, તેથી આપણને એમ લાગે છે કે, પ્રભુ આપણી અરજ સાંભળતો નથી; પણ ભાઇઓ ! એમ નથી, એમાં તો મોટો ભેદ છે ને એમાં તો પ્રભુની ખાસ દયા છે.

ફરીથી યાદ રાખજો કે, પ્રભુ પાસે કરેલી આપણી કોઇ પણ પ્રાર્થનાઓ ફોકટ જતી નથી, એ સત્ય વાત છે અને તેમ છતાં પણ આપણને એમ લાગે છે કે, અમારી માગણીઓ સફળ થતી નથી. આપણને એમ લાગવાનું કારણ એ છે કે, આપણે પ્રભુની મહાન દયાને સમજી શકતા નથી; પણ તેનો ભેદ એ છે કે, પ્રભુ પોતે જેવો મહાન છે ને જેવો અખંડ આનંદસ્વરૂપ છે, તેવોજ

તે અતિશય દયાળુ છે; એટલે તે આપણી નાની નાની પ્રાર્થનાઓ કરતાં પણ આપણુને ઘણું વધારે આપવા ચાહે છે, તેથી તે આપણી નજીવી માગણીઓ કબૂલ નહિ રાખતાં પ્રથમ આપણુને અલૌકિક વસ્તુઓ આપે છે; જેમકે સત્સંગમાં પ્રીતિ, હરિજન સાથે હેત, અગાઉનાં પાપની માફી, ભજન ઉપર ભાવ, ભગવદ્દાવેશ, મનનું મોટાપણું, રાગદ્વેષનું ઓછાપણું, ભગવદ્દાશરાનું બળ અને માનસિક આનંદ વગેરે અલૌકિક વસ્તુઓ તે દયાળુ આપણુને પ્રથમ આપે છે; એનું કારણ એ છે કે, પ્રભુ આપણુને પ્રથમ ભક્ત બનાવવા ચાહે છે અને આપણે ભક્ત થઈએ તે પછી તે રિદ્ધિ-સિદ્ધિ આપે છે. ભક્ત થયા પહેલાં ને ઉપલા રૂડા ગુણો આપ્યા પહેલાં જો તુરતજ આપણી માગણી પ્રમાણે પ્રભુ ધન, છોકરાંવગેરે આપણુને આપી દે, તો આપણે ઊલટા બગડી જઇએ અને પ્રભુથી વિમુખ થઈ જઇએ; એટલુંજ નહિ પણ આપણામાં રૂડા ગુણ આવ્યા વિના જો આપણુને આપણા મનમાનતું આપી દે તો આપણે તે જીરવી શકીએ નહિ, તેથી આપણાથી અધર્મ થઈ જાય અને એ પાપથી અંતે આપણુને નરકમાં જવું પડે; એમ ન થાય માટે પ્રભુ પ્રથમ આપણુને ઉમદા સદ્ગુણો આપી ભક્ત બનાવે છે અને આપણામાં યોગ્યતા આવ્યા પછી તે આપણુને જરૂરની ચીજો માગ્યા વિના પણ પૂરી પાડે છે. આ ઉપરથી સર્વશક્તિમાન વિશ્વંભરનાથ મહાન પ્રભુની અનંત દયા સમજવાની છે કે, તે આપણા કલ્યાણની વસ્તુઓ પ્રથમ આપે છે અને આપણુને મોહ-માં નાખનારાં તકલાદી રમકડાંઓ આપણો મોહ છૂટ્યા પછીજ આપે છે; એટલે આપણે દુઃખથી ને નરકથી છૂટી શકીએ છીએ. માટે આપણી અરજો પ્રમાણે એજ વખતે ન મળે તેથી એમ ન સમજવું કે, આપણી પ્રાર્થનાઓ ફોકટ ગઇ છે; પણ એમજ સમ-જવું કે, ખરા ભાવથી ઉચ્ચારેલું પ્રભુનું એક પણ નામ ફળ આપ્યા વિના રહેતું નથી; એટલુંજ નહિ પણ ઊલટું આપણા માગ્યા કરતાં પણ ઘણું વધારે મળે છે, કારણ કે પ્રભુ સર્વશક્તિમાન છે અને દયાળુ છે, એટલે આપણી નજીવી માગણી સામે નહિ જોતાં પોતાની અખંડ મોટાઇ સામું જોઇને તે આપણુને આપણી નાની પ્રાર્થનાઓનું પણ મોટું ઇનામ આપે છે; માટે હમેશાં ચોખ્ખા દિલથી પ્રાર્થના કર્યા કરો.

૧૨૩–લોભિયાઓ કોઇને કામમાં આવતા નથી

એક લોભી માણુસ હતો. તેની પાસે તેના બાપનું આપેલું ઘણુંય ઝવેરાત હતું; પણુ તે કદી કોઇને વાપરવા આપતો નહોતો.

એક વખત તે લોભિયાના દોસ્તનાં લગ્ન હતાં, ત્યારે તેણે તે લોભિયાને કહ્યું કે, " તારી વીંટી મને પહેરવા આપ; એ વીંટીને જોઇને હું તને યાદ કરીશ. લગ્ન પછી પાછી આપી જઇશ." ત્યારે તે લોભિયાએ કહ્યું કે, " જેમ વીંટી આપવા માટેજ મને યાદ કરે, તેમ વીંટી ન આપવા માટેજ મને યાદ કરજે ને! જેમ આંગળીએ વીંટી જોઇને તું મને યાદ કરે તેમ વીંટી ન જોવાથી પણુ મને યાદ કરજે."

લોભિયાઓ આવા નફ્ટ હોય છે. તેઓ પોતે પોતાનું સુખ પણુ જોતા નથી, ત્યારે બીજાઓને તો ક્યાંથીજ મદદ કરે? તેઓ તો માત્ર જેમ કરોળિયા પોતાનાં કાળજાં કોરી કોરીને જાળ બાંધે છે, તેમ પોતાનાં કાળજાં તોડી તોડીને ધન માટે મહેનત કરે છે અને પછી જેમ કરોળિયાની જાળ કોઇ જીવડાંઓ રમત કરતાં કરતાં તોડી નાખે છે, તેમ લોભિયાઓનું ભેળું કરેલું ધન પણુ કોઇ ધુતારાઓ ખાઇ જાય છે; કારણુ કે ધનની ત્રણુ ગતિ છે, દાન ભોગ ને નાશ. જે લોભિયાઓ આપતા પણુ નથી કે ભોગવતા પણુ નથી, તેના ધનનો કુદરતી રીતેજ નાશ થાય છે; માટે પોતાના ધનનો નાશ થાય તે જોયા કરવું, પણુ ધર્મદાન કરવું નહિ કે ભોગવવું નહિ, એ કરતાં વધારે નીચતા બીજી કઈ?

ભાઈઓ! એવી નીચતામાં ન રહી જવાય, એ તમારા પવિત્ર આત્માને ખાતર અને મહાન પ્રભુને ખાતર સંભાળજો.

૧૨૪–જેમ છોકરાંઓ પતંગિયાં પકડવા માટે મહેનત કરે છે, તેમ લોભિયાઓ ધન માટે મહેનત કરે છે

નાનાં છોકરાંઓ પતંગિયાં પકડવાને માટે કેટલી બધી મહેનત કરે છે, એ તમે જોયું છે? તેઓ પતંગિયાંની પાછળ વારંવાર અહીંથી તહીં દોડાદોડી કરે છે, ઝાડ ઉપર ચડે છે, ઊંચેથી કૂદકા મારે છે, અંદર અંદર એકબીજા લડી પડે છે, ઝાડીમાં ભરાય છે, છુપાઇ જાય છે, પોતાનાં કપડાં ખરાબ કરે છે, થાકી જાય છે અને વખતે ક્યાંય માર ખાઈ બેસે છે, એ તમને ખબર છે કે? એ બધું

શા માટે ? તો કહો કે પતંગિયાંને પકડવા માટે ! અરે, આ મૂ-ર્ખાઈ તો જુઓ ! પતંગિયાંને પકડવા માટે કેટલી બધી મહેનત ને કેટલી બધી હેરાનગતિ ? અને તેનું પરિણામ ? પરિણામ એજ કે પતંગિયું પકડવું. શા માટે ? તો કે જોવા માટે ! કાંઈ કામમાં આવશે ? તો કે ના. એ તો જોઈને જરાક વાર પછી મૂકી દેવું, તે સારૂ એટલી બધી હેરાનગતિ ! એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ?

જેમ છોકરાંઓ પતંગિયાંને પકડવા સારૂ વગરમફતના હેરાન થાય છે, તેમ લોભિયાઓ ધન સારૂ હેરાન થાય છે. ધન સારૂ તેઓ સુખે ખાતા નથી, ધન સારૂ તેઓ સુખે સારાં કપડાં પહેરતા નથી, ધન સારૂ તેઓ નિરાંતે સૂતા નથી, ધન સારૂ તેઓ ઘણા લોકોના દુશ્મન થાય છે અને ધન સારૂ તેઓ રખડી મરે છે; પણ જેમ પતંગિયાંઓ છોકરાંઓને આંખે જોવા સિવાય બીજા કાંઈ કામમાં આવતાં નથી, તેમ લોભિયાઓને તેઓનું ધન પણ આંખે જોવા સિવાય કાંઈ કામ આવતું નથી અને તે પણ ભોગ-વવા સારૂ નહિ, પણ માત્ર જોવા સારૂજ—ભેળું કરવા સારૂજ લો-ભિયાઓ ધન ધન કરતા મરે છે. એ કરતાં વધારે મૂર્ખાઈ બીજી કઈ ? પ્રભુને અર્થે જે ધન ન ખર્ચાય તે શું કામનું ?

૧૨૫–છોડને બચાવવા માટે ઘાસ નીંદવું એ કાંઈ ખોટું નથી; તેમજ પ્રભુને ઓળખવા સારૂ કામ, ક્રોધ વગેરેને ખરાબ કહેવા એ કાંઈ નિંદા નથી

સર્વ શાસ્ત્રો કહે છે કે, નિંદા કરવી એ બહુ ખરાબ છે. આ-પણે પણ એ વાત કબૂલ કરીએ છીએ, છતાં પણ નિંદાના પાપ-માંથી બચી શકતા નથી. નિંદા ખરાબ છે અને નિંદાની ખરાબી-માંથી આપણે બચી શકતા નથી, એ તદ્દન ખરી વાત છે અને તેમ છતાં પણ નિંદાનું ખરૂં રૂપ આપણે બરોબર ચોખ્ખી રીતે સમજી શકતા નથી, તેથી ઘણા લોકો નિંદાની બીકે કહેવા જેવી વાત પણ કહેતા નથી તથા કેટલાક લોકો પોતાના મત વિરુદ્ધની દરેક બાબતને નિંદાજ માની લે છે. આવું ન થાય એ પણ આ-પણે સંભાળવું જોઈએ. કોઈની કદી પણ નિંદા નજ કરવી, એ ઉત્તમ વાત છે; પણ આપણાથી કોઈની નિંદા થઈ જશે તો ! એમ વિચારીને જરૂરની સાચી વાતો પણ ન કહેવી, એ ભૂલ નિંદાની બીજી બહેન છે; એટલુંજ નહિ પણ સાચી ટીકાઓને પણ નિંદા

માની આપણા મત વિરુદ્ધની બીજી બાજુ ન જોવી, એ પણ એક મોટી ભૂલ છે; કારણ કે આપણા મત વિરુદ્ધની દરેક બાબતને જો નિંદાજ માની બેસીએ,તો પછી સત્ય કેવી રીતે મેળવી શકીએ? નિંદાની એવી સાંકડી હદ બાંધવી ન જોઈએ;પણ જે બુદ્ધિથી,શાસ્ત્રથી અને અનુભવથી ઊલટું લાગે તે ઉપર દ્વેષભાવથી નહિ, પણ સત્ય જાણવાને ખાતર ખુલ્લી રીતે મર્યાદામાં રહીને ટીકા કરવી જોઈએ. એવી ટીકાનું નામ કાંઈ નિંદા નથી અને ખોટાને પણ ખોટું ન કહેવું એમાંજ કાંઇ ડહાપણ નથી; પણ જેમ અનાજના છોડને પુષ્ટિ આપવા માટે તેની આજુબાજુના નકામા જંગલી ઘાસને ઉખેડી નાખીએ છીએ, તેમજ ધર્મને ખાતર, આત્માના કલ્યાણને ખાતર અને સર્વશક્તિમાન પરમ કૃપાળુ મહાન પ્રભુને ખાતર જે વસ્તુઓ શાસ્ત્રની અને બુદ્ધિની વિરુદ્ધ છે તેની સામે થવું, એનું નામ કાંઈ નિંદા નથી; પણ એ તો ખૂબી છે. એથી આપણા ધર્મનાં સત્યો મજબૂત થાય છે, તેથી આપણી દૃઢતા તથા શ્રદ્ધા વધે છે અને એવી ચર્ચાથી આપણા ધર્મની વિરુદ્ધ ટીકા કરનારાઓને જવાબ દેવાનું આપણામાં બળ આવે છે; માટે ભાઈઓ! કોઇની પણ ખોટી નિંદા ન થઈ જાય અને સાચી વાત કહેવામાં પણ નિંદાના ભયથી ન અટકી પડાય, એ સંભાળજો.

૧૨૬–આપણી થોડી બુદ્ધિને લીધે શાસ્ત્રની ઘણી વાતો સમજાય નહિ, તેથી કાંઇ તે ખોટી કહેવાય નહિ

અસલના વખતમાં જ્યારે રેલવે ને તાર નહોતાં, ત્યારે જરૂરનાં કામ માટે સાંઢણીને દોડાવતા હતા. એવો એક સાંઢસવાર ઝપાટાબંધ જતો હતો. એટલામાં રસ્તામાં બીજા કોઈ ગામમાંથી તેના પગે કૂતરું કરડયું, તેથી તે એ ગામમાં રોકાઇ ગયો અને તેણે પોતાના શેઠ ઉપર કાગળ લખ્યો કે, "હું તમારે કામે ઝપાટાબંધ જતો હતો, એટલામાં આ ગામમાંથી હું સાંઢિયા ઉપર બેઠો હતો ત્યાંજ સાંઢિયો ચાલતે ચાલતે મારા પગે કૂતરું કરડયું, તેથી બહુ વેદનાને લીધે મને અહીં રોકાણુ થયું છે; માટે હું બેચાર દિવસ મોડો આવું તો કાંઇ ફિકર કરશો નહિ."

આ કાગળ વાંચીને તે શેઠ વિચારમાં પડયો કે, આ શું? સાંઢિયા ઉપર બેઠો હોય ને સાંઢિયો ચાલતો જતો હોય, ત્યાં વળી કૂતરું કેવી રીતે કરડે? એ સાંભળીને તે શેઠ પાસે હાજી હા કર-

નાર પેલા સવારની અદેખાઇ કરનાર માણુસે કહ્યું કે, "શેઠ ! એ ગામમાં સાંઢિયા કરતાં કૂતરાં મોટાં થતાં હશે ! નહિ તો સાંઢિયા ઉપર બેઠેલા માણુસને કૂતરું કેમ કરડી શકે ?" આપણા હાલના જુવાનિયાઓને ધર્મની બાબતમાં જેમ પરદેશીઓ બહેકાવે છે, તેમ એ માણુસ તે શેઠને બહેકાવવા માટે કહેવા લાગ્યો કે, "જોયું શેઠ ? તમારાં માણુસો આવાં છે. તે જાણે કે માર તોપ ! કોણુ પૂછે છે ? એ લોકો એમ સમજે છે કે, શેઠમાં અક્કલ કયાં છે ? એને તો જેમ રમાડીશું તેમ રમશે. જો એવું એના મનમાં ન હોય, તો આવું ગાંડું ગાંડું કાંઇ લખે ? બાળક–છોકરું પણુ સમજે કે, સાંઢિયા ઉપર કાંઈ કૂતરું કરડી શકે નહિ. શેઠ ! મને તો લાગે છે કે, એ માણુસે તમારી મશ્કરી કરી છે. સાંઢિયો બેઠો હોય, તો કદી કૂતરું કરડે એ બનવાજોગ છે, પણુ કાંઇ ચાલતે સાંઢિયે કૂતરું કરડી શકે ? એ તો ચોખ્ખી બનાવટ છે."

આ સાંભળીને તે શેઠને પણુ લાગ્યું કે, વાત ખરી છે. ચાલતે સાંઢિયે કાંઇ કૂતરું કરડી શકે નહિ; તેથી એ સાંઢસવાર ઉપર બહુ ગુસ્સે થયો અને મુનીમને કહ્યું કે, "તેને રજા આપો. આવી રીતે જરૂરી કામને વખતે મારી મશ્કરી કરે, એ માણુસો શું કામના ?"

મુનીમે કહ્યું કે, "સાહેબ ! એ મશ્કરી કરે એવો માણુસ નથી, એ તો આપણો જૂનો નોકર છે. એના વિશ્વાસે તો આપણી પેઢીનું કામ ચાલે છે. એ કાંઇ ખોટું લખે એવો તો નથી. કોઇ બીજાના હાથનો લખેલો કાગળ હોય ને લખાણુમાં કાંઇ ભૂલ થઇ હોય તો કહેવાય નહિ."

શેઠે કહ્યું કે, "અરે ! તમે પણુ શું જૂનો નોકર, જૂનો નોકર કરીને ખોટું ઉપરાણું લો છો ? આ કાગળ એના હાથનો નહિ તો બીજા કોનો છે ? ચાલતે સાંઢિયે કૂતરું કરડી જાય એ વાત શું તમે માની શકો છો ?"

મુનીમે કહ્યું: "એ વાત તો હું માની શકતો નથી; પણુ મને લાગે છે કે, એમાં કાંઇ ભેદ હશે, પણુ પૂરો ખુલાસો જાણ્યા વિના કાંઈ કહી શકાય નહિ."

શેઠે કહ્યું: "હવે મારે કાંઇ ખુલાસો નથી જોઇતો, આવા હંબગનો વળી ખુલાસો શું ? આવી ચોખ્ખી વાતમાં પણુ શંકા રાખવી, એ આપણુાથી નહિ બને; તમે એને લખી વાળો કે, આજથી તારો પગાર બંધ છે."

બીજે દિવસે તે શેઠ પાસે પેલા ગામથી એક માણસ આવ્યો. તેણે ખબર આપી કે, "તમારો સવાર ઝપાટાબંધ જતો હતો, પણ રસ્તો ગામની વચ્ચે હોવાથી ગામમાંથી તેને નીકળવું પડ્યું. ત્યાં ગિરદી હોવાથી સાંઢિયાની ચાલ ધીમી કરી ને સાંઢિયાને રસ્તાની એક બાજુ ઉપર કર્યો. એ બાજુ ઉપર દરબારી કિલ્લો હતો, તે કિલ્લા ઉપરથી જમાદારની કાળી કૂતરી ચાલતે સાંઢિયે તેના પગે કરડી. એ કૂતરી બહુ કરડકણી છે, પણ જમાદારની કૂતરી એટલે કોઇ બોલી શકે નહિ."

એ ખરો ખુલાસો મળવાથી કાલે જે વાત ખોટી લાગતી હતી, તે આજે સાચી થઇ પડી. એથી તે શેઠ પોતાના મનમાં ભોંઠો પડી ગયો અને પૂરી તપાસ કર્યા વિના કાલે જે નોકરને રજા આપવાનું લખ્યું હતું, તેજ નોકરની ખૂબ સરભરા કરવા માટે આજે પાછું લખવું પડ્યું.

ભાઇઓ! આવી સાધારણ વાતો સમજવામાં પણ આવી રીતે ગડબડ થઇ જાય છે, ત્યારે શાસ્ત્રની ઊંડી વાતોમાં ને દિવ્યચક્ષુથી જણાય તેવી અલૌકિક બાબતમાં આપણા જેવા અજ્ઞાનીઓની કાંઇ સમજફેર થાય, તેમાં નવાઈ જેવું શું છે? માટે એવી સમજફેરથી શાસ્ત્રોને ખોટાં માની લેવાની ઉતાવળ કરશો નહિ; પણ એમ વિચારજો કે, પોતાના શેઠથી ડરનાર સાધારણ નોકર પણ ખોટું લખી શકતો નથી; ત્યારે મહાકાળના પણ કાળ અને ભયના પણ ભય, સર્વશક્તિમાન અખંડ આનંદરૂપ પરમાત્માનો ભય જેના હૃદયમાં દર પળે છે, તે દૈવી ચક્ષુવાળા ત્રિકાળજ્ઞાની મહાયોગી વ્યાસ ભગવાન ચાહીને જૂઠું શું કરવા લખે? માટે આપણાં શાસ્ત્રોમાં જ્યાં જ્યાં શંકા પડે, ત્યાં ત્યાં ખૂબ વિચાર કરજો; કોઈ પંડિત મહાત્માની સલાહ લેજો અને કોઇ પણ બાબતને ખોટી માની જિંદગી બગાડતાં પહેલાં મહાન પ્રભુને અર્થે તમારા આત્માના કલ્યાણ સામું જોજો.

૧૨૭—પ્રભુ પોતેજ આપણા ગુરુ છે અને પ્રભુએ પોતેજ આપણને પવિત્ર શાસ્ત્રો આપેલાં છે

આ જગત અને તેની અંદરની આપણા સુખની સર્વ ચીજો સર્વશક્તિમાન પ્રભુએ બનાવેલી છે, એટલુંજ નહિ પણ એ બધું કેમ વાપરવું અને તેમાંથી શો સાર લેવો, તે સમજાવવા માટે તેણે

આપણુને ધર્મશાસ્ત્ર આપેલાં છે. એ શાસ્ત્રોમાં આપણે શું કરવું અને શું ન કરવું તેના કાયદા બાંધેલા છે. એ કાયદાઓ સમજી તે પ્રમાણે વર્તવાથી આ ચાલુ જિંદગીમાં આપણે સુખી થઈ શકીએ છીએ અને ભવિષ્યની જિંદગીમાં અખંડ શાંતિ મળે છે. આવો મોટો વારસો અપાવનારાં આપણાં વેદશાસ્ત્રો ખુદ પ્રભુ તરફથી આપણી ઉપરની તેની અનંત દયાથી બનેલાં છે. જો પ્રભુએ પોતે આપણા ગુરુ બનીને એવું ચોખ્ખું ઉત્તમ જ્ઞાન ન આપ્યું હોત, તો આ બધી દુનિયા આપણી નજર આગળ છતાં પણ આપણે કેટલા બધા દુઃખી હોત, એ ખ્યાલ તો કરો ! આફ્રિકાના નાગા જંગલીઓ ને આપણી વચ્ચે સરખામણી તો કરો! આપણા અમૂલ્ય શાસ્ત્રના જ્ઞાનથી આપણે આ દુનિયામાં કેટલા બધા ઉપયોગી થઇ શકીએ છીએ, કેટલું બધું માન મેળવી શકીએ છીએ અને કેટલો બધો માનસિક દિલાસો તથા અંતરની શાંતિ મેળવી શકીએ છીએ,એ વિચારો તો ખરા ! જો પ્રભુનાં આપેલાં શાસ્ત્રોનો આધાર આપણી પાસે ન હોય તો આપણા શા હાલ થાય? એ ખ્યાલ તો કરી જુઓ ! આપણાં ધર્મશાસ્ત્રો એ આપણી ઉપર પ્રભુની ખુલ્લી કૃપા છે. એ કૃપાનો જેમ બને તેમ વધારે લાભ લેવાય એમ કરો, એટલે કે શાસ્ત્રોનો અભ્યાસ કરો; કારણ કે એમાંથીજ પ્રભુનું તત્ત્વ સમજાશે ને એ તત્ત્વ સમજાયાથી મોક્ષ મેળવી શકાશે; માટે ભાઇઓ ! પ્રભુની દયાનો લાભ લો, પ્રભુની દયાનો લાભ લો.

પ્રભુએ આપણી ઉપર દયા કરીને શાસ્ત્રો આપ્યાં; એટલુંજ નહિ પણ તેણે કૃપા કરીને આપણુને રૂડા ધર્મમાં જન્મ આપ્યો. જો આપણો જન્મ કોઇ ખરાબ ધર્મમાં થયો હોત, તો આપણે કેટલા બધા મલિન રહેત? કેટલા બધા નિર્દય થાત? અને પ્રભુથી કેટલા બધા વિમુખ થાત એ ? વિચારો તો ખરા ! એવામાંથી બચાવી તેણે આપણુને આપણા રૂડા ધર્મમાં મૂકયા; એટલુંજ નહિ પણ ઉત્તમ આચરણવાળા ઘણાય સાધુ તથા વિદ્વાન બ્રાહ્મણોનો સત્સંગ આપ્યો છે. તેઓ આપણુને થોડામાં ઘણું જ્ઞાન આપે છે. આ બધી તજવીજ પ્રભુએ આપણે માટે આપણી ઉપરની તેની અખૂટ દયાને લીધેજ કરેલી છે; એમાં આપણો કાંઈ હક નથી.

જેમ જેમ વિચારીએ તેમ તેમ પ્રભુની દયા અધિક અધિકજ થતી જાય છે. ભલાં માબાપને પેટે તેણે જન્મ આપ્યો એ પણ

તેનીજ કૃપા છે. પોતાનાં છોકરાંઓને ગુલામ તરીકે વેચી નાખે એવાં પણ દુનિયામાં માણસો છે. એવાંને પેટે આપણો જન્મ થયો હોત તો આપણા શું હાલ થાત, એ વિચારો તો ખરા ! આપણાં માબાપે આપણા સુખ સારૂ કેટલું બધું કષ્ટ વેઠ્યું એ તમે ક્યાં નથી જાણતા ? એ કોની પ્રેરણાથી ? દયાળુ ઈશ્વરની પ્રેરણાથીજ. ઈશ્વરની પ્રેરણા વિના તેઓ કાંઈ પણ કરી શકે નહિ; માટે ઈશ્વરની દયા સમજી દર પળે તેનો ઉપકાર માનતાં શીખો.

૧૨૮–આપણી ઉપર પ્રભુની દયા છે તેથીજ બીજા લોકો આપણી ઉપર હેતપ્રીત રાખે છે

આપણાં માબાપો આપણી ઉપર પ્રેમ રાખે છે અને આપણે માટે ઘણું દુઃખ સહન કરે છે. આપણાં છોકરાં આપણી ઉપર હેત રાખે છે અને આપણે તેઓને માટે અનેક અડચણો ભોગવીએ છીએ. આપણા મિત્રો આપણી ચાહના રાખે છે, આપણા શેઠો આપણી ઉપર મહેરબાની રાખે છે, આપણા નોકરો આપણી તરફ માનથી વર્તે છે અને આજુબાજુના પાડોશીઓ આપણી સાથે ભલાઈથી વર્તે છે; તેથી આપણાં દુનિયાદારીનાં કામો સહેલાઈથી ઊકલી જાય છે. એ બધું શાથી ? આપણને એવી રીતની સગવડતા થઈ જવાનું કારણ એજ કે, ઈશ્વરે આપણી ઉપર દયા કરીને તેઓનાં હૃદયમાં આપણે માટે પ્રેમ ભરેલો છે, તેથી એમ થાય છે. જો ઈશ્વર તેઓનાં હૃદયમાંથી પોતાનો પ્રેમ ખેંચી લે, તો તેઓ બધા હમણાંજ આપણા દુશ્મન થઈ જાય. પ્રભુના પ્રેમને લીધેજ તેઓ સૌ આપણી ઉપર પ્રેમ રાખી શકે છે; એટલે આપણાં વખાણ થાય અથવા આપણને લોકો તરફથી માનપાન મળે તેમાં કાંઈ આપણી ખૂબી સમજવાની નથી; પણ એ દયાળુ પ્રભુનીજ બલિહારી છે. કારણ કે પ્રભુપ્રેમમાંથીજ બધા પ્રેમ નીકળે છે અને પ્રભુપ્રેમમાંજ બધા પ્રેમ સમાઈ જાય છે; માટે આપણાં સગાંઓ તથા દોસ્તોનો સાચો સ્નેહ મેળવવા માટે જેમ બને તેમ પ્રભુપ્રેમ વધારો, પ્રભુપ્રેમ વધારો; કારણ કે ભગવદ્-આવેશ એજ બધા સ્નેહનું મૂળ છે.

૧૨૯–પવિત્ર સ્ત્રીઓ કામાંધ માણસોને કેવી રીતે બચાવી લે છે!

કોઇ એક ખૂબસૂરત ભલી બાઈ ઉપર એક માણસનું ધ્યાન ખેંચાયું, તેથી એ માણુસ તે બાઇને સમજાવવાની તજવીજ કરવા લાગ્યો. એ બાઇએ વિચાર કર્યો કે, આ માણુસ છે ભલો; પણુ અત્યારે બિચારો મોહમાં ફસાઇ ગયો છે, માટે જો કોઇ યુક્તિથી તેને સમજાવ્યો હોય, તો તે વ્યભિચારના મહાપાપમાંથી બચી શકે તેમ છે. એમ ધારીને તે બાઇએ એ માણુસને કહ્યું કે, "તમે જો મારું થોડું કામ કરી આપો તો પછી ધીરે ધીરે સૌ સારાં વાનાં થશે." એ સાંભળીને તે રૂપમાં મોહ પામી ગયેલા માણુસે કહ્યું કે, "તમે જે કહો તે કરવાને હું તૈયાર છું." તે બાઇએ કહ્યું કે, "મારી એક સગી બીમાર છે, તેની તમે સારવાર કરો." તેણે એ કામ કબૂલ કર્યું અને તે બીમાર બાઇની પાસે રાત્રિદિવસ પોતે હાજર રહેવા લાગ્યો.

એ સુખી માણુસ હતો. તેણે ઝાઝાં સુખદુઃખ જોયાં નહોતાં. પોતાની મૂર્ખાઇથી માણુસો રોગમાં કેમ ફસાઈ જાય છે અને તેથી કેવાં હેરાન થાય છે, એ અનુભવ તેને એ બાઇની સારવાર કરતી વખતે થયો. એ પછી ચાર દિવસમાં એ બાઈ ગુજરી ગઈ. તે માણુસ તેને બાળવા ગયો, ત્યાં તેને સ્વાભાવિક રીતે શ્મશાનવૈરાગ્ય થયો; તેથી તેના મનમાં વિચાર આવવા લાગ્યા કે, "હાય હાય! માણુસની જિંદગી આવીજ કે! મરી જતાં કાંઇ વારજ નહિ! કેવી ખૂબસૂરત બાઈ હતી અને તેમ છતાં મરતી વખત દુઃખથી તેનો ચહેરો કેવો ખરાબ થઇ ગયો હતો! તેનું મરતી વખતનું મોં હજી પણુ મારી નજર આગળ તર્યા કરે છે. શું બિચારીની ઉમેદો! પ્રભુ! આવીજ રીતે ખાલી હાથે ઓચિંતું ચાલ્યા જવું છે, તોપણુ હજી જીવ ભટકાં માર્યા કરે છે. મારે તે કેટલાક ભવ જીવવું છે કે હું મફતનાં પાપ કરૂં છું! અંતે રસ્તો તો આજ છે." એમ વિચાર કરતો તે ઘેર આવ્યો ને બીજે દિવસે જે બાઇ ઉપર પોતે વિકારભાવથી ખેંચાયો હતો તેને મળ્યો. એ વખતે તેને ગઇકાલના શ્મશાનવૈરાગ્યના વિચારો આવ્યા; પણુ વળી પાછા પોતાના આગલા વિચારના જોસમાં એ વિચારો દબાઇ ગયા. તેથી તે એ બાઇને કહેવા લાગ્યો કે, "તમારા કહ્યા પ્રમાણે મેં એ બાઈની સારવાર

કરી પણ તે ન બચી, હવે તમારો શું હુકમ છે?" ત્યારે તે બાઈએ કહ્યું કે, "અહીંની મોટી ઇસ્પિતાલમાં મારો એક ઓળખાણવાળો પડેલો છે, તેની પાસે તમે થોડા દહાડા રહો; તે સાજો થયા પછી મને મળજો." એ સાંભળીને મનમાં કચવાતો કચવાતો પણ પોતાની ગરજને લીધે તે ઇસ્પિતાલમાં ગયો.

એ ઇસ્પિતાલમાં તે બાઈનો એક સગો નોકર હતો તથા એક ભક્તિમાન નર્સ (રોગીઓની સારવાર કરનારી સ્ત્રી) તેની સહીપણી હતી; તેને એ બાઇએ ચેતાવી મૂકી હતી કે, આ માણસને જરા સમજાવજો; તેથી તે બંને જણાં એ રૂપમાં મોહ પામેલા માણસને ઇસ્પિતાલ દેખાડવા લાગ્યાં. પેલો ઇસ્પિતાલનો નોકર તેને ગરમીના દરદથી પીડાતા રોગીઓના ઓરડામાં લઈ ગયો. શું એ રોગીઓની દયાજનક સ્થિતિ! પ્રભુ તેઓની ઉપર દયા કરો. કોઈના જખમમાંથી લોહી વહેતું હતું, કોઈના જખમો એવા પાકી ગયા હતા, કે જે જોતાંજ ચીતરી ચડ્યા વિના રહે નહિ, કોઇના આખા શરીરમાં ચાંદાં થઇ ગયાં હતાં, કોઇના હાથપગના સાંધાઓ ઝલાઈ ગયા હતા, કોઇનાં નાક ખવાઈ ગયાં હતાં, કોઇના વાળ ખરી પડ્યા હતા અને કોઈના ચહેરા એવા બગડી ગયા હતા, કે તે જોઇને દયા ઊપજ્યા વિના રહેજ નહિ; એટલુંજ નહિ પણ એ બધાં એવી દયાજનક બૂમો પાડતાં હતાં અને દુઃખના એવા નિસાસા નાખતાં હતાં કે કઠોર દિલના માણસને પણ ત્રાસ લાગ્યા વિના રહે નહિ. એ બધું બતાવી ઇસ્પિતાલના માણસે પેલા ગૃહસ્થને કહ્યું કે, "સાહેબ! જોયું? આ બધું વ્યભિચારનું ફળ છે. આ બધું માણસોની મૂર્ખાઇનું પરિણામ છે. માણસો પ્રભુના હુકમની સામે થાય તે પાપમાંથી પેદા થયેલાં આ દુઃખો છે."

એ પછી પેલી ભક્તિમાન નર્સ, રૂપમાં લોભાઈ ગયેલા તે ગૃહસ્થને એક બીજા ઓરડામાં લઇ ગઇ કે જ્યાં ઇસ્પિતાલનો બધો કચરો નંખાતો હતો. તે ગૃહસ્થે પૂછ્યું કે, "હવે મને ક્યાં લઈ જાઓ છો?" ત્યારે તે બાઇએ કહ્યું કે. "ખૂબસૂરતી બતાવવા." એ ઓરડાની પાસે જતાં બહુ દુર્ગંધ આવવા લાગી, તેથી તે ગૃહસ્થે નાક આડું લૂગડું દઇને પૂછ્યું કે, "આટલી બધી દુર્ગંધી?" ત્યારે તે બાઇએ કહ્યું કે, "નહિ સાહેબ! એ દુર્ગંધી નથી, એ તો ખૂબસૂરતી છે." એ પછી તેણે ત્યાં પડેલાં બડખાનાં, લોહીપરુનાં ને મળમૂત્રનાં કૂંડાં બતાવ્યાં; કાપી નાખેલા હાથપગ-

ના ટુકડાઓ તથા સડી ગયેલા અવયવોના લોચાઓ બતાવ્યા. એ બધું જોઇને તેને બહુ ગ્લાનિ લાગી અને જાણે હમણાં ચકરી આવશે એવું થવા લાગ્યું; તેથી તેણે કહ્યું કે, “ આ નરકમાં મને કયાંથી લાવ્યાં? ચાલો,ચાલો, જલદી કરો, મારાથી આ નથી જોઈ શકાતું; આને તમે ખૂબસૂરતી કહો છો? ત્યારે તે બાઇએ કહ્યું કે, “ હા ભાઇ,એજ ખૂબસૂરતી છે. માણસો જે રૂપમાં મોહ પામે છે, તે રૂપનુંજ એ બીજું રૂપ છે.” એમ કહીને ઇસ્પિતાલમાં પડેલા દરદીઓમાંથી કેટલાકના અગાઉના વખતના સારી સ્થિતિના ફોટોગ્રાફ તેને બતાવ્યા અને કહ્યું કે, “ જુઓ, આ ખૂબસૂરત છે કે નહિ?” તેણે કહ્યું કે, “હા, એ ખૂબસૂરત છે.” ત્યારે તે નર્સે કહ્યું કે,“ભાઈ! જે માણસોને હમણાં તમે બિછાનામાં પડેલાં અરરર કરતાં જુઓ છો અને જેના ચહેરા તમને જોવા ગમતા નથી, તે માણસોમાંથી લીંટ, લાળ, અશ્રુ, રુધિર અને મળમૂત્ર વિના બીજું શું ગયેલું છે? જેને માણસો રૂપ કહે છે અને જે રૂપમાં મોહ પામીને માણસ પાપ કરવા તૈયાર થાય છે, તે ઘડીકવારનું રૂપ આવી મલિન ચીજોમાંથી બનેલું છે અને જે એવા નીચ માણસો હોય, માણસના રૂપમાં રાક્ષસ જેવા હોય, તેજ એવી મલિન વસ્તુઓ સારૂ પોતાના પવિત્ર આત્માને અપવિત્ર કરી નરકમાં જાય છે.”

એ પછી તે નર્સ ધબકતા હૃદયવાળા પેલા માણસને લઇને મુડદાંઓને રાખવાના ઓરડામાં ગઇ. એ ઓરડો જોઇને બહારથીજ તે ગૃહસ્થે કહ્યું: “બાઈ! હવે માફ કરો. મારી ભૂલ મને સમજાય છે. હવે આવા કરુણાજનક ભયંકર દેખાવો વધારે વાર સુધી હું જોઈ શકતો નથી. માણસોને પોતાનાં પાપનું આવું પ્રત્યક્ષ ફળ મળે છે, એમ હું ખુલ્લી રીતે સમજતો નહોતો; પણ તમારી બહેનપણીની પવિત્રતાથી એ હું હવે સમજી શકયો છું. તેણે મને આ મૂંગો ઉપદેશ આપીને વ્યભિચારના મહાપાપમાંથી બચાવી લીધો છે. મારી પેઠે સૌ ભાઇબહેનો એવા અઘોર પાપમાંથી ને મહાદુઃખમાંથી બચી જાય એમ હું ઈશ્વરને પ્રાર્થના કરૂં છું.”

ભાઇઓ! આપણા માથે કાળચક્ર ફરી રહ્યું છે ને ઓચિંતું બધું મૂકીને ચાલ્યા જવું છે, એમ મોતને યાદ કરવાથી; ધર્મરાજાનો ઇન્સાફ બહુ આકરો છે અને તેનાથી કાંઇ પણ છુપાવી શકાય તેમ નથી, એમ અનુભવવાથી તથા નરકનાં દુઃખો ન ખમી શકાય તેવાં ભયંકર છે એમ સમજ્યાથી; એની મેળે મહાન

પ્રભુ યાદ આવી જાય છે અને દયાળુ પ્રભુના પવિત્ર સ્મરણથી સ્વાભાવિક રીતેજ પાપથી બચી શકાય છે; માટે પાપથી બચવા સારૂ મોત, ઇન્સાફ, સ્વર્ગ, નરક અને પ્રભુને યાદ કરતા રહો! પ્રભુને યાદ કરતા રહો!!

પદ

ધિક ધિક તારો જો અવતાર રે, તેં તો ન કર્યો નર જો વિચાર રે,
ચૌદલોકને ગઇ છે નારી ચાવી રે, તુંને તેની પતીજ કેમ આવી રે?
બ્રહ્મા સરખાને જેણે જો ભોળાવ્યા રે, શિવ સરખાને જેણે ડોલાવ્યા રે.
જેણે એકલશૃંગીને અંધ કીધા રે, જેણે પરાશર પકડીને લીધા રે.
કીધું નારદ તણું તે મુખ કાળું રે, ઋષિ સૌભરિ તણું તે તપ ટાળ્યું રે.
જેણે અંધ તે અસુર કુળ કીધું રે, જેણે અમૃતને જો વિખ દીધું રે.
જેણે રાવણ તણું તે કુળ ખોયું રે, ત્યાં તારૂં તે મન કેમ મોહ્યું રે?
લીધું દુઃખ તે અલ્પ સુખ સાટે રે, કહે નિષ્કુળાનંદ તે માટે રે.

૧૩૦–પ્રભુના મંદિરમાંથી ઇનામ લીધા વિના કોઈ પણ ખાલી જતું નથી

આપણે કોઇ વાવ પાસે જઇએ તો ત્યાં પાણી પીવા મળે છે, કોઇ ઝાડ પાસે જઇએ તો ત્યાં છાંયો મળે છે, ફૂલના બગીચામાં જઇએ તો સુગંધ મળે છે, સમુદ્રકિનારે જઇએ તો મગજને તર કરનારી ચોખ્ખી હવા મળે છે, આકાશ સામું જોઇએ તો પ્રભુની ખૂબીઓ દેખાય છે, પહાડ ઉપર જઇએ તો કસરત થવાથી શરીર સુધરે છે, નદીકિનારે ફરવા જઇએ તો કુદરતી દેખાવોથી આનંદ થાય છે અને મિત્રોને ઘેર તેઓને મળવા જઇએ તો ત્યાં પણ ચાપાણી ને પાનસોપારી મળે છે; ત્યારે ભાઇઓ! વિચાર તો કરો કે, સર્વશક્તિમાન પ્રભુના પવિત્ર મંદિરમાં પ્રભુને અર્થે જવાથી આપણને લાભ થયા વિના કેમ રહેશે? યાદ રાખજો કે, પ્રભુના પવિત્ર મંદિરમાંથી ઇનામ લીધા વિના કોઈ પણ માણસ ખાલી જતું નથી; પણ આપણે આપણી મૂર્ખાઇઓમાં, દુનિયાદારીની મોજમજામાં અને ઘરખટલાની જંજાળમાં એટલા બધા મૂંઝાઈ ગયા છીએ કે, એ ઇનામની મોટાઈની હાલમાં આપણને ખબર પડતી નથી; પણ જ્યારે આપણાં અંતર પવિત્ર થશે અથવા જ્યારે આપણી આડો આવતો માયાનો પડદો ઉંચકાઇ જશે અને જ્યારે આપણે ભવિષ્યની જિંદગીમાં જઇશું, ત્યારે મોત પછી સમજી શકીશું કે,

ઓહો! પ્રભુના મંદિરનાં ઇનામ તો બહુ મોટાં હતાં; પણ અમે તે લઇ શક્યા નહિ. એ વખતે આપણને પસ્તાવો થશે કે, અરેરે! અમે કેવી મૂર્ખાઇ કરી કે વારંવાર પ્રભુની પ્રાર્થના કરવા માટે અમે મંદિરોમાં ન ગયા અને આટલાં બધાં મોટાં ઇનામો નાહકનાં છોડી દીધાં! એ વખતે આપણને એમ લાગશે કે, મંદિરો અમારી પાસેજ અને ઠેકાણે ઠેકાણે હતાં, ત્યાં જવા માટે અમારા પગમાં જોર પણ આપ્યું હતું, ત્યાં જવાથી ફાયદો છે, એમ પણ અમારી બુદ્ધિ કબૂલ કરતી હતી, ત્યાં જવાની અમારી ફરજ છે એમ પણ અમે સમજતા હતા, ત્યાં સદ્‌ગુરુઓ ધર્મના રૂડા બોધ કરે છે એમ પણ અમે જાણતા હતા અને ત્યાં જવાથી પ્રભુના ઘરનાં મોટાં ઇનામ મળે છે એમ પણ અમે સાંભળ્યું હતું; એટલુંજ નહિ પણ પ્રાર્થના કરવા માટે ત્યાં જવાનું અમને ઘણી વખત મન પણ થતું હતું અને તોપણ અમે એવા અભાગિયા કે આવી રૂડી તકોનો લાભ ન લઇ શક્યા! આટલાં મોટાં ઇનામો! એ વખતે અમને ખબર નહિ કે પ્રભુના મંદિરમાં પ્રાર્થના કરવા જવાનાં ઇનામો આટલાં બધાં મોટાં છે! એ વખતે અમને ખબર નહિ કે સત્સંગનો લાભ એટલો બધો છે! એ વખતે અમને ખબર નહિ કે હરિજનોના પગની રજનું સેવન કરવાથી સ્વર્ગથી પણ ઉપર જવાય છે અને એ વખતે અમને ખબર નહિ કે પ્રભુનાં પવિત્ર મંદિરોમાં હરિજનોની ઉત્તમ ભાવનાઓની અસરો જામી ગયેલી હોવાથી અમારી ભક્તિ વધારે બળવાન થાય છે અને તેથી હરિની હજૂરમાં એ પુષ્ટ થયેલી ભક્તિ જલદી પહોંચી જાય છે; એમ અમોને આવી ખુલ્લી રીતે ખબર નહોતી. અરે! જો એવી ચોખ્ખી સમજણ હોત, તો અમે બીજાઓના ગામગપાટા સાંભળવા સારૂ મંદિરોમાં જતા અટકી જાત નહિ, પાડોશીઓની લડાઈઓ જોવા સારૂ મંદિરોમાં જતા અટકી જાત નહિ, વેવાઇના વાંધા અને વેવાણોના વાંકાચૂકાબોલ સાંભળવા સારૂ મંદિરોમાં જતા અટકી જાત નહિ; જરા આળસ આવી જવાથી પથારીમાં પડયા પડયા લોટવા સારૂ મંદિરમાં જતા અટકી જાત નહિ; છોકરાંઓ સાથે ગેલ કરવા સારૂ મંદિરમાં જતા અટકી જાત નહિ; એટલુંજ નહિ પણ મંદિરમાં જઇને ત્યાં વાતો કરવામાં ને નિંદા કરવામાં વખત ગુમાવી દેત નહિ; પણ અફસોસ કે સદ્‌ગુરુઓના ઉપદેશ છતાં પણ એ કલ્યાણની વાતો અમે એ વખતે ન સમજ્યા.

પવિત્ર મંદિરોમાં જવાથી પ્રાર્થના કરવાનું એની મેળે મેળે મન થઇ જાય છે; એટલુંજ નહિ પણ મંદિરોમાં સંતોની ભક્તિની બળવાન અસર રહેલી હોવાથી આપણી પ્રાર્થનાઓ પ્રભુ પાસે જલદી મંજૂર થાય છે, તેથી આપણી ઉપર ભગવત્કૃપા થાય છે. એ કૃપાના બળથી આપણા હૃદયમાં પવિત્રતા આવે છે, પવિત્રતાથી આપણામાં ધર્મ પાળવાનું સામર્થ્ય આવે છે, ધર્મ પાળવાથી માનસિક દિલાસો મળે છે, માનસિક દિલાસાથી આત્માની શાંતિ થાય છે અને આત્મિક શાંતિથી પ્રભુને તેના ખરા સ્વરૂપમાં ઓળખી શકાય છે. આ બધાં ઇનામ પ્રભુનાં મંદિરોમાં જઈ પ્રાર્થના કરવાથી ને ઈશ્વરનું નામ જપવાથી મળે છે; માટે ભાઇઓ! જો આત્માના કલ્યાણની ઇચ્છા હોય અને પ્રભુનાં મોટાં ઇનામો મેળવવાં હોય તો પ્રભુનાં પવિત્ર મંદિરોમાં જવાની ને પ્રાર્થના કરવાની કોઇ પણ તક જવા દેશો નહિ.

૧૩૧–આંધળાને તો ફાનસના થાંભલાજ આડા આવે અને દીવા દેખાય નહિ, તેમ જે પ્રભુના રસ્તામાં ન હોય તેને અડચણોજ ભોગવવી પડે, એને કાંઈ આનંદ મળે નહિ

એક ગરીબ આંધળો માણસ હતો, તે ભીખ માગવા માટે શહેરમાં ફર્યા કરતો હતો. ફરતાં ફરતાં રસ્તામાં ઘણી વખતે તે ફાનસના થાંભલા સાથે અથડાઈ પડતો હતો; તેથી તેણે કોઈ માણસને પૂછ્યું કે, "ભાઇ! આ તે સરકારનો શું જુલમ છે? રસ્તામાં જ્યાં ત્યાં થાંભલાઓ શું કરવા દાટ્યા છે? હું રોજ તે થાંભલાઓ સાથે ભટકાઉં છું. એવી અડચણ રસ્તામાં શા માટે જોઇએ? તમે કોઇ કેમ કાંઈ સરકારને કહેતા નથી?" ત્યારે તે માણસે કહ્યું કે, "સુરદાસ! એ તો ફાનસના થાંભલા છે. એની ઉપર તો રોજ દીવા થાય છે. તમે આંધળા છો, એટલે અજવાળું ન દેખો ને ઊલટા થાંભલા સાથે અથડાઈ પડો એમાં સરકારનો શું વાંક? સરકારની તો મહેરબાની છે, વાંક તો તમારી આંખનોજ છે."

ભાઇઓ! આવીજ રીતે જેમ સરકારે આપણા સુખને માટે ગામમાં દીવા કરેલા છે, તેમ પ્રભુએ આપણા સુખને માટે આ આખું જગત બનાવ્યું છે; પણ આપણે પ્રભુને સાથે રાખ્યા વિના,

પ્રભુને હૃદયમાં રાખ્યા વિના, પ્રભુની ઈચ્છાને આધીન થયા વિના બધું આપણે માટેજ કરવા ઇચ્છીએ છીએ, તેથી આપણે ધર્મના બળ વિના ને શાસ્ત્રના અજવાળા વિના અજ્ઞાનને લીધે પેલા આંધળાની પેઠે આપણાં સુખની વસ્તુઓ સાથેજ અથડાયા કરીએ છીએ અને આપણને આનંદ જોઈએ છે, છતાં પણ આપણે દુઃખી થઈએ છીએ; કારણ કે ખરો આનંદ ક્યાં છે, એ આપણે સદ્ગુરુની સેવા વિના જાણતા નથી. ભાઈઓ! આનંદ તો પ્રભુના રસ્તામાં છે, આનંદ ધર્મનાં કામો કરવામાં છે, આનંદ ઈશ્વરના જ્ઞાનમાં છે, આનંદ ભગવદ્આશરાના બળમાં છે, આનંદ ભગવદ્ઇચ્છાને આધીન થવામાં છે અને આનંદ બ્રહ્માર્પણ કર્મ કરવામાં છે; એ સિવાયની વસ્તુઓમાં આનંદ નથી. જેનામાં ધર્મનું બળ હોય તેને લડવામાં પણ આનંદ છે અને અર્જુનની પેઠે પ્રભુને અર્થે બીજાઓને મારી નાખવામાં અને પોતે મરી જવામાં પણ તેને આનંદ છે. પ્રભુને અર્થેજ જેઓ જીવવાવાળા છે, તેઓને ગરીબાઇમાં પણ આનંદ છે. જેઓમાં ધર્મબળ છે, તેઓને કેદખાનામાં પણ શાંતિ છે. જેઓને ભગવદ્આશરાનું બળ છે, તેઓને મોતમાં પણ દિલાસો છે. જેઓ ભગવદ્ઇચ્છાને આધીન થઇ શકે છે, તેઓને રોગમાં પણ આરામ છે. જેઓ બ્રહ્માર્પણ કર્મો કરી શકે છે, તેઓ ભોગ ભોગવતાં છતાં પણ જોગી જેવા છે અને જેઓ ઈશ્વરી જ્ઞાનમાં રમનારા છે, તેઓને જંગલમાં પણ મંગલ છે; કારણ કે ભગવત્સ્વરૂપના જ્ઞાનને લીધે બધે ઠેકાણે તેઓને અજવાળુંજ દેખાય છે; પણ જેઓ મહાન પ્રભુના રસ્તામાં આવતા નથી ને દુનિયાદારીના રગડામાંજ પડયા રહે છે, તેઓ પોતાના અજ્ઞાનથી આંધળા જેવા છે, એટલે તેઓને પોતાના કામકાજમાં અજવાળું દેખાવાને બદલે થાંભલાજ આડા આવ્યા કરે છે. જેઓ ધર્મના બળ વિનાના છે, ભગવદ્આશરાના આધાર વિનાના છે, ભગવદ્ઇચ્છાને આધીન થવાવાળા નથી અને ભગવદર્પણ કર્મો કરી પ્રભુને અર્થે જીવવાવાળા નથી; પણ બધું પોતાને માટેજ કરવાવાળા છે, તેઓ છતાં સાધનોએ પણ દુઃખી હોય છે, તેઓની પાસે ધન હોય તોપણ લોભી હોય છે, તેઓને છોકરાંછૈયાં હોય તોપણ ઘરમાં કજિયા હોય છે, તેઓનો ધંધો ધીકતો હોય તોપણ આખા મુલકની હાયવોય હોય છે, તેઓને માનપાન મળતાં હોય તોપણ માનપાનનાં વલખાં મારતા હોય છે, તેઓને વાડીબંગલા

હોય તોપણ નિરાંતે બે ઘડી ઊંઘી શકતા નથી, તેઓને ગાડીઘોડા હોય, તોપણ પોતાના કલ્યાણની જગ્યાએ ફરી શકતા નથી, તેઓના ઘરમાં છત્રપલંગો, હીંડોળાખાટો ને આરામખુરસીઓ હોય તોપણ તેમાં તેઓને આરામ મળતો નથી અને તેઓને ખાવા માટે ઊંચા ઊંચા માલ હોય, તોપણ તેઓને તે પચતાજ નથી; કારણ કે પ્રભુને સાથે રાખ્યા વિના તેઓ બધું ભોગવવા ઇચ્છે છે, એટલે તેઓ એ વસ્તુઓનો ખરો આનંદ ભોગવી શકતા નથી. જેઓના અંતરમાં પ્રભુપ્રેમ નથી તેઓને ભગવત્કૃપાથી મળેલી એવી સુખની વસ્તુઓ પણ આંધળાને દીવાના થાંભલા નડે તેમ અડચણકારક થઇ પડે છે; માટે ભાઇઓ ! જો ખરો આનંદ ભોગવવો હોય, તો પ્રભુને સાથે રાખીને ધર્મનાં રૂડાં કામો કરો, એટલે તમારાં દરેક કામો પ્રભુ તરફ લઈ જનારાં અને ઇશ્વિરી આનંદ આપનારાં થઇ પડશે.

૧૩૨–વ્યભિચાર કરતાં મોત સારૂં છે

એક પતિવ્રતા બાઇ હતી. તે ગરીબ માણસ હતી અને ગામડામાં રહેતી હતી, એટલે તેને ગામડિયાંઓની રીત પ્રમાણે કામકાજ માટે જંગલમાં જવું પડતું હતું. એક વખત કાંઇ કામે તે બાઇ જંગલમાં ગઇ હતી, ત્યાં તેને એક સૈનિક મળ્યો. એ સૈનિક, માણસના રૂપમાં હેવાન જેવો હતો. તેની નજર એ બાઇ ઉપર બગડી, તેથી તેણે એ બાઇને કહ્યું કે, "તું મારી મરજીને તાબે થા, નહિ તો હું જોરજુલમથી તને પકડીશ. અહીં તું મને શું કરીશ?" બાઇએ જોયું કે, હવે કાંઇ ઉપાય નથી, આ કરતાં મરવું બહેતર છે; મરાય કેમ? તુરત મરી જવાય એવું કાંઇ સાધન તે બાઇ પાસે એ વખતે હતું નહિ અને વખત પણ હાથમાં નહોતો; તેમજ એ સૈનિક જોરાવર હતો અને તે બાઈ તેનાથી નબળી હતી, એટલે તેના હાથમાંથી છટકી જવાય એવો કાંઈ ઉપાય નહોતો; તેથી પોતાના પાતિવ્રત્યના બચાવ માટે તે બાઇએ પ્રભુને યાદ કર્યા અને વિચાર કરીને તે બાઇએ સૈનિકને કહ્યું કે, "અહીં એક એવો રોપો છે કે જેનો રસ તલવારને લગાડવાથી તે તલવારની ધાર કોઇને વાગી શકે નહિ." ત્યારે સૈનિકે કહ્યું કે, "એ રોપો મને બતાવ." તે બાઇએ કહ્યું કે, "જો મને જવા દે તો એ રોપો તને બતાવું." સૈનિકે કહ્યું કે, "જો મને ખાતરી થાય

કે એ રોપો ખરેખરો એવો છે તો તને જવા દઈશ.” ત્યારે તે બાઈએ પાસેના એક છોડનાં પાંદડાં બતાવીને કહ્યું કે, “આ પાલો તલવાર ઉપર ઘસવાથી તેની ધાર બંધ થઈ જાય છે.” એ સાંભળીને તે સૈનિકે એ પાંદડાં તોડયાં અને પોતાની કમરે લટકતી તલવારને મ્યાનમાંથી કાઢી તેની ધાર ઉપર એ પાલાને ચોળીને ઘસવા લાગ્યો. થોડી વાર પછી તેણે એ બાઇને પૂછ્યું કે, “કેમ હવે તલવારની ધાર બંધ થઇ?” ત્યારે તે બાઇએ કહ્યું કે, “હા, હવે તલવાર કોઇને વાગી શકશે નહિ.” સૈનિકે પૂછ્યું કે, “એની ખાતરી શું?” તે બાઇએ કહ્યું કે, “તારા શરીર ઉપર લગાડી જો.” સૈનિકે કહ્યું કે, “નહિ, મને હજુ વિશ્વાસ નથી. હું મારા શરીર ઉપર નહિ લગાડું.” ત્યારે તે બાઇએ કહ્યું કે, “મને તો એ રોપાની ખાતરી છે; પણ જો તું ન માનતો હોય તો જોરથી મારી ગરદન ઉપર એ તલવાર તું મારી જો, એટલે હમણાં તને ખાતરી થશે.” એ સાંભળીને સૈનિકે પોતાની તલવાર ઊંચકી, એટલે બાઇએ પોતાના પાતિવ્રત્યને ખાતર પોતાનું માથું તેની પાસે ધર્યું. સૈનિકે જોરથી તલવારનો ઘા માર્યો, તેથી તે સતીનું માથું તુરતજ કપાઇ ગયું. સૈનિક હેબતાઇ ગયો કે આ શું થઇ ગયું? એ પછી તેણે આકાશવાણી સાંભળી કે, “અપવિત્ર થવા કરતાં, વ્યભિચાર કરવા કરતાં, મરવું બહેતર છે. તારા જેવા પાપી હેવાનના હાથમાંથી તે નહિ બચી શકે, એમ ધારીને મેં તેને આ યુક્તિ સુઝાડી હતી.” એ સ્રીનું મડદું જોઇને અને આકાશવાણી સાંભળીને તે સૈનિકને પસ્તાવો થયો. એ પછી ‘પાપ ક્યાંઈ છૂપું રહેતું નથી.’ ‘પાપ તો પીપળે ચડીને પણ પોકારે છે.’ એ કુદરતના નિયમ પ્રમાણે તે ખૂનના ગુના માટે તે સપડાઇ ગયો અને પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતો ફાંસીને લાકડે લટકી ગયો.

ભાઇઓ! વ્યભિચારનું પાપ મહાભયંકર છે, માટે તેથી બચવા સારૂ પવિત્ર માણસોએ આવી રીતે મોત કબૂલ કરીને પણ પોતાની પવિત્રતા જાળવેલી છે; પણ એવા હરિજનોએ પોતાના આત્માને ભ્રષ્ટ થવા દીધો નથી. માટે ભાઇઓ અને બહેનો! કાંઇ ભૂલ થતી હોય તો સંભાળજો અને હજુ પણ હાથમાં વખત છે તો ચેતજો કે જેથી કરીને રૌરવ નરકમાં જવું ન પડે.

૫૬

તમે પાછાં ને વળાવો રે; તમે પાછાં ને વળાવો રે;
રાજા રાવણ જાનકી. ટેક.

જાનકી છે ગઢ રે લંકાનો રે કાળ,
માતાજી છે ગઢ રે લંકાનો રે કાળ. તમે૦
લંકાકેરા કાંગરા રે, રામે તારા ઘેરીઆ રે;
પથરા કાંઈ તારીને બાંધી છે પાજ. તમે૦
લંકા ગઢમાંહી રે, હનુમાન જતી આવીયા રે;
લીધી લીધી સીતાજી કેરી રે શુધ. તમે૦
એમ કરી બોલ્યાં રે, નાર મંદોદરી રે;
અવિચલ હોજો રામ તમારું રે રાજ. તમે૦

૧૩૩–વાતો કરતાં તો બહુ આવડી, પણ આચરણ સુધર્યાં નહિ એનું કાંઇ ધાર્યું ?

છાપખાનાં, રેલવે, તાર, આગબોટ, ટેલિફોન, છાપાં વગેરે સાધનોને લીધે આ જમાનો વાતોનો બની ગયો છે. જુદી જુદી જાતના સુધારા, જુદી જુદી જાતની સગવડો, જુદી જુદી જાતના લોકોનો સમાગમ, જુદી જુદી જાતની કેળવણી, નવા નવા કાયદાઓ, નવી નવી જાતના ગુનાઓ, નવી નવી જાતનાં દરદો અને નવી નવી જાતના અકસ્માતો હાલના વખતમાં આખી દુનિયામાં એટલા બધા વધી ગયા છે કે, એ બધું જાણવાની હાયવોયમાંજ આપણે રહી જઇએ છીએ. અસલના વખતમાં જ્યારે આપણા લોકો એકબીજાને મળતા ત્યારે ધર્મની ચર્ચા કરતા, યજ્ઞની વાતો કરતા, પરમાર્થનાં કામો કરતા અને પોતાની જિંદગીની દરેક પળ સારામાં સારી રીતે કેમ જાય? તેની કાળજી રાખતા હતા; પણ હાલમાં તો જ્યારે આપણે એકબીજાને મળીએ છીએ, ત્યારે રોજની એજ મોકાણ કે આજે મરકીના કેટલા કેસ છે? આજે છાપામાં નવુંજૂનું શું છે? યુરોપનાં રાજ્યોની લડાઇની તૈયારીઓની વાતો, જાપાનના ધરતીકંપો, અમેરિકાની આગો, યુરોપની હડતાલો, દરિયાનાં તોફાનો, રશિયાની ધામધૂમો, પાર્લામેન્ટની તકરારો, છાપાંવાળાઓની અંદર અંદરની મારામારી, લૂખા લૂખા ખાલી ખાલી પણ ભારી ભારી અપાતાં માનપત્રો, રેલવેના અકસ્માતો, મોટા માણસોની નાલેશીઓ અને હિંદુસ્તાનના દુકાળના હેવાલોથીજ આપણું મગજ ભરાઇ જાય છે. ટ્રામમાં, રેલવેમાં, દુકાનોમાં, ફરવા જઇએ ત્યાં અને ઘરોમાં પણ રાત્રે સૂતાં સુધી

પણ એજ વાતો; પણ આટલી બધી પારકી પીડાએજ કાંઈ છૂટકો થતો નથી. હજી ઘરની હોળીઓ તો બાકી હોય છે. ધંધારોજગારના બાર વાગી જવા, નોકરીચાકરીનાં ઠેકાણાં નહિ, વસ્તુઓની મોંઘારત, મોજશોખનો પવન, વિનાકારણ મગજમાં ભરાઇ ગયેલી સત્તર ખાંડી રાઇ અને બાયડીઓના મરડાટ, એ બધી પીડાઓ તો હજી બાકી હોય છે. જો આટલેથીજ છૂટકો થતો હોત તો તો જાણે ધૂળ નાખી; પણ હજી તો પાનની પટ્ટીઓના ટેસ્ટો, નવી નવી જાતની ઇજિપ્શિયન બીડીઓના ચડસો, નવી નવી ફેશનોનાં કફકૉલરનાં બટનો, સોડાશરબતના શોખો, ઇશ્કી ટટ્ટુ બનીને ફોટોગ્રાફ પડાવવાની ઉમેદો, નવાં નવાં નાટકોમાં જવાની દોડાદોડ, કલબનાં બિલો અને બાઇસિકલની મોકાણો તો હજી બાકીજ હોય છે. હજી તો ઘણીયે આફતો કહેવાની બાકી રહી ગઇ છે, પણ એ બધો ભરમ ફોડી નાખતાં અમોને શરમ લાગે છે, માટે આટલે ટૂંકેથીજ પતાવીએ છીએ.

હવે કહો જોઇએ ભાઇઓ! આવી આવી વાતોમાંથી પરવારીને આપણે પ્રભુને ખાતર ક્યારે વખત ગાળીએ છીએ?

બાઇઓમાં પણ એવી ઘણી જણીઓ હોય છે કે, જેઓને આખો દશમ સ્કંધ મોઢે હોય, જેઓને ધ્રુવાખ્યાન તથા સાવિત્રીચરિત્રનાં ઢાળિયાં મોઢે હોય, જેઓને દશ અવતારનાં પદો અને પ્રહ્‌લાદઆખ્યાન આવડતાં હોય અને જેઓ આખા ગામની ચોવટો કરી જાણતી હોય તથા કથા વાંચનાર વ્યાસની પણ ભૂલો કાઢતી હોય; પણ તેઓના ઘરમાં જોઇએ તો તદ્દન પોલમપોલ હોય! સાવરણીના કટકા સારૂ પાડોશણ સાથે લડી પડે, વાતની વાતમાં પોતાનાં છોકરાંને ગમે તેવી ગાળ આપે, ધૂળ જેવી વાત સારૂ નણંદ સાથે ચીથરાં ફાડ્યા કરે અને પોતાના વરને પણ જો સુખે રોટલો ખાવા દે, તો એ મોટા નસીબની વાત સમજવી. દુનિયામાં જ્યાં જોઇએ ત્યાં આવી રીતે થઈ પડેલું છે; કારણ કે હજી આપણે માત્ર વાતો કરવામાંજ ડાહ્યા થયેલા છીએ, પણ હજી આપણાં આચરણો સુધર્યાં નથી. આપણને મીઠુંમસાલો ભભરાવીને માંહી જરા ઘાલમેલ કરીને વાતો કરતાં બહુ આવડે છે; પણ યાદ રાખજો કે, પ્રભુના દરબારમાં ઇન્સાફ વખતે કાંઇ આપણી લૂખીપૂખી વાતો કામ આવવાની નથી. પ્રભુ તો આપણાં આચરણો જોશે, પ્રભુ તો આપણાં કામો સામું જોશે; માટે ભાઇઓ!

ઉપલક વાતોમાંજ નહિ પડયા રહેતાં જેમ બને તેમ આપણાં આચરણો સુધરે તેમ કરો.

૧૩૪–હોશિયાર કથાકાર કેવા હોય છે અને કેવા કેવા જ્ઞાની શ્રોતા હોય છે તેનો નમૂનો

એક ગામડામાં વ્યાસજી રામકથા વાંચતા હતા. રોજ બપોરે ચોરા ઉપર બેસીને કથા વંચાય, પટેલિયાઓ ભેળા થાય, હોકા-પાણી પીએ અને કોઈ કોઈ ભક્ત વચમાં વચમાં હરે હરે કરે. વ્યાસજી વાંચવામાં એવા હોશિયાર કે એ તો न भूतो न भविष्यति । 'જે છે શ્રી ઐશ્વર્યયુક્ત, કૌસ્તુભશિરોમણિ રમાનાથષટ્-સંપત્તિયુક્ત ભગવાન રામચંદ્રજી કે જે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનો અવતાર છે, તે ગાધી રાજાના પુત્ર રાજર્ષિ વિશ્વામિત્ર કે જેણે પોતાના પરમ પવિત્ર જનકકમલોત્પન્નની સામે મહાભારત યુદ્ધ કરીને નવી સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી, તેની સાથે સ્વયંવરમાં જાતા હવા.' આવી રીતે વ્યાસજી પોતે શીખ્યા હતા, તે પ્રમાણેને તેજ શબ્દોમાં કથા ગડગડાવ્યે જતા હતા; પણ ત્યાં બેઠેલા શ્રોતાઓમાંથી જો કોઇ પણ માણુસ કાંઈ પણ સમજતું હોય, તો હું તેઓના તરફથી મારા દાદાના સોગન ખાઇ શકું. તમે કહેશો કે, જયારે લોકો સમજતા નહોતા, ત્યારે ત્યાં શા માટે સાંભળવા જતા હતા ? પણ એનાં કારણો ઘણાં છે. ચોમાસાના દહાડા હોય એટલે મોલ વાવ્યા પછી ખેડૂતો નવરા હોય છે. વળી ગામના પટેલે ઘેરેઘેર કહેવરાવી મૂકયું હોય કે, 'કથા સાંભળવા આવજો,' એટલે કાંઇ ગયા વિના ચાલે નહિ. બીજું એ પણ ખરૂં કે, ભોળા લોકો કાંઇ સમજે નહિ, તોપણ કથાનું નામ સાંભળીને શ્રદ્ધાથી ત્યાં જાય. કેટલાક જણા કાવોકસૂંબો પીવા આવતા, કેટલાક જણા હૂકોપાણી પીવા આવતા, કેટલાક જણા ત્યાં નિરાંતે બેઠે બેઠે દોરડાં વણવા સારૂ આવતા, કેટલાક જણા બળદોનાં સાટાં કરવા તથા એકબીજાને મળવા સારૂ આવતા અને કેટલાક જણા કથા ઊઠયા પછી પ્રસાદ વહેંચાય તે પ્રસાદ લેવા સારૂ ત્યાં આવતા હતા. આ બધા લોકો પાસે ભટજી પોતાની પંડિતાઇ બતાવતા હતા અને અધ્યાત્મ, આધિભૌતિક, અચ્યુત, અક્ષરબ્રહ્મ, પ્રકૃતિ, હિરણ્યગર્ભ, મહદાકાશ, તુર્યાવસ્થા, બ્રહ્મરંધ્ર, પંચતન્માત્રા,

સ્થૂલ, સૂક્ષ્મ, મહત્તત્ત્વ, સ્થિતપ્રજ્ઞ, સામ્યાવસ્થા, ગુણાતીતપણું વગેરે કઠિન સંસ્કૃત શબ્દોમાં પોતાની પંડિતાઈ બતાવવા માટે ભટજી વાતો કરતા હતા. એટલે પોતે જે વાંચતા હતા, તે પોતે પંડે પણ પૂરેપૂરું સમજતા હતા કે નહિ, એ શકભર્યું હતું. ચાર મહિના સુધી આવી રીતે કથા ચાલી. પછી કાર્તિક માસમાં દેવદિવાળીએ જ્યારે નવી બાજરીનાં ખળાં આવવાનાં થયાં, ત્યારે ભટજી મહારાજે કથાની સમાપ્તિ કરી. એ કથા સાંભળવા માટે એક ભરવાડ ત્યાં દરરોજ આવતો હતો. તેણે કથામાંથી એક દિવસ સાંભળ્યું હતું કે, સીતાનું હરણ થઈ ગયું. એ બિચારા ભોળા ને વિશ્વાસુ માણસને એ બહુ કૌતુક જેવું લાગ્યું; તેથી તે રોજ મનમાં વિચાર કર્યા કરે કે, સીતાનું હરણ થઇ ગયું તે પાછું માણસ થયું કે નહિ ? એ જાણવા સારૂ તે રોજ ચાહીને કથામાં જાય, પણ કોઈ દિવસ કાંઈ સમજે નહિ. એવી રીતે ચાર મહિના સુધી દરરોજ તે કથા સાંભળવા ગયો; પણ કાંઇ તેના મનનો ખુલાસો થયો નહિ. તેથી કથાની પૂર્ણાહુતિ થયા પછી જ્યારે તેણે જાણ્યું કે, હવે તો કથા પૂરી થઇ ને કાલથી કાંઇ વંચાશે નહિ, ત્યારે તેણે વ્યાસજીને પૂછ્યું કે, “ મહારાજ ! તમે કથામાં એક દિવસ વાંચ્યું હતું કે, સીતાનું હરણ થઇ ગયું, તેનું પાછું માણસ થયું કે નહિ ? એ બિચારી હરણિયુંજ રહી કે પાછી બાયડી થઈ? તે તો તમે કાંઈ કહ્યું નહિ.” એ સાંભળીને સૌ લોકો હસી પડ્યા.

ભાઇઓ ! કથા કરવાવાળા અને કથા સાંભળવાવાળા આવાં આવા આપણા દેશમાં હોશિયાર માણસો પડેલા છે! આવી સ્થિતિમાં પણ આપણો ધર્મ ટકી શકે છે. એ આશ્ચર્યની વાત છે. આપણી આવી સ્થિતિનો આપણા વિરોધીઓ લાભ ન લઇ જાય, માટે હવે આપણે ચેતવાની જરૂર છે. આપણે ચેતવું એટલે શું કરવું ? એજ કે જેમ બને તેમ દુનિયામાં પ્રભુનું પવિત્ર નામ ફેલાય તેમ કરવું; જેમ બને તેમ આપણાં ભાઇબહેનોમાં ધર્મ વધે તેમ કરવું; જેમ બને તેમ આપણાં સત્‌શાસ્ત્રોના અર્થ લોકો સહેલાઇથી સમજે તેમ કરવું અને જેમ બને તેમ આપણા ધર્મનું રક્ષણ થાય, આપણો દેશ આબાદ થાય, આપણાં ભાઈબહેનો સુખી થાય અને સર્વત્ર મહાન પ્રભુના નામનો જયજયકાર થાય એવી રીતે આપણે તન, મન, ધનથી વર્તવું જોઇએ.

૧૩૫–મનમાં છળકપટ તથા હાયહાય ભરી રાખીને કાંઈ ઈશ્વરી આનંદ ભોગવી શકાય નહિ

આપણને દુઃખ દેવાને માટે પ્રભુએ આ દુનિયા બનાવી હોય એમ તો કાંઇ હોય નહિ; કારણ કે પ્રભુ દયાળુ છે અને તે આનંદસ્વરૂપ છે, એટલે બધે ઠેકાણે તે દયાળુ પિતાનો આનંદજ હોવો જોઇએ; તેમ છતાં પણ આપણે કેમ દુઃખ પામીએ છીએ? સાધુઓ કહે છે કે, આપણાં પાપને લીધે આપણે દુઃખ પામીએ છીએ આપણાં અંતરની બૂરી વાસનાઓ આપણને દુઃખ આપે છે. આપણાં મનમાં જે વેરઝેર ભરેલાં છે, આપણાં મનમાં જે માનાપમાન ભરેલાં છે, આપણાં મનમાં જે મારું તારું ભરેલું છે, આપણાં મનમાં જે છળકપટ ભરેલાં છે અને આપણા મનમાં જે આગલી પાછલી હોળીઓ બળે છે, તેને લીધે આપણે દુઃખી થઇએ છીએ. કંઈ પ્રભુની દયાની ખામીને લીધે આપણે દુઃખી થતા નથી; પણ આપણી ભૂલોને લીધેજ આપણે દુઃખી થઇએ છીએ અને તેથીજ આપણે સંસારમાં સ્વર્ગ ભોગવી શકતા નથી.

સાચા ભક્તોને તમે જોયા છે? તેઓનાં મનમાં કેટલી બધી શાંતિ હોય છે? તેઓનાં ચહેરા ઉપર કેવું ભવ્યતાનું તેજ છવાઈ રહેલું હોય છે? તેઓના મોં ઉપર કેવો આનંદ હોય છે? તેઓની વાણીમાંથી કેવું અમી ઝરે છે? તેઓની નજરમાં કેવી મીઠાશ હોય છે? આપવા લેવામાં તેઓના હાંથ કેવા છૂટા હોય છે? તેઓ કેટલી બધી સત્યતાથી વર્તી શકે છે? અને સદાય તેઓ કેવા આનંદ આનંદમાં રહે છે, એ તમે જોયું છે? શા માટે એમ થાય છે? આપણીજ સાથે તેઓ રહે છે, આપણીજ પેઠે તેઓને ખાવુંપીવું પડે છે, આપણીજ પેઠે તેઓને સૂવુંબેસવું પડે છે, આપણીજ પેઠે તેઓને પણ દુનિયાદારીની કાંઈને કાંઈ જંજાળ ઉઠાવવી પડે છે; છતાં પણ તેઓ સદાય આનંદમાં કેમ રહી શકે છે? અને આપણે સદાય એરંડિયું પીધા જેવું મોઢું કરીને ડાચિયાં નાખતા કેમ રહી જઇએ છીએ? એનું કારણ એજ છે કે, આપણામાં હજી સુધી પ્રભુપ્રેમ જાગ્યો નથી; એટલે આપણે ઈશ્વરી આનંદ લઇ શકતા નથી અને ભક્તોમાં પ્રભુપ્રેમ જામેલો હોય છે, એટલે તેઓ સર્વ ઠેકાણેથી ઈશ્વરી આનંદ લઇ શકે છે; કારણ કે પરમ કૃપાળુ સચ્ચિદાનંદના આનંદમાં કાંઇ ફેરફાર નથી. તે

તો સર્વ ઠેકાણે ભરપૂર છે; પણ એ આનંદ લૂંટનાર અધિકારીઓમાંજ ભેદ છે. એને માટે મહાત્માઓ દૃષ્ટાંત આપે છે કે:

*એક કીડી હતી. તેને સાકરનો પહાડ મળી ગયો હતો, તેથી તે બહુ મજામાં રહેતી હતી. તેને સદા ખુશાલીમાં જોઇને બીજી એક કીડીએ તેને પૂછ્યું કે, "તું આવા આનંદમાં કેમ રહી શકે છે?" ત્યારે તે કીડીએ કહ્યું કે, "મને તો સાકરનો પહાડ મળી ગયો છે, તેથી હું આનંદમાં રહું છું." ત્યારે તે બીજી કીડીએ કહ્યું કે, "મને ત્યાં તેડી જઈશ?" પેલીએ કહ્યું કે, "બહુ સારૂં, ચાલ મારી સાથે, એમાં મારું શું જવાનું છે? એ પહાડ તો સૌને માટે છે. જે લૂંટી શકે તે લૂંટે." એમ કહીને તે કીડી પેલી બીજી કીડીને પોતાની સાથે સાકરના પહાડ ઉપર તેડી ગઈ. બીજી કીડી ઘણી વાર સુધી ત્યાં ફરી; પણ તેને કાંઇ મીઠાશ લાગી નહિ, તેથી તે પહાડ ઉપરથી પાછી ફરતી હતી, એટલામાં પહેલી કીડી તેને સામી મળી. તેણે પૂછ્યું કે, "કેમ, મજા પડી કે નહિ?" ત્યારે તે કીડીએ કહ્યું કે, "મને ફોગટ ફેરો પડ્યો. ત્યાં તો કાંઈ સાકર બાકર નથી. મને તો બધું ખારું ખારું લાગ્યું." ત્યારે પેલી કીડીએ કહ્યું કે, "એમ કેમ થાય? એમાં કાંઇક ભેદ હશે. સાકરના પહાડ ઉપર ખારાશ ક્યાંથી? ભલા, તારૂં મોઢું તો બતાવ." એ સાંભળીને બીજી કીડીએ પોતાનું મોઢું ઉઘાડ્યું. તેમાં મીઠાની કણી ભરાઈ રહી હતી, તેથી તેને બધું ખારું ખારું લાગતું હતું. એ જોઇને પેલી કીડીએ તેના મુખમાંથી એ કણી કાઢી લીધી ને તેને કહ્યું કે, "બહેન ! એમાં સાકરના પહાડનો કાંઇ વાંક નથી; પણ તારા મોઢામાં આ મીઠાની કણી હતી, તેને લીધે તને આ સાકરનો પહાડ પણ ખારો લાગતો હતો." એ પછી એ મીઠાની કણી નીકળી ગયાથી તે સાકરનો સ્વાદ ચાખીને બહુ ખુશી થઇ.

ભાઇઓ ! આપણે પણ એ બીજી કીડીની પેઠે હૃદયમાં વેરઝેર ભરીને અને મનમાં સેંકડો પ્રકારની હોળીઓ સળગાવીને આ દુનિયામાં ફરીએ છીએ, એટલે આપણે ખરૂં સુખ ભોગવી શકતા નથી. જ્યારે બધું છોડી દઇએ, ત્યારે ઈશ્વરી આનંદ કાંઈ આપણાથી દૂર નથી; માટે હવે તો આપણે જેમ બને તેમ જલ-

*યોગેશ્વર સ્વામી શ્રીશિવગણજીકૃત 'સાધારણ ધર્મ'માંથી. એ પુસ્તક ખાસ વાંચવા લાયક છે.

ઢીથી તદ્દન ચોખ્ખા થઇને અલૌકિક ઈશ્વરી આનંદ લૂંટવો જોઈએ; કારણ કે ફરી ફરી કાંઇ આવી સુંદર તક મળવાની નથી, માટે હજી પણ હાથમાં વખત છે તો ચેતો, ચેતો અને જેમ બને તેમ ઈશ્વરી આનંદ લૂંટો.

૧૩૬–આ મહાતોફાની સંસારસાગર પ્રભુ ઉપરના વિશ્વાસથીજ તરી શકાય છે

ભાઇઓ! વિશ્વાસ વિના આ દુનિયામાં ચાલી શકાય તેમ નથી, ત્યારે સ્વર્ગ જે વિશ્વાસને આધારે રહેલું છે અને પ્રભુના વિશ્વાસમાંથી પેદા થયેલું છે, તેમાં વિશ્વાસ વિના કેમ ચાલશે? આપણા ટપાલના કાગળો અને આપણાં રેલવેનાં પારસલો પણ વિશ્વાસથીજ જાય છે, આપણી દેશાવરની હૂંડીઓ પણ વિશ્વાસથીજ ચાલે છે અને આપણે પરદેશ જવું હોય, ત્યારે વહાણમાં કે આગબોટમાં પણ કપ્તાન ઉપરના વિશ્વાસથીજ બેસીએ છીએ. આપણને દરેકને કંઇ વહાણ ચલાવવાની વિદ્યા આવડતી નથી અને આપણને બધાને કાંઇ સમુદ્રના રસ્તાની પણ ખબર હોતી નથી; તોપણ આપણે કપ્તાન ઉપરના વિશ્વાસથી વહાણમાં બેસીએ છીએ અને જ્યાં જવું હોય ત્યાં મજેથી સહિસલામત પહોંચી જઇએ છીએ.

આવી રીતે દુનિયાના દરેક કામમાં આપણને વિશ્વાસની જરૂર પડે છે, ત્યારે પ્રભુના રસ્તામાં વિશ્વાસ વિના કેમ આગળ ચાલી શકાશે? એનો વિચાર તો કરો! અને એ પણ તપાસો કે, આપણા ટપાલખાતાના માણસો, આપણા સ્ટેશનમાસ્તરો અને આપણા શરાફો કરતાં પણ પ્રભુ કેટલો બધો રૂડો છે? અને આપણી અહીંની આગબોટોના કપ્તાનો કરતાં અનંત બ્રહ્માંડનો નાથ, સર્વશક્તિમાન પ્રભુ કેટલો બધો સર્વજ્ઞ છે? એ વિચારો તો ખરા! એવા મહાન પ્રભુનું વિશ્વાસથી શરણ ધરવાથી કેવો અખંડ આનંદ મેળવી શકાશે? અને કેવી હમેશની શાંતિ મેળવી શકાશે? એ શાસ્ત્રોથી જાણો તો ખરા અને સત્સંગથી અનુભવો તો ખરા! એ લહાવો–આ ભવસાગર તરી જવાનો લહાવો તો ભાગ્યશાળી ભક્તોજ–વૈષ્ણવોજ વિશ્વાસથીજ લઈ શકે છે. માટે જેમ બને તેમ ખરા ભક્ત બની–પ્રભુના કૃપાપાત્ર હરિજન બની પ્રભુના વિશ્વા-

સમાં આવો, પ્રભુના વિશ્વાસમાં આવો; કારણ કે વિશ્વાસથી આ ભવસાગર તરી શકાય છે અને વિશ્વાસથીજ જન્મમરણના ફેરામાંથી બચી શકાય છે, માટે પ્રભુમાં વિશ્વાસ રાખો.

૧૩૭–બહારથી જુદા જુદા આચારવિચારવાળા દેખાતા હોય, તોપણ બધા ભક્તો અંતરમાં એકજ તાલ–સૂર પર નાચનારા હોય છે

સૂરજના પ્રકાશનો રંગ એકજ જાતનો હોય છે; તેમજ ભક્તોની ઇચ્છા પણ એકજ પ્રકારની હોય છે અને તે એજ કે, પ્રભુને ઓળખવો. સૂરજના પ્રકાશનો રંગ એક જાતનો હોવા છતાં પણ જે જે રંગના કાચમાંથી તે પસાર થાય તેવો તેવો રંગ તે પકડે છે; તેમજ ભક્તોની ઇચ્છા માત્ર પ્રભુને પામવાનીજ હોવા છતાં પણ ભગવદ્દઇચ્છા પ્રમાણે તેઓને જુદો જુદો રંગ ધરવો પડે છે; એટલે કે દેશકાળ અને આજુબાજુના સંજોગો પ્રમાણે તેઓને વર્તવું પડે છે, તેથી વ્યાવહારિક લોકોને તેઓની રીતભાતમાં, સ્થિતિમાં ને આચારવિચારમાં જુદાપણું લાગે છે; પણ ખરૂં જોતાં એ જુદાપણું અંતરનું નથી. તેઓનાં અંતરમાં તો શાંતિજ હોય છે અને સર્વાત્મભાવથી પ્રભુની ઇચ્છાને આધીન થવાનીજ તેઓની ઇચ્છા હોય છે; પણ જેમ સૂર્યનો પ્રકાશ એકજ રંગનો હોવા છતાં પણ જુદા જુદા રંગના કાચને લીધે જુદા જુદા રંગનો પ્રકાશ લાગે છે, તેમજ દેશકાળ તથા સ્થિતિ અને સંજોગોના હેરફેરને લીધે જુદા જુદા ભક્તો જુદા જુદા રૂપમાં દેખાય છે; પણ તેઓનાં હૃદય એકજ તાલ પર નાચનારાં હોય છે અને તેઓનો ભીતરનો સૂર એકજ હોય છે.

પ્રકાશ પોતે જેમ જુદા જુદા રંગના કાચને શોધવા જતો નથી, પણ કદાચ કયાંય એવા કાચ આડા આવી પડે, તો એટલો વખત પોતે તેવા રૂપનો બની જાય છે, તેમજ ખરા ભક્તો પણ આ દુનિયાનાં સુખદુઃખને શોધવા માટે ચાહીને તરફડિયાં મારવા જતા નથી; પણ દૈવયોગે સુખદુઃખ આવી મળે, તો તેને ઈશ્વરેચ્છા સમજી હર્ષશોકને આધીન થયા વિના ભોગવી લે છે. એવી રીતે સ્વભાવથી આવી મળેલાં, પ્રારબ્ધથી આવી મળેલાં કે બીજાં કાંઈ કારણોથી આવી મળેલાં સુખદુઃખોને તટસ્થ રહીને ભોગવવાં

ને તેમાં મન બગાડવું નહિ એનુંજ નામ ઈશ્વરેચ્છાને આધીન થવું છે અને એવી સમતા રાખવી એજ ખરા ભક્તોનું લક્ષણ છે.

૧૩૮–કેટલાક ભક્તોને ઢોંગી કહે છે, પણ તેમને કહો કે, એવો ઢોંગ કરી તો જુઓ!

જે લોકો પોતે કાંઈ આચારવિચાર પાળતા નથી અને જેના પોતાના હૃદયમાં ભગવત્પ્રેમ નથી, તેઓ એમ કહે છે કે, ભક્તો ઢોંગી છે; કારણુ કે તેઓ પોતે પ્રપંચોના ભરેલા હોય છે અને વિકારોના ગુલામ હોય છે, એટલે તેઓને બધું એવુંજ દેખાય છે; પણુ જેઓ ભક્તોને ઢોંગી કહે છે, તેઓને કહેવું જોઈએ કે, તમે એવો ઢોંગ કરી તો જુઓ! ભક્તો જેટલી વાર સ્નાનસંધ્યામાં ને પાઠપૂજામાં વખત ગાળે છે, એટલો વખત તમે એવી રીતે ગાળી તો જુઓ! ભકતો જેટલું દાનપુણ્ય કરે છે, એટલું દાનપુણ્ય તમે કરી તો જુઓ! ભક્તો બીજાંઓનાં દુઃખોમાં પોતાની ખુશીથી જેટલો ભાગ લે છે, એટલો ભાગ તમે લઈ તો જુઓ! ભક્તો પ્રભુને અર્થે જેવો ત્યાગ કરે છે, તેવો ત્યાગ તમે કરી તો જુઓ! ભકતો દેવદર્શન સારૂ અને તીર્થવ્રત કરવા સારૂ જેટલી કાયાની કષ્ટિ સહન કરે છે, એટલી કષ્ટિ તમે સહન કરી તો જુઓ! ભકતો જેવી સુખદુઃખમાં સમાનવૃત્તિ રાખે છે, એવી સમાનવૃત્તિ તમે રાખી તો જુઓ! ભકતો જેટલો સત્સંગમાં વખત ગાળે છે, એટલો વખત તમે સત્સંગમાં ગાળી તો જુઓ! ભકતો પ્રભુનાં જેટલાં ગુણુગાન કરે છે તથા પ્રભુના મહિમાની જેટલી વાતો જાણે છે, એટલી વાતો તમે જાણી તો જુઓ! અને ભકતો તનમનધનથી તથા મન, વચન અને કર્મથી પ્રભુને અર્થે જેટલું બળિદાન આપે છે, એટલો ભોગ તમે આપી તો જુઓ! તો ખબર પડે કે, ભકતો સાચા છે કે ખોટા? ભલે ભકતો ઢોંગી હોય, તોપણુ ઉપલા પ્રકારના તેઓના ઢોંગને પણુ ધન્ય છે, ધન્ય છે. એવી જાતનો ઢોંગ કરતાં સૌ લોકો શીખે એમ અમે ઇચ્છીએ છીએ; કારણુ કે જેમાં પોતાના મનને કાબૂમાં રાખવાનું હોય, જેમાં પોતાનાં ભાઇબહેનોને મદદ કરવાની હોય અને જેમાં અનંત બ્રહ્માંડના નાથની ઉપર જીગરથી પ્રેમ કરવાનું હોય, એવા ઢોંગને પણુ અમે ચાહીએ છીએ; કારણુ કે એવા ઢોંગથી

પણ કલ્યાણ છે, એટલે જેને એવો ઢોંગ કરતાં આવડે તે પણ ભાગ્યશાળી છે; માટે ઓ હરિજનો ! માયાના પ્રપંચમાં ફસાઈ ગયેલાં માણસો કદાચ તમને ઢોંગી કહે, તો તેથી શરમાઈ જઇ દિલગીર થશો નહિ અને તેઓની ઉપર ગુસ્સો કરશો નહિ; પણ એવી જાતના ઢોંગને સદ્‌ભાગ્ય સમજજો અને એ સાચો ઢોંગ–સાચી ભક્તિ તો જેમ વધે એમજ કરજો; કારણ કે એ ઢોંગ પ્રભુને અર્થે છે; એટલે માયાવાદી સંસારીઓના ઢોંગ કરતાં તે હજારો દરજ્જે સારો છે; માટે કોઇનાં સારાંમાઠાં બોલવા તરફ નહિ જોતાં ભક્તિમાં લાગુ રહો ! પ્રભુમાં લાગુ રહો !

પદ

ઘેલાં અમે ભલે થયાં રે, બાઇ મારે ઘેલામાં ગુણ લાધ્યું. (ટેક)
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું, મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલાં પડ્યાં ત્યારે, મારગ મળિયા માધુ.–ઘેલાં૦ ૧
ઘેલાં તો અમે હરિનાં ઘેલાં, નિર્ગુણ કીધાં નાથે;
પૂર્વ જન્મની પ્રીત હતી ત્યારે, હરિએ ઝાલ્યાં હાથે.–ઘેલાં૦ ૨
ઘેલાંની વાતો ઘેલાં જાણે, ને દુર્જનિયાં શું જાણે ?
જે રસ તો દેવતાને દુર્લભ, તે રસઘેલાં માણે.—ઘેલાં૦ ૩
ઘેલાં મટી અમે ડાહ્યાં ન થાઇએ, ને સંતનાં શરણાં લીધાં;
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, કારજ સઘળાં સીધ્યાં.–ઘેલાં૦ ૪

૧૩૯–જો ધર્મ ન પળાય અને કાંઇ પણ ભલાં કામો ન થાય, તો દુનિયામાંની બીજી કોઈ પણ ચીજો કરતાં આપણો દેહ વધારે નકામો છે

અસલના વખતમાં એક ઋષિ પાસે કોઇ વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. ઘણાં વરસ પછી ઘણો અભ્યાસ થઇ ગયા બાદ એ વિદ્યાર્થીએ પોતાને ઘેર જવા માટે ઋષિ પાસે રજા માગી. ત્યારે ઋષિએ વિચાર કર્યો કે, એ છોકરો ભણ્યો તો છે, પણ ગણ્યો છે કે નહિ ? તેની પરીક્ષા કરવી જોઇએ; તેથી એ છોકરાને ઋષિએ કહ્યું કે, "બેટા ! મને એક નકામી ચીજ લાવી આપ."

એ વખતે છોકરાને એમ લાગ્યું કે, "એમાં શું મોટી વાત છે ? ઘર બહાર નીકળ્યા કે ઘણીએ નકામી ચીજો રસ્તામાં પડી હશે, તેમાંથી એકાદ ઉપાડી લઈશ." એમ ધારીને તે ઋષિની ઝૂંપડીની

બહાર જઈને રસ્તા ઉપર નકામી ચીજ શોધવા લાગ્યો.

પ્રથમ ધૂળ નજરે પડી, તે જોઇને પહેલાં એમ લાગ્યું કે, એ નકામી છે; પણ વિચાર કરતાં જણાયું કે, ધૂળ એ કાંઇ નકામી ચીજ નથી, એ તો બહુ ઉપયોગની વસ્તુ છે. એ પછી ખડનું તણખલું નજરે પડયું, તેને નકામું સમજીને ઉપાડયું; પણ વિચાર કરતાં તેમાં પણ ઘણા લાભ દીઠા. એ પછી છાણમૂતર જોયું તે પણ નકામું લાગ્યું નહિ. એ પછી ચીંથરાંના ટુકડા જોયા, તે પણ વિચાર કરતાં નકામા લાગ્યા નહિ. એ પછી ખરી પડેલાં ને કોહવાઇ ગયેલાં ઝાડનાં પાંદડાં દીઠાં, તે પણ કાંઈ નકામાં લાગ્યાં નહિ; એની પણ તાપણી થતી હતી ને એનું પણ ખાતર થતું હતું. એ પછી હાડકું જોયું, તે પણ વિચાર કરતાં ઉપયોગી માલૂમ પડયું. એ પછી માખીઓ ને કીડીઓ જોઈ, તે પણ જરૂરની લાગી. એ પછી મૂએલો ઊંદર જોયો, તે પણ કાંઈ નકામો નહોતો. આવી રીતે સેંકડો ચીજો તેણે જોઇ, પણ તેમાંથી એકે નકામી ચીજ તેને મળી નહિ. એ પછી છેવટે વિષ્ટા ઉપર તેની નજર પડી અને લાગ્યું કે, આ સાવ નકામી વસ્તુ છે. એમ ધારી તેને અડવા જાય છે, એટલામાં તેને વિચાર થયો કે, એ નકામી કેમ છે? એનું ખાતર થાય છે અને એ પણ થોડા વખત પહેલાં બહુ ઉત્તમ વસ્તુ હતી; પણ માણસના દેહના સંબંધથી તેના એવા હાલ થયા છે; માટે જો પ્રભુનું નામ ન લેવાય અને આત્માનું કલ્યાણ ન સધાય, તો આપણો દેહજ દુનિયાની સૌ ચીજો કરતાં વધારે નકામો ને વધારે ખરાબ છે; કારણ કે પશુઓનાં હાડકાં, ચામડાં, શિંગડાં વગેરે બધુંએ કામમાં આવે છે. માછલાંમાંથી પણ મોતી જેવી ઉમદા વસ્તુઓ બને છે. ઝાડનાં ફળ, ફૂલ, પાંદડાં, લાકડાં, મૂળિયાં, રસ બધું કામમાં આવે છે. પંખીઓ ને કીડીઓ પણ ઘણાએ કામમાં આવે છે; પણ જો માણસ સરખી રીતે ન વર્તે અને પોતાના રૂડા ધર્મને તથા પોતાના પેદા કરનાર સરજનહાર પાલક પિતાને ન ઓળખે, તો એ દુનિયાની બીજી સૌ ચીજો કરતાં વધારે નકામો છે. એમ વિચારીને ખાલી હાથે તે પાછો ઋષિ પાસે આવ્યો અને હાથ જોડી દંડવત્ પ્રણામ કરીને કહ્યું કેઃ

"સદ્ગુરુ મહારાજ! આ દેહ વિના દુનિયામાં બીજી કોઈ પણ નકામી વસ્તુ નથી. જો સાર્થકતા થાય તો એના જેવી બીજી કોઇ ઉત્તમ વસ્તુ નથી અને જો આવો રૂડો દેશ, ધર્મ ને આટલી

બધી ઈશ્વરકૃપા છતાંય જો આત્માનું કલ્યાણ ન થાય, તો પછી આ દેહના જેવી દુનિયામાં બીજી કોઇ નકામી ચીજ નથી."

ઋષિએ આશીર્વાદ દઇને કહ્યું: "બેટા! હવે તને રજા છે. તારી વિદ્યા સફળ થાઓ; કારણ કે તું દેહનું મિથ્યાપણું ને આત્માનું અમરપણું સમજ્યો છે, તેથી તારી વિદ્યા તને જશ અપાવશે અને કલ્યાણના રસ્તામાં લઇ જશે; પણ છેવટે મારી એ ભલામણ છે કે, જેમ સમજે છે તેમ વર્તજે. જો આચારવિચારમાં સુધરીશ નહિ, તો એ બહારની સમજણ કાંઇ કામની નથી; માટે બેટા! આપણો ઉત્તમ મનુષ્યાવતાર ફોકટ ન જાય, પણ તેની કાંઇક સાર્થકતા થાય એમ કરજે."

૧૪૦–અધિકાર વિના ઉત્તમ વસ્તુ પણ કામ લાગતી નથી

એક કૂકડો ઉકરડા ઉપર ચરતો હતો. તેને એક દહાડો હીરાની કણી મળી, ત્યારે તે કૂકડાએ તેને ચાંચમાં લીધી, પણ ચગળતાં માલૂમ પડ્યું કે, એ કાંઇ ખાવાની વસ્તુ નથી; તેથી તેણે હીરાકણી પાછી જમીન ઉપર મૂકી દીધી અને તેના સામું જોઇને પોતાના મનમાં કહ્યું કે, "તું રૂડી રૂપાળી છે, પણ મારા કામની નથી. હું તને લઇને શું કરૂં? મને તો જુવારબાજરાના દાણા જોઇએ કે જેથી મારી ભૂખ મટે. તું ઘણી હીરાકણી છે, પણ મને શું કામની? કારણ કે હું જાતે ઉકરડાનો કચરો ખાનારો કૂકડો છું, એટલે તારી કિંમત હું કેમ સમજી શકું?"

ભાઇઓ! એ કૂકડો તે આપણેજ છીએ; સંસારરૂપી ઉકરડામાં આપણે હવાતિયાં કર્યાં કરીએ છીએ; તેમાં કોઇ કોઇ વખત પ્રભુના પવિત્ર નામરૂપી હીરા આપણને મળી જાય છે; પણ આપણે તેને સાચવી શકતા નથી અને પેલો કૂકડો જેમ હીરાકણી છોડીને જુવારના દાણા શોધવા મંડી ગયો હતો, તેમ આપણે પણ મહામંગળકારી પરમ દયાળુ પ્રભુનું શાંતિદાયક નામ અને કલ્યાણકારી ધર્મનાં રૂડાં કામરૂપી હીરાને છોડીને જગતરૂપી ઉકરડામાં છળકપટ, મારુંતારું તથા અભિમાનરૂપી કચરામાંજ પડ્યા રહીએ છીએ અને હાથ આવેલો હરિરૂપી હીરો ગુમાવી દઇએ છીએ. હવે વિચાર કરો કે, ઉકરડા ઉપર ચડનાર કૂકડામાં અને આપણામાં શું ફેર છે? ભાઇઓ! ધર્મ એજ આપણામાં વધારે છે. જો

આપણામાં ધર્મનું બળ ન હોય, તો આ સંસાર એ ઉકરડોજ છે. ધર્મના બળથીજ સંસાર સ્વર્ગ જેવો થઈ શકે છે અને ધર્મના બળથીજ આપણે દેવ બનીને હરિની હજૂરમાં-મોક્ષધામમાં અનંતકાળનાં સુખ ભોગવવા જઇ શકીએ છીએ; પણ જો આપણામાં ધર્મ ન હોય, આપણા હૃદયમાં હરિના નામરૂપી હીરો ન હોય, તો તો આપણે પણ એ કૂકડાના જેવાજ છીએ. માટે ભાઇઓ ! એવા ન રહી જઇએ તે સારૂ ધર્મના રસ્તામાં આવો અને ઈશ્વરી જ્ઞાનનો અધિકાર મેળવો.

પદ

હરિ નહિ ગાયો, જનમારો ગુમાયો,
જનમારો ગુમાયો, જનમારો ગુમાયો-હરિ૦
હરિજનકો સનમાન ન કીનો (૨)
અપનો કુટુંબ જુમાયો—ન ગાયો-હરિ૦
પરસ્ત્રી વિષયા કે કારન (૨)
લખ રે ચોરાશી ભટકાયો—ન ગાયો-હરિ૦
કહે જાદવ હરિ ભજ્યો નહિ તું (૨)
હીરો હાથસેં ગુમાયો—ન ગાયો-હરિ૦

૧૪૧-તોપને મોઢે બંધાવા જનારને મીઠાઇ ખાવી કેમ ભાવે ? તેમ આપણને પણ થોડા વખતમાં મરવાનું છતાં ખોટી ખોટી ઉફાંદ કેમ સૂઝે ?

અસલ આપણા દેશમાં કેટલેક ઠેકાણે એવો રિવાજ હતો કે જેને મોતની શિક્ષા કરવી હોય, તેને તોપને મોઢે બાંધીને ઉડાવી દેતા હતા. એવી રીતે શિક્ષા કર્યા અગાઉ તે ગુનેગારને પૂછતા કે, તને કાંઇ ખાવાપીવાની મરજી છે ? જો ખાવું હોય તો તારે માટે મીઠાઈ તૈયાર છે; પણ એ વખતે ખાવાનું ક્યાંથી ભાવે ? જેને તોપને મોઢે બંધાવું હોય, તેને ખાવું ક્યાંથી ભાવે ? જ્યારે ટાંટિયા ધ્રૂજતા હોય, જ્યારે ગરદન ઝૂકી ગઇ હોય, જ્યારે ચહેરો મડાંમાં જેવો થઈ ગયો હોય, જ્યારે મોઢામાં શોષ પડતો હોય અને જ્યારે હૃદયમાં એક તરફ પોતાનાં પાપ, બીજી તરફ દુનિયાદારીનો મોહ, ત્રીજી તરફ જમના મારની ધાસ્તી, ચોથી તરફ સંસારસુખ ભોગવવાની આશાઓ અને પાંચમી તરફ કાળના

મોઢા જેવી તોપ તથા પોતાના મોતને નજરે જોતો હોય, તેને એવે વખતે મીઠાઇ ખાવી કેમ ભાવે? તોપણ કોઈ કોઈ કઠણ હૃદયના એવા પણ ગુનેગાર મળી આવે છે કે જેઓ એવે વખતે પણ ખુશી થઇને મીઠાઈ ખાય છે. એમ કરવાવાળા કોણ હોય છે, એ તમને ખબર છે? એક તો એ કે, જેઓ ફરજ બજાવીને મરતા હોય અથવા પોતાનું મનધાર્યું કરીને પછી મરતા હોય તેઓ હોય છે અને બીજા એ કે, જેઓની માણુસાઇની લાગણીઓ નષ્ટ થઇ ગઈ હોય, જેઓ પાપમાંજ ઊછરેલા હોય, ગુના કરવામાંજ જેઓ બહાદુરી માનતા હોય અને ધર્મનાં નામ પર જેમણે પૂળો મૂકેલો હોય, તેઓ તોપને મોઢે બંધાતી વખત પણ મીઠાઈ ખાનારા હોય છે.

આ વાત સાંભળીને આપણને અજાયબી લાગે છે કે, ઓહો! એવાં પણ કઠોર માણસો થતાં હશે કે જેઓ તોપને મોઢે બંધાવાના હોય, છતાં પણ મીઠાઇ ખાય? આપણને તો આ વાત સાંભળીને પણ ત્રાસ છૂટે છે; ત્યારે તેઓને એ વખતે મીઠાઇ ખાવી કેમ ભાવતી હશે? એ તે માણસ હશે કે રાક્ષસ હશે? માણસનું મન તો એવું સાવ લાગણી વિનાનું ન હોય. અલબત્ત, ફરજ બજાવીને–પોતાનું મનધાર્યું કરીને મરતા હોય, તેઓની વાત જુદી છે, પણ અપરાધી માણસો એવા સખ્ત કેમ થઈ શકતા હશે?

ભાઇઓ! તોપને મોઢે બંધાવાના હોય, છતાં પણ મીઠાઇ ખાવાના શોખીન તે આપણે પોતેજ છીએ. તમે કહેશો કે, "અમે! અમે કેવી રીતે? અમને તો એ વાત સાંભળીને પણ ત્રાસ લાગે છે. શું અમારામાં માણસાઈની લાગણી નથી? શું અમે એટલા બધા નીચ છીએ કે, મોતથી પણ ન ડરીએ?" તમારી એ વાત ખરી છે; પણ ભાઇઓ! સંતો કહે છે કે, જેઓ તોપને મોઢે બંધાવાના હોય છે, તેઓને માટે તો મરણનો વખત નક્કી થઇ ગયેલો હોય છે. ફલાણે દિવસે ને ફલાણે કલાકે તેઓને મારવામાં આવશે, એમ ચોક્કસ કરેલું હોય છે; પણ આપણે માટે તો એટલું ચોક્કસ ક્યાં છે? કઈ પળમાં આપણા પ્રાણ નીકળી જશે, એ કોઇને ક્યાં ખબર છે? અને તોપણ આપણી વગર મફતની ધામધૂમ તો જુઓ! એ બિચારાઓ તો માત્ર નિર્દોષ મીઠાઇજ ખાય છે; પણ આપણા માથે સદાય કાળનું ચક્કર ફરતું રહે છે; છતાં પણ આપણે સેંકડો પ્રકારનાં વિનાકારણ પાપ કરીએ છીએ અને

ધરાર અધર્મનાં કામો કરીએ છીએ. એ તરફ તો જુઓ! તોપવાળાને માટે જેટલી મુદત છે, એટલી મુદત પણ આપણે માટે ક્યાં છે? અને તોપણ આપણી ઉફાંદ તો જુઓ! આમ તે ક્યાં સુધી ચાલશે? ઘડિયાળમાં ટક ટક કરતો કાળ આપણા હાથમાંથી ચાલ્યો જાય છે અને થોડા વખતમાં મોત આપણી સામે આવીને ઊભું રહેવાનું છે, તે તરફ તો જુઓ! એ વખત બાજી હારી ગયા પછી આપણે શું કરી શકીશું? માટે હજી પણ હાથમાં વખત છે, તો ચેતો અને પરમ કૃપાળુ અખંડ આનંદરૂપ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્માનું શાંતિદાયક શરણ ધરી લો, ધરી લો અને જિંદગીની સાર્થકતા કરી લો.

૧૪૨–સત્સંગની ખૂબી

કવિઓ કહે છે કે, ગંગાજીમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે, પણ કાંઇ ધન મળતું નથી. ચંદ્રમા શાંતિ આપે છે, પણ કાંઇ પાપ હરતો નથી અને કલ્પવૃક્ષ મનમાગ્યા વૈભવો આપે છે, પણ કાંઇ મોક્ષ આપતું નથી; પણ સત્સંગમાંથી તો સર્વે વાનાં મળે છે. સત્સંગથી પાપ જાય છે, સત્સંગથી શાંતિ મળે છે, સત્સંગથી સંસારસુખનો લાભ થાય છે અને સત્સંગથી અંતે મુક્તિ પણ મળે છે. માટે આ દુનિયામાં સત્સંગ સૌથી શ્રેષ્ઠ છે; કારણ કે બીજી મોટી મોટી વસ્તુઓમાંથી પણ થોડા થોડા લાભ મળે છે; પણ સત્સંગમાંથી તો સર્વે વાનાં મળે છે, માટે જેમ બને તેમ સત્સંગનો વધારે લાભ લેવાય એમ કરો.

સત્સંગથી કેટલો બધો લાભ મળે છે, એ જાણવાને માટે આપણે દૂર શા માટે જવું જોઇએ? તમારા હાથમાં આ "**સ્વર્ગની કૂંચી**" છે, તેજ જુઓ ને! એ સત્સંગનું ફળ છે. જો મેં સત્સંગનો લાભ ન લીધો હોત, તો "**સંસારમાં સ્વર્ગ**," "**સ્વર્ગનું વિમાન**" અને આ "**સ્વર્ગની કૂંચી**" હું લખી શકત નહિ. એ બધું સત્સંગનુંજ ફળ છે, એ બધું સાધુસેવાનુંજ ફળ છે, એ બધું હરિજનોની અમીદૃષ્ટિનુંજ ફળ છે; એમાં મારું કાંઇ પણ નથી અને હજી પણ સત્સંગમાંથી કેવાં કેવાં મીઠાં ફળ નીકળશે, એ કોણ જાણી શકે છે? જ્યારે મને સત્સંગના લાભની ખબર નહોતી, ત્યારે બાળપણમાં હું કેવો જંગલી હતો અને

હવે સત્સંગના બળથી હું કેવા માનસિક આનંદમાં રહી શકું છું; એ સરખામણી જ્યારે હું મારા મન સાથે કરૂં છું, ત્યારે મને બહુ અજાયબી લાગે છે. એ વખતે મને એમ લાગી આવે છે કે, અહા! આટલી બધી સત્સંગની ખૂબી? શું સત્સંગ આખી જિંદગીને નવો રંગ આપી દે છે? હા, એમજ છે. ત્યારે તો ધન્ય છે, સત્સંગ તને! ધન્ય છે તારા લાભને! હું મારાં ભાઇબહેનોને કેવી રીતે સમજાવું? પ્રભુ! દયાળુ પ્રભુ! તમારો મહિમા જાણવા સારૂ અમારા હૃદયમાં સત્સંગની પ્રેરણા કરો, સત્સંગની પ્રેરણા કરો.

૫૬

સાધુ તે જનનો સંગ, બાઇ મારે ભાગ્યે મળ્યો છે;
મોટા પુરુષનો સંગ રે, બાઈ મારે ભાગ્યે મળ્યો છે. (ટેક)
મોટા પુરુષનાં દર્શન કરતાં, ચડે છે ચોગણો રંગ—બાઇ૦
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટી કાશીને કોટી ગંગ–બાઇ૦
દુરિજન લોકોનો સંગ ન કરીએ, પાડે ભજનમાં ભંગ–બાઈ૦
નિંદાના કરતલ નરકે રે જાશે, ભોગવશે થઇ ભોરિંગ—બાઈ૦
મીરાં કહે રે બાઇ સંતચરણરજ, ઊડીને લાગો મારે અંગ–બાઇ૦

૧૪૩–પીપર ખૂબ ઘુંટાયાથી ગુણમાં વધે છે, તેમ પ્રભુનું નામ પણ બહુ વાર લેવાયાથી ફાયદો થાય છે

લીંડીપીપર એ સાધારણ વસ્તુ છે, પણ જેમ જેમ તેને ખૂબ ઘુંટાય તેમ તેમ તેમાં ગુણ વધતો જાય છે અને તેની કિંમત પણ વધતી જાય છે; તેમજ ઉપલક રીતે ભગવન્નામ લઇ લેવું, એ આપણને સાધારણ લાગે છે; પણ જેમ જેમ એ પવિત્ર નામની હૃદયમાં તાળી લાગતી જાય અને જેમ જેમ એ નામ તેના સત્ય સ્વરૂપે અંતરમાં જામતું જાય, તેમ તેમ તેનો રંગ કાંઇ ઓરજ થતો જાય છે. પછી તેની કિંમત આખી દુનિયા ને સ્વર્ગ કરતાં પણ વધારે થઈ જાય છે. નામમહિમા જાણ્યા પછી અને નામની લેહ લાગી ગયા પછી સ્વર્ગ પણ ફિક્કું થઇ જાય છે. જે ભક્તને એવી તાળી લાગી જાય છે, તેના અંતરમાં એની મેળે મેળે મોક્ષધામનાં સુખડાં આવી પડે છે; પણ યાદ રાખજો કે, એ નામ કાંઇ ઓરજ છે. કવિ તુલસીદાસે કહ્યું છે કેઃ

૫૬

રામ નામ સબકો કહે, ઠગ, ઠાકોર અરૂ ચોર;
બિના પ્રેમ રીઝે નહિ, તુલસી નંદકિશોર.

એ નામ કયું ? એ નામ તે પ્રભુનુંજ છે; પણ એ નામ લેનારનો પ્રભુપ્રેમ કંઈ અલૌકિકજ હોય છે; એટલુંજ નહિ પણ એ નામ એક બે વખત કે સોબસો વખત નહિ, પણ લાખો ને કરોડો વાર લઇને તેણે સિદ્ધ કરેલું હોય છે, એટલે તેમાં એવું બળ આવી ગયેલું હોય છે. મહાન ભક્તો પ્રભુના પવિત્ર નામથી અસાધ્ય દરદો ઘડીકમાં સાજાં કરી દે છે; નામના બળથી સંતો નાસ્તિકોને આસ્તિક કરી દે છે; નામના બળથી સાધુઓ રિદ્ધિસિદ્ધિ મેળવી લે છે; નામના બળથી હરિજનો પાપીઓનાં પાપ મુકાવી દે છે; નામના બળથી જિંદગી બદલાઇ જાય છે ને નવું જીવન મળે છે અને નામના બળથી લાખો ભક્તો તરી ગયા છે; પણ એ નામ કેવું ? એ નામ ઉપરછલું નહિ, એ નામ દુનિયાને દેખાડવા સારૂ નહિ, એ નામ ભક્ત ગણાવા સારૂ કે કાંઇ સ્વાર્થ સાધવા સારૂ નહિ, એ નામ રૂઢિને ખાતર નહિ, એ નામ બળાત્કારથી લેવાયેલું નહિ અને એ નામ પોપટના રામરામની પેઠે સમજ વિના લેવાયેલું નહિ; પણ એ નામ તો અંતરના ઉમળકાનું, હૃદયના સ્વાભાવિક ઊભરાનું, ખરેખરા પ્રેમનું, હૃદયના પૂર્ણ બળનું, આત્મિક દિલાસાનું અને "**સ્વર્ગના વિમાન**"માં બેસીને જાણે આસમાનમાં ઊડતા હોઈએ, તેવું આનંદભર્યું એ નામ હોય છે. એ મહાન પવિત્ર નામ લેતી વખતે તો હૃદયનાં બધાં તાળાં ખૂલી જાય છે, એ સમર્થ નામ લેતી વખત તો આનંદના સાગર ઉલટી રહે છે, એ સ્વયંપ્રકાશનું નામ લેતી વખતે તો અંતરમાં પ્રકાશ થઇ જાય છે, એ જ્યોતિર્મય નામ લેતી વખત તો પાપરૂપી અંધકારનો નાશ થઇ જાય છે, એ મંગળમય નામ લેતી વખત તો સર્વત્ર મંગળજ દેખાય છે, એ ગુણાતીતનું નામ લેતી વખત તો દુનિયા ભૂલીને જાણે મોક્ષધામમાં હરિની હજૂરમાં બેઠા હોઇએ એમ થઇ જાય છે, એ કૃપાવંતનું નામ લેતી વખતે તો જાણે વરસાદની ધારાની માફક ભગવત્કૃપાની પ્રત્યક્ષ ધારાઓ વહેતી દેખાય છે, એ અવિનાશીનું નામ લેતી વખત તો જાણે આપણને અમરપણું મળી ગયું હોય, એવો આભાસ થઈ જાય છે અને એ સચ્ચિદાનંદની જય બોલાવતી વખત તો જાણે

આપણે આપણાપણું ભૂલી ગયા હોઇએ અને તેના આનંદમાં ડૂબી ગયા હોઇએ એમ થઈ જાય છે. ભાઇઓ! જ્યારે આવું થાય ત્યારેજ નામ લેવાની સાર્થકતા છે. જ્યાંસુધી એમ ન થાય ત્યાં-સુધી તો *"રબારીના રામ રામ" ને "પટેલની માળા" જેવુંજ એ નામને સમજવું.

ભાઇઓ! આ સાંભળી નિરાશ થશો નહિ; કારણ કે પક્કી રીતે યાદ રાખજો કે, પ્રભુનું નામ લીધેલું કદી પણ વ્યર્થ જતું નથી અને હમેશાં દરેક કામની શરૂઆત એવીજ હોય છે; પણ છેવટ સુધી પોલમાં ન રહી જવાય એ સંભાળજો. પોલમાં ન રહી જવા-ય અને ઉપર વર્ણવ્યું તેવું નામનું બળ અનુભવમાં આવે; એવું થવા સારૂ જેમ બને તેમ વધારે નામસ્મરણ કરો, જેમ બને તેમ વધારે માળા ફેરવો અને જેમ બને તેમ વધારે સારી રીતે પ્રભુના હુકમો પાળતાં શીખો.

પદ

નામકી મહિમા અગમ અપાર, તાકો કોઇ ન પામે પાર—ના૦
નેતિ નેતિ કર વેદ કહત હે, પહૂંચ ન શકે પાર;
ચતુરાનન ચારો જીહ્વાસે, નિશદિન કરે પુકાર—ના૦
શૂન્ય સમાધિ લગાય, ધ્યાન ધર, સનકાદિક ગયે હાર,
શેષ સહસ્ર મુખ નામ જપત હે, લે પૃથ્વીકો ભાર—ના૦
ત્રેતા મધ્યે રામે એક તારી, ગૌતમ ઋષિકી નાર;
નામ—ભજનસે જીવ અનેક, દિનપ્રતિ હોત ઉદ્ધાર—ના૦
એહી નામ સકળ ઘટમાંહી, સંતન લીઓ નિહાર;
સાહેબ કબીરકું ગુરુજીને દીનો, સોઈ નામ નિજ સાર—ના૦

---

*એમ કહેવાય છે કે, રબારી એકબીજાને સામા મળે તો રામ રામ કરે, પણ રોટલા ખાવાનું કહે નહિ. પટેલો ડાયરામાં બેઠા બેઠા હાથ-માં પકડેલી માળાના પારા ફેરવ્યા કરે; પણ વાતો તો ગમે તેવી થતી હોય ને ધ્યાન તો ગમે ત્યાં હોય. એવી માળા ને એવા રામ રામથી જેમ કાંઇ વળે નહિ, તેમ પ્રભુ ઉપરના પ્રેમ વિના અને પ્રભુના હુકમો પાળ્યા વિના પ્રભુનું નામ લેવાથી પણ કાંઈ મોટો લાભ થાય નહિ.

૧૪૪–ઉપરના બારદાન સામું ન જોતાં અંદરના માલ સામું જુઓ છો, તેમજ માણુસોના અવગુણુ ન જોતાં, તેના આત્મા તરફ જુઓ

વિલાયતથી કાપડની ગાંસડીઓ આવે છે એ તમે જોઇ છે? એ ગાંસડીઓનાં બારદાન તો ઉપરથી ખરાબજ હોય; કારણુ કે એ બારદાનને ગોદીઓના, ખટારાઓના, આગબોટોના ને ગાડાઉનોના અછાડાપછાડા ને ઝપાટા ખમવાના હોય છે. માટે એ બારદાન તો જાડાં પણુ હોય, ગુણુપાટનાં પણુ હોય, મેલાં પણુ હોય, ડામર લગાડેલાં પણુ હોય અને ફાટેલાં પણુ હોય. એવાં બારદાનો તરફ જોઇને કાંઇ અંદરના માલને ખરાબ કહેવાય નહિ; કારણુ કે એવાં બારદાનોની અંદર તો મજેના છીંટના તાકાઓ, ઊંચી મલમલો, ફેશનેબલ કોરનાં ધોતિયાં અને સુંદર રેશમી કિનારીઓનાં બંડલો હોય છે. માટે ઉપરનાં ખરાબ બારદાનો જોઇને કાંઇ અંદરના માલને ફેંકી દેવાય નહિ; તેમજ આપણું ભાઇબહેનોમાંથી કોઇ મૂર્ખ હોય, કોઇ બટકબોલાં હોય, કોઈ દુરાચારી હોય,કોઇ જૂઠાબોલાં હોય અને કોઈ ધર્મ વિનાનાં હોય તે સારૂ કાંઈ તેઓની સાથે આપણાથી વેર કરાય નહિ; કારણુ કે એ બધા માણુસજાતના અવગુણો એ તો ઉપરનું બારદાન છે; પણુ આપણને તો તેની અંદરના ઊંચા માલ સાથે કામ છે. એ ઊંચો માલ તે અમર આત્મા છે અને તે સર્વવ્યાપક મહાન પ્રભુનો અંશ છે; માટે ભાઇઓ! દોષદષ્ટિમાંજ નહિ પડચા રહેતાં સારગ્રાહી થઇને આ સર્વ જગત તથા સર્વ જીવો આપણા સર્વશક્તિમાન પિતા મહાન પ્રભુની પેદાશ છે, એમ સમજી હમેશાં સૌ સાથે રૂડી રીતે ભલાઈથી વર્તાય તેમ કરો.

૧૪૫–પરમાર્થને માટે ભલાં માણુસો કેટલું બધું અપમાન ખમી લે છે તેનો દાખલો

રખડતાં ગરીબ નિરાધાર છોકરાંને માટે એક મકાન બંધાવવાનું હતું. તે માટે ફંડ કરી તેમાં નાણાં ભરાવવાની જરૂર હતી. એ કામ એક ભલા માણુસે ઉપાડી લીધું અને તે માટે તે, બહુ મહેનત કરી, ઘેર ઘેર ફરી,પોતાની લાગવગ વાપરી ફંડમાં નાણાં

ભરાવવા લાગ્યો. એક વખત તે માણુસ કોઈ શેઠિયાને ત્યાં એ ફાળો લઈને નાણું ભરાવવાની આશાએ ગયો. એ વખત તે શેઠિયાને ત્યાં તેના પાંચ સાત બીજા મિત્રો બેઠા હતા અને તે બધા જુવાનિયાઓ મોજશોખની રમૂજી વાતો કરી રહ્યા હતા; એટલામાં તે માણુસ ત્યાં ફાળો લઈને ગયો. એ જોઈને પેલા શેઠિયાઓએ જાણ્યું કે, આ માણુસ આપણી પાસે કાંઈ ભીખ માગવા આવ્યો છે, તેથી ગુસ્સે થઈને તેમાંથી એક તુમાખી જુવાનિયો તેની ઉપર થૂંક્યો. એ પછી તેના થૂંકવાની દરકાર નહિ કરતાં તે ફાળો લાવનાર માણુસે કહ્યું કે, "શેઠ! આ ફંડમાં કાંઇ આપવાની મહેરબાની કરો." ત્યારે તે શેઠિયામાંથી એક જણુ બોલ્યો કે, "હમણાં તને આપ્યું તે જોયું નહિ? એટલે કે તારી ઉપર થૂંક્યા, તોય તને લાજ નથી આવતી?" ત્યારે તે માણુસે કહ્યું કે, "એ તો મને આપ્યું, પણ આ ફાળામાં તો કાંઇક ભરો!" એ સાંભળીને તેમાંથી એક જણાએ તેની પાસેથી ટીપ લઇને વાંચી જોઇ, એટલે જણાયું કે, ઓહો! આપણે ભૂલ્યા; આ તો નિરાધાર બચ્ચાંઓને માટે માગે છે; એ કાંઇ પોતાને માટે માગતો નથી; એમ જાણીને તે બધા શેઠિયાઓએ એ ફંડમાં મોટી રકમ ભરી આપી.

ભાઇઓ! આવી રીતે અપમાન ખમીને પણ ભલાં માણુસો પરમાર્થનાં કામો કરે છે અને પ્રભુના કૃપાપાત્ર થાય છે; પણ મૂર્ખ ને લોભિયાઓ પ્રભુના કૃપાપાત્ર છતાં પણ કાંઈ કરતા નથી ને ઊલટો પોતાને માટે નરકનો રસ્તો પસંદ કરે છે. માટે ભાઇઓ! જો પ્રભુએ આપ્યું હોય તો તનમનથી મહેનત કરવામાં પછાત પડશો નહિ. યાદ રાખજો કે, પ્રભુને અર્થે કરેલી તમારી મહેનત કાંઇ ફોગટ જવાની નથી. માટે ગરીબોને અર્થે પરમાર્થનાં કામો કરવા સારૂ કદી અપમાન સહન કરવું પડે, તોપણ મહાન પ્રભુને ખાતર તે સહન કરો; કારણ કે એવાં અપમાનનાં ઇનામો બહુ મોટાં છે, માટે આપણે તુચ્છ બુદ્ધિનાં માણુસો તરફથી મળતાં અપમાન સામું જોવાનું નથી, પણ સર્વશક્તિમાન જગત્પિતા તરફથી મળતાં ઇનામ તરફ જોવાનું છે, એ ધ્યાનમાં રાખજો.

૧૪૬–શ્રીમંત મોટા કે ભક્ત મોટા?

છપ્પનિયા દુકાળે બહુ લોકોને મુંબઇ દેખાડયું હતું. એ વખતે કાઠિયાવાડથી એક હરિજન એક ભક્તના સદાવ્રતના કામ માટે તજવીજ કરવા આવ્યો હતો. તે પાછો પોતાને ગામ ગયો, ત્યારે પેલા ભકતે મુંબઇના સુખશાંતિના સમાચાર પૂછયા અને પછી કહ્યું કે, "તમે મુંબઇમાં શું શું જોયું? એ તો વાત કરો." ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે, "ભાઈ ભાઇ! મુંબઇની તે શું વાત કરો છો? એ તો અલબેલી નગરી છે. હું તો કહું છું કે, જેણે મુંબઇ નથી જોયું, તેણે કાંઇ નથી જોયું. ત્યાંની લક્ષ્મી ને ત્યાંના વૈભવો તો કાંઇ ઓરજ છે. એવા એવા શેઠિયાઓ પડ્યા છે કે, આપણા ગામના રાજાઓ જેવાને તો તે વેચાતા લઈ લે. ઘણાએ શેઠિયાઓને ત્યાં ઘોડાગાડીઓ જોઇ, ઘણાઓને ત્યાં ઊંચી તોખમના અરબી તથા વિલાયતી શરતના ઘોડા જોયા, ઘણાઓને ત્યાં સુંદર વાડી-બંગલા જોયા, ઘણાઓને ત્યાં રેશમી સાટીનનાં ને મખમલનાં કોચખુરશી જોયાં, ઘણાઓને ત્યાં આરસ પથ્થરની લાદીઓ ને બારીક કારીગરીનાં પૂતળાંઓ જોયાં, ઘણાઓને ત્યાં સુંદર ફુવારા અને આંખો ફાટી ને ફાટી રહે તેવાં જોવાલાયક ચિત્રો જોયાં, ઘણાઓને ત્યાં ચાંદીસોનાનાં ને ફક્કડ ચીની કામનાં રાચરચીલાં જોયાં, ઘણાઓને ત્યાં રમવાનાં ટેબલો ને મેદાનો જોયાં, ઘણાઓને ત્યાં દરિયામાં સહેલ કરવાની જોલીબોટો અને મોટી કિંમતનાં કૂતરાં જોયાં, ઘણાઓને ત્યાં હવા ખાવાના બંગલા ને રાંડોના નાચ જોયા, ઘણાઓને ત્યાં ઊંચા ઊંચા પલંગો ને વિલાયતી વાજાંઓ જોયાં, ઘણાઓને ત્યાં છપ્પન જાતની ઊંચી ઊંચી મીઠાઇઓ ખવાતી જોઇ, ઘણાઓને ત્યાં મોટાં મોટાં કારખાનાં જોયાં, ઘણાઓને મોટી મોટી સભાઓ ગજાવતા જોયા, ઘણાઓને મોટા મોટા અધિકારવાળા જોયા અને ઘણાએ માનપત્રોવાળા તથા ઘણાએ મોટા મોટા ખિતાબોના પૂંછડાંવાળા જોયા. એવું એવું તો ઘણુંએ જોયું, પણ ભક્ત–એક મૂળ મુદ્દાની વાત ક્યાંય દેખાણી નહિ; એ તો માત્ર તમારા જેવા ભક્તોને ત્યાંજ જોયું." ત્યારે ભકતે પૂછયું કે, "ભાઇ! એ વળી શું?"

ત્યારે તે હરિજને કહ્યું કે, "કોઇના બારણામાં સાધુસંતની ભીડ જોઇ નહિ. સૌને ત્યાં સારૂં સારૂં ને મોજશોખની વસ્તુઓ

જોઇ; પણ કોઇને ત્યાં આંધળાં, લૂલાં, કાણાં, કૂબડાં, કોઢિયાં ને ભૂખ્યાંઓની ભીડ જોઇ નહિ. કોઇને ત્યાં ગરીબ યાત્રાળુઓને રોટલાનો કટકો અપાતો જોયો નહિ, કોઇને ત્યાં બીમારોની સારવાર થતી જોઈ નહિ, કોઇને ત્યાં રોજ દશવીશ આવતાજતા ભક્તોની મંડળી જોઈ નહિ, કોઇને ત્યાં રોજ રોજ હરિકથા થતી જોઈ નહિ, કોઇને ત્યાં નિરાધારોને માટે બે ઘડી બેસવાની જગ્યા જોઇ નહિ, કોઇને ત્યાં ભિખારીઓને માટે ખીચડાંના ચરુ ચડેલા જોયા નહિ, કોઇને ત્યાં તરસ્યાઓને પાણી મળે એવું દીઠું નહિ, કોઇને ત્યાં દુઃખીઓને દિલાસાના બે શબ્દો મળે એવું પણ દીઠું નહિ, કોઇને ત્યાં ગરીબોને માત્ર આવકાર મળે એટલું પણ દીઠું નહિ, કોઇને ત્યાં નાગાંઓને વસ્ત્ર મળે એવું પણ દીઠું નહિ અને કોઈને ત્યાં દુઃખીઓની ખબર પુછાય તેવું પણ દીઠું નહિ. એ બધું તો માત્ર ભક્તોને ઘેરજ અમે જોયું. ભીખ માગીમાગીને સદાવ્રત ચલાવવાં અને સંતોની તથા દુઃખીઓની સેવા કરવી, એ તો માબાપ તમારે ઘેરજ જોયું. તમે શા માટે સુખી છો, તેનું કારણ હવે હું સમજ્યો. એનું કારણ એજ કે, તમારે ત્યાં આવીને ગરીબો પોતાનું દુઃખ ભૂલી જાય છે અને તમારે ત્યાં ભૂખ્યા અતિથિઓનું આદરસન્માન થાય છે; માટે એ સેવાને લીધે, એ પુણ્યને લીધે તમારે ત્યાં સદાય આનંદ રહે છે.”

અહો ! પ્રભુને ખાતર પ્રભુનાં બાળકોની સેવાનું ફળ કેટલું બધું મોટું છે, એ જુઓ તો ખરા ! જેને ઘેર ચાર ચાર ઘોડાની ચોકડીઓ હોય, તેઓનાં હૃદયમાં હોળીઓ બળતી હોય તથા કંઈક જાતની કાણો મંડાણી હોય અને જે ગરીબ ભક્તો દુઃખીઓની સેવા કરવા સારૂ ભીખ માગતા હોય, તેઓને ત્યાં સંતોની મંડળીઓ પ્રભુના નામનો જયજયકાર બોલાવતી હોય, એ શું ખૂબીની વાત નથી ? હવે તમે કહો કે, કોણ મોટા ? ભક્ત કે શ્રીમંત ? અમને તો દાસભાવવાળા અને સેવાધર્મવાળા ભક્તો મોટા લાગે છે; માટે કરુણાના ભંડાર, નોધારાના આધાર, દેવોના દેવ, પરમ મંગળસ્વરૂપ, આદિનાથ પૂર્ણ પુરુષોત્તમ, સર્વેશ્વર શ્રીહરિને પ્રાર્થના કરીએ છીએ કે, હે પ્રભુ ! તારી સેવા કરી શકીએ તેવા અમોને ભક્ત બનાવ, ભક્ત બનાવ.

૧૪૭–ભગવત્કથામાંથી શું સાર લેવો તે વિષે

મુંબઈમાં એક ઠેકાણે રામાયણની કથા વંચાતી હતી, ત્યાં ઘણાએ હિંદુસ્તાની ભૈયાલોકો સાંભળવા આવતા હતા. એક દિવસે તેમાં હનુમાનજીનાં પરાક્રમની વાત આવી. વાત ઉપરથી વાત નીકળતાં કોઇએ કહ્યું કે, "ગરુડજીએ હનુમાનને જીતી લીધા હતા." ત્યારે બીજાએ પૂછ્યું કે, "એ કયે ઠેકાણે?" પેલાએ કહ્યું કે, "વિંધ્યાચળ ઉપર." ત્યારે બીજાએ કહ્યું કે, "નહિ, દ્રોણગિરિ ઉપર." ત્યારે ત્રીજાએ કહ્યું કે, "પંપા સરોવર પાસે." ત્યારે ચોથાએ કહ્યું કે, "અંતરિક્ષમાં હનુમાનજીને ગરુડજી મળ્યા હતા." આવી રીતે વાત ચાલતાં પહેલો ને બીજો માણસ લડી પડ્યા. બીજાએ કહ્યું કે, "તેરા ગુરુ જૂઠા; વિંધ્યાચળ પર ગરુડજી હનુમાનજીકું કભી નહિ મિલા હૈ." ત્યારે પહેલાએ કહ્યું કે, "મૂર્ખ છે; તને ભણતાં ક્યાં આવડે છે. બાપદાદે કદી રામાયણ જોઇ છે?" આમ કરતે કરતે વાત વધી પડી, તેથી ગાળાગાળી ઉપર આવી ગયા અને અંતે મારામારીની તૈયારી થવા લાગી. બન્ને બાજુ તરફથી કેટલાક જણા લડવાને તૈયાર થયા અને લાકડીઓ ઊડવાની ઘડીઓ જવા લાગી. એટલામાં કોઈ એક સમજુ માણસ તેઓ વચ્ચેથી નીકળી આવ્યો. તેણે કહ્યું કે, "ફોગટની લડાઈ ન કરો. નાહક બબ્બે ચચ્ચાર મહિના જેલમાં ચાલ્યા જશો ને મફતના માર ખાશો, એમાં હાથમાં શું આવશે? હનુમાનજી ને ગરુડજી દ્રોણાચળ ઉપર મળ્યા હોય તો ભલે ને વિંધ્યાચળ ઉપર મળ્યા હોય તોપણ ભલે. એમાં આપણને અડચણ શું? કોઈ પુસ્તકમાં એમ પણ લખ્યું હોય ને કોઇ પુસ્તકમાં એમ પણ લખ્યું હોય, તેમાં આપણે શા માટે લડવું જોઇએ? આપણે કાંઈ થોડું જ જોવા ગયા છીએ?" ત્યારે પેલા માણસે કહ્યું કે, "એમ કેમ થાય? આજ દિવસ સુધી અમે રામાયણ વાંચી તે શું ધૂળ ઘાલી છે? જો વિંધ્યાચળ ઉપર હનુમાનજીને ગરુડજી ન મળ્યા હોય, તો કાંડાં કલમ કરી નાખું; એ ઉપર તો જે કહો તે શરત લગાવું." ત્યારે બીજાએ કહ્યું કે, "તારામાં માલ ક્યાં છે? આવી જા સામે, દશ દશ રૂપિયાની શરત."

અંતે બંને વચ્ચે શરત નક્કી થઇ અને એમ ઠરાવ્યું કે, પંડિત

રામદાસ સ્વામી કહે તે બંને જણાએ કબૂલ કરવું. તેથી બીજે દિવસે તેઓ મહાલક્ષ્મીના મંદિર પાસે રામદાસ સ્વામી પાસે ગયા ને બધી વાત કહી બતાવી. ત્યારે તે સ્વામીએ કહ્યું કે, "હનુમાનજી ને ગરુડજી દ્રોણાચળ ઉપર પણ મળ્યા હતા અને વિંધ્યાચળ ઉપર પણ મળ્યા હતા; કારણ કે એ બંને મહાસમર્થ છે; એટલુંજ નહિ પણ શ્રીભગવાનના કામે વારંવાર તેઓને જવું પડે છે, એટલે એ તો ઘણે ઠેકાણે સામસામા મળી જાય, એમાં શરત લગાડવા જેવું અને મારામારી કરવા જેવું શું છે? અરે ભાઈઓ! જરાક તો બુદ્ધિ ઠેકાણે રાખો. ધર્મની કથા સાંભળવા જવું ને ભગવાનના ગુણગાન સાંભળવા જવું, ત્યાં પણ આવી લડાઈ કે? ધન્ય છે તમારા કથા કરનારને અને ધન્ય છે તમને સાંભળનારાઓને! લાકડીઓ ઉડાડવા માટે કથા સાંભળવા જવું, એ પણ કાંઈ જેવી તેવી ખૂબી છે? અરે ભારત! તારી આવી દુર્દશા તે ક્યાં સુધી રહેશે?" ભાઈઓ! આવી બહારની વાતોમાં રહી જવું એ કાંઈ હરિજનોનું કામ નથી. અસલનાં ઠેકાણાં નક્કી કરવાં અને એક બીજાં પુસ્તકો વચ્ચેના હેરફેર શોધી કાઢવા એ આપણું કામ નથી. એ તો જૂના ઇતિહાસની શોધખોળ કરનારા પંડિતોનું કામ છે. આપણે તો હરિકથામાંથી ને ધર્મશાસ્ત્રોમાંથી જેમ બને તેમ આપણા અંતરમાં ભગવદાવેશ ભરાય એવી બાબતો પકડી લેવી જોઇએ. એમાંથી આપણે તો એજ શીખવું જોઇએ કે આપણા આત્માના કલ્યાણ માટે આપણા ભટકતા મનને કેમ વશ રાખવું? અને આપણા દેશને તથા આપણાં ભાઈબહેનોને પ્રભુને અર્થે કેમ મદદ કરવી? એજ આપણે શીખવું જોઇએ. ટૂંકામાં એટલુંજ કે, ભગવાનના ગુણ સાંભળી આપણા અંતરનો પ્રભુપ્રેમ વધે, આપણા ધર્મના નિયમો આપણે સમજીએ અને મહાત્માઓના દૃષ્ટાંતથી પ્રભુના હુકમો પાળવાનું આપણામાં વધારે બળ આવે, તે સારૂ આપણે શાસ્ત્રની વાતો સાંભળવી જોઇએ, તોજ સાર્થકતા થઇ શકે, ખાલી મોઢાની વાતો કરવાથી, ફોગટના વાદવિવાદ કરવાથી કે અક્કલની ઉજાણીમાં પડયા રહેવાથી કાંઈ શુકરવાર થાય નહિ; માટે આપણો ભગવદ્આવેશ વધારવા સારૂ હરિકથા સાંભળો.

૧૪૮–પ્રભુથી ઊલટા ચાલીને ધર્મ કરવો તે પાપ છે

એક ગુરુએ પોતાના શિષ્યને સવાલ પૂછ્યો કે, "બેટા! ધાર કે, આખી દુનિયા ડૂબી જતી હોય અને તું એક ઊંચી ટેકરી ઉપર બેઠો હોય, એ વખતે તને પ્રભુનો એવો હુકમ હોય કે, જો તું આ દોરી ખેંચીશ, તો આખી દુનિયાને મરતી બચાવી શકીશ; પણ મારો હુકમ એ છે કે, તારે તેઓને બચાવવા નહિ. એ પછી દુનિયા ડૂબવા લાગે, લોકો હાયવોય કરવા લાગે, કાલાવાલા કરી તારી દયા માગવા લાગે અને તને તો માત્ર જરાક દોરી ખેંચવાનીજ વાર હોય, તો તું શું કરે? દુનિયાને બચાવી લેવાનું પુણ્યનું કામ કરે કે પ્રભુના હુકમ પ્રમાણે દુનિયાને ડૂબવા દે?" ત્યારે શિષ્યે કહ્યું કે," મહારાજ! જો એવી દોરી મારા હાથમાં હોય, તો હું જરૂર દુનિયાને બચાવી લઉં. આખી દુનિયા જો બચી જતી હોય, તો પ્રભુનો એક હુકમ ન માન્યો, એ શું વિસાતમાં છે?" ત્યારે ગુરુએ કહ્યું કે, "બેટા! તું હજુ કાચો છે, તું ધર્મનું તત્ત્વ સમજતો નથી. તું સર્વશક્તિમાન ઈશ્વરની મોટાઈ હજુ બરાબર જાણતો નથી; માટે તને પરમાર્થ મોટો લાગે છે અને પ્રભુની ઇચ્છા નાની લાગે છે; પણ બેટા! તું વિચાર કર, કે આ દુનિયા જેવાં તો અનંત બ્રહ્માંડોનો તે બનાવનાર છે. આપણી આ દુનિયા એ તેને મન તો મહાસાગરના એક ટીપા બરોબર પણ નથી, એટલુંજ નહિ પણ દુનિયાને ડુબાવી દેવામાં તેનો શું ઉત્તમ હેતુ હશે, એ પણ આપણે ક્યાં સમજીએ છીએ? જ્યારે આપણે ખરેખરી રીતે કાંઈજ જાણતા નથી, જ્યારે આપણાં મોટાં મોટાં કામો પણ તે અનંત બ્રહ્માંડના નાથની આગળ કાંઈ વિસાતમાં નથી અને જ્યારે તે સર્વશક્તિમાન પરમ કૃપાળુ પ્રભુની ઇચ્છા વિરુદ્ધ કાંઈ થઈ શકતુંજ નથી, ત્યારે તેની ઇચ્છાને છોડી–તેના હુકમને છોડી મોટાં કામોના લોભમાં શા માટે ફસાય છે? બેટા! આજથી યાદ રાખજે કે, પ્રભુની ઇચ્છા વિરુદ્ધ થઇને પુણ્ય કરવું એ પણ પાપ છે. માત્ર ભગવદ્દઇચ્છાજ મોટી વાત છે, માટે કાંઇ સારૂં કરવા માટે પણ પ્રભુના હુકમો ન તોડો; કારણ કે પ્રભુના હુકમો પાળવા કરતાં વધારે સારૂં કામ આ દુનિયામાં બીજું કાંઇ છેજ નહિ, એવો આજથી ઠરાવ કરો.

૧૪૯–સર્વ ધર્મ કબૂલ કરે છે કે, પ્રભુની ઇચ્છાને આધીન થવું જોઇએ અને પ્રભુના હુકમો પાળવા જોઇએ

આખી દુનિયાના તમામ ધર્મોનાં શાસ્ત્રો બીજી બાબતોમાં ગમે એટલાં જુદાં હોય, પણ ભગવદ્ઇચ્છાને આધીન થઇ પ્રભુના હુકમો પાળવાની બાબતમાં સર્વે એકમત છે અને સર્વે ધર્મનાં શાસ્ત્રો જુદી જુદી રીતે એકની એકજ, જૂનામાં જૂની ને નવામાં નવી, સારામાં સારી ને સહેલામાં સહેલી, એની એજ વાત વારંવાર કહે છે કે, પ્રભુની ઇચ્છાને આધીન થાઓ અને મહાન પ્રભુના પવિત્ર હુકમો પાળો. માણસો પણ એ વાત કબૂલ કરે છે; પણ ઈશ્વરની ઇચ્છા શું છે? અને ઈશ્વરની ઇચ્છાને આધીન થવું એટલે શું કરવું, તે સમજી શકતાં નથી તથા સમજવા છતાં પણ ભગવદ્આશરાના બળ વિના, અંતરની શુદ્ધતા વિના સમજેલું પાળી શકતાં નથી. મહાત્માઓ કહે છે કે, મન, વચન અને કર્મથી પવિત્ર રહેવું એ પ્રભુનો હુકમ છે ને તનમનધનથી પ્રભુમય થતું જવું એ ઈશ્વરની ઇચ્છા છે. હરિજનોને પ્રભુની ઇચ્છા સમજવામાં કાંઈ મુશ્કેલી નથી; કારણ કે પ્રભુની ઇચ્છા બહુ ખુલ્લી છે. પ્રભુની ઇચ્છા એટલી બધી મોટી છે, કે તે કોઇથી પણ છૂપી રહી શકેજ નહિ. હરિજનોના હ્રદયમાં તો તે કોતરાઇ ગયેલીજ હોય છે. ભક્તો કહે છે કે, હમેશાં દીનતાપૂર્વક પ્રેમ આણીને પ્રભુની પ્રાર્થના કરવી. આપણા અંતરના દોષો કબૂલ કરીને તે સર્વશક્તિમાન પ્રભુની માફી માગવી, હરિજનો ઉપર પ્રેમ રાખવો, દુનિયામાં ધર્મ વધે તેમ કરવું, કાલ સવારે મરી જવું છે, માટે કાંઇક ભલાઈ કરી લઇએ તો સારૂં એવા વિચારો રાખવા, આપણાં ભાઇબહેનોને યથાશક્તિ મદદ કરવી, સત્સંગમાં પ્રેમ રાખવો, વિકારો ઓછા થાય તેમ કરવું, ભગવદ્આશરાનું બળ રાખવું, નીતિ સાચવવી અને પ્રભુ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદથી રહી વખત વખતના ધર્મ બજાવવા, એ પ્રભુનો હુકમ છે, એ પ્રભુની ઇચ્છા છે ને એમાંજ આપણું કલ્યાણ છે. એ સિવાયનાં બીજાં લાંબાં લફરાંમાં અમે સમજતા નથી; માટે તમારે પણ જો અમારા જેવું થવું હોય તો એ પ્રમાણે કરો.

૧૫૦–ધર્મ પાળ્યા વિના ધર્મનું નામ લેવાથી માત્ર કાંઇ કલ્યાણ થાય નહિ

ધર્મ શબ્દનો ટૂંકો અર્થ એટલોજ છે કે, ધારણ કરવું તેનું નામ ધર્મ; પણ ધારણ કરવાનો અર્થ બહુ મોટો છે. ધારણ કરવું એટલે પ્રથમ સમજવું; કારણ કે સમજ્યા વિના કોઇ પણ ચીજ ધારણ થઇ શકે નહિ. સમજ્યા પછી–આપણી ખુશીથી તેને કબૂલ કર્યા પછી તે પ્રમાણે વર્તવું અને એ પ્રમાણે વર્તીને તેને આપણું પોતાનું કરી લેવું, તેનું નામ ધારણ કરવું છે. હવે જુઓ કે, ધારણ કરવામાં મુખ્ય ચાર બાબત છે. પ્રથમ સમજવું એટલે કે જ્ઞાન મેળવવું; બીજું કબૂલ કરવું એટલે કે શ્રદ્ધાથી માનવું; ત્રીજું સમજ્યા પ્રમાણે ને માનવા પ્રમાણે પાળવું અને ચોથું એ ત્રણે બાબતોને આપણી પોતાની કરી લેવી એટલે કે આપણે તદ્રૂપ બની જવું, તેનું નામ ધારણ કરવું છે. હવે ધર્મનો અર્થ સમજ્યા ? વેદમાં જે ત્રણ ભાગ છે–કર્મ, ઉપાસના ને જ્ઞાન–તેનું રહસ્ય સમજી મુક્તિ મેળવવી તેનું નામ ધર્મ છે. પ્રથમ ઇશ્વરના સ્વરૂપનું બની શકે એટલું જ્ઞાન મેળવવું, પછી શ્રદ્ધાથી પ્રેમપૂર્વક તેની ભક્તિ કરવી અને છેવટે તેના હુકમો પાળી પ્રભુ જેવા થઇ પ્રભુની હજૂરમાં–મોક્ષધામમાં પહોંચવું તેનું નામ ધર્મ છે; માત્ર ધર્મની વાતો કરવી તેનું નામ કાંઇ ધર્મ નથી. ઇશ્વરને ઓળખવા માટે પવિત્ર શાસ્ત્રની ને મહાન ભક્તોની વાતો કરવી, એ તો માત્ર ધર્મનું પહેલું પગથિયું છે. પ્રભુ ઉપર વિશ્વાસ અને પ્રભુપ્રેમ કે જેને આપણે ભક્તિ કહીએ છીએ, તે ધર્મનું બીજું પગથિયું છે. સારા આચાર–વિચાર, ભ્રાતૃભાવ અને ભગવદ્દઇચ્છાને આધીન થવું એટલે કે પ્રભુ જે સ્થિતિમાં રાખે તે પ્રમાણેની ફરજ બજાવવી ને તેમાં આનંદથી રહેવું, એ કર્મકાંડ તે ધર્મનું ત્રીજું પગથિયું છે. એ ત્રણે બાબતો પાળીને જે તેનું તત્ત્વ લઇ શકે છે, તે ભાગ્યશાળી મહાત્મા ઉપર કૃપા કરીને પ્રભુ તેને પોતાના જેવા બનાવી પોતાની હજૂરમાં–મોક્ષધામમાં રાખે છે. એ ધર્મના ફળરૂપ ચોથું પગથિયું છે. આવી રીતે આત્મા પોતાની પૂર્ણ ઉન્નતિએ પહોંચે તેમ વર્તવું તેનું નામ ધર્મ છે. માત્ર વાતો કરવાનું નામ કાંઇ ધર્મ નથી. જેમકે રોટલા–રોટલા બોલ્યા કરવાથી કાંઇ રોટલા ખાધા વિના પેટ ભરાય નહિ અને દવાનું નામ લેવાથી

કાંઇ દવા પીધા વિના રોગ મટે નહિ, તેમજ ધર્મની વાતો કર્યા કરવાથી, ધર્મ પાળ્યા વિના કાંઇ આત્માનું કલ્યાણ થાય નહિ અને પ્રભુ પ્રસન્ન થાય નહિ; માટે બહારની ઉપલક લૂખીપૂખી વાતોમાંજ નહિ પડયા રહેતાં મન, વચન ને કર્મથી કાંઇક પણ જેટલો બની શકે તેટલો ધર્મ પળાય તેમ કરો.

૧૫૧–એક ગરાસિયાએ કોઇ એક ગરીબ રાંડીરાંડ બાઇનું ખેતર જુલમથી લઇ લીધું તે વિષે

એક લોભી સ્વભાવનો ગરાસિયો હતો. તેણે એક ગરીબ રાંડીરાંડ બાઇનું ખેતર જુલમથી પડાવી લીધું. એ બાઇની તરફથી કોઇ બોલવાવાળું નહોતું; કારણ કે ગરીબ માણસ સારૂ દરબારની સાથે કોણ વેર બાંધે? દરબાર અને કારભારીઓ જાણતા કે, ગામડાંઓમાં તો એમ માર્શલ–લૉજ ચાલે. અહીં આપણને કોણ પૂછે એમ છે? ગામડિયાઓ ક્યાં કાયદામાં સમજે છે? આપણું ખિસ્સું ભરાય તે આપણો કાયદો; એવું સમજીને તે ગરાસિયાએ એ નિરાધાર બાઇનું ખેતર પડાવી લીધું. બાઇએ બહુ કાલાવાલા કર્યા અને તે ઘણુંએ રોઈ, પણ તે સ્વાર્થી ગરાસિયો કાંઇ સમજ્યો નહિ. અંતે તે બાઇએ એક યુક્તિ કરી.

તેણે એ ગરાસિયાને કહ્યું કે, " જે થયું તે થયું. તમારી એમ મરજી થઇ તો એમ. તમે ગામના ધણી છો. તમારી સાથે લડવામાં કાંઈ હું પહોંચી શકું તેમ છું? એ ખેતર ઉપર મારા ગુજરાનનો આધાર છે, તે સારૂ હું કરગરૂં છું. હવે હું માગીભીખીને જેમતેમ મારું ચલાવીશ; પણ મારી એક અરજ સાંભળવાની દયા કરો."

ગરાસિયાએ કરડાકીથી કહ્યું કે, " શું છે? ખેતર પાછું લેવાની વાત ન કરતી; બીજું જે કાંઇ કહેવું હોય તે કહે."

ત્યારે તે બાઇએ કહ્યું કે, " મારે ખેતર નથી જોઇતું. ભલે તે તમે રાખીને ખુશી થાઓ; પણ એ મારા ખેતરમાંથી એક ટોપલો ભરીને માટી મને લેવા દો, એટલે મારા જીવને સંતોષ થાય કે, આ મારા ખેતરની માટી છે."

તે ગરાસિયાએ જાણ્યું કે, આખું ખેતર આપણને મફતનું પચી જાય છે, ત્યારે તે ટોપલો માટી લે, તો તેમાં આપણું શું જાય છે? એમ સમજીને તેણે હા પાડી; તેથી તે બાઇએ છલોછલ માટીનો ટોપલો ભર્યો અને તે ગરાસિયાને કહ્યું કે, " આ ટોપલો

મને જરા ઊંચકવા લાગો." ત્યારે તે ગરાસિયાએ કહ્યું કે, "એટલો બધો ભાર મારાથી ન ઊપડે." એ સાંભળીને તે ગરીબ બાઇએ બળતા હૃદયથી કહ્યું કે, "આ એક ટોપલી માટીનો ભાર તમારાથી નથી ઊપડતો, ત્યારે અધર્મથી લીધેલા આ ખેતરના પાપનો બોજો તમારાથી કેમ ઊપડશે?"

વખતસરનો આ બરાબર ફટકો જોઇને તે ગરાસિયાની આંખો ઊઘડી ગઈ. તેની બુદ્ધિ ઠેકાણે આવી. તેને લાગ્યું કે, આપણે તે કેટલાક ભવ જીવવું છે કે, આવાં પાપ કરીએ? એમ વિચારી તેણે તે ભલી બાઇને તેનું ખેતર પાછું સોંપી દીધું.

ભાઈઓ! આપણાથી પણ જો કાંઈ આવા નાનામોટા અધર્મ થઈ જતા હોય, તો હવે ચેતવાની બહુ જરૂર છે; કારણ કે લોભી, સ્વાર્થી ને અભિમાની ગરાસિયો આ એકજ ફટકાથી ચેતી ગયો, ત્યારે આપણે હાથ તો આવા સાડીપાંચસો ફટકાવાળું 'સ્વર્ગનું વિમાન' ને 'સ્વર્ગની કૂંચી' આવી ગયાં છે અને તેમ છતાં પણ જો નહિ ચેતીએ, તો એ ભૂલ કાંઈ જેવી તેવી નથી ને એની શિક્ષા પણ કાંઈ જેવી તેવી નહિ હોય. માટે ભગવદ્‌આશરાનું બળ રાખીને મહામંગળકારી દયાળુ પ્રભુ પાસે માગો કે, "હે પ્રભુ! આવાં પાપોથી બચવા સારૂ અમોને સદ્‌બુદ્ધિ આપો, અમોને ધર્મનું બળ આપો."

૧૫૨–લોભ મૂઆ પછી પણ દુઃખ દે છે

એક પૈસાવાળો માણસ હતો. તે લોભિયો હતો. આખી જિંદગી તેણે ધનની હાયવોયમાંજ કાઢી હતી; પણ એક દોઢિયું પણ ધર્મના કામમાં ખર્ચી શકતો નહોતો. એ પછી તે પાકી ઉમરનો થયો ને મરવા પડ્યો; પણ કાંઈ દાનધર્મ કરે નહિ ને પથારીમાં પડ્યો પડ્યો રિબાયા કરે. તેની બાયડી બહુ સમજુ ને ભલું માણસ હતી. તેણે કહ્યું કે, "હાથે તે સાથે, માટે હવે તો કાંઇક કરી લો. પ્રભુએ ઘણુંય આપ્યું છે ને આખી જિંદગી હાયવોય કરી છે; માટે હવે તો કાંઇક હાથ ઠારો." પણ એ વાત પેલા ભાઇસાહેબને ગળે ઊતરે નહિ. બાયડીએ કહ્યું કે, "બીજું તો રહ્યું, પણ એક ગાયનું દાન તો કરો." ત્યારે તે લોભિયાએ કહ્યું કે, "બેસ, બેસ રાંડ! તું તો મૂર્ખી છે. પૈસા કેમ મેળવાય છે, એ ખબર છે? આખો દિવસ આપો, આપો, એજ વાત લઇને બેઠી છે, બીજો કાંઈ

ધંધો છે કે નહિ? આપે તે શાનું? કાંઇ કોઇના બાપનું કરજબરજ છે કે શું? તું તો જાણે નવલખી નાગરદાસની દીકરી! ગાય આપો, ધૂળ આપો ને રાખ આપો, એમ બોલી નાખતાં કાંઇ વાર લાગે છે? પણ ગાયના રૂપિયા કેટલા થાય એ કાંઇ ખબર છે? હું એક દમડી પણ ખર્ચું એવો છું કે? ભલે નરકમાં જાઉં, એમાં તારા બાપનું શું ગયું? ખબરદાર હવેથી કાંઈ આપવા-બાપવાનું કહેતી નહિ; નહિ તો તારેમારે કજિયો થઈ પડશે ને હું છું માંદો માણસ, એટલે મારો મિજાજ કાબૂમાં નહિ રહે.”

બાયડીએ વિચાર્યું કે, આ લોભી કાંઈ સમજાવ્યા સમજે તેમ નથી અને ભર્યુંભાદર્યું ઘર છતાં ખાલી હાથે ચાલ્યા જાય, એ પણ ઠીક નહિ. મરતી વખતે પોતાને હાથે કાંઇ ને કાંઇ કરી જાય તો સારૂં, પણ સીધી રીતે તે માને તેમ નથી; માટે હવે તો કાંઈક યુક્તિ કરવી જોઇએ. એમ વિચારીને તે બાઇએ એક માટીની ગાય બનાવી અને તેમાં સોનાની સાંકળી મૂકી. પછી એક બે દહાડા રહીને જ્યારે મંદવાડ વધ્યો, ત્યારે બાઇએ પાછું કહ્યું કે, “હવે મારી વાત સાંભળશો?” ત્યારે તેણે હાંફતે હાંફતે કહ્યું કે, “આપવાલેવાની વાત નહિ કરતી, બીજું જે કહેવું હોય તે કહે.” બાયડીએ કહ્યું કે, “આ વ્યાસ આવ્યા છે, તે કહે છે કે, શાસ્ત્ર-માં એમ કહ્યું છે કે, જો સાચી ગાય ન અપાય, તો માટીની ગાય બનાવીને આપી હોય તોપણ ચાલે. પ્રભુ એવા દયાળુ છે કે, કોઈ-ની શક્તિ ન હોય, તો એથી પણ માની લે. હવે એમાં તો કાંઈ ખરચની વાત નથી ને? આ માટીની ગાય આપશો?” ત્યારે તે લોભિયાએ કહ્યું કે, “એમાં શું? એવી તો તું કહે તો એકને બદલે બે ગાય આપું. દોઢિયું ખરચવું ન પડે એવી જે વાત તું કહે, તે કરવાને તૈયાર છું. મારી પાસે આપવાલેવાની વાત ન કરવી.” એ પછી સંકલ્પ કરાવીને ગોરને તે માટીની ગાય આપી. ગોરે કહ્યું કે, “આ ગૌદાનની સાથે કાંઇ દક્ષિણા આપવી જોઇએ.” ત્યારે લોભિયાએ કહ્યું કે, “દક્ષિણાબક્ષિણા કાંઇ મળશે નહિ. જો દક્ષિણા વિના ન ચાલે તેમ હોય, તો ગાયને પાછી મૂકી દો. મારે ગાય નથી આપવી. બધા આવા લોભિયાઓજ મને ક્યાંથી મળે છે? જે હોય તે બસ લાવો, લાવો, બીજી વાતજ નહિ! જાણે બાપનોજ માલ હોયને!” એમ બોલતો બોલતો હાંફવા લાગ્યો.

એ પછી થોડા વખતમાં એ લોભિયો મરી ગયો અને જ્યારે

તે વૈતરણી નદીને કિનારે પહોંચ્યો, ત્યારે તે માટીની ગાય ત્યાં હાજર થઈ. એ ગાયનું પૂંછડું પકડીને તે વૈતરણી તરવા લાગ્યો; પણ ગાય માટીની હોવાથી માટી ધોવાઇ જવા લાગી. માટી ધોવાતાં ધોવાતાં થોડા વખતમાં તેની અંદરની સોનાની સાંકળી દેખાઈ ગઇ. એ જોઇને તે લોભિયો હાય હાય કહીને પોતાની છાતી કૂટવા લાગ્યો અને બોલી ઊઠ્યો કે, "અરરરર ! રાંડે ગજબ કર્યો. સોનાની સાંકળી આપી દીધી !" જેવો હાય હાય કહીને છાતી કૂટવા ગયો કે હાથમાંથી પૂંછડું મુકાઇ ગયું, તેથી તે લોભિયો વૈતરણીની અધવચમાંજ ગોથાં ખાવા લાગ્યો ને અંતે ડૂબી ગયો. પૌરાણિક રીત મુજબની આ વાતનો સાર એ છે કે, મરતાં સુધી પણ લોભ જઇ શકતો નથી અને મર્યા પછી મનમાં તેના જે સંસ્કાર બેસી ગયા હોય તે ખસતા નથી; માટે એવા બૂરા લોભથી ચેતતા રહેવાની બહુ જરૂર છે. બીજા કેટલાક દુર્ગુણો અવસ્થા પ્રમાણે, આજુબાજુના સંજોગો પ્રમાણે અને જ્ઞાનભક્તિ પ્રમાણે મોડાવહેલા જાય છે; પણ લોભ તો એવો ખરાબ છે, કે તે છેવટ સુધી પણ જતો નથી. માટે ભાઇઓ ! એવા ગેરવાજબી લોભમાં ફસાઇ જઇને અધર્મ ન થઈ જાય અને કાંઈ પણ ભેટસોગાત લીધા વિના ખાલી હાથે હરિની હજૂરમાં ન જવું પડે, એ સંભાળજો.

૫૬

ચેત ! પ્રાણિયા નરકની વાટે જાવું (ટેક)
નરકની વાટે જાવું, ઘણું રહેશે તારે પસ્તાવું રે–ચેત !
રૂડી દેહ મનુષ્યની તું પામ્યો, ખૂબ પૈસેટકેથી જામ્યો;
ચડી સત્સંગમાં ન વિરામ્યો રે–ચેત !
સંતસાધુને પ્રેમથી ન પોખ્યા, અન્નવસ્ત્ર આપી ન સંતોખ્યા;
શેર લોટ ન કોઇના જોખ્યા રે–ચેત !
શરમ મૂકી અધર્મમાં ચાલ્યો, શુદ્ધ વેદવિહિત ધર્મ ન ઝાલ્યો;
અહોનિશ અહંકારમાં હાલ્યો રે–ચેત !
બોધ સદ્ગુરુસંતનો ન લાગ્યો, મૂર્ખ માયાના મોહથી ન જાગ્યો;
ધક્કો ઓચિંતો કાળનો લાગ્યો રે–ચેત !
હામ મનની તે રહી ગઈ મનમાં, કાળ આવી પુગ્યો જોબનમાં;
સોડ તાણી સૂતો જઇ વનમાં રે–ચેત !
દ્રવ્યમાલ છોડી ગયો ખાલી, કામ નાવી તે ઠકરાઈ ઠાલી;
જમ આગળ જુગતી ન ચાલી રે–ચેત !

દારા, સુત, વિત્ત, કામ કોઇ નાવ્યાં, તને વળાવી સૌ ઘેર આવ્યાં;
તારા નામનાં જમણુ મચાવ્યાં રે–ચેત !
ધર્મરાય તને પૂછશે ત્યાંઇ, જન્મ ધારી કરી તેં શું કમાઇ;
ત્યારે ઉત્તર આપીશ શું ભાઇ રે ?–ચેત !
નરકદુઃખ તે સહ્યું નવ જાયે, મારે જમ તે માર ન ખમાયે;
રોમ રોમ અતિવેદના થાયે રે–ચેત !
બ્રહ્મરૂપ ભગવાનને ન જાણ્યા, પોતે બ્રહ્માનંદ ન માણ્યા;
પૂર વહેતામાં જાય તે તણાણા રે–ચેત !

૧૫૩–મરતી વખત તો રામ રામને બદલે લામ લામ થઈ જાય છે, માટે હમણાંથીજ ચેતો

આપણા ઘણા ભાઇઓ એમ સમજે છે કે, પાકી અવસ્થા થશે, ત્યારે નિરાંતે પ્રભુનું ભજન કરીશું; પણ એવી રીતે ભગવદ્‌-ભજનને વાયદા ઉપર છોડવું એ કાંઈ સારી વાત નથી; કારણ કે પળનો ભરોંસો નથી, ત્યારે પાકી અવસ્થાની વાત ક્યાં રહી ? બીજું ધારો કે, કદી પાકી અવસ્થા થાય, તોપણ નાનપણથી મનમાં ધર્મના સંસ્કાર બેસાડ્યા વિના અને જુવાનીમાં તેને આચરણમાં લાવ્યા વિના ઘડપણમાં કાંઈ ભજન થઈ શકે નહિ, માટે આપણે હમણાંથીજ ચેતવું જોઇએ. અમે જોયું છે કે, જેઓએ પ્રભુના ભજનને પાછળ રાખેલું છે, તે તો રખડીજ પડ્યા છે અને ખાલી હાથેજ ચાલ્યા ગયા છે; કારણ કે જ્યારે શરીરમાં જોર હોય છે, મનમાં બળ હોય છે, હાથમાં પૈસાની છૂટ હોય છે, બાયડીછોકરાં કહ્યામાં હોય છે, ભાઇબંધદોસ્તોમાં પૂજાતો હોય છે અને આજુબાજુની સગવડતા હોય છે, ત્યારે પણ જેણે પ્રભુમાં ધ્યાન ન રાખ્યું, તે પાછલી દુઃખી અવસ્થામાં ભજન ક્યાંથી કરી શકશે ? પાછલી અવસ્થા કે જ્યારે આંખ, કાન વગેરે ઇન્દ્રિયો બરાબર પોતાનું કામ કરી શકતી હોય નહિ, જ્યારે લાકડીના ટેકા વિના ચાલી શકાતું હોય-નહિ, જ્યારે કુટુંબમાં વહુદીકરીના રંડાપાના જખમો હોય, જ્યારે નાણાંની ઉથલપાથલની અતિ-શય પીડાઓ મનમાં ભરાઇ ગઇ હોય, જ્યારે જુવાન છોકરાઓમાં ને વહુદીકરાઓમાં અળખામણા થઈ પડ્યા હોઇએ, જ્યારે પેટ ખોલીને વાત કરી શકીએ ને સલાહ મેળવી શકીએ તેવા દોસ્તો આપણી અગાઉ મોટે રસ્તે ચાલ્યા ગયા હોય, જ્યારે

'સાઠી તે બુદ્ધિ નાઠી' એમ થતું આવતું હોય, જ્યારે ઘરસંસારનો કારભાર બીજાના હાથમાં સોંપાઈ ગયો હોય અને પોતાના હાથમાં તો માત્ર લાકડીજ રહી હોય અને જ્યારે બધી તરફથી જમાનો બદલાઈ ગયો હોય, ત્યારે પછી ભજન ક્યાંથી થઇ શકશે? એ વખતે તો ઢીલા પડી ગયેલા મનમાં હજારો જાતની હોળીઓજ સળગશે. એ વખતે કાંઈ રામનું નામ નહિ સૂઝે અને કદી સારા સંસ્કારથી કાંઇ ધર્મની વાત કરવાનું મન થાય, તો તે પાર ક્યાંથી પડે? કારણ કે એ વખતે તો પોતે પરાધીન થઇ ગયા હોય છે. જેમકે દાન દેવાનું મન થાય પણ પાસે દોઢિયાં હોય નહિ; ચાવી તો છોકરાઓ પાસે હોય. એકાદશી કરવાનું મન થાય, પણ ભૂખ વેઠી શકાય નહિ ને કદી ભૂખ પણ મરી ગઇ હોય, તોપણ મન હાથ રહે નહિ, એટલે કાંઇકનું કાંઇક ખાઈ લેવાનું મન થઇ જાય. ઉત્સવસમયે દર્શન કરવા જવાનું મન થાય, પણ ટાંટિયામાં જોર હોય નહિ, તેથી લાચારીથી પથારીમાં પડ્યું રહેવું પડે અને વખતે માળા ફેરવવાનું મન થાય પણ ઉધરસ આપણા શરીરને એવું બેવડું વાળી દે, કે બિચારી માળા તો ક્યાંની ક્યાંય રહી જાય! એ વખતે દવાની બાટલીની કાળજી રાખે કે પ્રભુની? ભાઇઓ! પાછલી અવસ્થા તો આવી છે—એ કરતાં પણ વધારે ખરાબ છે; માટે જો ડાહ્યા હો, તો પ્રભુભજનને પાછળ રાખશો નહિ; કારણ કે જ્યારે પાકી અવસ્થાએ માણસ મરવા પડે, શ્વાસ ઊપડે તથા છેલ્લા 'જે શ્રીકૃષ્ણ' થવા લાગે અને 'ઓય માડી રે!' કહીને લાંબા લાંબા શ્વાસ ખેંચાવા લાગે, ત્યારે પાસે બેઠેલાં કહે કે, 'કાકા! રામ રામ કહો.' ત્યારે કાકા કહે છે કે, 'લામ લામ!' બીજો કહે કે, 'બાપા રામ રામ કહો.' ત્યારે બાપા કહે કે, 'લામ લામ.' એ સાંભળી વૈદે કહ્યું કે, "હવે જીભ અટકવા માંડી છે, તેથી રામને બદલે 'લામ' કહી દેવાય છે." એ સાંભળીને ત્યાં બેઠેલા એક પાડોશી ભકતે કહ્યું કે, "ના ના, કાકાની જીભ કાંઈ અટકતી નથી. એ તો સાચું કહે છે. તમે બધા ઘણુંય કહો છો કે, કાકા રામ રામ બોલો, પણ કાકાથી રામ કેમ બોલાય? આખી જિંદગીમાં બોલાણું નહિ, તે હવે ક્યાંથી બોલાય? જુઓને કહે છે તે સાંભળતા નથી? તમે કહો છો કે રામ રામ, ત્યારે તે કહે છે કે લામ લામ, એટલે કે હવે રામનું નામ તો લાંબે લાંબે—દૂર—દૂર—છેટું છેટું રહી ગયું. હવે એ નામ ક્યાંથી લેવાય? એવાં નસીબ ક્યાંથી કે મરતી વખત

બધી હાયવોય છોડી દઈને પ્રભુનું નામ લેવાય? ભાઈ! એ તો જેણે આખી જિંદગી ભગવદ્ભજનમાં ને જગતની સેવામાં ગાળી હોય, તેનાથી અંતકાળે પ્રભુનું નામ લેવાય, તેનું મોત સુધરે અને તેનો ઉદ્ધાર થાય. પરાણે નામ લેવરાવીએ તેમાં કાંઈ વળે? એમાં તો પછી રામ રામને બદલે લામ લામજ થઈ જાય." માટે ઓ હરિજનો! હમણાંથીજ ચેતો અને આ સોના જેવી તક પ્રભુ-ભજન વિના ગુમાવી નાખો મા, ગુમાવી નાખો મા.

૧૫૪–ભગવાન જે કરે છે તે ભલુંજ કરે છે, એવો વિશ્વાસ રાખતાં શીખો

એક ગરીબ માણસ હતો. તે મજૂરી કરીને માંડમાંડ પોતાનો ગુજારો કરતો હતો. એક વખત ચાર દહાડા સુધી તેને કાંઈ કામ મળ્યું નહિ, તેથી તે બહુ હેરાન થવા લાગ્યો; કારણ કે તેને ઘેર તો 'આટા તોલ, ઠીકરી જલતી હૈ' એવો મામલો હતો. કમાઈ આવે તો ખાય એમ હતું. એક દિવસનું પણ કાંઈ ઘરમાં નહોતું, તેથી કામ નહિ મળવાથી તે બહુ મૂંઝાતો હતો. કમાણી હોય કે ન હોય, પણ કાંઈ ભૂખ લાગ્યા વિના રહે છે? એ તો એનો વખત થયો કે પેટ પાછું ખાલી ને ખાલીજ અને તેમાં પણ ગરીબોને તો ખાસ વધારે ભૂખ લાગે છે; કારણ કે તેનું મન આખો વખત ખાવાના વિચારમાંજ રહે છે; એટલુંજ નહિ પણ તેઓને વધારે મહેનત કરવી પડે છે, એટલે વધારે ભૂખ લાગે છે અને ભૂખના પ્રમાણમાં તેઓને સારો ખોરાક મળતો નથી, તેથી તેઓને તૃપ્તિ થતી નથી. એટલે તેઓ જ્યારે જોઈએ, ત્યારે ભૂખાળવાજ દેખાય છે. આવાં માણસોને જ્યારે કામ ન મળે, ત્યારે તેઓ કેવી મુશ્કેલીમાં આવી પડે છે, એ વિચારવું કાંઈ મુશ્કેલ નથી. આ દુનિયાના બહુ મોટા મોટા ખાડા પુરાય છે, લાખો રૂપિયાના ખાડા પુરાય છે અને વખતે થોડાક સમુદ્ર પણ પુરાય છે; પણ પેટનો પાશેરનો ખાડો કોઈથી પુરાતો નથી. મુંબઈમાં સરકારે દરિયો પૂર્યો એ સૌ કોઈ જાણે છે; પણ છપ્પનિયામાં રખડતાં ગરીબ બિચારાં દુકાળિયાંનાં પેટનો ખાડો કોઈ પૂરી શક્યું નહોતું. આમ છે માટેજ આપણા પવિત્ર શાસ્ત્રમાં અન્નદાનની કિંમત બહુ મોટી માનેલી છે અને તે કરતાં પણ ગરીબોને રોજી અપાવવાનું પુણ્ય બહુ મોટું છે. યુરોપના લોકોના આચારવિચાર

ભલે આપણને ગમે નહિ તેવા છે અને તેઓનું ખાવુંપીવું બરાબર નથી; તોપણ તેઓ પોતાનાં ભાઈબહેનોને રોજી આપવાના કામમાં આપણા કરતાં સેંકડોગણા સરસ છે. તેઓની જાતવાળો કોઇ પણ માણસ ધંધારોજગાર વિના રખડતો ન હોવો જોઇએ, એ તેઓનો સિદ્ધાંત છે. તેઓની આગળ એ બાબતમાં આપણે ઊતરતા છીએ. આપણે ભલે ગમે એટલા દયાળુ છીએ, ગમે એટલા ઊંચા છીએ અને ગમે એટલા સારા ધર્મવાળા છીએ, પણ જ્યાંસુધી આપણાં ભાઇબહેનોનું આપણા પેટમાં બળે નહિ અને જ્યાંસુધી આપણી શક્તિ પ્રમાણે તેઓને ધંધારોજગારે લગાડીએ નહિ, ત્યાંસુધી આપણે પ્રભુની નજરમાં કાંઇ ઊંચા નથી. ભલે આપણે આપણા મનમાં ગમે તેવા મોતીના ચોક પૂર્યા કરીએ, પણ જ્યાંસુધી આપણે નિરાધારોને આશરો ન આપીએ, ત્યાંસુધી આપણું એ ઉચ્ચપણું કાંઇ પ્રભુના દરબારમાં કામ આવે તેમ નથી; માટે આપણે આપણા કલ્યાણ સારૂ આપણાં ગરીબ ભાઇબહેનોને ધંધારોજગારે લગાડી દેવાની ખાસ તજવીજ કરવી જોઇએ.

ચાર દહાડા સુધી કામ નહિ મળવાથી તે ગરીબ માણસ બહુ મૂંઝાવા લાગ્યો. તેને તરેહવાર વિચારો આવવા લાગ્યા. તેને લાગ્યું કે, "આવી રીતે ભૂખનું દુઃખ તે કયાં સુધી ખમાશે ? મારાથી ભીખ પણ કેમ મંગાય? એ કરતાં તો મરવું સારૂં." આમ વિચારો કરે છે, એટલામાં એક શેઠનો માણસ તેને બોલાવવા આવ્યો. તેણે કહ્યું કે, "આ પાસેના ગામમાં અમારે રૂપિયા મોકલવા છે, માટે તું ખેપે જઈશ ?" ત્યારે તેણે હા પાડી. ચાર આના ખેપના ઠર્યા. એટલે દુકાનેથી રૂપિયાની થેલી લઇને તે ગામને રસ્તે ચાલતો થયો.

એક કડકાબાલુ મિયાંભાઇને એ વાતની ખબર પડી; તેથી તેણે વિચાર કર્યો કે, એ ખેપિયાને રસ્તામાં મારી નાખવો ને રૂપિયાની થેલી લઇ ભાગી જવું. એમ ધારીને તે પોતાની બંદૂક લઈ, તેની જામગરી સળગાવીને તે ખેપિયાની પાછળ પાછળ ચાલ્યો. તેના મનમાં એમ હતું કે, જરા વધારે મોટું જંગલ અને એકાંત આવે, ત્યારે તેને મારૂં; તેથી તે એવી તકની વાટ જોતો જોતો ખેપિયાની પાછળ પાછળ ચાલવા લાગ્યો. એટલામાં ખૂબ વરસાદ પડવા લાગ્યો, તેથી ખેપિયો ભીંજાઇ ગયો, એટલે તે એક વડના ઝાડ નીચે રોકાઈ ગયો અને પોતાનાં કપડાં નીચો-

વવા લાગ્યો; એટલામાં પેલો મિયાંભાઇ આવી પહોંચ્યો. બન્ને જણાએ અરસપરસ ક્યાં જવું છે, એમ પૂછ્યું. પછી પેલો બેપિ-યો અફસોસ કરીને કહેવા લાગ્યો કે, "આ વરસાદે મને બહુ દુઃખ દીધું. માંડ માંડ ચાર દિવસે બેપ મળી તેમાં વળી આ મેહની મોકાણુ નડી! હું જાણું હમણાં બેપે જઇને પાછો ફરી આવીશ; પણુ હવે કાંઇ પહોંચાય તેમ નથી. રાત એ ગામમાંજ રહેવું પડ-શે. ચાર આના બેપના મળશે, તેમાંથી બે આના તો અહીંજ ખવાઈ જશે. જો વરસાદ ન વરસ્યો હોત, તો હું મજેથી ઘેર પહોંચી જાત." એ સાંભળીને તે મિયાંએ કહ્યું કે, " તારું નસીબ જોરદાર છે, તેથી વરસાદ વરસ્યો, નહિ તો અત્યારે તું સ્વધામ પહોંચી ગયો હોત. એ વરસાદ વરસ્યો તેથી મારી બંદૂકની જામ-ગરી બુઝાઈ ગઈ ને હું પણુ ભીંજાયો; તેથી મને ટાઢ ચડી છે ને તાવ આવવાનો થયો છે. એ જોઇને મને લાગ્યું કે, તને બચાવવા-ની ખુદાની મરજી છે, નહિ તો મારી બંદૂકની જામગરી શું કરવા ઠરી જાય? હવે તો મને તાવ ચડ્યો છે, તેથી એમ લાગે છે કે, આ માટીમાંથી બનેલું શરીર તો માટીમાં મળી જશે, ત્યારે હું તે કોને સારૂ આ પાપ કરૂં છું ? ભાઇ ! ખુદા જે કરે છે તે ભલુંજ કરે છે. એ વરસાદ પડવાથી હું પાપમાંથી બચ્યો ને તું મોતમાંથી બચ્યો. જો એ વરસાદ ન પડ્યો હોત, તો હું તને માર્યા વિના છોડત નહિ ને અંતે પાપ ક્યાંય છૂપું રહે છે ? મારા પણુ એવા-જ હાલ થાત. હું ફાંસીને લાકડે લટકી જાત, એમાંથી ખુદાએ આપણુને બચાવી લીધા, માટે ઉપકાર માન. લૂગડાં ભીંજાયાનો અફસોસ શું કર્યા કરે છે? મને માફ કરજે હો ભાઈ! રોજી વિના બેકાર હોવાથી મને આ પાપના વિચાર સૂઝ્યા હતા."

તાવના તોરમાં બોલાઇ ગયેલી મિયાંભાઇની આ સાચી વાત સાંભળીને તે બેપિયો બહુ અજાયબ થયો. તેને લાગ્યું કે, થોડી વાર પહેલાં હું વરસાદને ગાળો દેતો હતો, નસીબનો વાંક કાઢતો હતો અને પ્રભુ મનેજ હેરાન કર્યા કરે છે, એમ સમજતો હતો; પણુ અહા ! શું પ્રભુની દયા છે ! તે કયે રસ્તે કેમ ભલું કરી દે છે, એ આપણે કેમ જાણી શકીએ ? નજ જાણી શકીએ. માટે ભાઇઓ ! વિશ્વાસ રાખો કે, પ્રભુ જે કરે છે તે ભલુંજ કરે છે, પણુ આપણે તેનો ભેદ સમજતા નથી. માટે ફોગટનોજ અફસોસ કર્યા કરીએ છીએ. પણુ એમ કરવું એ બેવડું પાપ છે; માટે જેમ પ્રભુ

રાખે તેમ આનંદથી રહો અને પ્રભુ જે કરે છે, તે ભલુંજ કરે છે, એવો અંતરનો વિશ્વાસ રાખો, એટલે ખરાબ સ્થિતિમાં પણ તમને દિલાસો મળશે અને એવી ધારણાથી જલદીથી પ્રભુકૃપા મળી શકશે.

૧૫૫-રૂપિયાની છાપ ગમે તે હોય, પણ ચાંદી ચોખ્ખી જોઇએ; તેમ આપણું અંતઃકરણ ચોખ્ખું હોવું જોઇએ

ચીનના ડૉલર પણ આપણે ત્યાં ચાલે છે, જંગબારના રાળ પણ આપણે ત્યાં ચાલે છે, નવાબની કોરી, નિઝામશાહી રૂપિયા, ગાયકવાડી રૂપિયા, મુગલાઇ મહોરો અને યુરોપઅમેરિકાના સિક્કાઓ પણ આપણા બજારમાં ચાલે છે. જો કે એ બધા સિક્કા ઉપર જુદી જુદી છાપ હોય છે, તોપણ જો અંદર ચાંદી ચોખ્ખી હોય, તો ચાંદીના ભાવમાંથી તે કાંઈ જતા નથી. એટલું ખરૂં કે, પ્રતાપી મહારાણી વિકટોરિયાના રૂપિયા જેટલી એ સિક્કાઓ-ની મહત્તા ન હોય, તોપણ તેઓ કાંઈ ચાંદીના ભાવમાંથી જાય નહિ. તેમજ મહાન પવિત્ર સનાતન આર્યધર્મની ખૂબી તો ઓરજ છે, તેમજ બીજા ધર્મવાળાઓ પણ જો પોતાનું અંતઃકરણ શુદ્ધ રાખે, તો પ્રભુની નજરમાં કાંઈ તેઓ હલકા નથી. આપણે જેમ સિક્કા-ઓની છાપ ઉપર નહિ જોતાં, ચોખ્ખી ચાંદી જોઇએ છીએ, તેમજ પ્રભુ પણ બહારના ધર્મો ઉપર નહિ જોતાં માણસોનાં અંતઃકરણ કેવાં છે તે જુએ છે; માટે ગમે તે ધર્મમાં રહીને પણ અંતઃકરણ ચોખ્ખું થાય તેમ કરો. આપણી ચાંદી જો ચોખ્ખી હોય, તો ભલે તેને માથે છાપ ગમે તેની હોય, પણ તેની કિંમત ઊપજ્યા વિના રહેવાની નથી. માટે અંતર ચોખ્ખાં રાખવાની તજવીજ કરો; કારણ કે જેમ ચોખ્ખા કાચમાં ખુલ્લેખુલ્લું અસલ સ્વરૂપ દેખાય છે, તેમ ચો-ખ્ખા અંતઃકરણમાં પ્રભુનું સ્વરૂપ જલદી ઠરી શકે છે ને પ્રભુપ્રેમ દૃઢતાથી જામી શકે છે, માટે બહારના કજિયામાં નહિ પડચા રહેતાં જેમ બને તેમ અંતર ચોખ્ખાં રાખો. જેનાં અંતર ચોખ્ખાં થયેલાં છે, તેમનો સત્સંગ કરો અને બહારની છાપ ઉપર નહિ જોયા કરતાં સૌ પ્રભુના જીવો છે અને સૌ જુદે જુદે રસ્તે એક પ્રભુનેજ જાણવા ઇચ્છે છે, એમ સમજી દુનિયામાં જેમ ભાઇચારો વધે, જેમ પ્રભુ રાજી થાય અને જેમ આપણી અંદરનો માલ ચોખ્ખો થતો જાય એમ કરો.

૧૫૬–કોરા ચેકથી કાંઈ પૈસા મળે નહિ; તેમ શાસ્ત્રની વાતો કરવાથી કાંઈ દહાડો વળે નહિ

ચેકબુક ખીસામાં રાખીને ડોળદમાકથી ફરનારા તો ઘણાએ ડફોળ હોય છે; પણ એથી કાંઇ તેઓ પૈસાવાળા થાય નહિ, બેંકમાં અગાઉથી પોતાનાં નાણાં જમે રાખે અને પછી ચેક ઉપર સહી કરે, ત્યારેજ નાણાં કામ આવે છે; તેમજ ચેકબુક ખીસામાં રાખીને ફરનારા ડફોળની પેઠે આપણે પણ ધર્મની મોટી વાતો કરીએ છીએ, પણ તેથી કાંઇ પ્રભુ છેતરાઇ જાય તેમ નથી. પ્રભુ તો એમ કહે છે કે, દેખાડવાની ચેકબુકમાં શું વળે? એ ચેક ઉપર તમે સહી કરો એટલે કે ધર્મની જે જે વાતો તમે સાંભળેલી છે, તે તે પાળી બતાવો અને જે જે ક્રિયાઓ તમે સમજેલા છો, તે તે કરી બતાવો, ત્યારે તમારું કામ થશે. અક્કલની ઉજાણીમાં કાંઇ વળવાનું નથી. સત્ય ધર્મમાં તો કરવાનું છે; બોલી નાખ્યેજ કાંઇ છૂટકો નથી. પ્રભુ લૂખીપૂખી વાતોથી રાજી નથી થતા, પણ કામથી રાજી થાય છે; માટે પ્રભુને અર્થે પ્રભુની ઇચ્છા પ્રમાણે ને આપણી શક્તિ પ્રમાણે દયાધર્મનાં કામો કરવાં, એનું નામ ચેક ઉપર સહી કરવી છે. જ્યાંસુધી એવાં ભલાં કામો ન કરીએ, ભગવદ્દઇચ્છાને આધીન ન થઇએ, ભગવદ્દઆશરાનું બળ ન રાખીએ અને પ્રભુપ્રેમથી હૃદય તરબોળ ન કરીએ, ત્યાંસુધી ઉપરછલ્લી વાતોથી કાંઇ કલ્યાણ થાય નહિ; માટે જો આપણને પ્રભુ ઉપર ખરેખરો પ્રેમ હોય અને જો સમર્થ પ્રભુની પૂરેપૂરી કૃપા મેળવવી હોય, તો ખુલ્લાં દિલે ને છૂટે હાથે આપણાં ભાઇબહેનો સાથે વર્તવું જોઇએ અને ધર્મની દરેક સત્ય ક્રિયાઓ પ્રેમપૂર્વક ભગવદ્દઅર્પણ વિધિથી કરવી જોઇએ. એજ સ્વર્ગની બેંક ઉપર લખેલા ચેક ઉપરની આપણી સાચી સહી છે, એમ સમજવું. એવી સહી વિના ત્યાં કાંઇ ચેક સ્વીકારાવાનો નથી, એ ધ્યાનમાં રાખજો.

૧૫૭–પ્રભુની ઇચ્છાને આધીન થઈ જવાથી માણસ કર્મથી બંધાતો નથી

કર્મના બંધનમાંથી છૂટવું એ સૌથી મુશ્કેલમાં મુશ્કેલ બાબત છે; કારણ કે કર્મના બંધનમાંથી છૂટ્યાથીજ જિંદગીમાં સાર્થકતા થાય છે. જે કર્મના બંધનમાંથી છૂટે છે, તેજ જીવન્મુક્ત બની

શકે છે, તેજ સંસારમાં સ્વર્ગ અનુભવી શકે છે, તેજ ઈશ્વરને જાણી શકે છે અને તેનોજ મોક્ષ થઈ શકે છે; માટે કર્મના બંધનમાંથી છૂટવું એ આ દુનિયામાં સૌથી મોટામાં મોટી, જિંદગીમાં સૌથી અગત્યમાં અગત્યની તથા કઠિનમાં કઠિન બાબત છે. ખુદ પ્રભુએ કહ્યું છે કે, गहना कर्मणो गतिः।

કર્મોની ગતિ ગહન છે, એટલે કે સહેલાઈથી ન જાણી શકાય તેવી છે. એવાં ગહન ગતિવાળાં કર્મો પણ ઈશ્વરેચ્છાને આધીન થવાથી સહેલામાં સહેલાં થઈ જાય છે, એટલુંજ નહિ પણ નિર્લેપ થઇ જાય છે–નિર્બીજ થઈ જાય છે–નિર્મૂળ થઇ જાય છે અને બળી ગયેલાં દોરડાંની પેઠે માત્ર આકારજ રહી જાય છે. પ્રભુએ પણ કહેલું છે કે:

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥

(अ. ५. श्लो १०)

જેમ પાણીમાં રહ્યા છતાં કમળનું પાંદડું પાણીથી ભીંજાતું નથી, તેમ જે માણસ આસક્તિ તથા ફળની ઇચ્છા રાખ્યા વિના પ્રભુને અર્થે કર્મ કરે છે, તેને કર્મો બંધન કરી શકતાં નથી.

ભાઇઓ! વાત એટલીજ છે કે, આસક્તિ રાખ્યા વિના પ્રભુને અર્થે કર્મ કરવાં, એટલે આપણીજ ઇચ્છા પ્રમાણે નહિ પણ દૈવયોગે કે સ્વાભાવિક રીતે આવી પડેલાં કર્મો કરવાં અને તે પણ બ્રહ્માર્પણ એટલે કે ફળની આશા વિના–પ્રભુને અર્થેજ. આવી પ્રભુપરાયણ રીતે પોતાનો વ્યવહાર ચલાવનારને કર્મ કર્યા છતાં પણ બંધન થતું નથી; કારણ કે તે પોતાની ઇચ્છા પ્રમાણે કાંઈ કરતો નથી, પણ ભગવદ્દઇચ્છા પ્રમાણે સર્વ કર્મ કરે છે, એટલે તેને પુણ્યપાપ વળગતું નથી. આવી રીતે જે ભગવદ્દઇચ્છા પ્રમાણે વર્તે છે, તેની પાસે કાળોતરા નાગના જેવાં કર્મો પણ રેશમનાં દોરડાં જેવાં બની જાય છે અને ગહનગતિવાળાં બંધનકારક કર્મો પણ મુક્તિના રૂપમાં ફેરવાઇ જાય છે. એટલું બધું ભગવદ્દઇચ્છાને આધીન થવામાં બળ છે, માટે ભાઇઓ! પ્રભુ ઉપરના પ્રેમથી, પ્રભુના હુકમ પ્રમાણે, ફળની આશા રાખ્યા વિના, પ્રભુપ્રીત્યર્થે ભગવદ્દઇચ્છાને આધીન થઇને રૂડી રીતે દુનિયાદારીનાં કર્મો કરો, એટલે તમે બંધનમાં પડશો નહિ, પણ ઊલટાં એ કર્મો તમોને મોક્ષ આપનારાં થઈ પડશે.

૧૫૮–લાકડાનું જે ઠૂંઠું નમતું નથી, તે મૂળ સહિત ઊખડી જાય છે; તેમજ ભગવદ્દઇચ્છાને આધીન થાય નહિ, તેઓનો પણ નાશ થાય છે

આપણે જોઇએ છીએ કે, કુમળા છોડ પવનથી નમે છે, પણ લાકડાનાં ઠૂંઠાં પવનથી નમતાં નથી; તેમજ જે સરલ હૃદયના હરિજનો છે, તે ઈશ્વરેચ્છાને આધીન થાય છે; પણ બાવળના ઠૂંઠાં જેવા સખ્ત હૃદયના જે પાપી માણસો છે, તે ભગવદ્દઇચ્છાને આધીન થઇ શકતા નથી. પરિણામ એ થાય છે કે, જે છોડ પવનના ઝપાટાથી નમી જાય છે, તે વખત જતાં ફળફૂલવાળા થાય છે અને જે લાકડાનું ઠૂંઠું નમતું નથી, તેને મૂળમાંથી ખોદીને આપણે બાળી નાખીએ છીએ; તેમજ પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલનારાઓ ફળફૂલ મેળવશે–એટલે કે સ્વર્ગ મેળવશે–પ્રભુને મેળવશે અને ભગવદ્દઇચ્છાને આધીન નહિ થનારાઓ સંસારમાં હેરાન થશે તથા નરકનાં દુઃખ પામશે. માટે ભાઇઓ ! જેમ બને તેમ પ્રભુની ઇચ્છાને આધીન થવાની તજવીજ કરો.

૧૫૯–જે ભગવદ્દઇચ્છાને આધીન થઈ શકે તેજ જગતનું કલ્યાણ કરી શકે છે

કોઇ પણ વસ્તુને રાખવા માટે વાસણ જોઇએ છે. વાસણ વિના વસ્તુ રહી શકે નહિ. જેમકે દાણા ભરવા માટે કોઠી જોઇએ છે, અથાણું કે મુરબ્બાને માટે બરણી જોઇએ છે, પાણી ભરવા માટે માટલું કે હાંડો જોઇએ છે, શાહી ભરવાને માટે ખડિયો જોઇએ છે, દીવા સારૂ તેલ ભરવા માટે ડબો જોઇએ છે, ગાયભેંસમાં દૂધ ભરવા માટે આંચળ જોઇએ છે, વરાળ ભરવાની પણ કોઠી હોય છે, ગૅસ ભરવાનું વાસણ હોય છે અને વીજળી ભરવા માટે પણ યંત્ર હોય છે; ત્યારે જગતનું કલ્યાણ થાય એવું તત્ત્વ ભરવાને માટે શું કોઇ પાત્ર ન જોઇએ ? ભાઇઓ ! એને માટે પણ પાત્ર છે. એ પાત્ર તે ભક્તજનોનાં પવિત્ર હૃદય છે. જેમ છાશ પિત્તળનાં વાસણમાં બગડી જાય છે, જેમ દૂધ ત્રાંબાનાં વાસણમાં રાખવાથી ખરાબ થઈ જાય છે, જેમ ઘી–તેલ કલાઈ વિનાનાં વાસણમાં કટાઇ જાય છે, જેમ કેટલીક જાતના તેજાબો ઘણી જા-

તનાં વાસણોમાં રહી શકે નહિ, જેમ કેટલીક જાતની ગૅસો ચો-ક્કસ વસ્તુઓમાં રહી શકે નહિ અને જેમ વીજળી કેટલીક ચી-જોમાં રહી શકે નહિ, તેમજ જગતનાં કલ્યાણની ભાવનાઓ પણ કાંઇ હજારો જંજાળમાં ફસાયેલા માયાવાદી સંસારી જીવોના હૃદયમાં રહી શકે નહિ. એને માટે તો ભગવદ્ઇચ્છાને આધીન રહીને પ્રભુના હુકમો પાળે અને પ્રભુની કૃપા ખેંચી શકે એવા દૈવી જીવો જોઇએ. એવા દૈવી મહાત્માઓ તે આ જગતના સાચા ભક્તો છે. એવા મહાન ભક્તોના હૃદયમાં ભગવદ્ઇચ્છારૂપે પ્રભુ પોતેજ રહે છે અને જ્યાં પ્રભુ પોતેજ રહેતા હોય, ત્યાં પછી કલ્યાણની વાતમાં પૂછવુંજ શું ? ત્યાં બાકી શું રહે ? કુદરતી રીતેજ ત્યાં બધા વિષયોની સમાપ્તિ હોય છે. સ્વભાવથીજ ત્યાં તૃપ્તિ હોય છે. ત્યાં તો સદાય લીલાલહેર અને સદાય શાંતિજ હોય છે અને જ્યાં ભગવદ્ઇચ્છા મુજબજ વર્તાતું હોય, ત્યાં તો સદાય ભગતત્કૃપા ને આનંદ આનંદજ હોય છે. જ્યાં આવી રીતે પ્રભુની કૃપાનો અખંડ વરસાદ વરસી રહ્યો હોય, તે પ્રભુપરાયણ ભક્તો-ની રૂડી ભાવનાઓથી તથા તેઓનાં પવિત્ર આચરણોની મહાન અસરોથીજ જગતનું કલ્યાણ થાય છે. યાદ રાખજો કે, પંડિતા-ઇના વાક્ચાતુર્યથી નહિ, શબ્દજાળના ઝઘડાથી નહિ, આડંબર-થી નહિ, લૂખાપૂખા જ્ઞાનથી નહિ અને ચાવવાના દાંત જુદા તથા દેખાડવાના દાંત જુદા એમ વર્તવાથી નહિ; પણ ભગવદ્ઇચ્છાને આધીન થઈ મહાન પ્રભુના પવિત્ર હુકમો પાળવા અને પૂર્ણ પ્રે-મથી પ્રભુના સાચા ભક્તો થઇ જવું તેથીજ આપણું તથા જગ-તનું કલ્યાણ થાય છે. માટે ભાઇઓ ! હવે તો કંઇક સમજો ! આ જગતનો કચરો તે હૃદયમાં ક્યાં સુધી ભરી રાખશો ? હવે તો જગતની આબાદીની ઇચ્છાઓ, જીવોના કલ્યાણની ભાવના-ઓ, દુનિયામાં ધર્મ વધે એવાં કામો, પ્રભુના હુકમો પાળી શ-કાય તેવું બળ અને પ્રભુની કૃપા રહી શકે એવાં હૃદય બનાવો. પ્રભુના સાચા ભક્ત થવાથી એવાં હૃદય બની શકે છે, માટે પ-વિત્ર ભક્ત થવાની તજવીજ કરો.

૫૬

મળે જીવન્મુક્ત હરિતણા, ટળે અંતર તન મન તાપ;
એવો સંગ સંતનો૦
ફરે અવયવ આ રે શરીરના, પરા પલાયે પંડના પાપ-એ૦

જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહિ કોય–એ૦
જેમ પારસ સ્પર્શે લોહને, તે તો હેમહેલામાંય હોય–એ૦
જેમ ચંદન વાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય–એ૦
જેમ મલિન જળ મળે જાહ્નવી, તેને તરત કરે ગંગ તોય–એ૦
તાંબા મ્હોર પલટે છે પાણીએ, કરે કંચનમય રસકૂપ–એ૦
તેમ સદ્ગુરુ સુખીયાં સંતથી, થાય જન તે સંતસ્વરૂપ–એ૦
શુક,નારદ,વ્યાસ ને વાલ્મીકિ, તે તો ઈશ્વર કા'વીયા આપ–એ૦
ધ્રુવ,અમરીષ,પ્રહ્લાદ,વિભીષણ,થયા સુખીયા સંત પ્રતાપ–એ૦
સંત સર્વે સુખી થાવા ઠામ છે, તે તો પ્રસિદ્ધ કહે છે પુરાણ–એ૦
મન કર્મ વચને માનજો, કહે નિષ્કુલાનંદ નિર્વાણ–એ૦

૧૬૦–મૂળને પાણી પાવાથી ડાળો એની મેળે ફાલે છે

અસલના ઋષિઓનો એ સિદ્ધાંત હતો કે, મૂળને પાણી પાવાથી ડાળો એની મેળે ફળફૂલવાળી થશે. એ સિદ્ધાંત ઉપરથી તેઓ બચ્ચાંઓને પ્રથમથીજ–નાનપણથીજ ધર્મની કેળવણી આપતા હતા; કારણ કે પ્રભુ છે એજ આ જગતનું મૂળ છે અને એ મૂળ ધર્મથી દેખાય છે, માટે ધર્મની કેળવણી તેઓ પ્રથમ આપતા હતા. બીજું એ કે, ધર્મની કેળવણીથી ઇચ્છાઓ સુધરે છે; કારણ કે આપણી ભલી ઇચ્છાઓની સાથે ધર્મનો સંબંધ છે; તેથી ઇચ્છાઓ સુધારવાથી માણસો ભલાં તથા નીતિમાન થઈ શકે છે, માટે જેથી ઇચ્છાઓ સુધરે એવી કેળવણી આપણાં બચ્ચાંઓને આપવી જોઇએ. એવી કેળવણી તે ધર્મની કેળવણી છે. ધર્મની કેળવણી વિનાની માત્ર અક્કલ વધારવાની કેળવણી આપવાથી છોકરાંઓ બગડી જાય છે; કારણ કે ધર્મની કેળવણી વિના તેઓની ભલી ઇચ્છાઓ ખીલેલી હોતી નથી, એટલે બહારની વધી ગયેલી અક્કલ તેઓને ઊંધે રસ્તે દોરી જાય છે; તેથી વાતવાતમાં ગુસ્સો થઇ જવાનું, વડીલોનું અપમાન કરવાનું, બહારનો ડોળદમાક રાખવાનું, ધર્મની ઝીણી વાતો નહિ માનવાનું અને મોજશોખમાં પડવાનું મન થઈ જાય છે; કારણ કે ધર્મની કેળવણી વિના મન પર ધર્મનો અંકુશ નહિ હોવાથી અને ધર્મ વિના અંતરની ઇચ્છાઓ સુધરેલી નહિ હોવાથી પોતાના ફાંટા પ્રમાણે ચાલવાનું મન થઇ જાય છે, તેથી ઘરસંસાર ને ધર્મની

સ્થિતિ બગડે છે તથા દેશની ખરાબી થાય છે. માટે ભાઇઓ! એવી ખરાબીથી બચવા સારૂ આપણા ઋષિઓના સિદ્ધાંત પ્રમાણે મૂળને પાણી પાઓ, એટલે કે બચ્ચાંઓને ધર્મની કેળવણી આપો, પ્રભુના રસ્તામાં લાવો, એટલે ડાળ-પાંખડાં એની મેળે સુધરશે.

૧૬૧-ગરીબ ખેડૂતે રાજાને મૂઠી ભરીને બોર ભેટ આપ્યાં, તેને બદલે રાજાએ તેને ખોબો ભરીને રૂપિયા આપ્યા, તેમ પ્રભુને અર્થે આપેલી વસ્તુનું પણ મોટું ફળ મળે છે

આપણને કોઇ કોઇ વખત એમ લાગે છે કે, મહાસમર્થ અનંત બ્રહ્માંડોના નાથ સર્વવ્યાપક સર્વશક્તિમાન ઈશ્વરને તે આપણે શું આપી શકીએ? ઈશ્વરનું સર્વશક્તિમાનપણું ક્યાં અને આપણી દુનિયાદારીની અલ્પ વસ્તુઓની કિંમત ક્યાં! આપણી એવી હલકી વસ્તુઓ પ્રભુની આગળ શું વિસાતમાં? પ્રભુને સંતોષ થાય એવી આપણી આગળ વસ્તુઓજ ક્યાં છે? આપણે એમ સમજીએ કે, પ્રાર્થનાઓથી પ્રભુ રાજી થશે, પણ વાણી તો પ્રભુનીજ બનાવેલી છે. આપણે એમ સમજીએ કે, સુંદર સિંહાસનથી પ્રભુ રાજી થશે; પણ સર્વવ્યાપક પ્રભુને તો અનંત બ્રહ્માંડોનું આસન છે, તે આપણા જરાક જેટલા સિંહાસનથી કેમ રાજી થશે? આપણે એમ સમજીએ કે, સુંદર વસ્ત્રાલંકારથી પ્રભુ રાજી થશે, પણ તે તો અષ્ટસિદ્ધિ ને નવનિધિનો માલિક છે; તેની આગળ આપણા થોડાક રૂપિયાના દાગીના શું વિસાતમાં? અને આપણે એમ સમજીએ કે, પ્રભુ મેવામિષ્ટાન્નના પ્રસાદ ધરવાથી રાજી થશે, પણ જે અનંત બ્રહ્માંડો ને અનંત યુગો થયાં હમેશાં મેવામિષ્ટાન્ન પૂરાં કરી રહ્યો છે, તેની આગળ આપણી મિસરીની કટોરી શું વિસાતમાં?

ભાઇઓ! આવી રીતે જોઇએ તો આપણે કોઈ પણ રીતે પ્રભુને રાજી કરી શકીએ નહિ; પણ મહાન દયાળુ પ્રભુએ આપણી ઉપર બેહદ દયા કરીને આપણને તારવા માટે અને આપણને પોતાની હજૂરનાં મોક્ષધામનાં સુખ આપવા માટે કબૂલ કર્યું છે કે,

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ (गी. अ. ९. श्लो. २६.)

શુદ્ધ બુદ્ધિથી ભક્તિ વડે જે મને પાંદડું, ફૂલ, ફળ કે જળ આપે છે, તે હું અંગીકાર કરૂં છું.

ભાઇઓ ! જગત્કર્તા પ્રભુને ત્યાં કાંઇ ફૂલનો કે પાણીનો તોટો નથી, પણ આપણું કલ્યાણને માટે સૌથી બની શકે એવી ફૂલ-પાનની નાની ભેટોને પણ તે કબૂલ રાખે છે; કારણ કે પ્રભુ આપણે આપેલી વસ્તુઓની કિંમત તરફ નથી જોતા, પણ આપણા અંતરના પ્રભુપ્રેમ તરફ—આપણી નિખાલસ ભક્તિ તરફ જુએ છે, તેથી તેઓ આપણી નાની ભેટોના બદલામાં પોતાની મોટાઈ પ્રમાણે મોટું ફળ આવી દે છે. જેમ કોઇ ગરીબ ખેડૂત કોઈ પટેલિયાને ત્યાં ચીભડાંની કે નવા નવા પોંકની કે બોરની ભેટ લઇ જાય, તેથી ખુશી થઇને તે પટેલિયો તેને પોતાની શક્તિ પ્રમાણે મણ દાણા આપે છે, કોઈ શેઠિયાને ત્યાં એજ ભેટ લઈ જાય, તો તે ખેસ કે પિછોડી આપે છે, કોઈ સારા ગરાશિયા દરબારને ત્યાં એ ભેટ લઇ જાય, તો તે શાલપાઘડી આપે છે અને કોઇ રાજાને એજ ભેટ આપે તો ભલો રાજા બોરની કે ચીભડાંની ભેટમાં સેંકડો રૂપિયા ને વખતે ગામગરાસ પણ આપી દે છે. ભાઇઓ ! થોડી સમૃદ્ધિવાળાં, થોડું જીવવાવાળાં અને સ્વભાવથીજ લોભમાં રચીપચી રહેનારાં સ્વાર્થી માણસો પણ જ્યારે નાની ભેટોના બદલામાં મોટી ચીજો આપી દે છે, ત્યારે દયાનો સાગર મહાન પ્રભુ કે જેની મોટાઇનો દેવતાઓ અને શિવબ્રહ્માદિક પણ પાર પામ્યા નથી, તે સર્વશક્તિમાન પ્રભુ આપણી નાની ભેટોનો પોતાની મોટાઇ પ્રમાણે કેટલો બધો બદલો આપશે ! એ ખ્યાલ તો કરો. એવું મોટું ઇનામ લેવા સારૂ દીનતા રાખીને જ્યારે બને ત્યારે સમર્થ પ્રભુને નાની નાની ભેટો આપ્યા કરો; એટલે કે બ્રહ્માર્પણ વિધિથી દાનધર્મ કર્યા કરો અને આપણા ભાઇબહેનોને યથાશક્તિ મદદ કર્યા કરો. એટલે ખાતરી રાખજો કે, વખત આવ્યે પ્રભુનાં અલૌકિક ઇનામો મળ્યા વિના રહેવાનાં નથી.

૧૬૨—ખરા ભક્તોને પ્રભુ ગમે તે રસ્તે મદદ કરે છે

એક ભગવતી ડોશી હતી. તેનામાં ભગવદ્‌આશરાનું બહુ મોટું બળ હતું. વાત વાતમાં પ્રભુને તે યાદ કર્યા કરતી. જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેતી. પ્રભુ જે કરે છે તે રૂડુંજ કરે છે એમ

સમજતી. જીવોની નબળાઇ, જગતનું મિથ્યાપણું અને સર્વશક્તિમાન પ્રભુનું મોટું માહાત્મ્ય તેના હૃદયમાં વસી ગયું હતું. તેથી ભગવદ્આશરાનું બળ તેનામાં જામી ગયું હતું.

એ ડોશીની પાડોશમાં એક નાસ્તિક માણસ રહેતો હતો. તે વિનાકારણે એ ડોશીને પોતાના સ્વભાવ પ્રમાણે કાંઈ કાંઈ હેરાન કર્યા કરતો હતો. વારે વારે નહાય, વારે વારે મંદિરમાં જાય, વારે પ્રભુનું નામ લીધા કરે, ભક્તોના ચમત્કારની વાતો કર્યા કરે અને ગુરુમહિમા ગાયા કરે, તે પેલા નાસ્તિકને ગમતું નહિ. તેને એવી વાતોથી કંટાળો લાગતો; તેથી વારે વારે કાંઇ કાંઈ ચેષ્ટા કરીને ડોશીને ચિડાવ્યા કરતો હતો. એક વખત તેના મનમાં એવોજ ફાંકો આવ્યો કે, આ ડોશીને એક ઉજ્જડ ઘરમાં પૂરી મૂકું; પછી જોઇએ તેના શું હાલ થાય છે ? ત્યાં રામ એને કેવી રીતે મદદ કરી જાય છે, એ જોઉં તો ખરો. એક દહાડો ભૂખી પડી રહેશે એટલે સમજશે કે, કોઇ રામબામ આડા હાથ દેવા આવે નહિ. એમ વિચારીને તે નાસ્તિક માણસે ગરીબ બિચારી ભગવતી ડોશીને એક દિવસ પાડોશની કોટડીમાં પૂરી દીધી અને કહ્યું કે, "હવે તારો પ્રભુ તને ખાવાનું કેમ આપે છે, એ હું જોઉં છું; એમ કહીને તે ચાલતો થયો અને બાજુના ઘરમાં બેસીને ડોશીની હિલચાલ જોવા લાગ્યો.

ડોશી બિચારી ભોળું માણસ, વળી ધર્મમાં ગળી ગયેલી અને ભગવદ્ આશરાનું પૂરું બળ, એટલે ઝાઝી ફિકર શું કરવા કરે ? તે તો પોતે કોટડીમાં પુરાણી, તેને પણ ભગવદ્ઇચ્છા સમજી પ્રભુનું સ્મરણ કરતી કરતી બેઠી.

ઘણી વાર થઈ ગયા પછી ત્યાં ફળિયામાં છોકરાં રમવા માટે આવ્યાં. એ છોકરાં પોતાને ખાવા સારૂ ભજિયાંનું પડીકું લેતાં આવ્યાં હતાં, પણ તે ખાતાં પહેલાં અંદર અંદર કાંઇ સહેજ વાતમાં છોકરાંઓ લડી પડ્યાં, તેથી એક છોકરાએ ગુસ્સે થઇને પડીકું ફેંકી દીધું. તે પડીકું જે ઉજ્જડ ઘરમાં ડોશીને પૂરી હતી તેની બારીમાં જઇ પડ્યું. પડીકાંના ખખડવાથી ડોશીએ ઊઠીને જોયું તો ભજિયાં દીઠાં, તેથી પ્રભુ પોતાના ભક્તોને ભૂલતા નથી, એમ સમજી પ્રભુનો ઉપકાર માની ડોશીએ તે ભજિયાં ખાધાં ને ભૂખ મટાડી. એ પછી ઘણા વખતે પેલા નાસ્તિકે બારણું ખોલ્યું, ત્યારે બારણાં પાસે પડીકાંનો કાગળ ને એકબે ભજિયાં પડેલાં

જોઈ તે અજાયબ થયો અને પૂછ્યું કે, " આ ક્યાંથી ? " ડોશીએ કહ્યું કે, " એ પડીકું અહીં કોણે નાખ્યું, તે મને ખબર નથી, પણ મારો પ્રભુ વિશ્વંભર કોઇને ભૂલતો નથી, એમ હું જાણું છું. "

એ પછી તપાસ કરતાં તે નાસ્તિકને ખબર મળી કે, છોકરાંએ રમતાં રમતાં એ પડીકું ગમે તેમ ફેંકી દીધું હતું; પણ પ્રભુની દયાથી તે ડોશી પાસેજ જઇ પડ્યું હતું. આ દાખલો જોઇને તે નાસ્તિક માણસનો ઈશ્વર ઉપર વિશ્વાસ બેસી ગયો, તેથી તે પ્રેમથી ભક્તિ કરવા લાગ્યો અને આગળ જતાં સુધરી ગયો. માટે ભાઇઓ ! જો તમારા મનમાં પણ કાંઇ જરાતરા અશ્રદ્ધા હોય, તો તે કાઢી નાખીને પ્રભુના રસ્તામાં આવી જજો અને યાદ રાખજો કે, પ્રભુ ભક્તોને ભૂલી જતો નથી. તે ગમે તે રસ્તે પણ ખરે વખતે ભક્તને મદદ કરે છે.

૧૬૩-દુનિયામાં એકજ નિશાળ, હૉસ્પિટલ કે દુકાનથી ચાલે નહિ, તેમજ એકજ ધર્મથી પણ ચાલે નહિ

ઘણાએ માણસો એમ કહે છે કે, આ દુનિયામાં જે તે એકજ ધર્મ સાચો હોવો જોઇએ અને બાકીના બીજા બધા ધર્મો જૂઠા હોવા જોઇએ; કારણ કે જો બધા ધર્મો સાચા હોય, તો તેમાં એકબીજાથી ઊલટું સૂલટું કેમ હોય ? જેમકે બ્રાહ્મણો યજ્ઞો કરવાનું કહે, તેમાં જૈનો શા માટે પાપ સમજે ? જૈનો દયા કરવાનું કહે, ત્યારે મુસલમાનો શા માટે કુરબાની કરવાનું કહે ? હિંદુઓ મૂર્તિ પૂજે, ત્યારે મુસલમાનો શા માટે તેને તોડે ? અને બૌદ્ધો પુનર્જન્મ માને ત્યારે ક્રિશ્ચિયનો તેનો શા માટે ઇનકાર કરે ? આવી રીતે એક એકથી વિરુદ્ધ ધર્મમાં કયો સાચો ને કયો ખોટો ?

મહાત્માઓ કહે છે કે, આ દુનિયામાં કાંઇ એકજ જાતની નિશાળથી ચાલે નહિ. ગુજરાતી, અંગ્રેજી, મરાઠી વગેરે બધી જાતની નિશાળો જોઇએ, એટલુંજ નહિ પણ ડૉકટરી કામ શીખવાની નિશાળ જુદી જોઇએ. વકીલાત શીખવાની નિશાળ જુદી જોઇએ, એન્જિનિયર ખાતાની નિશાળ જુદી જોઇએ, કારીગીરી ખાતાની, ખેતીવાડી ખાતાની, વેપાર ખાતાની, ઘરનું કામકાજ શીખવાની, કસરત શીખવાની, રાંધવાનું શીખવાની, તરતાં શીખવાની, હથિયાર વાપરતાં શીખવાની વગેરે દરેક બાબતની જુદી

જુદી નિશાળ જોઇએ; તેમજ દુનિયામાં જુદા જુદા ધર્મ છે, તે પણ જુદી જુદી જાતની નિશાળ છે; એટલુંજ નહિ પણ જુદા જુદા ધર્મ તે જુદી જુદી હોસ્પિટલ છે. એકજ દવાખાનામાં કાંઇ બધી જાતના દરદીઓનો સમાવેશ થાય નહિ; માટે માણસોના મનમાં જે અધર્મનો રોગ લાગેલો છે, તે મટાડવા સારૂ જુદા જુદા ધર્મ એ જુદાં જુદાં દવાખાનાં છે. એ સિવાય જ્ઞાનીઓ દુકાનની સાથે ધર્મની સરખામણી કરે છે. જેમકે એકજ દુકાનથી કાંઈ આખી દુનિયાનો વ્યવહાર ચાલી શકે નહિ, તેમ એકજ ધર્મથી પણ કાંઇ બધી જાતના, બધા દેશના અને જુદી જુદી વૃત્તિનાં માણસોને તૃપ્તિ થાય નહિ. માટે જેમ દુનિયામાં ઘણી દુકાનોની જરૂર છે, તેમજ દુનિયામાં ઘણા ધર્મો પણ હોય છે. જુદી જુદી જાતની દુકાનોમાં જુદો જુદો માલ મળે છે, તેમ જુદા જુદા ધર્મમાંથી પણ માણસોના મનને જુદું જુદું પોષણ મળે છે; માટે કયો ધર્મ સાચો ને કયો ધર્મ ખોટો ? એવા ઝઘડામાં નહિ ઊતરતાં આપણે તો આપણા ત્રિકાળદર્શી શાસ્ત્રોના હુકમ પ્રમાણે એમજ માનવું જોઇએ કેઃ

"બધા ધર્મોવાળા પ્રભુના રસ્તામાં છે અને જુદી જુદી નદીઓ ગમે તેમ વાંકીચૂકી થઇને પણ અંતે સમુદ્રમાં ભળે છે, તેમ સૌ ધર્મો અંતે પ્રભુ તરફ લઈ જાય છે, માટે કોઈ પણ ધર્મનો દ્વેષ ન કરવો અને પોતાનો ધર્મ કદી પણ છોડવો નહિ. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો આજ ઉપદેશ છે; માટે આપણે તે પ્રમાણે વર્તવાની કોશિશ કરવી જોઇએ."

આવી રીતે બીજાઓના ધર્મ તરફ ઉદાર બુદ્ધિએ જોવાથી વેરઝેર ઓછાં થતાં જાય છે અને દુનિયામાં ભાઈબંધી વધે છે, એથી જીવોનું કલ્યાણ થાય છે; માટે આપણે આપણા પ્રભુના હુકમ પ્રમાણે ધર્મના વિચારોમાં વાજબી રીતનું છૂટાપણું રાખવું જોઇએ.

૧૬૪–તંબૂરાના ત્રણે તાર સરખા હોય તોજ મજાનો સૂર નીકળી શકે; તેમ મન, વચન અને કર્મ પવિત્ર હોય તોજ ઈશ્વરી આનંદ ભોગવી શકાય

તંબૂરો વાગતાં તો તમે ઘણી વાર સાંભળ્યો હશે; પણ કોઈ વખત જ્યારે તંબૂરાના તાર સરખા ન હોય, ત્યારે કેવી માથાકૂટ

થઇ પડે છે, એ તમને ખબર છે? એક તારને વગાડતાં તેમાંથી ટરડટું થવા માંડે, બીજાને વગાડતાં તેમાંથી ભરડભું થવા માંડે અને ત્રીજા ઉપર આંગળી લાગતાં તેમાંથી ટનન ટન થવા માંડે, ત્યારે એવાં બેસૂરપણાથી સાંભળનારાઓને કેવો કંટાળો લાગે અને વગાડનારાનો કેવો મિજાજ બગડી જાય? એ તમે કોઈ દિવસ ધ્યાન દઇને જોયું છે? એથી ઊલટું જો સરખી રીતે તંબૂરો વાગતો હોય અને તેના ત્રણે તાર જો જેમ જોઇએ તેમ ચાલતા હોય, તો ત્યાં કેવો રંગ જામી જાય, એ કાંઇ કહેવું પડે તેમ નથી. રસ્તે ચાલતાં સેંકડો માણસો એ મીઠો સૂર સાંભળવા ઊભા રહે છે અને સેંકડો માણસો કોઇના પણ કહ્યા વિના કુદરતી રીતેજ એ સરખા ચાલતા સૂર પાસે પોતાનાં માથાં નમાવે છે; એટલુંજ નહિ પણ વગરમાગ્યે શાબાશીના પોકારો મળતા રહે છે તથા રસીકજનો પોતાની મેળે એ સરખા ચાલતા સૂર ઉપર ફિદા ફિદા થઇને પોતાના ખીસામાંથી પૈસા ફેંકતા જાય છે. આ બધું શાને માટે? તુંબડાના તંબૂરાના લોઢાના ત્રણ તારની એકતાને માટે.

ભાઇઓ! વિચાર કરો કે, જ્યારે તંબૂરાના ત્રણ તારની એકતા ઉપર લોકો આટલા બધા મોહિત થઇ જાય છે; ત્યારે આપણાં મન, વચન ને કર્મની જો એકતા થઇ જાય, તો આપણે આપણું પોતાનું કેટલું બધું કલ્યાણ કરી શકીએ અને જગતનું કેટલું બધું ભલું કરી શકીએ, એ વિચાર તો કરો! તુંબડાના તંબૂરા કરતાં આપણો દેહ કેટલો બધો કીમતી છે? અને તંબૂરાના લોઢાના તાર કરતાં આપણાં મન, વચન ને કર્મ એ કેવી બળવાન વસ્તુ છે, એ ખ્યાલ તો કરો! એની એકતાથી કેવો મધુર અવાજ નીકળી શકશે, એ જરા સમજો તો ખરા! પણ અફસોસ કે, એ ક્યાંથી સમજાય? કારણ કે આપણે મંદિરમાં દર્શન કરવા જઇએ, ત્યાં પણ મોઢે રામ રામ રામ કરતા હોઇએ, પણ મન બહાર પગરખાંમાં હોય છે, કે રખેને કોઈક ઉપાડી જશે. માટે ભીડમાંથી ઝટ ઝટ દર્શન કરી લેવા સારૂ હાથે કરીને બીજાઓને ઠોંસા મારતા જઇએ છીએ. પ્રભુ! પ્રભુ! દયા કર, અમારી ઉપર દયા કર. જોયાં આપણાં મન, વચન ને કર્મનાં કામો? મન જોડામાં જાય, વાણી રામ રામ કહે ને હાથ ઠોંસા મારે, એ ત્રણે તારની મજા જોઈ કે! એનું પરિણામ તે બીજું શું હોય? દુનિયાની હાયહાય ને જમના માર એજ તો. હવે બીજો દાખલો લો. ઘણી

માંદો પડચો હોય, ત્યારે બાયડી મનમાંથી એમ ઇચ્છતી હોય કે, મારે માટે કાંઈક કરી જાય તો ઠીક અને મોઢે એમ કહેતી હોય કે, "મારે તમારાથી બીજું શું વધારે છે? ધનમાં શું આગ લગાડવી છે? મારી પાસે એવી વાત કરશો મા." મોઢે આમ બોલતી હોય અને હાથે તો સાબુ લઇને પોતાનું મોઢું ધોતી હોય છે અથવા તો પોતાને માટે પાનની પટ્ટી બનાવતી હોય છે; કારણ કે ધણી માંદો હોય તેની ફિકર નહિ, પણ પોતાનું મોઢું રૂપાળું ન લાગે અથવા પાનપટ્ટી ખાવાનો ટેસ્ટ ચાલ્યો જાય એ કેમ પાલવે? આવાં આપણાં આચરણો થઇ ગયાં છે. આપણા છોકરાઓ ભણવા જાય ત્યાં પણ એમજ. મોઢે લેસન ગોખતા હોય છે; મનમાંથી એમ ઇચ્છતા હોય છે કે, આ માસ્તરની પીડા અહીંથી ક્યારે જાય? અને કાંઇ મસ્તી કરવા માટે આંખથી બીજા છોકરાને ઇશારત કરતા હોય છે અથવા હાથે કરીને બીજા છોકરાની ચોપડી કે પેન છુપાવતા હોય છે તથા પગે કરીને કોઇ ગરીબ સ્વભાવના છોકરાને લાત મારતા હોય છે. આવી રીતે દરેક બાબતમાં ને દરેક ઠેકાણે આપણાં મન, વચન ને કર્મ જુદાં પડી ગયેલાં છે, તેથી આપણે ખરૂં સુખ ભોગવી શકતા નથી; માટે જિંદગીમાં શાંતિ અનુભવવા સારૂ, આપણા આત્માનું કલ્યાણ કરવા સારૂ, આપણાં ભાઇબહેનોની તથા આપણા દેશની સાચી સેવા કરવા સારૂ અને ઇશ્વરી આનંદ લૂંટવા સારૂ આપણાં મન, વચન ને કર્મની એકતા કરવી જોઇએ. એ ત્રણે તાર જ્યારે એકસરખા ચાલે ત્યારેજ તેમાંથી ગેબી–ઇશ્વરી અવાજ મળી શકે છે અને જ્યારે એ નાદ સંભળાય, ત્યારેજ સાર્થકતા થઈ શકે છે. માટે ભાઇઓ! જેમ બને તેમ મન, વચન ને કર્મની એકતા રાખતાં શીખો, કારણ કે એ આપણે સમજી શકીએ તેવો ઇશ્વરી માર્ગ છે.

૧૬૫–આપણે પ્રભુ સાથે દોસ્તી કરવી હોય, તો પ્રભુના હુકમો પાળવા જોઇએ

દોસ્તી કેમ થાય છે, એ તમને ખબર છે? દોસ્તીનું મૂળ ચાહના છે. એકબીજાને ચાહવાથી અને એકબીજાની મરજી મુજબ ચાલવાથી દોસ્તી થાય છે. જ્યાંસુધી આપણે આપણા દોસ્તની મરજી મુજબ ન ચાલીએ, ત્યાંસુધી અંતરની એકલી ચાહનાથી તે કાંઇ આપણો ખરો દોસ્ત થાય નહિ, માટે અંતરની

સાથે બહારનો વિવેક પણ જોઈએ. એટલે જેની સાથે દોસ્તી કરવી હોય, તેની ઇચ્છા પ્રમાણે પણ ચાલવું જોઇએ. આપણો દોસ્ત કહે કે, આજે મને મળજો, પણ આપણે તે વખતે તેને ના મળીએ; આપણો દોસ્ત કહે કે, આજે મારી વર્ષગાંઠ છે, માટે મારે ઘેર જમવા આવજો, પણ આપણે ન જઇએ; આપણો દોસ્ત કહે કે, જરા મારી વાત સાંભળો, પણ આપણે તે ન સાંભળીએ; આપણો દોસ્ત કહે કે, જરા વાર તમારી ચોપડી મને આપો, પણ આંપણે તે ન આપીએ; આપણો દોસ્ત કહે કે, ફરવા ચાલો, પણ આપણે તેની સાથે ન જઇએ; આપણો દોસ્ત કહે કે, તમે મારા દુશ્મન પાસે ન જાઓ, તોપણ આપણે ત્યાં જઇએ અને આપણો દોસ્ત કહે કે, મારા બંગલામાં આજે લહેર કરવા ચાલો, ત્યારે આપણે કહીએ કે, તમારો બંગલો મને ગમતો નથી. ભાઇઓ! આમ કરવું એ કાંઇ દોસ્તીની રીત છે? એવી રીતે કરવાથી કાંઇ દોસ્તી નભે નહિ. ભલે આપણે અંતરમાંથી તેને બહુ ચાહતા હોઇએ, પણ જો બહારથી તેની ઇચ્છા મુજબ ચાલતા ન હોઇએ, તો એ દોસ્તી નભી શકે નહિ; કારણ કે અંતરની ચાહના એ તો બીજરૂપ છે, પણ બહારથી તેની મરજી મુજબ ચાલવું એ તો ફળરૂપ છે. અંતરની ચાહના! એ ચાહના તો પડદામાં છુપાયેલી જનાનખાનાની બીબીના જેવી છે. એવી ચાહના તો શરમાળ મુગ્ધ છોકરીઓના દિલમાં જોઇએ. ભક્તોના દિલમાં કાંઈ એવી જનાનખાનાની બીબીના જેવી ચાહના હોય નહિ; તેઓ તો પોતાના મુરબ્બી મિત્રના હુકમની વાટજ જોનારા હોય છે. પોતાના દોસ્તની ઇચ્છાઓને માથા ઉપર ચડાવવી, એનુંજ નામ દોસ્તી છે અને એજ દોસ્તીનો આનંદ છે. દોસ્તને અંતરમાંથી ચાહવો, પણ તેનું કહ્યું માનવું નહિ એટલે કે તેની મરજી પ્રમાણે ચાલવું નહિ, એ દોસ્તી શાની? ને એમાં આનંદ પણ શું? માટે ભાઇઓ! યાદ રાખજો કે, જેની દોસ્તી કરવી હોય તેનું કહ્યું પણ માનવું જોઇએ, તેમજ જો આપણે પરમ કૃપાળુ અખંડાનંદ દેવાધિદેવ પરમાત્માની દોસ્તી કરવી હોય, તો તેની ઇચ્છાને આ-ધીન થવું જોઇએ. મનમાંથી માળા ફેરવીએ પણ બહારથી તેની ઇચ્છાને આધીન ન થઇએ એટલે કે જેમ પ્રભુ રાખે તેમ આનં-દથી ન રહીએ, તો એ ભક્તિ શાની? એ દોસ્તી શાની? એવી રીતે વર્તવાથી—એવી એકાંગી ભક્તિથી કાંઈ પ્રભુ રાજી થતો નથી,

માટે ભાઇઓ ! અંતરના પ્રભુપ્રેમની સાથે બહારના હુકમો પળાય તેમ કરો, તોજ પ્રભુની દોસ્તી નભી શકશે અને તોજ ભગવત્-કૃપા મેળવી શકાશે.

૧૬૬–કોઇકની પણ દોસ્તી કર્યા વિના ચાલે તેમ નથી, માટે પ્રથમથીજ પ્રભુની દોસ્તી કરી લો

તમને યાદ છે? આપણે જ્યારે નાના હતા, કાલુંકાલું બોલતા, મીઠુંમીઠું હસતા, નાનાંનાનાં પગલાં ભરતા અને કાચની પૂતળીઓ તથા માટીની ઢીંગલીઓ સાથે રમતા, ત્યારે એ પૂતળાંઓની દોસ્તીથી આપણને કેટલો બધો આનંદ થતો હતો, એ તમને યાદ છે કે? એ પૂતળું ખોવાઈ જાય, ભાગી જાય અથવા આપણી પાસેથી કોઈ લઈ જાય, તો આપણે કેવા પછાડ ખાઇને રોઇ પડતા હતા? એ પૂતળાં પાછળ કેટલાં બધાં આંસુઓ પાડતા હતા? અને એ ઢીંગલીઓ સારૂ કેટલા બધા દિલગીર થતા હતા તથા એ રમકડાં સારૂ માબાપો સાથે કેવું મોટું હુલ્લડ મચાવતા હતા? એ યાદ તો કરી જુઓ ! આ બધું શા માટે? આપણા અંતરમાં રહેલા સ્નેહને ખાતર; આપણી દોસ્તીને ખાતર. એ રમકડાંઓ આપણા સ્નેહનો જવાબ કે બદલો આપી શકતાં નહિ, તોપણ આપણે આપણા અજ્ઞાનપણામાં પણ તેને ચાહતા હતા; કારણ કે આપણા હૃદયમાં કુદરતી રીતેજ ચાહના રહેલી છે અને એ ચાહનામાંજ આનંદ છે. માટે એ ચાહનાને તૃપ્ત કરવા સારૂ આપણને હમેશાં કોઇક ને કોઈક ભલામાં ભલા મિત્રની જરૂર છે; કારણ કે કોઇ પણ મિત્ર વિના એક ક્ષણ પણ આપણે રહી શકીએજ નહિ, એવો મનુષ્યજાતિનો સ્વભાવ છે. એટલે જો કોઇ સારો મિત્ર ન મળે, તો કોઈક સેતાનજ મનમાં ભરાઈ જાય છે, પણ મનને કોઇક દોસ્ત જોઇએ છે. દોસ્ત વિના તે રહી શકતું નથી. આપણી પોતાનીજ જિંદગી તપાસી જુઓ, એટલે એ વાત ખુલ્લી થઇ જશે.

બાળપણ ગયા પછી આપણે જરા મોટા થયા; નિશાળમાં જવા લાગ્યા અને ત્યાં બીજાં છોકરાંઓ સાથે દોસ્તી થઇ. એ દોસ્તીનો આનંદ હજી સુધી પણ આપણે ક્યાં ભૂલી ગયા છીએ? એ કેમ ભુલાય? દોસ્તીનો આનંદ કેમ ભુલાય? એ દોસ્તીમાં શું થતું એ યાદ છે કે? નિશાળમાં મહેતાજી ન હોય, ત્યારે ધિંગા-

મસ્તી થતી, નદીતળાવમાં નાહવા જતા, કોઈની બોરડીનાં બોર ખાવા જતા, દડે રમતા, સામી પાર્ટીવાળાઓને મારતા, એક-બીજાનું લેસન જોઇ લેતા, માબાપ ફિકર કર્યા કરે ને આપણે ક્યાંયના ક્યાંય રખડવા ચાલ્યા જતા અને અધીં દુકાનીના ચણા-મમરા, લાલાદાળ કે ચણિયાં મણિયાં બોર લીધાં હોય, તો તેના ભાગ પાડીને ખાતા. એ આનંદ યાદ છે કે ? શા માટે એમાં આનંદ થતો હતો ? દોસ્તીને લીધેજ એમાં આનંદ હતો. આ-પણા દેહની રચનામાંજ, પ્રકૃતિના મૂળમાંજ, જે કુદરતી સ્નેહ રહેલો છે, તેને રસ્તો મળવાને લીધેજ એ આનંદ થતો હતો.

એ પછી આપણે જુવાન થયા, ધંધારોજગારમાં પડ્યા, બાય-ડીછોકરાંવાળા થયા; તોપણ સ્નેહની લાગણી તો આપણામાંથી ગઇજ નહિ, એ તો વધતીજ ચાલી. જો કે એ મિત્રાઇની લાગણી ગઇ નહિ; પણ બદલાઈ. હવે આપણો આનંદ ચણિયાં મણિયાં બોરમાં નથી, હવે આપણો આનંદ ધિંગામસ્તીમાં નથી, હવે આપણો આનંદ જુદાં જુદાં ફળિયામાં રખડવામાં નથી અને હવે આપણો આનંદ પહેલી ચોપડીમાંનો કાગડો ને ગધેડું જોવા-માં નથી, પણ હવે તો આપણો આનંદ કુંટુંબમાં ને આપણા ધંધારોજગારમાં છે. હવે આપણે આપણી વહુને આપણી દોસ્ત બનાવી છે. છોકરાંઓની સગાઇ માટે સારાં સગાંઓની આપણે શોધમાં છીએ, સારો શેઠ શોધીએ છીએ, સારા સંત પુરુષોને શોધીએ છીએ, કારભારીઓની મુલાકાતની ઇચ્છા રાખીએ છીએ, સારી સારી મંડળીઓમાં જઇએ છીએ, મોટાં તથા સારાં માણસો સાથે આપણી દોસ્તી થાય તો ઠીક, એમ આપણે ઇચ્છીએ છીએ અને સૌ કરતાં વધારે વહાલી આપણી વહુને રાજી રાખવાની ફિકર રાખીએ છીએ. ભાઇઓ ! આ બધું શા માટે ? દોસ્તીને માટે, એટલી બધી દોડાદોડ સૌ લોકો શા માટે કરે છે ? કારણ એજ છે કે, દોસ્તી વિના માણસો રહી શકતાં નથી. પોતાના અંતરમાં રહેલા પ્રેમને તૃપ્ત કરવા સારૂ તેઓને કાંઈક બહારનાં સાધનો જોઇએ છે, તેને માટે આ બધાં ફાંફાંછે; પણ યાદ રાખજો કે, એ બધાં ખાલી ફાંફાંજ છે, કારણ કે હજુ જ્યારે ઘરડા થઇશું, ત્યારે વળી જાણે કેવી દોસ્તી શોધવી પડશે ? એ વખતે કેવી દોસ્તી-ઓ શોધીશું તેનો મને અનુભવ નથી, કારણ કે હું હજુ ઘરડો થયો નથી; પણ મને લાગે છે કે, પ્રથમ તો લાકડીની દોસ્તી

કરવી પડશે, દવાઓની બાટલીઓની દોસ્તી કરવી પડશે, રોગો-ની ને અશક્તિની દોસ્તી કરવી પડશે, ચશ્માંની ને દોરનારાઓ-ની દોસ્તી કરવી પડશે અને જુવાન કુંટુંબ તથા મસ્તીખોર છોકરાઓ વચ્ચે હડધૂત થતા બચવા માટે પારકા ચોક, પારકાં મંદિરો અથવા ઘરના ખૂણાની એકાદ એકાંત ઓરડીની દોસ્તી શોધવી પડશે અને છેવટે જમની તથા મોતની દોસ્તી કરવી પડશે. આવી સ્થિતિ આવી પડે ને એવી દોસ્તી કરવી પડે, તે કરતાં એવી સ્થિતિમાં પણ ને એવી દોસ્તીમાં પણ દિલાસો મળે, એવી જો કોઇની સાચી દોસ્તી થઈ જાય, તો એ મહાભા-ગ્યની વાત છે. એવી દોસ્તી તો માત્ર એક સર્વવ્યાપક સર્વશક્તિમા-ન આનંદસ્વરૂપ, અનંત બ્રહ્માંડના નાથની છે, જેની દોસ્તી કર્યા પછી બીજા કોઇની દોસ્તીજ કરવી પડતી નથી અને જેની દોસ્તી-નો આનંદ બીજા કોઇની પણ દોસ્તીમાં નથી. એવા સચ્ચિદાનંદ, પરમકૃપાળુ, મહામંગળકારક, પાલક પિતા વિશ્વંભરનાથનીજ દોસ્તી કરવી જોઇએ કે જેથી કરીને લક્ષચોરાશીના ફેરામાંથી છૂટી શકાય. એજ ખરી દોસ્તી છે અને એ દોસ્તી ભગવદ્દઇચ્છાને આધીન થવાથીજ થઈ શકે છે; માટે ખોટી દોસ્તીમાં નહિ પડ્યા રહેતાં જેમ બને તેમ પ્રભુની સાચી દોસ્તી કરવા સારૂ પ્રભુના હુકમો પળાય તેમ કરો.

પદ

ભજી લેને પ્રભુને બીજું કાંઈ ન વળે રે;
બીજું કાંઈ ન વળે રે બીજું કાંઇ ન વળે રે. ભજી લે૦
જાણ્યા નહિ તેં શારંગપાણિ સંસારમાં શું મતિ મૂંઝાણી!
જાણી લે જગદીશને તો તુર્ત તરે રે. ભજી લે૦
મનુષ્યદેહ વારે વારે ન આવે માટે ભજી લેને પ્રભુ ભાવે;
ચેતી લે તે માટે જેથી કાર્ય સરે રે. ભજી લે૦
રામ નામની લહેર ન જાણી ઊલટી ઉંમર એળે ગુમાવી;
લખીરામ કહે ભાવે ભજો ભગવાનને રે. ભજી લે૦

૧૬૭–સરકારની પેઠે પ્રભુ પણ જો દરેક બાબતોના વેરા માગે, તો આપણો ક્યાં આરો આવે ?

નામદાર સરકાર આપણી પાસેથી આપણા રક્ષણ માટે અને આપણાં સુખોની સગવડતા કરી આપવા માટે આપણી પાસેથી મોટા

કર લે છે, પણ દયાળુ પ્રભુ આપણને લાખો વસ્તુઓથી ભરેલી વિશાળ પૃથ્વી તથા અમૂલ્ય જિંદગી આપ્યા છતાં પણ આપણી પાસેથી કાંઇ પણ કર માગતા નથી, એ તેની કેટલી બધી દયા છે! આપણી માયાળુ અંગ્રેજ સરકાર બહુ ન્યાયી ને બહુ દયાળુ સરકાર ગણાય છે, તેમ છતાં પણ તે આપણી પાસેથી ઘણી જાતના કર લે છે. આપણી જમીન ઉપર તેનો કર છે, આપણાં ઘરો ઉપર તેનો કર છે, આપણે નળનું પાણી પીએ તે ઉપર પણ કર છે, આપણે શાકભાજીમાં કે રોટલી સાથે મીઠું ખાઇએ તેની ઉપર પણ કર છે, આપણે ગ્યાસલેટના દીવા કરીએ, તેની ઉપર પણ સરકારના કર છે, આપણે પાયખાનાં વાપરીએ તેનો પણ કર ભરવો પડે છે, આપણાં ઢોર જંગલમાં ચરવા જાય તેનો પણ કર પડે છે, શેઠિયાઓ ગાડીઘોડા રાખે તેનાં પણ મ્યુનિસિપાલિટીનાં બિલ ભરવાં પડે છે, આપણે આપણા બગીચામાં ઝાડો વાવીએ, તે ઝાડના પણ કર ભરવા પડે છે, આપણે કોઇ ચોક્કસ પુલ કે રસ્તા ઉપરથી ચાલ્યા જઇએ, તે ચાલવાનો પણ કર ભરવો પડે છે અને આપણે કાંઇ સામાનનું પોટલું એક ગામથી બીજે ગામ લઇ જઇએ, તો તેની પણ જકાત ભરવી પડે છે; પણ પ્રભુની દયા તો જુઓ! કે તેની સર્વે ચીજો મફત! પ્રભુ દરરોજ આપણને સૂરજનું અજવાળું આપે છે, એ અજવાળું કેટલું બધું કીમતી છે, એ તમે ક્યાં નથી જાણતા? માત્ર એકજ દિવસ પ્રભુ સૂરજને ખેંચી લે અથવા કાળો બનાવી મૂકે, તો આપણા શું હાલ થાય? આપણને સૂરજનો પ્રકાશ આપવા માટે પ્રભુ આપણી પાસેથી કાંઇ કર માગે, તો તે આપ્યા વિના કેમ ચાલે? એ ખાતે તે ગમે એટલો મોટો કર માગે, તોપણ તે આપ્યા વિના છૂટકો થાય નહિ; પણ મહાન પ્રભુની એજ અખંડ દયા છે કે, તે એવી અમૂલ્ય ચીજોનો અતિશય લાભ આપતાં છતાં પણ આપણી પાસેથી કાંઈ પણ માગતો નથી.

પવન કાંઇ આપણા બાપનો નોકર નથી, પણ પ્રભુના હુકમથી તે આપણા ઘરમાં ને આપણા શરીરમાં દરેક શ્વાસે ને દરેક પળે ફરી રહ્યો છે. એને માટે જો પ્રભુ આપણી પાસેથી કર માગે, તો આપણી શું તાકાત છે કે, તે કર ન આપીએ? જો જીવવું હોય તો પવનને બદલે પ્રભુ જે માગે તે આપણે આપવું જોઇએ; પણ મહાન દયાળુ પ્રભુ અલ્પ જીવો ઉપર એવી સખ્તાઈ કરતો નથી; તે તો સર્વદા દયા દયા ને દયાજ રાખે છે, પણ આપણેજ

એવા અભાગિયા છીએ કે, તેની દયા સમજી શકતા નથી અને તેને લાભ લઈ શકતા નથી. આપણા ખેતરોમાં વરસાદ વરસાવવા માટે પ્રભુ કર માગે, દરિયામાં આગબોટ ફેરવવા માટે પ્રભુ કર માગે, પ્રભુની પૃથ્વી ઉપર વસવા માટે કર માગે, રાત્રે ચંદ્રનું શાંતિદાયક તેજ આપવા માટે પ્રભુ કર માગે, આપણા ગામ પાસે નદીઓ વહેવરાવવા માટે પ્રભુ આપણી પાસેથી કર માગે, આપણા ઝાડોમાં ફળફૂલ આપવા માટે પ્રભુ આપણી પાસેથી કર માગે, આપણને ગાય, બકરાં અને ઘોડા વગેરે પૂરાં પાડવા માટે પ્રભુ આપણી પાસેથી કર માગે અને જે કોલસાની ખાણોથી આપણાં કારખાનાંઓ ચાલી રહ્યાં છે, તે કોલસામાં ગરમી ભરી આપવા માટે પ્રભુ આપણી પાસેથી કર માગે, તો આપણે શું કરીએ? ભાઇઓ, આપણી નબળાઇ અને પ્રભુની દયા તો જુઓ! ભાઇઓ! જો આપણને એવી જાતના કર ભરવા પડતા હોત, તો તે ભર્યાં વિના તો ચાલત નહિ અને જો એવા કર ભરત તો આપણી શું હાલત થાત, એ વિચાર તો કરો! એવા અખૂટ કરમાંથી પ્રભુએ આપણને સાવ બચાવી લીધા એ શું તેની થોડી દયા છે? એટલી બધી અનંત ને અખંડ દયા માટે પણ પ્રભુ આપણી પાસે કાંઇ પણ માગતો નથી; પણ તે આપણાં સુખને માટે માત્ર એટલુંજ કહે છે કે, તમારા આત્માની અધોગતિ ન કરો, આત્માની અધોગતિ ન કરો, પણ તમારા આત્માનો ઉદ્ધાર કરો એટલે કે પ્રભુની દયા સમજી દીનતા રાખીને પ્રભુને શરણે જઇ અનંતકાળનાં મોક્ષનાં સુખ ભોગવો.

પદ

જય જય જગકર્તાર ભયભર્તાર તું ભગવંત છે;
અત્યંત તું શ્રીમંત ને ઐશ્વર્યવંત અનંત છે.
તું તારનાર ઉગારનાર નિવારનાર અનિષ્ટનો;
તું સ્થાપનાર ઉથાપનાર તું આપનાર અભીષ્ટનો.
તું સકળ સ્વામી અમલનામી ધામી અવિચળ ધામનો;
શશી સૂર્ય શૈલ સમુદ્ર સૌ સૃજનાર તુંજ તમામનો.
પ્રભુ તુજ ચરિત્ર વિચિત્ર ચિત્રજ ચિત્ર જગત પવિત્ર છે;
ધુની વાયુ વારિ પ્રવાહિની દશ દીશ તુજ વાજિંત્ર છે.
તું તૃણ તણો પર્વત કરે, પર્વત તણું તૃણ તું કરે;
સ્મરતાંજ સત્ય સહાય થઇ તું હદ વિના હરકત કરે.

તું જ અકળ માયા સકળ સ્થળ પ્રબળ બળ છે તુજ તણું;
ઘટઘટ તણી ઘડી સુઘટ ઘટના ઘટિત કાર્ય કર્યું ઘણું.
ભવભીતનો ભય ભાગીને ભવસુખ ભરે ભગવાન તું;
ગુણગાન સુણીને કાનથી દે છે અમરપદ દાન તું.
પ્રભુ ગરીબના પોકાર તું સુણનાર સત્ય સમર્થ છે;
બકવાદ તુજ જશ બાદ વાદવિવાદ સઘળા વ્યર્થ છે.
તું એક ઈશ હરેક જનનો નામ ભિન્ન અનેક છે;
તું સર્વની અરજી સૂણે છે નિયમ તારો એક છે.

૧૬૮–ભક્તિનું ખરૂં સુખ તો હરિની હજૂરમાં–મોક્ષધામમાંજ સમજાશે

કોઈએક ગામડામાં એક ગરીબ માણસની છોકરી હતી. તે પોતાને હાથે રસોઈ કરતી, પાણી ભરતી, વાસીદું વાળતી, છાણાં થાપતી અને દળણું દરતી હતી. એ પછી તે છોકરીનું વેવિશાળ એક મોટા શેઠ સાથે થયું. એ શેઠ જ્યારે લગ્ન કરવા આવ્યો, ત્યારે તેણે ઘણી ધામધૂમ કરી ઉપરાઉપરી નાતો જમાડી; વિલાયતી વાજાં વગડાવ્યાં, નવી નવી જાતની મીઠાઈઓ ને શાકભાજી મંગાવ્યાં, આતશબાજીનાં ગુલબાનો ઉડાવ્યાં, નાચરંગના મેળાવડા કર્યા અને પોતાના લગ્નની ખુશાલીમાં બહુ પુણ્યદાન કર્યું. એ બધું જોઇને પેલી ગરીબ માણસની છોકરી તો અજબજ થઇ ગઇ કે, આટલી બધી ધામધૂમ! ત્યારે તે શેઠે કહ્યું કે, "આ તો હજી ગામડું છે, અહીં તો કોઇ જાતની સગવડ નથી, મારી મોટાઇની ખરી ખબર તો હજી ઘેર ગયા પછી પડશે."

એ પછી તે છોકરી પોતાને સાસરે મુંબઈ ગઇ. ત્યાં તો આલીશાન બંગલા, રબરટાયરની ગાડીઓ, કામકાજ કરવા માટે દાસીઓ, ઝવેરાતની તિજોરીઓ અને શેઠાણીજી, શેઠાણીજી તથા બાઇ સાહેબ, બાઈ સાહેબ સાંભળીને તે તો હેરતજ થઇ ગઇ અને ખુશ ખુશ થઈ ગઇ. તેને સ્વપ્નામાં પણ ખબર નહિ કે મારા ધણીના વૈભવ આવા મોટા હશે.

ભાઇઓ! આપણે પણ તે ગરીબ છોકરીના જેવાજ છીએ, પણ જ્યારે આપણે ભક્તિમાં લાગી જઇએ, ત્યારે આપણી પ્રભુ સાથે સગાઇ થઇ જાય છે. એ પછી આપણને જે મનના દિલાસા

મળે છે, અંતરના આનંદ મળે છે, ભક્તોની વાણીમાં રસ જામે છે, જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં આનંદ આનંદ થઇ રહે છે; હર્ષ-શોક ઓછા થઈ જાય છે અને મોતનો પણ ડર મટી જાય છે; મન મોટાં થઈ જાય છે અને જેમ પ્રભુ રાખે તેમ આનંદથી રહેવાય છે. એ સુખ કાંઇ જેવાં તેવાં નથી; પણ અહીંના આપણાં એ સુખ તો પેલા શેઠિયાની પેઠે ગામડાનાં સુખ જેવાં છે. ખરાં સુખ તો હજુ ઘેર છે. એ ઘેર તો હરિની હજૂરનાં મોક્ષધામનાં સુખડાં છે. એનો આનંદ તો કાંઈ ઓરજ છે. ગામડાંની ગરીબ છોકરી જેમ મુંબઇના શેઠિયાઓના ઘરના વૈભવોની કલ્પના પણ કરી શકે નહિ, તેમ આપણે પણ અહીં બેઠે મોક્ષધામનાં અલૌકિક સુખની કલ્પના પણ કરી શકીએ નહિ. માટે ભાઇઓ ! એ વાણીથી કહ્યાં જાય નહિ એવાં મહાઅખંડ સુખો લૂંટવા સારૂ ભક્તિમાર્ગમાં આવો, ભક્તિમાર્ગમાં આવો અને સર્વશક્તિમાન પ્રભુ સાથે લગ્ન થાય તેમ કરો.

પદ

મારે વર તો વિઠ્ઠલને વરવું છે રે, હાંહાં રે મારે વર તો૦
બીજાને મારે શું કરવું રે–મારે વર તો૦
નંદના કુંવર સાથે નેડલો બંધાણો રે હાં (૨)
મારે ધ્યાન ધણીનું ધરવું છે, રે–હાંહાં રે મારે ધ્યાન–બીજાને૦
અવર પુરુષની મારે આશા ન કરવી રે હાં (૨)
મારે છેડલો ઝાલીને ફરવું છે, રે–હાંહાં રે મારે છેડલો–બીજાને૦
સંસાર–સાગર મોહજળ ભરીઓ રે હાં (૨)
મારે તારે ભરોસે તરવું છે, રે–હાંહાં રે મારે તારે–બીજાને૦
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ હાં (૨)
મારે રાસમંડળમાં રમવું છે રે–હાંહાં રે મારે રાસ–બીજાને૦

૧૬૯–ભગવાનના ભક્ત અને શ્રીકૃષ્ણના દોસ્ત છતાં સુદામાજી દરિદ્ર કેમ રહ્યા ?

શ્રીકૃષ્ણ અને સુદામાજી બન્ને જણા ઉજ્જન નગરીમાં સાંદીપનિ નામે ગુરુને ઘેરે સાથે રહીને ભણતા હતા. તે વખતે એક દિવસ ગોરાણીએ સુદામાને દાળિયા આપ્યા અને કહ્યું કે, "તમે સૌ છોકરાંઓ મળીને ખાજો." સુદામાની ઉંમર એ વખતે બાળક

હતી ને ભૂખ બહુ લાગી હતી; તેમજ ગુરુપત્નીએ દાળિયા આપ્યા છે, એમ બીજાં છોકરાંઓને ખબર નહોતી, તેથી પોતાના બીજા ભાઈબંધોને ભાગ આપ્યા વિના સુદામા એકલા એ દાળિયા ખાઇ ગયા; તેથી એ પાપથી સુદામા ભગવાનના ભક્ત છતાં પણ દરિદ્ર રહ્યા. કારણ કે તેઓની ભક્તિ એકાંગી હતી. એટલે તેઓને પ્રભુ-પ્રેમ હતો, તેથી પ્રભુને અર્થે કરવાનાં બધાં કર્મ જેમકે જપ, ધ્યાન, સ્નાન, સંધ્યા, વગેરે તેઓ કરતા હતા; પણ પોતાના ભાઇબંધો તરફના પ્રેમમાં તેઓ મોળા હતા. તેથી ગોરાણીએ આપેલા ચણા તેઓ એકલા ચાવી ગયા હતા. એ પાપથી–એવી એકાંગી ભક્તિથી તેઓ દરિદ્ર રહી ગયા હતા. એ પછી જ્યારે પ્રભુને અર્થે તેઓ પોતાના બંધુઓને આપતાં શીખ્યા, પોતાની પાસે કાંઈ નહિ હોવાથી ભીખ માગીને પણ જ્યારે પોતાના બંધુ શ્રીકૃષ્ણને કાંગના કાંગવા ભેટ આપ્યા, ત્યારે પ્રભુએ તેઓની ભક્તિ પૂરેપૂરી માનીને તેઓની દરિદ્રતા દૂર કરી મોટા વૈભવો આપ્યા.

ભાઇઓ! આપણે પણ ઘણી વખત સુદામાની પેઠે એકાંગીજ ભક્તિ કરીએ છીએ, એટલે કે તીર્થસ્નાન કરીએ છીએ, તિલકછાપાં કરીએ છીએ, પાઠપૂજા કરીએ છીએ અને ધર્મની મોટી મોટી વાતો કરીએ છીએ; પણ ભક્તિનું બીજું અંગ જે માણસજાત તરફની ફરજ છે, તેમાં આપણે બેદરકાર રહીએ છીએ. આપણા ઘરમાં જૂનાં લૂંગડાંના ગાંસડા બાંધેલા છતાં પણ આપણે તે ગરીબોને આપી શકતા નથી. આપણા ઘરમાં જૂની ચોપડીઓ પડેલી હોય, છતાં પણ અને તે આપણા કંઇ પણ કામમાં ન આવતી હોય છતાં પણ આપણે આપણા ગરીબ ભાઈબંધ વિદ્યાર્થીઓને તે આપી શકતા નથી. આપણે ત્યાં ઘણીએ જગ્યાઓ ખાલી પડી હોય, પણ આપણે કોઇ સાધુસંતને, મુસાફરોને કે અતિથિને તેમાં ઉતારો આપતા નથી. આપણા ઘરમાં દવાની બાટલી પડેલી હોય અથવા આપણે કાંઇ સારી દવા જાણતા હોઇએ, છતાં પણ આપણા પાડોશીઓને જરૂરને વખતે પણ આપણે દવા આપતા નથી અને આપણે મરી જઇએ ત્યાંસુધી પણ આપણી પાસેની સારી ચીજ બીજાને શીખવતા નથી. આપણા ઘરમાં રાંધેલું અન્ન પડેલું હોય અને તે બીજે દિવસે નાખી દેવું પડે, ત્યાંસુધી પણ આપણે ચીવટ રાખીને તે ભિખારીઓને આપી શકતા નથી અને આપણે જાણીએ છીએ કે, જો કેસ લડવા

દરબારમાં ચડીશું તો ઘરબાર ખોઇ બેસશું, તોપણ આપણે અગાઉથી ચેતીને આપણા ગુસ્સાને રોકતા નથી અને આપણા ભાઇબંધો સાથે સલાહસંપથી વર્તતા નથી. આવી રીતે દરેક બાબતમાં આપણે જેટલી જોઇએ તેટલી ભાઇબંધી કે સમાનવૃત્તિ રાખી શકતા નથી, તેથી આપણે ભગવદ્દઇચ્છાને આધીન થઈ શકતા નથી, માટે આપણી ભક્તિ એકાંગી થઇ પડે છે; એટલે આપણે જોઇએ તેટલું ફળ મેળવી શકતા નથી, તેથી એવી એકાંગી ભક્તિથી સુદામાની પેઠે આપણે પણ દરિદ્ર રહી જઇએ છીએ. સુદામા તો માત્ર ધનમાંજ દરિદ્ર હતો, પણ આપણે તો તનમાં, મનમાં ને હૃદયમાં પણ ઈશ્વરી જ્ઞાન વિના દરિદ્ર બની ગયા છીએ; માટે ભાઇઓ! આપણી ભક્તિને એકાંગી નહિ રાખી મૂકતાં-જેના જેના આપણી ઉપર હક હોય તેના હક ચુકવાય તેમ કરો. બધું પોતે એકલા એકલાજ નહિ પટકાવી જતાં, સુદામાના તાંદુલની પેઠે આપણાથી જે બની શકે તે આપણી ભક્તિની પૂર્ણતાને માટે આપણાં ભાઇબહેનોને પ્રભુને અર્થે ભેટ આપજો.

૧૭૦–ધર્મમાંજ માણસની ઉત્તમતા છે; બાકી તો ઝાડ તથા પશુઓ કરતાં પણ તે ઊતરતો છે

આપણે જાણીએ છીએ કે, ઘણી જાતનાં ઝાડ તથા ભાજીપાલો દુનિયામાં આપણા કરતાં વધારે ઉપકાર કરે છે. ઘણી દવાઓ એવી છે કે જે આપણા પગ નીચે જયારેત્યારે કચરાય છે, પણ તેનામાં એવા ગુણો રહેલા છે કે, કોઢ જેવાં ભયંકર દરદો સારાં કરે છે. કેટલીક એવી પણ જડીબૂટીઓ છે કે જે ત્રાંબાનું સોનું બનાવી દે છે. ઘણાંએ પશુ તથા પક્ષીઓ એવાં હોય છે કે જે આપણા કરતાં સેંકડો દરજ્જે નીતિવાન હોય છે અને ઘણાંએ જનાવરો એવાં છે કે જે આપણા કરતાં જગતની ઘણી વધારે સેવા કરે છે; તેમ છતાં પણ બીજાં પ્રાણીઓ તથા વનસ્પતિ કરતાં માણસો ઉત્તમ ગણાય છે, તેનું કારણ શું? તેનું કારણ એજ છે કે, આપણે પ્રભુની ભક્તિ કરી શકીએ છીએ અને જો ધારીએ તો પ્રભુના સ્વરૂપને ઓળખી જન્મમરણના ફેરામાંથી છૂટી શકીએ તેમ છીએ. તેથીજ પ્રભુની આપણા ઉપરની એ કૃપાથીજ આપણે દુનિયાની સૌ વસ્તુઓ કરતાં ઉત્તમ છીએ; માટે આપણી એ

ઉત્તમતા આપણા પરમ કૃપાળુ મહાન પિતાને આપણે આપણા શુદ્ધ આચરણથી બતાવી આપવી જોઇએ; કારણ કે પ્રેમપૂર્વક પ્રભુની ભક્તિથીજ આપણી એ ઉત્તમતા સાબિત થઇ શકે તેમ છે, બીજી કોઈ પણ રીતે આપણે આપણું ચડિયાતાપણું બતાવી શકીએ તેમ નથી; કેમકે પોતાના જુદાજુદા સ્વાભાવિક ગુણમાં, તેઓથી દુનિયા પર થતા ઉપકારમાં, નીતિના નિયમો પાળવામાં અને જગતની સેવા કરવામાં આપણે તેઓથી આગળ વધી શકીએ તેમ નથી. માત્ર ધર્મમાંજ–પ્રભુને જાણવામાંજ આપણે તેઓથી આગળ વધી શકીએ તેમ છીએ; પણ જો એ પણ આપણાથી ન બને, તો પછી આપણે પશુપંખીઓ તથા ઝાડપાન કરતાં પણ ઊતરતા ગણાઇએ તેમાં કંઇ નવાઈ નથી. એવું હાથે કરીને જાણતાં છતાં અધમપણું ન થાય; માટે ધર્મમાં લાગ્યા રહો ! પ્રભુમાં લાગ્યા રહો !

૧૭૧–માણસો પણ નોકરને બદલો આપે છે, તો પ્રભુ કેમ ભૂલી જશે ?

અંગ્રેજ સરકારનું પેન્શનફંડ કેવડું મોટું છે, એ તમે જાણો છો ? દરસાલ કરોડો રૂપિયા પેન્શનખાતામાં ખર્ચાય છે. એ ખાતું સારૂં છે ને તેમાંથી જરૂરને વખતે ખરેખરો લાભ મળે છે, તે સારૂજ સરકારી નોકરીને માટે માણસો ઉપરાઉપરી પડે છે. હવે તમે વિચાર કરો કે, પોતાના નોકરોના સુખ સારૂ જ્યારે આપણી સરકાર કરોડો રૂપિયાનું ફંડ રાખે છે, ત્યારે સર્વ રાજાઓનો મહારાજા અને સર્વ શહેનશાહો જેના ગુલામોના પણ ગુલામ બનવાને તૈયાર છે, તે અનંત બ્રહ્માંડના નાથ પ્રભુને ત્યાં તેની નોકરી કરનારા માટે કેવું મોટું પેન્શનફંડ હશે,એ ખ્યાલ તો કરો ? આપણા રાજાઓનું પેન્શન મેળવવા માટે તો ઘણાં વરસો સુધી આપણે નોકરી કરવી પડે છે, પણ પ્રભુનું પેન્શન મેળવવા માટે તો જે વખતે આપણા હૃદયમાં પ્રભુનો ખ્યાલ જામી જાય તેજ વખતથી આપણું પેન્શન ચાલુ થઈ જાય છે. રાજાનું અને શેઠિયાઓનું પેન્શન તો નોકરીના પ્રમાણમાં ઘણું ઓછું હોય છે; પણ પ્રભુની સેવા તો આપણે રજ જેટલી કરીએ, તો ગજ જેટલું પેન્શન મળે છે. રાજની નોકરી મેળવતાં તો બહુ મહેનત

પડે છે, પણ પ્રભુની નોકરી મેળવતાં–પ્રભુની સેવા કરતાં તો જરાએ મહેનત પડતી નથી; પણ ઊલટો આનંદ થાય છે. રાજાની નોકરી લીધા પછી બીજાની નોકરી કે બીજાં કામ થઈ શકતાં નથી, પણ બીજાં કામ અને બીજાઓની નોકરી કરતાં છતાં પણ પ્રભુની નોકરી કરી શકાય છે, એટલુંજ નહિ પણ રાજા પોતાના દરેક નોકરને ઓળખી શકતો નથી કે પોતે જાતે દેખરેખ રાખી શકતો નથી, પણ પ્રભુ તો પોતાના નાનામાં નાના ભક્તને પણ ઓળખે છે; એટલુંજ નહિ પણ દરેક ભક્તની સેવા પોતે જાતેજ રાજી થઇને અંગીકાર કરે છે અને આપણી જરાક જેટલી સેવાનો પણ મોટામાં મોટો બદલો આપે ત્યારેજ દયાળુ પ્રભુને સંતોષ થાય છે. ભાઇઓ ! પરમ પવિત્ર પ્રભુ એવા કૃપાના સાગરરૂપ છે; માટે જરૂરનાં દુનિયાદારીનાં કામ કરતાં કરતાં પણ પ્રભુની સેવા કરો અને પ્રભુના ન્યાયી તથા દયાળુ દફ્તરમાં પેન્શનફંડમાં તમારું નામ લખાય તેમ કરો. ખાતરી રાખજો કે, આ શરાનું બળ બહુ મોટું છે. ભગવદ્‌આશરો રાખવો, એ કાંઇ જેવી તેવી બાબત નથી. આશરાના બળથી તરત તમારામાં નવું જીવન આવશે અને તમારા મનનાં એમ સિદ્ધ થઇ જશે કે, સારાં માણસો પણ કોઇની મજૂરી ડુબાવતાં નથી, ત્યારે દયાળુ પ્રભુ આપણી સેવા કેમ ડુબાવશે ? પ્રભુની સેવામાં તો પહેલે પગલેજ પહેલે પગથિયેજ મોટું ઇનામ છે. માટે ભાઇઓ ! એક શ્રીહરિનો દૃઢ આશરો રાખીને ભગવત્સેવામાં મચ્યા રહો ! ભગવત્સ્મરણમાં મચ્યા રહો ! !

૧૭૨–ઘર તરફ જતી વખતે બળદો પણ ઉતાવળા ચાલે છે, તો આપણે પણ હરિની હજૂરમાં જવા માટે ઉતાવળ કરવી જોઇએ

મુંબઇમાં એક માણસને કોર્ટમાંથી મહાલક્ષ્મી કામે જવું હતું, તેથી તે રેંકડો શોધતો હતો, એટલામાં એક રેંકડો આવી ચડ્યો. તે માણસે ભાડું પૂછ્યું, ત્યારે રેંકડાવાળાએ કહ્યું કે,"હવે તો બળદને છોડવાનો વખત થયો છે, માટે હું નહિ આવું." એ માણસને જરૂરી કામ હતું ને ત્યાં આજુબાજુમાં બીજો રેંકડો નહોતો , તેથી તેણે જરા ખેંચતાણ કરીને રેંકડાવાળાને સમજાવ્યો, ત્યારે ચાર આના વધારે લઇને રેંકડાવાળાએ ભાડું કબૂલ

કર્યું, એટલે તે માણુસ રેંકડામાં બેઠો અને કહ્યું કે, "જલદી ચલાવ." રેંકડાવાળો બળદને હાંકવા માટે બહુ જોર કરે, બૂમો પાડે, મારે, પણ બળદો બરાબર ચાલે નહિ. પેલા માણુસે પૂછ્યું કે, "તારા બળદો આવા લોથ જેવા કેમ છે? ખાવાનું આપે છે કે નહિ?" ત્યારે રેંકડાવાળાએ કહ્યું કે, "શેઠ! આ બળદો તો બહુ સારા છે, પણ થાકી ગયા છે, તેથી ચાલતા નથી."

એ પછી મહાલક્ષ્મી જઈ થોડી વારમાં તેઓ પાછા ફર્યા, ત્યારે બળદો બહુ દોડવા લાગ્યા. બળદોને દોડતા જોઇને પેલા માણુસે રેંકડાવાળાને કહ્યું કે, "તું તો કહેતો હતો કે, બળદો થાકી ગયા છે ને હવે કેમ દોડે છે?" ત્યારે રેંકડાવાળાએ કહ્યું કે, "શેઠ! હવે બળદો ઘર તરફ વળ્યા છે, માટે ઘેર પહોંચવાની ઉતાવળમાં ને ઉતાવળમાં દોડે છે."

એ સાંભળીને તે શેઠને વિચાર થયો કે, ઘેર પહોંચવા માટે જનાવરો પણ ઉતાવળ કરે છે, પણ અમે એવા અભાગિયા છીએ કે, હરિની હજૂરમાં જવા માટે પણ હજી સુધી કાંઇ તૈયારી કરતા નથી. ઘરના સુખમાં જનાવરો પણ સમજે છે. દાણાપાણી સારૂ તે પણ દોડતાં ઘેર આવે છે; પણ ભાઇઓ! આપણી ભૂલ તો જુઓ! કે અનંતકાળનાં મોક્ષધામનાં અખંડ સુખો મેળવવાને માટે પણ આપણે જિગરની લાગણીથી પ્રેમપૂર્વક હજી સુધી પણ ધર્મના રસ્તામાં જતા નથી. જાનવરોનાં તબેલા કરતાં સ્વર્ગ કેટલું બધું ઉત્તમ છે? અને બળદોના ઘાસદાણા કરતાં દેવતાઓનાં અમૃત અને ઇચ્છા મુજબ ભોગ આપનારાં સ્વર્ગનાં કલ્પવૃક્ષનાં અમૂલ્ય સુખો કેવાં અલૌકિક છે, એ તો વિચારો! એવાં સુખો આપનાર સર્વશક્તિમાન મહાન પ્રભુના રસ્તામાં ન આવીએ, સ્વર્ગના ને દેવોના પણ બનાવનાર પરમ આનંદરૂપ પરમાત્માના સ્વરૂપને ઓળખવાની કાળજી ન રાખીએ અને સ્વર્ગ તથા મોક્ષધામનાં અખંડ સુખની પણ દરકાર નહિ રાખતાં વિષ્ટાના કીડાની પેઠે મરતાં સુધી પણ આ દુનિયાનાં પાપોમાંજ પડ્યા રહીએ, તો પછી સ્વર્ગને બદલે પ્રભુ તબેલો આપે, એટલે કે જાનવરોનો અવતાર આપે, તો તેમાં શું ખોટું છે? આપણે પરમ કૃપાળુ પ્રભુની દયા ન સમજીએ ને તેના હુકમો ન પાળીએ, તો પછી એવા હાલ થાય તેમાં કાંઈ નવાઇ નથી; માટે ભાઇઓ! હજી પણ કાંઇક ચેતો, ચેતો ને ઘેર પહોંચવાની ઉતાવળ કરો.

૧૭૩–દુશ્મનને અપશુકન કરવા માટે પોતાનું નાક કાપી નાખનારા મૂર્ખની પેઠેજ આપણે પણ શત્રુ-ઓને હેરાન કરવા માટે આપણા જીવને નરકમાં નાખીએ છીએ

પ્રસંગોપાત્ત આપણને પેલી જૂની વાત કહેવામાં આવે છે કે, એક મૂર્ખ માણસ હતો. તેનો એક દુશ્મન હતો. એ દુશ્મન બહુ જોરાવર પણ વહેમી માણસ હતો. તે શુકનને ને મુહૂર્તને બહુ માનતો હતો, તેથી ક્યાંય કામે જવું હોય એ વખતે જો ખરાબ શુકન થાય, તો તે અટકી પડતો. પોતાના દુશ્મનની એ વાત જાણવાથી પેલા મૂર્ખ માણસે વિચાર કર્યો કે, જ્યારે એ કાંઈ પણ કામે જવાનો હોય, ત્યારે મારે તેને અપશુકન કર્યા કરવા, એટલે તે ક્યાંય જશે નહિ ને તેનું કાંઇ કામ થશે નહિ. એમ વિચારીને તે મૂર્ખ માણસે પોતાના દુશ્મનને અપશુકન કરવા સારૂ પોતાનું નાક કાપી નાખ્યું અને પેલાને જવાના રસ્તામાં આડો જઇને ઊભો. એ પછી તે નકટાને કોઇએ પૂછ્યું કે, "તારા નાકને શું થયું ? કોઈ બહારવટિયા મળ્યા કે તારા દુશ્મને કાપ્યું ?" ત્યારે તેણે કહ્યું કે, "દુશ્મનનો ભાર શું છે કે, મારું નાક કાપે ? એ તો મેં તેને હેરાન કરવા સારૂ મારું નાક કાપ્યું છે." ત્યારે તે માણસે પૂછ્યું કે, "તારું નાક કાપવાથી તે કેવી રીતે હેરાન થશે?" તે મૂર્ખાએ કહ્યું કે, "તેને અપશુકન કરવા માટે હું નકટો થયો છું." એ સાંભળીને તે માણસે કહ્યું કે, "શાબાસ ! શાબાસ ! આફ્રીન છે તારી અક્કલ ઉપર ! પોતાનું નાક કાપીને દુશ્મનને અપશુકન કરવાવાળા હીરાઓ પણ દુનિયામાં પડ્યા છે હો ! વાહ વાહ ! તારા જેવું પરાક્રમ તો ભાઈ કોઇ ન કરે હો ! તું તો તુંજ છે!" આ સાંભળીને તે મૂર્ખો ફુલાવા લાગ્યો.

ભાઇઓ ! આ અસલી વાત સાંભળીને આપણે તે નકટાની મૂર્ખાઈ ઉપર હસીએ છીએ; પણ આપણે પોતે શું કરીએ છીએ, એ તમને ખબર છે? એ નકટાએ તો પોતાના દુશ્મનને હેરાન કરવા સારૂ માત્ર પોતાનું નાકજ કાપ્યું, પણ આપણે તો આપણા દુશ્મનોને હેરાન કરવા સારૂ આપણા જીવાત્માને નરકમાં નાખીએ છીએ, તે સામું તો કાંઈક જુઓ !

આપણા દુશ્મનોને હેરાન કરવા માટે આપણે કેવા કેવા દાવપેચ રચીએ છીએ અને કેવા કેવા કાવાદાવા કરીએ છીએ, એ વિચારો તો ખરા! દુશ્મનોને માટેજ નહિ, પણ જેની સાથે સહેજ પણ મતભેદ હોય, પછી તે મતભેદ ધર્મનો, રાજદ્વારી વિચારનો સંસારસુધારાના વિચારનો, ઘરસંસારી ખટપટનો, જાતિભેદનો કે દેશભેદનો ગમે તે પ્રકારનો હોય, તોપણ તેને માટે આપણે કેટલા બધા આકળા થઇ જઇએ છીએ? સામા માણસની કેવી ઝીણી ઝીણી ભૂલો શોધવા મંડી પડીએ છીએ અને વાતવાતમાં આપણે કેવા અયોગ્ય ચાળાચસકા કરવા માંડીએ છીએ, એ તમે ક્યાં નથી જાણતા? આ બધું શું? શું એમ કરવું એ તરવાનો રસ્તો છે કે? આપણા ભાઇબંધોને તેઓની ભૂલને માટે યોગ્ય રસ્તો સમજાવવાની તજવીજ કરવાને બદલે અને આપણા પોતાના સ્વભાવના તથા સંજોગોના મતભેદને ઢીલા કરી કાબૂમાં રાખવાને બદલે, વારંવાર ઉશ્કેરાઇ જવું, ગાળાગાળી કરી લેવી, ન બોલવાનું બોલી નાખવું, સામાવાળાને હલકા પાડી નાખવા અને પોતાનોજ કક્કો ખરો કરાવવા માટે મનમાં દુશ્મનાઇ ભરી મૂકવી, એ શું આપણી લાયકી છે કે?

ભાઇઓ! હવે વૈરભાવનો સમય નથી, હવે તો ભ્રાતૃભાવનો જમાનો ચાલે છે. હવે તો પરમ દયાળુ મહામંગળકારી સચ્ચિદાનંદ પરમાત્માની કૃપાથી આપણા દેશમાં ક્ષમાનું રાજ્ય ચાલવા લાગ્યું છે. ભગવાન રામચંદ્રે પોતાના દુશ્મન રાવણને મોક્ષ આપીને અને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પોતાના દુશ્મન કંસ તથા પૂતના જેવાંને પણ તારીને આપણને શીખવ્યું છે કે, હવે ક્ષમાનું રાજ્ય ચાલે છે, માટે "જે પોતાનાં ભાઇબહેનોના વાંક માફ કરશે, તેના અપરાધ પ્રભુ માફ કરશે." માટે પ્રભુ પાસે આપણા અપરાધ માફ કરાવવા સારૂ આપણાં ભાઇબહેનોને માફ કરતાં શીખો અને આપણા દુશ્મનને અપશુકન કરવા માટે આપણું પોતાનું નાક કાપવું ન પડે એમ કરો; મતલબ કે આપણાં ભાઇબહેનોની ભૂલો અને આપણા મતભેદ તરફ નહિ, પણ આપણા આત્માના કલ્યાણ તરફ અને મહાન પ્રભુના હુકમ તરફ જોઇને જેમ બને તેમ સર્વ પ્રકારના વેરભાવ ઘરમાંથી, દેશમાંથી અને જગતમાંથી ઓછા થાય તેમ કરો.

૧૭૪-પૃથ્વી, પાણી, પવન, સૂર્ય વગેરે જે જે આપણી જિંદગી માટે અત્યંત જરૂરની વસ્તુઓ છે, તે સર્વ પ્રભુની કૃપાનું ફળ છે

મહાન પ્રભુની આપણા ઉપર એટલી બધી દયા છે કે, તેનો કોઈ પણ રીતે આપણાથી તોલ થઈ શકે તેમ નથી. આપણને ખાવા માટે અન્ન, પીવા માટે પાણી, પહેરવાને લૂગડાં અને રહેવાને ઘર તેની કૃપાથીજ મળેલાં છે. આપણે ન સમજી શકીએ તેવી જાતની હજારો અડચણોમાંથી તે સમર્થ પ્રભુજ આપણને દર પળે બચાવે છે અને આપણને દરરોજની જરૂરી ચીજો કોઈ ને કોઈ રસ્તે તે પવિત્ર પિતાજ પૂરી પાડે છે. તમે વિચાર કરો કે, તે જો માત્ર થોડા દિવસ સૂર્યને ઊગવા ન દે, તો આપણા શું હાલ થાય ? જો માત્ર બે ચાર દિવસ આપણી પૃથ્વી ઉપરથી બધું પાણી ખેંચી લે, તો આપણી કેવી દશા થાય ? એ વખતે આપણે શું કરી શકીએ ? એ ખ્યાલ તો કરો ! માત્ર પાંચજ મિનિટ પ્રભુ પવનને બંધ કરે અને પછી જુઓ તો ખરા કે, તમે કેમ જીવી શકો છો ! આવી તો સેંકડો બાબતો છે કે જેમાં આપણું કાંઇ પણ ચાલી શકે નહિ; પણ ઊલટું એમજ લાગે કે, આપણે કેવળ પ્રભુની દયા ઉપરજ છીએ. તેમાં આપણી હોશિયારી કાંઇ પણ કામ આવતી નથી. આવી રીતે દરેક બાબતમાં પ્રભુની દયા સમજવાથી આપણને આપણી નબળાઇ માલૂમ પડી આવે છે, તેથી આપણામાં દીનતા આવતી જાય છે અને પ્રભુનો ઉપકાર માનવાની વૃત્તિ વધતી જાય છે. એમ થવાથી વિશેષતાથી પ્રભુ-કૃપા મેળવી શકાય છે અને અંતે પ્રભુમય થઇ શકાય છે. માટે ઓ કૃપાભિલાષી ભાઇઓ અને બહેનો ! જેમ બને તેમ દરેક વાતો-માંથી મહાન દયાળુ પ્રભુની અખંડ દયા સમજવાની તજવીજ કરો અને એ દયા સમજી તે દયાળુ પિતાનો શુદ્ધ અંતઃકરણથી ઉપકાર માનવાની કોઈ પણ તક જતી કરશો નહિ; કારણ કે જો કે બહુ મુશ્કેલી છે, તોપણ કોઈ માણસ કદી ચાહે, તો આસ-માનના તારાઓ ગણી શકે, સમુદ્રનાં મોજાંઓ ગણી શકે, વરસાદનાં ટીપાંઓ ગણી શકે; રેતીના દાણાઓ ગણી શકે અને માથાના વાળ ગણી શકે; પણ અનંત બ્રહ્માંડના નાથ મહાન પ્રભુના ઉપકાર તો કોઇથી પણ ગણી શકાય તેમ નથી,

પ્રભુ એવા દયાળુ છે. એવા દયાળુ પ્રભુને જાણ્યા વિના જે જીવે છે, તે જીવતા મૂઆ જેવા છે; માટે ભાઇઓ ! પ્રભુની દયા સમજો અને પ્રભુનું શરણુ ધરો.

પદ

જય જગપાળ દયાળ હરિ તું (૨)
અમને સુમતિ દે કરુણા કરી તું—જય૦
જેથી અમે તારૂં ચિંત્વન રોજે (૨)
કરીયે ઉલટી મગન રહી મોજે—જય૦
સૂર્ય ચંદ્ર ગગનના તારા (૨)
અદ્ભુત એ છે ચમત્કાર તારા—જય૦
ભોગવીએ સુખ અહીં તુજ નામે (૨)
ઠરીએ નિરાંતે પછી સ્વર્ગઠામે—જય૦

૧૭૫–આપણી માગણીઓ તો તુચ્છ હોય છે, પણ પ્રભુ પોતાની મોટાઈ સામું જોઇને આપણને ઘણું વધારે આપે છે

જેમ કોઇ ગરીબ માણુસ શહેનશાહ પાસે જઇને અરજ કરે કે, "મહારાજાધિરાજ ! મને કોઇ જૂનાંપૂનાં લૂગડાંનો ફાટચોંતૂટ્યો કટકો આપવાની મહેરબાની કરો." એવી માગણી કરવી એ શું વાજબી છે ? એ તો રાજાનું અપમાન કરવા જેવું છે અને તો- પણ દયાળુ રાજા પોતાની મોટાઇ પ્રમાણે એવી માગણી કરનારને પણ ફાટચાંતૂટચાં લૂગડાંના કટકાને બદલે કીમતી પોશાક તથા વખતે ગામગરાસ વગેરે આપી દે છે. તેમજ સ્વર્ગ, નરક અને પાતાળના અધિપતિ સર્વશક્તિમાન પ્રભુ પાસે આપણે ધનદોલત કે છોકરાંછૈયાં જેવી ક્ષણભંગુર વસ્તુઓ માગીએ, એ પણ મહારાજાધિરાજ પાસે ફાટચુંતૂટચું કપડું માગવા જેવું છે; પણ પ્રભુ દયાળુ છે એટલે આપણી એવી માગણીથી અપમાન ન માનતાં તેને બદલે આપણને અલૌકિક વસ્તુઓ આપી દે છે, પણ આપણે આપણા અભિમાનમાં અને અજ્ઞાનમાં ફસાયેલા છીએ, તેથી પ્રભુએ કૃપા કરીને આપેલી એ અલૌકિક વસ્તુની કિંમત સમજતા નથી. જેમ આંધળો ભિખારી દોઢિયું માગતો બેઠો હોય, તેને કોઇ દશ રૂપિયાની નોટ આપી જાય, પણ તે ગામડિયા ભિ-

બારીને નોટની કિંમતની ખબર ન હોવાથી તેને કાગળનો કટકો સમજીને ફેંકી દે, તેમ આપણે પણ સર્વશક્તિમાન પ્રભુની અનંત દયા અને તેનાં મોટાં ઇનામની કિંમત સમજી શકતા નથી, તેથી આપણે વગર મફતના બડબડયા કરીએ છીએ. બાકી જો પરમ કૃપાળુ પ્રભુની આપેલી અલૌકિક વસ્તુની કિંમત સમજીએ, તો આપણે નાનાં બચ્ચાંઓની પેઠે રૂપિયો છોડીને પતાસાંની ઇચ્છા કરીએ નહિ. માટે ભાઇઓ અને બહેનો ! આજથી યાદ રાખજો કે, પ્રભુ પાસે કરેલી આપણી જિગરની પ્રાર્થનાઓ કદી પણ વ્યર્થ જતી નથી; પણ ઊલટું આપણને આપણી માગણીઓ કરતાં પણ દયાળુ પ્રભુ ઘણું વધારે આપે છે, માટે પૂર્ણ વિશ્વાસ રાખીને પૂર્ણ પ્રેમથી ને શુદ્ધ અંતઃકરણથી ઈશ્વરની પ્રાર્થના કરો, એટલે તમારા મનના મનોરથ પૂરા થયા વિના રહેશે નહિ; કારણ કે યોગક્ષેમ, રિદ્ધિસિદ્ધિ, સ્વર્ગ અને દેવપણું તથા મોક્ષ એ બધું ભક્તિમાં, ભજનમાં અને પ્રભુના પવિત્ર નામમાં છે, માટે જેમ બને તેમ પૂરો પ્રેમ આણીને દયાળુ પ્રભુની જ્યારે બને ત્યારે અંતઃકરણથી પ્રાર્થના કરો.

૧૭૬–પ્રભુના મંદિરમાં કેવી રીતે જવું જોઈએ ?

દુનિયાની સર્વ કોમના ને સર્વ દેશના લોકોને પોતપોતાના દેવ માટે તથા ઈશ્વરની પ્રાર્થના કરવા માટે મંદિરો હોય છે. મંદિરો બંધાવવાની રીતિ કાંઇ નવીન નથી; છેક પ્રાચીનકાળથી કોઇ ને કોઇ રૂપમાં મંદિરોની હયાતી ચાલી આવે છે; એટલુંજ નહિ પણ દરેક પ્રજાનો મોટો ભાગ છેક નાનપણથીજ મંદિરમાં જતાંઆવતાં શીખે છે અને તોપણ અજબ જેવું છે કે, મંદિરમાં કેવી રીતે જવું જોઇએ અને ત્યાં કેમ વર્તવું જાઈએ, તે માટેના ખરા નિયમો બહુ થોડાજ લોકો જાણે છે અને તે થોડામાંથી પણ કોઇક સજ્જનોજ તે નિયમો પાળી શકે છે. ઈશ્વરની ભક્તિ કરવા માટે સૌ લોકોએ પોતપોતાના ધર્મના મંદિરમાં જવું જોઇએ; એવું દુનિયાના મુખ્ય મુખ્ય સર્વ ધર્મોનું ખાસ ફરમાન છે, એટલે ઈશ્વરની ભક્તિ માટે સૌ ભાઇઓને મંદિરમાં જવાની જ- રૂર છે, એમાં કાંઇ શક નથી; પણ ત્યાં શા માટે જવું ? કેવી રીતે જવું ? કેવી રીતે વર્તવું ? અને ત્યાંથી શું લઇને આવવું ? એ જ્યાંસુધી ખુલ્લી રીતે સમજીને તે પ્રમાણે વર્તીએ નહિ, ત્યાં-

સુધી મંદિરમાં જવાથી કાંઇ ખાસ લાભ મેળવી શકાતો નથી, માટે એ નિયમો સમજવાની સૌ ભાઇઓને બહુજ જરૂર છે.

ઈશ્વર સર્વવ્યાપક છે, તોપણ મહાત્માઓ કહે છે કે, તે ચાર જગ્યાએ ખાસ વિશેષતાથી રહે છે; (૧) મંદિરમાં, (૨) આપણા હૃદયમાં, (૩) ભક્તમંડળમાં અને (૪) મોક્ષધામમાં. જેમ રાજાની સત્તા તેના સર્વ મુલકમાં છે, પણ તે પોતાના મહેલમાં વધારે રહે છે, તેમ ઈશ્વર સર્વત્ર છે; પણ તેને માટે સ્થાપેલું મંદિર કે જ્યાં દરરોજ બીજા કોઈ પણ સ્થાન કરતાં તેનું વધારે સ્મરણ થાય છે, ત્યાં તે વિશેષતાથી રહે છે. મંદિરમાં જવાનો આપણો હેતુ ઈશ્વરદર્શન, ઈશ્વરપ્રાર્થના અથવા ઈશ્વરસેવા એજ હોય છે. એ સિવાય બીજા કોઇ પણ હેતુથી મંદિરમાં જવું એ પાપ બાંધવા બરોબર છે. પ્રભુ કહે છે કે, " મારી મોટાઇ સમજીને તમે મારી પાસે આવો. મારા મંદિરમાં આવવા માટે તમે યોગ્યતા મેળવો. મારી પાસે આવો ત્યારે તમારા મલિન વિકારો લઇને નહિ આવો. જેવો હું પવિત્ર છું, તેવા તમે પવિત્ર થઇને હૃદયમાં ભગવદ્દાવેશ ભરીને આવો.

કોઈ એક મોટા શેઠને કે રાજાને તેના મહેલમાં મળવા જતાં આપણને કેટલી બધી સંભાળ રાખવી પડે છે? ને કેટલી બધી અદબ રાખવી પડે છે? તે જુઓ અને પછી વિચારો કે, ઈશ્વર તો સર્વ રાજાઓનો મહારાજા છે, અનંત બ્રહ્માંડનો ધણી છે, તેની સત્તાથી સૂર્ય પ્રકાશે છે, તેની સત્તાથી પવન વાય છે, તેની સત્તાથી વરસાદ વરસે છે, તેની સત્તાથી આકાશમાં તારાઓ અધ્ધર રહ્યા છે અને તેની સત્તાથી સમુદ્ર પોતાની મર્યાદા મૂકતો નથી. એવા મહાન પવિત્ર ઈશ્વરના મંદિરમાં જતાં આપણે કેટલી બધી સંભાળ રાખવી જોઇએ? ને કેટલું બધું પવિત્ર રહેવું જોઇએ? તેને બદલે આપણે કેવી અટકચાળી રીતે, કેવા મલિન મનથી ને કેટલા બધા ઓછા ભાવથી મંદિરમાં જઇએ છીએ, તે વિચારી તો જુઓ! આવી રીતે મંદિરમાં જઇને આપણે શું મેળવી શકીએ? એક નોકર પોતાના શેઠના ઘરમાં જતાં જેટલી સંભાળ રાખે છે, એક વિદ્યાર્થી સ્કૂલમાં પોતાના માસ્તર પાસે જેટલી નમ્રતા રાખે છે, એક નવી પરણેલી જુવાન છોકરી પોતાની સાસુની જેટલી અદબ રાખે છે; તેટલીજ સંભાળ, તેટલીજ નમ્રતા ને તેટલીજ અદબ, તેજ નોકર, તેજ વિદ્યાર્થીને તેજ છોકરી, મંદિરમાં પ્રભુ-

નાં દર્શન કરવા જતી વખત ક્યાં રાખી શકે છે? પોતાના શેઠ, પોતાના માસ્તર ને પોતાની સાસુ કરતાં પણ જાણે પ્રભુનો દરજ્જો ઊતરતો હોય, તેવી રીતે બેદરકારીથી આપણે પ્રભુના મંદિરમાં દર્શન કરવા જતી વખત વર્તીએ છીએ, એ શું દિલગીર થવા જેવું નથી? એવી રીતે મંદિરમાં જઇને આપણે શું લાભ મેળવી શકીએ? માટે ભાઇઓ! અદબથી, અંતરના પ્રેમથી ને શુદ્ધ ભાવથી આપણા આત્માના કલ્યાણ માટે આપણે મંદિરમાં જઈ શકીએ એમ કરો.

૧૭૭–આપણે શા માટે દેવમંદિરમાં જવું જોઇએ?

મંદિરમાં દર્શન કરવા જતી વખત એ પણ ભૂલી જવું જોઇતું નથી કે, આપણે ત્યાં કાંઈ ગામગપાટા મારવા જતા નથી, આપણે ત્યાં કાંઈ એકબીજાની મુલાકાતો લેવા જતા નથી, આપણે ત્યાં કાંઇ બજારભાવ પૂછવા માટે જતા નથી, આપણે ત્યાં કાંઇ લગ્નનાં સાટાં કરવા કે પ્રેમની ઇશારતો કરવા માટે જતા નથી, આપણે ત્યાં કાંઈ લોકોની ખૂબસૂરતી જોવા કે માણસોના હાવભાવ તપાસવા જતા નથી, આપણે ત્યાં કાંઈ આપણી મોટાઇ બતાવવા કે આપણું ડહાપણ બતાવવા જતા નથી અને આપણે પાકી રીતે સમજવું જોઇએ કે, પ્રભુનું મંદિર એ કાંઈ નિંદાખાનાનું મકાન નથી; પણ ઈશ્વરની પ્રાર્થના કરવાનું પવિત્ર સ્થાન છે. જાણેઅજાણે થઈ ગયેલાં પાપની માફી મેળવવાની જગ્યા છે. જેમ બને તેમ મંદિરની પવિત્રતા વધારેમાં વધારે સચવાય, તેમ પોતપોતાથી બનતું કરવાને દરેક માણસ બંધાયેલાં છે; કારણ કે મંદિરમાં પવિત્રતા હોય, તોજ ત્યાં જવાથી આપણામાં પવિત્રતા આવી શકશે, પણ જો ખુદ મંદિરમાંજ ગડબડ ચાલતી હોય, તો ત્યાં જવાથી આપણામાં પવિત્રતા કેમ આવી શકશે? એ વિચારવાનું છે. માટે સૌ ભાઇઓ તથા બહેનોએ મંદિરની પવિત્રતા સચવાય તેમ કરવું જોઈએ, હૃદયમાં ઈશ્વરી આવેશ ભરીનેજ મંદિરમાં જવું જોઇએ ને એ આવેશ દેવનાં દર્શન કરતાં શુદ્ધ થવો જોઇએ–વધવો જોઇએ. ત્યાં બીજી નજીવી વાતોની પંચાતી ને ઠઠ્ઠામશ્કરીની વાતો કરી હૃદયમાં આવેલા ઈશ્વરી આવેશને ભૂંસી નાખવો ન જોઇએ. જો મંદિરમાં દર્શન કરતી વખત આપણા હૃદયમાં આવેશ ન હોય, તો એવાં દર્શનથી કાંઈ વિશેષ

લાભ નથી; માટે આપણો ભગવદાવેશ ઓછો થઇ જાય એવી વાતો તથા એવાં આચરણ મંદિરમાં નહિ કરવાં જોઇએ.

મંદિરમાં જવાનો હેતુ જો બરોબર રીતે આપણા હૃદયમાં ને આપણી નજર આગળ રહેતો હોય, તો આપણે ત્યાં વધારે સારી રીતે વર્તી શકીએ, માટે એ હેતુ બરાબર રીતે આપણા મનમાં ઠસાવવો જોઇએ. મંદિરમાં જવાનો આપણો ખાસ હેતુ ઈશ્વરને પ્રસન્ન રાખવો ને તેની કૃપા મેળવવી એજ છે; કારણ કે તે સમર્થ ઈશ્વરની કૃપાથી સર્વ બની શકે છે. દરેક માણસની ઇચ્છાઓ પોતપોતાના સ્વાર્થ પ્રમાણે જુદી જુદી હોય છે; પણ તે સર્વનો સામાન્ય હેતુ ઈશ્વરને પ્રસન્ન કરવાનો હોય છે; ઈશ્વરને પ્રસન્ન કરવાના પણ અનેક રસ્તા છે, પણ તેમાં દીનતાપૂર્વક લીનતા એ મુખ્ય છે; ને એવી દીનતાપૂર્વક લીનતા તથા આધીનતા ભગવદ્-આવેશમાંથીજ પ્રાપ્ત થાય છે, માટે એ આવેશ હૃદયમાં ભરીનેજ આપણે મંદિરમાં જવું જોઇએ. એ આવેશ ઓછો થઇ જાય એવાં કાંઈ પણ કામ કે વાતો ત્યાં નહિ કરવી જોઇએ. બધાય પ્રપંચને એ વખતે મનમાંથી કાઢી નાખવા જોઇએ ને પ્રભુમય બની જવું જોઇએ. જો એમ ન બની શકે તો મંદિરમાં માત્ર ખાલી ધક્કા ખાવાથી કાંઈ લાભ નથી, પણ ઊલટું નુકસાન છે; કારણ કે મૅજિસ્ટ્રેટની હજૂરમાં જે માણસ ગુનો કરે છે અથવા રાજાની સામે જે કોઈ બેઅદબી કરે છે, તેને તેવાજ બીજા ગુનેગારો કરતાં વધારે શિક્ષા થાય છે. એવીજ રીતે પ્રભુના મંદિરમાં જેઓ બેઅદબી કરે છે અથવા પાપ કરે છે, તેઓનાં પાપ બેવડાં થઇ જાય છે, એટલે તે વધારે શિક્ષાને પાત્ર છે, એ કદી પણ ભૂલી જવું જોઇતું નથી; માટે બીજી કોઈ પણ જગ્યા કરતાં મંદિરમાં વધારે અદબથી રહેવાની, વધારે પવિત્રાઇથી રહેવાની ને વધારે નમ્રતાથી રહેવાની જરૂર છે ને ફરજ છે, એ પક્કી રીતે યાદ રાખીનેજ મંદિરમાં જવું જોઇએ; તેમજ મંદિરમાં જે ઓળખાણુપિછાનવાળાઓ મળે તેમની સાથે પ્રેમપૂર્વક જેગોપાળ કરવા એટલુંજ બસ છે. તેમની સાથે મંદિરમાં લાંબીચોડી વાતો નહિ કરવી જોઇએ; કારણ કે એવી વાતોથી ધ્યાન ચૂકી જવાય છે, માટે મંદિરમાં જવાનો હેતુ ન ચૂકી જવાય એ આપણા આત્માના કલ્યાણ માટે ખાસ ધ્યાનમાં રાખજો.

૧૭૮–આપણે વાતોમાંજ રહી જવાનું નથી; પણ કાંઇક કરી બતાવવાનું છે

મહામંગળકારી, સદાય આનંદસ્વરૂપ પ્રભુના પવિત્ર નામ-સ્મરણનો મહિમા એટલો બધો મોટો છે કે, તેને માટે જેટલું કહીએ એટલું થોડુંજ છે. લાખો વર્ષો થયાં કરોડો સાધુઓ જુદી જુદી રીતે પ્રભુના નામસ્મરણનો મહિમા ગાતા આવેલા છે અને તોપણ કોઇ તેનો પાર પામી શક્યું નથી. એને માટે નવી નવી દર્શનની એટલી બધી ચમત્કારિક વાતો છે કે, જો તેનો સંગ્રહ કરીએ તો મોટાં પુસ્તકો ભરાય; પણ ભાઇઓ ! આપણે કાંઇ એવી વાતોમાંજ રહી જવું નથી, આપણે તો કાંઇક કરી બતાવવું છે. તમે કહેશો કે, આપણે તે શું વિસાતમાં ? આપણે શું કરી શકીએ ? પણ સંતો કહે છે કેઃ

"× આત્મોન્નતિ મેળવવા માટે, જન્મ–મરણના ફેરામાંથી છૂટવા માટે, સંસારસાગર તરવા માટે, અંધકારમાંથી પ્રકાશમાં જવા માટે, અલ્પકાળમાંથી અનંતતામાં જવા માટે, મૃત્યુમાંથી જીવનમાં જવા માટે અને પરમાત્માને પામવા માટે પ્રભુ આપણને નથી કહેતો કે, તમે આકાશના તારાઓને પકડી લાવો; તે એમ નથી કહેતો કે, તમે સમુદ્રને પી જાઓ; તેની આજ્ઞા એવી પણ નથી કે, તમે ધગધગતા અગ્નિને ખાઇ જાઓ; તેની ઇચ્છા એવી પણ નથી કે, તમે સંસાર છોડી દો; તે એમ નથી કહેતો કે, તમે શેષનાગની મૂછના વાળ તોડી લાવો; તે એમ પણ નથી કહેતો કે, તમે ઇન્દ્રને જીતી આવો; તે એમ પણ નથી કહેતો કે, તમે દુનિયાનાં દુઃખો લઈ લો; તે એમ પણ નથી કહેતો કે, તમે પૃથ્વીનાં રજકણો ગણી આપો; તે એમ પણ નથી કહેતો કે, બ્રહ્માંડના બધા વાયુને માત્ર એકજ પરમાણુમાં તમે ભરી આપો; તે એમ પણ નથી કહેતો કે, તમે આકાશ સુધીની સીડી બાંધી આપો અને તે એમ પણ નથી કહેતો કે, તમે તમારું મસ્તક કાપી આપો. તે માત્ર એટલુંજ કહે છે કે, વ્યાવહારિક ગાલચોમાં ન ફસાઓ અને માત્ર દેખાતી અડચણોથી ડરી નહિ જતાં દૃઢતાથી ઈશ્વરી રસ્તામાં આગળ વધવા માટે મહાન પ્રભુના દુઃખનાશક પવિત્ર નામનું સ્મરણ કરો."

× "સંસારમાં સ્વર્ગ"માંથી

ભાઇઓ! હવે આપણે શું કરી બતાવવાનું છે એ સમજ્યા? આપણે માત્ર વ્યાવહારિક લાલચોમાંથી બચવાનું છે અને પ્રેમપૂર્વક શુદ્ધભાવથી અનંત બ્રહ્માંડના નાથના નામની માળા ફેરવવાની છે. જો એમાંથી કાંઇ થોડુંઘણું પણ આપણે કરી બતાવીએ, તો તો જિંદગીની સાર્થકતા છે અને પ્રભુના કૃપાપાત્ર થઇ શકીએ તેમ છીએ. બાકી જીભોના લબરકાથી કાંઇ વળવાનું નથી.

વાતોના તડાકાફડાકામાં અને અષ્ટમપષ્ટમ કરી ગોટાળાપિંડાળા વાળવામાં અમે કાંઈ બાકી રાખ્યું નથી. જે બાકી રાખ્યું છે, તે સંતોની સેવા ને હરિનું સ્મરણજ. અરે અરે! આ તો એમ થઇ ગયું કે, ચટણીમરચાં ખાવામાં રહી ગયા ને લાડુ ખાવા તો બાકીજ રહી ગયા. અરે! હાય હાય! આ તો એમજ થઈ ગયું કે, મીઢીઆવળ ને નસોતરની ફાકીઓ લઇ એરંડિયું પીધા જેવું મોઢું કરવામાંજ અમે રહી ગયા અને ખરૂં અમૃત પીવાનું તો બાકીજ રહી ગયું. અરેરે! આ તો એમજ થઇ ગયું કે, ભૂસું ફાકવામાં ને ખીલો ચાટવામાંજ અમે રહી ગયા અને તત્ત્વ માલ તો ભુલાઈજ ગયો અને હાય હાય! અમે તો ગટરના ગંદા પાણીમાંજ રહી ગયા અને પવિત્ર ગંગાજળને માટે તો અમારા મનમાં ઇચ્છાજ રહી નહિ? પ્રભુ દયા કર, દયા કર. તારા શાંતિદાયક મહામંગળકારી નામના સ્મરણ વિના આવી સ્થિતિમાંથી કેમ છૂટી શકાશે? અમારે જે કરી બતાવવું છે, તે માત્ર તારા નામનું સ્મરણ છે. અમે જાણીએ છીએ કે, એમાં નથી કાંઈ પાઈનું પણ ખર્ચ કે નથી કાંઈ બોજો ઉપાડવાનો; નથી કાંઇ તજવાનું કે નથી કાંઇ ઊંડો અભ્યાસ કરવાનો અને નથી કાંઇ જુદાં જુદાં કર્મોની ગૂંચવણભરેલી જાળ કે નથી કાંઇ મતમતાંતરના વાંધા; એમાં તો માત્ર તારા મહામંગળકારી પવિત્ર નામનું સ્મરણજ છે. એમાં તો માત્ર સર્વ ધર્મના સારનો પણ સાર અને તત્ત્વનું પણ તત્ત્વ છે અને એમાં તો અઢાર પુરાણ, ચાર વેદ તથા આખી દુનિયાના ધર્મશાસ્ત્રોમાંથી તારવી કાઢેલું માખણજ છે; માટે ભાઇઓ! વાતોના તડાકાફડાકામાંજ નહિ રહી જતાં એ માખણ મેળવવાની તજવીજ કરો, પ્રભુના નામસ્મરણરૂપી માખણ મેળવાની તજવીજ કરો.

૧૭૯–માળા તે પ્રભુનો રસ્તો છે અને તેના પારા તે અજવાળું આપનારાં ફાનસો છે

આપણા દેહનાં દુઃખો, મનનાં દુઃખો અને કુદરતી આફ્તોથી અકસ્માત્ આવી પડનારાં દુઃખો, એ ત્રણે જાતનાં દુઃખોમાંથી છોડાવે અને અખંડ શાંતિ આપે એવો જો આ જગતમાં કોઇ પણ સહેલામાં સહેલો કીમિયો હોય, તો મહાન ઈશ્વરના પવિત્ર નામનું સ્મરણ છે. એ શાંતિદાયક નામમાં દુઃખ નાશ કરવાનો એવો મહાભારત ગુણ છે કે, જો તેનો આપણે જરા પણ અનુભવ લઇએ, તો આપણને તરતજ આનંદ થયા વિના રહે નહિ; એટલુંજ નહિ પણ તેમાં એવી ખૂબી છે કે, રસ લાગ્યા પછી અને રંગ લાગ્યા પછી તેને છોડી શકાયજ નહિ; કારણ કે સંતો કહે છે કે, પ્રભુનું નામસ્મરણ કરવાની માળા તે પ્રભુનો રસ્તો છે અને તેના પારા તે રસ્તા ઉપરનાં અજવાળું આપનારાં ફાનસો છે. આમ હોવાથી પ્રભુના એક નામ પછી બીજું નામ લેતાં વધારે અજવાળું મળે છે અને બીજા કરતાં ત્રીજા નામમાં વધારે અજવાળું મળે છે. આવી રીતે જેમ જેમ વધારે વધારે નામ લેતા જઇએ, તેમ તેમ વધારે વધારે અજવાળું થતું જાય છે; કારણ કે જેમ જેમ ઈશ્વરી રસ્તામાં આગળ વધતા જઇએ, તેમ તેમ દૈવી પ્રકાશ અને આત્મિક આનંદ વધતો જાય છે અને એ દિવ્ય પ્રકાશ તથા અલૌકિક આનંદ ઇશ્વરના નામસ્મરણમાંથી મળે છે, એટલે નામસ્મરણ વિનાનો માર્ગ તે અંધારો રસ્તો છે અને અંધારા રસ્તામાં તો કેટલાક સંન્યાસીઓ, રોગીઓ અને ભક્તો જેવા હોશિયાર માણસો પણ ભૂલા પડે છે, ત્યારે દુનિયાદારીના ચાબુક ખાઈ ખાઇને અને વ્યવહારની હાયવોય ભોગવી ભોગવીને ઢીલાઢસ થઇ ગયેલા આપણા જેવા નમાલાઓ ભૂલા પડે તેમાં શી નવાઈ? પણ યાદ રાખજો કે, મોટા રસ્તાની ભૂલ પણ મોટી હોય છે. મુંબઈ જેવા શહેરમાં કયાંય ભૂલા પડી જઇએ, તો ઘેર પહોંચતાં કલાક બે કલાક મોડું થઇ જાય છે; રેલવેમાં બેસતાં ભૂલી જઇએ અને એકને બદલે બીજી ટ્રેનમાં બેસી જઇએ, તો પૂર્વને બદલે પશ્ચિમમાં નીકળી જવાય છે ને ફરીથી પાછા વધારે પૈસા ખર્ચવા પડે છે તથા એ ભૂલના દંડ બદલ વધારે પૈસા આપવા પડે તે જુદા અને જો કયાંય જંગલમાં ભૂલા પડયા

હોઇએ, તો અધવચમાંજ ક્યાંય રાત રહી જવું પડે છે. આવા નાના રસ્તાઓની ભૂલથી પણ જ્યારે એટલો બધો વખત ફોગટની રખડપટ્ટીમાં જાય છે, ત્યારે ભાઇઓ! વિચાર તો કરો કે, જો ઈશ્વરી રસ્તામાં ભૂલ થાય, તો કેવા મોટા ચક્કરમાં પડી જઇશું? ચોરાશી લાખના ફેરાના ચક્કર માટે તમે ક્યાં નથી સાંભળ્યું? એવા મોટા રસ્તામાં ન સપડાઈ જવાય માટે આપણા હૃદયમાં હરિના નામસ્મરણરૂપી ફાનસ રાખો, હરિના નામસ્મરણરૂપી આનંદ રાખો. એ રોશનીમાં એવું બળ છે, કે જો તેને સાચા દિલથી ને પૂરેપૂરા ભાવથી પકડી રાખીશું,તો તે આપણને ચોરાશી લાખના ફેરામાં ભૂલા પડવા દેશે નહિ, માટે જેમ બને તેમ અને જ્યાંથી મળે ત્યાંથી પ્રભુના પવિત્ર નામસ્મરણને પકડો, નામ-સ્મરણને પકડો; કારણ કે આપણને તારવા માટે આપણી ઉપર દયા કરીને પરમાત્માએ પોતાનો પ્રકાશ પોતાના નામની માર-ફત આપણને આપેલો છે, માટે એ દિવ્ય પ્રકાશને પકડી રાખો, એ સત્ય જ્યોતિને પ્રેમથી હૃદયમાં ધારણ કરો.

૧૮૦–ઈશ્વરના દરબારમાં આપણે માટે મકાન બાંધવા-ને પ્રભુનું એક એક નામ તે એક એક ઇંટ છે

ત્યાગીઓ કહે છે કે, આ સંસાર સ્વપ્ન જેવો છે; પણ આપણે મોહમાં ફસાયેલા છીએ, એટલે આપણને ‘સંસાર સ્વપ્ન જેવો છે.’ એ બાબત હજુ ખુલ્લી રીતે સમજાઈ નથી; તોપણ આપણે એટલું કબૂલ કરીએ છીએ કે, આ બધું ચાર દિવસની ચાંદની જેવું છે; કારણ કે આપણે જોઇએ છીએ કે, આપણાં ઘણાંએ સગાં-વહાલાંઓ મરી ગયાં છે, આપણા ભાઇબંધદોસ્તો ને ઓળખાણ-વાળાઓ મરતા જાય છે, આપણા ધંધારોજગારમાં અને આપણા શરીરમાં પણ જમાના પ્રમાણે ફેરફાર થતા જાય છે અને આપણું મન પણ કાંઇ હમેશાં એકની એક સ્થિતિમાં રહી શકતું નથી. આ બધું પ્રત્યક્ષ જોઇ જોઇને આપણે એટલું તો ખુલ્લી રીતે સમજી ગયા છીએ કે, આપણે પણ પાંચ દિવસ મોડું કે વહેલું પણ જરૂર મરવાનું છે અને જરૂર આપણી જુવાની પણ જતી રહેવાની છે. એ ઉપરથીજ આપણે આ જગતને ચાર દિવસની ચાંદની જેવું કહીએ છીએ; જો કે એમ મોઢેથી બોલીએ છીએ, તોપણ હજુ તે પ્રમાણે વર્તતા નથી. જો ખરેખરી રીતે એમ વર્ત-

તા હો તો વિચાર કરો કે, જ્યારે આપણે ' ચાર દિવસની ચાંદની ' માટે એટલું બધું કરીએ છીએ, ત્યારે અનંતકાળનાં—હરિની હજૂરનાં સુખો ભોગવવા માટે આપણે કેટલું બધું કરવું જોઇએ? આપણી આ ક્ષણિક જિંદગી માટેની દોડધામ જુઓ ! આપણા આ પાણીના પરપોટા જેવા દેહ માટેની હાયવોય જુઓ ! આપણી આ ઘડીક વારની બાજીના દગાફટકા જુઓ ! પળનો ભરોંસો નહિ, છતાં પણ આપણે આપણા સંકલ્પવિકલ્પથી ધરાર ઊભી કરેલી આજુબાજુની મુશ્કેલીઓ જુઓ ! અને ' જાનમાં કોઈ જાણે નહિ ને હું વરની ફોઈ ' બનવાની મૂર્ખાઇઓ તો જુઓ !

હજુ આટલેથીજ કયાં છૂટકો થવાનો છે? આપણા તબેલાઓ ને ગોડાઉનો જુઓ ! આપણાં હમામખાનાંઓ ને ગાડીઓ જુઓ ! આપણા પલંગો ને આપણા બંગલાઓ જુઓ ! આપણાં ખેતરો અને આપણાં કારખાનાંઓ જુઓ ! અને એ કાંઇ પણ ન હોય, તોપણ આપણા મનને તો જુઓ ! એમાં એ બધી બાબતોની કેટલી બધી વાસના ભરેલી છે, એ તો તપાસો !

આ બધું શાને માટે? જરાક વારના જીવતર માટે, બે ઘડીના જાદુના ખેલને માટે ! અને ભાઇઓ ! યાદ રાખજો કે, પળવારના સ્વપ્નાને માટે આપણે આટલું બધું કરીએ છીએ, પણ અનંતકાળને માટે અને હરિની હજૂરમાં જવા માટે અફસોસ કે આપણે કાંઈ પણ કરતા નથી ! આ કેટલી બધી મોટી ભૂલ થાય છે, એ વિચારો તો ખરા ! ખરેખરા સુરક્ષિત સ્થાને આપણાં સુંદર મકાનો જોઇએ કે બળતા અગ્નિમાં આપણાં મકાનો જોઇએ? એ ખ્યાલ તો કરો ! અને હમેશની જગ્યામાં ઘર બાંધવું જોઈએ, કે ઘડીકવારની મુસાફરીમાં બંગલા બાંધવા જોઇએ, એ કાંઇક તપાસો તો ખરા !

કોઈ એમ કહે કે, અમે ઇશ્વિરની હજૂરમાં કેમ ઘર બાંધી શકીએ? એટલી બધી શક્તિ અમારામાં કયાં છે? પણ સાધુઓ કહે છે કે, અહીં દુનિયામાં ઘર બાંધવા કરતાં પરમાત્માની હજૂરમાં ઘર બાંધવું એ વધારે સહેલું છે; કારણ કે અહીં તો ઇંટના, ચૂનાના, પથ્થરના ને લાકડાંના પૈસા આપવા પડે છે; અહીં તો પાણીના ને રેતીના પણ પૈસા આપવા પડે છે; જમીનનો દર ને સરકારના કર તો આપણું છોડિયુંજ પાડી નાખે છે અને રોજ રોજ વધતા જતા મજૂરીના ભાવમાં કાચાપોચાના તો બારજ વાગી

જાય છે; પણ પ્રભુના દરબારમાં એવું કાંઇ પણ નથી. પ્રેમપૂર્વક આપણે પ્રભુના પવિત્ર નામની માળા ફેરવીએ, તે પ્રભુનું એક એક નામ ત્યાં એક એક ઇંટરૂપ થઇ પડે છે અને અહીં આપણે જે યથાશક્તિ દાન કર્યું હોય, તેનું ત્યાં પાત્ર પ્રમાણે સેંકડો અને હજારોગણું ફળ થઈ જાય છે; એટલુંજ નહિ પણ ચિત્રવિચિત્ર એ ખાતાંનો ચોખ્ખો હિસાબ રાખે છે અને વિશ્વકર્મા પોતે આપણે તેને સામાન આપીએ તે પ્રમાણે આપણે માટે મકાન બાંધી આપે છે. માટે ભાઇઓ! અનંતકાળના મકાનને માટે જેમ ઊંચામાં ઊંચો માલ અપાય અને પ્રભુના નામસ્મરણરૂપી વધારેમાં વધારે ઇંટ અપાય તેમ કરજો; કારણ કે સાચા સુખનું, ખરેખરી શાંતિનું અને અંતકાળનું મકાન તો હરિની હજૂરમાં–મોક્ષધામમાંજ હોવું જોઇએ અને તે વગરમહેનતે અને વગરખર્ચે અનંત બ્રહ્માંડના નાથના પવિત્ર નામના બળથી બાંધી શકાય તેમ છે, માટે મહામંગળકારી પ્રભુના આનંદદાયક નામનું સદા સ્મરણ કરો! સ્મરણ કરો!!

૧૮૧–એક એક સેકન્ડમાંથી જમાનાઓ થાય છે, તેમ પ્રભુનું એક એક નામ લેતાં સરવાળે આપણું કલ્યાણ થઈ જાય છે

નાના ઘડિયાળમાં સેકન્ડ–કાંટો તમે જોયો છે? એ કાંટાને એક કાપા ઉપરથી તેની પાસેના બીજા કાપા ઉપર ખસી જતાં જરા પણ વાર લાગતી નથી; આપણે હજુ ધ્યાન રાખીને જોતા હોઇએ એટલામાં તો તે ક્યાંનો ક્યાંય ચાલ્યો જાય છે. આપણા મનમાં એક સેકન્ડની કે થોડી સેકન્ડની જો કે કાંઇ કિંમત નથી, તોપણ એ એક એક સેકંડ જતાં જરા વારમાં મિનિટ, સહેજ વારમાં પા કલાક અને વાત કરતાં કરતાં કલાક નીકળી જાય છે; એ તમે ક્યાં નથી જાણતા? એવી રીતે કલાકોમાંથી દિવસો, દિવસોમાંથી સૈકાંઓ, સૈકાંઓમાંથી જમાનાઓ અને જમાનાઓમાંથી યુગો ચાલ્યા જાય છે. સૈકાંઓ, જમાનાઓ અને યુગો તો હાલના વખતમાં આપણે જોઇ શકતા નથી; પણ જલદી જલદી વર્ષોને જતાં જોઇને કોઇ કોઈ વખત શું આપણને અજાયબી નથી લાગતી? ઘણી વખત આપણને એમ લાગી જાય છે કે, ઓહો! આટલી વારમાં આટલો બધો વખત નીકળી ગયો? હજી હું તો જાણું કાલ

સવારનીજ વાત છે.

ભાઇઓ ! આવી રીતે જેમ આપણને ખબર પણ ન પડે તેવી રીતે નાની નાની પળોમાંથી વર્ષો ચાલ્યાં જાય છે,તેમ પવિત્ર ઈશ્વરના આનંદદાયક નામનો હમેશાં થોડી થોડી વાર જપ કરવાથી પણ અંતે આપણે સાચા ભક્ત થઇ જઇએ છીએ અને ઈશ્વરની અખૂટ રિદ્ધિસિદ્ધિ ભોગવવા ભાગ્યશાળી થઇ શકીએ છીએ; કારણ કે રિદ્ધિસિદ્ધિ પ્રભુના પવિત્ર નામની દાસી છે. અનંત બ્રહ્માંડના નાથના નામમાં આટલું બધું બળ છતાં પણ આપણે પ્રેમપૂર્વક તેનું સ્મરણ કરી શકતા નથી, તેનું કારણ એજ છે કે, જેમ થોડી થોડી પળોની આપણને કિંમત નથી, તેમ પ્રભુના નામનો જરા જરા વાર જપ થાય તેનું બળ પણ આપણે ખુલ્લી રીતે જોઈશકતા નથી. તેથી જેમ થોડી થોડી સેકન્ડોની આપણે દરકાર કરતા નથી, તેમ જ્યારે બને ત્યારે, જેટલું બની શકે એટલું અનન્ય ભક્તિથી તન્મય થઇને નામસ્મરણ કરવાની પણ આપણે દરકાર રાખતા નથી; એટલે આપણે ધારેલું ફળ મેળવી શકતા નથી. પણ યાદ રાખજો કે, જેમ એક એક સેકન્ડમાંથી જમાનાઓ થઈ જાય છે,તેમ મહાન પ્રભુનું શાંતિદાયક એક એક નામ લેતાં પણ આપણે પવિત્ર થતા જઇએ છીએ. માટે પ્રભુના મહામંગળકારક નામને નાનું સમજવાની ભૂલ નહિ કરતાં તથા સેકન્ડમાંથી જમાનાઓની માફક એ થોડું થોડું કરતાં પણ ઘણું થતાં અંતે તેમાંથી કલ્યાણ થવાનું છે, એમ સમજીને પરમ પવિત્ર, મહામંગળકારી, સદાય આનંસ્વરૂપ, ત્રિવિધ તાપને ટાળનાર, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ કૃપાળુ શ્રીપરમાત્માના શાંતિદાયક નામનું જ્યારે બને ત્યારે પૂર્ણ પ્રેમથી, દૃઢ શ્રદ્ધાથી અને સાચી એકાગ્રતાથી સ્મરણ કરો ! સ્મરણ કરો ! !

૫૬

નારાયણનું નામ લેને તું પ્રાણી રે;
બદરીનાથ પ્રગટ જુગ જાણી–(ટેક)
ગર્ભવાસે રક્ષા કીધી તારી રે,
લીધો જઠર અગ્નિથી ઉગારી રે;
તેને કેમ મેલ્યો છે વિસારી–નારાયણ૦
નરદેહ દીધો તને નાથે રે,
ધન હોય તો વાવર તારે હાથે રે;

પડ્યું રહેશે કોડી નાવે સાથે—નારાયણ૦
વણુ સમજે કહે મારું મારું રે,
ધન કાજ ફરે તન બારૂં રે;
તારા હાથે નથી ધન તારું—નારાયણ૦
મિથ્યા સુખમાં તે શું લપટાણો રે,
લોકલાજે ગળે દીધો પાણો રે;
જાય છે તૃષ્ણાના પૂરમાં તણાણો—નારાયણ૦
કાયા માયા એ રીતે કાચી રે,
તેના રંગમાં તે શું રહ્યો રાચી રે;
બ્રહ્માનંદ કહે વાત સાચી—નારાયણ૦

૧૮૨—નાનપણથીજ દાન આપતાં શીખવું જોઇએ

અસલના વખતમાં અતિથિસત્કાર અને દાનની બાબતમાં આખી દુનિયામાં હિંદુસ્તાનની બરોબરી કરી શકે એવો કોઇ પણ દેશ નહોતો. રાજાપ્રજા સર્વે દાનની કિંમત સમજતા અને પોતપોતાની શક્તિ મુજબ ધર્મની ફરજ તરીકે હમેશાં દાનપુણ્ય કરતા હતા; પણ હાલના રાજાઓ તો ભેંસો છોડીને ખીલાનાં દાન આપી દે એવા થઇ ગયા છે અને કદી બહુ કરે તો લાગવગવાળાઓને એ. બી. સી. ડી. નાં પૂછડાંઓજ આપે છે. જ્યારે રાજાઓનાજ એવા હાલ થઈ ગયા છે, ત્યારે પ્રજાની પાયમાલીનું તો પૂછવુંજ શું? પણ અસલના વખતમાં કાંઈ એમ નહોતું. એ વખતે તો પ્રસંગોપાત્ત ઘણી જાતનાં દાન અપાતાં હતાં. હાથીઘોડાનાં દાન, રથપાલખીનાં દાન, વાડીબંગલાનાં દાન અને વાવકૂવા તથા ખેતરોનાં દાન તો સાધારણ હતાં. જ્યાં આવાં દાનો પણ સાધારણ હોય, ત્યાં અન્નદાન અને વિદ્યાદાન માટે તો બાકીજ શું રહે? અન્નદાન આપવા માટે અતિથિઓને શોધવા સારૂ ઘણાએ ગૃહસ્થો પગે ચાલીને બબ્બે ચારચાર ગાઉ જંગલમાં જતા હતા અને હાથેપગે લાગીને ખરા ભાવથી અતિથિઓને પોતાને ઘેર લાવી જમાડતા હતા. વિદ્યાદાન માટે તો દરેક મંદિરમાં સવારે, બપોરે, સાંજે અને રાત્રે હરિકથા તથા ધર્મના ઉપદેશો થયા કરતા હતા અને જે પંડિતને ઘેર વધારે વિદ્યાર્થીઓ ભણતા હોય, તેનું વધારે સન્માન થતું હતું; તેથી દરેક પંડિતો પોતાના માનને અર્થે તથા ધર્મને અર્થે પોતાને ખર્ચે ખાસ

વધારે વિદ્યાર્થીઓ મેળવવાની તજવીજ કરતા હતા અને એ પંડિતોનું વિદ્યાદાનનું ખર્ચ રાજાઓ તથા શેઠશાહુકારો ઉપાડી લેતા હતા, એટલે ગરીબમાં ગરીબ વિદ્યાર્થી પણ મનમાનતી રીતે અભ્યાસ કરી શકતો હતો. આવી રીતે અન્નદાન તથા વિદ્યાદાનની છૂટથી લોકો પોતાની મરજી મુજબ અભ્યાસ કરી શકતા હતા અને એ વખતે દરેક નાનામાં નાના ગામમાં પણ દરરોજ સનાતન આર્યધર્મનો ઉપદેશ ચાલુ હોવાથી પૂર્ણ શ્રદ્ધાથી લોકો એકજ ધર્મમાં રહી શકતા હતા; એટલે વિદ્યાની સાથે ધર્મનું બળ તેઓમાં વધતું રહેતું હતું; તેથી તેઓ નીતિમાન અને આબાદ રહી શકતા હતા; એટલુંજ નહિ પણ જુદા જુદા પ્રસંગોએ ધર્મનિમિત્તે જુદી જુદી જાતનાં દાન આપતા હતા. એ પ્રસંગો એટલા બધા હતા અને એ દાનો એટલી બધી ઊંડી અસરવાળાં હતાં કે, તેનો આપણે જો અભ્યાસ કરીએ, તો આપણને અજાયબી લાગ્યા વિના રહે નહિ. આપણા પૂર્વજોનું ધાર્મિક જીવન કેવું ઉત્તમ હતું અને હાલમાં આપણે કેટલા બધા નીચે ઊતરી ગયા છીએ, એ જોવું હોય તો અસલના પ્રાયશ્ચિત્ત વિધિ અને દાનવિધિ તથા દાનમાહાત્મ્ય આપણે જાણવું જોઇએ. જો એ સમજીએ તો આપણને તરતજ એમ લાગી આવે કે, જે ધર્મમાં આટલાં બધાં પ્રાયશ્ચિત્ત હોય તે ધર્મના લોકો કેમ પાપ કરી શકે? અને જે ધર્મમાં એટલાં બધાં દાન તથા એટલી બધી દાનની મહત્તા હોય, તે દેશ દાનના પ્રભાવથી-ઉદારતાથી આબાદ કેમ ન હોય? જ્યાં ખાસ પ્રભુનો હુકમજ એવો હોય કેઃ

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ।।

(અ૦ ૧૮, શ્લો૦ ૫.)

અર્થાત્ યજ્ઞ એટલે પ્રભુ તરફની ફરજ, દાન એટલે મનુષ્યજાત તથા પ્રાણીઓ તરફની ફરજ અને તપ એટલે મનને કાબૂમાં રાખવું તે. એ કર્મો છોડવા લાયક નથી, તે તો કરવાંજ જોઇએ; કારણ કે યજ્ઞ, દાન ને તપ બુદ્ધિમાનોને પણ પાવન કરનારાં છે.

ભાઇઓ! પ્રભુ માત્ર આપણી ઉપર આવી રીતનો હુકમ કરીનેજ અટકતા નથી; પણ તેઓ ખુદ પોતાનાજ દાખલાથી પુરવાર કરે છે કેઃ

*परोपकृतिकैवल्ये तोलयित्वा जनार्दनः ।
गुर्वीमुपकृतिं मत्वा ह्यवतारान्दशाग्रहीत् ॥

અર્થાત્ પ્રભુએ પરોપકારને અને મુક્તિને તોળી જોયાં, તેમાં મુક્તિ કરતાં પરોપકારનો ભાર વધારે થયો, તેથી પ્રભુએ પોતે મુક્તિ છોડીને પરોપકારને અર્થે દશ અવતાર ધારણ કર્યા.

જ્યાં દાનની આટલી બધી મહત્તા હોય અને જ્યાં દાન-નિમિત્તે નાનપણથીજ બાળકો પરમાર્થનો હાથ લંબાવતાં શીખતાં હોય, ત્યાંના લોકો ઉદાર હોય અને તે દેશ આબાદ હોય તેમાં શી નવાઇ? અસલના ભરતખંડનાં આખી દુનિયાના લોકો હજી સુધી વખાણ કરે છે અને ઋષિઓ હમેશાં એવીજ પ્રાર્થના કરતા કે, "હે પ્રભુ! જો અમોને કદી ફરી જન્મ આપે, તો આ ભરતખંડમાંજ આપજે." ભરતખંડની આવી ઉત્તમતાનું કારણ શું? દાન, ધર્મ એજ એની ઉત્તમતાનું મૂળ છે અને ધર્મનું બળ તથા પરમાર્થ એજ એની આબાદીનું મૂળ છે. માટે ભાઇઓ! હાલના દેશકાળ પ્રમાણે આપણે યથાશક્તિ દાન કરી શકીએ તેમ કરો; કારણ કે દાનથી ફરજિયાત રીતે માણસો પરમાર્થમાં હાથ લંબાવતાં સહેલાઇથી શીખી શકે છે; એટલુંજ નહિ પણ તમામ લોકો દાનને રસ્તે પોતપોતાની શક્તિ મુજબ પરમાર્થ કરી શકે છે, તેથી વખત જતાં પરમાર્થના બળથી આખો દેશ સુખી થઇ શકે છે. માટે આ જમાનાની જરૂરિયાત પ્રમાણે આપણે નાનપણથીજ યથાશક્તિ પરમ પવિત્ર મહાન પ્રભુને અર્થે દાન આપતાં શીખવું જોઇએ; કારણ કે આપણાં હાલનાં નાનાં દાનો એ ભવિષ્યના મોટાં પરમાર્થનાં બીજ છે; માટે એ ધર્મનાં બીજ જેમ વધારે વવાય તેમ કરો.

૧૮૩–જુદા જુદા ધર્મ એ સંસારરૂપી ચક્રના આરા છે અને પ્રભુ એ ચક્રની ધરી છે

અમારો ધર્મ સારો અને તમારો ધર્મ ખરાબ, એમ કરવાનો વખત હવે વહી ગયો છે. ઇશ્વરની કૃપાથી હવે તો આપણે એમ સમજવા લાગ્યા છીએ કે, જુદા જુદા ધર્મ એ આ સંસાર-

* "સુભાષિત–રત્નભાંડાગાર"માંથી

રૂપી ચક્રના જુદા જુદા આરા છે અને સર્વશક્તિમાન સર્વ-વ્યાપક પ્રભુ એ ચક્રની ધરી છે. એટલે ભલે એ બધા આરા એક એકથી જુદા જુદા હોય અને એકબીજાથી બહુ દૂર હોય, તોપણ તે સર્વે આરા એકજ ચક્રમાં છે અને અંતે એકજ ધરીને તે લાગી રહેલા છે; માટેજ શ્રીકૃષ્ણ ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે:

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥
(अ.४, श्लो० ११)

અર્થાત્ જે માણસો મને જેવી રીતે ભજે છે, તેને હું તેવુંજ ફળ આપું છું. હે અર્જુન! માણસો બધી રીતે મારા(શ્રીકૃષ્ણના) માર્ગનેજ અનુસરે છે.

ભાઇઓ ! આમાં અમારો ધર્મ સાચો અને તમારો ધર્મ ખોટો એવો ઝઘડો ક્યાં રહ્યો? સૌ પ્રભુના રસ્તામાં છે અને જે જેવી ઉત્તમ કે હલકી રીતે ભજશે, તે તેવું ઉત્તમ કે હલકું ફળ પામશે. આવા ચોખ્ખા ઠરાવ પછી આપણે શા માટે કોઈના ધર્મનું અપમાન કરવું જોઈએ? અને શા માટે કોઇનું દિલ દુઃખાવવું જોઇએ? આપણા રૂડા ધર્મના પવિત્ર હુકમો બીજા ધર્મવાળાઓને સમજાવવા એ આપણી ફરજ છે; પણ બીજા ધર્મનું અપમાન કરવું એ કાંઈ વાજબી નથી; કારણ કે ધર્મનું ઝનૂન એ સૌથી મોટું ઝનૂન છે. એથી લોકોની લાગણી જલદી ઉશ્કેરાઈ જાય છે તથા એથી માણસોનાં મન સહેજ વાતમાં દુઃખાઇ જાય છે અને કોઇનું પણ દિલ દુઃખાવવું એ પાપ છે; માટે આપણે પારકા ધર્મોની ચેષ્ટા કે નિંદા ન કરવી જોઇએ અને તેને પણ સંસારચક્રનો એક આરો સમજી ઉદાર બુદ્ધિથીજ હમેશાં તેના પ્રતિ જોવું જોઇએ.

ભાઇઓ ! હવે આ કાંઈ ધર્મના ઝઘડાઓનો જમાનો નથી, હવે તો લોકો સમજતા જાય છે કે, આર્યધર્મના વેદાંત ફિલસૂફી જેવા અને ભક્તિમાર્ગના જેવા ઉદાર બુદ્ધિના ને છૂટા વિચારના જે ધર્મ હોય, તેનુંજ બળ વધતું જાય છે; કારણ કે આ જમાનો ઉદારતાનો છે. જેમકે હાલના લોકોને ઉદાર રાજનીતિ જોઇએ છે અને ઉદાર લોકવૃત્તિ જોઇએ છે; તેમજ ઉદાર ધર્મબુદ્ધિ જોઇએ છે અને એવી ઉદારતાથીજ ફાયદો છે; કારણ કે ઉદારતા

પ્રભુને વહાલી છે, તેથી જે રાજ્યની રાજનીતિ ઉદાર હોય છે, તે રાજ્યની સલામતી ને આબાદી બહુ સારી હોય છે અને જે દેશના લોકોની વૃત્તિ ઉદાર હોય, તે દેશ પણ અરસપરસની મદદને લીધે સુખી હોય છે; તેમજ ઉદાર બુદ્ધિવાળો ધર્મ પણ બધાઓની વચ્ચે ફતેહ પામે છે, માટે આપણો પોતાનો ધર્મ પાળવામાં ચોક્કસ રહી બીજાઓના ધર્મ તરફ ઉદાર બુદ્ધિથી જુઓ અને ઉદારતા પ્રભુને બહુ વહાલી છે, માટે પ્રભુને અર્થે આપણામાં ધર્મ સંબંધી સાચી ઉદારતા આવે તેમ કરો.

૧૮૪–પ્રાણીઓ સાથે જે ભલાઇ ન રાખે અને પ્રભુ ઉપર પ્રેમ રાખવાનો દાવો કરે, તેમને ખોટા સમજવા

મહાત્માઓ કહે છે કે, ઈશ્વરનું સ્વરૂપ અગમ્ય છે; એનો પાર કોઈ પામી શકતું નથી. મોટા મોટા સિદ્ધ પુરુષો અને દેવદાનવોથી પણ ઈશ્વરનું સ્વરૂપ પૂરેપૂરું જાણી શકાતું નથી; કારણ કે તે નિરંજન નિરાકાર છે. ત્યાં મન, વાણી કે બુદ્ધિ પહોંચી શકતાં નથી. એ નિત્ય છે, અજન્મા છે; એ વિકારરહિત છે, એ સર્વદા એકરૂપ છે. એનો કદી કોઇ પણ રીતે નાશ થઇ શકતો નથી, એ સર્વવ્યાપી છે, અચળ છે અને સનાતન છે. એ ધ્યાનમાં નહિ આવી શકે એવો છે; માટે ઉપનિષદોમાં પ્રાચીન ઋષિઓએ એમ કહેલું છે કે, જેઓ એમ કહે છે કે, અમે ઈશ્વરને જાણ્યો, તેઓએ ઈશ્વરને ઓળખ્યો નથી. ભાઈઓ ! આવા આપણા મહાન ઈશ્વરને આપણે કેવી રીતે ઓળખી શકીએ ? અને તેને કેવી રીતે રાજી કરી શકીએ ?

ભક્તિમાર્ગવાળા કહે છે કે, જ્ઞાનમાર્ગવાળા કહે છે તેવોજ ઉપર વર્ણવેલા ગુણોવાળોજ ઈશ્વર છે, એમાં કાંઈ શક નથી; પણ એ ઈશ્વર જીવો ઉપરની પોતાની અખંડ દયાને લીધે જીવોથી ઓળખાઇ શકે તેવું નાનું સ્વરૂપ લે છે અને અવતાર લઇ રામકૃષ્ણાદિરૂપે આપણો ઉદ્ધાર કરવા માટે આપણા સમાગમમાં આવે છે અને આપણાં હૃદયમાં તથા આપણાં મંદિરોમાં રહી, આપણી ભાવના પ્રમાણે આપણને ફળ આપે છે. આવી રીતે માન્યા છતાં પણ ઊંડા ઊતરેલા વૈષ્ણવો અને તાળી લાગી ગયેલા ભક્તો કહે છે કે, સારાં સિંહાસનથી કાંઇ આપણે ભગવાનને ખુશી કરી શકીએ તેમ નથી; કારણ કે શેષજી પોતે ભગવાનનું

સિંહાસન છે. એ કરતાં સુકોમળ ને એ કરતાં ઉત્તમ સિંહાસન આપણે તેને ક્યાંથી આપી શકીએ? સારાં વસ્ત્રાભૂષણથી પણ તે રાજી થઇ શકે તેમ નથી; કારણ કે જેના મુગટમાં કૌસ્તુભમણિ શોભી રહ્યો છે અને સાક્ષાત્ લક્ષ્મીજી પોતે જેનાં ચરણ ચાંપી રહ્યાં છે, તે સર્વશક્તિમાન પ્રભુ આપણા થોડાક દાગીનાથી કે થોડાં લૂગડાંથી કેમ રાજી થઇ શકે? સારા સારા પ્રસાદ ધરાવવાથી પણ પ્રભુ રાજી થઇ શકે તેમ નથી; કારણ કે જે સર્વવ્યાપક પ્રભુ અનંત બ્રહ્માંડને અનંતકાળ થયાં નિભાવી રહ્યો છે, તે આપણા જરાક જેટલા મેવામિસરીની કટોરીથી કેમ ખુશી થઇ શકે? અને ઈશ્વરના મહાન ભક્ત પુષ્પદંત આચાર્યે પ્રભુની સ્તુતિ કરતાં કરતાં કહેલું છે કે, "હે ઈશ્વર! જુદી જુદી જાતના ભજનકીર્તનથી પણ તમે ખુશી થઇ શકો તેમ નથી; કારણ કે અમે જે કાંઇ બોલીએ છીએ, તે વાણીના આપનાર પણ તમેજ છો, એટલે તમારી આપેલી વાણીથી તમને સંતોષ થતો નથી." આવી રીતે આપણા બળથી કે આપણી સમૃદ્ધિથી આપણે પ્રભુને ખુશી કરી શકીએ તેમ નથી; પણ બધા મહાન ભક્તો એમજ કહે છે કે, આપણી અંતરની શુદ્ધ ભાવનાથી આપણે પ્રભુને ખુશી કરી શકીએ તેમ છીએ અને જ્ઞાની મહાત્માઓ પણ એમજ કહે છે કે, જ્ઞાનથીજ આપણે ઈશ્વરને ઓળખી શકીએ તેમ છીએ.

હવે આપણે એ સમજવું જોઇએ કે, ભક્તો જેને ભાવના કહે છે અને જ્ઞાનીઓ જેને જ્ઞાન કહે છે કે જેથી કરીને ઈશ્વરને ખુશી કરી શકાય અને ઈશ્વરનું સ્વરૂપ જાણી શકાય, તે વસ્તુ શું છે? કેવી રીતે એ અમૂલ્ય વસ્તુ આપણે મેળવી શકીએ? અને કેવી રીતે તેને ભોગવી શકીએ? બહારની ક્રિયાઓમાં ને શબ્દોમાં ગમે એટલો મતભેદ હોય, છતાં પણ જગતના બધા મહાત્માઓ એકેઅવાજે જવાબ આપે છે કે, શુદ્ધ ભાવના અને સત્યજ્ઞાન 'સેવા'થી મેળવી શકાય છે; પણ આપણે ઉપર જોઇ ગયા કે, જ્ઞાનમાર્ગવાળા એમ કહે છે કે, નિરંજન નિરાકાર ઈશ્વર કે જે મન, વાણી કે બુદ્ધિથી જાણી શકાતો નથી, તેની સેવા કેવી રીતે થઇ શકે? તેને તો આપણે જ્ઞાનથીજ જાણી શકીએ અને ભક્તિમાર્ગવાળા એમ કહે છે કે, આપણી ઉપરની દયાને લીધે પ્રભુ આપણી સેવા અંગીકાર કરી શકે છે; પણ તે કાંઇ આપણી બહારની વસ્તુઓથીજ ખુશી થાય નહિ; એ વસ્તુઓની સાથે

શુદ્ધ ભાવના હોવી જોઇએ, માટે હવે એ નક્કી થયું કે, પ્રભુને ઓળખવા માટે શુદ્ધ ભાવના અને સત્ય જ્ઞાનની જરૂર છે. શુદ્ધ ભાવના અને સત્ય જ્ઞાન, એ બન્ને આપણને જુદાં જુદાં લાગે છે, કારણ કે એક ભક્તિમાર્ગનું વચન છે અને એક જ્ઞાનમાર્ગનું વચન છે; પણ મહાત્માઓ કહે છે કે, જેનામાં શુદ્ધ ભાવના હોય છે, તેનેજ સત્યજ્ઞાન થઈ શકે છે અને જેનામાં સત્યજ્ઞાન હોય તેનામાંજ શુદ્ધ ભાવના આવી શકે છે. આવી રીતે એ બન્ને જુદા જુદા લાગતા શબ્દોનું મૂળ એકજ છે; માટે આપણે સર્વશક્તિમાન અલૌકિક ઈશ્વરને જાણી શકીએ અને તેના અખંડ આનંદો ભોગવી શકીએ તે સારૂ આપણે શુદ્ધ ભાવના અથવા સત્યજ્ઞાન મેળવવું જોઇએ અને યાદ રાખજો કે, એ સેવાથીજ મેળવી શકાય છે. માટે આપણે પ્રભુની સેવા કરવા સારૂ જગતની સેવા કરવી જોઇએ; કારણ કે અદૃશ્ય પ્રભુનું દેખી શકાય એવું બીજું રૂપ તે આ જગત છે, માટે આપણે જગતની સેવા કરવી જોઇએ. મનુષ્યજાતની અને પ્રાણીઓની સેવા કર્યા વિના આપણે કેવી રીતે પ્રભુની સેવા કરી શકીએ? કારણ કે પ્રભુ પોતે કાંઇ આપણી સામે પ્રત્યક્ષ થતા નથી. માટે આપણાં પવિત્ર શાસ્ત્રોએ અને આપણા શ્રીસદ્ગુરુઓએ આપણને જે રૂડા રસ્તા બતાવેલા હોય, તે પ્રમાણે દરેક કર્મો ભગવદ્-અર્પણ કરીને તેનો લાભ આપણા દેશને અને આપણાં ભાઈબહેનોને મળે તેવી રીતે આપણે વર્તવું જોઇએ. કારણ કે બધા મોટા ભક્તોએ એ પ્રમાણે કહેલું છે. કબીર સાહેબના ઘરમાં કાંઇ નહોતું, તોપણ બહુ કષ્ટ વેઠીને પણ તે સાધુને જમાડતા હતા. સુરદાસજી આંધળા હતા અને પ્રભુમાં તન્મય થયેલા હતા, તોપણ જગતના કલ્યાણ સારૂ સવાલાખ પદ બનાવી ગયા છે. ગુરુ નાનકસાહેબ સદાય સહજ–સમાધિમાંજ રહેતા હતા; તોપણ એ આનંદ છોડીને પણ લોકોને ધર્મનો ઉપદેશ કરતા હતા. મહાત્મા શંકરાચાર્યે સંસારનાં સુખ ભોગવ્યા પહેલાંજ ધર્મના બચાવને અર્થે સંન્યાસ ગ્રહણ કરી લીધો હતો. દુનિયામાં ભક્તિ વધારવા માટે ભગવદ્આવેશમાં આવી જઇને જો ભજન થતું હોય, તો નરસિંહ મહેતો ઢેડને ઘેર પણ ચાલ્યા જતા હતા. પરોપકાર કરવાને માટે મહાન ભક્ત તુકારામ પોતાની બાયડીના ફટકા પણ સહન કરતા હતા. લોકોને સાચો રસ્તો બતાવવા માટે મહાત્મા બુદ્ધે પોતાનું રાજપાટ છોડી દીધું હતું અને જગતમાં

ધર્મ ફેલાવવા માટે શ્રીકૃષ્ણ ભગવાને પોતે અવતાર લીધો હતો. આવી રીતે દરેક મહાત્માઓએ પ્રભુને ખુશી કરવા સારૂ મનુષ્યજાતિની અને બીજાં પ્રાણીઓની સેવા કરેલી છે. માટે આજે પણ ભાવિક વૈષ્ણવો કહે છે કે, પ્રભુના નામની માળા ફેરવવી તે કરતાં પણ પ્રભુના મંદિરની અથવા હરિજનોની સેવા કરવી એમાં વધારે પુણ્ય છે; કારણ કે પ્રભુએ પોતે કહેલું છે કે:

પદ

પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા, અહર્નિંશ એને ગાઉં રે;
તપતીરથ વૈકુંઠ તજીને, વૈષ્ણવ હોય ત્યાં જાઉં રે—પ્રાણ૦

પ્રભુને ત્યાં આમ છે, માટે ભાઇઓ ! છાંટાથી છોવાઇ જવામાં, લુગડાં ઊંચાં ઊંચાં લેવામાં ને અભડાઇ જવાની હાયવોયમાંજ નહિ રહી જતાં જરાક કોઇકનું ભલું થાય એમ પણ કરજો; કારણ કે માણસો અને બીજા જીવો સાથે ભલાઇ રાખ્યા વિના પ્રભુ ઉપર પૂરો પ્રેમ થઇ શકતો નથી, એ યાદ રાખજો.

૧૮૫–આપણે કાંઇ ભપકો બતાવવા મંદિરમાં જવાનું નથી; પણ પાપની માફી મેળવવા જવાનું છે

પ્રભુ કહે છે કે, તમારે માટે આખી દુનિયા છે. બજારો તમારે માટે છે, મિલો તમારે માટે છે, બેન્ડસ્ટેન્ડ ને પાલવા તમારે માટે છે, ટ્રામવે ને રેલવે તમારે માટે છે, પોસ્ટ ને તાર તમારે માટે છે, નદી ને સમુદ્ર તમારે માટે છે, પહાડો અને ઝાડો તમારે માટે છે, ગોદીઓ અને કોર્ટો તમારે માટે છે, લાયબ્રેરીઓ અને ઔદાનો તમારે માટે છે, ઘોડાઓ ને રથો તમારે માટે છે, નિશાળો ને હોટેલો તમારે માટે છે, અનાજના કોઠારો ને ફળોનાં બજારો તમારે માટે છે અને પાણીના ઝરાઓ તથા મોટાં ખેતરો તમારે માટે છે. ટૂંકામાં દુનિયાની સર્વે ચીજો તમારા વૈભવ માટે છે. મારે માટે માત્ર મંદિર છે, મને બીજી કોઈ ચીજની અપેક્ષા નથી. મને માત્ર તમારા હૃદયની શુદ્ધ ભાવનાની જરૂર છે અને તે પણ મારે સારૂ નહિ, પણ માત્ર તમારાજ હિત સારૂ. આખી દુનિયામાં તમે યોગ્ય રીતે વર્તો ને યથાશક્તિ વૈભવ ભોગવો, એ સર્વે તમારે માટે છે, મારે માટે તો માત્ર ક્યાંય ક્યાંય નાનાં નાનાં મંદિર છે. તેને તમારી મલિન વાસનાઓથી

અપવિત્ર ન કરો; એ મંદિરોને તમે શુદ્ધ રાખશો, તો તમે શુદ્ધ થઇ શકશો, મંદિરને અપવિત્ર બનાવીને તમે પવિત્ર કેમ બની શકશો ? માટે તમારી ઉત્તમ ભાવનાઓથી મારા મંદિરની પવિત્રતા સાચવો. મારા મંદિર તરફ બેદરકારી એ મારા તરફ બેદરકારી છે. મારા મંદિરમાં ખરાબ વિચાર કરવા એ મારું અપમાન કરવા જેવું છે; મારાં મંદિરમાં ઢાંગસોંગ કરવા એ મારી નિંદા કરવા જેવું છે અને મારી રહેવાની જગ્યા બગાડવી એ મને ત્યાંથી ઉઠાડી મૂકવા જેવું છે; માટે તમે તમારા મલિન વિકારો તરફ નહિ પણ મારી મોટાઇ સામું જોઈ મંદિરની પવિત્રતા જાળવો.

આપણે વિચાર કરવો જોઇએ કે, મંદિરમાં દર્શન કરવા જવું તે કાંઈ નાચપાર્ટીમાં, વરઘોડામાં કે નાટકશાળામાં જવા જેવું નથી. મંદિરમાં દર્શન કરવા જવું તે કાંઇ નવાં નવાં સાસરિયાંને ઘેર, ફેન્સી ફેરમાં કે ઉમરાવોની સભામાં જવા જેવું નથી; પણ આપણા રોજના પાપની માફી મેળવવા માટે, આપણી ઉપર ઈશ્વરની જે અસીમ દયા છે, તેનો ઉપકાર માનવા માટે અને આપણામાં ઈશ્વરી તેજ વિશેષતાથી ભરવા માટે મંદિરમાં દર્શન કરવા જવાનું છે. એ હેતુ ધ્યાનમાં રાખી તે પાર પડે તે પ્રમાણે આપણે મંદિરમાં વર્તવું જોઇએ, તોજ દર્શનની સાર્થકતા છે. મતલબ કે, પ્રભુને આપણા ડોળદમાક કે ઠાઠમાઠની જરૂર નથી. તે આપણા લટકતા ઘડિયાળના ફેશનેબલ છેડા, સેંટપોમેડમની સુગંધ કે લટકતી ચાલની ચટકમટક માગતો નથી. તે ટાપટીપવાળા બાલના સેંથાઓ ને અર્ધું શરીર નાગું દેખાય તેવા આછા પોશાકો તથા નાજુક દાગીનાઓ ને નાટકી હાવભાવની ઇચ્છા રાખતો નથી. તેને તો માત્ર આપણી એકાગ્રતા, આપણા હૃદયની પવિત્રતા ને ઊંડા ભાવ જોઇએ છે. આપણી નમ્રતા ને આપણી ભક્તિ તેને જોઇએ છે; આપણા ઠાઠમાઠની ને ભપકાની તેને જરૂર નથી.

મંદિરમાં જતી વખત ધ્યાનમાં રાખવું જોઇએ કે, આપણે આપણાં પાપ માફ કરાવવા માટે ત્યાં જઇએ છીએ, આપણે પ્રભુના વહાલા થવા માટે દર્શન કરવા જઇએ છીએ, આપણે આપણી શુભ ઇચ્છાઓ પાર પાડવાની આશાએ મંદિરમાં જઇએ છીએ અને આપણે કાંઇક વધારે ભલા થઈ શકીએ; આપણી ચાલ સુધારી શકીએ, આપણા મન ઉપર અંકુશ રાખી શકીએ અને આપણે હૃદયનો સંતોષ તથા આત્મિક દિલાસો મેળવી શકીએ તે માટે

મંદિરમાં પ્રાર્થના કરવા જઇએ છીએ, એ કદી પણ ભૂલી જવું જોઇતું નથી. ત્યાં જતાં આપણા પોશાક ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. મંદિરમાં જતી વખતે હમેશ આપણો પોશાક જેમ બને તેમ સાદો ને મલાજાભરેલો હોવો જોઇએ. આપણો પોશાક, આપણા હાવભાવ ને આપણા ચાળાચસકા જોઇને બીજાં નિર્દોષ માણસોને વિકાર ન થાય, એ સૌ ભાઇઓ તથા બહેનોએ ખાસ સંભાળવાનું છે. હાલના જમાનાના નાટકી પોશાકો ને યુરોપિયનોની વાંદરનકલ મંદિરોમાં ન જોઇએ; એટલું આપણાથી બની શકે તોપણ ઘણું છે. આપણા ડગલાઓ ને સાડીઓ મંદિરમાં દર્શન કરવા જતી વખત એવાં ભપકાબંધ ન જોઈએ કે જેથી તેમાં ડાઘ લાગી જવાની ફિકરથી પ્રભુને આપણે પૂરા દંડવત્ પણ કરી શકીએ નહિ. પ્રભુ કરતાં આપણને આપણો ડગલો અથવા સાડી વધારે વહાલી ન થઈ પડે એટલી ફિકર તો મંદિરમાં જતાં આપણે જરૂર રાખવી જોઇએ; તેમજ આપણો પોશાક એવો મલિન નહિ હોવો જોઇએ કે જેથી પાસેનાં બીજાં માણસોને કંટાળો ઊપજે; અથવા બીજા કોઇ પણ પ્રકારે ખરાબ દેખાય કે ખરાબ વિચાર થાય એવો પોશાક મંદિરોમાં જતી વખતે ન પહેરવો જોઇએ.

આવી સાદી સૂચનાઓ ઉપર પણ જો આપણે ધ્યાન ન આપીએ; તો પછી પ્રભુના મંદિરમાં જવાનું ફળ શું ? આપણે તો પ્રભુના મંદિરમાં ભક્તિનાં મોટાં ઇનામો લેવા માટે જવું છે, તેમ છતાં પણ મકાને પહોંચ્યા પહેલાં રસ્તામાંથીજ આપણે બગડી જઇએ, તો પછી તેમાં ઈશ્વરનો શું દોષ ? માટે ભાઇઓ ! દેવમંદિરમાં જતાં આપણા આચારવિચારમાં કોઈ પણ જાતની ભૂલ ન થાય એ બરાબર સંભાળજો.

૧૮૬–માત્ર ઉપલકપણે મંદિરમાં ફેરો ખાવાથી આપણા આત્માનું કલ્યાણ થઇ જાય નહિ

નમ્રતા વિના, દીનતા વિના મંદિરમાં જવું એ પણ બહુ મોટી ભૂલ છે. પ્રભુને જેટલો અહંકારનો ધિક્કાર છે, તેટલો બીજી કોઇ પણ ચીજનો ધિક્કાર નથી ને પ્રભુને જેટલી દીનતા વહાલી છે, તેટલી બીજી કોઇ પણ ચીજ વહાલી નથી; કારણ કે દીનતામાં આધીનતા છે ને આધીનતામાં ભક્તિ છે. દીનતા વિનાની ભક્તિ તે નાક વિનાની સ્ત્રી જેવી છે; માટે પ્રભુના મંદિરમાં જવું, ત્યારે

સાદો પોશાક, નીચી નમેલી આંખો, અદબવાળી ચાલચલણ, પવિત્રાઇભરેલું મન, હૃદયમાં ભગવદ્દાવેશ ને આત્મિક સંતોષ હોવો જોઇએ. એ વખતે દુનિયાદારીના પ્રપંચમાત્રને દૂર કરી ઈશ્વરધ્યાનમાં મસ્ત બની તેની મોટાઈ, તેની દયા, તેની પવિત્રાઇ, તેની કૃપા ને તે સાથે આપણી નાલાયકી યાદ કરી નમ્રતાપૂર્વક વારંવાર પ્રેમથી દંડવત્ કરવા જોઇએ. પ્રભુને માનપૂર્વક સ્નેહથી ને દીનતાથી દંડવત્ કરતાં જરા પણ શરમાવું ન જોઇએ. ઘણા માણસો દંડવત્ કરતાં શરમાય છે અને જાણે પોતાને માથે બોજો પડ્યો હોય અથવા પોતાને માથેની વેઠ ઉતારતા હોય, તેવી રીતે શરમથી—સંકોચથી ને પૂર્ણ ભાવ તથા ખરી દીનતા વિના દંડવત્ કરે છે, એ શોભા ભર્યું નથી. આપણે ઈશ્વરને પ્રસન્ન કરવાના હેતુથી દર્શન કરવા જઈએ છીએ, તોપણ ત્યાં માથું ઝુકાવતાં આપણને મહેનત થઇ પડે છે, ત્યારે આપણે શું ફળ મેળવી શકીશું? ઈશ્વરને રાજી રાખવાનો આપણો હેતુ કેમ પાર પડી શકશે, એ વિચારવા જેવું છે.

અગાઉના વખતમાં એવા ઘણાએ સારા સારા ભક્તો ને મોટા મોટા રાજાઓ થઇ ગયા છે, કે જેઓ પોતાને ઘેરથી દંડવત્ કરતા કરતા મંદિર સુધી જતા હતા; તેને બદલે આજે આપણામાં એવા પણ ઘણા જણા છે, કે જેઓને પ્રભુને નામે માથું ઝુકાવવું એ પણ મરવા જેવું થઇ પડે છે. ઘણાએ એવા સારા માણસો છે, કે જેઓ રસ્તામાં મળતા ગરીબોને તથા ભિખારીઓને પણ નમ્રતાથી સલામ કરે છે, માથું ઝુકાવે છે ને માફ કરો એમ વિનયથી કહે છે; પણ તેઓને મહારાજાના મહારાજા ઈશ્વરને નમતાં શરમ લાગે છે અને ખુલ્લે દિલે ઈશ્વર પાસે પોતાના પાપની માફી માગવા તેઓની જીભ ઊપડતી નથી. પ્રભુ! પ્રભુ! એવાઓની ઉપર દયા કર. જેઓ પ્રભુને નમતાં શરમાય છે ને પ્રભુની ભક્તિ કરતાં શરમાય છે, એઓને દુનિયાનાં સૌ ધર્મોનાં શાસ્ત્રો તથા દુનિયાના સર્વે મહાત્માઓ ધિક્કારે છે, એ વાત સૌ લોકોએ જરૂર ધ્યાનમાં રાખવી ઘટે છે; કારણ કે જે પોતાના પેદા કરનારને, જે પોતાનું પાલનપોષણ કરનારને, જે પોતાને જિંદગી આપનારને અને જે પોતાનું તારણ કરનાર અખંડ સચ્ચિદાનંદ પરમ કૃપાળુ મહાન પવિત્ર પિતાને પોતાના આત્માના કલ્યાણ સારૂ પણ નમતો નથી, તે સૂકા તાડ જેવો અક્કડબાજ માણસ જગતનું

શું ભલું કરી શકશે? જેઓના હૃદયમાં ભગવદ્ આવેશ હોય, જેઓ પ્રભુના પવિત્ર મંદિરોમાં જિગરથી પ્રાર્થનાઓ કરીને પાપોની માફી માગી શકતા હોય અને જેઓનાં હૃદય પ્રભુના પ્રેમથી તરબોળ થયેલાં હોય, તેઓજ મંદિરમાં જઇને પોતાની જિંદગીની સાર્થકતા કરી શકે છે અને તેઓજ પોતાનાં ભાઇબહેનો સાથે ભલાઈથી વર્તી શકે છે. માટે ભાઈઓ! એ બધું શીખવા સારૂ પવિત્ર સદ્ગુરુઓના મંદિરોમાં જતાં શીખો.

૧૮૭–શાસ્ત્રની વાતો બોલીજવામાં મુશ્કેલી નથી, પણ તે પ્રમાણે પાળવું એમાંજ ખૂબી છે

થોડાક હરિજનો બેઠા બેઠા જાત્રાની વાતો કરતા હતા. ત્યાં જગન્નાથજીના મંદિરની વાત નીકળી, ત્યારે એક જણે કહ્યું કે, "ઓહો! એ મંદિરનું કામ તો બહુ ભારે છે. શું એની શોભા! એવું મોટું મંદિર તે ક્યારે બંધાઈ રહ્યું હશે?" ત્યારે બીજાએ કહ્યું કે, "એમાં શું? પથ્થરની ખાણો તો ત્યાં પાસેજ છે. ચૂનો પણ સસ્તો, પાણી તો માત્ર ચાર હાથ ઉપર, લોકો બિચારા ગરીબ ને મજૂરી સસ્તી, એટલે કામ કરતાં વાર શી?" ત્યારે બીજા એક માણસે કહ્યું કે, "સાદું કામ હોય તો તો એમ જલદી થઇ જાય; પણ એમાં તો કારીગરી બહુ ભારે ભારે છે." ત્યારે પેલા માણસે કહ્યું કે, "અરે, શું ભલા માણસ! કારીગરની કાંઇ આપણા દેશમાં ખોટ છે? બિચારા ભૂખે મરે છે; ચાર આના રોજ મળતો હોય, તો ઠેઠ લંકાથી કારીગર ચાલ્યા આવે. વાતમાં વાત દોઢિયાંની છે; પૈસા ખર્ચવાવાળો કોઈ હોય, તો ઘડીકમાં ઇન્દ્રનું ઇન્દ્રાસન પણ ઊભું થઈ જાય, ત્યારે એ મંદિર બાંધતાં તે શી વાર? મહિના પંદર દિવસમાં મંદિર તૈયાર."

ભાઇઓ! આ વાત કરતાં કાંઇ વાર લાગી? પણ એ મોટું મંદિર બાંધતાં કેટલી બધી મુશ્કેલી પડી હશે? કેટલું બધું ખર્ચ થયું હશે? અને કેટલો બધો વખત ગયો હશે? એ કાંઇ ખ્યાલ આવે છે? એ ખ્યાલ તો જેણે પોતાના ઘરનાં ઘરો ઉપર રહીને બંધાવ્યાં હોય, તેનેજ આવી શકે. ગાડીવાળાઓ સાથે કેમ માથાકૂટ કરવી પડે છે, કંટ્રાકટવાળાઓ સાથે કેમ લડાઇ કરવી પડે છે, પાડોશીઓ સાથે બારીબારીના કેમ વાંધા પતાવવા પડે છે,

મજૂરો સાથે કેમ મારામારી કરવી પડે છે, કારીગરોનાં પગનાં તળિયાં કેમ તળાંસવાં પડે છે અને સરકારનાં લાકડાં કેવાં આડાં હોય છે, એ તો જેને વીતી હોય તેજ જાણે. મોઢે વાતો કરી જવાવાળા કાંઈ જાણી શકે નહિ, તેમજ આપણે પણ ઊંડા ઊંડા જ્ઞાનની મોટી મોટી વાતો પઢાવેલા પોપટની પેઠે મોઢેથી બોલી જઇએ છીએ. વખતે ગીતા, ભાગવત કે રામાયણના પાઠ પણ કરીએ છીએ અને હોંશે હોંશે ખાસ ચાહીને 'સંસારમાં સ્વર્ગ' 'સ્વર્ગનું વિમાન' તથા આ 'સ્વર્ગની કૂંચી' પણ વાંચીએ છીએ; પણ જ્યાંસુધી માત્ર એ વાંચવામાંજ રહી જઇએ અને મોઢે એમ વાતો કર્યા કરીએ કે, વાહ! વાહ! એ પુસ્તકો બહુ સારાં છે, તેમાં કાંઇ વળે નહિ; પણ જ્યારે એમાંથી થોડુંઘણું પણ કાંઇક પાળીએ, ત્યારેજ આપણું ભલું થાય અને ત્યારેજ અમારી એ લખવાની મહેનત પણ કાંઇક સફળ થયેલી ગણાય. એ વિના, એ પ્રમાણે પાળ્યા વિના ખાલી વાહવાહમાં કાંઇ વળે નહિ. માટે ભાઇઓ અને બહેનો! માત્ર ઉપલક વાતોમાંજ નહિ રહી જતાં અનંત બ્રહ્માંડના નાથને રીઝવવા સારૂ જેમ બને તેમ અંતરમાંથી ભલા થાઓ અને આપણી એ ભલાઈ આપણાં કામોમાંથી પ્રભુ જોઇ શકે એમ કરો.

૧૮૮–નાસ્તિક દોસ્ત કરતાં ભક્ત દુશ્મન પણ સારો

જ્યાં જોઇએ ત્યાં ભક્તોનાંજ વખાણ થાય, જ્યાં જોઇએ ત્યાં ભક્તોનેજ માન મળે, જ્યાં જોઇએ ત્યાં ભક્તોનાં કામ એની મેળે મેળે થઇ જતાં હોય અને જ્યાં જોઇએ ત્યાં ભક્તોને ઘેરજ આનંદ હોય; એટલુંજ નહિ પણ પ્રભુ પોતે પણ કહે છે કે, "મારા ભક્તોના સુખને ખાતર હું અવતાર લઉં છું." ભક્તનું આ કરતાં વધારે માહાત્મ્ય તે બીજું કેવું હોય?

ભાઇઓ! જ્યાં જોઇએ ત્યાં શા માટે આવી રીતે ભક્તોની વાહવાહ થઇ રહી છે? શું ભક્તો સોનામાંથી બનેલા છે ને આપણે માટીમાંથી બનેલા છીએ? શું ભક્તો સ્વર્ગમાંથી આવ્યા છે ને આપણે પાતાળમાંથી આવ્યા છીએ? શું ભક્તો ઈશ્વરના બનાવેલા છે અને આપણે કાંઇ કોઇ શેતાનના બનાવેલા છીએ? નહિ ભાઇઓ! આવું કાંઇ નથી. ભક્તો પણ આપણા જેવાજ છે, આપણી પેઠેજ તેઓ પ્રભુના જીવ છે અને આપણા જેવાજ

વિકારોથી ભરેલો તેઓનો પણ દેહ છે. ત્યારે તેઓ ઉત્તમ શા માટે? ત્યારે તેઓ દુનિયામાં શા માટે પૂજાઇ રહ્યા છે? એનું કારણ એજ છે કે, તેઓએ આપણા કરતાં વધારે પ્રભુપ્રેમ મેળવેલો છે અને પ્રભુપ્રેમ એ સર્વે સદ્ગુણોની માતા છે, તેથી પ્રભુપ્રેમને લીધે તેઓમાં આપણા કરતાં ઘણા વધારે સદ્ગુણો આવી ગયેલા હોય છે, એટલે તેઓ આપણા કરતાં શ્રેષ્ઠ છે.

કોઇ કોઇ ભક્તોમાં કદાચ બીજા ગુણો ન હોય, તોપણ ભગવદ્આશરાનું બળ તેઓમાં ભારે હોય છે. દુનિયાદારીનો મોહ તેઓમાં ઓછો હોય છે, પ્રભુને ખાતર તેઓ પોતાનાં ઘણાં સુખોનો ભોગ આપી શકે છે અને દરેક ભક્તમાં ખાસ કરીને અતિશય ભલાઇ હોય છે; એ ભલાઇને લીધે આપણે તેને ચાહીએ છીએ.

બેશક, કોઈ કોઈ ભક્તોમાં કાંઇ દુર્ગુણો પણ હોય છે; પણ એ દુર્ગુણો તેઓમાં દબાયેલા રહે છે. દુર્ગુણો તેઓની પાસે કાંઇ જોર કરી શકતા નથી; કારણ કે પ્રભુપ્રેમને લીધે ભગવત્કૃપા તેઓની ઉપર ઊતરેલી હોય છે. એ કૃપાના બળથી પ્રભુના હુકમો પાળવાનું આપણા કરતાં તેનામાં વધારે બળ હોય છે, એટલે દુર્ગુણો તેઓને દુઃખ આપી શકતા નથી; એટલુંજ નહિ પણ એ કૃપાના બળથી તેઓ જગતની વધારે સેવા કરી શકે છે; માટેજ આપણે ભક્તોના દાસ બનવા તૈયાર થઇએ છીએ; કારણ કે આપણે સમજીએ છીએ કે, ભક્ત બાયડી હોય, તો વાત વાતમાં ધણીનો જીવ ખાય નહિ. ભક્ત ધણી હોય તો "ઘોકે જાર બાજરી ને ઘોકે નાર પાધરી" એમ કરે નહિ. ભક્ત દીકરો હોય તો તે કુળનું નામ બોળે નહિ. ભક્ત પાડોશી હોય તો તે જરૂરને વખતે મદદ કર્યા વિના રહે નહિ. ભક્ત સગાંવહાલાં હોય તો તે મહેણાંટોણાં માર્યા કરે નહિ. ભક્ત ડોક્ટર હોય તો તે દરદીને માટે બેદરકાર રહે નહિ. ભક્ત મહેતાજી હોય તો તે છોકરાંઓને પોતાનાજ દાખલાથી બીડી ફૂંકતાં શીખવે નહિ. ભક્ત નોકર હોય તો તે શેઠની ચોરી કરીને ભાગી જાય નહિ. ભક્ત સાસુ હોય તો વહુને દુઃખ દે નહિ. ભક્ત વહુ હોય તો તે સાસુને વગોવે નહિ. ભક્ત શેઠ હોય તો ચાકરોના બાર વગાડે નહિ અને ભક્ત રાજા હોય તો બનતાં સુધી લડાઇઓ કરે નહિ કે રૈયત પાસેથી ગેરવાજબી કર લે નહિ. ટૂંકામાં આ દુનિયામાં ભક્તોની બલિહારી છે, માટેજ પંડિતો કહી ગયા છે કે, ભક્ત દુશ્મન પણ

સારો; પણ નાસ્તિક દોસ્ત કામનો નહિ. માટે ભાઇઓ! જેમ બને તેમ જગતની સેવા કરીને સાચા ભક્ત બનો અને શાંતિદાયક પ્રભુના માર્ગમાં આવો! પ્રભુના માર્ગમાં આવો!!

પદ

સંત પારસ ચંદન બાવના, 'કામધેનું કલ્પદ્રુમ સાર
સમાગમ સંતનો.
પ્રેમ સમજાણો અંતર ઘણો, તરુપારસ ત્રણ પ્રકાર—સમા૦
એક પારસથી પારસ બને, એક પારસથી બને હેમ—સમા૦
એક પારસ લોહ કુંદન કરે, સો વસા એમનું એમ—સમા૦
એક ચંદનથી વિષ ઊતરે, એક ચંદને અગ્નિ ઓલાય—સમા૦
એક તલભર તેલમાં જો પડે, ફરી તાતું ક્યારે નવ થાય—સમા૦
સો ગજશિર મોતી ન નીપજે, સઉ નાર સતી નવ હોય—સમા૦
સો સૈન્ય શૂરા નવ જાણીએ, એવી જુગત વિચારી જોય—સમા૦
જ્ઞાનહીણ ગુરુ નવ કીજીએ, વંઝા ગાય સેવે શું થાય—સમા૦
કહે પ્રીતમ બ્રહ્મવિદ્ ભેટતાં, ભવરોગ સમૂળો જાય—સમા૦

૧૮૯—પ્રભુકૃપા

એક નાનો છોકરો કોઇ ઊંચા ઝાડ ઉપરથી બનતી મહેનતે ફળ તોડવાની તજવીજ કરે, પણ તેનો બાપ તેને ઊંચો કરે નહિ, ત્યાંસુધી તેનાથી ફળ તોડી શકાય નહિ; તેમજ આપણો પ્રભુ આપણી ઉપર કૃપા કરે નહિ, ત્યાંસુધી આપણાથી પણ મોક્ષ મેળવી શકાય નહિ.

દૂરબીનની મદદ સિવાય ઘણી દૂર રહેલી ચીજ જેમ આપણાથી દેખી શકાતી નથી, તેમ પ્રભુકૃપા વિના આપણાથી કેટલીક વસ્તુઓ સમજી શકાતી નથી.

જેમ જીવ વિના શરીર નકામું છે, તેમ પ્રભુની મદદ વિના આપણો પુરુષાર્થ ફોગટ છે.

ખરાબ જમીનમાં પડેલો વરસાદ જેમ ફોગટ જાય છે અને વરસાદ વિના ગમે તેવી સારી જમીનમાં પણ જેમ કાંઈ થઈ શકે નહિ, તેમ ઇશ્વરકૃપા અને પુરુષાર્થ વિના કાંઇ થઈ શકે નહિ; માટે તે બન્નેની ખાસ જરૂર છે.

કલમ ગમે તેવી સારી હોય પણ જો સાહી ન હોય, તો તે-

નાથી લખી શકાય નહિ; તેમ ગમે તેવો પુરુષાર્થી મનુષ્ય હોય, પણ ભગવત્કૃપા વિના ફતેહ મેળવી શકે નહિ.

લોખંડના કટકાને અગ્નિમાં નાખીએ, ત્યારે તે અગ્નિ જેવો ગરમ અને અગ્નિ જેવો ચળકતો થઇ જાય છે; તેમ જે માણસ ઈશ્વરની સાથે રહે છે એટલે ઈશ્વરનું ધ્યાન ધરે છે, તે દિનપ્રતિદિન વધારે વધારે ઈશ્વરકૃપા મેળવતો જાય છે.

જીવ વિનાનાં પૂતળાં જેવા પ્રભુકૃપા વિનાના જીવોને જાણવા.

ઘરડા માણસને જેમ લાકડીની જરૂર છે, તેમ જીવને ઈશ્વરકૃપાની જરૂર છે.

જેમ ક્યારામાંના નાના નાના છોડવાઓ મોટાં ઝાડને ઊગવા દેતા નથી, તેમ આપણાં નાનાં નાનાં પાપો આપણા અંતરમાં પ્રભુકૃપાને જાણવા દેતાં નથી.

સૂર્ય અસ્ત થયા પછી આપણી આંખે કાંઈ દેખાતું નથી, તેમ જ્યારે પ્રભુકૃપા ખસી જાય છે, ત્યારે આપણે ગમે તેવા જ્ઞાની હોઇએ, તોપણ અંધકારમાંજ પડી જઇએ છીએ.

ભાઇઓ! યાદ રાખજો કે આવી અલૌકિક ભગવત્કૃપા તપ કરવાથી મળે છે અને પાપ કરવાથી જતી રહે છે.

૧૯૦–આપણને ખબર ન પડે તેમ આપણે કેવી રીતે ચોરી કરીએ છીએ તે વિષે

બીજાની કાંઇ પણ વસ્તુ લઈ લેવી તેનું નામ ચોરી છે. એ ચોરી બે જાતની છે:

પહેલી જાતની ચોરી એ કે, ધણીને ખબર ન પડે તેમ ગુપચુપ કાંઇ પણ વસ્તુ લઇ લેવી તે; જેમકે માબાપને જણાવ્યા વિના છૂપી રીતે કેટલાક છોકરાઓ પોતાના ઘરમાંથી કાંઇ ને કાંઇ ચીજ લઈ જાય છે.

બીજી જાતની ચોરી એ કે, કોઇ પણ માણસ પાસેથી જોરજુલમથી તેની વસ્તુઓ લઇ લેવી તે; જેમકે ગાડાં લૂંટવાં, ધાડ પાડવી વગેરે વગરે.

એ બે જાતની મુખ્ય ચોરી છે. એ સિવાય બીજી ઘણી જાતની ચોરી થાય છે, તેની કેટલીક હકીકત સૌ ભાઇઓએ જાણવાની બહુ જરૂર છે, તેથી ટૂંકામાં તેની વિગત નીચે આપીએ છીએ. એ

દરેક બાબતના જો વિગતવાર દાખલાઓ આપવામાં આવે, તો બહુ લંબાણ થઈ જાય, માટે એ દાખલાઓ આમાં આપ્યા નથી; પણ ચોરીના ભેદ જાણવાથી આપણાથી અજાણપણે થતી ચોરીથી આપણે બચી શકીએ, એવા હેતુથી સાધુઓએ બતાવેલી ચોરીના જુદા જુદા પ્રકારો નીચે બતાવીએ છીએ:

૧–કોઇ પાસેથી ઉધાર લઇને પાછું આપવું નહિ, તે ચોરી કરવા બરાબર છે.

૨–પોતાની શક્તિ ન હોય છતાં મોટા મોટા સટ્ટા ને વેપાર કરવા, તે ચોરી કરવા બરાબર છે.

૩–પોતાની ફરજ બજાવવામાં ખામી રાખવી અથવા લાંચ લેવી, તે ચોરી કરવા બરાબર છે.

૪–જાણીજોઇને ચોરીનો માલ રાખવો તે પણ ચોરી છે.

૫–ઉછીના લીધેલા પૈસા કે બીજી કાંઈ વસ્તુઓ પાછી ન આપવી, તે ચોરી કરવા બરાબર છે.

૬–પોતાનું કરજ મુદતસર ન ચુકાવવું તથા મજૂરીના પૈસા વખતસર ન આપવા, તે ચોરી કરવા બરાબર છે.

૭–મજૂરોની મજૂરીના પૈસા કે નોકરોના પગારોમાં પાછળથી કાપકૂપ કરવી, તે ચોરી કરવા બરાબર છે.

૮–રસ્તામાંથી મળેલી વસ્તુનો ધણી શોધી કાઢવાની મહેનત ન કરવી ને તે વસ્તુ પોતે પચાવી પાડવી, તે ચોરી કરવા બરાબર છે.

૯–કોઈ ને કાંઇ ચીજ આપવાની કબૂલાત આપી હોય અને પાછળથી તે ચીજ તેને ના આપીએ, એ ચોરી કરવા બરાબર છે.

૧૦–વિશ્વાસથી કોઇએ કાંઈ સોંપેલું હોય, તે પાછું ન આપવું એ ચોરી કરવા બરાબર છે.

૧૧–કોઇ પણ નાની કે મોટી બાબતમાં કોઇની પણ સાથે કાંઈ ઠગાઇ કરવી, તે ચોરી કરવા બરાબર છે.

૧૨–ખોટા પૈસા ચલાવવા કે સિક્કા ઉપર કલાઈ ચડાવવી, તે ચોરી કરવા બરાબર તે.

૧૩–ખોટા દસ્તાવેજોમાં સહીઓ કરવી કે સાક્ષી કરવી, તે ચોરી કરવા બરાબર છે.

૧૪–ખરીદી કરવા માટે પાસે પૈસા ન હોય, છતાં પણ માલ તૈયાર કરવાનો હુકમ આપવો, એ ચોરી કરવા બરાબર છે.

૧૫–માલધણી આંકડો ચુકાવવા આવે, ત્યારે કાંઈ કાંઈ બહાનાં કાઢી તેમાંથી કાપકૂપ કરવી, એ ચોરી કરવા બરોબર છે.

૧૬–ખોટાં જોખ, માપ ને ભરત રાખવાં; જેમકે શેર, પાલી ને ગજ વધારે ઓછાં રાખવાં, તે ચોરી કરવા બરાબર છે.

૧૭–વસ્તુઓમાં ભેળસેળ કરવી; જેમકે ખાંડમાં લોટ, ઘીમાં કોપરેલ, તેલ કે ચરબી, દાણામાં કાંકરી કે રાખ, દૂધમાં પાણી અને રૂમાં ઝાકળ, વરાળ વગેરેનો ભેળ કરવો, તે પણ એક રીતે ચોરી કરવા બરાબર છે.

૧૮–પરચુરણ લેવા આવે તેમાં ખોટા પૈસા ઘુસાડી દેવા, એ ચોરી કરવા બરાબર છે.

૧૯–ભૂલમાં નાખીને ચૂકી ગયેલા આંકડાઓ પાછા ચુકાવવાની તજવીજ કરવી, તે ચોરી કરવા બરાબર છે.

૨૦–જે હોદ્દો ચલાવવાની આપણામાં લાયકાત ન હોય, તે હોદ્દો લઇ બેસવું; જેમકે વૈદકશાસ્ત્ર જાણ્યા વિના વૈદ થઇ બેસવું, નાતની ખટપટ ન આવડે છતાં પણ નાતના પટેલ થઇ બેસવું, નામું માંડતાં ન આવડે છતાં મેહેતાગીરીનું કામ લેવું અને રાજ ચલાવતાં ન આવડે છતાં રાજા થઇ બેસવું, તે ચોરી કરવા બરાબર છે.

૨૧–આપણે ગરીબ ન હોઇએ છતાં પણ ગરીબાઇનો દેખાવ કરી ભીખ માગવી, એ ચોરી કરવા બરાબર છે.

૨૨–વીમાકંપનીઓને ઠગવા માટે ખોટા વીમા ઉતરાવવા, માલમાં આગ લગાડી દેવી ને ખોટા દાવા બાંધવા, તે પણ ચોરી કરવા બરાબર છે.

૨૩–લોકાચાર અને દેશાચાર ફરી ગયા હોય તે સારૂ લોકરૂઢિ પ્રમાણે હાએ હા કરવું અને પોતે સમજતાં છતાં શાસ્ત્રોના સાચા અર્થ લોકોને ન સમજાવવા, એ ચોરી કરવા બરાબર છે.

૨૪–જુગારમાં તથા બીજી રમતોમાં ખોટા પાસા ચલાવવા, તે ચોરી કરવા બરાબર છે.

૨૫–પોતાની દવામાં કાંઈ માલ ન હોય છતાં તેની ઉપર સારાં લાગે તેવાં બનાવટી લેબલો ચોડવાં અને ભભકાભરી જાહેરખબરોથી લોકોને ઠગવા, એ ચોરી કરવા બરાબર છે.

૨૬–નોકરીએ રહેતી વખતે કબૂલાત આપી હોય, તે કરતાં કામ ઉપર મોડા જવું, એ ચોરી કરવા બરાબર છે.

૨૭–શેઠ કે મુનીમ હાજર ન હોય, ત્યારે આળસુ થઇને કામ ન કરવું, એ ચોરી કરવા બરાબર છે.

૨૮–પોતાની પાસે માગનારને વખતસર નાણાં ન આપવાં તે; જેમકે નોકરનેવખતસર પગાર ન આપવો, ઘરવાળાને મુદ્દતસર ભાડું ન આપવું અને બીજા લોકોનાં વખતસર બિલ ન ચુકવવાં એ ચોરી કરવા બરાબર છે.

૨૯–પોતે નોકરી માટે કબૂલ કરેલા ટાઇમની અંદર બીજાઓ સાથે ગપ્પાં મારવાં, નોવેલો વાંચવી, છાપાં વાંચવાં અથવા નાટકોનાં ગાયનો લલકારવાં એ પોતાના શેઠના વખતની ચોરી કરવા બરાબર છે.

૩૦–ઑફિસના સિપાઇઓ કાગળો પહોંચાડવામાં વાર લગાડે, સુથારો પોતાને માટે છોડિયાં પાડવા સારૂ વધારે લાકડાં છોલી નાખે અને દરજી એક કાપલા સારૂ જરૂર કરતાં વધારે કટકા પાડે, તો તે ચોરી કરવા બરાબર છે.

૩૧–જાહેરસભાઓમાં ગડબડ કરવી કે સત્સંગની મંડળીઓમાં નકામી વાતો કરવી, તે ચોરી કરવા બરાબર છે.

૩૨–ચોરી કરનારની ચાહીને ચોરી છુપાવવી, એ પણ ચોરી કરવા બરાબર છે.

ભાઇઓ ! આવી રીતે સેંકડો પ્રકારની નાની નાની ચોરીઓ છે, તેમાંથી ઘણીએ ચોરીઓ પ્રસંગોપાત્ત આપણાથી પણ થઈ જાય છે. આપણને આમાંથી કેટલીક ચોરીઓ નાની લાગશે; જેમકે નોકરી ઉપર વખતે મોડું જવાય; કામ વખતે પણ છાપું વાંચી લેવાય કે ઘરના ભાડા માટે ભૈયો ધક્કા ખાયા કરે તેની આપણે દરકાર કરતા નથી; પણ એ ચોરી કરવા બરાબર છે અને ચોરીની શિક્ષા કાંઇ નાની નથી. માટે દરેક બાબતમાં આપણે આપણી ફરજ વધારે ચોક્કસપણે બજાવી શકીએ એવી ખાસ તજવીજ રાખવી જોઇએ અને જેવું આપણે આપણું પોતાનું ભલું ઇચ્છીએ છીએ, તેમજ સૌનું ભલું ઇચ્છી આપણે કોઇએ કોઈ પણ જાતની ચોરી કરવી જોઇએ નહિ; એ દુનિયાના બધા ધર્મોનો સિદ્ધાંત છે ને એ મહાન પ્રભુનો હુકમ છે. માટે મન, વચન કે કર્મથી કોઈ પણ જાતની ચોરી ન થઈ જાય, એ સંભાળજો.

૧૯૧–ગરીબ માણસ હાથીનું દાન લઈ શકે નહિ, તેમ આપણે ઉત્તમ જ્ઞાન લઈ શકતા નથી

અસલના આપણા દેશી રાજાઓ એવા ઉદાર હતા કે, સહેજ વાતમાં મોટાં મોટાં દાનો ને મોટાં મોટાં ઇનામો આપી દેવાં એ તેઓને મન કાંઇ મોટી વાત નહોતી. એવા વખતમાં ગ્રહણને દિવસે એક રાજાને વિચાર થયો કે, મારે કાંઇ મોટું દાન આપવું; તેથી તેણે હાથીનું દાન આપવાનો ઠરાવ કર્યો. એ પછી વિચાર થયો કે, એ દાન કોને આપવું ? ત્યારે પ્રધાને કહ્યું કે, "જો હજૂરનું ધ્યાન પહોંચે તો ગરીબમાં ગરીબ બ્રાહ્મણને તે આપવું જોઇએ, તો વધારે પુણ્ય થાય." ત્યારે રાજાએ હજૂરિયાને હુકમ કર્યો કે, "કોઇ ગરીબ બ્રાહ્મણને જલદી અહીં બોલાવી લાવ." હજૂરિયો બ્રાહ્મણને બોલાવવા ઉતાવળો ઉતાવળો જતો હતો, એટલામાં એક ભૂંગળભટિયો બ્રાહ્મણ તેને રસ્તામાં મળી ગયો. એ બ્રાહ્મણના ખડિયામાં સત્તર તો થીંગડાં હતાં, પાંચસાત જાતના અનાજની જુદી જુદી પોટલીઓ ખભે બાંધી હતી, ઢીંચણ પણ પૂરા ઢંકાય નહિ તેવું મેલું ફાટલું ફાળિયું વીંટચું હતું, બહારગામથી ચાલ્યો આવતો હતો, તેથી પગરખાં વિનાના ઉઘાડા પગ ઘૂંટણ સુધી ધૂળથી ભરેલા હતા, છપ્પન કટકા વીંટીને બાંધેલી ડબૂચા જેવી માથે પાઘડી હતી ને તેમાં ચારપાંચ વર્ષનું જૂનું ખખ, અર્ધું ફાટેલું ટીપણું ખોસ્યું હતું. દાઢીના વાળ મહિના દોઢ મહિનાના થઈ ગયા હતા અને કપાળમાં ભેંસભડકામણું મોટું ટીલું કર્યું હતું. એ બ્રાહ્મણને જોઇને હજૂરિયાએ જાણ્યું કે, આ ગરીબ માણસ છે;માટે તે હાથીના દાનથી ખુશી થશે, એમ ધારીને તેને કહ્યું કે, "મહારાજ ! દરબારમાં ચાલો; મહારાજા સાહેબ તમને બોલાવે છે."

રાજાના હજૂરિયાનો રોફ અને ઓચિંતી તેની આવી વાત સાંભળીને તે બ્રાહ્મણ તો બિચારો ગભરાઇ ગયો. તેને લાગ્યું કે, મારા શું ભોગ મળ્યા! રાજા મને શું કરવા બોલાવે? કોઇએ મારી અદેખાઈ કરી હશે. હવે કાંઇક પૂછશે ને જવાબ દેતાં નહિ આવડે, તો મારો ફજેતો થશે! આવા આવા વિચાર કરે છે, એટલામાં હજૂરિયાએ કહ્યું કે, "જલદી કરો મહારાજ! વિચાર શું કરો છો? ત્યાં કાંઇ તમોને ઘાણીએ નથી જોડવા, ત્યાં તો દાન

આપવું છે." દાનની વાત સાંભળીને ભટ્ટજી મહારાજ રાજી થયા, તોપણ દરબારમાં જતાં ટાંટિયા ધ્રૂજવા લાગ્યા. રાજાએ તે બ્રાહ્મણને જોઇને કહ્યું કે, "મહારાજ! જલદી સંકલ્પ કરાવો ને આ મકનો હાથી લઇ જાઓ." બ્રાહ્મણે કહ્યું કે, "મહારાજા સાહેબ! હું એ હાથીને લઇને શું કરૂં? એને લઈ જઇને બાંધું ક્યાં? અને ખવરાવું શું? કદી તમે એને બાંધવાનું ને ખવરાવવાનું આપો, તોપણ એ મને શું કામનો? હું આવી ચીંથરેહાલ દશામાં એની ઉપર બેસું એ કેવી રીતે શોભે? ગૌબ્રાહ્મણપ્રતિપાળ, મહારાજા સાહેબ! એ મકનો હાથી તો તમારે ઘેરજ શોભે. તમે મને મફત આપો, પણ તેને લઈ શકાય એવાં અમારાં નસીબ ક્યાંથી? અને કદી લઇ જઉં, તોપણ મારે તો રોજ રોજ સવારના પહોરમાં ઊઠીને તેનાં લીંડાંજ ઉપાડવાં પડે. એ કાંઇ મારે ઘેર ન શોભે અને હું કાંઇ એની ઉપર શોભું નહિ."

રાજાને બ્રાહ્મણની આ વાત ખરી લાગી, તેથી તેને વિચાર થયો કે, ઓહો! ગરીબાઇ એટલી બધી ખરાબ છે, કે આવાં મોટાં ઇનામ કે આવાં મોટાં દાન પણ ન લેવા દે?

ભાઈઓ! શું સમજ્યા? આપણે એ ગરીબ બ્રાહ્મણ કરતાં પણ વધારે કંગાલ છીએ; કારણ કે એ બ્રાહ્મણને રાજદરબારમાં બોલાવવા માટે જેમ હજૂરિયો આવ્યો હતો, તેમ આપણને સત્સંગમાં ને દેવદરબારમાં બોલાવવા માટે હરિજનો આવે છે; પણ દરબારમાં જતાં પોતાની ફજેતી થઇ થશે તો? એવા વિચારથી જેમ તે બ્રાહ્મણના ટાંટિયા ધ્રૂજતા હતા, તેમ પ્રાર્થનામંદિરમાં કે સત્સંગમાં જતાં આપણે અચકાઇએ છીએ, કે રખેને ફાળામાં કાંઈ ભરવું પડશે તો? દરબારમાં ગયા પછી રાજા હાથીનું દાન આપતો હતો, તોપણ તે ગરીબ માણસ લઇ શક્યો નહિ, તેમ સત્ય જ્ઞાનવાળા મહાન પંડિતો, ભગવદ્રસમાં તરબોળ થયેલા સાચા ભક્તો અને આપણા દયાળુ ગુરુઓ આપણને મફત ઈશ્વરી માર્ગ બતાવે છે; પણ અફસોસ કે, એ બાબતમાં આપણે એવા કંગાલ છીએ, એવા દરિદ્રી છીએ કે, તેનો જરા પણ લાભ લઇ શકતા નથી. એ રાજા તો માત્ર મકનો હાથીજ આપતો હતો, પણ હરિજનો તો આપણને જન્મમરણના ફેરામાંથી છોડાવે, અનંતકાળની શાંતિ આપે અને મોક્ષનાં અલૌકિક સુખો આપે એવું મહાન પ્રભુનું પવિત્ર નામ આપણને આપે છે; પણ આપણે

મનના, બુદ્ધિના ને હૃદયના એવા કંગાલ છીએ કે, તે લઇ શકતા નથી. માટે ભાઇઓ! બહારની સમૃદ્ધિ છતાં પણ અંતરની એવી કંગાલિયતમાંજ છેવટ સુધી ન પડ્યા રહીએ, એ સંભાળજો.

૧૯૨–કોઈ આપણને ગાળ દે, પણ તે ગાળ જો આપણે ન લઇએ, તો તેનીજ પાસે રહે છે

એક મહાત્મા હતા. તે બહુજ શાંતમૂર્તિ અને બ્રહ્મજ્ઞાની હતા. તેમનો ઠરાવ હતો કે, બીજા માણસો તેમનું ગમે એટલું નુકસાન કરે, તોપણ તે કદી પણ ગુસ્સે થતા નહિ કે પોતાનો સ્વભાવ બગાડતા નહિ; પણ ઊલટા તે ખરાબ માણસનું પણ ભલું થાય તેમ કરતા હતા. આસપાસનાં ગામોનાં ઘણાં માણસો મહાત્માનો એ સ્વભાવ જાણતા હતા, તેથી સૌ તેમની યથાશક્તિ સેવાશુશ્રૂષા કરતા હતા.

એક વખત એક ખરાબ માણસે એ વાત સાંભળી, ત્યારે તેણે કહ્યું કે, "એનો ભાર શું છે કે ગુસ્સે ન થાય? હમણાં જઇને ચીડવી આવું." શું દુનિયામાં આવા માણસો પણ નથી પડ્યા? એવા ઘણાએ મૂર્ખો છે, કે જેઓ એમ સાંભળે કે, આ સ્ત્રી પતિવ્રતા છે, તો તેનું પાતિવ્રત્ય ભંગ કરવાની તજવીજ કરે; એમ સાંભળે કે, આ માણસ બીડી પીતો નથી, તો તેને બીડી પાવાની હઠ કરે; એમ જાણે કે, આ માણસને ભાંગ ચડતી નથી, તો તેને ભાંગ ચડાવવાની તજવીજ કરે; એમ જાણે કે, આ માણસ બહુ હોશિયાર છે, તેથી ક્યાંય ઠગાતો નથી, તો તેને ઠગવાનો પ્રપંચ કરે અને આ માણસ કાંદા ખાતો નથી, તો કહે હું તેને ખવરાવું. એમ કરવાવાળા ગધેડાઓ શું દુનિયામાં થોડા છે? એવાઓની કાંઇ ખોટ નથી; એવાઓમાંનોજ આ માણસ હતો, તેથી તે એ મહાત્મા પાસે ગયો અને કહ્યું કે, "મહારાજ! ચલમ પિવરાવો!" મહારાજે કહ્યું કે, "બચ્ચા! હું ચલમ પીતો નથી ને મારી પાસે ચલમ, તંબાકુ કે દેવતા કાંઇ નથી." ત્યારે તે માણસે કહ્યું કે, "મોટો સિદ્ધ થઇને બેઠો છે ને ચલમ પણ નથી રાખતો? તારા કરતાં તો બીજા લંગોટિયા સારા. બધાં ગામો લૂંટીને પૈસા ભેગા કરે છે, તે કામ શું આવશે? અતિથિની સેવા નથી કરતો, ત્યારે તું સાધુ શાનો? તેં તો તારું કુળ લજવ્યું! શરમ છે તારા ગુરુ ઉપર ને ધૂળ પડી

તારા ભજનમાં. મુસાફરને એક ચલમ તમાકુ પણ ન મળે, ત્યારે તું આ જાડાપાડો થયો તે શું કામનો?" આવી રીતે પ્રસંગ છેડીને તે લુચ્ચાએ વિનાકારણે એ મહાત્માને હજારો ભૂંડી ગાળો દીધી; પણ એ મહાત્મા કાંઇ બોલ્યા નહિ. તેઓ ધીરજથી હસતે મોઢે બધું સાંખી રહ્યા. અંતે જ્યારે ગાળો દઇ દઇને તે માણસ થાકી ગયો ને પોતાની મેળે બોલતો બંધ થયો અને થોડી વાર પછી તે માણસ જ્યારે વધારે શાંત થયો, ત્યારે મહારાજે તેને કહ્યું કે, "બચ્ચા! લે, આ સાકર નાખીને જરા ઠંડુ પાણી પી, બહુ બોલવાના પરિશ્રમથી તારા મગજમાં ગરમી ચડી છે, તેથી તને આ શરબતથી ફાયદો થશે." એમ કહીને મહારાજે તેને સાકરનું શરબત બનાવી આપ્યું. પેલો માણસ પહાડ ઉપર ચડીને બપોરને વખતે મહારાજના આશ્રમમાં ગયો હતો, તેથી તરસ તો લાગેલીજ હતી ને તેમાં વળી બે કલાક સુધી મહારાજને હજારો ગાળો દેવાની મહેનત કરવાથી ઉશ્કેરાઇ ગયો હતો અને થાકીને લોથપોથ થઇ ગયો હતો, તેથી તેને એ ઠંડા શરબતથી બહુ શાંતિ મળી. એ પછી એટલો વખત મહાત્માની પાસે રહેવાથી તે સંતની ભલી વીજળી (ઓરા)ની તેને રૂડી અસર થઇ; એ વખતે તેને ભાન આવ્યું કે, "હું જ્યારે વિનાકારણે આવી રીતે બડબડતો હતો, તે વખતે તે મહાત્માએ ગુસ્સામાં આવી જઇને મને માત્ર એક સહેજ ધક્કો માર્યો હોત, તો મારા શું હાલ થાત? આ નીચેની પહાડની ખાઇમાં ક્યાંયનાં ક્યાંય મારાં હાડકાં વેરાઇ જાત અને તેનો પત્તો પણ લાગત નહિ. આ મહાત્મા કે જેનામાં અખંડ બ્રહ્મચર્યનું જોર છે, જેનામાં તપનું બળ છે, જેનામાં શાંતિનું બળ છે અને જેનામાં બ્રહ્મનિષ્ઠપણાનું બળ છે તેની આગળ મારું શું ચાલત? મારા જેવાને તો તે મચ્છરની પેઠે ચોળી નાખે; પણ અત્યારે હું તેની દયાથીજ બચેલો છું. અરે! હાય હાય! મને આ શું સૂઝયું? કેવા રૂડા મહાત્માનો મેં અપરાધ કર્યો? હવે એનું પ્રાયશ્ચિત્ત શું?" એમ ભાન આવતાં તે મહારાજના ચરણમાં પડી ગયો અને તેના પગના અંગૂઠા પોતાની આંખમાં ખોસી ગદ્ગદિત થઇને માફી માગવા લાગ્યો ને કહેવા લાગ્યો કે, "મહારાજ! મને તમારો શિષ્ય બનાવો." ત્યારે મહારાજે કહ્યું કે, "બેટા! તું પણ મારા જેવો પ્રભુનો જીવ છે અને મારો બંધુ છે. સુખદુઃખમાં ધીરજ રાખ, એટલે તું પણ

ધીરે ધીરે પ્રભુના રસ્તામાં આવી જઇશ." તે માણસે કહ્યું કે, "મહારાજ! એવી ધીરજ અમારા જેવા પામર જીવથી કેમ રહે?" મહારાજે કહ્યું: "બેટા! વિચારથી ને પ્રભુનો મહિમા જાણ્યાથી એવી ધીરજ રહી શકે છે. તું વિચાર કર કે, કોઈ માણસ તને કાંઇ વસ્તુ આપવા આવે અને તે તું ન લે, તો એ વસ્તુ કોની પાસે રહી?" તે માણસે કહ્યું કે, "જો હું ન લઉં તો એ વસ્તુ જેની પાસે હોય તેની પાસેજ રહે." ત્યારે મહારાજે કહ્યું કે, "બેટા! તેં મને ગાળો આપી, પણ મેં તે ન લીધી ત્યારે તે કોની પાસે રહી?" ત્યારે તે માણસે શરમાઇ જઇને કહ્યું કે, "મહારાજ! એ મારી ગાળો તો પાછી મારી પાસેજ રહી."

મહારાજે કહ્યું: "બેટા! હવે બીજો વિચાર કર. તને કોઈ માણસ પોતાનો ડગલો આપવા આવે તો તું લઇશ?" તે માણસે કહ્યું કે, "નહિ." મહારાજે પૂછ્યું કે, "શા માટે નહિ લે?" ત્યારે તે માણસે કહ્યું કે, "ભિખારી હોય તે લે, મારા જેવા ગૃહસ્થ માણસથી એ કેમ લેવાય? એવી નજીવી ચીજ સારૂ શા માટે કોઇના ઉપકારમાં આવીએ?" મહારાજે કહ્યું કે, "બેટા! જેમ તારા ગૃહસ્થપણા માટે તું કોઇની ચીજ ન લે, તેમ અમે અમારા સાધુપણા માટે પણ એવાજ મસ્ત છીએ. સાધુપણા સારૂ અમે ઘરબાર છોડેલાં છે અને એ મસ્ત ફકીરી સારૂ સંસારનાં હજારો મોહક સુખો ઉપર અમે થૂંકીએ છીએ. એ બધું છોડીને, એ બધાં ઉપર પાણી ફેરવીને હવે હું તારી પાસેથી ગાળો લઉં કે? વાહ વાહ! લેવા જેવી ચીજ તો મજેની! બેટા! તારે ઘેર કોઇ મીઠાઇનો ખૂમચો લાવે, તો એ લેવામાં પણ તું જરા આનાકાની કરે, તારો દોસ્ત તને ઘડિયાળ ભેટ આપે, તો તે લેવામાં પણ તું જરા હા—ના કરે અને તારો સસરો જમવા બોલાવે, તો એમાં પણ—માલ માલ ઉડાવવામાં પણ—જરા વાર લગાડે; પણ તારા દુશ્મનની ગાળો લેવામાં તો તું તૈયાર? એમાં તો જરાએ વાર નહિ! આનું નામ તમારું ગૃહસ્થપણું કે? શરમ! શરમ!!

"હવે ત્રીજો વિચાર કર કે, હમેશાં ઘણું કરીને માણસો કઇ ચીજ લે છે? જે ચીજ પોતાને પસંદ હોય તેજ લે છે. આપણે કોઇ શહેરના બજારમાંથી ચાલ્યા જતા હોઇએ, તો રસ્તામાં ઘણાએ દુકાનદારો ને ફેરીવાળાઓ કહે છે કે, 'લો શેઠ! આ એક ચાકુ બહુ સરસ છે. આ સસ્તામાં સસ્તામાં જાય છે. આવો,

આવો, ગરમ કાપડ આપું. જુઓ શેઠ! આ રૂમાલ જુઓ! આ આફૂસની કેરી સસ્તામાં જાય છે. આ પગરખાંની એક જોડી અર્ધી કિંમતે. આવી જાઓ, આ મારવાડીનું દેવાળું, છ દોઢિયામાં ગમે તે ચીજ ઉપાડો.' આવી રીતે આપણને ઘણા લોકો ઘણી ચીજો આપવા આવે છે; પણ વગર જરૂરની ચીજો આપણે લેતા નથી; તેમજ કોઇ આપણને ગાળ આપવા આવે, તો તે આપણે શા માટે લેવી જોઇએ? શું એ વિના આપણને ન ચાલે? જેની પાસે જે માલ હોય તે તે માલ આપે, જેની પાસે કેરી હોય તે કેરી આપે; જેની પાસે મીઠાઇ હોય તે મીઠાઇ આપે, જેની પાસે કપડાં હોય તે કપડાં આપે, તેમજ જેના મનમાં ગાળોનો ખજાનો ભરેલો હોય તે ગાળો આપે, તેમાં આપણું શું ગયું? આપણે તે લઇએ શું કરવા? આપણે જો લઇએ તો આપણી પાસે આવે ને! જેને ગાળની જરૂર હોય તે ભલે લે. આપણે તો પવિત્ર ઈશ્વરને ખાતર સૌને માફ કરતાં શીખવું જોઇએ અને સૌને આપણા એકજ પિતાના પુત્ર સમજી સૌનું ભલું ઇચ્છવું જોઇએ. તને ખબર છે? શ્રીકૃષ્ણ ભગવાને પોતાના દુશ્મન શિશુપાળના સો ગુના માફ કર્યા હતા, ત્યારે આપણે કોઇકના ખરાબ શબ્દોની માફી આપવી, એમાં શું મોટી વાત છે? માટે બેટા! પરમ દયાળુ પ્રભુની માફી મેળવવાની આપણને જરૂર છે; તે માટે રૂડું બોલતાં અને બીજાઓના વાંક માફ કરતાં શીખો."

પદ

ઓ ભાઈ રે શાંતિ પમાડે, તેને તે સંત કહીએ;
તેના દાસના દાસ થઇને રહીએ. (ટેક)
વિદ્યાનું મૂળ મારા ગુરુએ બતાવ્યું,
ત્યારે મોતનો માર શીદ ખાઇએ? (૨)
કીધા ગુરુજી ને બોધ નવ આપે,
ત્યારે તેના ચેલા તે શીદ થઇએ?—ઓ૦
વૈદ્યની ગોળી ખાતાંને દુઃખ નવ જાય,
ત્યારે તેની ગોળી તે શીદ ખાઇએ? (૨)
લીધા વળાવા ને ચોર જ્યારે લૂંટે,
ત્યારે તેની સોબતે શીદ જઇએ?—ઓ૦
કલ્પવૃક્ષ સેવીએ ને દારિદ્રય ઊભે,
ત્યારે તેની છાયા તળે શીદ રહીએ? (૨)

રાજાની ચાકરીમાં ભૂખ નવ ભાગે,
ત્યારે તેની વેઠે તે શીદ જઈએ ?—ઓ૦
નામ અમૂલ્ય મારા ગુરુએ બતાવ્યું,
ને તે તો ચોટયું છે મારે હૈયે; (૨)
મહેતા નરસિંહની વાણી છે સારી,
શામળાને શરણે જઈએ—ઓ૦

૧૯૩–માયાને જીતવાનો સહેલો ઉપાય

મહાન ભક્તરાજ મહાત્મા તુકારામે પોતાના એક અભંગમાં કહ્યું છે કે, "માયા ને છાયા એ બન્ને એકસરખી વસ્તુ છે. ભેદ એટલોજ કે માયા મોટી છે ને છાયા નાની છે; પણ બન્નેના સ્વભાવ સરખા છે. માયા જેમ જગતમાંથી જતી નથી, તેમ છાયા પણ વસ્તુમાંથી જતી નથી. જેમ જેમ મોટા થતા જઈએ, તેમ તેમ માયા વધતી જાય છે; તેમજ છાયા પણ મોટી થવાથી મોટી થતી જાય છે. ટૂંકામાં એટલુંજ કે, માયા ને છાયા આ જગત સાથે જોડાયેલી વસ્તુ છે, એટલે જ્યાંસુધી આપણા દેહનો નાશ થાય નહિ, ત્યાંસુધી કાંઈ છાયા જાય નહિ; તેમજ ત્યાંસુધી કાંઇ માયા પણ જાય નહિ; કારણ કે જેમ છાયા શરીરની સાથે લાગેલી છે, તેમ માયા જીવની સાથે લાગેલી છે. ત્યારે હવે કરવું શું ?" મહાત્માઓ કહે છે કે, જ્યાંસુધી આપણો ઉદ્ધાર થાય નહિ, ત્યાંસુધી કાંઈ માયા જાય નહિ; કારણ કે જગતને ચલાવવા માટે પ્રભુએ તેને મોકલેલી છે, એટલે તે કાંઈ આપણાથી જાય નહિ; પણ તે મહાત્માઓની દાસી છે, એટલે જેઓ સાધુસંતની સેવા કરતા હોય, તે હરિજનો એ માયાને ઓછી કરી શકે છે.

માયાને જીતવા માટે પ્રથમ આપણે માયાનું સ્વરૂપ સમજવું જોઇએ, પણ માયા બહુ મોટી વસ્તુ છે, એટલે તેનો ઘડીકમાં પાર પામી શકાય તેમ નથી. શ્રીમદ્ શંકરાચાર્ય જેવા મહાત્મા માયાને અનિર્વચનીય કહે છે, ત્યારે તેમાં આપણો કયાં પત્તો લાગે ? માટે માયાનું સ્વરૂપ સમજવા સારૂ આપણે માયાની નાની બહેન છાયાનું સ્વરૂપ સમજવું જોઇએ અને એ જલદીથી સમજી શકાય તેમ છે. જ્યારે આપણે ઊભા હોઇએ ત્યારે છાયા પણ ઊભી રહે છે; જ્યારે આપણે બેસીએ ત્યારે આપણી છાયા પણ બેસી જાયછે અને જ્યારે આપણે સૂઈ જઇએ, ત્યારે આપણી છાયા પણ સૂઈ જાય

છે; પણ જ્યારે આપણે પ્રભુના મંદિરમાં જઈ પ્રાર્થના કરતા કરતા હાથ જોડી લાંબા થઇને દેવને દંડવત્ પ્રણામ કરીએ, ત્યારે છાયા જતી રહે છે–ત્યારે છાયા દેહમાંજ સમાઈ જાય છે, એટલે કે દેહના જેવડીજ થઈ જાય છે; તેમજ મહાત્મા તુકારામ કહે છે કે, "પ્રભુના ચરણમાં નમી પડવાથી એ છાયાની પેઠેજ માયા પણ નાસી જાય છે." જ્યાંસુધી દીનતાથી સમર્થ પ્રભુનું શરણ ન ધરીએ, ત્યાંસુધીજ માયા દુઃખ આપ્યા કરે છે, પણ જ્યારે નમી ગયા–જ્યારે પ્રભુના શરણમાં આવી ગયા, ત્યારે પછી માયા કેવી? એ વખતે તો ઊલટી માયા આપણી દાસી બની જાય છે, માટે ભાઈઓ જો સહેલાઇથી માયાને જીતવી હોય, તો આશરાનું બળ રાખીને પ્રભુના શરણમાં નમી પડો, પ્રભુના શરણમાં નમી પડો.

૧૯૪–ભગવદ્દઇચ્છા વિષે

આપણે કોર્ટનો કેસ જેમ આપણા વકીલને સોંપી દઇએ છીએ, તેમ આપણા આખા જીવતરનો મામલો ઈશ્વરના હાથમાં સોંપી દઈ ભગવદ્દઇચ્છા પ્રમાણે સંતોષથી રહેવું જોઇએ.

જેમ આંધળો માણસ પોતાના દોરનાર ઉપર આધાર રાખે છે, તેમ સર્વ વાતે આપણે પણ ઈશ્વર ઉપર આધાર રાખવો જોઇએ.

સિપાઇઓ જેમ તેમના અમલદારના હુકમમાં હમેશાં વર્તે છે, તેમ આપણે પણ આપણા પ્રભુની ઇચ્છાનુસાર વર્તવું જોઇએ.

પાણીને જેવા વાસણમાં નાખીએ તેવું રૂપ તે પકડી લે છે, તેમ આપણે પણ પ્રભુ જેમ રાખે તેમ રહેતાં શીખવું જોઇએ.

ગાડીમાં જોડેલો ઘોડો તો દોડ્યે જાય, પણ હાંકનાર જે બાજુ લગામ ખેંચે, તે બાજુ ઘોડાને ચાલવું પડે છે; તેમ આપણને પ્રભુ જે માર્ગે અને જેવી રીતે ચલાવે તેમ ચાલવું જોઇએ.

આપણે તો એક એન્જિન છીએ ને આપણા પ્રભુ તે એન્જિન ચલાવનાર છે. તે આગળ કળ દાબે તો આગળ જવું ને પાછળ કળ ફેરવે તો પાછળ હટવું. આપણને તો એ જેમ ચલાવે તેમ ચાલવું, એજ આપણું કામ છે.

નાટકશાળાનો મેનેજર પોતાના એક્ટરોને જે વેષ આપે તે વેષ લઇને તેણે પોતાનો વેષ બરાબર રીતે ભજવવો જોઇએ; તેમ ઈશ્વર આપણને જે હાલતમાં રાખે તેમાં સંતોષ માની તે પ્રમાણે વર્તવું, એજ આપણું કામ છે.

દરેક માણુસના ખીસાનાં નાનાં ઘડિયાળો ગામની વચ્ચેના એક મોટા ઘડિયાળના ટાઈમ પ્રમાણે રાખવાં પડે છે, તેમ દરેક નાનાંમોટાં માણુસોએ ભગવદ્‌ઇચ્છા પ્રમાણે વર્તવાની ટેવ પાડવી જોઇએ.

૧૯૫–દુર્ગુણોથી ઊપજતી ખરાબીઓ

શ્રીકૃષ્ણુ ભગવાને ગીતાજીમાં કહ્યું છે કેઃ

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

(અ૦ ૨, શ્લો૦ ૬૨–૬૩)

અર્થાત્ વિષયોના વિચાર કરવાથી માણુસને વિષયોમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે, વિષયની પ્રીતિથી તે વિષયો ભોગવવાની મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય છે, એ પછી વિષયો ભોગવવાની ઇચ્છામાંથી ક્રોધ પેદા થાય છે, ક્રોધમાંથી બહુ મોહ થાય છે, બહુ મોહથી સ્મરણુશક્તિ ભ્રમિત થઈ જાય છે, સ્મરણુશક્તિ ભમી જવાથી બુદ્ધિનો નાશ થાય છે અને જેની બુદ્ધિનો નાશ થાય તે (પોતાના કલ્યાણુના રસ્તામાંથી) પડી જાય છે.

ભાઇઓ ! આવી રીતે એક દુર્ગુણુમાંથી બીજા ઘણા દુર્ગુણો પેદા થઈ જાય છે અને એ આપણા દુર્ગુણો આપણુને પ્રભુથી વિમુખ કરી અંતે નરકમાં લઈ જાય છે. માટે એવા દુર્ગુણોમાંથી બચવા સારૂ આપણે તેની કેટલીક મુખ્ય હકીકતો જાણુવી જોઇએ. જ્ઞાની ભક્તો તેને માટે નીચે પ્રમાણે કોષ્ટક બતાવે છે.

૧૯૬–અહંકારમાંથી ઉત્પન્ન થતા દુર્ગુણો

૧–અહંકારી માણુસ હમેશાં લોભી હોય છે.

૨–અહંકારી માણુસ પોતાના અભિમાનને લીધે બધાંથી છૂટો પડવાની ઇચ્છા રાખે છે.

૩–અહંકારી માણુસ ખોટો ડોળ ઘાલીને ફરે છે.

૪–અહંકારી માણુસ પોતાની કીર્તિનો બહુ લોભ રાખે છે.

૫–અહંકારી માણુસ ઢોંગી હોય છે.

૬–અહંકારી માણુસ ઉદ્ધત હોય છે. મોટાઓની આજ્ઞા તે માનતો નથી.

૭–અહંકારી માણુસ બીજાઓ તરફ ધિક્કાર રાખે છે.

૮–અહંકારી માણુસની પોતાની પ્રકૃતિ ચીડિયા હોય છે. આ બધા દુર્ગુણો એક અભિમાનમાં હોય છે; માટે એ બધા દુર્ગુણોમાંથી બચવા સારૂ મહાન પ્રભુને અર્થે આપણે અભિમાન છોડી દેવું જોઇએ.

૧૯૭–લોભમાંથી પેદા થતા દુર્ગુણો

૧–લોભી માણુસ વિશ્વાસઘાત કરનારો હોય છે.

૨–લોભી માણુસ અન્યાયથી ડરતો નથી.

૩–લોભિયાઓ જૂઠાબોલા ને તરકટી હોય છે.

૪–લોભિયાના સ્વભાવમાં બહુજ હલકટપણું હોય છે.

૫–લોભી માણુસ કઠોર હૈયાનો હોય છે.

૬–લોભી માણુસના હૃદયમાં હમેશાં જુદી જુદી વાસનાઓ ભરેલી હોય છે.

૭–લોભી માણુસ ઈશ્વરેચ્છાની સામે બડબડનાર હોય છે.

૮–લોભી માણુસ કયારેક બીજાઓનું ખૂન પણુ કરે છે.

આ બધા દુર્ગુણો લોભમાંથી જરૂર પેદા થાય છે; માટે એ બધા દુર્ગુણોથી બચવા સારૂ સર્વશક્તિમાન આપણા પવિત્ર પિતા પ્રભુનો હુકમ માનીને આપણે અયોગ્ય લોભને છોડી દેવો જોઇએ અને આપણા આત્માના કલ્યાણુ સારૂ આ જગતમાંનાં આપણાં ભાઈબહેનો સાથે આપણે ઉદારતાથી વર્તવું જોઇએ.

૧૯૮–વ્યભિચારમાંથી ઉત્પન્ન થતાં પાપો

૧–વ્યભિચારી માણુસની અક્કલ ગુમ થયેલી હોય છે.

૨–વિષયી લોકોનાં હૈયાં કઠોર હોય છે.

૩–વિષયી માણુસમાં પવિત્રતા કે વિશ્વાસ બિલકુલ હોય નહિ.

૪–વિષયથી ધનનો, મનનો, શરીરનો ને બળનો નાશ થાય છે.

૫–વિષયી માણુસોના કુટુંબમાં હમેશાં કલેશ હોય છે.

૬–વિષયી માણુસથી કોઇ પણુ બાબતમાં ચોક્કસપણું રહી શકતું નથી.

૭. પશ્ચાત્તાપ કર્યા વિના તથા પવિત્ર થયા વિના વ્યભિચારી માણુસો એમ ને એમ મરી જાય છે.

આ બધાં વિષયનાં ફળ છે, માટે તેથી બચવા સારૂ મનમાં વૈરાગ્યવૃત્તિ અને અંતરમાં ઈશ્વરભજનનું બળ રાખવું જોઈએ.

૧૯૯–ક્રોધ તથા અદેખાઇમાંથી ઉત્પન્ન થતા દુર્ગુણો

ક્રોધી માણુસ કજિયાખોર તથા મારામારી કરનારો હોય છે. તે સહેજ વાતમાં લડી પડે છે ને ખૂન કરવા ઉપર આવી જાય છે; એટલુંજ નહિ પણુ તે બીજાઓની નિંદા કરનારો હોય છે.

અદેખાઈ

૧–અદેખા માણુસોને બીજાઓની તરફ ધિક્કાર હોય છે.

૨–અદેખાઓનાં મનમાં બીજાઓનું બગાડવાની ઇચ્છા રહે છે.

૩–બીજાને નુકસાન થયેલું જોઇને અદેખાઓ રાજી થાય છે.

૪–બીજાઓની ફતેહથી અદેખાઓ દિલગીર થાય છે.

૫–બીજાઓની ખામી જોવામાં ને પરાકાઓની નિંદા કરવામાં અદેખાઓ પોતાનો વખત ગુમાવે છે.

૬–અદેખા માણુસો ઘણી વાર પોતાની અદેખાઇના ઊભરામાં દગો પણુ કરી લે છે.

આ બધા દુર્ગુણો ક્રોધમાં ને અદેખાઈમાં છે, માટે તેથી બચવા સારૂ જેમાં પ્રભુનો બહુ મહિમા હોય એવાં આપણાં પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ કર્યા કરો.

૨૦૦–આળસમાંથી ઉત્પન્ન થતા દુર્ગુણો

૧–આળસ એ બધા દુર્ગુણોની માતા છે.

૨–બીજાઓનું કામ કરી આપવું તો રહ્યું, પણુ પોતાની ફરજો બજાવવામાં પણુ આળસુઓને કંટાળો લાગે છે.

૩–આળસુઓના મનમાં મક્કમપણું હોતું નથી. તે પોતાના આળસને લીધે લાસરિયા બની જાય છે.

૪–આળસુઓની લાગણીઓ સુસ્ત થઇ જાય છે અને તેનું હૈયું કઠોર થઈ જાય છે.

૫–આળસુઓના અંતરમાં હમેશાં ઠંડી રહે છે. ઉમંગની ગરમી તેઓમાં આવતી નથી.

૬–આળસુઓના અંતરમાં વિષયોની વાસના બહુ હોય છે.

૭–આળસુઓ હમેશાં નિરાશ રહે છે.

૮–આળસુઓ પોતાની તંદુરસ્તી તથા વખતનો બહુ માઠો ઉપયોગ કરે છે.

ભાઈઓ! આ પ્રમાણે એક એક દુર્ગુણના પેટામાં બીજા ઘણાએ દુર્ગુણો રહેલા છે અને તે બધા દુર્ગુણો સત્સંગ વિના તથા ભગવદ્આશરાના બળ વિના થઈ શકે તેમ નથી; માટે સત્સંગ તથા આશારાનું બળ રાખતાં શીખો, ભગવદ્આશરાનું બળ રાખતાં શીખો.

૨૦૧–દિવસની સાઠ ઘડીમાંથી એક ઘડી પણ સુધરે તેમ કરો, નહિ તો માર્યા જઈશું

એક શેઠને સાઠ વહાણનો મોટો કાફલો હતો. તે વહાણ લઈને એ શેઠ પરદેશ વેપાર કરવા નીકળ્યો; પણ પોતે જરાક મોજીલો માણસ અને દરિયો તોફાની હતો, એટલે તેની બેદરકારીથી વહાણો ડૂબવા માંડયાં. એક વહાણ ડૂબ્યું ત્યારે જાણ્યું કે, એમાં શું? હજી તો આપણી પાસે બીજાં ઓગણસાઠ બાકી છે. થોડી વારમાં બીજું ડૂબ્યું, ત્યારે પણ એમજ ધાર્યું કે, હજી આપણી પાસે અઠ્ઠાવન વહાણ બાકી છે. એ પછી ત્રીજું ડૂબ્યું ત્યારે પણ એમજ દિલાસો લીધો કે, હજી શું ફિકર છે? મારી પાસે બીજાં સત્તાવન વહાણો બાકી છે. આવી રીતે ટપોટપ એક પછી એક વહાણ ડૂબતાં ચાલ્યાં; કારણ કે જયાં બેદરકારી હોય, જયાં 'હોતી હે' 'ચલતી હે' એમ હોય, જયાં પ્રભુને ભૂલી જઈને બધો કારભાર ચાલતો હોય અને જયાં કિસ્મત ફૂટયું હોય તથા દૈવ રૂઠયો હોય, ત્યાં પછી ખરાબી થઈ જતાં વાર શું? જોતજોતામાં ઓગણસાઠ વહાણ ડૂબી ગયાં. એ પછી શેઠસાહેબ જાગ્યા. તેમણે વિચાર્યું કે, જો હવે નહિ ચેતીએ તો આ છેવટનું એક વહાણ રહ્યું છે, તે પણ ડૂબી જશે અને સાથે મારા પણ બાર વાગી જશે. ઓગણસાઠ વહાણ ડૂબ્યાં, છતાં પણ હજી સુધી આ એક વહાણને આધારે હું સલામત રહી શકયો છું; પણ જો એ છેલ્લું વહાણ પણ ડૂબશે, તો પછી થઈ ચૂકયું! એ પછી બચવાનો કાંઇ પણ ઉપાય નથી, એમ ધારીને તે શેઠે પૂરી હોશિયારી રાખી અને

મદદ માટે દયાળુ પ્રભુની પ્રાર્થના કરી. તેની એક છેવટની પણ જિગરની પ્રાર્થના મંજૂર થઇ. પ્રભુએ કૃપા કરીને તેનું સાઠમું વહાણ બચાવ્યું, તેથી તે એ વહાણમાં બેસીને સહીસલામત પોતાને ઘેર પહોંચ્યો.

ભાઇઓ ! એ શેઠને જેમ સાઠ વહાણ હતાં, તેમ આપણને પણ યાદ રાખજો કે, દિવસની સાઠ ઘડી છે; પણ એ બધીએ ઘડી પ્રભુના ભજન વિના, સંતની સેવા વિના અને દુનિયાદારીના પરમાર્થ વિના ગુમાવી નાખીશું, તો પછી કયાંય આરો નથી. કદી ઓગણસાઠ ઘડી નકામી જાય ત્યાંસુધી પણ દયાળુ ઇશ્વર કૃપા કરીને નિભાવી લેશે; પણ જો બધીએ ઘડી બગડી, તેમાં એક પણ ઘડી ન સુધરી, તો પછી કાંઈ ઉપાય નથી.

પેલો શેઠિયો જ્યારે એક વહાણ ડૂબવાનું થાય, ત્યારે બીજા વહાણમાં બેસી જતો. એમ ઓગણસાઠ વહાણ સુધી ચાલ્યું; પણ કાંઇ છેલ્લા સાઠમા વહાણ વખતે એમ ચાલે નહિ, કારણ કે એ પછી કાંઇ બીજું વહાણ બેસવા માટે નહોતું; એટલે જો એ છેવટનું વહાણ પણ ડૂબી જાય, તો સાથે તે પોતે પણ સમુદ્રના તળિયામાં જઇને બેસે તેમ હતું. તેમજ આપણે પણ મોટા મળસકાનો વખત ગુમાવી નાખીએ છીએ. એ પછી સૂર્યનારાયણ ઉદય થાય તે વખત પણ ગુમાવી નાખીએ છીએ. એ પછી જમવાનો, એ પછી બપોરનો, એ પછી સવારનો, એ પછી સાંજનો, એ પછી સંધ્યાકાળનો અને એ પછી આગલી રાતનો વખત પણ ગુમાવી નાખીએ છીએ. છેવટ સૂવાના વખત સુધી પણ નિરાંતે બેસીને ઘડી અર્ધી ઘડી પણ નિખાલસ દિલે પ્રાર્થના કરી શકતા નથી અને સાઠે સાઠ ઘડી ફોગટની અધર્મમાંજ ગુમાવી નાખીએ છીએ. આનું પરિણામ તે ડૂબી ગયા વિના બીજું શું થશે ? માટે ભાઇઓ ! ચેતો, ચેતો અને દિવસની સાઠ ઘડીમાંથી આપણા આત્માના કલ્યાણ માટે કાંઈ નહિ તો છેવટે એક ઘડી પણ સુધરે તેમ કરો.

૨૦૨–પાઇની કોથમીર કે દોઢિયાનાં દાતણ જેટલી પણ ચોકસાઈ સાચા ગુરુને શોધવામાં કોઈ કરે છે ?

તમે શાકભાજી લેવા સારૂ બજારમાં તો ઘણીએ વાર ગયા હશો. ત્યાં દાતણવાળીઓ સાથે અને કોથમીર–મરચાંવાળીઓ સાથે જે ખેંચતાણ થાય છે, એ તમે ધ્યાન દઇને જોયું છે ? પાઇ-

ની કોથમીર સારૂ મોટા મોટા શેઠિયા જેવા દેખાતા ગૃહસ્થો ગરીબ ઘાટણો સાથે કેવી માથાફોડ કરે છે, એ શું તમે નથી જાણતા ? એક દોઢિયાનાં દાતણ લેવાં, તેમાં કેટલાં બદલે છે અને કેટલાં આઘાંપાછાં કરે છે, એ શું તમે નથી જોયું ? વળી એ દોઢિયાનાં દાતણમાં પણ એમ કે અમને તો બાવળનાં જોઇએ, અમને તો વડનાં જોઇએ, અમને તો ઝીલનાં જોઇએ, અમને તો બોરડીનાં જોઇએ અને અમને તો જાંબુનાં જોઇએ. દોઢિયાનાં દાતણ લેતાં આટલી બધી પંચાતી ? અને તેમાં પણ પાછાં જાડાં-પાતળાં તથા તાજાં ને વાસી તો જુદાં !

એવી એવી નાની નાની ચીજોમાં પણ એવી રીતે તજવીજ રાખવી એમાં કાંઈ ખોટું નથી; પણ જેમ એમાં તજવીજ રાખીએ છીએ, તેમજ બીજી સર્વ બાબતોમાં તજવીજ રાખીએ છીએ કે નહિ ? એ આપણે જોવું જોઇએ.

ભાઇઓ ! શાક લેવામાં તો જાણે આપણે ન ઠગાયા, પણ ગુરુ કરવામાં ઠગાઈ જઇએ છીએ, તેનું શું ધાર્યું ? આપણા બાપદાદાનો સનાતન આર્યધર્મ છોડીને ગમે તે બાવાસાધુની અને ગમે તે ભટજીમહારાજોની કંઠીઓ બાંધી લઇએ છીએ તથા ધર્મને નામે ચાલતાં ધતિંગોવાળા ગમે તે સમાજમાં દાખલ થઈ જઇએ છીએ, તેનું શું ધાર્યું ? એ વખતે આપણું જ્ઞાન ક્યાં જતું રહે છે ? પાઇની કોથમીર કે દોઢિયાનાં દાતણ લેતાં તો આપણામાં ઘણી હોશિયારી આવી જાય છે, પણ કોઈ લેભાગુને ગુરુ કરતી વખત આપણી એ હોશિયારી ક્યાં ચાલી જાય છે ? એ વિષે તમે કાંઈ પણ વિચાર્યું ?

કોથમીર થોડી મળી હશે અથવા વાસી હશે, તો કઢીમાં જરા ઓછી બાસ આવશે અને કોઇ ઝૂડીમાં દાતણ વાંકુંચૂકું આવી ગયું હશે, તો એ દાતણ કરતી વખત જરા વાર મજા નહિ પડે એટલીજ નુકસાની; પણ જો ગુરુ ખરાબ મળ્યા તો જિંદગીનો ફેરો માથે પડશે, એ કાંઇ ખબર છે ?

મહાન પ્રભુનો પવિત્ર રસ્તો દેખાડનારા, જન્મમરણના ફેરામાંથી છોડાવનારા અને આપણને હરિની હજૂરમાં લઇ જનારા શ્રીસદ્ગુરુઓ છે; માટે જેની તેની કંઠી બાંધી લેતાં પહેલાં અને જે તે સમાજમાં દાખલ થઈ જતાં પહેલાં આપણા સનાતન ઉત્તમ ધર્મ તરફ જોજો. આપણા પ્રાચીન ઋષિઓના ઊંડા જ્ઞાન તરફ

જોજો અને આપણા બાપદાદાઓની રૂડી નીતિ તરફ જોજો. એ બધું જોયા પછી જેમાં આપણા હાથપગ ન બંધાઇ જાય, એવો ઉદાર ધર્મ અને જે આપણને ફોગટની જાળમાં બાંધી ન રાખે, પણ આપણાં દુનિયાદારિનાં સુખોમાં તથા પ્રભુના સાચા રસ્તામાં મદદ કરે, તેવા પ્રભુમય થયેલા ગુરુને પસંદ કરજો, ભગવદ્આશરાના બળવાળા ગુરુને પસંદ કરજો અને ઉત્તમ આચરણવાળા ગુરુને પસંદ કરજો.

૨૦૩–આ જગતની મોજમજામાં માલ નથી

સાબુના ફીણમાં આકાશના રંગ દેખાય છે, પણ એ રંગ જેમ સાચા નથી, તેમ આ જગતની મોજમજા પણ સાચી નથી. એ સાબુના ફીણના રંગ જેવીજ છે.

ફળના આકારનાં, માટીનાં, લાકડાનાં કે પથ્થરનાં સુંદર રમકડાં જેમ ભૂખ મટાડી શકે નહિ; તેમજ મીઠા મીઠા લાગતા આ સંસારના માયિક પદાર્થથી પણ શાંતિ થઇ શકે તેમ નથી.

અગ્નિમાં ઘી હોમવાથી જેમ આગ બુઝાય નહિ, પણ ઊલટી વધતી જાય છે, તેમ આ સંસારનાં સુખ ભોગવવાથી પણ આપણને તૃપ્તિ થતી નથી, પણ ઊલટી રોજ રોજ આશાતૃષ્ણા ને હાયવોય વધતી જાય છે.

માછલું જેમ પાણી વિના તરફડે છે, તેમ આપણો આત્મા પણ પ્રભુ વિના તરફડે છે; છતાં પણ આપણે તેને આ દુનિયાદારીના મોહમાં ફસાવીને પ્રભુથી વિમુખ કરી નાખીએ છીએ.

જેને તાવ આવ્યો હોય, તેને પાણીની બહુ તરસ લાગે છે, પણ એ વખતે પાણી પીવાથી ઊલટી જેમ તરસ વધતી જાય છે; તેમજ જેમ જેમ આ સંસારનાં વધારે સુખો ભોગવીએ, તેમ તેમ એ સુખની તૃષ્ણા વધતી જાય છે.

સમુદ્રનું ખારું પાણી પીવાથી જેમ તરસ ન છીપે, તેમ આપણા વ્યવહારનાં ઘરસંસારનાં ગમે એટલાં સુખો ભોગવવાથી પણ કાંઇ શાંતિ મળી શકે તેમ નથી.

આપણાં અહીંનાં સુખો તે સ્વર્ગનાં સુખોની આગળ કાંટાની પથારી જેવાં છે; માટે છેવટ સુધી પણ એ કાંટાની પથારીમાંજ પડ્યું ન રહેવાય, એ સંભાળજો.

જેમ મીઠી નદીનું પાણી સમુદ્રમાં ભળવાથી ખારું થઈ જાય

છે, તેમ માયિક પદાર્થોના સુખની આસક્તિથી આત્માનું ઈશ્વરી આનંદનું અલૌકિક સુખ પણ ચાલ્યું જાય છે.

મચ્છીમાર માછલાંને પકડવા માટે કાંટો નાખે, તેમાં જેમ ખાવાના લોભને લીધે માછલું ફસાઇ જાય છે, તેમ આપણે પણ જરાક વારના સંસારી સુખમાં લોભાઇને અનંતકાળનો ઈશ્વરી આનંદ છોડી દઇએ છીએ.

કરોળિયો બહુ મહેનત કરીને તથા દિવસોના દિવસો ગાળીને જે જાળ બનાવે છે, તે જાળને જેમ ઝાડુ કાઢવાવાળી પા મિનિટમાં વાળી નાખે છે, તેમજ આપણે પણ આપણા કાળજાનું તત્ત્વ કાઢી કાઢીને અને લોહીનું પાણી કરી કરીને જે કાંઇ બનાવ્યું હોય, તેની ઉપર સહેજ વારમાં મોત પાણી ફેરવી દે છે.

આગિયો રાત્રિને વખતે ચળકે, દિવસે કાંઇ તેનો ચળકાટ દેખાય નહિ; તેમજ ખિતાબોવાળા અને મોટા લોકો આ દુનિયામાં જરાક વાર શોભે, પણ સ્વર્ગમાં–હરિની હજૂરમાં તેઓ કાંઈ શોભા આપતા નથી.

ભાઇઓ! આ બધા ઉપરથી સમજો કે, આપણાં અહીંના સુખો તે કાંઇ ખરાં સુખો નથી; માટે એમાંથી બની શકે એટલી આસક્તિ ઓછી કરીને જેમ પ્રભુમય થવાય તેમ કરો; કારણ કે આ દુનિયારૂપી મોટી ઇસ્પિતાલમાં દુઃખ, મંદવાડ અને મરણ તો આપણી જિંદગીની સાથેજ જોડાયેલાં છે; એટલે પ્રભુના ભજન વિના બીજું ખરું સુખ અહીં હોયજ ક્યાંથી? માટે જરાક વારના મોહમાં અતિશય નહિ ફસાઇ જતાં જેમ જિંદગીની સાર્થકતા થાય તેમ કરો; જેમ આત્મિક આનંદ ભોગવાય તેમ કરો અને જેમ પવિત્ર પિતા–મહાન ઈશ્વરનું આનંદદાયક સ્વરૂપ ઓળખાય તેમ કરો.

૨૦૪–માત્ર ધર્મની વાતો જાણવાથી કાંઈ ધર્મી ન થવાય

મુંબઈમાં જ્યારે ઈ. સ. ૧૮૯૬માં પહેલવહેલી મરકી શરુ થઇ, ત્યારે તેના ત્રાસથી ડરીને ઘણા લોકો પોતપોતાના દેશમાં ભાગી ગયા હતા; તેથી સારા સારા ગૃહસ્થોને પણ એ વખતે ભટ્ટ, ઘાટી અને ઘોડાવાળા મેળવતાં મુશ્કેલી પડતી હતી. વધારે પગાર આપતાં છતાં પણ રસોઇયા મળી શકતા નહોતા. એ વખતે કેટલીક શેઠાણીઓના કેવા બૂરા હાલ થયા હતા, એ

તમને ખબર છે? બહારગામ રહેવા ગયાં હોય ને જંગલમાં ઝૂંપડાં બાંધી રહ્યાં હોય, ત્યાં એક તો જગ્યાનું ઠેકાણું નહિ, જે વસ્તુ જોઇએ તે મળે નહિ અને ચાકરોની પણ મારામારી; પણ બીજો ઉપાય શું? એકને ઠેકાણે બે પૈસા ખર્ચતાં પણ માણસ ન મળે કે વસ્તુ ન મળે, તે લાવવી કયાંથી? પેટ કાંઈ કોઇને છોડે છે? જેમતેમ પણ ખાવાનું તો કાંઇક કરવુંજ જોઇએ. આપણા લોકોને બીજા કોઇના હાથનું ખપે નહિ, એ પણ મોટી પીડા; નહિ તો વળી કાંઇનો કાંઈક રસ્તો થાય.

એ વખતે લટકમટકવાળી ઘણીએ શેઠાણીઓ બિચારીઓ પંખો હલાવતી હલાવતી સગડીઓ પાસે બેસતી અને તેમનાં ફાંકડા વરો પોતાનાં ચશ્માં ને ઘડિયાળો બાજુએ મૂકી તેમને મદદ કરવા હાથમાં પાકશાસ્ત્રની ચોપડી લઇને બેસતા હતા. ચોપડીમાં મગની દાળનાં ભજિયાં બનાવવા માટે લખ્યું હોય કે, અર્ધો શેર દાળ લેવી, તેને ચાર કલાક પાણીમાં ભીંજાવવી. પછી તેને ધોઇને વાટવી; ત્યાર બાદ તેમાં મીઠું તોલો ૧, હિંગ વાલ ૨, ધાણાજીરાનો સંભાર તોલા ૪, આંબલી તોલા ૪, ગોળ તોલા ૨, હળદર તોલો ૦।।, કોથમીર તોલા ૨, આદુ તોલા ૨, મરચાં લીલાં તોલા ૪, નારિયેળનું ખમણ તોલા ૫, ગરમ મસાલો તોલો ૧, એ સર્વ વાનાં નાખવાં અને તેમાં ત્રણ તોલા મોણ નાખવું; પછી તેમાં પાણી શેર ૦। નાખી ખૂબ હલાવવું અને તેલ કડકડતું થાય ત્યારે તેમાં એ દાળનાં ફૂલવડાં મૂકવાં.

શેઠ એ પ્રમાણે વાંચવા લાગ્યા અને શેઠાણી જુદા જુદા ડાબલા ખોલવા લાગ્યાં. સૂકો મસાલો બધો તૈયાર હતો, પણ હવે તેને જોખવો કેવી રીતે? એ જંગલનાં ઝૂંપડાંઓમાં કાંટો ને તોલાં કયાંથી કાઢવાં? શેઠ અટકળ કરવા લાગ્યા, પણ એવી અટકળ આવડે કયાંથી? મીઠું બે તોલાને બદલે ચાર તોલા લીધું, હીંગ બે વાલને બદલે પા તોલો લીધી. પાણી પાશેરને બદલે નવટાંક નાખ્યું. મોણ નાખવું ભૂલી ગયા; નારિયેળ ખમણવાની ખમણી મળી નહિ, કોથમીરમરચાંના વાંધા અને તેલ હજી જરાકજ ગરમ થયું હતું, ત્યાં શેઠાણી કડાઇમાં ભજિયાં મૂકવા લાગ્યાં; તેથી જરા વારમાં કડાઇ ફીણથી ભરાઈ ગઈ. ભજિયાં બરાબર તળાયાં છે કે કાચાં છે, તે કાંઇ દેખાય નહિ. હવે ફીણ કેમ મટાડવું તે શેઠશેઠાણીને મન મોટી પંચાતી થઇ પડી. રામો ઘાટી દૂર ઊભો

ઊભો આ બધું ફારસ જોયા કરતો હતો. તેણે કહ્યું કે, "શેઠ! એ તેલમાં લીંબુ નાખો એટલે ફીણ મટી જશે." શેઠ તો મિજાજના કડક હતા; એ કાંઇ રામાની શિખામણ માને તેવા નહોતા; પણ અત્યારે કોણ જાણે કેવું ચોઘડિયું હશે કે ઝટ લઇને રામાની વાત માની લીધી; તેથી ઊઠીને શાકભાજીની ટોપલીમાંથી લીંબુ લઇ ખીસામાંથી ચાકુ કાઢી તેનાં બે ફાડચાં કર્યાં અને શેઠાણી કડાઇમાં મોઢું ઘાલીને ભજિયાં તપાસતાં હતાં, એટલામાં શેઠે જરા વાંકા વળી કડાઇમાં ખૂબ લીંબુનો રસ નીચોવ્યો. આકરા થયેલા તેલમાં લીંબુનો રસ પડ્યો કે તુરત કડકડ અવાજ થઇને તેલના છાંટા બહાર ઊડવા લાગ્યા ને પાંચસાત છાંટા શેઠાણી-ના મોઢા ઉપર પડ્યા. પછી જોઇ લો મજા! ભજિયાં ભજિયાંને ઠેકાણે રહ્યાં ને વચમાં નાનુંસરખું હુલ્લડ થઈ પડ્યું. શેઠાણી તો રડમસ જેવી થઇને આંખો ચોળતી ચોળતી ત્યાંથી ઊઠી ગઈ ને બીજા ઓરડામાં જઇ અરીસામાં પોતાનું મોઢું જોવા લાગી અને શેઠને તથા ઘાટીને અને ભાગી ગયેલા ભટ્ટને પુષ્પાંજલિ આપવા લાગી. શેઠ એ વખતે તવા ઉપર બેઠા. થોડાં ભજિયાં ઉતાર્યાં, પણ કોની તાકાત કે ખાઇ શકાય? અર્ધાં કાચાં ને ખારાં ઊસ જેવાં, એ ગળે કેમ ઊતરે?

ભાઇઓ! જાતઅનુભવ વિના પાકશાસ્ત્રની ચોપડીઓથી જેમ રસોઇ સારી થાય નહિ, તેમજ આપણાં આચરણો સુધર્યા વિના ધર્મની વાતો કરવાથી કાંઇ કલ્યાણ થાય નહિ. ડાહી ડાહી વાતો કરતાં આપણને સૌને આવડે છે, પણ એમાંથી કેટલું પાળી શકીએ છીએ, એ તો વિચાર કરો! જ્યાંસુધી આપણે આપણી દુનિયાદારીની ફરજ બરોબર રીતે બજાવીએ નહિ, જ્યાંસુધી ધર્મના નિયમો બરાબર પાળીએ નહિ, જ્યાંસુધી અંતરમાંથી સૌ સાથે ભલાઈ રાખીએ નહિ અને જ્યાંસુધી મહાન પ્રભુને ખાતર બની શકે તે પ્રમાણે યથાશક્તિ સાત્ત્વિક ત્યાગ કરીએ નહિ, ત્યાંસુધી માત્ર ધર્મની લૂખી વાતો કરવાથી કાંઈ વળે નહિ. આપણે પોતે જાતે ભલા થયા વિના ધર્મની જે કાંઇ ઉપરછલ્લી વાતો કરવી, તે એ શેઠશેઠાણીનાં ભજિયાં જેવી સમજવી. એ ભજિયાંથી જેમ તેમનું પેટ ભરાયું નહિ, તેમ આપણી બહારની વાતોથી પણ આપણે કોઇ અંતરની શાંતિ મેળવી શકીએ નહિ, માટે ભાઇઓ! પ્રભુને ખાતર આપણાં આચરણો સુધરે તેમ કરો! આપણી જિંદગી સુધરે તેમ કરો!!

૨૦૫–ઈશ્વરી માર્ગ કાંઈ ગરીબો અને તવંગરોને માટે જુદો જુદો નથી

રાજકુમાર કોલેજમાં એક રાજાનો માનીતો કુંવર ભણતો હતો. એ કુંવર ભૂગોળ, ઇતિહાસ, વાચન વગેરે બાબતમાં હોશિયાર હતો; પણ ગણિતના વિષયમાં તે મૂંઝાતો, ભૂમિતિના સિદ્ધાંતોમાં તો તે વારે વારે નાપાસ થતો હતો; તેથી તે રાજકુમારના પિતા મહારાજા સાહેબે ભૂમિતિના હોશિયારમાં હોશિયાર પ્રોફેસરને પોતાની હજૂરમાં બોલાવ્યો અને તેને કહ્યું કે, "તમારી મરજી પડે તે ઇનામ લો; પણ મારા કુંવરને સહેલામાં સહેલી રીતે ભૂમિતિ શીખવો." ત્યારે પ્રોફેસર કહ્યું કે, "સાહેબ! એને માટે કોઇ રાજમાર્ગ નથી. એ તો જેમ ગરીબોના છોકરાઓ ગોખી ગોખીને ભેજાંનું દહીં કરીને શીખે છે, તેમજ કુમાર સાહેબે પણ શીખવું જોઇએ. આપની ગાડીઓ દોડાવવા માટે જુદા જુદા રસ્તાઓ હોઇ શકે, આપને માટે સ્પેશિયલ ટ્રેનો ને ખાસ બલૂનો હોઇ શકે, આપને માટે ખાસ હોટેલો તથા ખાસ કલબો હોઇ શકે અને આપને માટે ખાસ ફરનિચર, ખાસ મોજશોખની વસ્તુઓ તથા કેટલાક ખાસ હકો હોઇ શકે; પણ કાંઈ વિદ્યાના નિયમો જુદા હોય નહિ. એ તો જેમ ગરીબના છોકરા એકડે એક ને કક્કો કેવડો ગોખે, તેમજ રાજકુમારોએ પણ ગોખવું જોઇએ. એ બાબતમાં કાંઇ થઈ શકે તેમ નથી, કારણ કે એમાં બીજો કોઇ સહેલો રસ્તો નથી; માટે હવે પછી અભ્યાસમાં કુમાર સાહેબ વધારે ધ્યાન આપે એવી તાકીદ કરવાની આપ મહેરબાની કરો, એટલે થોડા વખતમાં આવડી જશે. એમાં કાંઇ મોટી વાત નથી."

ભાઇઓ! સમજ્યા કે? જેમ ભૂમિતિ શીખવાને માટે બીજો રાજમાર્ગ નથી, તેમજ ભક્તિને માટે પણ બીજો કોઈ રાજમાર્ગ નથી. પ્રભુના મંદિરમાં જેમ ગરીબો માથાં નમાવે છે, તેમજ શ્રીમંતોએ ને રાજાઓએ પણ તેની હજૂરમાં નમવું જોઇએ. ગરીબો જેમ તીર્થો કરે છે, ભગવત્કથા સાંભળે છે, આડોશીપાડોશીનું કાંઈ કામકાજ કરી આપે છે અને મહાન પ્રભુને અર્થે કેટલાંક વ્રતો તથા કેટલીક જાતના ત્યાગ પાળે છે, તેમજ શ્રીમંતો તથા રાજાઓએ પણ પોતાની સ્થિતિના પ્રમાણમાં કરવું જોઇએ. પરમકૃપાળુ દેવાધિદેવ સર્વવ્યાપક જગત્પાલક પવિત્ર પિતાને અર્થે જે

કરવાનું છે, તેમાં કોઇએ જરા પણ શરમાવું જોઇએ નહિ; કારણ કે શાસ્ત્રધર્મમાં જે જે નિયમો બતાવેલા છે, તે-સિવાય પ્રભુને પામવાનો શ્રીમંતોને માટે બીજો કોઇ ખાસ માર્ગ નથી, એમ હાલના વખતના રાજારજવાડાંએ, કારભારીઓએ તથા નવયુવાન શેઠિયાઓએ જાણવું જોઇએ. એ જાણ્યા પછી પોતાના પોઝિશનને ખાતર ધર્મનો રસ્તો છોડી દે એ જુદી વાત છે, પણ ઈશ્વરી માર્ગ સૌને માટે એકસરખો છે અને પ્રભુને ત્યાં કાંઇ પોઝિશન જોવાતું નથી, એમ આપણે આપણા આત્માના કલ્યાણને માટે સમજીએ તો ઘણું છે.

૨૦૬–નાક વિનાની સ્ત્રી જેમ શોભતી નથી, તેમ પ્રભુભક્તિ વિનાનું જ્ઞાન પણ શોભતું નથી

હરિજનો કહે છે કે, શાકમાં મસાલો ઘણો હોય પણ મીઠું ભૂલી ગયા હોઇએ, તે શાક જેમ ખાતી વખતે ફિક્કુંફસ લાગે, તેમજ પ્રભુની ભક્તિ વિનાનું જે ડહાપણ છે, તે પણ એવુંજ છે.

ઘરેણાં ઘણાં પહેર્યાં હોય પણ લૂગડાં ન પહેર્યાં હોય, એ સ્ત્રી જેમ શોભે નહિ, તેમજ પ્રભુપ્રેમ વિનાની જે બાબતો છે, તેને પણ તેવીજ સમજવી; કારણ કે રૂપ, ગુણ, ધન, વિદ્યા, અધિકાર અને સંસારનાં અનેક પ્રકારનાં સુખો એ બધું પ્રભુની કૃપાનુંજ ફળ છે અને તે પ્રભુપ્રેમથીજ શોભે છે. જો આપણામાં પ્રભુપ્રેમ ન હોય, તો એ બધું ઊલટું અડચણકારક, પાપના માર્ગમાં લઇ જનાર અને અંતે નરકમાં નાખનાર થાય છે; પણ જો આપણામાં પ્રભુપ્રેમ હોય, તો એ બધી વસ્તુઓ સોનાની સાથે હીરો જડાયો હોય તેવી શોભાયમાન અને કીમતી થઇ પડે છે; કેમકે પ્રભુના પવિત્ર નામરૂપી સારા હીરાની સાથે જ્યારે સદ્ગુણોરૂપી સોનું મળે, ત્યારે એની ભભક કાંઈ ખાસ ઓરજ તરેહની થાય છે. કારણ કે પ્રભુપ્રેમને લીધે રૂપ, ગુણ, ધન, તંદુરસ્તી, સત્તા વગેરે હરેક વસ્તુ પ્રભુને અર્થે જગતની સેવામાં લાગી જાય છે અને સેવાનો પ્રતાપ એવો છે કે, લોઢાનું પણ સોનું કરી નાખે છે. સેવા નાના ગુણોને પણ મોટા કરી દેખાડે છે. સેવા તણખલાંનો પણ મેરુ કરી દે છે અને સેવા માયામાં ફસાયેલા જીવોને પ્રભુ તરફ લઇ જાય છે. ભાઇઓ! આ બધું અને એ કરતાં પણ ઘણું વધારે ભગવત્સેવામાંથી થાય છે અને સેવા પ્રભુપ્રેમમાંથી પેદા થાય

છે; માટેજ ભક્તો કહે છે કે, રૂપ હોય છતાં પણ જેમ નકટી બાયડી શોભે નહિ, તેમજ પ્રભુપ્રેમ વિના, ઈશ્વરભક્તિ વિના આપણું બહારનું બીજું લૂખું જ્ઞાન પણ શોભતું નથી, માટે એ આપણા બહારના જ્ઞાનને વધારે ઉપયોગી કરવા સારૂ જેમ બને તેમ સર્વશક્તિમાન, સર્વાધાર, સકળ વિશ્વના સ્વામી, સદાય મહામંગળકારી, અખંડ સચ્ચિદાનંદનો પ્રેમ વધે તેમ કરો.

૨૦૭–ઈશ્વરની હજૂરમાં જાતભાત નહિ પણ પ્રભુપ્રેમજ જોવામાં આવે છે

અહીં આપણને નાતના ને જાતના સેંકડો વાંધાઓ નડે છે, અહીં આપણને દેશના ને કાળના બહુ વાંધા નડે છે અને અહીં આપણને ઊંચનીચની તથા નાનામોટાની બહુ પંચાતી પડે છે; પણ પ્રભુને ત્યાં એ કાંઇ જોવાતું નથી. ત્યાં તો માત્ર આપણો આત્મિક પ્રેમજ જોવાય છે, ત્યાં તો માત્ર અંતઃકરણની શુદ્ધિજ જોવાય છે, ત્યાં તો મનની શુભેચ્છાજ જોવાય છે અને ત્યાં તો માત્ર પ્રભુને ખાતર જે કાંઈ જગતની સેવા કરી હોય તેજ જોવાય છે. ત્યાં હિંદુ કે મુસલમાન જોવાતા નથી, ત્યાં બૌદ્ધ કે ક્રિશ્ચિયન જોવાતા નથી, ત્યાં જરથોસ્તી કે યહૂદી જોવાતા નથી અને ત્યાં કાંઇ બ્રાહ્મણ કે જૈન જોવાતા નથી; પણ ત્યાં તો પ્રભુપ્રેમજ જોવાય છે. આ દુનિયામાં પ્રભુના હુકમો આપણે કેવી રીતે પાળેલા છે, એજ ત્યાં જોવાય છે. આ બાબત કાંઈ નવી નથી. આપણાં શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે તેના દાખલાઓ છે. પુરાણોમાં લખેલું છે કે, વિદુરજી દાસીપુત્ર હતા, ઉગ્રસેન પુરુષાર્થ વિનાના હતા, કુબ્જા રૂપ વિનાની હતી, સુદામા ધન વિનાના હતા અને ભીલડી જ્ઞાન વિનાની હતી; છતાં પણ પ્રભુપ્રેમથીજ તે સર્વે તરી ગયેલાં છે. વ્રજની ગોપીઓ કાંઇ યોગ સાધવા ગુફાઓમાં ગઇ નહોતી. વાલ્મીકિએ કાંઇ હિંસા કરવામાં બાકી રાખી નહોતી અને બિલ્વમંગળે ભક્ત થયા પહેલાં અનીતિમય જિંદગી ગુજારતાં કાંઈ પાછું વળીને જોયું નહોતું; છતાં પણ તેઓ બધા પ્રભુપ્રેમથી ને સાચા પશ્ચાત્તાપથી તરી ગયા છે; માટે બહારના ડોળદિમાકમાં, ઉપલક વિવેકના ઠાઠમાઠમાં અને ખાટૂતી ઊંચનીચપણામાંજ નહિ રહી જતાં, જેમ બને તેમ અંતરમાંથી ચોખ્ખા થઇ જાઓ અને હૃદયમાં ભગવદાવેશ ભરાય તેમ કરો; કારણ કે ભક્તોએ એમ કહેલું છે કે:

"હરિભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાયે."
અને એમ પણ કહેલું છે કે:

જાત ભાત તો કાંઇ નવ જાણી,
હરિ ભજે તે હરિ સરખો પ્રાણી.

ભાઇઓ! આપણાં પવિત્ર શાસ્ત્રોનો હુકમ અને મહાત્માઓનો ઉપદેશ તો એ પ્રમાણે છે; પછી તમારી મરજી પડે તેમ કરો; પણ એટલું યાદ રાખજો કે, હુકમ પ્રથમ હોય છે અને અદબ પછી હોય છે. અદબ કરતાં હુકમ ચડે છે. આપણા જાતિભેદના ઊંચનીચપણાના બહારના નિયમો તે અદબ છે અને પ્રભુ ઉપરનો પ્રેમ એ હુકમ છે. માટે અદબને ખાતર સમર્થમાં સમર્થ, કાળના પણ કાળ અને ભયના પણ ભય, મહાન ઈશ્વરનો હુકમ ન તોડાય એ આપણે આપણા આત્માના કલ્યાણને અર્થે પૂરતી રીતે સંભાળવું જોઇએ.

૨૦૮—જનાવરો અને બચ્ચાંઓ પણ આપણું મન સમજી જાય છે, તો સર્વજ્ઞ પ્રભુ કેમ નહિ સમજી જાય?

ચતુર માણસો એકબીજાનું મન સમજી લે એમાં તો કાંઈ નવાઇ નથી; પણ નાનાં બચ્ચાંઓ પણ માણસોનું મન સમજી જાય છે. જે છોકરાં ઘોડિયામાં હીંચતાં હોય છે અને જે છોકરાંઓ માના ખોળામાં પડ્યાં પડ્યાં ઝીણું ઝીણું હસતાં હોય છે, તે દૂધમલ બાળકો પણ માનો ગુસ્સો ને માનો પ્રેમ સમજી જાય છે. એવાં નાનાં બચ્ચાંઓ પણ આ માણસ મને પ્રેમથી તેડે છે કે મન વિના તેડે છે, તે સમજી જાય છે. બચ્ચાંઓ સમજી જાય છે એમજ નહિ, પણ ઘોડાં, ગધેડાં ને કૂતરાં—બિલાડાં પણ આપણું મન સમજી જાય છે. વારે વારે ખોટું ખોટું તૂતૂ કર્યા કરીએ તો કૂતરું પણ આપણી પાસે આવતું નથી, ગધેડાં પણ પોતાના ધણીને ઓળખી લે છે અને આ મને ચારો ખવરાવવા લઇ જાય છે કે ભાર ભરવા લઈ જાય છે, તે સમજી જાય છે. આવી રીતે માણસો, બચ્ચાંઓ અને જાનવરો પણ જ્યારે આપણું મન સમજી જાય છે, ત્યારે અનંત બ્રહ્માંડોનો નાથ, સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વજ્ઞ પરમાત્મા આપણું મન કેમ નહિ જાણી લે? યાદ રાખજો કે, તે સર્વવ્યાપક સર્વશક્તિમાન પિતાથી આપણે કાંઇ પણ છૂપું રાખી શકીએ તેમ નથી. આપણે આપણાં ભાઇબહેનો સાથે લડાઇટંટા કરીને મોઢું ચડાવીએ, ધર્મના કામમાં

ભાગતી વાત કરીએ,હરિજનોનો દ્વેષ કરીએ, માયાનાં ઘડીક વારનાં ખોટાં સુખડાંથી ફુલાઇ જઇએ અને વાતવાતમાં ચહેરો બગાડીએ, એ બધાંના ફોટોગ્રાફ ચિત્રગુપ્ત લઇ લે છે. આપણે એકાંતમાં બેઠા બેઠા જે બૂરા વિચાર કરીએ છીએ ને મનમાં ખોટા ખોટા ઘાટ ઘડીએ છીએ, તે કાંઈ પ્રભુથી છૂપું નથી. અંદરથી મેલામાં મેલા રહેવાને અને બહારથી સારામાં સારા દેખાવા માટે આપણા વિચારો છુપાવવાની તો આપણે ઘણીએ કોશિશ કરીએ છીએ; પણ યાદ રાખજો કે, તે પ્રભુથી કોઈ પણ રીતે છુપાવી શકાય તેમ નથી. આપણે જંગલમાં એકાંતમાં જઇને, ઘરના ખૂણામાં બેસીને અને રાત્રે પથારીમાં પડયા પડયા એકલા એકલા ખાનગીમાં જે જે વિચારો કરીએ છીએ, તે પણ પ્રભુના દફતરમાં નોંધાઈ જાય છે; કારણ કે પ્રભુ સર્વશક્તિમાન છે, સર્વવ્યાપક છે અને સર્વને જાણનાર છે, એટલે તેનાથી છુપાવી શકાય તેવું કાંઇ પણ નથી. માટે બહેતર તો એજ છે કે, દુષ્ટ વાસનાઓ કે જે આજ દિવસ સુધી હજી પણ આપણા મનમાં ભરેલી છે, તેને મહાન પ્રભુના પવિત્ર નામના બળથી કાઢી મૂકી ચોખ્ખા બની જવું અને જેમ બને તેમ સુખદુઃખમાં સમાન વૃત્તિ રાખી શાંતિથી રહી શકાય તેમ કરવું; કારણ કે મનની શાંતિ વિના ઈશ્વરનું સ્વરૂપ ઓળખી શકાતું નથી અને દુનિયાદારીનો મોહ ઓછો થયા વિના, વાસનાઓને રોકયા વિના, મન શાંત થઇ શકતું નથી; માટે પ્રભુ આપણું મને ઓળખી લે છે, એમ જાણીને તેની શિક્ષામાંથી બચવા સારૂ તથા તેના સ્વરૂપનો આનંદ લૂંટવા સારૂ પ્રભુમાં લાગ્યા રહો! ભાઇઓ! પ્રભુમાં લાગ્યા રહો!!

૨૦૯—આણું વાળવા ગયા અને વહુને ભૂલી આવ્યા

એક ભોળો ભરવાડ પોતાની વહુને તેડવા માટે સાસરે ગયો; પણ સાસરાનું ગામ જરા ગમતીલું હતું, તેથી તે ત્યાં રતમગમતમાં પડી ગયો અને વહુને તેડી જવાનું ભૂલી ગયો. એ પછી થોડા દિવસમાં ઘેરથી ખેપિયો આવ્યો કે, “ચાલો, બહુ દહાડા થઇ ગયા. હવે બાપા બોલાવે છે.” એ વખતે તે ભરવાડને યાદ આવ્યું કે, હું વહુને તેડવા આવ્યો હતો, પણ એ તો વાતજ ભૂલી ગયો છું. અરેરે! મારા જેવો તે કોઇ મૂર્ખ! હવે હું શું કરીશ? એમ વિચારીને તેણે પોતાનાં સાસરિયાંને કહ્યું કે,

" મારી વહુને મોકલો." ત્યારે તેઓએ કહ્યું કે, " આટલા બધા દિવસ થયા અહીં હતા, ત્યારે તો કાંઇ બોલ્યા નહિ ને હવે જતી વખત કહો છો કે, વહુને મોકલો! એમ કંઇ વહુને મોકલાય નહિ. વહુને આણું વળાવવાની રીત કાંઈ આવી ન હોય; એને માટે તો પહેલેથીજ તૈયારી કરવી જોઇએ, જતી વખતે કહો તેમાં શું વળે? માટે હવે તો બીજી વખત પાછા આવો ત્યારે વાત. હમણાં તો જેમ આવ્યા છો તેમ પધારો."

આ સાંભળીને ભરવાડ બિચારો બહુ મૂંઝાયો; પણ શું કરે? ઘણુંએ મનમાં એમ થાય કે, હજી થોડાક દિવસ રોકાઇને વહુને તેડી જાઉં; પણ રોકાય ક્યાંથી? મોટા બાપાનો જહાંગીરી હુકમ લાવવાવાળો ખેપિયો કાંઈ તેડી ગયા વિના પાછો ફરે તેમ નહોતો; તેથી વહુને મૂકીને એકલા ખાલી હાથે એ ખેપિયા સાથે પાછું જવું પડયું.

ઘેર ગયો ત્યારે સૌ પૂછવા લાગ્યાં કે, " વહુ ક્યાં ? " ત્યારે તેણે કહ્યું કે, " હું મોજશોખમાં પડી ગયો, તેથી આણું વાળવાની વાત તો હું ભૂલી ગયો." એ સાંભળીને સૌ હસવા લાગ્યાં ને કહેવા લાગ્યાં કે, " જુઓ જુઓ ! આવા પણ મૂર્ખા દુનિયામાં છે, કે જે આણું વાળવા જાય અને વહુને ભૂલી આવે ! ધન્ય છે બાપા ! તને ધન્ય છે ! તું તો તુંજ છે ! તારા જેવો નમૂનો બીજો કોઇ મળી શકે તેમ નથી."

ભાઇઓ ! આપણને ઘડીક સુધી આ વાત માનવામાં નહિ આવે અને એમ લાગશે કે, અરે ! ક્યાંય એવું તે હોય, કે આણું વાળવા જાય અને વહુને ભૂલી આવે ? પણ આપણે જ્યારે એમ જાણીશું કે, આ સાચે સાચી બનેલી વાત છે, ત્યારે આપણે કાંઇ એ ભરવાડને ગધેડો કહ્યા વિના રહીશું કે ? અને આપણા મોઢાનો એ ખિતાબ પાછો આપણનેજ મળશે હો, એ યાદ રાખજો. તમે કહેશો કે, એ કેવી રીતે ? તો સાંભળો.

એ ભરવાડ તે આપણો જીવ છે. તે જીવરૂપી ધણી ધર્મરૂપી ધણિયાણીને તેડવા માટે આ દુનિયારૂપી સાસરામાં આવેલો છે; પણ આ દુનિયા બહુ મોહથી ભરેલી છે, તેથી જીવ તેના મોજશોખમાં લપટાઇ જાય છે, એટલે ધર્મરૂપી ધણિયાણીને લેવાનું ભૂલી જાય છે. એ પછી મોટા બાપાનો ખેપિયો એટલે પ્રભુના જમદૂતો તેડવા આવે છે, ત્યારે મરણ વખતે મનમાં એમ થાય

છે કે, કાંઇક ધર્મ કરી લઉં તો સારૂં; પણ એ વખતે બાજી હાથમાં રહેતી નથી, તેથી કાંઈ બની શકતું નથી અને ખાલી હાથે બાપને ઘેર કે પ્રભુની હજૂરમાં જવું પડે છે. એ પછી તો જ્યારે પાછો બીજો ફેરો ખાઇએ, ત્યારેજ વહુ મળી શકે છે; એટલે કે ફરી અવતાર લઇએ ત્યારેજ ધર્મ સાધી શકાય છે, બાકી તો જેમ એ ભરવાડની સૌ મશ્કરી કરતા હતા, તેમ આપણે પણ જ્યાંસુધી ધર્મરૂપી વહુને તેડી ન જઇએ, ત્યાંસુધી તો નક્કિ જમના મારજ ખાવાના.

કેમ ભાઇઓ ! આણું વાળવા ગયા અને વહુને ભૂલી આવ્યા, એ વાત સાચી કે ખોટી? અને તે ભૂલનાર આપણે પોતેજ કે બીજો કોઈ? હવે કહો કે, પેલા ભરવાડને આપણે જે ખિતાબ આપ્યો હતો, તે પાછો કોને મળશે? એવો ખિતાબ આપણે ન લેવો પડે અને ફરી ફેરો ન ખાવો પડે, માટે ધર્મ કરો, ધર્મ કરો અને પરમકૃપાળુ મહામંગળકારી અનંત બ્રહ્માંડના નાથના શાંતિદાયક નામનું પૂર્ણ પ્રેમથી સદાય સ્મરણ કરો; પણ યાદ રાખજો કે, બધું ભક્તિથી બની શકે છે, માટેજ હરિજનો ગાય છે કેઃ

પદ

જો તું પુરાણ પઢે રે અઢારા, જો તું શીખે સુણે વારંવારા;
જો તું વેદ ભણે રે મુખ ચારાઃ જો તું ઉપનિષદને ગાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૧
જો તું ભગવાં કરે બ્રહ્મચારી, જો તું નિકટ ન લાવે નારી;
જો તું દૂધ પીએ દૂધાધારીઃ જો તું સંસારસુખને ગુમાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૨
જો તું જળ સિંચે શિવલિંગા, જો તું પુષ્પ ચડાવે બહુરંગા;
જો તું ચંદન લેપે અંગાઃ જો તું કરથી તાલ બજાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૩
જો તું મૌન ગ્રહે રે મુનિ, જો તું જગ્યા પકડે રે સૂની;
જો તું અજબ લગાવે રે ધૂનીઃ જો તું સાન કરી સમજાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૪
જો તું બહુ પાળે રે આચારા, જો તું જગથી રહે રે ન્યારા;
જો તું ભોજન કરે એકવારાઃ જો તું દિનમાં દશવાર નાહાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૫
જો તું કરવત લેવે કાશી, જો તું જગમાં લેવે શાબાશી;

જો તું સદા રહે ઉપવાશીઃ જો તું ચૌદ સભાને સમજાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૬
જો તું દેવલ બંધાવે ઠાઠા, જો તું સરોવર બંધાવે ખાસાં;
જો તું પરવ મંડાવે ઘાટાઃ જો તું વનમાં વાવ ખોદાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૭
જો તું ધ્યાન ધરે લક્ષ ભોલા, જો તું કંચન કરે એક તોલા;
જો તું દ્રવ્ય લૂંટાવે રે બહોળાઃ જો તું બાંધી બેડી છોડાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૮
જો તું જટા વધારે શીર્ષા, જો તું કષ્ટ લગાવે રે નિશા;
જો તું સાખ પુરાણુને લેવેઃ જો તું વાઘાંબરને બિછાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૯
જો તું કાન ફાડી ચકર ડાલે, જો તું તીર્થ ભટકે રે બહારે;
જો તું તુંબી લંગોટી વાળેઃ જો તું તડ તુંબડને બજાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૧૦
જો તું દાન દેવે ગવરીકો, જો તું હવાડો ભરાવે ઘી કો;
જો તું કૂપ ખોદાવે નીકોઃ જો તું ખોબલે ખાંડ પિરસાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૧૧
એ તો કહત કબીર જન સોહી, જેને ગુરુગમ પૂરણુ હોઇ;
જન ભક્તિ કરે નર સોહીઃ જો તું પાંચ પકડી ઘેર લાવે,
તોય ભક્તિતુલ્ય નહિ આવે. ૧૨

૨૧૦–આપણો આત્મા પ્રભુને માટે તલપી રહ્યો છે, તે બીજી ચીજોથી કેમ રાજી થઇ શકશે?

૩ × ૫

જે વખતે જેને જે ચીજની જરૂર હોય તે વખતે તેને તે ચીજ મળે તો આનંદ થાય છે; પણ જે ચીજની જરૂર હોય તેને બદલે બીજી ચીજ મળે, તો તે શું કામની.? આપણુને જ્યારે બહુજ ભૂખ લાગી હોય, ત્યારે કોઈ આપણી પાસે પાણીનો ઘડો ભરીને મૂકે, તો તેથી ભૂખ કેમ મટે? તેમજ કોઇ મુસાફરને બહુ તરસ લાગી હોય તેની પાસે મીઠાઈના ખૂમચા ભરી મૂકીએ, તોપણ તેથી તેની તરસ કેમ છીપે? આપણુને બત્તી સારૂ ઘાસલેટ જોઇતું હોય અને તેને બદલે કોઇ સાહીની બાટલી આપી જાય, તો તે એ વખતે શું કામની? આપણુને કાંટાવાળી

જગ્યામાં જવું હોય, તેથી પહેરવા પગરખાં જોઈતાં હોય, તેને બદલે કોઈ કહે કે, આ મારું ઘડિયાળ લેતા જાઓ; તો તે શું કામનું ? અને આપણને તલવાર જોઇતી હોય, એ વખતે તેને બદલે કોઇ સીસાપેન આપે, તો એથી આપણે કેવી રીતે ખુશી થઇએ ? તેમજ આપણા આત્માને પરમાત્માની ભૂખ લાગે છે, તે પ્રભુને જાણવા ઇચ્છે છે અને પ્રભુમય થવા તલપે છે, તેને બદલે તેને સુખી કરવાના ઈરાદાથી આપણે તેને નાટકોમાં લઈ જઇએ છીએ, સરકસોમાં લઈ જઇએ છીએ, વરઘોડામાં ફેરવીએ છીએ, મેળાઓમાં નવી નવી વસ્તુઓ દેખાડીએ છીએ, કમાણીની મિજબાનીઓમાં લઇ જઇએ છીએ, લાલચો આપીએ છીએ, બાયડીછોકરાંઓનો સ્નેહ દેખાડીએ છીએ અને તીખાંતમતમતાં ભોજનો જમાડીએ છીએ; પણ એ એકે વાતથી તેને તૃપ્તિ થતી નથી, એ એકે ચીજથી તેને આનંદ થતો નથી; કારણ કે તેને તો માત્ર એક અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપ, અનંત બ્રહ્માંડના નાથ, પરમ કૃપાળુ પરમાત્માનીજ ભૂખ લાગેલી છે; એ સાચી ચીજ આપણે તેને આપતા નથી અને બીજી આડી વસ્તુઓ–ખોટાં ખોટાં રમકડાં બતાવ્યા કરીએ છીએ, એટલે એવાં ખોટાં રમકડાંથી તે કેવી રીતે ખુશી થઇ શકે ? માટે ભાઇઓ ! આપણો પવિત્ર આત્મા જેને મળવા માટે તલપી રહ્યો છે, તે મહાન પ્રભુનો રસ્તો ખુલ્લો કરો ! પ્રભુનો રસ્તો ખુલ્લો કરો ! મતલબ કે, ધર્મનાં કામો કરો, એટલે આત્મા પ્રભુમયજ બની જશે અને શાંતિ પામશે. એમ થવા માટે આપણે હમેશાં એવીજ ભાવના રાખવી જોઇએ કેઃ

પદ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ. (ટેક)
નરનારી પશુ પક્ષીની સાથે, જીવજંતુનું તમામ. દયાળુ૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠેજામ. દયાળુ૦
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ. દયાળુ૦
સર્વે જગે સુખાકારી વધે ને, વળી વધે ધન ધાન. દયાળુ૦
કોઈ કોઇનું બૂરું નવ ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન. દયાળુ૦
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન. દયાળુ૦

नारायण नारायण नारायण

ઈશ્વરપ્રાર્થના
અથવા
ભગવાન સાથે વાતો કરવાની રીતિ

હે પ્રભુ! અમારા કર્તા, પાલનકર્તા, બુદ્ધિદાતા, તારનાર, માતા, પિતા, સ્વામી, મિત્ર અને સગા તમેજ છો.

તમે નિર્ધનનું ધન, નિર્બળનું બળ અને દુઃખીજનોના દોસ્ત છો.

પ્રભુ! તમારી શક્તિ બેહદ છે, તમારી લીલા અપાર છે, તમારું ડહાપણુ અગાધ છે અને તમારી ગતિ પાર ન પામી શકાય તેવી છે.

પ્રભુ! જેમ ગાગરમાં સાગર સમાય નહિ, તેમ તમારા ગુણુ-ની ગણુતરી કોઇ પણુ જીવથી થઈ શકે તેમ નથી.

હે ભગવાન! તમે સર્વશક્તિમાન છો અને તમે ચહાય તે કરી શકો એવા છો. તમારાથી ન બની શકે એવું કાંઇ પણુ નથી.

પ્રભુ! તમે અમારી જમીન ને આસમાનના માલિક છો, ચૌદે ભુવનના નાથ છો; અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન એ ત્રણે કાળને આપ જાણુનારા છો.

હે અવિનાશી દેવ! જુગેજુગની દોરી તમારા હાથમાં છે. તમે અનંત બ્રહ્માંડોમાં તમારી ઇચ્છા મુજબ કરી રહ્યા છો.

પ્રભુ! તમે સર્વ ગુણોથી પૂર્ણ અને સકળ ગુણોના નિધિ છો. તમે પૂર્ણ પવિત્ર છો, તમે સદા સત્ય છો, તમે સર્વસમર્થ છો.

પ્રભુ! તમે બહુ બહુ ડાહ્યા, બહુજ ચતુર, ઘણાજ દયાળુ, ઘણાજ કૃપાવાન અને અતિશય ક્ષમાવાન છો. ટૂંકામાં તમે સર્વ શુભ ગુણોના ભંડાર છો.

તમે સૌથી મોટામાં મોટા, સર્વના શિરોમણિ ને સૌના પૂજનીય દેવ છો.

હે પ્રભુ! બળવાનોને બળ તમે આપ્યું છે. ડાહ્યાને ડહાપણુ પણુ તમે આપ્યું છે. ધનવાનોનું ધન તમારુંજ આપેલું છે; તેમજ રૂપવાનોને રૂપ અને સત્તાવાનોને સત્તા પણુ તમેજ આપેલી છે.

અગ્નિમાં ઉષ્ણુતા, જળમાં ઠંડક, સૂર્યમાં તેજ, ચંદ્રમાં શાંતિ, વીજળીમાં ઝડપ, પવનમાં જોસ, ફૂલમાં સુગંધ ને ફળમાં મીઠાશ તમેજ આપેલી છે.

તમારા હુકમથીજ સૂર્ય તપે છે, તમારા હુકમથીજ વરસાદ વરસે છે, તમારા હુકમથીજ વાયુ વાય છે, તમારા હુકમથીજ સમુદ્રમાં ભરતીઓટ થાય છે અને તમારાજ હુકમથીજ ઋતુઓ એક પછી એક આવે છે ને જાય છે.

કાનમાં સાંભળવાની શક્તિ, આંખમાં જોવાની શક્તિ, નાકમાં સૂંઘવાની શક્તિ, દાંતમાં ચાવવાની શક્તિ, પગમાં ચાલવાની શક્તિ ને જીભમાં બોલવાની શક્તિ એ બધી તમારીજ શક્તિઓ છે અને તે બધી કૃપા કરીનેજ તમે અમને આપેલી છે.

તમે આગળ છો, તમે પાછળ છો, તમે અંદર છો, તમે બહાર છો, તમે ઉપર છો, તમે નીચે છો, તમે દશે દિશામાં વ્યાપી રહ્યા છો. પ્રભુ! એવી કોઈ પણ જગ્યા નથી કે જ્યાં તમે ન હો.

ડુંગરની ટોચ ઉપર, સમુદ્રના તળિયામાં, વેરાન જંગલના મધ્યમાં, અંધારી ગુફામાં અને અમારા અંતરમાં પણ એક તમારોજ વાસ છે.

તમારી ઇચ્છાથી અમે ઉત્પન્ન થયા છીએ, માટે તમે અમારા કર્તા છો.

તમે આજ દિન સુધી અમોને નિભાવ્યા છે, માટે અમારા પાલનકર્તા પણ તમેજ છો.

અમને સારાં કામો કરવાની તમે બુદ્ધિ તથા તક આપો છો, માટે અમારા ખરા ગુરુ પણ તમેજ છો.

પ્રભુ! તમે અમને ઝાડ, પહાડ, પથ્થર કે પશુપક્ષી ન કર્યાં; પણ ઉત્તમ મનુષ્યાવતાર આપ્યો, એ કેટલો બધો ઉપકાર છે?

હે નાથ! તમે અમને જોવાને આંખો આપી છે, સાંભળવાને કાન આપ્યા છે, ચાલવાને પગ આપ્યા છે અને વિચારવાને બુદ્ધિ આપી છે; એ શું થોડો ઉપકાર છે?

તમારો સૂર્ય અમને ઉજાસ આપે છે, તમારી નદીઓ અમને જળ આપે છે અને તમારી પૃથ્વી અમને ખાવાને અન્ન આપે છે. પ્રભુ! આ કાંઇ અમારા ઉપર જેવીતેવી કૃપા નથી.

તમે અમને ખાવાને અન્ન, પીવાને પાણી, પહેરવાને લૂગડાં ને રહેવાને ઘર આપો છો. પ્રભુ! દરરોજ તમે રાત્રિએ સૂતી વખતે અમારી સંભાળ લો છો તથા જીવતા ઉઠાડો છો અને જેમ પુત્રની પિતાને કાળજી હોય તેવી ચિંતા રાખી સદા સૌ વસ્તુઓ પૂરી પાડો છો, એ કેટલી બધી દયા છે?

પ્રભુ! કોઈ માણસ ચાહે તો આસમાનના તારાઓ ગણી શકે, માથાના વળા પણ ગણી શકે; વળી કોઇ સમુદ્રનાં મોજાં પણ ગણી શકે ને કદી કોઇ વરસાદનાં ટીપાં પણ ગણી શકે; પણ હે પ્રભુ! તમારા ઉપકાર તો કોઇથી પણ ગણ્યા જાય તેમ નથી.

પ્રભુ! તમે અવિનાશી એટલે નાશરહિત છો. આ જગતમાં ઘાસ સુકાઈ જાય છે, ફૂલો ખરી જાય છે, પાંદડાંઓ પડી જાય છે, હવામાં ઊડનારાં પક્ષીઓ, જળમાં રહેનારા જીવો અને વેરાન જંગલમાં વસતા વાઘવરુઓ પણ મરી જતા જણાય છે. પ્રભુ! લીલું હોય તે સૂકું થાય છે ને નવું હોય તે જૂનું થાય છે, એમ કાળ સર્વને લાગુ પડે છે; તેમજ ખાખમાંથી ઉત્પન્ન થયેલો મનુષ્યનો દેહ પણ અંતે ખાખમાં મળી જાય છે. એવા લાખોકરોડો મનુષ્યો આ પૃથ્વી ઉપર થઈ ગયા છે, ઘણીએ પ્રજાઓ અને મોટા મોટા રાજાઓનાં રાજ્ય પાયમાલ થઇને ક્યાં જતાં રહ્યાં, એ કોઈ જાણતું નથી. અંતે કોઇક કાળે આસમાનના તારા પણ ખરી પડશે, સૂર્યચંદ્રાદિક ગોળાઓનો પણ નાશ થશે, પ્રલયકાળે આખી પૃથ્વીનો પણ નાશ થશે અને અંતે સર્વને ભક્ષણ કરનારો જે કાળ છે, તેનો પણ કાળ થઇ જશે; પણ તમે જે કાળના પણ મહાકાળ છો અને સર્વના શિરોમણિ, સ્વયંપ્રકાશ, દેવાધિદેવ છો, તેજ એક રહેવાના છો. તમારો કોઇ કાળે પણ નાશ થવાનો નથી, માટે તમને શાસ્ત્રમાં અવિનાશી કહ્યા છે.

તમે અજર છો, તમે અમર છો, તમે નિત્ય છો અને તમે જન્મમૃત્યુરહિત છો.

તમે સૌથી નાનામાં નાના ને મોટામાં મોટા છો. તમે નાના નથી તેમ મોટા નથી. તમે લાંબા નથી, તમે ટૂંકા નથી. તમે જાડા નથી, તમે પાતળા નથી અને તમે દૂરથી પણ દૂર અને પાસેથી પણ પાસે છો.

પ્રભુ! તમે સર્વને જાણો છો; પણ તમને કોઈ જાણતું નથી.

તમે આંખ વિના દેખી શકો છો, કાન વિના સાંભળી શકો છો, પગ વિના ચાલી શકો છો અને હાથ વિના ગ્રહણ કરી શકો છો. એવી તમારામાં અદ્ભુત શક્તિ છે.

સર્વત્ર તમારી આંખ છે, સર્વત્ર તમારું મુખ છે, સર્વત્ર તમારા હાથ છે, સર્વત્ર તમારા પગ છે અને તમે આ જગતમાં સર્વત્ર વ્યાપી રહ્યા છો.

પ્રલયકાળે જ્યારે સર્વ પ્રાણીપદાર્થોનો લય થઇ જશે, તે વખતે પણ આદિનાથ પુરુષોત્તમ પ્રભુ ! તમે જીવંતજાગ્રત રહેવાના છો.

પ્રભુ ! તમે સૌથી પહેલાં પણ હતા અને અંતે સૌથી છેલ્લા પણ તમેજ રહેનારા છો.

હરિ! આખા વિશ્વમાં ચાલતા સઘળા વેપારની દોરી હમણાં પણ તમારાજ હાથમાં છે. સઘળા જીવો, મનુષ્યો, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, પાણી—એ બધું તમારે આધારે છે.

જડ, ચેતન વગેરે દેખાતી ન દેખાતી સઘળી વસ્તુના કર્તા પ્રભુ ! તમેજ છો. તમને કોઇ પણ જાણતું નથી, પણ તમે સર્વને જાણો છો. તમને કોઇ જોતું નથી, પણ તમે સર્વને જુઓ છો. તમે અચળ પ્રભુ સર્વને ચળાયમાન કરો તેવા છો. તમે સ્વયંપ્રકાશ પ્રભુ પોતે પોતાનાજ આનંદમાં આનંદી છો. તમારી સર્વને ગરજ પડે છે, પણ તમારે કોઇની ગરજ પડતી નથી, માટે તમે સચ્ચિદાનંદ છો.

આપણી નબળાઈ ને ઈશ્વરની મોટાઇ સમજાવનારી પ્રાર્થનાઓ

હે પ્રભુ ! અમે અમારા જન્મની અગાઉ ક્યાં હતા, તે અમે જાણતા નથી; પણ જ્યારે તમારી મરજી થઇ, ત્યારે તમે અમને જન્મ આપ્યો છે.

અમારી માના પેટમાં પણ તમેજ અમારી સંભાળ લીધી હતી અને હમણાં પણ તમેજ અમારી સંભાળ લો છો.

અમને ઉછેરવામાં અમારાં માબાપે બહુ સંભાળ લીધેલી છે, પણ હે પ્રભુ ! અમને જિવાડવાની જો તમારી મરજી ન હોત, તો

તેઓ કાંઇ કરી શકત નહિ.

હે હરિ! કાચના કટકાને ભાગવા માટે કાંઈ મોટો હથોડો જોઇતો નથી. તેને તો માત્ર હાથમાંથી મૂકી દઇએ, તો તરતજ તેના ઘણા ટુકડા થઇ જાય છે; તેમજ હે પ્રભુ! જો તમારે અમને મારવા હોય, તો તેમાં તમોને કાંઇ મોટી મહેનત કરવાની નથી. માત્ર તમારી શુભ દૃષ્ટિ ખેંચી લો, તો અમે નિર્બળ જીવો તો પેલા કાચના કટકાની માફક પળવારમાં ફૂટી જઇએ તેવા છીએ.

અમારી પાછળ જન્મેલા ઘણા માણસો અમારી નજર આગળ મરી ગયા છે અને અમે હજુ જીવીએ છીએ, એ કાંઈ તમારો થોડો ઉપકાર નથી.

તમે અમને મનુષ્ય બનાવ્યા; એટલુંજ નહિ પણ ઉત્તમ કુળ, સારી જાત, પ્રેમી માતાપિતા, રૂડા દેશ અને સારા શેઠ આપ્યા છે, એ બધી તમારી કૃપાની નિશાની છે.

અમારાં પગનાં તળિયાંથી તે માથાના વાળ સુધી એવી કોઈ પણ વસ્તુ નથી કે જે તમોએ અમને આપી ન હોય; એટલુંજ નહિ પણ આખો દહાડો કે આખી રત્રિમાં એવી એકે પળ નથી કે જેમાં તમે અમારી સંભાળ લેતા ન હો.

અમે તમારી પૃથ્વી ઉપર ચાલીએ છીએ, તમારા સૂર્યના તેજ વડે કામકાજ કરીએ છીએ, તમારું સરજેલું પાણી પીને રહીએ છીએ અને તમારી ઉત્પન્ન કરેલી હવા વડે જીવીએ છીએ; માટે હે નાથ! હવે તો અમે સઘળી વાતે તમારે લીધેજ છીએ અને તમારા નિભાવ્યાજ નભી રહ્યા છીએ, એમાં કાંઈ પણ સંદેહ નથી.

હે પ્રભુ! આ જગતની અંદરની સોના તથા રૂપાની બધી ખાણો તમારી છે, તેમજ હીરા અને રત્નોની ખાણની માલિકી પણ તમારી છે અને સમુદ્રના પેટમાં પડેલાં મોતીઓ પણ તમારાં છે. પ્રભુ! તમારો ભંડાર ભરપૂર છે, તમારો ખજાનો અખૂટ છે અને દુનિયાની સઘળી સમૃદ્ધિ તથા સાક્ષાત્ લક્ષ્મીના સ્વામી પણ તમેજ છો અને તમે જેને જેટલું આપ્યું છે, તેટલુંજ તેની પાસે છે.

અમારી પાસે એક ભિખારી માગવા આવે, તોપણ અમે કંટાળી જઇએ છીએ; પણ તમારી પાસે કરોડો ભિખારીઓ કે જેમાંના અમે પણ એક છીએ, તેઓ સર્વે જમાનાઓના જમાનાઓ થયાં તમારી પાસે વારંવાર માગ્યા કરીએ છીએ, તોપણ તમે કં-

ટાળતા નથી, એવા તમે દયાળુ દેવ છો.

આ જગતમાં ઘણી વખત એવું બને છે કે, જેની પાસે ધન હોય છે; તેનું મન મોટું હોતું નથી અને જેનું મન મોટું હોય છે તેની પાસે ધન હોતું નથી; પણ હે પ્રભુ! એ બન્ને ગુણ તમારામાં પરિપૂર્ણતાથી રહેલા છે. નાનામોટા લાખોકરોડો ભિખારીઓ તમારી પાસેથી બેસુમાર માલ લઇ જાય છે, પણ તમારો ખજાનો કાંઇ ખૂટે તેમ નથી.

આ જગતમાં વસનારાં સ્ત્રીપુરુષો, વૃદ્ધ અને બાળકો, રંક ને રાજા સૌ તમનેજ નમે છે, તેમજ સઘળા આશ્રમો અને વર્ણના લોકો તથા દુનિયાની સઘળી મોટી મોટી પ્રજાઓ પણ પોતપોતાના ધર્મ પ્રમાણે તમારુંજ ભજન કર્યા કરે છે.

હરિ! તમારી સુંદરતા ને શોભા અવર્ણ્ય છે. જેને જેને તમારાં દર્શન થયાં છે, તેને હે નાથ! તમારા વિના બીજું કાંઇ પણ ગમ્યું નથી. તમારું જ્ઞાન અને તમારું દર્શન પામેલા પવિત્ર ઋષિઓએ પોતાની આખી જિંદગી તમારા ધ્યાન અને તમારા ગુણગાનમાંજ ગાળી હતી; એટલુંજ નહિ પણ આ વખતે પણ જેની જેની ઉપર તમારી કૃપા થયેલી છે, તેઓ સદા તમારામાંજ નિમગ્ન રહેતા જણાય છે.

ઘણા માણસોએ પોતાના પુત્રો, ઘણાએ સ્ત્રીઓ, ઘણાએ દોલત અને ઘણાઓએ રાજપાટ મૂકી દઇને તમારામાંજ સુખ મેળવ્યું હતું; માટે પ્રભુ! તમે સૌ સુખના સમુદ્ર છો અને જેઓ પ્રેમ આણીને તમારામાં લયલીન થાય છે, તેના તમે સઘળી વાતે સર્વસ્વ થઇને તેને પરમ આનંદ આપો એવા છો.

તમે અમો આંધળાઓના દોરનાર છો, અમો અજ્ઞાનીઓના જ્ઞાની ગુરુ છો, અમો નિરાધારના આધાર છો, અમારી શાંતિનું સ્થળ છો અને તમે સૌ ભકતોના એક મોટા આનંદ-સમુદ્ર છો.

પ્રભુ પાસે માફી માગવા સારૂ આપણે કેવી રીતે આપણા વાંક કબૂલ કરવા જોઇએ તે વિષે

હે પ્રભુ! તારી ઉપર પ્રેમ કરવા, તારા નિયમો પ્રમાણે ચાલવા અને મોક્ષ મેળવવા માટે તેં અમોને આ જગતમાં પેદા

કરેલા છે અને તે સારૂજ ઉત્તમ મનુષ્યજન્મ આપેલો છે; પણ અફસોસ કે, અમે તો બીજીજ નજીવી બાબતોમાં ધ્યાન આપી અમૂલ્ય વખત અને તારી કૃપાને ફોગટ ગુમાવી નાખીએ છીએ.

ધન મેળવવું, માન મેળવવું અને મોજમજા મારવી તે સારૂજ જાણે અમોને જિંદગી મળી હોય; તે સારૂજ જાણે મનુષ્ય-અવતાર મળ્યો હોય અને તે સારૂજ જાણે દુનિયાના વૈભવો મળ્યા હોય એમજ અમે માની બેઠા છીએ ને હજી સુધી પણ એજ પ્રમાણે વર્ત્યા કરીએ છીએ. હે પ્રભુ! હજી સુધી પણ અ-મારી એ બાબતમાં આંખો ઊઘડતી નથી, એટલા બધા અમે મા-યાવાદી જીવો અમારા ખોટા સ્વાર્થમાં ફસાઇ ગયેલા છીએ, તેમાંથી તારી દયા વિના–તારા ચરણના શરણ વિના છુટાય તેમ નથી.

પ્રભુ! અમારા દિવસો કેવળ ખાવાપીવામાં, પહેરવાઓઢવા-માં, ગાવાબજાવવામાં, વાતોના તડાકાફડાકા મારવામાં અને માત્ર અમારું મનગમતું કરવામાંજ જાય છે; પણ મનુષ્યાવતાર અને તમારો આપેલો રૂડો ધર્મ પામીને પણ જે તમને ન જાણે તેને મોટી ખોટ આવે છે, એ તો અમે ભૂલીજ જઇએ છીએ.

જગતમાં કોઇ માણસ ગમે એટલું ધન મેળવે, ગમે એટલું માન મેળવે અને ગમે એટલાં સંસારનાં સુખો ભોગવે, પણ જો તે મૂઆ પછી મોક્ષ ન મેળવે તો એ બધું શું કામનું? તેવાઓને માટે શાસ્ત્રો કહે છે કે, તેણે આ જગતમાં ફોગટ ફેરો ખાધો. માત્ર શાસ્ત્ર કહે છે એમજ નહિ, અમે પણ એ વાત માનીએ છીએ અને છતાંએ અફસોસ કે, હે નાથ! અમે તે પાળી શકતા નથી, એટલા બધા અમે તારાથી વિમુખ થઈ ગયા છીએ.

કોઈ માણસે સ્વપ્નામાં મેળવેલી સાહેબી જેમ જાગ્યા પછી તેને કાંઈ પણ કામ લાગતી નથી, તેમ આ વખતના અમારા વૈભવો પણ મરણ પછી અમને કાંઈ પણ સુખ આપી શકે તેમ નથી, એમ અમે સમજીએ છીએ; પણ હે પ્રભુ! તારા શરણના બળ વિના અમે તે પ્રમાણે પાળી શકતા નથી. માટે અમારા અંતરમાં ભગવદ્આશરાનું બળ આપવાની કૃપા કરો.

પ્રભુ! અમે સારી રીતે જાણીએ છીએ કે, આ જગતમાં અમારું સૌથી મોટામાં મોટું કામ તમને જાણવાનું, તમારી ભક્તિ કરવાનું અને તમને ગમતાં કામકાજો કરવાનું છે; પણ

દિલગીરીની વાત એ છે કે, અમે આજ દિવસ સુધી તમારાથી દૂરના દૂર રહ્યા છીએ અને બીજા કોઈ અવળેજ માર્ગે ચડી ગયા છીએ.

કોઇ છોકરો જેમ કમાવા માટે પરદેશ જાય છે અને ત્યાંથી પોતાના બાપ પાસે પાછો દેશમાં આવે છે, તેમજ અમારે પણ આ જિંદગીમાં રૂડાં કામો કરીને અંતે તમારી પવિત્ર હજૂરમાં આવવાનું છે; પણ હજી સુધી અમે તેમાંનું કાંઇ પણ કર્યું નથી. માટે હે પ્રભુ ! ઘણાજ દિલગીર થઇને, નમ્રતાથી હાથ જોડીને ખુલ્લા દિલે તારી પાસે કબૂલ કરીએ છીએ કેઃ

જેમ એક છોકરો પોતાના બાપથી ઉત્પન્ન થઇ, તેના પૈસાથી ભણીગણી મોટો થઇને પરણ્યા પછી પોતાના બાપથી જુદો રહે છે અને બાપનું કહ્યું કરતો નથી, તે જેમ અકર્મી છોકરો કહેવાય છે; તેમજ હે પ્રભુ ! અમે પણ એવાજ તારા અકર્મી છોકરા જેવા છીએ.

વળી જેમ એક નોકર પોતાના શેઠનો પગાર ખાઇને તેનું કામ કરે નહિ અને પોતાના શેઠના દુશ્મનો સાથે હળતોમળતો રહે તથા તેનો શેઠ જે કામ કરવાની ના પાડે તે કામ પણ કરે, એ નોકર જેમ નિમકહરામ કહેવાય છે, તેમજ હે પ્રભુ! અમે પણ તારા એવાજ નિમકહરામ નોકર છીએ.

એ ઉપરાંત જેમ કોઇ સ્ત્રી પોતાના ધણીનો માલ ખાય, તેનાં વસ્ત્રદાગીના પહેરે અને પરપુરુષ સાથે સ્નેહ રાખે, તે સ્ત્રી જેમ વ્યભિચારિણી કહેવાય છે, તેમ હે પ્રભુ ! અમે પણ બધું તારું દીધેલુંજ ભોગવીએ છીએ, તારા વડેજ જીવીએ છીએ અને સઘળી વાતે તારા લીધેજ છીએ; એવું છે છતાં પણ તારું નામસ્મરણ કરવાને બદલે અને તારી સેવામાં મચ્યા રહેવાને બદલે પેલી વ્યભિચારિણી સ્ત્રીની માફક અવળેજ રસ્તે ચડી ગયા છીએ. માટે હરિ ! અમારું તે ભલું કેમ થશે ?

અમારો પાપીનો ઉદ્ધાર તો તારી કૃપાથી થાય તેમ છે; બાકી બીજી કોઈ વાતે અમારો આરો આવે તેમ નથી. માટે અમે શરણાગત જીવો અતિ દીન થઇને વારંવાર કહીએ છીએ કે, હે દીનાનાથ ! અમ દીનજનો ઉપર સદા તમારી કૃપા રહે તેમ કરો.

જીભથી થતાં પાપો વિષે

હે પ્રભુ! આ જીભ તેં અમોને તારા ગુણ ગાવા તથા અમારાં ભાઇબહેનોને સાચી સલાહ આપવા માટે આપી છે; પણ અમો અભાગિયા જીવોએ આ જીભનો ઘણોજ માઠો ઉપયોગ કર્યો છે. અમે આ જીભથી જૂઠું બોલ્યા છીએ, ગાળો દીધી છે, ધમકીઓ આપી છે અને એવું એવું બીજું ઘણુંએ ન કરવાનું કર્યું છે.

પ્રભુ! અમે જાણીએ છીએ કે, મશ્કરીમાં પણ ખોટું બોલવું એ પાપ છે, કોઈની પીઠ પાછળ નિંદા કરવી એ પણ એક પાપ છે, કોઇ માણસને વારંવાર તેના દોષ સંભળાવ્યા કરવા એ પણ પાપ છે, કોઇના અજાણ્યા દોષ જાહેર કરવા એ પણ એક પાપ છે અને કોઇને ખોટા આરોપ લગાડવા એ બધું પાપજ છે; એમ અમે જાણીએ છીએ, તોપણ ફાટેલા મગજે ધનજોબનની મસ્તીમાં ગમે તેમ બકી દેવાનો અમે ધંધોજ લઈ બેઠા છીએ.

હે હરિ! અમે જાણીએ છીએ કે, ઘણાક માણસો તો માત્ર જીભના પાપથીજ નરકમાં જાય છે; પણ હજુ સુધી એ જીભને નિયમમાં રાખી અદબસર બોલવાની ટેવ અમારામાં જામી નથી. માટે હાથ જોડી દીનતાપૂર્વક મસ્તક નમાવીને અમે વિનતિ કરીએ છીએ કે, આ તારી કૃપાથી મળેલી જીભથી દુઃખીઓને દિલાસો આપીએ, અજ્ઞાનીઓને જ્ઞાન આપીએ અને અમારાં ગરીબ ભાઈબહેનો તરફ વિવેક ભરેલાં મીઠાં વચનો બોલીએ તથા તેઓની સેવા કરતા રહીએ અને જેણે અમને આવી ઉમદા બક્ષિસ આપી છે, તે દેવાધિદેવ મહાન પ્રભુના ગુણ ગાવામાં અમારી જીભને કામે લગાડીએ, એવી અમારા સૌ ઉપર, હે પ્રભુ! તમે કૃપા કરો.

નામ મેળવવાની ઇચ્છા વિષે

પ્રભુ! અમે જાણીએ છીએ કે, તમે અમને ઉત્પન્ન કર્યા છે, તમે અમને જીવતા રાખી રહ્યા છો, તથા જે જે કાંઇ અમારી પાસે છે તે સર્વ તમારુંજ આપેલું છે અને હવે પછી જે કંઇ મળશે તે પણ તમારીજ કૃપાથી મળવાનું છે, છતાં પણ દાન કરવામાં અમે હમેશાં માનની ઇચ્છા રાખીએ છીએ.

પ્રભુ! અમારી પાસે જે ધન છે તે તમારી કૃપાથીજ મળેલું

છે; એટલુંજ નહિ પણ અમને દાન કરવાની બુદ્ધિ પણ તમેજ આપો છો, ત્યારેજ અમારાથી કાંઈ જરાતરા બની શકે છે. તેમ છતાં પણ દાન કરવામાં અમે અમારું નામ કાઢવાની ઇચ્છા રાખીએ છીએ, એ કેટલી બધી મોટી ભૂલ છે ?

હે પ્રભુ ! આ ઉપરથી અમને એમ લાગે છે કે, અમે ચોર છીએ; કારણ કે તમારો માલ વાપરીને અમે અમારું નામ જાહેર કરીએ છીએ, અમે જાણીએ છીએ કે, આ મોટી ચોરી છે અને શાસ્ત્રમાં તેને મહાપાપ કહેલું છે; પણ હે પ્રભુ ! અમારામાંથી હજી સુધી માનની ઇચ્છા ગઇ નથી; તેથી તમારું નામ અને તમારો મહિમા વધારવાને બદલે અમે અમારાં નામ ઉપરજ મરી પડીએ છીએ.

અમે જાણીએ છીએ કે, બધું તમારુંજ છે, માટે અમારાં સઘળાં દાનધર્મો તમારે અર્થેજ થવાં જોઇએ; એટલુંજ નહિ પણ અમારી આ જિંદગીનાં સર્વ કામો તમને અર્પણ કરીને તમારાજ થઇને તમારા આશરાના બળથીજ અમારે રહેવું જોઇએ અને જ્યાંત્યાં સદાસર્વદા તમારાં પાપનાશક પવિત્રનામનીજ જય બોલાવવી જોઇએ; પણ આજ દિવસ સુધી અમારાથી તેમ બની શક્યું નથી. માટે હે પ્રભો ! ધર્મદાન કરવામાં લૂખાં માનપાનની ઇચ્છા ન રાખીએ, પણ તમારે અર્થેજ તમારાં પવિત્ર નામથીજ રોજ રોજ વધારે વધારે ધર્મદાન કરીએ, એવી અમને બુદ્ધિ આપો.

કાણાં પડેલા ગજવામાં રાખેલા પૈસા જેમ પડી જાય છે, તેમ અભિમાનથી કરેલાં અમારાં સઘળાં દાનો ફોગટ જાય છે; તોપણ હે પ્રભુ ! અમે નામના એવા ભૂખ્યા છીએ, કે એ ભૂલ સુધારી શકતા નથી; કારણ કે તમારા મહાન નામની પૂરી મોટાઈને તમારો મોટો મહિમા હજુ અમે સમજ્યા નથી, તેથી અમારાથી માનની ઇચ્છા મૂકી શકાતી નથી.

જેમ જંગલી ગામડિયાઓ સોયદોરાને માટે અને હલકાં નાનકડાં તકલાદી રમકડાંને માટે અનાજનો મોટો ઢગલો આપી દે છે; તેમ હે પ્રભુ ! અમે પણ અમારું નામ કાઢવાને માટે તથા જગતમાં મોટા કહેવરાવવાને માટે ઘણી વખત મોટી રકમો ખરચી નાખીએ છીએ; પણ કેવળ તમારેજ અર્થે, એટલે કે લોકોના કલ્યાણને માટે તથા સ્વદેશને અર્થે ઈશ્વરાર્પણ વિધિથી અમે દાનધર્મ કરતા નથી; પણ માન મેળવવાને ખાતરજ કરીએ છીએ, એ અમારી

મોટામાં મોટી ભૂલ છે.

આ ઉપરથી જણાય છે કે, પ્રભુ! અમે તમારી પ્રસન્નતા મેળવવા ચાહતા નથી, પણ જગતની વાહવાહ મેળવવા ચાહીએ છીએ, તેથી તમારી ચોરી કરવામાં અને ફોગટ ફેરામાંજ રહી જઇએ છીએ. એમ ન થાય પણ જિંદગીની સાર્થકતા થાય તે માટે હે પ્રભુ! હવે કૃપા કરીને અમને તમારા કરી લો, કે જેથી અમે તમારે માટેજ જીવીએ, તમારા પ્રેમને ખાતર સત્કર્મો કરીએ, તમારી ઇચ્છા મુજબ વર્તીએ, તમારા હુકમો પાળીએ અને સઘળી વાતે તમનેજ અર્પણ થઇને રહીએ, એવી અમોને બુદ્ધિ આપો. એમ થવા માટે હે નાથ! અમે સદા તમારાં સેવાસ્મરણમાં દિવસો ગાળીએ એવું કરો.

અહંકાર વિષે

અમે જાણીએ છીએ કે, અહંકારી માણસ ઈશ્વરને કે દુનિયાને એમાંથી કોઇને પણ ગમતો નથી. અહંકારી પોતાના ખાલી મિજાજમાં ફર્યા કરે છે; પણ પ્રભુ પાસે તેનું ઠેકાણું નથી. અહંકારી માણસ પોતાનાં વખાણ કરવા, કરાવવા અને સાંભળવા ચાહે છે. તેઓ હમેશાં સભાઓમાં પહેલે નંબરે બેસવા ચાહે છે અને પોતાનામાં કાંઈ ખાસ ગુણ ન હોય, તોપણ ખાલી ડોળદમાક રાખીને ફર્યા કરે છે. પ્રભુ! અમે પોતે પણ હજી સુધી થોડાઘણા તેવાજ છીએ. અમારામાં પણ અહંકારીઓની પેઠે ઘણી બાબતોમાં ઢમઢોલ ને માંહી પોલ જેવું છે, એવી પોલમપોલ છેવટ સુધી ન ચલાવ્યા કરીએ એવી હે હરિ! તમે અમારી ઉપર કૃપા કરો!

પ્રભુ! તમારી ઇચ્છાથીજ અમારો જન્મ થયો છે અને તમારી કૃપાથીજ અમોને ઉત્તમ લાભો મળેલા છે. ધંધારોજગાર, ધનદોલત, રૂપ, આરોગ્યતા, હોદ્દો અને વિદ્યા એ બધા ગુણો તમારાજ આપેલા છે ને તે તમારી કૃપાનુંજ ફળ છે; છતાં પણ જાણે એ બધું અમારું પોતાનુંજ હોય અને અમારી ખુશીથીજ એની મેળે મેળે બધું થઇ ગયું હોય એમ સમજીને અમે ફોગટના મિજાજમાં ફર્યા કરીએ છીએ; એવા અમે અહંકારી છીએ. માટે હે પ્રભુ! તમારા ચરણના શરણના બળથી અમારો એ ખોટો અહંકાર છૂટે, એવી અમોને સદ્‌બુદ્ધિ આપો.

પારકો ચૂનો, પારકા પથ્થર, પારકાં લાકડાં ને કોઇક પાસેથી મજૂરીના પૈસા લઇ ઘર બંધાવવું અને તે માલધણીઓને તેઓના પૈસા ચુકાવ્યા વિના એ ઘરને પોતાનું સમજી મનમાં મરડાયા કરવું, એ જેમ ફોગટનું ને એ બેઆબરુ જેવું છે, તેમ હે પ્રભુ! અમે પણ એમજ કરીએ છીએ. અમારી પાસે જે કાંઇ છે તે બધું તારુંજ આપેલું છે; છતાંપણ અમે મફતનું અભિમાન કરીએ છીએ. એ પાપમાંથી હે પાપનાશક પ્રભુ! અમને બચાવ! બચાવ!!

વરઘોડામાં જેમ વરરાજા કોઇકને ઘોડે બેસી, કોઇકના જામાપિછોડી અને દાગીના પહેરીને તથા કોઇકના છત્રીપંખા વાપરીને પોતે ઠાલો ઠાલો મનમાં ફુલાયા કરે છે; તેમ હે પ્રભુ! અમે પણ બધી તારી વસ્તુઓ લઇ અમારી મૂર્ખાઇથી તેને અમારી માનીને નાહકના અભિમાનથી ઠાલા ઠાલા ફુલાયા કરીએ છીએ.

અમે જાણીએ છીએ કે, ઊંચા ડુંગરનાં શિખરો ઉપર જરાએ પાણી હોતું નથી, પણ પાણી તો નીચેની ખીણમાંજ હોય છે; તેમ અહંકારી માણસમાં પણ કાંઇ ગુણ હોતા નથી, પણ ગુણ તો દીનતાવાળાં નમ્ર માણસોમાંજ હોય છે; છતાંયે તે ગુણ અમારાથી અમારા અભિમાનને લીધે લેવાતા નથી. માટે હે પ્રભુ! માન લેવાના, દેખાવ કરવાના ને વખાણ સાંભળવાના ઠાલા વિચારોથી અમને દૂર રાખો અને અમે તમારા દીન સેવકો થઇ વર્તીએ, એવી અમને બુદ્ધિ આપો.

ગાડા નીચે કૂતરું ચાલ્યું જાય અને તે પોતાના મનમાં એમ માની લે કે, આ ગાડું હુંજ ખેંચી જાઉં છું, તેમ હે પ્રભુ! અમારા અધિકારો, અમારાં કારખાનાંઓ, અમારી દુકાનો, અમારી વખારો અને અમારા ઘરવ્યવહારનાં સઘળાં કાર્યો તમેજ ચલાવો છો અને તે ચલાવવાની તમેજ અમને શક્તિ આપી રહ્યા છો, તેથીજ એ બધું ઠીકાઠીક ચાલ્યું જાય છે; પણ અમે તો અમારા અભિમાનથી એમજ માનીને બેઠા છીએ કે, એ બધું અમેજ ચલાવીએ છીએ, એમ માનીને અમે ઠાલા ઠાલા ફુલાયા કરીએ છીએ. માટે હે કૃપાનાથ! અમારી ઉપર કૃપા કરીને એ અમારી મોટી ભૂલ સુધારો અને હે પ્રભુ! અમે વારંવાર દંડવત્ પ્રણામ કરીને કહીએ છીએ કે, અમારામાં દીનતાનો ઉત્તમ ગુણ આવે એવી અમારી સૌની ઉપર કૃપા કરો.

મોત વિષે

આ જગતમાં જે માણસ અને પ્રાણીઓ જન્મ્યાં છે, તેને કોઇક દિવસ મરવું તો પડશેજ, મર્યા વિના કોઇનો છૂટકો નથી. પછી તે રાજા હોય કે રંક હોય, ધનવાન હોય કે ગરીબ હોય, મૂર્ખ હોય કે વિદ્વાન હોય, જુવાન હોય કે બુઢ્ઢો હોય, ગુરુ હોય કે ચેલો હોય અને બળવાન હોય કે નિર્બળ હોય, પણ મરવું તો પડશેજ. જેમ લીલું સૂકું થાય છે, નવું જૂનું થાય છે, ભર્યું ઠલવાય છે ને ખીલ્યું ખરી જાય છે, તેમ જન્મેલાને મરવું તો પડશેજ, એમ અમે જાણીએ છીએ; તોપણ હે પ્રભુ! અફસોસ કે, મોતનો ભય રાખીને અમે પવિત્ર જિંદગી ગાળી શકતા નથી અને જલદી મરી જવું છે, તોપણ અમે તમારે અર્થે રૂડાં કામો કરી લેતા નથી, એટલા બધા અમે આ દુનિયાદારીની અંધાધૂંધીમાં ગાફેલ બની ગયા છીએ.

હે હરિ! મોતની વાતોને અમે અપશુકનભરેલી સમજીએ છીએ અને તેને યાદ કરવા કે સાંભળવા ચાહતા નથી, પણ પોસ્ટનો સિપાઇ જેમ અમારા કાગળો માટે અમારું ઘર શોધતો શોધતો ને નામ પૂછતો પૂછતો આવે છે, તેમ મોત પણ અમને શોધતું ફરે છે. કાળચક્કર સદૈવ અમારી ઉપર ફર્યાજ કરે છે. એમાંથી કોઇથી પણ બચી શકાય તેમ નથી અને તોપણ હે પ્રભુ! અમે પામર જીવો હજી પણ ચેતતા નથી અને હજી પણ તારા શરણમાં પડી જતા નથી, એટલા બધા અમે અજ્ઞાની રહી ગયા છીએ; માટે હે ઈશ્વર! મોતથી ડરીને અમે તમારા માર્ગમાં આવી જઇએ અને તમારા પવિત્ર નામના બળથી મોત પણ અમને આનંદરૂપ થઇ પડે, એવી અમારી ઉપર કૃપા કરો.

જે કોઠીમાંથી દરરોજ થોડું થોડું અનાજ નીકળ્યા કરે છે અને જે ઘડામાંથી રોજ થોડું થોડું પાણી ઝરી જાય છે, તે કોઇક દિવસ પણ ખાલી થઇ ગયા વિના રહે નહિ; તેમ અમારું આયુષ્ય પણ રોજ થોડું થોડું કરતાં ઓછું થતું જાય છે, તે કોઈક દિવસ પણ મોડુંવહેલું પૂરું થઇ જશે, એમાં કાંઇ પણ સંદેહ નથી અને જ્યારે આયુષ્ય પૂરું થઇ રહેશે, ત્યારે મરવું તો નક્કી છેજ. માટે અમારું મોત સુધરે એવી અમારે અગાઉથી તૈયારી કરી મૂકવી જોઇએ,

કે જેથી કરીને મરતી વખતે દિલગીર થવું ન પડે તથા મૂઆ પછી નરકમાં દુઃખ જોઇને પસ્તાવું ન પડે; માટે હે પ્રભુ! મોતને વખતે દિલાસો મેળવી શકીએ એવાં કામો અમે હમણાંથીજ કરી લઇએ, એવી અમને સદ્બુદ્ધિ આપો.

જેમ ઝાડનાં પાંદડાં એક પછી એક ખરી જાય છે, તેમ માણસો પણ એક પછી એક મરતા જાય છે. અમે જ્યારે બાળક હતા, ત્યારે બીજા જે ઘરડાઓ હતા તે હમણાં મરી ગયા છે; તેમ અમે પણ હવે રોજ રોજ ઓછા આયુષ્યવાળા થતા જઇએ છીએ, એટલે કોઈક દહાડો પણ મૂઆ વિના છૂટકો નથી અને તોપણ હે પ્રભુ! હજી સુધી અમે એટલા બધા ગાફેલ રહ્યા છીએ, કે મોતને વખતે દિલાસો મળે એવાં કાંઇ પણ કામો અમે કરી શક્યા નથી; માટે હે કાળના પણ કાળ! હે દીનદયાળ! હે દીનાનાથ! અમારું મોત સુધારવાની અમને તક મળે એવી અમારી ઉપર કૃપા કરો.

અમે જાણીએ છીએ કે, અંતે મરવું તો નક્કી છેજ; એટલુંજ નહિ પણ અમે શાસ્ત્રોમાંથી એમ પણ સાંભળ્યું છે કે, હમણાંથીજ હમેશાં જેવી વૃત્તિ રાખીએ તેવીજ અંતકાળે મતિ થાય છે અને મરણ વખતે જેવી મતિ તેવી ગતિ થાય છે; કારણ કે મરણ વખતે રોગને લીધે શરીર પરાધીન થાય છે, એટલે એ વખતે બીજું કાંઈ નવું વિચારવાની શક્તિ રહેતી નથી; પણ જે જૂની વાસનાઓ હૃદયમાં ભરેલી હોય છે, તેજ એ વખતે અમારી નજર આગળ તર્યા કરે છે, માટે અમારું મોત સુધારવા સારુ અમારે અમારી જિંદગી સુધારવી જોઇએ; પણ હે પરમ દયાળુ પ્રભુ! આજ દિવસ સુધી જેટલું કરવું જોઇએ તેના પ્રમાણમાં અમે કાંઇ પણ રૂડા વિચારો કે રૂડાં કામો કર્યાં નથી; માટે મોતને યાદ કરતાં અમને ત્રાસ લાગે છે. એ ત્રાસમાંથી છૂટવા સારૂ પવિત્ર રીતે જિંદગી ગાળીએ એવી અમારા અંતરમાં પ્રેરણા કરો. અમે નજરે જોઇએ છીએ કે, કોઈ મૂએલાં જન્મે છે, ઘણાંએ બાલ્યાવસ્થામાંજ મરે છે, કોઇ જુવાનીમાં મરે છે, થોડાક બુઢ્ઢા થઇને મરે છે, કોઇ એક જાતના રોગથી મરે છે, કોઈ બીજી જાતના રોગથી મરે છે, કોઇ ઊંચેથી પડીને મરે છે, કોઇ આગમાં બળીને મરી જાય છે, કોઇ પાણીમાં ડૂબીને મરી જાય છે, કોઈ લડાઈમાં મરી જાય છે અને કોઇ કાંઈ અકસ્માતથી મરી જાય છે. આ પ્રમાણે મોડાવહેલું મોત સૌને પકડી પાડે છે, તેમ અમને પણ પકડી લેશે એ નક્કી

છે; તોપણ હજુ સુધી અમે મોતથી ડર્યા કરીએ છીએ, પણ મોતથી ડરવું ન પડે એવા ઉપાયો કરતા નથી; કારણ કે અમારામાં ધર્મનું બળ નથી અને અમારી આજ દિવસ સુધીની જિંદગી અમે રૂડી રીતે ગાળી નથી; તેથી હે પ્રભુ! તારા ભયંકર દંડથી અમે ડરીએ છીએ, માટે જમદૂતના દંડથી બચવા સારુ, હે સમર્થ ઈશ્વર! તમે અમોને અમારા પવિત્ર ધર્મનું બળ આપો! પવિત્ર ધર્મનું બળ આપો!!

હે પ્રભુ! હાલના જમાનામાં આ જગત ઉપર તમે મોટી કૃપા કરી છે. તમારી કૃપાથી માણસોની શોધક બુદ્ધિ વધી છે, તેથી આજે તેલ વિના દીવા થાય છે; ઘોડા વિના ગાડીઓ ચાલે છે; સેંકડો માઇલ દૂરથી પીવાનાં મીઠાં પાણી અમારી ઓરડીમાં પાંચમે માળે પણ ચાલ્યાં આવે છે; બલૂનમાં બેસીને માણુંસ પક્ષીની માફક ઊડી શકે છે; હજારો ગાઉ દૂરની વાતો થોડા કલાકમાં જાણી શકાય છે; પાણી, પવન, અગ્નિ ને વીજળી અમારા નોકર થઇને કામ કરે છે; સેંકડો ગાઉની મુસાફરી થોડા કલાકમાં કરી શકાય છે અને લાખો માણસ જેટલું કામ ન કરી શકે, તેટલું કામ એક એક સંચો ઘડીકમાં કરી શકે છે. આ બધી શોધો, હે પ્રભુ! તારી કૃપાથી થઇ છે; પણ મોતને અટકાવી શકાય એવી શોધ હજી સુધી કોઇ પણ માણસ કરી શક્યું નથી; માટે અંતે મરવું તો પડશેજ. ભીષ્મ પિતામહે થોડો વખત મોતને પાછું વાળ્યું હતું, પણ અંતે તેને પણ કાળને આધીન થવું પડ્યું હતું. પ્રાચીન ઋષિઓ યોગસિદ્ધિના બળથી હજારો વર્ષો સુધી જીવી શકતા, તેમને પણ અંતે મરવું પડ્યું છે અને સ્વર્ગના રાજા–દેવતાઓના રાજા ઇન્દ્રને પણ કાળને આધીન થવું પડે છે, ત્યારે અમે તે શું વિસાતમાં? અમે તો મૃત્યુલોકનાંજ મનુષ્યો છીએ, એટલે મરવું તો નક્કી છેજ. મોત તો અમારા કપાળમાંજ લખેલું છે અને છતાંયે અફસોસ કે, હજી સુધી પણ અમે મોતથી ચેતતા નથી અને જાણે અમરપટો લખાવીનેજ આવ્યા હોઇએ, તેવી રીતે મસ્ત થઇને વર્તીએ છીએ. માટે હે પ્રભુ! અમારામાં એવું મોટું અભિમાન ન રહે અને અમે આ દુનિયાદારીનાં ઠાલાં સુખોમાં મોહાઈ ન જઇએ, પણ સદા તારા સેવાસ્મરણમાં મચ્યા રહીએ, એવી બુદ્ધિ અમને આપ.

અમે જેમ અમારાં મરેલાં સગાંવહાલાંઓને રડીએ છીએ,

તેમજ અમારી પછવાડે પણ રડાવાનું છે. અમે જેમ કાણુકૂટણાં કરીએ છીએ, તેમ અમારી પછવાડે પણ કાણુકૂટણાં થવાનાં છે અને અમે જેમ બીજાનાં સનાનસૂતક કરીએ છીએ તથા શોક પાળીએ છીએ; તેમજ અમારાં પણ સનાનસૂતક થવાનાં છે અને અમારા પણ શોક પળાવાના છે. આવું જાણતાં છતાં પણ અમે પાપથી દૂર રહી શકતા નથી અને પુણ્યના પવિત્ર માર્ગમાં આવી શકતા નથી; માટે હે પરમ દયાળુ, કૃપાના ભંડાર, ગરીબોના બેલી, અનાથના નાથ, જગત્પાલક પિતા! માનપૂર્વક હાથ જોડીને પ્રેમથી હજારો હજાર દંડવત્ પ્રણામ કરીને વારંવાર કહીએ છીએ કે, હે પ્રભુ! અમને તમારા પવિત્ર માર્ગમાં લાવવાની કૃપા કરો, કે જેથી કરીને અમારી જિંદગી સુધરે, અમારું મોત સુધરે અને અંતે તમારી પવિત્ર હજૂરમાં રહી મોક્ષમાં સુખ ભોગવી શકીએ, એવી અમારી ઉપર કૃપા કરો.

ઈશ્વરના ઇન્સાફમાંથી કોઈ પણ છટકી શકે તેમ નથી એ વિષે

પ્રભુ! તમે ઇન્સાફી છો, તમે સૌ નાનાંમોટાંઓને પોતપોતાનાં પુણ્ય તથા પાપનો બદલો આપો છો.

ઘરમાં ઇન્સાફ કરનારા ઘરડાઓ, ગામમાં ચુકાદો કરનારા પટેલિયાઓ, પંચમાં નિમાયલા લવાદો, નાતમાં ઇન્સાફ કરનારા શેઠિયાઓ અને અદાલતોમાં ઇન્સાફ કરનારા જજો, એ સર્વનો અંતે ઇન્સાફ કરનાર પ્રભુ! તમેજ છો.

હે પ્રભુ! જેઓ પોતાની નાતજાતમાં મોટા કહેવાવાને માટે તથા ગામમાં નામના મેળવવા માટે દાન કરે છે, જેઓ સાધુ ગણાવવા માટે રાખ ચોળીને પેટ ભરે છે તથા જેઓ ભક્ત ગણાવવા માટે મોટી મોટી માળાઓ પહેરે છે ને તિલકો કરે છે, પણ જેઓનાં અંતરમાં તમારો સાચો પ્રેમ નથી, તે બધાને તમે બરાબર રીતે જાણો છો. જેમ ગીલીટ દીધેલો રૂપિયો શરાફને ત્યાં પકડાઈ જાય છે અને બેંકમાં કપાઇ જાય છે, તેમ તે બધા ઢોંગીઓ તમારી હજૂરમાં ઓળખાઇ જશે અને તમારા પવિત્ર ઇન્સાફને વખતે સજા શિક્ષા પામશે.

અમારી નાની કોર્ટોમાં અને મોટી અદાલતોમાં બેસનાર ન્યાયાધીશોને બહારના સાક્ષીઓ ઉપર આધાર રાખીને ઇન્સાફ આપવો પડે છે, પણ તમારે માટે તો શાસ્ત્રોમાં કહ્યું છે કે, સર્વત્ર તમારું મુખ છે, સર્વત્ર તમારી આંખ છે અને તમે સર્વને સર્વ રીતે જાણનારા છો, એટલે તમને કોઈ પણ સાક્ષીપુરાવાની જરૂર પડતી નથી. પ્રભુ! તમે સર્વશક્તિમાન, સર્વવ્યાપક અને સર્વજ્ઞ છો, એટલે સાક્ષીઓની જુબાની વિના પણ આપ અદલ ઇન્સાફ કરી શકો છો. એવા સર્વ ન્યાયાધીશોના ન્યાયાધીશ, કાળના પણ કાળ અને ભયના પણ ભય જે આપ છો, તેની પાસેથી નાસીને ગરીબ બાપડો પાપી જીવ તે ક્યાં સંતાઇ શકશે?

હે હરિ! તમારા રાજ્યમાં કોઇ પણ પાપી શિક્ષા પામ્યા સિવાય રહેતો નથી અને કોઇ પણ પુણ્યશાળી પોતાનાં કર્મોનું ફળ મેળવ્યા વિના રહેતો નથી; કારણ કે તમે ન્યાયી પ્રભુ સૌને સૌનાં કર્મનો બદલો આપી રહ્યા છો.

હે સર્વશક્તિમાન! અદલ ઇન્સાફિ! પરમ કૃપાળુ પિતા! તમારે માટે જેણે ઉપવાસો કર્યા છે, તીર્થો કર્યાં છે, દાનો કર્યાં છે, યજ્ઞો કર્યા છે, તપ કર્યાં છે, ત્યાગ કર્યા છે અને જંગલમાં જઇ તમારા ધ્યાનમાં તથા તમારા જ્ઞાનમાંજ નિમગ્ન રહીને જેણે પોતાના દહાડાઓ કાઢ્યા છે, તે સર્વ પવિત્ર જનોને તેઓનાં શુભ કર્મનો તમે રૂડો બદલો આપવાના છો; માટે શાસ્ત્રોમાં તમને જીવો, મનુષ્યો અને દેવોના ઇન્સાફ કરનાર અદલ ઇન્સાફી મહાન ન્યાયાધીશ કહેલા છે.

પરમાર્થ વિષે

હે પ્રભુ! અમે એટલું તો જાણીએ છીએ કે, કોઈ મોટા તળાવમાંથી થોડાં પક્ષીઓ ચાંચ ભરી જાય, તો તેમાં તેનું જળ કાંઈ ઘટી જતું નથી, તેમજ અમારી શક્તિના પ્રમાણમાં અમે જો લાચારોને મદદ કરીએ, તો તેમાં અમારું પણ કંઈ ઘટી જાય તેમ નથી; છતાં પણ અફસોસ કે, અમે એ પ્રમાણે વર્તતા નથી. પ્રભુ! અમે એવા અપરાધી જીવો છીએ કે, જે તમારું આપેલું છે, તે તમારા પવિત્ર નામે તમારાં બાળકોને—અરે અમારાંજ ભાઈ-બહેનોને આપવામાં નિમિત્તમાત્ર થતાં પણ અમારો જીવ ચાલ-

તો નથી, એટલા બધા અમે અમારા સ્વાર્થમાં ને લોભલાલચમાં આંધળા થઇ ગયા છીએ.

કોઈ સારી જમીનમાં જો એક દાણો વાવ્યો હોય, તો તેમાંથી એકને બદલે હજારો દાણા મળે છે, એવું અમે નજરે જોઇએ છીએ, તોપણ અમારું કઠણ અને લોભી હૈયું પીગળતું નથી અને ગરીબો ઉપર અમે દયા રાખીને વર્તતા નથી; કારણ કે હજુ અમારા હૃદયમાં તમારા મહાન નામની ખરેખરી તાળી લાગી નથી. માટે હે પ્રભુ! હવે તો અમને તમારા નામની ખરેખરી તાળી લાગી જાય એમ કર, કે જેથી કરીને તમારા પવિત્ર નામ ઉપર, અમે અમારા ભવિષ્યના સુખ સારૂ અમારાં ગરીબ ભાઇબહેનોમાં છૂટ-થી માલ ફેંકી શકીએ.

હે નાથ! અમે જેમ અમારા ગરીબ ભાઇબહેનો તરફ નિર્દય-તાથી વર્તીએ છીએ, તેમ જો તમે અમારી તરફ વર્તશો, તો અ-મારા શું હાલ થશે? એ વિચારતાં અમને ત્રાસ લાગે છે; કારણ કે જો તમે અમારી સાથે એવી રીતે વર્તો, તો અમારું કદી પણ રૂડું થાય નહિ. માટે હે હરિ! અમારી ઉપર દયાદૃષ્ટિ રાખો અને અમે અમારાં ગરીબ ભાઇબહેનો તરફ દયાથી વર્તીએ એવી અ-મને બુદ્ધિ આપો.

ડાહ્યાં માણસો પોતાના સ્વદેશમાં અને પોતાના બાપના ગામમાં પોતાની કમાણી મોકલી આપે છે, તેથી અંતે નિરાંતે બાપના ગામમાં સુખેથી રહી શકે છે; પણ અમે તો એવા અકર્મી અને એવા મૂર્ખા છીએ, કે બધું અહીંનું અહીંજ—પરદેશમાંજ ખાવાપીવામાં, પહેરવાઓઢવામાં, મોજશોખમાં ને ડોળદમાક-માંજ ઉડાવી નાખીએ છીએ. એમ વિચારતા નથી કે, પરમાર્થ કર્યા વિના બાપના ગામમાં એટલે કે પ્રભુના દરબારમાં છતાં સાધનોએ ખાલી હાથે જવું પડશે, એ વખતે અમને કેટલી બધી શરમ થશે? અને કેટલું બધું દુઃખ થશે? પણ હજી સુધી એ વિચાર અમે કરતા નથી, એટલા બધા અમે કઠોર થઇ ગયા છીએ. માટે હે દીનાનાથ! અમ દીનજનો ઉપર કૃપા કરી અમારાં અંતઃકરણમાં પરમાર્થ કરવાની પ્રેરણા કરો.

નાતજાતમાં માન મેળવવા સારુ તથા સગાંવહાલાંમાં મોટા કહેવરાવવા સારુ કરજ કરીને પણ અમે ખર્ચ કરીએ છીએ; પણ હે પ્રભુ! તમારા અર્થે, અમારા દેશને અર્થે, અમારાં ગરીબ

ભાઈબહેનોને અર્થે અને અમારા પવિત્ર ધર્મને અર્થે અમે કાંઈ પણ કરતા નથી. આ બહુ મોટી ભૂલ છે એમ અમે જાણીએ છીએ; પણ તમારી ભક્તિના બળ વિના એ ભૂલ સુધરી શકે તેમ નથી. માટે હે પ્રભુ! અમને તમારી ખરી ભક્તિ કરવાનું બળ આપો.

અમે જાણીએ છીએ કે, ગરીબોને આપવું એ કાંઇ ફેંકી દેવું એમ નથી, પણ તે તો સારામાં સારી જમીનમાં ઉત્તમમાં ઉત્તમ બી વાવવા જેવું છે; એટલુંજ નહિ પણ સુપાત્રોને તથા લાચારોને મદદ કરવી એ તો મોટામાં મોટી બેંકમાં વધુમાં વધુ વ્યાજે નાણાં મૂકવા બરાબર છે. તેમ છતાં પણ પરમાર્થ કરવા માટે અમારી આંખો ઊઘડતી નથી. હે વિશ્વંભર! તમારા જેવો બીજો શાહુકાર અમને કોણ મળનાર છે? અને સ્વર્ગ જેવી બેંક બીજી કઈ મળનાર છે? પણ અમે એવા હૈયાફૂટયા છીએ કે, તમારા શરણના બળ વિના એ અમૂલ્ય લાભ પણ અમે લઇ શકતા નથી; માટે હે પ્રભુ! અમારા હૃદયમાં તમારા ચરણના શરણનું બળ જામે એમ કરો.

હે પ્રભુ! પરમાર્થનું ફળ કદી પણ જતું નથી, એમ તમે પોતે શાસ્ત્રો મારફત વારંવાર ખાતરી આપેલી છે અને અમે પણ એ વાત માનીએ છીએ; એટલુંજ નહિ પણ અમે એમ પણ સમજીએ છીએ કે, સાથે કાંઈ પણ લાવ્યા નથી અને કાંઇ પણ લઇ જવાના નથી, ખાલી હાથે આવ્યા છીએ ને ખાલી હાથે પાછું જવું છે; તેમ છતાં પણ અમારાથી કાંઈ પણ પરમાર્થ બનતો નથી. અમારાથી જે અમારું પોતાનું છે, તે પણ ખવાતું નથી કે ખવરાવાતું નથી અને તોપણ અમે બીજાનું લેવા ઇચ્છીએ છીએ; એટલા બધા અમે અમારા સ્વાર્થમાં આંધળા થઈ ગયા છીએ અને એટલા બધા અમે અભાગિયા છીએ, કે હે પ્રભુ! તમે કૃપા કરીને અમને ઘણુંએ આપેલું છે, તોપણ અમે એનો લાભ લઇ શકતા નથી. માટે તમારી કૃપાનો લાભ લઇને અમે અમારી શક્તિના પ્રમાણમાં મનથી, વચનથી ને કર્મથી પરમાર્થ કરી શકીએ, એવી અમને સદ્બુદ્ધિ આપો.

આ દુનિયામાં અધર્મથી ધન ભેગું કરનારા, કોર્ટો લડીને કોઇકના માલ ખાઈ જનારા, ટ્રસ્ટીઓ થઇને વિશ્વાસનો ભંગ કરનારા તથા અતિશય હાયવોય કરીને ધન મેળવનારાઓનાં ધનનો નાશ થાય છે. ઘણી વખત તેઓનાં દેવાળાં નીકળી જાય છે

અને એવી રીતે અધર્મથી ધન ભેળું કરી શકનારનાં છોકરાંઓ રખડે છે તથા ભૂખે મરે છે. એવા અમે ઘણા દાખલાઓ જોઇએ છીએ, પણ કોઇ દાનેશ્વરીનાં છોકરાંઓ ભૂખે મરતાં જોયાં નથી; તોપણ અમારાથી દાન આપી શકાતાં નથી કે પરમાર્થ થઇ શકતો નથી. એટલા બધા અમે માયાવાદી થઇ ગયા છીએ, માટે હે પ્રભુ ! તમારા પવિત્ર નામથી તમારા હરિજનોને અમે યથાશક્તિ આપી શકીએ તથા અમારાં દુઃખી ભાઇબહેનોનાં દુઃખમાં ભાગ લઇ શકીએ અને તમે જેમ અમારી ઉપર દયા રાખો છો, તેમ અમે જગતના સો જીવો ઉપર દયા રાખી શકીએ, એવી તમે અમારી ઉપર કૃપા કરો.

ભગવદ્દઇચ્છાને આધીન થવા વિષે

ભક્તો અને શાસ્ત્રો કહે છે કે, ગરીબાઇ ને શ્રીમંતાઇ, નિર્બળતા ને બળવાનપણું, જશ ને અપજશ અને સુખ તથા દુઃખ એ બધું હે સર્વશક્તિમાન પ્રભુ ! તમારી ઇચ્છાથી જાય છે ને આવે છે, માટે દરેક વખતે હમેશાં અમે તમારી ઇચ્છામાં અમારી ઇચ્છાનો લય કરી શકીએ એવું કરો.

પ્રભુ ! તમારી ઇચ્છાને આધીન થવાથી એટલે કે જે સ્થિતિમાં તમે રાખો, તે સ્થિતિમાં આનંદથી રહેવાથી અમારા હર્ષશોક મટી જાય છે અને અમે સુખશાંતિથી રૂડી રીતે જિંદગી ભોગવી શકીએ છીએ; એથી તમારી કૃપા વધતી જાય છે ને તેથી અંતે અનંતકાળનાં મોક્ષનાં સુખ ભોગવવા માટે અમે તમારી હજૂરમાં આવી શકીએ છીએ. પ્રભુ ! તમારી ઇચ્છાને આધીન થવામાં આટલું બધું મોટું ફળ છે; પણ અફસોસ કે, અમે એટલા બધા ધર્મના બળ વિનાના થઇ ગયા છીએ ને તેથી એટલા બધા અમારા ખોટા સ્વાર્થમાં ફસાઇ ગયેલા છીએ, કે જરા પણ તમારી ઇચ્છાને આધીન થઇ શકતા નથી; માટે હે પ્રભુ ! તમારી ઇચ્છાને આધીન થવા સારૂ અમારામાં ધર્મનું બળ આપો.

હે પ્રભુ ! અમે તો એન્જિન છીએ; એન્જિનિયર તો તમે છો, માટે તમે કળ ફેરવો તેમ અમારે ચાલવું જોઇએ. તમે આગળ ચલાવો તો આગળ, તમે પાછળ ચલાવો તો પાછળ, તમે ધીમું ચલાવો તો ધીમું ને તમે બહુ દોડાવો તો અમારે બહુ દોડવું જોઇએ. તમે

વધારે ઉપાધિ આપો, તો તે પણ ભોગવવી જોઇએ; તમે અમને તદ્દન ખાલી રાખીને દોડાવો, તોપણ દોડવું જોઇએ અને તમે લાઈનમાંથી ખેસવી નાખો, તોપણ તમારી મરજી. એમાં કાંઇ અમારાથી હા કે ના કહેવાય નહિ; કારણ કે અમે તો એન્જિન છીએ ને એન્જિનિયર તો તમે છો, એટલે અમારી કળ તમારા હાથમાં છે. માટે હે સમર્થ પ્રભુ ! તમે જેમ ચલાવો તેમ અમે ચાલીએ, એટલે કે જેમ નિભાવો તેમ નભીએ–જે સ્થિતિમાં રાખો તે સ્થિતિમાં આનંદથી રહી શકીએ, એવું અમારા હૃદયમાં બળ આપો.

હે સર્વને જાણનાર સર્વશક્તિમાન ઈશ્વર ! અમારું ભલું શામાં છે, એ જેવું આપ જાણો છો, તેવું અમે અજ્ઞાની જીવો જાણતા નથી; માટે જેમ એક આંધળો પોતાના દોરનાર ઉપર આધાર રાખીને ચાલે છે, તેમ અમે અજ્ઞાની જીવો બધી વાતે તમારી ઉપર આધાર રાખીને જેમ તમે દોરો તેમજ ચાલીએ, એવી અમારી ઉપર કૃપા કરો. પ્રભુ ! અમારાં ધનભાગ્ય છે કે, તમે પોતેજ અમારા દોરનાર છો. જિંદગીની ફરજો, આત્માનાં કલ્યાણ, તમારા પવિત્ર રસ્તાની ખબરો અને તમારાં મોક્ષધામમાં સુખની વાતો તમેજ અમને પવિત્ર વેદશાસ્ત્ર મારફત જણાવી છે; એટલુંજ નહિ પણ તમેજ અમને અનુકૂળ સંજોગોમાં મૂકો છો. તેમ છતાં પણ અમે છતી આંખે અને છતા જ્ઞાને એટલા બધા આંધળા રહી ગયા છીએ કે, તમારી ઇચ્છાને આધીન થઇ જવામાં કેટલું બધું કલ્યાણ છે, એ અમે હજી સુધી પણ સમજી શકતા નથી. તમારા જેવા સર્વજ્ઞ દોરનાર છતાં પણ અમે પાપના ખાડામાં પડી જઇએ છીએ; કારણ કે અમે તમારા દોરવા પ્રમાણે ચાલતા નથી, પણ અમે અમારી મરજી પ્રમાણે ચાલીએ છીએ; તેથી અમે પાપમાં ફસાઇને તમારા પવિત્ર રસ્તાથી દૂર થઇ જઇએ છીએ. માટે હે સર્વશક્તિમાન પ્રભુ ! અમારાં કલ્યાણ સારુ ને તમારા સત્ય અમર માર્ગમાં આવવા સારુ તમારી ઇચ્છાને આધીન થઇ શકીએ; એટલે કે તમે જેમ રાખો તેમ આનંદથી રહી શકીએ, એવી અમારી ઉપર કૃપા કરો.

અહીંની કોર્ટના કેસ માટે અમે જેમ વકીલ ઉપર આધાર રાખીએ છીએ અને મંદવાડ વખતે જેમ ડૉકટર ઉપર આધાર રાખીએ છીએ, તેમ અમારી આખી જિંદગી હે મહાન ઈશ્વર ! તમારે હાથ સોંપીએ છીએ, એટલે કે તમને અમારી જિંદગી

અર્પણ કરીએ છીએ; માટે અમારું શરણાગત જીવોનું જેમ તમારી કૃપાદૃષ્ટિમાં આવે તેમ કરો. અમે તો તમારા, તમારા ને તમારાજ છીએ; માટે તમે અમારા, અમારા ને અમારાજ થઇને રહો, એજ અમારી અંતરની ઇચ્છા છે.

હે મહાન ઈશ્વર ! અમે તો તમારા સિપાઇઓ છીએ; માટે જેમ તમે હુકમ કરો તેમ અમારે વર્તવું જોઇએ અને જેમ તમે હુકમ કરો તેમ અમારે રહેવું જોઇએ. તમે દુઃખ આપો તો દુઃખ પણ ખમવાં જોઇએ; તમે સુખ આપો તો સુખ પણ ભોગવવાં જોઇએ; તમે મંદવાડ આપો તો મંદવાડ પણ ખમવો જોઇએ; તમે મોટું કુટુંબ આપો તો એ જંજાળ પણ ભોગવવી જોઇએ; તમે બચ્ચાં ન આપો તો તેમાં પણ સંતોષ રાખવો જોઇએ; તમે ગરીબી આપો તો તેને પણ ચલાવી લેવી જોઇએ અને તમે મોત આપો તો તેને પણ શાંતિથી આધીન થવું જોઇએ;× કારણ કે હે પવિત્ર પ્રભુ ! તમે ધણી છો ને અમે તો તમારા સિપાઇ છીએ, માટે જેમ રાખો તેમ અમારે આનંદથી રહેવું જોઇએ; કારણ કે અમે જાણીએ છીએ કે, જે સિપાઈ સારી રીતે નોકરી બજાવે તેનોજ દરજ્જો વધે છે અને તેનેજ વધારે પેન્શન મળે છે. તેમજ જેટલે દરજ્જે અમે તમારી ઇચ્છાને આધીન થઈશું, તેટલુંજ સુખ મેળવી શકીશું, એમ જાણતાં છતાં પણ હે સર્વશક્તિમાન પ્રભુ! અમે પામર જીવો તમારી ઇચ્છાને આધીન થઈ શકતા નથી અને તમે જે સ્થિતિમાં રાખ્યા છે, તે સ્થિતિમાં સંતોષથી રહી શકતા નથી. માટે ઓ કૃપાના ભંડાર! તમારા પવિત્ર નામના બળથી અમે અમારી સ્થિતિમાં દિલાસો મેળવી શકીએ અને તમારા અખંડ માર્ગમાં આવી શકીએ, એવી અમારા હૃદયમાં પ્રબળ પ્રેરણા કરો.

હે પ્રભુ ! આ જગત તથા બીજાં અનંત જગત અને તેમાં રહેલા અગણિત જીવોને તમેજ ચલાવી રહ્યા છો અને તમારી ઇચ્છા મુજબજ તે સૌ ચાલી રહ્યાં છે. માટે અમે પણ તમારી ઇચ્છા મુજબ ચાલવા તૈયાર છીએ; કારણ કે એક તમેજ અમારા ધણી છો અને તમેજ અમારું સર્વસ્વ છો. અમે તો તમારા દાસાનુદાસ છીએ, માટે હે દીનદયાળુ દીનાનાથ સ્વયંપ્રકાશ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાત્મા ! આપના આપેલા પવિત્ર ધર્મના બળથી તથા આપના મહાન નામના સેવાસ્મરણના બળથી આજથી અમે

× "સ્વર્ગના વિમાન"માંથી

ખાસ ઠરાવ કરીએ છીએ કે, અમારા સર્વ મનથી, હૃદયથી ને બળથી તમને શરણ થઈ, તમારી પવિત્ર ઇચ્છા પ્રમાણેજ વર્તીશું.

આપણામાં પ્રભુપ્રેમ વધારવા માટે આપણે પ્રભુને શું કહેવું જોઇએ ?

હે જગતના ધણિ ! આ જગતમાં પ્રેમ કરવા લાયક તો તું એકજ છે, માટે અમે સો તારા સાચા ભક્ત થઇ રહીએ એવું કર.

ઘણુંએ ન કરવાનાં કાર્યો અમોએ કર્યાં છે અને કરવાં જોઇએ તે કાર્યો અમોએ કર્યાં નથી. પ્રભુ ! અમે એવા અધમ જીવો છીએ.

પ્રભુ ! અમને એક ખરો આશરો તમારાજ શરણનો છે.

પ્રભુ ! અમારા અપરાધો અમારા માથાના મુવાળા કરતાં પણ ઘણા છે, તે તમારા વિના બીજો કોઇ પણ માફ કરી શકે તેમ નથી; માટે હે દીનદયાળ ! અને લોકોના રક્ષક પ્રભુ ! અમ શરણાગત જીવોનાં પાપો ક્ષમા કરો.

હે હરિ ! અમે તમારા માર્ગથી દૂર ન જઇએ એવી અમને બુદ્ધિ આપો.

પ્રભુ ! તમે જે દયાના સમુદ્ર છો, તે વિના અમને બીજું કોણ નિભાવી શકે તેમ છે ? અમે પાપમાંજ જન્મ્યા છીએ, પાપમાંજ ઊછરેલા છીએ, પાપોજ કરતા આવ્યા છીએ અને હજી પણ અમારી પાપી બુદ્ધિ પાપમાંથી પાછી હઠી નથી; માટે હે અધમના ઉદ્ધાર કરનાર પાપમોચન પ્રભુ ! અમો પાપીઓને સદ્‌બુદ્ધિ આપો.

પ્રભુ ! અમારી ઉપર તારી દયાનો પણ પાર નથી અને તારી સામે થઇને અમે જે પાપો કર્યાં છે, તેનો પણ કાંઇ પાર નથી.

હે દેવ ! અમને તારા વિના બીજા કોઈનું પણ બળ નથી.

પ્રભુ ! અમ પાપી જીવોનો ઇન્સાફ કરવા બેસશો તો અમારો આરો આવે તેમ નથી; માટે હે દીનાનાથ ! અમો દીનજનો ઉપર તો દયા ને દયાજ કરો.

પ્રભુ ! જે તમારા ગુણગાન કરતા નથી તે મોટી ભૂલ કરે છે, માટે હે મારા નાથ ! અમે એવી ભૂલ ન કરીએ એવું કરો.

પ્રભુ ! તમને જાણ્યા વિના જે જીવે છે તે મૂઆ જેવાજ છે.

હે નાથ! અમ અજ્ઞાનીઓને એવું જ્ઞાન આપો કે, તમારી-સત્ય વસ્તુની શોધમાંજ અમે હમેશાં પડ્યા રહીએ.

પ્રભુ! અમારું અંતઃકરણ શુદ્ધ કરીને તેમાં તમારા ચરણનો પ્રેમ આપો.

અમો માયાવાદી બાલકણા જીવો તમારો સુખદાયી માર્ગ મૂકીને અવળે માર્ગે ચડયા છીએ, તેને નીતિના નિયમોમાં લાવો.

પ્રભુ! અમો માયિક પ્રપંચમાં મચેલા જીવોનો તું માલિક થા.

અમ ઉપર એવી કૃપા કર કે, અમે તારા વિના બીજા કોઈ પર પ્રેમ ન કરીએ.

હે પ્રભુ! અમારો જીવ જેટલો આ જગતની જંજાળમાં રોકાઈ ગયો છે, તેટલો તમારી સેવા અને તમારાં ગુણગાનોમાં રોકાઇ જાય, એવો દહાડો તે ક્યારે આવશે?

પ્રભુ! હવે મને તમારો દાસ કરી લો કે જેથી હું મારા બાકીના દહાડા તમારી સેવાના અને સ્મરણના સુખમાં કાઢી શકું.

હે હરિ! અમો ખોટે રસ્તે રખડતા જીવોને તમારા પવિત્ર માર્ગમાં લાવો.

પ્રભુ! અમને તમારું ખરું દર્શન આપો કે જેથી અમે તમારી સાથે એકત્ર થઇ–જોડાઇ જઇને રહીએ.

હે પ્રભુ! અમારું ચોમેર ભટકતું મન તમારા ચરણ તરફ ખેંચવાની કૃપા કરો.

અમ અજ્ઞાનરૂપી નિદ્રામાં સૂતેલા જીવોને હવે તમારા માર્ગમાં લેવાની કૃપા કરો. પ્રભુ! અમે પારકાના દુર્ગુણોની કૂથલી કરવામાં બહુ દહાડા ગુમાવ્યા છે; પણ એ દોષમાંથીજ છૂટી અમે અમારા પોતાના દોષ તરફ જોતાં શીખીએ એમ કરો.

પ્રભુ! જો તમે અમને ગરીબને તજી દેશો તો અમારી ગતિ થઇ શકવાની નથી.

અમારા અંતરમાં તારો પ્રેમ આપ; અમો ઉપર એવી કૃપા કર કે, અમે તારા વિના બીજા કોઈ ઉપર પ્રેમ ન કરીએ.

હે વૈષ્ણવોના વહાલા! તું અમને તારામાં અધિક અધિક વહાલપ આપ.

પ્રભુ! અમે તારા દાસ થવાને લાયક થઇએ, એવા ગુણ અમ સૌને તું આપ.

અમે સૌ તને તન, મન અને ધનથી અર્પણ થઇને રહીએ, એવી અમને બુદ્ધિ આપ.

પ્રભુ! હવે અમારું ચિત્ત તમારામાં લયથઈ જાય એમ કરો.

સર્વત્ર જેની દૃષ્ટિ છે એવા પ્રભુ સદા અમારી સાથે છે, એવું જાણીને અમે પાપકર્મ ન કરીએ એવી અમોને બુદ્ધિ આપો.

હે હરિ! અમે સર્વે એકબીજા ઉપર ભાવ રાખી, એકબીજાનાં સંકટોમાં સહાય કરીએ અને સર્વની તરફ ક્ષમાદૃષ્ટિથી વર્તીએ, એવી અમોને બુદ્ધિ આપો.

પ્રભુ! અમને તમારા કરી લો અને તમે અમારા થઈ જાઓ, એટલુંજ અમે માગીએ છીએ.

તું તારા સેવકના સુખનો એક મોટો સમુદ્ર છે, માટે હે પરમાનંદ પ્રભુ! અમે સદા તારા આનંદમાં ડુબેલા રહીએ એવું કર.

કૃપા કર; પ્રભુ! કૃપા કર. અમે સૌ તારા દાસના પણ દાસ છીએ, તેની ઉપર કૃપા કર. પ્રભુ! તમે કૃપાળુ છો અને અમે સૌ તમારા શરણાગત જીવ છીએ. તમારા વિના બીજો કોઇ પણ અમારો સમર્થ બેલી નથી.

પ્રભુ! અમે તારે બળે બળિયા છીએ.

પ્રભુ! તમે જેના સહાયક છો, તેનો કોઇ વાંકો વાળ પણ કરી શકે તેમ નથી.

પ્રભુ! અમે દરરોજ તમને ગમે એવાં કાંઇક કાંઈક રૂડાં કામો કરીએ એવું કર.

પ્રભુ! અમારી સઘળી શોભા તમારા વડેજ છે. હે ઇશ્વર! અમારું ભલું જેવું આપ જાણો છો, તેવું અમે જાણતા નથી; માટે હે દીનજનપાલક! શરણાગતની લજ્જા આપને હાથ છે.

રાતના સૂતી વખતે તુંજ અમારી સંભાળ લે છે અને સવારના તુંજ અમને સાજાતાજા ઉઠાડે છે.

તમારી ઇચ્છાથી અમે ઉત્પન્ન થયા છીએ, માટે અમારા ખરા પિતા તમેજ છો અને આજ દિવસ સુધી તમોએ અમોને નિભાવ્યા છે, માટે અમારા પાલનકર્તા પણ તમેજ છો.

પ્રભુ! તમે અમારી અગાઉ આ જગત નહોતું, ત્યારે પણ હતા, હાલ પણ છો અને હવે પછી પણ રહેશો.

હે હરિ ! હું કાંઇ પણ સાથે લાવ્યો નથી અને કાંઇ લઈ જવાનો નથી, તેમ હું તમારી કૃપા સિવાય કાંઇ કરી શકું તેમ નથી.

હે વિશ્વંભર પ્રભુ ! આ જગતને તમેજ નિભાવી રહ્યા છો.

આ જગતમાં જે સુંદરતા દેખાય છે, તે બધી તારીજ કૃતિ છે.

ધન્ય છે તારી કૃતિને અને પ્રભુ ! બલિહારી તારા નામને !

પ્રભુ ! તારું મંગળ નામ ઘણાં જન્મોનાં પાપોને બાળીને ભસ્મ કરી નાખે તેવું છે, માટે અમે સદાય તારા નામનો જપ કરતા રહીએ એવું કર.

હે દેવોના દેવ ! આ જમીન ઉપર અને ઉપરના આસમાનમાં તમારાથી બીજો કોઇ પણ મોટો નથી; તમે સર્વ રાજાઓના પણ મહારાજા છો, તેથી સૌ તમને નમે છે.

પ્રભુ ! અમ નિરાધારના તમે આધાર છો, નિર્બળનું તમે બળ છો અને અમ અનાથના તમે નાથ છો.

પ્રભુ ! તમે પોતે સુખસ્વરૂપ છો અને જે જે સેવક તમારી પાસે આવે છે, તેને સદાય સુખી કરો છો.

તમારા સ્વરૂપની સુંદરતા ને આનંદ એ કોઇ પણ પ્રાણીથી કે દેવોથી પણ વર્ણવી શકાય તેમ નથી.

હે ઈશ્વર ! જીવથી કદી સમુદ્રકિનારાના રેતીના કણ ગણ્યા જાય, પણ તારા ઉપકારો ને તારા ગુણો ગણ્યા જાય તેમ નથી.

આ જગતમાં અને પરલોકમાં અમારો સાચો સગો એક તુંજ છે; તારા વિના બીજો કોઇ નથી, કોઇજ નથી.

પ્રભુ ! તું અમારા જીવનનું પણ જીવન થઇ જા, કે જેથી અમે તારા ગુણગાનમાંજ અમારું જીવન ગાળીએ.

ઈશ્વરનો મહિમા સમજાવનારી પ્રાર્થના

પ્રભુ ! તમે સૂર્યચંદ્રને કહ્યું કે, તમે આસમાનમાં રહી ફર્યા કરો, તો તેઓ એમજ કરે છે અને પાણીના મોટા સમુદ્રને તમે જે હદ બાંધી આપી છે, તેમાંજ તે રહ્યો છે. આ પ્રમાણે તમારી સરજેલી સઘળી વસ્તુઓ તમારા હુકમને તાબે છે અને તમારા ઠરાવેલા નિયમ પ્રમાણે વર્તે છે.

તમારા હુકમથી પૃથ્વી અનાજ આપે છે. તમારાજ હુકમથી સૂર્યચંદ્ર પોતાની ગતિમાં રહે છે. તમારાજ હુકમથી વરસાદ વરસે છે. તમારાજ હુકમથી વાયુ વાય છે. તમારા હુકમથીજ સમુદ્રમાં ભરતીઓટ થાય છે અને તમારાજ હુકમથી ઋતુઓ એક પછી એક આવે છે ને જાય છે.

પ્રભુ ! તમે પહાડોને કહ્યું કે, એક જગ્યાએ પડ્યા રહો, તો તેઓ ત્યાંજ પડેલા છે. પ્રભુ ! તમે નદીઓને કહ્યું કે, વહ્યા કરો, તો તેઓ સદા વહેતીજ રહે છે.

નાથ ! તમારી ઇચ્છા વિના આસમાનમાંથી પાણીનું એક ટીપું પણ પડતું નથી, તેમજ આ મોટા જગતના કોઇ પણ ખૂણામાં તમારી જાણ વિના કાંઇ પણ નાનોમોટો બનાવ બનતો નથી.

પ્રભુ ! કૂતરાને પોતાના ધણીને ઓળખવાની શક્તિ, ચકલાંને પોતાના માળા બાંધવાની જુક્તિ, માખીઓને મધપૂડો બનાવવાની અક્કલ અને કરોળિયાને ઝલતા પુલો બાંધવાની ગોઠવણીના શીખવનારા તમેજ છો.

જળના જીવો જળમાં વસી રહ્યા છે, પવનના જીવો પવનમાં ફર્યા કરે છે અને પૃથ્વીના જીવો પૃથ્વીના પેટમાં વસીને પોતાનો ગુજારો કરે છે. આ બધું પ્રભુ ! તમારું અગાધ ડહાપણ અને અદ્ભુત લીલાનું કાર્ય છે, જે જોઇ મનુષ્યો મોટા આશ્ચર્યમાં પડે છે.

પ્રભુ ! તમે સૌના પાલનકર્તા છો, તેથી છેક નાનામાં નાની કીડીથી તે હાથીપર્યંત સૌનું તમેજ પૂરું કરો છો. અમારા જન્મની અગાઉ અમે શું ખાઇશું, તેની ગોઠવણ તમેજ કરી રાખી હતી; એટલુંજ નહિ પણ મહાસાગરમાં રહેતા મોટા મગરમચ્છો જેને દરરોજ ખોરાકનો મોટો જથ્થો જોઇએ છે, તે સૌનું પૂરું કરનાર પાલનકર્તા પ્રભુ ! તમે પોતેજ છો.

પ્રભુ ! તમે સર્વશક્તિમાન છો, તેથી તમે ચહાય તે કરી શકો તેવા છો. તમારાથી ન બની શકે એવું કાંઈ પણ નથી.

તમે સંતોને સહાય કરનારા, પાપીઓને શિક્ષા કરનારા અને શરણાગતની લજ્જા રાખનારા છો. તમે જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરી શકો એવા છો. તમે નિર્ધનને ધનવાન અને મૂર્ખને વિદ્વાન કરી શકો તેવા છો. પ્રભુ! તમે રાયને રંક અને રંકને રાય કરી શકો એવા સર્વસમર્થ ધણી છો.

પ્રભુ ! તમે ચાહો તો ધરતીકંપ કરીને સૌનો નાશ કરી શકો, તમે ચાહો તો પવન ચલાવીને નાશ કરી શકો અને તમે ચાહો તો દુકાળો પાડીને, મરકીઓ ફેલાવીને, લડાઇઓ કરાવીને તથા મનુષ્યોની મતિ ફેરવીને નાશ કરી શકો એવા છો; એટલુંજ નહિ પણ તમે જો ચાહો તો માંકડ, મચ્છર, તીડ કે વાઘવરુઓનો વધારો કરી માણુસોને લાચાર બનાવી પાયમાલ કરી શકો તેમ છો.

પ્રભુ ! તમે શાંતિદાતા ને ઘણુાજ ક્ષમાવાન છો, તેથી તમે જાણો છો કે, અમે મન, વચન ને કર્મે કરીને અગણિત અપરાધો કર્યા છે; છતાંય તમે અમને નિભાવો છો, એ કાંઇ તમારી થોડી દયા નથી.

પ્રભુ ! શાસ્ત્રમાં તમને દયાના સાગર કહ્યા છે; પણ સાગરનો તો કોઇક ઠેકાણે પણ છેડો આવે છે, પણ તમારી દયાની તો સીમાજ નથી; માટે તમને અધમોદ્ધારણ, પાપમોચન, દીનજનપાલક દયાના નાથ અને ભક્તવત્સલ ભગવાન કહ્યા છે.

પ્રભુ ! તમે પવિત્ર છો, તમારા નિયમો પણ પવિત્ર છે અને આ જગતમાં વસનારા ભક્તો ને સંતો સદા પવિત્રતાથી રહેવા ચાહે છે; એટલુંજ નહિ પણ તમારી પાસે વસનારા દેવતાઓ અધિકાધિક પવિત્રતાથી વર્તે છે અને તમે પોતે તો સઘળી વાતે નિષ્કલંક એવી પરિપૂર્ણ પવિત્રતાથી સદા શોભી રહ્યા છો.

ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં જ્યાં જ્યાં જોઇએ ત્યાં ત્યાં સર્વત્ર તમારુંજ રાજ છે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળના જ્ઞાતા પણ તમેજ છો; તથા જડચૈતન્યને ચલાવનારા સૌના સ્વામી પણ તમેજ છો. હે પ્રભુ ! ચૌદે ભુવનની માલિકી તમારેજ હાથ છે.

હે અનંત બ્રહ્માંડોના નાથ ! જમાનાઓના જમાનાઓ થયાં દુનિયાની સઘળી પ્રજાઓ તમારાં ગુણગાન કરે છે અને તોપણ હે પ્રભુ ! તમારી મોટાઇનો કોઇ પાર પામ્યું નથી.

પ્રભુ ! તમારા કયા કયા ગુણો સંભારીને અમે તમારાં ગુણગાન કરીએ તે અમે જાણુતા નથી.

જેને આંગણે અમૃતની નદીઓ વહ્યા કરે છે, જેના બગીચામાં કલ્પવૃક્ષો શોભી રહ્યાં છે, ચિંતામણિથી જડિત સુશોભિત મહેલમાં જેનો વાસ છે અને જેના ચરણુના નખની શોભા કોટાનકોટિ સૂર્યને પણ લજ્જાયમાન કરે એવી છે તથા મુક્તપુરુષોનું મોટું

મંડળ જયજયકાર કરી જેની આરતી ઉતારી રહ્યું છે; એવા અવર્ણ્ય, અકળેશ્વર, સર્વેશ્વર અને દેવેશ્વર, મહાન પ્રભુને અમારા હજાર હજાર વાર દંડવત્ પ્રણામ છે.

ભ્રાતૃભાવ વિષે

પ્રભુ! આ જગતના કર્તા તમે એકજ છો અને અમે સૌ પ્રાણીમાત્ર તમારાં બચ્ચાં છીએ તથા એકબીજાનાં ભાઇબહેન છીએ. અમારામાં કોઇ કાળા છે, કોઇ ગોરા છે; કોઇ શ્રીમંત છે, કોઇ ગરીબ છે; કોઇ વિદ્વાન છે, કોઇ મૂર્ખ છે; કોઇ ગુણી છે ને કોઈ દુર્ગુણી છે; એવું છતાં પણ અમે સૌ તમારાંજ બાળક છીએ અને અમે એકબીજાનાં ભાઇબહેન છીએ; પણ અફસોસ કે, તે પ્રમાણે દુનિયાદારીના વ્યવહારમાં વર્તી શકતા નથી.

પિતા જેમ પોતાના કુટુંબમાં સલાહસંપ રાખવા ઇચ્છે છે અને સલાહસંપ જોઇને રાજી થાય છે, તેમ હે જગત્પિતા! તમે પણ આ જગતમાં સલાહસંપ રાખવા ઇચ્છો છો અને અમને સૌને સ્નેહથી હળીમળીને ચાલતાં જોઇને અતિશય રાજી થાઓ છો; એટલુંજ નહિ પણ અમે સલાહસંપ રાખીએ તો તમે અમને તે બદલ મોટું ઇનામ આપો છો; પણ અમે એવા અભાગિયા જીવો છીએ કે, ધૂળ જેવી વાત સારુ પણ અમારા ભાઇઓ સાથે અમે લડી પડીએ છીએ અને તમો પવિત્ર પિતાને અમે નારાજ કરીએ છીએ. એમ કરવું એ મોટું પાપ છે, એમ અમે સમજીએ છીએ અને તોપણ અમે અમારા વિચારોને, અમારા વિકારોને, અમારા ફાંટાઓને, અમારા મતભેદોને અને અમારા સ્વાર્થને રોકી શકતા નથી, તેથી ભ્રાતૃભાવ ભૂલીને વારંવાર અમે એકબીજા સાથે લડી પડીએ છીએ; માટે હે પ્રભુ! અમારી જાતવાળા અને પરજાતવાળા, અમારા ધર્મવાળા અને પરધર્મવાળા, અમારા દેશવાળા અને પરદેશવાળા તથા અમારા રાજ્યવાળા અને પરરાજ્યવાળા સૌ સાથે પ્રેમ રાખીને વર્તીએ એવી અમોને સદ્‌બુદ્ધિ આપો.

અમે જાણીએ છીએ કે, આ કાંઇ દેવતાઓને રહેવાની સ્વર્ગપુરી કે મોક્ષધામ નથી; પણ આ તો મનુષ્યલોકને રહેવાનો મૃત્યુ-

લોક છે. અહીં તો જુદા જુદા સ્વભાવના, જુદી જુદી પ્રકૃતિના, જુદી જુદી રીતભાતના, જુદા જુદા દેશના અને જુદા જુદા ધર્મના માણસો રહે છે; તેમાં કોઇ લોભી હોય છે, કોઇ કામી હોય છે, કોઇ ક્રોધી હોય છે, કોઇ અદેખા હોય છે, કોઈ ધર્મના ઝનૂનવાળા હોય છે, કોઈ બૂરાં વ્યસનોવાળા હોય છે, કોઈ કજિયાખોર હોય છે અને કોઇ મૂર્ખ હોય છે; પણ હે પ્રભુ ! એ બધા તમારાજ પુત્રો છે અને અમારા ભાઇઓજ છે, એમ સમજીને તેઓની ઉપર વેર ન રાખીએ, પણ ઊલટી ક્ષમા રાખીએ અને ધીરજથી તેઓના દોષ સહન કરીએ એવી અમારાં અંતરમાં પ્રેરણા કરો.

પ્રભુ ! શાસ્ત્રોએ અમોને શીખવેલું છે કે, તમારાં ભાઈબહેનોના દોષો તરફ ન જુઓ; પણ તેઓમાં મહાન પ્રભુનો પવિત્ર આત્મા રહેલો છે, તેની તરફ જુઓ; પણ અમે અમારા સ્વાર્થમાં ને અમારા મતમાં એવા ફસાઇ ગયા છીએ કે, પવિત્ર આત્માના કલ્યાણને તો અમે ભૂલીજ જઇએ છીએ અને બહારની દોષદૃષ્ટિમાંજ અમે પડયા રહીએ છીએ; એ પાપમાંથી હે પ્રભુ ! તમારી કૃપા વિના છૂટી શકાય તેમ નથી.

હે પ્રભુ ! તમારી માફી મેળવ્યા વિના અમારો કયાંય પણ આરો આવી શકે તેમ નથી; કારણ કે અમે તો પાપનાજ ભરેલા છીએ અને તમારી દયાનેજ આધારે છીએ; પણ જો અમે અમારાં ભાઈબહેનોના વાંક માફ કરીએ અને તમારાં બાળકોની તરફ દોષદૃષ્ટિથી ન જોઇએ, પણ તેઓની ઉપર પ્રેમ રાખીએ તોજ તમે અમારા અપરાધો માફ કરો છો, એમ અમે જાણીએ છીએ; પણ અફસોસ કે, અમારાથી એમ બની શકતું નથી. અમે એવા નીચ બની ગયા છીએ કે, અમે તો પહાડ જેવી ભૂલો કરીએ છીએ, પણ અમારા ભાઈબહેનોની રજ જેટલી ભૂલ પણ સાંખી શકતા નથી. બીજાઓની ભૂલો કાઢવામાં અને બીજાઓની અદેખાઈ કરવામાં અમે એટલા બધા શૂરાપૂરા થઇ ગયા છીએ કે, જાણે એ રોજનો ધંધોજ માંડી બેઠા છીએ. હે પ્રભુ ! અમને તમારી માફી મેળવ્યા વિના તો કદી પણ ચાલી શકે તેમ નથી; પણ અમે તો અમારાં ભાઇબહેનોની ખામીઓ જરા પણ માફ કરી શકતા નથી, ત્યારે તમે અમને કેમ માફી આપશો ? તમારી માફી વિના અમારું કલ્યાણ કેમ થશે ? માટે હે પ્રભુ ! અમે અમારાં ભાઈબહેનોની ભૂલો શોધવામાંજ મચ્યા ન રહીએ, પણ તેઓની ખામીઓ દર-

ગુજર કરીએ અને તેઓ તમારામાંજ બાળકો છે, એમ સમજી તેઓની ઉપર પ્રેમ રાખી સૌ સાથે શાંતિથી વર્તીએ એવી અમોને સદ્‌બુદ્ધિ આપો.

આગગાડીના એકજ ડબ્બામાં બેઠેલા મુસાફરો જેઓ એકજ ગામ જવાના હોય, તેઓ જેમ એકબીજા સાથે હળીમળી સમય પસાર કરે છે, તેમ અમે પણ સૌ મોક્ષધામ મેળવવા માટે નીકળેલા મુસાફરો છીએ, માટે હે પ્રભુ! અમારી સાથેના સૌ જાતના એવા બાઇબંધ મુસાફરો સાથે અમે સંપ રાખીને વર્તીએ એવી અમારા અંતરમાં પ્રેરણા કરો.

હે પ્રભુ! અમારાં ભાઈબહેનો કે જે તમારાં બાળકો છે, તેઓમાં જે ભૂખ્યાં હોય તેમને ખાવાનું આપીએ, નાગાં હોય તેમને વસ્ત્ર આપીએ, માંદાં હોય તેમને દવા આપીએ, દુઃખી હોય તેમને દિલાસો આપીએ, ધંધારોજગાર વિનાનાં હોય તેમને રોજી અપાવવાની તજવીજ કરીએ, નિરાધાર હોય તેમને આશરો આપીએ, મૂર્ખ હોય તેમને જ્ઞાન આપીએ, ધર્મ ન જાણતાં હોય તેઓને ધર્મ શીખવીએ અને કોઇ મરી ગયું હોય તો તેને ઠેકાણે પાડીએ તથા તેની ઉત્તરક્રિયાઓ કરીએ અને એવીજ રીતે કાળજી રાખી સદાસર્વદા સૌના કલ્યાણમાં મચ્યા રહીએ એવાં અમારાં સૌનાં હૈયાં કરો.

જે જે માણસો અમારામાં મોટા હોય અને માનને યોગ્ય હોય, તેઓને તેઓના દરજ્જા પ્રમાણે માન આપીએ, ગરીબોને દાન આપીએ તથા સૌ સૌને સૌના વાજબી હકો ચુકાવી આપીએ અને સારા તથા નરસા, ગુણી અને અવગુણી, પંડિત ને મૂર્ખ, ધનવાન અને નિર્ધન, ભક્ત અને ધર્મ ન જાણનાર સૌ ઈશ્વરના ઉત્પન્ન કરેલા જીવો છે; તથા અમારા ભાઇઓ છે, એમ જાણી સૌ સાથે સ્નેહ રાખી વર્તીએ અને સદા તમને દીનતાપૂર્વક હાથ જોડી દંડવત્ પ્રણામ કરીને વારંવાર વિનતિ કરીએ છીએ કે, હે પ્રભુ! અમારા દેશમાંથી દુકાળ, લડાઇ, દરદ, દરિદ્રતા અને એવાં બીજાં જે જે પ્રકારનાં પ્રજાનાં સંકટો હોય, તે સર્વ ઓછાં થાય એવું કરો અને તેની સાથે અમારી હોસ્પિટલોમાં પડેલા માંદાઓ સાજા થાય, તુરંગમાં પડેલા કેદીઓને સુમતિ આવે અને ઘરબાર વિનાના ભટકતા રંક બાપડા ગરીબોને જોઇતો આશ્રય મળે એવી કૃપા કરો. પ્રભુ! ધનવાનોનાં દિલ ઉદાર થાય, ગરીબો પોતાની સ્થિતિમાં સંતોષી

બની રહે, સ્ત્રીઓ પોતાનો પતિવ્રતાનો ધર્મ પાળે અને છોકરાંઓ પોતાનાં માબાપનાં તાબેદાર થઈ રહે તથા જગતમાં સૌ નાનામોટાઓ પોતાના દુર્ગુણો મૂકી સદા સદ્‌ગુણી થવાની તજવીજમાં રહે તથા અમારાં તળાવો પાણીથી ભરપૂર ભરેલાં રહે, અમારાં ખેતરોમાં પુષ્કળ અનાજ પાકે અને સમસ્ત પ્રજા ધનધાન્યથી સુખી થઈ આનંદમાં વર્તે એવી કૃપા કરો; અને સર્વ લોકો પોતાના વ્યવહારમાં નિષ્કપટપણાથી વર્તે, એકબીજા સાથે રૂડો ભાવ રાખી એકબીજાનું બૂરું કરે નહિ કે ઇચ્છે નહિ, એવું તમે કરો.

હે જગતના ધણિ! આ જગતમાં સર્વત્ર તમારું જ્ઞાન ફેલાય, સર્વ લોકો પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તે અને તમારાં મંગળ ગુણગાન કરતા રહે તથા જ્યાંત્યાં તમારા નામનો જયજયકાર બોલાવી રહે એવું કરો. એવું થવા માટે અમે સર્વ હાથ જોડીને દીનતાપૂર્વક સ્તુતિ કરીએ છીએ કેઃ

પદ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ. (ટેક)
નરનારી પશુ પક્ષીની સાથે, જીવ–જંતુનું તમામ. દયાળુ૦
જગનાં વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠ જામ. દયાળુ૦
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઇ ગામ. દયાળુ૦
સર્વે જગે સુખાકારી વધે ને, વળી વધે ધન ધાન. દયાળુ૦
કોઇ કોઈનું બૂરું નવ ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન, દયાળુ૦
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન. દયાળુ૦

नारायण नारायण नारायण

समाप्त

उत्तम चरित्रोना फायदा

(અનુભવીઓના ઉદ્દગાર)

" જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ—ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમ-શૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થયેલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા—સમજવાથી ઘણીજ વધારે અસર થાય છે. અર્થાત્ અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઇ આગળ વધે છે."

× × × ×

" ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવ આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઇ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલાદષ્ટાંત જોઇને સ્ફૂર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

× × × ×

" ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલે સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે. "

× × × ×

" મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

... છે, જે

... ... આત્માનો ખોરાક છે.

પુસ્ત... ... છે; પુસ્તકો તે મહાત્માઓની પ્રસાદી છે; પુસ્તકો તે વિદ્વાનો, પંડિતો તથા સંતો તરફથી મળેલો સીધો કીમતી વારસો છે; પુસ્તકો તે જ્ઞાનનો ભંડાર છે; પુસ્તકો તે જુદાજુદા વિદ્વાનોની બુદ્ધિનું પ્રદર્શન છે; પુસ્તકો તે જુદા જુદા દેશને તથા કાળને એક સાંકળમાં જોડનારી કડી છે; પુસ્તકો તે તેના અધિકારીઓના હૃદયમાં ઉથલપાથલ કરનાર રસાયણ છે; પુસ્તકો તે નવી જિંદગી આપનારા ફિરસ્તા છે; પુસ્તકો તે જિંદગીમાં અમૃત રેડનાર મહાન ગુરુ છે; પુસ્તકો તે જીવાત્માના અણુઅણુમાં જોસ ભરનાર યંત્ર છે અને જગતમાં કોઈ પણ માણસ કે કોઈ પણ વસ્તુ જે કાંઈ આપી શકે તે સર્વ કરતાં વધારેમાં વધારે ને સારામાં સારું આપનાર પુસ્તક છે; માટે આપણે સૌએ સારાં પુસ્તકો વાંચવાનો લાભ લેવો જોઈએ કારણ કે એમાંથી જિંદગી સુધરી શકે છે; એમાંથી આગળ વધી શકાય છે અને એમાંથી આત્માની શક્તિ તથા ઈશ્વરની કૃપા મેળવી શકાય છે. માટે જો જિંદગી સુધારવી હોય, દુનિયામાં કૈંક મેળવવું હોય અને જિંદગીની સાર્થકતા કરવી હોય તો ઊંચા ભાવના વિચારોથી ભરેલાં સારાં પુસ્તકો વાંચો."

("પરિચયસૂત્ર" સ્વર્ગનાં બારણાં "માંથી)